પિતૃઓના કૂવા

THE FATHERS' WELLS

BY THE

REV. W. GRAHAM MULLIGAN, M. A.

MISSION PRESS, SURAT

1939

THE FATHERS' WELLS

BY THE

REV. W. GRAHAM MULLIGAN, M. A.

PRINTED AND PUBLISHED FOR

THE PUBLICATION FUND OF THE I. P. MISSION

BY REV. R. S. DICKEY, AT THE MISSION PRESS, SURAT.

1939

1st Edition] [*500 Copies*

Price Re. 0-12-0

પિતૃઓના કૂવા

કર્તા :

રેવ. ડબ્લ્યુ. ગ્રેહમ મલ્લિગન, એમ. એ.

કિમ્મત બાર આના

પ્રથમાવૃત્તિ] ૧૯૩૯ [પ્રત ૫૦૦

Other Books by the Same Author

Prarthnasangraha	Rs.	0– 2–0
Commentary on St. Matthew	„	1– 4–0
Commentary on St. Mark	„	1– 4–0
Commentary on St. Luke	„	1– 0–0
Commentary on Revelation	„	1– 4–0
Floods and Songs	„	0–12–0
Sunday School of To Day (translated)	„	0– 4–0
The Life of a Christian (adapted)	„	0– 2–0

આજ ગ્રંથકર્તાનાં બીજાં પુસ્તકો

પ્રાર્થનાસંગ્રહ	રૂ.	૦– ૨–૦
માત્થીની લખેલી સુવાર્તાનો ખુલાસો	„	૧– ૪–૦
માર્કની લખેલી સુવાર્તાનો ખુલાસો	„	૧– ૪–૦
લુકની લખેલી સુવાર્તાનો ખુલાસો	„	૧– ૦–૦
ઈશ્વરજ્ઞાની યોહાનના પ્રકટીકરણનો ખુલાસો	„	૧– ૪–૦
રેલો તથા ગીતો	„	૦–૧૨–૦
આજની સાબ્બાથશાળા (ભાષાંતર)	„	૦– ૪–૦
ખ્રિસ્તી માણસનું જીવન (અનુવાદ)	„	૦– ૪–૦

મળવાનું ઠેકાણું

મિશન પ્રેસ, સૂરત.

પ્રસ્તાવના

થોડા વખત ઉપર મારૂં લખેલું "રેલો તથા ગીતો" નામનું પુસ્તક પ્રસિદ્ધ થયું છે. તેમાં રવિવારે કરેલાં ભાષણોનો સંગ્રહ કરવામાં આવ્યો છે. એ પુસ્તકનો જે સત્કાર કરવામાં આવ્યો છે, અને તે વિષે વાચકો તરફથી જે ઉત્તેજનદાયક પત્રો મને મળ્યા છે, તેથી ઉત્તેજિત થઈ બોધભાષણોને લગતું આ બીજું પુસ્તક ગુજરાતી ખ્રિસ્તી જનતાને અર્પણ કરતાં મને આનંદ થાય છે. આપણા જમાનામાં વિશ્વાસને ધક્કો પહોંચાડે એવી ઘણી બાબતો છે, તેથી આપણા પિતૃઓ જે કૂવામાંથી પીને પોતાની તરસ છીપાવતા હતા તેજ કૂવા પાસે આપણા જમાનાનાં માણસોને પણ બોલાવવાની અનિવાર્ય અગત્ય છે. વળી એજ હેતુ ધ્યાનમાં રાખીને આ પુસ્તકનું નામ "પિતૃઓના કૂવા" રાખવામાં આવ્યું છે. એ હેતુ આ પુસ્તકની મારફતે સફળ થાય માટે ઈશ્વર આશીર્વાદ આપો.

અમદાવાદ, W. G. M.

ઑગસ્ટ, ૧૯૩૯.

પિતૃઓના કૂવા

ભાગ પહેલો

જૂના કરારમાંથી લીધેલાં વાક્યોને આધારે રચેલાં ભાષણો

ભાગ બીજો:

નવા કરારમાંથી લીધેલાં વાક્યોને આધારે રચેલાં ભાષણો:

ભાગ પહેલો

જૂના કરારમાંથી લીધેલાં વાક્યોને આધારે રચેલાં ભાષણો

૧. અરણ્યમાં પાણી

"હાગાર, તને શું થયું છે?" (ઉત્પત્તિ ૨૧; ૧૭.)

આ બધું અરણ્યમાં બને છે. નજર પહોંચી શકે એટલી હદ સુધી વેરાન અરણ્ય સિવાય કાંઈ પણ જોવામાં આવતું નથી. એકે ઝાડ દેખાતું નથી; માત્ર આવળ દેખાય છે. એક બાઈ બેઠેલી દેખાય છે અને તે પોક મૂકીને રડે છે. થોડે અંતરે એક જુવાન છોકરો પડેલો દેખાય છે. તેની સ્થિતિ દયામણી દેખાય છે; તેના હોઠો ફાટેલા, તેની જીભ ફૂલી ગએલી અને તેની આંખો લાલચોળ થઈ ગએલી માલૂમ પડે છે. તેનાથી ઊભા રહેવાતું નથી અને હવે બોલાતું પણ નથી. એક જ શબ્દ બોલવાની તે મહેનત કરે છે પણ તે ન સંભળાય એવો અવાજ કાઢે છે: પાણી! પાણી! બાઈ પોતાનું મોં અવળું ફેરવીને બેઠેલી છે કેમકે છોકરાનું મરણ તે જોવા માગતી નથી. પાણી! પાણી! એક જ વસ્તુની જરૂર છે પણ તેનો અભાવ છે. પોતાની માનાં આંસુ સિવાય આખા અરણ્યમાં ક્યાંએ પાણીનો છાંટો દેખાતો નથી. બાઈ હવે કશાની રાહ જોતી નથી, મરણ સિવાય! બાઈ હવે કશાની આશા રાખતી નથી, માત્ર મરણ વહેલી તકે આવે તેની! બાઈ એકલી પડેલી દેખાય છે અને એમ જ માને છે કે હું અને મારો છોકરો એ સિવાય ત્રીજું કોઈ પણ આ અરણ્યમાં નથી. છતાં આ સ્થિતિમાં ઈશ્વર તેની સાથે વાત કરે છે: "હાગાર, તને શું થયું છે?"

એક રીતે તો આ વિચિત્ર પ્રશ્ન કહેવાય, કેમકે બિચારી હાગારને શું થયું હતું તે ઈશ્વર સારી રીતે જાણતો હશે. બીજા કોઈએ એ પ્રશ્ન પૂછ્યો હોત તો બાઈએ કદાપિ ગરમ થઈને જવાબ આપ્યો હોત. આવી સ્થિતિમાં આવો પ્રશ્ન પૂછવામાં આવે તો તેથી મારી મશ્કરી કરવામાં આવે છે એવી અસર બાઈના મન ઉપર થાય તો નવાઈ જેવું કાંઈ નથી. પરંતુ જે વાણીદ્વારા આ પ્રશ્ન પૂછવામાં આવ્યો તે સહલાગણીભરી વાણી હતી. આપણા પ્રભુએ એવા ઘણા મુશ્કેલ પ્રશ્ન પૂછ્યા હતા, પણ એથી કોઈને ખોટું લાગ્યું હોય એવું આપણા વાંચવામાં નથી આવતું. હાગારે આ પ્રશ્ન સાંભળ્યો ત્યારે તેને ખબર પડી કે મેં ભલે ઈશ્વરને ગુમાવ્યો હોય પણ ઈશ્વરે મને નથી ગુમાવી. હું ભૂલી પડી છું એ સાચી વાત; પણ હું ક્યાં છું એ ઈશ્વર જાણે છે. પૂર્વ ક્યાં અને પશ્ચિમ ક્યાં એનું તો મને ભાન રહ્યું નથી પણ હું ક્યાંથી નીકળી, ક્યાં છું અને ક્યાં જવાની છું એ બધું ઈશ્વરની જાણમાં છે. બાઈ ઘણે દૂર સુધી ભટકી હતી, ઈબ્રામના તંબુમાં તેને પાછું જવું હોય તોપણ હમણાં જઈ શકે નહિ એવી તેની સ્થિતિ થઈ ગઈ હતી. પરંતુ આટલી ભટકેલી હોવા છતાં તે ઈશ્વરના જ્ઞાન

બહાર, ઈશ્વરના પ્રતિપાલન બહાર અથવા ઈશ્વરની હાજરી બહાર જતી રહી નહોતી. તમે પણ નહિ! આ દુનિયામાંનો કોઈ માણસ પણ નહિ! "તારા આત્મા પાસેથી હું ક્યાં જાઉં? તારી હાજરીમાંથી હું ક્યાં નાસી જાઉં? જો હું આકાશમાં ચઢી જાઉં તો તું ત્યાં છે; જો હું શેઓલમાં મારી પથારી નાખું તો ત્યાં પણ તું છે. જો હું પરોઢીઆની પાંખો લઈને સમુદ્રને પેલે પાર જઈને વસું, તો ત્યાં પણ તારો હાથ મને દોરશે, અને તારો જમણો હાથ મને ઝાલી રાખશે." વહાલાંઓ, આ કેટલી બધી અજાયબ જેવી સુવાર્તા છે! ના, રે ના! હાગાર તો ગુમ નહોતી થઈ! હાગારે ભલે ઈશ્વરને ગુમાવ્યો હોય, પણ ઈશ્વરે તો હાગારને મુદ્દલે ગુમાવી નહોતી.

વળી હાગાર ક્યાં છે એ ઈશ્વર જાણતો હતો એટલું જ નહિ પણ તે તેનાં દુ:ખો પણ જાણતો હતો. આ પ્રશ્ન પરથી ઈશ્વર હાગારનાં દુ:ખો વિષે પણ અજાણ હતો એવો અર્થ નીકળતો નથી. હાગાર પોતાની વાત ઈશ્વરને જણાવે એટલા જ માટે ઈશ્વરે આ પ્રશ્ન તેને પૂછ્યો. મારી દીકરી, તારાં દુ:ખ હું જાણું છું. તારા પર જે બોજો નાખેલો છે તે તું એકલા તારા પોતાના બળે ઊંચકી શકતી નથી. તને જે ઘા કરવામાં આવેલો છે તે તારા પોતાથી રુઝાશે નહિ. તારો જે મંદવાડ છે તેની દવા તારી પાસે નથી. માટે તારૂં દિલ ખોલીને મને બધી વાત કરજે; મારા પર વિશ્વાસ રાખીને તારી લાગણીનાં બધાં કારણો મને જણાવજે. તારાં દુ:ખોનું તથા તારા જેવાં બધાંના દુ:ખોનું નિવારણ કરવાને માટે મારૂં પરાક્રમ પૂરતું છે. એ બધો દિલાસો આ પ્રશ્નમાં સમાએલો છે.

ઈશ્વર હજી પણ તેવો ને તેવો જ છે. તેનો દીકરો માણસો મધ્યે હિલચાલ કરતો હતો ત્યારે ગરજવાનોના કાલાવાલા તરફ ધ્યાન આપવાને તે કેટલો બધો તત્પર રહેતો હતો! પેલી બાઈએ ભીડમાં તેના લૂગડાની કોરને હાથ લગાડ્યો ત્યારે તેણે તેને એમનીએમ જવા ન દીધી. મને કોણ અડક્યું એમ તેણે પૂછ્યું; અને બાઈએ પોતાની બધી દુ:ખી હાલત ન જણાવી ત્યાં સુધી તેણે સંતોષ માન્યો નહિ. ભાઈ, બહેન, તને શું થયું છે? તારા ધણીને, તારી વહુને, તારા વહાલામાં વહાલા મિત્રને તું જણાવી ન શકે એવું કાંઈ તારા સંબંધી છે? હોય તો ઈસુને કહેજે. તે બેપરવાઈ રાખશે નહિ. તે તો તારી બધી બાબતમાં પૂરેપૂરો રસ લેશે. બીજું કોઈ સમજે કે ન સમજે તોપણ તે સમજશે; બીજું કોઈ સાંભળે કે ન સાંભળે તોપણ તે તો સાંભળશે જ.

બીજું, આ પ્રશ્ન મદદ કરવાના હેતુથી પૂછવામાં આવ્યો હતો. માણસોમાં જિજ્ઞાસા બહુ હોય છે. માણસોમાં અને વાંદરામાં કોઈ વાર બહુ તફાવત માલૂમ પડતો નથી. તેઓ ખાલી પ્રશ્નો પૂછે છે અને પોતાની જિજ્ઞાસા સંતુષ્ટ થાય છે, ત્યારે બીજું પૂછવાનું માંડી વાળે છે. પરંતુ ઈશ્વર એવી રીતે પ્રશ્નો

પૂછતો નથી. તે ખાલી જિજ્ઞાસાથી કશું નથી પૂછતો, કેમકે તે જાણે તો છેજ અને તે જેટલું પૂછે છે તે બધું તે મદદ કરવાની મતલબથી પૂછે છે. તેના પ્રશ્નોનો અર્થ એ છે કે જો તમે તેને બધી વાત કહો તો તે મદદ કરવા તૈયાર જ છે. પણ તે મદદ કરી શકે ત્યાર પહેલાં હૃદય ખુલ્લાં કરવાં જોઈએ. એવું કોઈ બંધન નથી કે જેમાંથી તે આપણને છૂટા કરી ન શકે. ખ્રિસ્તદ્વારા જે તેની પાસે આવે છે તે સર્વને તે છેવટ સુધી બચાવવાને શક્તિમાન છે. તે ન રુઝાવી શકે એવો કોઈ ઘા નથી; તે ન લૂછી શકે એવાં કોઈ આંસુ નથી; તે ઊંચકવામાં મદદ ન કરી શકે એવો કોઈ બોજો નથી; તે ન ધોઈ શકે એવો કોઈ ડાઘ નથી. ગતકાળમાં તમારાથી ગમે તે થઈ ગયું હોય તોપણ આટલી વાત યાદ રાખો: "તેના દીકરા ઈસુ ખ્રિસ્તનું લોહી આપણને સર્વ પાપથી શુદ્ધ કરે છે."

હવે આ પ્રશ્નનો હાગારે કેવો જવાબ વાળ્યો તે છાપવામાં આવ્યો નથી. તેના હોઠો પરથી જે શબ્દો નીકળ્યા તે તો અરણ્યની રેતી કરતાં ગરમ હશે એમ હું માનું છું. તેનો જવાબ કલ્પી લેવાની રજા લઉં છું: "થોડાં વર્ષો પર હું નોકર તરીકે ઈબ્રામના કુટુંબની સાથે જોડાઈ હતી. મને તરત ખબર પડી કે આ લોકો વિચિત્ર છે; કેમકે મારા બાપદાદાના દેવોની તેઓ પૂજા કરતા નહોતા. તેઓ એવો દાવો કરતા હતા કે અમારો દેવ યહોવાહ તે એકલો ઈશ્વર છે, અને તેણે જ આ પૃથ્વી, સૂરજ ને તારાઓ ઉત્પન્ન કર્યાં છે. રફતે રફતે મારા પર આ લોકોની એવી અસર થઈ કે મેં પણ તેજ ધર્મ સ્વીકાર્યો, કેમકે તે વખતે તો મારાં ધણીધણીઆણી બન્ને મને સારાં માણસો લાગતાં હતાં. હવે આ લોકો સંતાન વગરનાં હતાં, અને થોડી વારમાં મને ખબર પડી કે તેમને પુત્ર થશે એવી તેઓ બહુ આશા રાખતાં હતાં; કેમકે તેઓ કહેતાં હતાં કે અમને અમારા દેવે એવું વચન આપ્યું છે. વળી તેઓ એમ પણ માનતાં હતાં કે જે પુત્ર અમને મળવાનો છે તેનાથી એક મોટી દેશજાતિ થવાની છે. પણ વર્ષો વીતી ગયાં તોએ પુત્રનો પ્રસવ થયો નહિ. છેવટે તેઓ છેક નિરાશ થઈ ગયાં, અને સારાહે જ પોતે પોતાના ધણીને સૂચના કરી કે યહોવાહનું વચન પૂરૂં નથી થતું માટે આ મારી દાસી હાગાર હું તમને આપીશ, અને તેનાથી જે પુત્ર થાય તેને આપણે વારસ ગણી લઈશું. હવે મારો શો દોષ? હું તો માત્ર ગુલામ હતી અને મારા ધણીના કહેવા પ્રમાણે મારે કર્યા વગર છૂટકો નહોતો. છેવટે મને છોકરો જન્મ્યો અને મને બહુ આશા હતી કે તે વારસ થશે, પણ જતે દિવસે સારાહને પણ છોકરો થયો અને મારી બધી આશાઓ ધૂળધાણી થઈ ગઈ. વળી તે દહાડાથી સારાહ મને ધિક્કારની દૃષ્ટિથી જોવા લાગી, અને મારૂં જીવન અસહ્ય થઈ પડ્યું. એ દિવસ ઉપર મને ઘરમાંથી કાઢી મૂકવામાં આવી. ગુલામોની સાથે પણ સારાહે મને રહેવા ન દીધી, પણ થોડી રોટલી અને થોડું પાણી

આપીને જંગલમાં મરવાને માટે મને અને મારા છોકરાને હાંકી કાઢયાં! શું આ વાજબી છે? શું આ માણસાઈ છે? વળી આ લોકો તો ધાર્મિક ગણાય છે! શાનાં ધાર્મિક? આ વળી ઈશ્વરનો મિત્ર ગણાય છે! શાનો મિત્ર? આ ઈશ્વરના મિત્રે, આ ઈશ્વરના ભક્તે, આ પાદરીએ મારું તો સત્યાનાશ વાળ્યું છે!!"

હવે આવી પરિસ્થિતિમાં હાગાર ત્યાં રહે એ ઇચ્છવાજોગ નહોતું એમ હુંએ માનું છું; પણ છેક આવું કરવાનું ઈશ્વરે નહોતું કહ્યું, અને કબૂલ કરવું પડે છે કે હાગાર ઉપર ભારે અન્યાય થયો, છતાં રીસનો માર્ગ કદી માણસોને અરણ્યમાંથી લઈ જતો નથી. એથી ઊલટું તે તેમને અરણ્યમાં ને અરણ્યમાં વધારે ને વધારે રખડાવે છે. જે બદલો આપવાની જરૂર હતી તે ઈશ્વર આપશે એમ હાગારને સમજી લેવાનું હતું અને જેમણે આપણું નુકસાન કર્યું હોય તેનો બદલો ઈશ્વર તેમને પણ આપશે એમ આપણે પણ સમજી લેવાનું છે. વેર વાળવાથી નુકસાન થયું ન થયું એવું થતું નથી પણ જેને થયું હોય તેને માટે ઈશ્વર અરણ્યમાં પાણી સિદ્ધ કરે છે. બી મા, ધીરજ રાખ, એમ તે ત્રાસી ગએલી બાઈને દિલાસો આપે છે. છોકરો જ્યાં છે ત્યાંથી મેં તેની વાણી સાંભળી છે. તેના હૃદયભેદક પોકારે તારું હૃદય ચીરી નાખ્યું છે, પણ તારા કરતાં મારું હૃદય વિશેષ કોમળ છે; તને દુઃખ તો થયું છે, પણ તેના કરતાં મને થએલું દુઃખ મોટું છે; તેં સહન કર્યું છે તે કરતાં મેં વધારે સહન કર્યું છે.

હવે ઈશ્વરે અરણ્યમાં એકાએક ઝરો ઉપજાવ્યો એવું લખેલું નથી. ઝરો તો હતો જ પણ તેની પાસે આવતાંની સાથે જ હાગાર થાકી ગઈ એટલે તે તેના જોવામાં ન આવ્યો. વળી એ ઈશ્વરના માર્ગ સંબંધી આપણને શિક્ષણ આપવા સારૂ લખેલું છે એમ હું માનું છું. તમારા તારણને સારૂ ઈશ્વરને નવો ઉપાય કરવો પડે એવું છે જ નહિ; પાપ તથા સર્વ અશુદ્ધતાને માટે તે ઝરો ક્યારનો ઉઘાડેલો છે. તમારી જરૂરિયાતોને પહોંચી વળવા માટે જેટલું કરવાની જરૂર હતી તે બધું કરવામાં આવ્યું છે. કશું બાકી રાખવામાં નથી આવ્યું. વધસ્તંભ ઉપર ઈસુએ કહ્યું, કે "સંપૂર્ણ થયું" ત્યારે તે સાચેસાચું બોલતો હતો, કેમકે હજી કરવાની જરૂર હોય એવું તેણે શું બાકી રાખ્યું હતું?

આંસુને લીધે હાગાર ઝરો જોઈ શકી નહોતી. દુઃખ નિરાશા ઉપજાવે છે અને નિરાશા માણસને આંધળું કરે છે. વળી જ્યાં સુધી આપણે સ્થિરપણે પોતાનાં દુઃખો તરફ નજર રાખીએ ત્યાં સુધી સંભવિત છે કે તે સિવાય બીજું કશું આપણા જોવામાં આવશે નહિ. એવી રીતે ઝરાને જોતાં ઘણાં ચૂકી ગયાં છે. આપણાં પાપ, મુશ્કેલીઓ તથા નિષ્ફળતાની સામે એકી નજરે જોઈને બેસી રહેવું એ તો અરણ્યમાંથી નીકળવાનો રસ્તો નથી. તે પરથી આપણે પોતાની નજર ઉઠાવીએ અને ઈશ્વર તરફ નજર રાખીએ એવી અગત્ય છે: "હે પૃથ્વીની સર્વ સીમાઓ, મારા તરફ જુઓ અને તારણ પામો."

આજથી એક સેકા ઉપર નેપોલિયન ફ્રાન્સ ઉપર રાજ કરતો હતો. તેને ઘણા મિત્રો હતા તેમ જ ઘણા દુશ્મનો પણ હતા. તેમાંનો એક ચારમે નામનો માણસ હતો અને તેને તેણે કેદખાનામાં નાખ્યો હતો. આ માણસ ઘણો શાણો હતો, તેમજ જ્ઞાની પણ હતો પણ તે ઈશ્વર પર વિશ્વાસ રાખતો નહોતો. જ્યારે તેને કેદખાનામાં નાખવામાં આવ્યો ત્યારે તેને એમ લાગ્યું કે ઈશ્વરે મને તજી દીધો છે. એક દિવસે તેણે પોતાના કેદખાનાની દિવાલ ઉપર આ શબ્દો લખ્યા : "બધું નસીબથી થાય છે." ત્યાર પછી એક દિવસે તે પોતાની સાંકડી કોટડીમાં આમતેમ ફરતો હતો ત્યારે ભોંયમાંથી એક લીલું પાંદડુ નીકળી આવતું તેના જોવામાં આવ્યું. આથી તે અજાયબ થયો અને તેની સંભાળ લેવા લાગ્યો. બે પાંદડાં નીકળ્યાં, પછી ત્રણ પાંદડાં નીકળ્યાં અને છેવટે એક સુંદર ફૂલ ખીલી નીકળ્યું. આથી તે એવો વિચાર કરવા લાગ્યો કે ઈશ્વર કેદખાનામાં પણ આવું સુંદર ફૂલ ઉગાવી શકે છે તો મારા વિષે પણ તેને શું ચિંતા ન હોય? પછી તેણે પેલા લખેલા શબ્દો ભૂંસી નાખ્યા અને તેના બદલામાં એવું લખ્યું કે : "બધું ઈશ્વરથી થાય છે." બીજો કેદી તેની સાથે કેદ કરેલો હતો અને તેની છોડી તેને મળવા આવતી હતી. તેણે જોયું કે ચારમે આ ફૂલ ઉપર કેટલો બધો પ્રેમ રાખે છે અને તે વિષે તેણે બીજાઓને વાત કરી. એવી રીતે આ વાત ફેલાતી ફેલાતી રાણીને કાને પહોંચી અને તેણે નેપોલિયનને વાત કરી. જે માણસ નાના ફૂલ ઉપર આટલી બધી પ્રીતિ રાખે છે તે શું બધી રીતે ભૂંડો હશે? એમ કરીને તેણે નેપોલિયનને ચારમેને છોડાવવા સમજાવ્યું. ચારમેને છૂટો કરવામાં આવ્યો પણ કેદખાનું છોડયા પહેલાં તેણે તે ફૂલ જમીનમાંથી ખોદી કાઢયું અને પોતાના ઘેર લઈ ગયો. ત્યાં તેણે તે ફરી રોપ્યું અને તે એકલા જ ફૂલમાંથી તેણે આખરે બગીચો બનાવ્યો.

ઈશ્વર અરણ્યમાંથી પણ માણસોને પાણી આપી શકે છે. શાસ્ત્રમાં કહ્યું છે, કે "અરણ્ય તથા સૂકી ભૂમિ હરખાશે, વન આનંદ કરશે ને ગુલાબની પેઠે ખીલશે." હવે આવું કરવાની ઈશ્વરની મરજી છે : આવું થતાં તો માણસ જ અટકાવે છે. હાગારને માટે આપણને લાગણી થાય એ સ્વાભાવિક છે, પણ તેને માટે સારૂં હતું ત્યારે સારાહની મશ્કરી કરવાની તેને શી જરૂર? તેના ઉપર સારાહનો પ્રેમ ઊભરાય એવું તેનું વર્તન દેખાતું નથી. વળી માની અસર દીકરા ઉપર થાય એ સ્વાભાવિક હતું અને ઈશ્માએલે ઈસ્હાકની મશ્કરી કરી ત્યારે તો બીજી વખતે, અને તે વળી હમેશને માટે, તેને નાસી જવું પડયું. આ બધું પાપનું પરિણામ છે; કેમકે પાપને લીધે ઘરની આવી દશા થઈ હતી. તેથી ઈસ્હાક અને ઈશ્માએલ એક ઘરમાં સાથે રહી શકયા નહિ અને એ એક જ કૃત્યનાં પરિણામો હજી પણ આવતાં બંધ થયાં નથી. આજે પાલેસ્ટાઈનમાં સારાહનાં છોકરાં અને હાગારનાં છોકરાં લડે છે, અને તેઓની વચ્ચે બ્રિટિશ સરકાર સમાધાની કરવાના પ્રયત્નો કરે છે.

છતાં સારાહનાં છોકરાં અને હાગારનાં છોકરાં બન્ને ઈશ્વરને વહાલાં લાગે છે. પોતાની સુંદર દુનિયાનો લાભ સઘળાંને મળે એવી તેની ઇચ્છા છે. ભૂખ હોય તો બધાંને માટે જીવનની રોટલી છે. તરસ હોય તો બધાંને માટે જીવનનું પાણી છે. પણ જ્યાં સ્વાર્થ દાખલ થાય છે ત્યાં ઈશ્વરની દુનિયાની સુંદરતા નષ્ટ થાય છે. ખ્રિસ્ત કહે છે, કે "જે પાણી હું આપીશ તે જો કોઈ પીએ તો તેનામાં પાણીનો ઝરો થશે, તે અનંતજીવન સુધી ઝર્યા કરશે." હવે આટલા બધા પાણીની શી જરૂર હશે—તે એક જ માણસને માટે હોય તો? હા, પણ તે એક જ માણસને માટે નથી! તમારા જીવનમાંથી બીજાઓને પણ તાજગી મળે તે માટે છે; જે તમારા ઉપર પ્રેમ રાખે છે અને તમને મિત્ર કહે છે તેમને માટે છે, અને જેમની સાથે તમારે નથી બનતું તેમને માટે પણ છે: "હે સર્વ તરસ્યા, તમે સર્વે પાણીની પાસે આવો."

૨. પિતૃઓના કૂવા

"અને તેના બાપ ઈબ્રાહીમના વખતમાં પાણીના જે કૂવા ખોદ્યા હતા, તે ઈસ્હાકે ગાળી કાઢયા, કેમકે ઈબ્રાહીમના મરણ પછી પલિસ્તીઓએ તે પૂરી નાખ્યા હતા" (ઉત્પત્તિ ૨૬; ૧૮).

ઈસ્હાક ઘણાં વરસ સુધી જીવ્યો, પણ તેના સંબંધમાં એક પણ મોટી બીના લખવામાં આવી નથી. તેને આબાદીનો તેમજ આપત્તિનો અનુભવ થયો; તેણે સારા દહાડા તેમજ માઠા દહાડા પણ જોયા; તેનામાં સારા ગુણો હતા તેમજ ખોટા પણ હતા; અર્થાત્ ઘણી રીતે તેની જિંદગી આપણા જેવી જ હતી. ઘણી રીતે તેણે પોતાના બાપ ઇબ્રાહીમનું અનુકરણ કર્યું હોય એમ જણાય છે: તેણે ઈબ્રાહીમની ભૂલોનું અનુકરણ કર્યું; તેણે ઈબ્રાહીમનાં સારાં કામોનું પણ અનુકરણ કર્યું. મિસરમાં જેવું ઈબ્રાહીમનું વર્તન હતું તેવું જ ગરારની ખીણમાં ઈસ્હાકનું વર્તન પણ હતું. ઈબ્રાહીમે કહ્યું કે સારાહ મારી બહેન છે, અને ફારૂને તેને ઠપકો આપ્યો. ઈસ્હાકે કહ્યું કે રિબકાહ મારી બહેન છે, અને તેને પણ અબીમેલેખે ઠપકો આપ્યો. મિસરમાં તેમજ ગરારની ખીણમાં આ બન્ને બાપદીકરા કરતાં ફારૂન અને અબીમેલેખનાં વર્તન વધારે વાજબી માલૂમ પડે છે, એ આપણે કબૂલ કર્યે જ છૂટકો. છતાં જ્યારે યહોવાહે ઈબ્રાહીમને કહ્યું કે હું તારાં સંતાનને આકાશના તારાઓ જેટલાં વધારીશ, ત્યારે તેણે ઈબ્રાહીમમાં કંઈક જોઈને તેમ કહ્યું હશે. વળી તેજ વચન યહોવાહે ફરીથી ઈસ્હાકને પણ કહ્યું ત્યારે ઈસ્હાકમાં કંઈક જોઈને તેણે કહ્યું હશે. વળી આ બન્ને બાપદીકરામાં ઈશ્વિરે શું જોયું હતું તે વિષે ગરારના માણસોની સાક્ષી છે: "અમે ખચીત જાણ્યું, કે યહોવાહ તારી સાથે છે." દુનિયાના માણસો આંધળા નથી. પ્રભુના લોકોના જીવનમાં પ્રભુની હાજરી હોય તો તે દુનિયાના લોકો સારી રીતે જોઈ શકે છે. શૂનેમની સ્ત્રી ઉપર એલીશા વિષે આવી અસર થઈ, અને તેણે પોતાના ધણીને કહ્યું, કે "મને લાગે છે કે આ જે માણસ હમેશાં આપણી પાસે થઈને જાય છે, તે એક પવિત્ર ઈશ્વિરભક્ત છે."

હવે ઈસ્હાકે બેર-શેબાના ગાળામાં જ પોતાની આખી જિંદગી પૂરી કરી. તે જમાનામાં તે પ્રદેશમાં વસ્તી થોડી હતી, અને તેનું તથા તેનાં ઘેટાંબકરાંનું સહેલાઈથી પૂરું થાય તેમ હતું. મુસાફરો કહે છે કે હજી પણ ત્યાંનો પ્રદેશ ફળવાન છે અને થોડી જમીનમાં ખેડૂતો પોતાનું પૂરું કરી શકે છે. ઈસ્હાકે તે દેશમાં વાવણી કરી તેજ વર્ષે તે સોગણું પામ્યો. પરંતુ જેને આવાં મહિમાવંત

વચનો મળેલાં હોય તે આટલેથી સંતોષ પામે કે નાએ પામે. ઘેટાંબકરાં જલદીથી વધે છે, અને પ્રભુની મહેરબાનીથી ઈસ્હાક હજી જીવતો હતો એટલામાં તે આવો વધારો જોઈ શકયો; પણ તેનાં સંતાન આકાશના તારાઓ જેટલાં થતાં વાર લાગે. વળી "હેબ્રીઓને પત્ર" લખનાર આ હેબ્રી પિતૃઓનાં યોગ્ય વખાણ કરીને જણાવે છે, કે "એ સઘળાં વિશ્વાસમાં મરણ પામ્યાં, પણ તેમને વચનોનાં ફળ મળ્યાં નહિ." આપણે પણ પૃથ્વી પર પરદેશી તથા પ્રવાસી છીએ; માટે એજ લેખક આપણને પણ કહે છે, કે "જેઓ વિશ્વાસ તથા ધીરજથી વચનોના વારસ છે તેઓનું અનુકરણ કરો." ઈસ્હાકના નમૂના પરથી આપણને એ શીખવાનું મળે છે કે ઉત્તમ ભાવિને લાયક થવાનો સૌથી સારો રસ્તો એ છે કે આજનો ઓજ સંતોષથી ઊંચકવો. "હું માછલી પકડવા જાઉં છું," એમ પીતરે કહ્યું, અને સારૂં કહ્યું; કેમકે તેજ સવારે તેને ઉત્થાન પામેલા પ્રભુનું દર્શન થયું.

"સલાહ કરાવનારાઓને ધન્ય છે," એ પણ ઈસ્હાકના નમૂના પરથી જાણી શકાય છે. તેના બાપે જે કૂવા ખોદ્યા હતા તેને માટે તેને લાગણી હોય એ સ્વાભાવિક હતું; છતાં ગરારના ભરવાડોની સાથે રકઝક કરવાની તેની મરજી નહોતી. એમ કહેવામાં આવે છે કે ઈસ્હાક નામાંકિત પિતાનો સાધારણ પુત્ર હતો, અને નામાંકિત પુત્રનો સાધારણ પિતા હતો. એ ખરી વાત, પણ આ સાધારણ લોકો, જેઓ શાંતિથી પોતાનું જીવન ગાળે છે, તે પ્રભુને બહુ ગમે છે. ઈસ્હાકની મુશ્કેલીઓ પરથી આપણને ઘણું શીખવાનું મળે છે. ખોટું કરવાથી મુશ્કેલીઓ દૂર થતી નથી. ઈસ્હાકે આ રસ્તો લીધો ત્યારે વિદેશી રાજાના મોઢેથી તેને ઠપકો સાંભળવાનો વખત આવ્યો; અને પ્રભુના માણસને અન્ય-ધર્મીઓ તરફથી ઠપકો મળે એ કેટલી બધી શરમ ભરેલી વાત કહેવાય! પરંતુ જ્યારથી તેણે યહોવાહનું માન્યું ત્યારથી તે નર્યો આશીર્વાદ જ પામ્યો. જાણવા જેવી વાત એ છે કે જ્યારે ઈસ્હાક ગરાર મૂકીને બેર-શેબા આવ્યો ત્યારે તેજ રાત્રે યહોવાહે તેને દર્શન દઈને કહ્યું, કે "હું તારા બાપ ઈબ્રાહીમનો દેવ છું; બી મા, કેમકે હું તારી સાથે છું, ને મારા સેવક ઈબ્રાહીમને લીધે હું તને આશીર્વાદ દઈશ ને તારાં સંતાન વધારીશ." ગરારના ભરવાડોની સાથે ઈસ્હાક પોતાની તકરાર લંબાવે એવી યહોવાહની મરજી નહોતી. વળી ઈશ્વરની સાથે માણસનો સંબંધ જોઈએ તેવો થાય છે ત્યારે પરિણામે માણસ સાથેનો તેનો સંબંધ સુધરી જાય છે. આ પ્રમાણે ઈસ્હાક વર્ત્યો ત્યારે ગરારના માણસોના મન ઉપર સારી અસર થઈ, અને તેઓએ ઠેઠ બેર-શેબા સુધી આવીને પણ સાક્ષી આપી, કે "અમે ખચીત જાણ્યું કે યહોવાહ તારી સાથે છે." જ્યારે માણસ ઈશ્વરને માન આપે છે ત્યારે ઈશ્વર માણસને પણ માન આપે છે. જ્યારે કોઈ માણસના માર્ગથી યહોવાહ રાજી થાય છે, ત્યારે તે તેના શત્રુઓને પણ તેની સાથે સલાહસંપમાં રાખે છે (નીતિ. ૧૬; ૭).

હવે પિતૃઓના કૂવા વિષે આપણે વિચાર કરીએ. "તેના બાપ ઈબ્રાહીમના વખતમાં પાણીના જે કૂવા ખોદ્યા હતા, તે ઈસ્હાકે ગાળી કાઢ્યા, કેમકે ઈબ્રાહીમના મરણ પછી પલિસ્તીઓએ તે પૂરી નાખ્યા હતા." આપણે પોતાના આત્મિક હિતને અર્થે આ વાક્ય દૃષ્ટાંતરૂપ સમજી લઈએ. આત્મિક રીતે જોતાં પિતૃઓના કૂવા પુરાઇ જાય એવું જોખમ નિત્ય રહે છે. દુનિયામાં ઘણા કૂવા એવા મળે છે કે જેમાંથી દુનિયાની બાલ્યાવસ્થામાં પણ માણસો પાણી કાઢતાં હતાં; માનવી ઇતિહાસના ઉદય વેળાએ આ કૂવા પાસે સ્ત્રીઓ ગાતી ગાતી આવતી હતી અને માથે ગાગર ચઢાવીને ગાતી ગાતી પાછી જતી હતી. હજી પણ આટલો બધો કાળ વીતી ગયા છતાં તેમનું પાણી એટલું ને એટલું મીઠું લાગે છે, અને તેમના પર ચાકળાનો અવાજ બંધ થતો નથી. એવો એક કૂવો યાકૂબનો હતો. યાકૂબ પોતાના પિતૃઓની સાથે મળી ગયો, અને ઘણા સૈકાઓ પછી થાકેલો ઈસુ તેજ કૂવા પર આવીને બેઠો. વળી હજી પણ થાકેલા મુસાફરો તેમાંથી પાણી પીએ છે, અને પોતાની તરસ મટાડે છે.

પરંતુ બધા કૂવા એવા નથી હોતા. વખત બદલાય છે; પાણી આવતાં અટકી જાય છે; અમુક કારણસર માણસો તે વાપરતાં બંધ થાય છે; કૂવો પુરાઈ જાય છે. જૂના કૂવા વહાલા લાગે છે. દાઊદને પોતાની માતાના કૂવા વિષે કેટલી બધી લાગણી હતી: "બેથલેહેમના દરવાજા પાસેના કૂવાનું પાણી મને પીવાને કોઈ લાવી આપે તો કેવું સારૂં" એમ તે બોલ્યો. અને ત્રણ બહાદૂર યોદ્ધાઓએ પોતાના જીવ જોખમમાં નાખીને તે તરત લાવી આપ્યું. આપણા આત્મિક કૂવા આપણા પિતૃઓ પાસેથી ઊતરી આવ્યા છે, જેમાંથી તેઓ પોતાની આત્મિક તરસ મટાડતા હતા; તે પણ આપણને એટલા જ વહાલા લાગવા જોઈએ. પરંતુ આપણા નિશ્ચિંતપણાને લીધે તે કૂવા પણ પુરાઈ જાય છે, અને વખતોવખત તેમને ગાળવા પડે છે. પલિસ્તીઓ એ કૂવાને પૂરી નાખવા ફરે છે, કેમકે તેઓ જાણે છે કે તે વિના આપણને ચાલતું નથી. આથી ઈસ્હાકના જેવી આપણી પણ દશા થાય છે; તો તેના જેવું કામ આપણે કરીએ: "તેના બાપ ઈબ્રાહીમના વખતમાં પાણીના જે કૂવા ખોદ્યા હતા તે ઈસ્હાકે ગાળી કાઢ્યા, કેમકે ઈબ્રાહીમના મરણ પછી પલિસ્તીઓએ તે પૂરી નાખ્યા હતા."

કૂવા પર માણસનો બધો આધાર રહે છે, અને તેથી જીવનની જરૂરિયાતો સૂચવાય છે. આત્મિક રીતે યહુદી માણસને એમ લાગતું હતું કે મારી બધી જરૂરિયાતો મુસાના નિયમશાસ્ત્રથી પૂરી પડે છે. તેને માટે મુસાનું નિયમશાસ્ત્ર કૂવારૂપ હતું. તે કૂવો ખ્રિસ્તના વખતમાં કેવો પુરાઈ ગયો હતો, પણ ખ્રિસ્તે આવીને તેને ગાળી કાઢ્યો. જે કામ પલિસ્તીઓએ કર્યું હતું તેવું જ કામ

ફરોશીઓએ પોતાના જમાનામાં કર્યું હતું. માટે ખ્રિસ્તે તેઓને કહ્યું, કે "તમે તમારા સંપ્રદાયથી દેવની આજ્ઞા રદ કરી છે." ફરીથી ખ્રિસ્તી જમાનામાં જ્યારે મંડળી પોતાના મત તરીકે માણસોની આજ્ઞા શિખવવા લાગી ત્યારે માર્ટિન લ્યુથરે આવીને કૂવો ગાળી કાઢયો. આ પ્રમાણે વખતોવખત પલિસ્તીઓ પિતાઓના કૂવા પૂરી નાખે છે, તેમ વખતોવખત તેમને ગાળી કાઢવા પડે છે.

હવે આપણે માટે જે સૌથી ઉપયોગી કૂવો તે આ પવિત્ર શાસ્ત્ર છે. ખ્રિસ્તે કહ્યું, કે "જે પાણી હું આપીશ તે જે કોઈ પીએ તેને કદી તરસ લાગશે નહિ; પણ જે પાણી હું તેને આપીશ તે તેનામાં પાણીનો ઝરો થશે; તે અનંતજીવન સુધી ઝર્યા કરશે." મારા મિત્રો, આ ઝરો તમારામાં છે કે કેમ? આત્મિક તરસ મટાડવાને માટે આ પાણીમાં જે ગુણ છે તેનો શું તમે અનુભવ કર્યો છે? જે જગતનો ત્રાતા તે નિશ્ચે એજ છે એ શું તમે બીજાના કહેવાથી માનો છો, કે તમારા જાત્યનુભવથી માનો છો? તેના સર્વે લોકો આનંદસહિત તારણના ઝરામાંથી પાણી ભરે એવી ઈશ્વરની બહુ મરજી છે. શું પિતાઓના કૂવા, શું ઈશ્વરના કૂવા હજી આપણને કામ આપે છે? શું અનંતજીવનનો ઝરો આપણામાં સુકાઈ ગયો છે? શું પલિસ્તીઓએ તે પૂરી નાખ્યો છે? એમ હોય તો આપણે પસ્તાવા તથા પ્રાર્થનાવડે તે ગાળી કાઢવાનું કામ સવેળા હાથમાં લઈએ તો સારૂં.

પવિત્ર શાસ્ત્રમાં જીવનનું પાણી સમાએલું છે, છતાં શું તમને તરસ લાગે છે? આ પવિત્ર શાસ્ત્રમાં જીવનની રોટલી છે, છતાં શું તમને ભૂખ લાગે છે? આ પવિત્ર શાસ્ત્રમાં ઈશ્વરનો સઘળો ખજાનો સમાએલો છે, છતાં શું તમે દરિદ્રી છો? આંદ્રુ કાર્નેગી દુનિયામાંના શ્રીમંતોમાંનો એક હતો. તે મરણ પામ્યો ત્યારે હસવાની ખાતર કોઈએ વર્તમાનપત્રમાં એક ચિત્ર મૂક્યું. ચિત્રમાં એક પોલીસ અને એક ભિખારી દોરવામાં આવ્યા હતા. ભિખારી રસ્તામાં ઊભો ઊભો રડતો હતો, તેને પોલીસવાળો કહે છે કે તું કેમ રડ્યા કરે છે? ભિખારી જવાબ આપે છે, કે આંદ્રુ કાર્નેગી જે લક્ષાધિપતિ તે મરી ગયો છે. પોલીસવાળો ફરીથી તેને પૂછે છે, કે "તારે શું? તે તારો સગો હતો?" ત્યારે ભિખારીએ જવાબ આપ્યો, કે "ના! તેથી જ હું રડું છું!"

વહાલાંઓ, આપણે આ ભિખારીનું અનુકરણ કરવું છે? શું બાપના ઘરમાં આપણે અનાથ જેવા રહીએ છીએ? કૂવાનો માલિક તે આપણો બાપ છે; તો આપણે તરસ્યા રહેવું શા માટે? આપણે ઈશ્વરના વારસ છીએ! આપણે ખ્રિસ્તની સાથે સાથીવારસ છીએ! તો તારણના ઝરાઓ કેમ પૂરાઈ જાય છે? તારણના કૂવાને આપણે કેવી રીતે ચોકખા રાખીશું? જુઓ, એ વાત પણ આપણને ઈસ્હાક શિખવશે.

જો ઈસ્હાક વિશેષ ઈશ્વરની સાથે ચાલ્યો હોય તો તે બેર-શેબા આવ્યા પછી. ત્યાં આવીને તેણે ત્રણ કૃત્યો કર્યાં અને જે અનુક્રમે તેણે આ ત્રણ કૃત્યો કર્યાં તેજ આપણું ધ્યાન ખેંચે છે: તેણે પહેલાં વેદી બાંધી; પછી તેણે તંબુ માર્યો; અને છેલ્લે તેણે કૂવો ખોદ્યો.

સહુથી પહેલી જરૂર તે વેદીની છે. હાગ્ગાય પ્રબોધક પોતાના સંકાળિકોને ઠપકો આપીને કહે છે, કે "સૈન્યનો દેવ યહોવાહ કહે છે, કે તમારા માર્ગો વિષે વિચાર કરો...તમે સર્વે પોતપોતાના ઘેર દોડતા જાઓ છો, ને તે દરમિયાન મારૂં ઘર તો ઉજ્જડ પડી રહ્યું છે." શું ઈશ્વરની વેદીની જરૂર પહેલી જ આપણને લાગે છે? ઈશ્વર મારો બાપ છે અને મારો મિત્ર છે એ વિષે પોતાના અન્યધર્મી પડોશીઓની આગળ સાક્ષી આપવાની ઈસ્હાકની મરજી હતી, માટે તેણે પહેલાં વેદી બાંધી; તેણે પહેલું જ કામ તે કર્યું! શું આપણે પહેલાં ઈશ્વરના રાજ્યને અને તેના ન્યાયીપણાને શોધીએ છીએ? જો નહિ, તો આપણે લીધે આકાશમાંથી ઝાકળ પડતું બંધ થાય અને પૃથ્વીની નીપજ બંધ પડે તો નવાઈ શી? તારણના ઝરા જેમાંથી પિતૃઓ પીતા હતા તે પુરાઈ જાય તો વાંક કોનો?

પછી ઈસ્હાકે તંબુ માર્યો. હવે તંબુ તે હમેશનું રહેઠાણ નથી. આપણે જાણે આ પૃથ્વી પર સદાકાળને માટે રહેવાનાં હોઈએ તેવી રીતે આપણે તેમાં મૂળ નાખવા માગીએ છીએ. આ જૂના વખતના ભકતો પોતાનું મોં આકાશ ભણી રાખીને જીવતા હતા; સ્થાયી રહે એવું નગર આપણને અહીં નથી, એ તેઓ જાણતા હતા; પોતા વિષે તેઓ કબૂલ પણ કરતા હતા કે અમે પૃથ્વી પર પરદેશી તથા પ્રવાસી જેવા છીએ. વળી આ કારણથી તેઓને માટે તારણના ઝરાઓ ખૂટતા નહોતા અને લોકો ખચીત જાણતા હતા કે યહોવાહ તેમની સાથે છે.

છેલ્લે ઈસ્હાકે કૂવો ખોદ્યો. કૂવો જીવનની જરૂરિયાતો દેખાડે છે. **પહેલાં ઈશ્વરનું ઘર, પછી આપણું ઘર,** એ પ્રમાણે આપણે જીવીએ તો પછી જે કંઈ જોઈએ તે આપણને આપવામાં આવશે. આપણા સમાજમાં આટલા બધા ખ્રિસ્તીઓ પોતપોતાને માટે ઘર બાંધવા લાગ્યા છે તે જોઈને મને આનંદ થાય છે. પરંતુ તે સઘળાને મારે પૂછવું છે, કે શું તમે પહેલાં વેદી બાંધી? "જો યહોવાહ ઘર ન બાંધે તો તેના બાંધનારા અમથો શ્રમ કરે છે." પણ જેઓ પહેલાં પ્રભુની વેદી બાંધે છે તેઓ રૂદનના નિચાણને ઓળંગતાં તેને ઝરાની જગા બનાવે છે. વહાલાંઓ, આ અનુક્રમ સાચવો; પહેલાં વેદી, પછી તંબુ, અને છેલ્લે કૂવો!

૩. બીજી છાવણી

"અને યાકૂબ ચાલતો થયો, ને દેવના દૂતો તેને સામા મળ્યા. અને યાકૂબ તેઓને જોઈને બોલ્યો, કે આ તો દેવનું સૈન્ય છે; અને તેણે તે જગાનું નામ માહનાઈમ પાડયું" (ઉત્પત્તિ ૩૨; ૧, ૨)

આપણામાંનાં ઘણાંખરાં જનરલ ગોર્ડન વિષેની વાતો જાણીએ છીએ. અર્ધા સેકા ઉપર આ મહાન પુરુષની કારકિર્દી અકાળે ખતમ થઈ, અને હજી પણ ઘણા માને છે કે તેનું કારણ તે વખતની બ્રિટિશ સરકારની બેપરવાઈ તથા કાર્યદક્ષતાનો અભાવ હતાં. ખાર્તુમમાં તેને જુજ સૈન્યની મદદ વડે ઈસ્લામનાં ધર્માન્ધ સૈન્યોની સામે લડવું પડયું હતું, અને તેના તરફ સવેળા મદદ મોકલવામાં ન આવવાથી તેણે ત્યાં આગળ પ્રાણત્યાગ કર્યો. એક લેખક જે તેને સારી રીતે ઓળખતો હતો તે તેના વિષે એવી સાક્ષી આપે છે કે તે લડવૈયો હતો એટલુંજ નહિ પણ તે સંત હતો; જે વિશ્વાસ પહાડોને ખસેડી શકે છે તેથી તે જીવતો હતો; હું ઈશ્વરના હાંથમાં સાધનરૂપ છું એવી ખાતરીસહિત તેણે જેટલું કર્યું તે બધું તેણે ઈશ્વરના મહિમા અર્થે કર્યું. વળી તેને કશાની બીક લાગતી નહોતી, અને તેના મનમાં સંદેહ પ્રવેશ કરી શકતો નહોતો.

જનરલ ગોર્ડનની જે અજબ જેવી અસર હતી તેનું કારણ આપણા આધારવાક્ય સાથે સંબંધ રાખે છે. ખાર્તુમમાં રહીને તેણે જે છેલ્લામાં છેલ્લો પત્ર લખ્યો તે પત્રને અંતે આ શબ્દો મળે છે: "ઈશ્વરનાં સૈન્યો મારી સાથે છે—માહનાઈમ." જનરલ ગોર્ડન પવિત્ર શાસ્ત્રનો હૃદયપૂર્વક અભ્યાસી હતો. તે પવિત્ર શાસ્ત્રમાંના દરેક પૃષ્ઠ પરનાં વાકયોનો માહિતગાર હતો. વળી જાણવા જેવી વાત એ છે કે પોતાના છેલ્લા કડવા સમયમાં જ્યારે તેને કેવળ નિરાશાનો જ અનુભવ થતો હતો અને તે મોતની સામે જોઈ રહ્યો હતો, ત્યારે આખા પવિત્ર શાસ્ત્રમાંથી આજ જુના શબ્દો તેને યાદ આવ્યા: "અને યાકૂબ ચાલતો થયો ને દેવના દૂતો તેને સામા મળ્યા. અને યાકૂબ તેઓને જોઈને બોલ્યો, કે આ તો દેવનું સૈન્ય છે; અને તેણે તે જગાનું નામ માહનાઈમ પાડયું."

ખાર્તુમની આજુબાજુના વેરાન અરણ્યમાં વિકરાળ સેનાઓ તેની આસપાસ ફરી વળી હતી અને તેના જીવને માટે તરસી હતી. પરંતુ તે એમ જાણતો હતો કે મારી આસપાસ અદૃશ્ય પરાક્રમો પણ ફરી વળ્યાં છે; મારી આસપાસ ઈશ્વરનાં સૈન્યો છે. બીજી છાવણી વિષે તે પણ ભૂલ્યો નહોતો, અને પરિણામે ઈશ્વરના દૂતો તેને સામા મળ્યા પણ ખરા.

શેક્સપીઅર લખે છે, કે માણસો જે ભૂંડું કરે છે તે તેઓની પછી જીવે છે; ત્યારે જે સારું કરે છે એને વારંવાર તેમનાં હાડકાંની સાથે દાટી દેવામાં આવે છે. યાકૂબના સંબંધમાં કેટલેક અંશે એમજ થયું. કોઈ વાર આપણા ઉપર એવી અસર થાય છે કે પવિત્ર શાસ્ત્રમાં યાકૂબ પોતાની લાયકી ઉપરાંત જગા રોકે છે. તેના જીવનમાં કેટલાંક લક્ષણો એવાં છે કે જેને આપણે વખાણી શકીએ નહિ; છેતરપિંડી અને ખટપટ તેમજ વાજબી યા તો ગેરવાજબી રીતે પોતાની ઇચ્છા પાર પાડવાની અજોડ શક્તિ આ માણસના જીવનમાં જોવામાં આવે છે, છતાં યાકૂબના જીવનમાં કેટલાંક સારાં લક્ષણો પણ દેખાય છે: તે પોતાના ઇરાદામાં મક્કમ હતો, ધીરજવાન હતો, સહનશીલ હતો, અને જેમના પર તે પ્રેમ રાખતો હતો તેમને તે વિશ્વાસુ રહેતો હતો. પરંતુ એ સર્વ ઉપરાંત તે અદૃશ્ય દુનિયાની સાથે સંબંધ રાખતો હતો. તેના ફતેહમંદ થવામાં દૂતોનો ઘણો હાથ હતો. વળી આજ બાબત સંબંધી યાકૂબ તથા તેના ભાઈ એસાવમાં મોટો તફાવત જોવામાં આવે છે. એસાવ કરતાં યાકૂબ સારો માણસ હતો એમ કદાપિ આપણે કહી ન શકીએ, અને શરૂઆતમાં તો નહિ જ કહેવાય. પણ એસાવના અનુભવમાં દૂતોનું કશું જ સ્થાન નહોતું. તેને ધર્મની કોઈ પણ જાતની લાગણી હોય એમ દેખાતું નથી; તેનું જીવન શિકાર કરવામાં તથા લડવામાં, ખાવામાં તથા ઊંઘવામાં સમાએલું હતું. તેના કરતાં યાકૂબ છેક જુદા જ પ્રકારનો માણસ દેખાય છે. ઇશ્વરના સીધા માર્ગમાંથી તે કોઈ કોઈ વાર ગમે તેટલો ભટકી ગયો હોય તોપણ વખતોવખત તેને અદૃશ્યનું ભાન થતું હતું. વખતોવખત પોતાની દુનિયાની સાથે બીજી દુનિયા જોડાએલી રહે છે એ વિષે તેને સમજ પડતી હતી. "યાકૂબ ચાલતો થયો ને દેવના દૂતો તેને સામા મળ્યા," અને આ રીતે તેને બીજી છાવણી વિષે ખબર પડી.

આપણને એમ કહેવામાં આવે છે કે યાકૂબના જીવનમાંના એક અણીના સમયે તેને આ દર્શન થયું હતું. તે પોતાના સસરા લાબાનનું ઘર મૂકીને આવ્યો હતો. ત્યાં તે ઘણાં વર્ષો સુધી રહ્યો હતો, અને હવે તે મોટો કાફલો લઈને પાલેસ્ટાઈનમાં પાછો આવવાની મુસાફરી કરતો હતો. તેનો રસ્તો તો એસાવની હદમાં થઈને જતો હતો. યાકૂબ તે કંઈ સૈનિક નહોતો, અને સ્વાભાવિક રીતે તેણે લાંબા વખત ઉપર જે ભાઈનું નુકસાન કર્યું હતું તે ભાઈને ફરી મળવાના વિચારથી તે ધ્રૂજતો હતો. પોતાના દેશનિકાલનાં લાંબાં તથા શ્રમભર્યાં વર્ષો દરમિયાન તે સંસારમાં બધી રીતે ફાવી ગયો હતો, અને હવે તે દ્રવ્યવાન માણસ થઈને પાછો આવતો હતો. છતાં એસાવને મળવાના વિચારથી તેનાં પગલાં ભારે હતાં. તેની પાસે હથિયાર નહોતાં; તે પોતાનો બચાવ કરી શકે એવી તેની સ્થિતિ નહોતી. વળી સજ્જ થએલા ટોળાને લઈને એસાવ તેને સામો મળવા આવતો હતો.

આ પરિસ્થિતિને આપણે સહેજે કલ્પી લઈ શકીએ છીએ. આજ દિવસ સુધી આરબ લોકોના કાફલા કરે છે તેમ યાકૂબનો કાફલો ધીમેથી ગિલઆદના વેરાન ડુંગરોમાં થઈને મુસાફરી કરતો હતો. દર રાત્રે તેઓ છાવણી નાખે, ટોળાંને એકઠાં કરવામાં આવે, અને તેમની રક્ષા કરવાને માટે ચોકીદારોને ઠરાવવામાં આવે. આવા વખતમાં યાકૂબ ઊંઘતી છાવણીથી કોઈ ઊંચા એકાંત ટેકરા પર જઈને બેસે અને ત્યાં આખી રાત પોતાની મુશ્કેલીઓનો વિચાર કરે. એસાવને શું મોં લઈને મળવું? તેને કેવી રીતે ખુશ કરવો? તેને કેવી રીતે મેળવી લેવો? વાડામાં ઘેટાંનાં બચ્ચાં બેં બેં કરે, અને છાવણીમાંનાં છોકરાં જાગીને રડે, તે બધાનો અવાજ તેના કાને પડે ત્યારે તો આ બધાંનું શું થશે તે વિષેની તેની ચિંતાનો કોઈ પાર રહ્યો નહિ હોય. વળી જ્યારે તેની સ્થિતિ આવી ગંભીર થઈ ત્યારે જ તેને બીજી છાવણીનું દર્શન થયું. એકાએક પોતાની છાવણીની આજુબાજુ નાખેલી બીજી એક છાવણીનું દર્શન થયું અને તે યહોવાહનાં સૈન્યોની છાવણી હતી. દોથાનના છોકરાની માફક યાકૂબની આંખો ઉઘાડવામાં આવી અને ખુદ આકાશનાં પસંદ કરેલાં સૈન્યોની વ્યવસ્થિત હારો તેના જોવામાં આવી. આ સૈન્યોનો દરેક ભાગ પોતપોતાને ઠેકાણે તત્પર થઈ રહેલો તેના જોવામાં આવ્યો, અને તેમાંનો દરેક સૈનિક આખી પૃથ્વીના પ્રભુની ઇચ્છા પ્રમાણે કરવાને તૈયાર રહેતો હતો. વળી એલીશા તથા તેના ચાકરના જોવામાં જે દર્શન આવ્યું અને તેનો જે ખુલાસો સમજી લેવાનો હતો તેજ ખુલાસો અહીં આગળ યાકૂબને પણ સમજી લેવાનો હતો, એટલે કે, "બી મા, કેમકે આપણી સાથે જેઓ છે તેઓ તેમની સાથે જે છે તેના કરતાં વધારે છે."

"યાકૂબ ચાલતો થયો, અને ઈશ્વરના દૂતો તેને સામા મળ્યા. અને તેઓને જોઈને યાકૂબે કહ્યું કે આ તો ઈશ્વરનું સૈન્ય છે; અને તેણે તે જગાનું માહનાઇમ પાડ્યું." હવે, 'માહનાઇમ' એ શબ્દનો અર્થ 'બે છાવણી' થાય છે, અને આ નામ પસંદ કરવાનું યાકૂબનું કારણ એ હતું કે તે બીજી છાવણીને ભૂલી જવા માગતો નહોતો. આ માત્ર દર્શનજ હતું એ સાચી વાત, બીજે દિવસે એસાવ પોતાના ચારસો સજ્જ થએલા માણસોને લઈને આવ્યો ત્યારે એક પણ દૂત ક્યાંએ દેખાતો નહોતો. પરંતુ યાકૂબનો બચાવ તો થયો; તેનાં ઘેટાંબકરાં તથા પોતાનાં નાનાં છોકરાં રક્ષિત રહ્યાં, લોહીનું એક પણ ટીપું પાડવામાં આવ્યું નહિ; કેમકે યાકૂબની સઘળી હોંશિયારી જે કામ કરી ન શકી તે કામ ઈશ્વર કરી રહ્યો હતો, એટલે કે તેણે એસાવના હૃદયનું બદલાણ કર્યું હતું.

દર્શનો પામવાનું ખરું સ્થળ એ તો રોજની ફરજનો સાધારણ રસ્તો છે. જે એકાંત ડુંગરનાં શિખરો આપણને લલચાવી રહ્યાં છે તે કરતાં આ સાધારણ રસ્તાની ધૂળમાં તો દૂતોનાં પગલાં પડવાનો વધારે સંભવ છે. ઈશ્વરની શક્તિ આપણા દરરોજના જીવન સાથે સંબંધ રાખે છે, અને તેનાં સાધનો દરરોજના

અનુભવી લેવામાં આવે છે. માણસ જ્યાં આગળ પોતાનું રોજિંદું કામ કરે છે ત્યાં આગળ તેને દૂતોનું દર્શન થયું ન હોય તો તેને અન્ય જગાએ અન્ય દર્શન થવાનો સંભવ નથી, અને જો આખું અઠવાડીઉં દૂતોરહિત ગયું હોય તો રવિવારને દિવસે તેઓની પાંખનું એક પણ પીંછું તેના જોવામાં આવે એ કેવળ અસંભવિત છે. ઈશ્વર આપણને દરરોજ મળવા માગે છે, અને આપણા દરરોજના જીવનમાં આપણને તેનું દર્શન ન થાય તો તો સિનાય પહાડ પર ચઢીએ તોપણ તેનું દર્શન આપણને થવું દુર્લભ છે.

તો પછી સંદર્શન થતાં વિલંબ થાય તો? જો વિલંબ થાય તો વિલંબ થવાની જરૂર હશે તેથી થાય છે. વિલંબ થવાથી બીજા આશ્રયોની નબળાઈ અનુભવી લેવાની આપણને તક આપવામાં આવે છે. "પ્રભુ, જો તું અહીં હોત તો ફલાણો ફલાણો બનાવ બનત નહિ," એમ મારથા તથા મરિયમની માફક આપણે કોઈવાર અધીરા બનીએ છીએ, અને પોતાના અલ્પવિશ્વાસને કારણે તે આપણી પાસે આવે છે ત્યારે તેને ઠપકો પણ આપીએ છીએ. પરંતુ બેથાનીઆનાં મિત્રોને આપણો પ્રભુ ચહાતો હતો તેજ કારણથી લાજરસના મરણ વિષેના સમાચાર મળ્યા પછી તે જે ગામમાં રહેતો હતો ત્યાં તે હજી બે દિવસ વધારે રહ્યો.

વળી ઈશ્વરના દૂતો જે રૂપમાં આવવાની આપણને જરૂર છે તેજ રૂપમાં તેઓ આવે છે. યાકૂબ ગિલઆદનાં ખેતરોમાં થઈને પગે ચાલતો હતો ત્યારે પોતાને એક જ બાબતની જરૂર દેખાતી હતી, એટલે રક્ષાની જરૂર, અને તે કારણથી દૂતો સૈનિકોના રૂપમાં તેને દેખાયા હતા. પરંતુ જો તેને બીજી જરૂર હોત તો બેશક, દૂતોએ એ જરૂરને અનુસરતું રૂપ ધારણ કર્યું હોત, કેમકે ઈશ્વરનાં દાનો આપણી જરૂરિયાતના પ્રમાણમાં જ પોતાનાં રૂપ ધારણ કરે છે. પાણી જે વાસણમાં રેડવામાં આવે છે તે વાસણનો જે ઘાટ હોય તેજ ઘાટ પાણી પણ ધારણ કરે છે, તેજ પ્રમાણે ઈશ્વરની કૃપા આપણી જરૂરિયાતો પ્રમાણે જ પોતાનું રૂપ લે છે. એક માણસની પાસે જે દૂત રક્ષક તરીકે આવે તેજ દૂત બીજા માણસની પાસે જઈને તેને બોધ આપશે, ત્રીજાને પ્રેરણા કરશે અને ચોથાને તેની પાપરૂપી બેડીઓમાંથી છૂટો કરશે. માહનાઈમ આગળ યાકૂબને જે અનુભવ થયો તે પછી ઘણાં સૈકાં બાદ, તેજ જગાએ બીજો એક માણસ નાસતો તથા ધ્રૂજતો આપણા જોવામાં આવે છે. એ તો દાઊદ રાજા હતો, અને તે પોતાના દીકરા આબ્શાલોમની આગળથી નાસી જતો જોવામાં આવે છે. તે વખતે શું યાકૂબની વાત તેને યાદ આવી ન હોય? કેમ નહિ? વળી બીજી છાવણીના વિચારથી દાઊદને પણ કેટલો બધો દિલાસો મળ્યો હતો તે આપણે જાણીએ છીએ, કેમકે તેની જિંદગીના આ સમયમાં લખાએલું એક ગીત આ શબ્દોથી

સમાપ્ત થાય છે: "હું શાંતિમાં સૂઈ જઈશ, તેમજ ઊંઘી પણ જઈશ; કેમકે હે યહોવાહ, હું એકલો હોઉં ત્યારે પણ તું મને સલામત રાખે છે."

લીબીઆના અરણ્યમાં ઝેરઝુરા નામનો રણદ્વીપ હોવાની વાત ચાલે છે. તે વિષે એવું માનવામાં આવે છે કે તે ગુમ થએલો છે. ગમે તે નકશામાં જોશો તોપણ તેનો પત્તો લાગશે નહિ, અને ગમે તે ભૌગોલિક પુસ્તકમાં તપાસ કરશો તોપણ તેના વિષે માહિતી મળશે પણ નહિ. તેના ઝાડની શીતળ છાયા તળે કોઈ મુસાફરે આરામ ભોગવ્યો હોય અગર તેના ઠંડા પાણીમાં પોતાની તરસ મટાડી હોય એવું ક્યાંએ વાંચવામાં આવતું નથી; કેમકે ત્યાં જવાનો રસ્તો જો કોઈ વખતે ગતકાળમાં જાણીતો હશે તો તે વિષેની જાણ હાલમાં માણસોમાં ગુમ થએલી છે. તે વિષેની પહેલી જ નોંધ તેરમા સૈકામાંના ઈજિપ્તના ફાયુમ પ્રાંતના એક સૂબાની નોંધપોથીમાં મળે છે, અને તે વળી સાંભળેલી વાત ઉપર આધાર રાખીને જ લખે છે. તેને પોતાને તો આ રણદ્વીપ મળ્યો નહોતો. ઝેરઝુરા યુગોથી ગુપ્ત રહેલો છે, તેમ છતાં પણ તે અરણ્યના મધ્ય ભાગમાં રહીને મુસાફરોની જિજ્ઞાસાને સતેજ કરે છે અને પોતાને શોધી કાઢવાને માટે તેમને લલચાવી રહ્યો છે. હજી પણ તેની હયાતી વિષે અફવાઓ સાંભળવામાં આવે છે અને જેઓને અરણ્યની મુસાફરી ગમે છે તેઓમાંનાં ઘણાંનાં હૃદયોમાં એજ આશા છે કે હજી એક દહાડે તે મને મળી આવશે.

હાલમાં દુનિયાના લોકો ભયમાં રહે છે. યાકૂબની માફક કાલે અમારૂં શું થશે એ વિષે તેઓને ધાસ્તી રહે છે, અને તે કારણથી ભયંકર કાર્યદક્ષતા-સહિત માણસના જીવનનો નાશ જે સાધનોથી થઈ શકે છે તે બધાં સાધનો તેઓ એકઠાં કરવાના પ્રયત્નો કરે છે. આ ભયંકર હરીફાઈમાં યૂરોપ ખંડમાંનો દરેકદરેક દેશ ઊતરેલો માલૂમ પડે છે. પ્રભુના નામને ધન્ય હોજો કે હજી પણ જુવાનો સંદર્શનો જુએ છે, અને ઘરડાંઓને સ્વપ્ન આવે છે, નહિ તો આ આપણી દુનિયાનું શું થશે એ વિષે મને પોતાને પણ વિશ્વાસ ન રહે. આવા સમયમાં એસાવના કરતાં યાકૂબની સ્થિતિ પસંદ કરવા જોગ છે. ઈશ્વરના લોકો એકઠા મળીને ઈશ્વરને વિનંતી કરે કે તે દુનિયાનો બચાવ કરવાને માટે પોતાનાં અદૃશ્ય સૈન્યોને એકઠાં કરે, એવી વકી રહે છે. યુદ્ધમાં જે મોટી વેપારી પેઢીઓ લડાઈનાં સાધનો બનાવે છે અને વેચે છે તેમને જ ફાયદો છે, અને સળગાવવાની તેમની શકિત અપાર છે. આ સ્થિતિમાં આપણે માહનાઈમ પાછા જવાની જરૂર છે, કેમકે ગતકાળમાં જે આપણો મદદગાર હતો તેજ ભવિષ્ય-કાળમાં પણ આપણો મદદગાર થઈ શકે એમ છે. જે ભયંકર પરાક્રમો દુનિયાના માણસોને જંગલી જનાવરોના રૂપમાં ફેરવી નાખવાનો પ્રયત્ન કરે છે તેઓની સામે કોઈ કંઈ કરી શકે તો તે કેવળ ઈશ્વર છે. તરવારો ટીપીને કોશો અને ભાલાઓનાં ધારિયાં બનાવવામાં આવશે એવું સ્વપ્ન યશાયાહ સેવતો હતો, પણ

તે પ્રમાણે હજી થયું નથી. છતાં જેમને એવાં સ્વપ્ન આવે છે અને જેમને એવાં સ્વપ્ન વહાલાં લાગે છે તેઓ પર દુનિયાની સલામતી આધાર રાખે છે. આ જમાનાનો ઇતિહાસ લખવામાં આવશે ત્યારે ઝેરઝુરા જવાનો રસ્તો અપૂર્વ સમુદાયથી ચિક્કાર ભરેલો ઇતિહાસકર્તાને માલૂમ પડશે.

વધુ સારી અને વધુ સુખી દુનિયા વિષેની આશા આપણાં હૃદયોમાંથી સહેલાઈથી નાબૂદ થતી નથી, કેમકે તે ઈશ્વરે જ ત્યાં મૂકી છે. પરંતુ આપણા હૃદયમાં બીજું પણ એક ઝેરઝુરા છે. તે પણ આપણને લલચાવી રહ્યું છે અને તે પણ ઈશ્વરે જ આપણા હૃદયમાં મૂક્યું છે. ત્યાં જવાનો રસ્તો સાંકડો છે એમ આપણને કહેવામાં આવ્યું છે, અને આપણામાંનાં ઘણાંખરાંને એવો જ અનુભવ થયો છે. જ્યાં આપણો પ્રભુ પહેલાં રહેતો હતો તે દીનાવસ્થાની ખીણમાં થઈને આ રસ્તો આપણને લઈ જાય છે. જે ઝેરઝુરાની આપણે શોધ કરીએ છીએ તે વધસ્તંભ આગળ જ આપણને મળશે. પાપીઓને પોતાનો તારનાર મળે છે, એવી રીતે ઈશ્વર આપણને મળશે; કેમકે પાપ પોતાની પાસે રાખવું હોય તો ઈશ્વરને મળવાની મતલબ શી?

"ખાલી હાથે આવું છું,
ઇમાન તું પર લાવું છું,
નગ્ન હું માગું લેબાસ;
અબળ કરૂં છું વિશ્વાસ.
તારે ઝરે મને લાવ,
તેમાં મને નવડાવ."

૪. ગૂણમાંનું પ્યાલું

"જે માણુસની પાસેથી પ્યાલું જડ્યું તે મારો દાસ થશે" (ઉત્પત્તિ ૪૪; ૧૭).

હે યહોવાહ, બોલ, તારો સેવક સાંભળે છે, એ પ્રમાણે શમૂએલે કહ્યું, અને યહોવાહની સન્નિધ આવવાની એજ ખરી રીત છે. પરંતુ આપણને ખોટી ટેવ પડી છે. આપણે કહીએ છીએ, કે હે યહોવાહ, સાંભળ, તારો સેવક બોલે છે, અને તેમાં આપણી મોટી ભુલ થાય છે. આ બાબત વિષે હબાક્કૂક સમજતો હતો: તેણે કહ્યું કે "હું મારી ચોકી પર ઊભો રહીશ, ને બુરજ પર ખડો રહીને જોયાં કરીશ કે તે મારી સાથે શું બોલે છે, ને મારી દાદનો મને શો ઉત્તર આપે છે." ઈશ્વરની હજૂરમાં આપણું કામ સાંભળવાનું છે અને બીજા બધા પ્રસંગ કરતાં પ્રભુની મેજ પાસે આપણને સાંભળવાની વિશેષ જરૂર છે. આ પ્રસંગે તેનેજ બોલવાનો હક છે, અને તે આપણને શું કહેવા માગે છે તે સાંભળવાની આપણી ફરજ છે. અત્યારે આ ભાંગેલી રોટલી તથા રેડાએલો દ્રાક્ષારસ હાથમાં લઈને યાદશક્તિદ્વારા, અનુભવદ્વારા, પ્રેરકબુદ્ધિદ્વારા અને પ્રીતિદ્વારા આપણે તેની કોમળ વાણીની અસર આપણા મન પર થવા દઈએ; કેમકે તે આપણને સાફ કહે છે કે જેની પાસેથી આ પ્યાલું જડ્યું તે મારો દાસ થશે; અને સાંભળવું તથા આધીન થવું તેજ દાસનું કામ છે.

હવે જે પ્રસંગની સાથે આ શબ્દો સંબંધ રાખે છે તે આપણે પહેલાં ધ્યાનમાં લઈએ. તે પુનર્મિલાપનો પ્રસંગ હતો. તે સમાધાનનો પ્રસંગ હતો, અને તેનું મનન કરવાથી સમાધાન કેવી રીતે થાય છે તે કદાપિ આપણે શીખી શકીશું; કેમકે આ વધસ્તંભ ઈશ્વરની સાથે આપણું સમાધાન કરાવે છે, તેમજ એકબીજાની સાથે પણ આપણું સમાધાન કરાવે છે. આ તો પ્રેમનું ભોજન છે, અને પ્રેમ વગર તેનો લાભ લઈ શકાતો નથી.

અહીં આગળ યાકૂબના પુત્રો હજી જાણતા નથી કે ફારૂનનો પ્રધાન અમારો ભાઈ છે. તેઓ પહેલી વાર મિસરમાં આવ્યા હતા ત્યારે તેણે સારી રીતે તેઓની સરભરા કરી હતી, પણ તેઓ ફરી ત્યાં આવે ત્યારે તેઓ બિન્યામીનને લેતા આવે એવી ફરજ તેણે તેમને પાડી હતી. યાકૂબ બિન્યામીનને જવા દેવા રાજી નહોતો અને મહામુશ્કેલીથી તેમ કરવા કબૂલ થયો. અત્યારે તેઓ પોતાના નાના ભાઈને સાથે લઈને આવ્યા છે; યુસફ તેમની સાથે ઉદારતાથી વર્ત્યો છે, અને તેઓ પાછા જવા નીકળ્યા છે. તેઓના મનમાં હવે કશી ચિંતા રહી નથી; બિન્યામીન સલામત છે અને તેને જોઈને તેમનો બાપ કેટલો બધો

આનંદ કરશે, અને મિસરમાં તેમના પર કેટલા બધા ઉપકારો થએલા છે તે ડોસાને કહેતાં તેમને પોતાને કેટલા બધો આનંદ થશે તે વિષેના વિચારો તેમનાં મનમાં ભરાએલા છે. ક્યારે ઘેર પહોંચીએ કે આ બધી આનંદની વાતો થાય એજ વિચાર કરતાં કરતાં તેઓ રસ્તામાં આગળ ચાલે છે, એટલામાં એક ઝપાટાથી તેમનો બધો જ આનંદ ધૂળભેગો કરી નાખવામાં આવે છે. પાછળથી તેઓ બૂમ સાંભળે છે અને યુસફનો કારભારી આવીને તેમની આગળ ઊભો રહે છે: "તમે ભલાને બદલે ભૂંડું કેમ વાળ્યું? આ તો તમે ભૂંડુ કર્યું છે." જે માણસ તેમની સાથે આટલી બધી ઉદારતાથી વર્ત્યો હતો તેને લૂંટવાનો આરોપ તેમના પર મૂકવામાં આવે એ તેમને અસહ્ય લાગ્યું: "તારા દાસોમાં જેની પાસેથી તે જડે તે માર્યો જાય ને અમે પણ અમારા ધણીના દાસ થઈએ," એટલે સુધી બોલવાની તેમને હિમ્મત હતી; કેમકે તેઓ બધા જ ખાતરીપૂર્વક માનતા હતા કે પ્રધાન સાહેબનું પ્યાલું અમારી પાસે છે જ નહિ. પછી મોટાથી તે નાના સુધી દરેકની ગૂણ ઉઘાડવામાં આવી અને બિન્યામીનની ગૂણમાંથી પ્યાલું જડ્યું.

હવે કોઈ કહેશે કે યુસફની આ યુક્તિ ગેરવાજબી હતી, પણ યુસફ બીજી કઈ રીતે જાણે કે આ માણસોનાં અંતઃકરણો બદલાયાં છે કે કેમ? યુસફનું પ્યાલું રસ્તાની સાથે ખખડયું અને અજાયબ થએલા ભાઈઓની નજર આગળ તડકામાં ચળકયું ત્યારે અજાણે દશનો ન્યાય કરવામાં આવ્યો. આ જે છોકરાનો જીવ દશના કરતાં પણ પોતાના બાપને વહાલો લાગતો હતો તેણે હવે આ શું કર્યું છે! એક પ્યાલાના લોભની ખાતર પોતાના આખા ઘરની બેઆબરૂ કરી નહિ તો બીજું શું કહેવાય? આ પ્રધાન સાહેબની મોટી મહેરબાનીનો કેવો ભૂંડો બદલો વાળ્યો કહેવાય! સાધારણ રીતે આ દશ જણના મનમાં આવા જ વિચાર હશે; કેમકે બિન્યામીન નિર્દોષ છે એમ ભાગ્યે જ કોઈને લાગ્યું હશે, અને દરેકને પોતાની નિર્દોષતાની પૂરી ખાતરી હતી. આ માણસોના સ્વભાવ પહેલાંના જેવા હોત તો તેઓ ત્યાં ને ત્યાં જ પોતાની નિર્દોષતા સાબિત કરવા માટે બિન્યામીનને કાપી નાખવા માગત, પરંતુ તેના બદલામાં તેઓએ પોતાનાં વસ્ત્રો ફાડ્યાં, તેમનાં ગધેડાં લાદ્યાં ને તેઓ નગરમાં પાછા આવ્યા.

આ માણસોમાં કેટલું બધું બદલાણ થયું હતું તે યુસફ થોડી જ વારમાં જોઈ શકયો. બધા ભાઈઓની વતી યહુદાહે બિન્યામીનના લાભમાં જે ભાષણ કર્યું તે દુનિયાઈ સાહિત્યમાંની વિશેષ અસરકારક વાતોમાંની એક વાત છે: "કૃપા કરીને આ છોકરાને બદલે તારા દાસને મારા ધણી પાસે દાસ થઈ રહેવા દે; અને છોકરાને તેના ભાઈઓની સાથે પાછો જવા દે; કેમકે જો તે છોકરો મારી સાથે ન હોય, તો હું મારા બાપની પાસે શી રીતે જાઉં?" આ શબ્દો સાંભળતાંની સાથે યુસફનું હૃદય વીંધાઈ ગયું. વળી જોકે શબ્દો યહુદાહના હતા, તોપણ

બીજાઓને પણ તેટલી જ લાગણી હતી. નાના ભાઈને જે કંઈ થાય તેમાં તેની સાથે રહીને ભાગીદાર થવું, એજ નિશ્ચય એકેએક ભાઈએ કરેલો હતો. હમણાં તો યુસફ સમજી જાય છે કે મારા બાપનું ઘર હવે પૂરી રીતે એકતાવાળું ઘર થઈ ગયું છે, કેમકે આ માણસો સારા દીકરાઓને તથા સારા ભાઈઓને ઘટે તેવી રીતે બોલે છે અને વર્તે છે.

હવે આટલો બધો ફેરફાર થવાનું કારણ શું ? જે માણસોએ કારણ વિના યુસફને વેચી દીધો હતો તેજ માણસો હમણાં જોકે બિન્યામીનને દોષિત માને છે, છતાં તેઓ તેની શિક્ષા પોતાને માથે લેવા માગે છે; આનું શું કારણ હશે? કારણ તો એ છે કે તેમનાં પોતાનાં જૂનાં પાપ તેમને હવે યાદ આવે છે અને તેમને નમ્ર કરે છે. પેલો રંગિત ઝભ્ભો જેમ યુસફ ભૂલી નથી ગયો તેમ તેઓ પણ ભૂલી નથી ગયા. યુસફ આગળ તેઓ પોતાનાં જ પાપ યાદ કરે છે અને કબૂલ કરે છે : "શું બોલીએ! અમે નિરપરાધી કેમ કરીને ઠરીએ? તારા દાસોનાં ભૂંડાં કામ ઈશ્વરે શોધી કાઢયાં છે." અત્યારે તો બિન્યામીનનો વાંક કોઈ કાઢતો નથી, પણ દરેક પોતપોતાનો વાંક કાઢે છે; ત્યારે તો વચલી આડી ભીંત ધડાકા સાથે જમીન ભેગી થઈ ગઈ. યુસફ પોતાની સાથે સર્વ ઊભા રહેનારાઓની આગળ દીબો સમાવી ન શકયો; અને તેણે મોટેથી કહ્યું, મારી આગળથી પ્રત્યેક માણસને બહાર કાઢો; અને યુસફે તેના ભાઈઓને પોતાને ઓળખાવ્યો, ત્યારે તેની પાસે કોઈ ન હતું; ગૂણમાંનું પ્યાલું તે સમાધાનનું પ્યાલું હતું.

યાકૂબના કુટુંબમાં જે વિપત્તિનો અનુભવ થયો હતો તેનું મૂળ કારણ જોકે પાપ હતું, તોપણ ઈશ્વર અદશ્ય રહીને ભૂંડાઈમાંથી ભલું ઉત્પન્ન કરતો હતો. યુસફે ઠીક ખુલાસો કર્યો, કે "તમે મને અહીં વેચી દીધો, એને લીધે તમે દિલગીર ન થાઓ, ને તમારા મનમાં બળાપો ન કરો; કેમકે જાન બચાવવાને ઈશ્વરે તમારી આગળ મને મોકલ્યો." જોકે ઘણી વાર સૌથી જુવાન ને સૌથી કોમળ માણસોની ગૂણમાં આપત્તિનું પ્યાલું જડે છે, તોપણ છેવટે માણસનો કોપ ઈશ્વરનું સ્તવન કરે છે, અને જે આપત્તિનું પ્યાલું હતું તે સમાધાનનું પ્યાલું થઈ શકે છે. યુસફની મરજી હોત તો દરેક માણસ ઊંચકી શકે તેટલું અનાજ ભરીને સ્વદેશ જઈ શકત, અને દરેક માણસનું નાણું તેની ગૂણના મોઢામાં હોય તોપણ એમાં શું થઈ ગયું? દાણા તો ખૂટવાના જ હતા અને ભૂખ્યા થઈને બધા જ પાછા આવવાના હતા. ગૂણ ભરપૂર હોય તોપણ આનંદ ભરપૂર ન હોય એ બનવા જોગ છે, અને આપણે પાછા ફરીએ અને પ્રભુનો આનંદ જાણી લઈએ તેટલા જ માટે ઈશ્વર ઘણી વાર આપણી ગૂણના મોઢામાં હરકતરૂપી પ્યાલું સંતાડી દે છે.

"જે પ્યાલું હું પીવાનો છું તે તમે પી શકો છો" એમ ઈસુએ પોતાના શિષ્યોને પૂછયું અને બધાએ સમજ્યા વગરનો જવાબ આપ્યો. "અમે પી શકીએ છીએ; તોપણ તેણે તરત એટલું જ કહ્યું કે તમે મારૂં પ્યાલું પીશો ખરા." આપણામાં સમજવાની શક્તિ કેટલી હશે એ જુદો સવાલ છે પણ ખ્રિસ્તનું પ્યાલું આપણા દરેકેદરેકને પીવાનું છે. શું આપણા વડા ભાઈએ આપણી ગૂણમાં જે પ્યાલું મૂકયું તે આપણે નહિ પીઈએ? પ્યાલાનો દિલાસો વધતું જ્ઞાન કરાવે છે; અત્યારે તો પ્યાલું તેનું છે; આપણી પહેલાં તેના જ પવિત્ર હોઠો તેને અડકયા છે એટલું જાણવું બસ છે.

જગતની પીવાની રીત જુદી અને આપણી પીવાની રીત જુદી. જગત કહે છે કે તમે પીઓ ને ભૂલી જાઓ; ખ્રિસ્ત કહે છે કે તમે પીઓ અને યાદ કરો. જગત પ્યાલામાં ગૂણને નાખવા માગે છે; ખ્રિસ્ત ગૂણમાં પ્યાલું રાખે છે અને તેનું પરિણામ ખરો આનંદ છે. જે જીવન પર પ્યાલાની સત્તા ચાલે છે તે જ ખરી રીતે સુખી જીવન છે, કેમકે તે જ જીવન ખ્રિસ્તને આધીન છે. જેની પાસેથી મારૂં પ્યાલું જડયું તે જ મારો દાસ થશે; તેણે જ મારી ઇચ્છાનો સ્વીકાર કર્યો છે; તે જ મને આધીન થએલો છે. વડીલો તમારા હાથમાં આ પ્યાલું મૂકે છે ત્યારે તેનો અર્થ એ જ છે કે તમે સદાને માટે ખ્રિસ્તના દાસ છો. બીજાના જીવ ભલે મિસરના અનાજ સાથે વળગેલા હોય પણ તમારૂં દ્રવ્ય તે તો આકાશમાં છે.

ઈશ્વર ચાહે તો બીજી ઘણી રીતે આપણને પોતાની પાસે પાછા બોલાવી શકે, પણ આજ રીત તેણે પસંદ કરી. તમારે લીધે પોતાના પુત્રને કચડવાની તેની મરજી હતી, કેમકે આજ રીતે તેનો હેતુ સફળ થવાનો હતો. જો આપણી ગૂણોમાં અનાજ સિવાય બીજું કશું ન હોય તો આપણે નાશ પામનાર પશુઓના જેવા થઈએ; આપણી છાતીમાં હૃદયો છે કે કેમ તે વિપત્તિ પ્રગટ કરે છે. આ પ્યાલાનું વિશેષ લક્ષણ એ છે કે તે હૃદયને જીતી લે છે. ભાંગેલી રોટલી અને રેડાએલો દ્રાક્ષારસ એ પ્રેમ કેટલી હદ સુધી જવા તૈયાર છે એ બતાવે છે. લિવિંગસ્ટનની છેલ્લી માંદગીમાં તેને લઈ જનારા મજૂરોને તે તેના ઝૂંપડામાં ઘૂંટણે પડેલો અને મરી ગએલો માલૂમ પડી આવ્યો, ત્યારે તેઓએ એવી સાક્ષી પૂરી કે પહેલે દિવસે તેની સ્થિતિ ખરાબ હતી; બીજે દિવસે તે વધારે ખરાબ હતી; અને ત્રીજે દિવસે તે "ભાંગેલો" હતો. તે ભાંગેલો હતો એ સાચી વાત; તે તેમને માટે ભાંગેલો હતો, અને તે તેઓ જાણતા હતા. તેમની ભાષા તે પવિત્ર સંસ્કારની પણ ભાષા હતી: "આ તેનું શરીર છે, જે તમારે માટે ભાંગવામાં આવ્યું છે." તેના નામને ધન્ય હોજો કે જ્યારે તે તેના ભાઈઓને પોતાને ઓળખાવે છે, ત્યારે તેની પાસે અન્ય કોઈ છે જ નહિ.

આ ભોજનના આશીર્વાદો પ્રાપ્ત કરતાં જે મોટામાં મોટો અટકાવ છે તે માફ નહિ કરનાર આત્મા છે. જો આપણે માણુસોની સાથે શાંતિમાં નથી રહેતાં તો ઇશ્વરની સાથે પણ આપણે શાંતિમાં રહેતાં નથી. બે સારા રાબ્બીઓ હતા : એકનું નામ નાથાન હતું અને તે યરૂશાલેમમાં રહેતો હતો, ત્યારે બીજાનું નામ બેન-ઈસ્હાક હતું અને તે દૂર એક-બાથનામાં રહેતો હતો. એક વખતે તેઓને તકરાર થઈ અને તેઓ રીસાઈને એકબીજાથી જુદા પડયા, ત્યાર પછી તેઓ પોતપોતાને ઘેર ગયા અને પોતાનો પવિત્ર અભ્યાસ ફરીથી કરવા લાગ્યા. પરંતુ એ અભ્યાસમાં તેમને જે આનંદ પહેલાં થતો હતો તે લોપ થઈ ગયો હતો. તેઓ શાસ્ત્ર ઉઘાડે ત્યારે પવિત્ર પૃષ્ઠ ઉપર પ્રકાશ પડે નહિ; તેઓ પ્રાર્થના કરે ત્યારે પણ તેમના શબ્દો હવામાં ઊડી જાય અને તેમના વિચારો નીચે ને નીચે રહે; તેમના માથા ઉપર "આકાશ પિત્તળના જેવું" લાગતું હતું. છેવટે આ સ્થિતિ નાથાનથી સહન થઈ ન શકી ત્યારે તે પોતાના ભાઈને શોધવાને માટે ને તેની સાથે સમાધાન કરવાને માટે નીકળ્યો. અરણ્ય ઓળંગવાની જરૂર પડી અને મુસાફરી કરતાં ઉજ્જડ મેદાનની વચમાં એક ફળદ્રુપ જગા આવી ત્યાં તે થોભ્યો. ત્યાં આગળ એક પવિત્ર પુરુષની કબર બાંધેલી હતી અને તેની પાસે એક માણુસ પોતાનો ઝભ્ભો માથે ઓઢીને પ્રાર્થના કરતો હતો. તેને સંબોધીને નાથાને કહ્યું, કે "હે પારકા ભાઈ, કૃપાનો પિતા તારી પ્રાર્થના સાંભળો." આ શબ્દો સાંભળીને નીચે નમેલા માણુસે મોં પરથી કપડું લઈ લઈને ઉપર જોયું તો જુઓ તે બેન–ઈસ્હાક હતો! તેઓ એકબીજાને ભેટયા અને ત્યાર પછી નાથાને પોતાની વાત રજુ કરી અને માફી માગી. જવાબમાં બેન-ઈસ્હાકે એમ કહ્યું કે "મારા ભાઈ, મારી પણ એજ સ્થિતિ હતી અને હું પણ તમારી સાથે સમાધાન કરવાને માટે યરૂશાલેમ આવતો હતો, એ માટે કે હું ફરીથી ઈશ્વરની શાંતિ જાણી શકું. ત્યારે બન્ને રાબ્બીઓએ સાથે પ્રાર્થના કરી અને તેઓ ન્યાયી ઠરીને પોતપોતાને ઘેર ગયા.

વહાલાઓ, તમારી ગૂણમાં સમાધાનીનું પ્યાલું છે કે નહિ? જેટલા આ મેજની પાસે આવે છે તે દરેકની પાસે આ પ્યાલું હોવું જોઈએ; કેમકે પ્રભુનો દ્રાક્ષારસ અન્ય કોઈ પ્યાલામાં સમાશે નહિ. આ દ્રાક્ષારસ તો ન્યાયીપણાનાં શાંતિદાયક ફળનો બને છે; માટે "લૂલા થએલા હાથોને તથા અશક્ત થએલા ઘૂંટણને" તમે ફરી સમા કરો; અને પોતાના પગોને સારૂ રસ્તા પાધરા કરો, જેથી જે લંગડું છે તે ઊતરી ન જાય, પણ ઊલટું તે સાજું થાય.

૫. ખ્રિસ્તીઓને ઈશ્વરી અભિનંદન

"યહોવાહથી તારણ પામેલી તારા જેવી પ્રજા કઈ છે!" (પુનર્નિયમ ૩૩; ૨૯)

ઈસ્રાએલ પ્રભુમાં આનંદ કરે માટે તેઓના આશીર્વાદો ગણી બતાવવાનો જૂના કરારના ઈશ્વરભક્તોનો રિવાજ હતો. એ પ્રમાણે "પુનર્નિયમ"ના પુસ્તકને અંતે ઈસ્રાએલી પ્રજા કેટલી બધી આશીર્વાદિત પ્રજા છે અને તેમને માટે ઈશ્વરે કેટલું કેટલું કર્યું છે, એ વાત પર ભાર મૂકવામાં આવે છે: "યહોવાહથી તારણ પામેલી તારા જેવી પ્રજા કઈ છે!"

હવે જો "પુનર્નિયમ"નો લેખક આ પ્રમાણે લખી શકે તો આપણે એજ પ્રમાણે વિશેષ ખાતરીથી કેમ ન કહીએ? અહીં આગળ જાણે કોઈ રણશિંગડું વગાડતું હોય એમ આપણને લાગે છે. લખેલું છે, કે "જો રણશિંગડું અનિશ્ચિત અવાજ કાઢે, તો યુદ્ધને માટે કોણ સજ્જ થાય?" પરંતુ આ રણશિંગડું જે અવાજ કાઢે છે તે કંઈ અનિશ્ચિત નથી. જૂના તેમજ નવા કરારના ભક્તો એક જ અવાજે બૂમ પાડે છે, કે ઈશ્વરને સારૂ જે જીવન ગાળવામાં આવે છે તેના જેવું બીજું જીવન નથી. વળી ઈસુ ખ્રિસ્તમાં જે જીવન ગાળવામાં આવે છે તે લઈ "નવા કરાર"ના લેખકો તેને આખી દુનિયાની આગળ ધરીને પૂછે છે, કે શું આના જેવું તેં કદી કયાંય જોયું? પવિત્ર શાસ્ત્ર દુનિયાને કહે છે, કે તારી પાસે ઉમદામાં ઉમદા જે કંઈ હોય તે કાઢી બતાવ, ખ્રિસ્તમય જીવનની સાથે તેનો મુકાબલો કર, અને તે મુકાબલામાં તે ઊભું રહી શકે છે કે કેમ તે પ્રામાણિકપણે કહેજે. ના રે ના! ખ્રિસ્ત જે જીવન આપે છે તેની સાથે અન્ય જીવન સરખાવવા જોગ નથી. "યહોવાહથી તારણ પામેલી તારા જેવી પ્રજા કઈ છે!"

આજ પ્રમાણે પવિત્ર શાસ્ત્રનું કહેવું છે. શું તમે એજ મતનાં છો? આમાં એક મોટો હકદાવો કરવામાં આવે છે એ વાત ખરી. આ દાવો કરવામાં ઈશ્વરના સંતો અસાધારણ હિમ્મત બતાવે છે એ પણ ખરૂં. તો આપણે આ જીવનની તપાસ કરીએ, અને તે કઈ કઈ બાબતોમાં બીજાં જીવનો કરતાં ચઢિયાતું છે તે નક્કી કરીએ; કેમકે આ મોટો સવાલ છે, અને તેના જવાબમાં આપણે શા માટે ખ્રિસ્તી ધર્મનો સ્વીકાર કરીએ છીએ તે બાબતનો ખુલાસો પણ સમાએલો છે. ખ્રિસ્તી ધર્મ બીજા તમામ ધર્મો કરતાં ચઢિયાતો છે, એના ઘણાં કારણો છે; પણ આજે આપણે માત્ર તેમાંનાં ચાર કારણો જોઈએ.

૧. પ્રથમ હું એવી દલીલ કરું છું કે બીજા કોઈ પણ જીવન કરતાં ખ્રિસ્તી જીવન આનંદી જીવન છે—જોકે ઘણાં ખ્રિસ્તીઓનાં મોં જોઈને કોઈને એમ લાગે નહિ! ઘણાં ખ્રિસ્તીઓ પોતાનાં કસાણાં મોંથી અન્યને ખ્રિસ્તના રાજ્યમા પ્રવેશ કરતાં અટકાવે એવાં છે. પીતર, યોહાન કે આંદ્રિયાને જે અનુભવ થયો હતો તે અનુભવ સંબંધી આ માણસો કંઈ જાણતાં નથી. "આવીને જુઓ," એમ તેઓ કોઈને કહી શકે એવી તેમની સ્થિતિ નથી; કેમકે તેઓએ પોતે કંઈ જોયું નથી. છતાં જેઓ ઊઠીને ખ્રિસ્તની પાછળ ચાલે છે તેઓને હજુ પણ માલૂમ પડે છે કે આખી દુનિયામાં ખ્રિસ્તી જીવન તે સૌથી આનંદમય જીવન છે.

માણસના સુખને વિશેષે કરીને ત્રણ બાબત બગાડે છે, એટલે ચિંતા, કાયરતા અને સ્વાર્થ. પુરાતન વખતમાં ડામોકલેસ નામના માણસ વિષે દંતકથા ચાલતી હતી. તેને પોતાના રાજાની ખુશામત કરવાની ટેવ હતી, અને રાજાનાં દ્રવ્ય, પરાક્રમ તથા સુખ વિષે તે હમેશાં ભાષણો કરતો હતો. આથી રાજાને કંટાળો આવ્યો, અને પોતાની ખરી સ્થિતિનું ભાન ડામોકલેસને કરાવવાનું તેને મન થયું. માટે તેણે મિજબાની કરીને ડામોકલેસને નોતર્યો. ત્યાં ડામોકલેસને ભવ્ય આસન પર બેસાડવામાં આવ્યો, અને આસનની ઉપર એક તરવારને ઘોડાના એક જ વાળથી લટકાવી રાખવામાં આવી હતી. તરવાર જોઈને ડામોકલેસને મિજબાનીનો સ્વાદ બિલકુલ લાગ્યો નહિ, ને રાજાની સ્થિતિ ખરેખર કેટલી બધી જોખમભરેલી છે એ વિષે તેને ભાન થયું.

હવે ઘણા માણસો આ સ્થિતિમાં પોતાના સર્વ દહાડા પૂરા કરે છે. ચિંતા તેઓને છોડતી નથી, અને તેઓના જીવનમાંથી સઘળો આનંદ ખૂંચવી લે છે. બીજાં માણસોને વળી કાયમ કાયરતાનો અનુભવ થાય છે. તેઓનાં મન ઉલ્લાસી હોતાં નથી, અને જીવનના માર્ગ પર તેઓ કંટાળીને ચાલ્યા કરે છે. કેટલાંક જન્મથી જ કાયર હોય છે, અને પહેલેથી જ નિરાશ બનીને જાણે પોતાના જીવનનો અંત કાલે આવવાનો હોય તો તે કરતાં આજે આવે તો ઠીક એવું મન રાખતાં માલૂમ પડે છે. યહોવાહની રાહ જોનારને માટે ગરુડની પેઠે પાંખો પ્રસારવાનું જે લખેલું છે એ તો જાણે તેમને માટે હોય નહિ! ત્યારે બીજાં કેટલાંએક પોતાની જ બાબતોમાં એટલાં બધાં લીન થએલાં માલૂમ પડે છે કે મિત્રતા જે જીવનનો શ્વાસોચ્છ્વાસ છે તે તેમના અનુભવમાં આવતી જ નથી. સ્વાર્થી માણસ તે સુખ કે શાંતિ વિષે કશું જાણી શકે નહિ.

પણ ચિંતાનો અંત ખ્રિસ્ત લાવે છે. તમે પિતાના હાથમાં છો અને પિતાના હાથમાંથી કશું તમને છીનવી લેનાર નથી, એમ તે કહે છે. ખ્રિસ્ત કાયરતાનો અંત લાવે છે. તેની સંગતમાં શિષ્યો કયા દિવસે કાયર થયા? તેઓને

વારંવાર પોતા વિષે શરમાવું પડયું, તેઓ વારંવાર મૂંઝાઈ ગયા, તેઓને કોઈવાર બીક પણ લાગી; પણ તેઓ કદી કાયર થયા એમ તમે ક્યાં આગળ વાંચ્યું? રસ્તામાં જેની સાથે ખ્રિસ્ત હોય તે કદી કાયરતાનો અનુભવ કરી શકે નહિ. વળી સ્વાર્થનો અંત પણ ખ્રિસ્ત લાવે છે. આપણી સાંકડી મર્યાદા તોડી નાખીને તે આપણને વિશાળ દર્શન કરાવે છે, અને આપણાં જીવનોને ભરોસાથી, વિશ્વાસથી, મિત્રતાથી તથા આનંદથી ભરપૂર કરે છે. આમ આપણા જીવનના જે ભયંકરમાં ભયંકર દુશ્મનો છે તેમને તે વારાફરતી મારી નાખે છે. "હે યહોવાહથી તારણ પામેલી, તારા જેવી પ્રજા કઈ છે?"

૨. ખ્રિસ્તી જીવન અન્ય કોઈ પણ જીવન કરતાં આનંદી જીવન છે એટલું જ નહિ, પણ તે અન્ય કોઈ પણ જીવન કરતાં મુશ્કેલ જીવન છે. અલબત, જે જીવન ઘણાં ખ્રિસ્તીઓ ગાજે છે તે સહેલું છે. પ્રભુની ભક્તિ કરવી તે એક વાત છે, અને તેની પાછળ ચાલવું તે બીજી વાત છે. પ્રભુના મદિરમાં "ઈસુના નામને સ્મરૂં છું" એમ બહુ આસ્થાથી માણસ ગાય, અને તરત ઘેર જઈને બધાંને ત્રાસ આપે એ બનવાજોગ છે. પણ ખરી રીતે ખ્રિસ્તની પાછળ ચાલવું તે બહુ મુશ્કેલ બાબત છે. ખ્રિસ્તના આવ્યા પહેલાં જગત કહેતું હતું, કે જ્યાં સુધી તું અક્ષરશ: દશ હુકમો પાળે ત્યાં સુધી ઠીક છે. ખ્રિસ્ત કહે છે, કે ના! એક પણ ક્રોધાયમાન વિચાર તારા મનમાં હોય તો તેં ખૂન કર્યું, એક પણ લોભી વિચાર હોય તો તેં ચોરી કરી, અને એક પણ અશુદ્ધ વિચાર હોય તો તેં વ્યભિચાર કર્યો એમ સમજવું. જગત કહેતું હતું કે આ જીવનમાં તને જેટલો પગાર મળે તેટલું જ કામ કરે તો ઠીક છે; ખ્રિસ્ત કહે છે, કે નહિ! કોઈ તમને એક ગાઉ લઈ જાય તો બે ગાઉ જવાને તમારે તૈયાર રહેવું. ધર્મ તે ફરજ કરતાં કંઈક અધિક છે; ફરજ પૂરી થાય છે, ત્યાંથી ધર્મ શરૂ થાય છે.

ત્યારે કોઈ કહેશે કે ખ્રિસ્તી ધર્મની ભલામણ કરવાનું આ તને ખરૂં કારણ મળ્યું! આ તો ખ્રિસ્તી ધર્મ ન સ્વીકારવાનું કારણ છે. લાટિન ભાષામાં "માણસ"ને માટે બે શબ્દ છે: પહેલો શબ્દ તે "હોમો" છે, અને પ્રાણીઓના વર્ગીકરણને અર્થે માણસને ઘોડા કે બળદથી જુદો કરવાને માટે તે વપરાએલો છે. બીજો શબ્દ તે "વીર" છે, અને તે "હોમો" કરતાં ઉમદા લક્ષણસૂચક છે. માણસ વીર હોય તો ખ્રિસ્તી જીવન બીજાં જીવનો કરતાં મુશ્કેલ છે એ સાંભળીને તરત તે પ્રતિ તે આકર્ષાશે. ખ્રિસ્તી જીવન તે બાયલાને માટે નથી. વળી ખ્રિસ્ત તે વીરોનો સરદાર છે. "હે મનુષ્યપુત્ર, તારા પગ પર ઊભો રહે," અને ખ્રિસ્ત તારી સાથે વાત કરશે! "હે યહોવાહથી તારણ પામેલી, તારા જેવી પ્રજા કઈ છે?"

૩. ખ્રિસ્તી જીવન બીજાં જીવનો કરતાં આનંદી છે, બીજાં જીવનો કરતાં મુશ્કેલ છે, તેમજ બીજાં જીવનો કરતાં તે પવિત્ર છે. હવે પવિત્ર શાસ્ત્રના

અર્થ પ્રમાણે "પવિત્ર" એટલે શું? તેનો મૂળ અર્થ તો 'દુરસ્ત' છે. દુરસ્ત ભાવનાઓ, દુરસ્ત લાગણીઓ, દુરસ્ત વિચારો, દુરસ્ત હેતુઓ તથા આદર્શો, એ બધું ખ્રિસ્તી જીવનમાં સમાએલું છે, વળી તેજ ખ્રિસ્ત આપે છે. આથી રૂડું શું હોય? આત્મિક રીતે ખ્રિસ્ત આપણને દુરસ્ત રાખે છે. એજ કારણથી તે આત્માનો મહાન વૈદ કહેવાય છે, અને આપણને બે દાન આપીને તે પોતાનો હેતુ પૂરો પાડે છે: (૧) તે આપણા જીવનને માટે નવો હેતુ પૂરો પાડે છે; અને (૨) તેને નવા પરાક્રમથી ભરપૂર કરે છે. પ્રથમ તે આપણને કહે છે, કે "તમે પહેલાં ઈશ્વરના રાજ્યને શોધો," અને એ હેતુ સ્વીકારીને આપણે તે પોતાના જીવનમાં ઉતારીએ છીએ ત્યારે આપણે જયવંત નીવડીએ છીએ, અને કહી શકીએ છીએ કે "ખ્રિસ્ત જે મને બળ આપે છે તેને આશરે હું બધું કરી શકું છું." આ નવા હેતુ તથા આ નવા પરાક્રમ વડે આપણે નવાં માણસો થઈ જઈએ છીએ. આખું મનુષ્યત્વ સાજું તથા દુરસ્ત થાય છે. એજ પવિત્રતા છે. એને લીધે, "હે યહોવાહથી તારણ પામેલી, તારા જેવી પ્રજા કઈ છે?"

૪. ખ્રિસ્તી જીવન બીજાં જીવનો કરતાં આનંદી છે, મુશ્કેલ છે, પવિત્ર છે, એટલું જ નહિ પણ તે બીજાં જીવનો કરતાં આશાવાન છે; કેમકે ખ્રિસ્તી તેજ ખરો આશાવાદી માણસ છે. રોમનો ઇતિહાસ વાંચીએ છીએ ત્યારે આ બાબત વિષે ઘણું શીખવાનું મળે છે. "પ્રકટીકરણ"નું પુસ્તક રચવામાં આવ્યું તે વખતે રોમન સત્તા સર્વત્ર સ્થાપિત થએલી હતી. આખી દુનિયાનું દ્રવ્ય મોટી નદીની માફક રોમમાં વહી આવતું હતું, અને આખી રોમન પ્રજા મોજ-શોખનાં સાધનો એકઠાં કરવામાં રોકાએલી હતી. સઘળાં માણસો દૈહિક આનંદની શોધ કરવામાં પોતાના દિવસો ગાળતાં હતાં, છતાં તે જમાનાના રોમન ઇતિહાસકર્તાઓ પોતાના સમયનું જે વર્ણન કરે છે તે વાંચીને આપણને તો ત્રાસ થાય છે. શું એ જમાનાના રોમનો સુખી હતા? ઇતિહાસકર્તાઓ જણાવે છે કે રોમનાં સૌથી કુળવાન કુટુંબોમાં આપઘાતના બનાવો લગભગ દરરોજ બનતા હતા. મોજશોખને વળગી રહેવાનું એજ ભયંકર પરિણામ આવતું હતું. હવે તેજ જમાનાનાં ખ્રિસ્તીઓની સ્થિતિ કેવી હતી? તેમનો બહિષ્કાર કરવામાં આવતો હતો, તેમને શોધી શોધીને કેદખાનાંમાં નાખવામાં આવતાં હતાં, રાની પશુઓને ઉશ્કેરીને જાહેર તમાશાને માટે તેમને ફાડી નંખાવવામાં આવતાં, જીવતાં ને જીવતાં બાળી દેવામાં આવતાં હતાં, અને વધસ્તંભે જડવામાં આવતાં હતાં! એ પરથી શું લાગે છે? તે જમાનાના રોમનો વધારે સુખી હતા, કે તે જમાનાના ખ્રિસ્તીઓ વધારે સુખી હતા? જૂનાં કબરસ્તાનોના લેખ આ સવાલનો જવાબ આપે છે:

એક રોમનની કબર ઉપર આ લેખ મળે છે: "જે દેવો મારો વાંક ન હોવા છતાં મારું હરણ કરીને મને અહીંથી લઈ ગયા, તેઓની સામે હું મારા

હાથ ઊંચા કરૂં છું." પાસે એક ખ્રિસ્તી કબર છે. ત્યાં પોતાની પત્નીની કબર પર એક ખ્રિસ્તી માણસે લખ્યું છે, કે "તેરેન્ટિઆના જીવે છે." એક રોમન પિતા પોતાના છોકરાની કબર ઉપર લખે છે, કે "અમારી બધી આશા અમારા છોકરા પર હતી; હવે તો બધું રાખ અને વિલાપ થઈ ગયું." ત્યારે એક ખ્રિસ્તી પિતા પોતાના છોકરાની કબર પર લખે છે, કે "હે માર્કસ, મારા નિર્દોષ છોકરા, તું હવે નિર્દોષો મધ્યે રહેવા ગયો છે.'' બીજી રોમન કબર પર આવો લેખ મળે છે: "જે અન્યાયી દેવોએ મારૂં જીવન ચોરી લીધું તેઓના માનાર્થે આ સ્તંભ ઊભો કરેલો છે," ત્યારે પાસેની એક ખ્રિસ્તી કબર ઉપર આપણે વાંચીએ છીએ કે "હે વહાલા, તું સદાસર્વકાળ જીવશે."

"હે યહોવાહથી તારણ પામેલી, તારા જેવી પ્રજા કઈ છે ?" ખ્રિસ્તી જીવન બીજાં બધાં જીવનો કરતાં આનંદી છે, મુશ્કેલ છે, પવિત્ર છે તેમજ આશાવાન પણ છે. તો પછી ઢીલ કરશો ? વળી આ જીવન તે ખ્રિસ્તનું પોતાનું જીવન છે. આ જીવન તમને આપવાને માટે ખ્રિસ્ત આ દુનિયામાં આવ્યો હતો. તે સારી રીતે જાણતો હતો કે જે મનુષ્યો ઈશ્વરની પ્રતિમા પ્રમાણે સૃજાએલાં છે તેમને બીજા કોઈ જીવનથી સંતોષ વળે નહિ. એક જુવાન નાસ્તિક હતો. નાસ્તિક હોવાનું તે પોતાનું એ કારણ રજુ કરતો હતો, કે સારાં ગણાતાં ઘણાં ખ્રિસ્તીઓનાં જીવન ઢોંગથી ભરેલાં છે, અને કેટલાંએકનાં જીવન વળી કેવળ નીચ માલૂમ પડે છે. એક પાળકે તેને પૂછયું, કે "ભાઈ, આ બધું ખરૂં ? પણ તારા જેવો કોઈ નાસ્તિક નીતિભ્રષ્ટ થયાને લીધે તેં કદી ઊહાપોહ થએલો સાંભળ્યો ?" જુવાને જવાબ આપ્યો કે "ના." ત્યારે પાળકે તેને કહ્યું, કે "ખ્રિસ્તી ધર્મ ધારણ કરનારાઓનાં જીવન પવિત્ર હોવાં જોઈએ એ તારી દલીલ છે, અને એ દલીલ કરતાં જોકે તું ખ્રિસ્તી ધર્મનું અપમાન કરવા માગે છે, છતાં ઊલટું તું તેને માન આપે છે અને તેની સત્યતા સાબિત કરે છે." તેઓનાં ફળથી તમે તેઓને ઓળખશો.

ખરી વાત છે કે ખ્રિસ્તનું જે જીવન છે, એજ ધોરણ પ્રમાણે ખ્રિસ્તી જીવનની તુલના કરવામાં આવે છે, અને એજ જીવન ખ્રિસ્ત આપણને આપવા માગે છે. આપણું નામ લઈને તે તે દરેકને આપવા માગે છે. હમણાં તે આપણા કાલાવાલા કરે છે: "ભાઈ, બેન, મારૂં જીવન, મારો આત્મા, મારો પ્રેમ, મારો આનંદ, મારી શાંતિ—એ બધું હું તને આપવા માગું છું." એનો સ્વીકાર કરશો તો તમારા જીવનમાં કેટલો બધો ફેરફાર થશે તેનો વિચાર કરશો. દિવસ થાય અને "અંધારૂં લોપ થાય" ત્યાં સુધી તમારૂં જીવન વધારે આનંદી, હિમ્મતવાન, પવિત્ર અને આશાવાન થયા વિના રહેશે નહિ: "હે યહોવાહથી તારણ પામેલી, તારા જેવી પ્રજા કઈ છે ?"

૬. તેનું નામ શું છે?

"અને મુસાએ દેવને કહ્યું, કે જો, હું ઈસ્રાએલપુત્રોની પાસે જઈને તેઓને કહું, કે તમારા પિતૃઓના દેવે મને તમારી પાસે મોકલ્યો છે, અને તેઓ મને પૂછે, કે તેનું નામ શું છે? તો તેઓને હું શું કહું?" (નિર્ગમન ૩; ૧૩).

વસ્તુઓનાં નામ પાડવાં એ તો જ્ઞાન પ્રાપ્ત કરવાનું પ્રથમ પગથીઉં છે. નામ વિના વર્ગીકરણ થઈ શકે નહિ, અને વર્ગીકરણ વિના જ્ઞાનની પ્રગતિ પણ થાય નહિ, બલકે નામ અપૂર્ણ હોય અથવા માત્ર કામચલાઉ હોય, પરંતુ તે વિના માણસની બુદ્ધિ પોતાનું કાર્ય કરી શકતી નથી. આ પ્રમાણે સૃષ્ટિનાં મૂળતત્ત્વો, એટલે કે હવા, અગ્નિ, પાણી, વગેરે જુદાં પાડવામાં આવ્યાં છે. અને આવું વર્ગીકરણ કરવાથી વિચાર કરતાં સુગમ પડે છે. પ્રાચીન દુનિયામાં નામ વડે અમુક વિશેષ લક્ષણ દેખાડવામાં આવતું હતું, અને પોતપોતાના દેવદેવીઓને નામ આપીને તેમના સ્વભાવમાં જે લક્ષણ પ્રાધાન્ય ભોગવતું હોય તે પર મનુષ્યો એક બીજાનું ધ્યાન ખેંચતાં હતાં.

હવે જ્યારે ઇસ્રાએલનો નેતા થવા માટે મુસાને મોકલવામાં આવ્યો, ત્યારે તેને એક મુશ્કેલી માલૂમ પડી. આ મુશ્કેલી તેના અખતિયારનામા સંબંધી હતી. ઈસ્રાએલપુત્રો તેની પાછળ ચાલે ત્યાર પહેલાં તે તેમને કોના અધિકારથી બોલાવે છે એ તેઓ સ્વાભાવિક રીતે જાણવા માગે; આંધળા થઈને તેઓ તેની પાછળ ના જ ચાલે : "અને મુસાએ દેવને કહ્યું, કે જો હું ઈસ્રાએલપુત્રોની પાસે જઈને તેઓને કહું, કે તમારા પિતૃઓના દેવે મને તમારી પાસે મોકલ્યો છે, અને તેઓ મને પૂછે, કે તેનું નામ શું છે તો તેઓને હું શું કહું?" કેમકે આ લોકો તો પોતાના પિતૃઓના દેવ વિષે ભુલી ગયા હતા. ખરેખર, આ સાદી વાર્તાદ્વારા દુનિયામાં એકેશ્વરવાદનો ઉદ્‌ભવ કેવી રીતે થયો હતો તેનું કરેલું વર્ણન આપણા વાંચવામાં આવે છે. મુસાના જમાનામાં તો દેવો ઘણા હતા, અને પ્રભુ પણ ઘણા હતા; પરંતુ જો તેઓમાંનો એક સર્વોપરિપણાનું સ્થાન લેવા માગે, અથવા તેને માટે આવો હકદાવો કરવામાં આવે, તો તેને નામની જરૂર હતી. વળી તે લાયક નામ હોવું જોઈએ, અને તે દ્વારા આવો દાવો કયા આધારે કરવામાં આવે છે તે પણ પ્રદર્શિત થવું જોઈએ. સર્વોપરિ સત્તા ધરાવનાર કોઈ ઈશ્વર હોય તો તે કાળ તથા સ્થળની મર્યાદાથી સ્વતંત્ર હોવો જોઈએ; યુવાવસ્થા કે વૃદ્ધાવસ્થાનો, વૃદ્ધિ કે ક્ષયનો, ભૂતકાળ કે ભવિષ્યકાળનો તેને અનુભવ થવો જોઈએ નહિ. જો આકાશ તથા આકાશોના આકાશમાં તેનો સમાવેશ ના થઈ શકે તો નામ આપીને તેનું નિરૂપણ કેમ કરીને થાય? આ જ મુશ્કેલી મુસાને લાગતી હતી. પરંતુ ઈશ્વરી પ્રેરણા વડે આ મુશ્કેલી દૂર કરવામાં આવી.

"અને દેવે મુસાને કહ્યું: હું જે છું તે છું; તું ઈસ્રાએલપુત્રોને કહેજે કે હું છુંએ મને તમારી પાસે મોકલ્યો છે." ઈશ્વર તે મોટો "હું છું" છે, એટલે તે સ્વયંભૂ તથા અવિકારી છે; તેની આગળ સઘળા કાળ વર્તમાન છે: "તે ગઈ કાલે, આજે તથા સદાકાળ તેવો ને તેવો જ છે."

પવિત્ર શાસ્ત્ર તે અમુક પસંદ કરાએલી પ્રજાને એકેશ્વરવાદ રફ્તે રફ્તે પ્રગટ થયાનો હેવાલ છે. અહીં આગળ ઈસ્રાએલી ઇતિહાસનું નવું પ્રકરણ શરૂ થવાનું હતું. અમારૂં ભાવિ ઈશ્વરના હાથમાં છે, એવો અનુભવ આ લોકો પ્રાપ્ત કરી રહ્યા હતા. મિસરમાંનાં તેમનાં ગુલામગીરીનાં ઝૂપડાંમાં પણ તેમના ઘરડાઓ તેમના પૂર્વજોનો ઇતિહાસ કહેતાં થાકતા નહિ. "ઈબ્રાહીમ, ઈસ્હાક તથા યાકૂબનો દેવ" એટલા જ શબ્દોમાં કેટલો બધો મહિમાવંત ઇતિહાસ સમાએલો હતો! પરંતુ આ પેઢીના માણસોને તો ઈંટવાડાની મજૂરીનો અનુભવ થતો હતો, અને તેમની પીઠ પર કોરડાના સોળ રોજ પડતા હતા. આ સ્થિતિમાં તેમને નીભાવવાને માટે ગતકાળની યાદગીરી પૂરતી નજ હોય. વહેલોમોડો આ સવાલ ઉપસ્થિત થવાનો હતો, કે અમારા હાલના સંજોગોને પહોંચી વળવા માટે ઈશ્વરની શક્તિ પૂરતી છે કે કેમ? મુસા તેઓને કહે છે, કે હા. મુસા પછીના બધા જ પ્રબોધકો પણ એમજ કહેતા હતા. ઘણાં સેકાં સુધીનો આ લોકોનો ઇતિહાસ આપણી પાસે છે. તેઓની પરિસ્થિતિમાં ઘણા ફેરફારો થઈ ગએલા આપણા જોવામાં આવે છે. તોપણ દરેક પરિસ્થતિમાં ઈશ્વરના પ્રબોધકો તેમને એકનોએક જ સંદેશો આપે છે કે હાલમાં તમે જે સ્થિતિમાં મુકાયા છો તે સ્થિતિને પહોંચી વળવા માટે ઈશ્વર બધી રીતે શક્તિમાન છે.

હવે આપણા જમાનાનો એક શાણો યહુદી શિક્ષક કહે છે, કે "આપણે પોતાનાં હૃદયોથી નહિ પણ પોતાના પિતાઓનાં હૃદયથી ઈશ્વર પર પ્રેમ કરીએ છીએ;" વળી મારા ધારવા પ્રમાણે આમાં સત્ય છે. ગતકાળમાં ઈશ્વરે જે કર્યું તે વિષે બોલતાં કે સાંભળતાં આપણે થાકતાં નથી, પણ હાલમાં મારે માટે ઈશ્વર કાંઈ કરે છે તેનો અનુભવ આપણામાંના કેટલાને થયો હશે? આપણામાંના કેટલા ખાતરીથી માને છે કે હાલમાં મને જે મુશ્કેલીઓ નડે છે, તેમાં ઈશ્વર મને ખરી રીતે મદદ કરી શકે છે? પિતૃઓનો વિશ્વાસ આપણા કશા કામમાં આવે એમ નથી. આપણે નિયમિત રીતે જાહેર ભજનસેવામાં ભાગ લઈએ છીએ, પણ આપણા દરરોજના જીવન સાથે આ ભજનસેવાનો સંબંધ કેટલો? આપણી ભજનસેવાઓ ઘણી રીતે નિષ્ફળ જાય છે, અને નિષ્ફળ જવાનું મુખ્ય કારણ એ છે, કે ઈશ્વર તથા તેના આશીર્વાદોને હાલના આપણા જીવનની સાથે તથા આપણા ચાલુ અનુભવની સાથે જોડી દેવા માટે વિશ્વાસ ખૂટે છે. ઈશ્વર કહે છે, કે હું બધી રીતે તમને મદદ કરવા માગું છું, પણ આપણે તેનું માનતા નથી. છતાં કેવળ ભૂતકાળ વિષે નહિ તેમજ કેવળ ભવિષ્યકાળ વિષે પણ

નહિ, પરંતુ આજ વતમાનકાળ સંબંધી કહેલું છે, કે "જે વાનાં દેવે પોતા પર પ્રેમ કરનારાંઓને સારૂ સિદ્ધ કર્યાં છે તે આંખે જોયાં નથી, અને કાને સાંભળ્યાં નથી, તેમજ માણસના મનમાં પેઠાં પણ નથી." વહાલાંઓ, આપણે ઈશ્વરનું વચન માનવા ક્યારે તૈયાર થઈશું?

હવે ઈશ્વર સંબંધી જે વાત અમુક વખતે ખરી હોય તે બધા જ વખતમાં ખરી હોવી જોઈએ. "હું અવિકારી છું," એમ કહેતાં માલાખી ઈશ્વરને વર્ણવે છે. આપણે પોતાના મિત્રોમાં એજ ગુણ જોવા માગીએ છીએ. આજે આપણા લાભમાં બોલે અને કાલે આપણી વિરૂદ્ધમાં જાય એવો કોઈ હોય તો આપણો તે મિત્ર છે એમ માની શકીએ નહિ. આપણને વિશ્વાસુ રહે એવા મિત્રોને આપણે શોધીએ છીએ. જ્યારે આપણને લાગે છે કે કોઈ માણસ આપણા પ્રત્યે સારૂં વલણ રાખે છે, અને તે વળી કાયમ રાખે છે, ત્યારે આપણને એમ લાગે છે કે એક સાચો મિત્ર મળ્યો છે. આપણે નાનાં હતાં ત્યારે શીખતાં હતાં કે "સત્ત્વ, જ્ઞાન, પરાક્રમ, પવિત્રતા, ન્યાય, શુભતા, સત્યતા, અવિકારી, એવો જે આત્મા છે તે ઈશ્વર છે." પરંતુ શું તે હમેશાં આવો હોય છે? પવિત્ર શાસ્ત્ર કહે છે, કે હા. દુનિયા બદલાઈ જાય છે, તેમાંનું બધું જ બદલાય છે, પણ બદલાતો નથી એવો એક છે:

"ચારેગમ સૌમાં વિકાર થાય છે;
હે પ્રભુ, નિર્વિકાર, મુજ સાથે રહે."

એક પછી એક મોટાં રાજ્યો ઊભાં થયાં છે, અને તેઓ જાણે હમેશને માટે રહેવાનાં હોય એમ ઘણા વખત સુધી લાગતું હતું. પણ આશ્શૂર, બાબેલોન, રોમ, આદિ રાજ્યો ક્યાં છે? વળી કુદરત પણ બદલાયા કરે છે. આજે સમુદ્રો દેખાય છે ત્યાં પહેલાં કોરી જમીન હતી, અને જ્યાં કોરી જમીન દેખાય છે, ત્યાં પહેલાં સમુદ્રો હતા; એટલું જ નહિ પણ માણસનું શરીર દર સાત વર્ષે પોતાનાં સઘળાં તત્ત્વો બદલે છે, એમ આપણને કહેવામાં આવે છે. આ સર્વ બદલાણની સામે પવિત્ર શાસ્ત્રમાં આપણને એક અવિકારી ઈશ્વર પર વિશ્વાસ રાખવાનું આમંત્રણ આપવામાં આવે છે. પવિત્ર શાસ્ત્ર કહે છે, કે "દરેક ઉત્તમ દાન તથા દરેક સંપૂર્ણ દાન ઉપરથી હોય છે, અને પ્રકાશોનો પિતા જેનામાં વિકાર થતો નથી તેમજ જેનામાં ફરવાથી પડતો પડછાયો પણ નથી તેની પાસેથી ઊતરે છે."

હવે સૃષ્ટિમાં બદલાણ હોવા છતાં તેમાં અચળપણું પણ જોવામાં આવે છે. આજ પવિત્ર પુસ્તકની શરૂઆતમાં આપણને જણાવવામાં આવે છે કે "પૃથ્વી રહેશે ત્યાં લગી વાવણી તથા કાપણી, ટાઢ તથા ગરમી, ઉનાળો તથા શિયાળો, ને દહાડો તથા રાત થયા વગર રહેશે નહિ." આ ગતિઓ અત્યાર સુધી

બંધ થઈ નથી, અને તે પરથી એક અવિકારી ઈશ્વરને દેખાડવામાં આવે છે. પરંતુ પોતાની દુનિયામાં જે થાય છે તે સર્વથી ઈશ્વર તટસ્થ અથવા તે વિષે બેપરવા રહે છે એમ આપણે સમજવું નહિ.

ગ્રીક લોકોનાં દેવદેવીઓ ઓલિમ્પસ નામના પર્વત પર વાસો કરે છે એવું તેઓનું માનવું હતું. તેઓ વળી માણુસોનાં કામકાજ તથા અનુભવથી તટસ્થ રહે છે, એમ એ લોકો માનતા હતા. પરંતુ આ દેવદેવીઓ વિષે જે લખવામાં આવ્યું છે, તે વાંચવાથી માલૂમ પડે છે કે જેવા દુર્ગુણો માણુસોમાં હોય છે તેવાજ દુર્ગુણો તેઓમાં પણ હતા. જગતનાં દેવદેવીઓ જો કોઈ બાબતમાં અવિકારી હોય તો તે બાબત આટલી જ છે કે તેઓ માણુસોનાં દુ:ખો તથા આપત્તિ સંબંધી તદ્દન બેપરવા રહે છે. પરંતુ જે ઈશ્વરની આપણે પ્રાર્થના કરીએ છીએ તેને આવાં દેવદેવીઓની સાથે સરખાવવાથી આસમાન-જમીનનો તફાવત જોવામાં આવે છે; કેમકે પવિત્ર શાસ્ત્રમાં ઈશ્વરને આપણા પિતા તરીકે ઓળખાવવામાં આવે છે. હવે પિતા તો બેપરવા રહી શકે જ નહિ; પોતાનાં છોકરાંનું કલ્યાણ સાધવામાં નિત્ય મચ્યા રહેવું એજ પિતાનું મુખ્ય લક્ષણ છે, અને ઈશ્વરનું અવિકારીપણું એજ બાબતમાં સમાએલું છે કે તે નિત્ય આપણું કલ્યાણ શોધ્યા કરે છે

હવે અહીં આગળ વ્યાકરણુની એક બાબત પર હું તમારૂં ધ્યાન ખેંચવા માગું છું. જ્ઞાનીઓ આપણુને જણાવે છે કે અહીં આગળ ઈશ્વરના નામનો તરજુમો "હું છું" એમ નહિ પણ "હું થવાનો છું" એ પ્રમાણે થવો જોઈએ. આ પ્રમાણે "હું જે છું તે છું" એ શબ્દોને બદલે "હું જે થવાનો તે થવાનો છું" એવા શબ્દો વાંચવા જોઈએ. વળી સમયની સંપૂર્ણતા આવી ત્યારે આપણુ માણુસજાત તથા આપણા તારણુને સારૂ ઈશ્વર શું થયો તે સુવાર્તામાં જણાવેલું છે. **તે સદેહ થયો.** જીવનના સઘળા બદલાતા અનુભવો દ્વારા પિતાની ઇચ્છા પ્રદર્શિત કરવામાં આવે છે, અને ઈસુ ખ્રિસ્ત દ્વારા તે સંપૂર્ણ રીતે પ્રદર્શિત કરવામાં આવી હતી: "તે તેના ગૌરવનું તેજ તથા તેના સત્ત્વની આબેહૂબ પ્રતિમા હતો." વળી પોતાના અસ્તિત્વની સાથે ખ્રિસ્તનું સઘળું વર્તન અનુરૂપ હતું એમ તેના શત્રુઓને પણ કબૂલ કરવું પડયું હતું. "તમારામાંનો કોણુ મારા પર પાપ સાબિત કરે છે," એમ તેણે પૂછયું ત્યારે તેઓ નિરુત્તર રહ્યા. "જે કામો તેને ગમે છે તે હું નિત્ય કરૂં છું," એમ તેણે કહ્યું હતું ત્યારે ઈનકાર કરનાર કોઈ મળ્યું નહિ. વળી ઈસુ ખ્રિસ્તની બધી વર્તણૂંક એક સરખી છે એમ આપણે માની શકીએ છીએ. માણુસો સાથેના પોતાના વર્તનમાં ઈશ્વરની કરુણાવૃત્તિઓ નિત્ય સળગેલી રહે છે. ખ્રિસ્તનો લોહીલોહાણુ વધસ્તંભ તથા તેની ખાલી પડેલી કબર એ તો સદાકાળને માટે ઈશ્વરના અવિકારીપણુાના બ્યાનારૂપ છે.

રોમન કૅથોલીક લોકોમાં વધસ્તંભ પર જડાએલા ખ્રિસ્તની આકૃતિ પોતાની પાસે રાખવાનો રિવાજ છે. તે કોઈવાર ઘરમાં ભીંત પર ટાંગવામાં આવે છે, ને કોઈવાર ગળે સાંકળથી લટકાવવામાં આવે છે. આ આકૃતિના જે સૌથી જૂના નમૂના હયાત છે તે પાંચમા સૈકામાંથી મળી આવે છે, અને તે પરથી એક જાણવા જેવી વાત મળી આવે છે. હાલમાં જે આકૃતિઓ જોવામાં આવે છે તે મૂએલા ખ્રિસ્તને દેખાડે છે, ત્યારે પાંચમા સૈકાની આકૃતિઓ ખ્રિસ્તને જીવતો ને જીવતો દેખાડે છે. તેમાં પ્રભુની આંખો ઉઘાડી દેખાય છે, અને દુ:ખસહનની એક પણ નિશાની જોવામાં આવતી નથી. જૂની આકૃતિઓ ખ્રિસ્તને વધસ્તંભ પર હોવા છતાં જીવતો ને જયવંત દેખાડતી હતી.

એક અંગ્રેજી તથા એક ચીનના માણસ વચ્ચેની વાતચીત વિષે વાંચવામાં આવે છે. ચીનો માણસ કહે છે કે માણસોએ હમેશાં ફતેહને માન આપવું જોઈએ. તમારા જેવા હોશિયાર યુરોપીઅનો શા માટે ઈસુ ખ્રિસ્તની ભક્તિ કરે છે, તે હું સમજી શકતો નથી. એ માણસનું જીવન જ નિષ્ફળ ગયું હતું અને અંતે તેને વધસ્તંભે જડવામાં આવ્યો હતો. આવું મરણ ભારે કષ્ટથી ભરેલું છે, એટલું જ નહિ પણ તે શરમભરેલું છે. આવા માણસના તમે પોતાને અનુયાયીઓ કહેવડાવો છો એ મને અજાયબ જેવું લાગે છે. અંગ્રેજ માણસે જવાબ આપ્યો કે સાહેબજી, તમે શાને નિષ્ફળતા કહો છો તે હું સમજતો નથી. લગભગ બે હજાર વરસો સુધી સારામાં સારા અને ઉમદામાં ઉમદા માણસોના જીવન પર કોઈના શબ્દો અથવા જીવનની અસર થાય તો તેને હું નિષ્ફળતા કહી શકતો નથી.

વહાલાંઓ, આપણા તારણનો સરદાર સદાકાળ જીવતો છે, તેથી હવે એક ક્ષેત્રમાં નહિ પણ દરેક ક્ષેત્રમાં તેમજ એક સૈકામાં નહિ પણ દરેક સૈકામાં જે નાશકારક તત્ત્વો માણસના આત્માને પાપ, સ્વાર્થ, અજ્ઞાન અને નિરાશાના બંધનમાં રાખવાની કોશિશ કરે છે, તેઓની સામે તે થાય છે. ઉડાઉ દીકરાના દૃષ્ટાંતમાં પિતા બદલાયો નહિ, પણ દીકરો બદલાયો. પિતાના ઘર ભણી આપણે પ્રથમ પગલું ભરીએ છીએ, અને પિતાના મોં પર પહેલી જ ચિંતાતુર નજર કરીએ છીએ, ત્યારથી જ આપણને આ નામથી તેને સંબોધવાનો હક પ્રાપ્ત થાય છે. એક નૌકાધિપતિ પોતાના નાના દીકરાને સફરમાં લઈ ગયો. ભારે તોફાન શરૂ થયું. વહાણ ડૂબી જવાના જોખમમાં આવ્યું. કોઈએ છોકરાને પૂછ્યું, કે શું તને બીક નથી લાગતી? ત્યારે આચકો ખાધા વગર છોકરાએ જવાબ આપ્યો, કે ના! શું કરવા? સુકાન મારા પિતાના હાથમાં છે. તેનું નામ શું છે, એ વાત ગોશેન દેશમાં લાંબા વખત સુધી ચર્ચવામાં આવી હતી; પણ ખ્રિસ્તના નામને ધન્ય હોજો કે આપણે હવે તેમ પૂછવાની જરૂર નથી. હવે તો તે આપણે જાણીએ છીએ.

૭. ગુફામાંના રાજાઓ

"અને યહોશુઆએ કહ્યું, ગુફાના મોં પર મોટા પથ્થરો ગબડાવી નાખો, ને તેઓની ચોકી કરવા એની આગળ માણસોને બેસાડો; પણ તમે થોભશો મા" (યહોશુઆ ૧૦; ૧૮).

પુરાતન ગ્રીસમાં આતલાન્ટા નામની એક રાજકુમારિકા રહેતી હતી. તેના વિષે એક જાણવા જેવી દંતકથા ઊતરી આવી છે. તે બહુ સુંદર હતી અને જેટલા રાજકુમાર તેને ઓળખતા હતા તે બધા જ તેને પરણવા આતુર હતા. આ બાઈ અખાડાની રમતોમાં અતિશય રસ લેતી હતી અને તેમાં પોતે પ્રવીણ હતી. વિશેષે કરીને દોડવામાં કોઈ પણ જુવાન તેની બરોબરી કરી શકતો નહોતો. વળી તેણે નિશ્ચય કર્યો કે જે જુવાન મારા કરતાં વધારે ઝડપથી દોડી શકે તેને જ હું પરણીશ. ચારે તરફથી તેની સાથે દોડવાની હરિફાઈમાં ઊતરવાને માટે જુવાનો આવતા, પણ જેટલા આવે તે બધા જ હારી જતા હતા. એક દિવસે હિપોમેનેસ નામનો રાજકુમાર આવ્યો; તેણે પણ માગણી કરી કે આતલાન્ટા મારી સાથે દોડવાની હરિફાઈ કરે, અને હું જીતું તો મારી સાથે પરણે. તેઓ દોડવા નીકળ્યાં અને દોડતાં દોડતાં આતલાન્ટા આગળ નીકળી. આ જોઈને હિપોમેનેસે એક યુક્તિ વાપરી. પોતાના ખીસામાંથી એક સોનાનું ઍપલ (સફરજન) લઈને તેણે રસ્તામાં આતલાન્ટાની આગળ તે નાખ્યું. આતલાન્ટાએ જોયું અને અજાયબ થઈને તે લઈ લેવાનું મન થયું એટલે તે દોડતાં થોભી, એટલામાં હિપોમેનેસ આગળ વધ્યો. ફરીથી આતલાન્ટા આગળ નીકળી અને ફરીથી તેણે એમ કર્યું. વળી ત્રીજી વાર મર્યાદાનો થાંભલો નજદીક આવ્યો અને આતલાન્ટા ધીમે ધીમે આગળ વધતી હતી ત્યારે હિપોમેનેસે ત્રીજું એપલ નાખ્યું, અને આતલાન્ટા તે લેવા થોભતી હતી ત્યારે તે આગળ ધસી પડયો અને તેણે શરતમાં જય મેળવ્યો. આ પ્રમાણે હિપોમેનેસે આતલાન્ટાને જીતી લીધી અને એજ પ્રમાણે શેતાન આપણને પણ જીતી લે છે.

અહીં આગળ યહોશુઆ દક્ષિણ પાલેસ્ટાઈનને કબજે કરવાના કામમાં રોકાએલો માલૂમ પડે છે. ગિબઓનના રહેવાસીઓએ યહોશુઆને છેતરીને તેની સાથે કોલકરાર કર્યો હતો અને ગિબઓન તે તો પાટનગર જેવું નગર હતું. આ જોઈને પાંચ રાજા ભેગા થયા અને ગિબઓન પર ચઢાઈ કરવાને માટે તેઓએ સંપ કર્યો. શું સમજીને એમ કર્યું હશે એ જણાતું નથી. તેઓએ એમ માન્યું હશે કે આ લોકોએ યહોશુઆને છેતરીને તેની સાથે કોલકરાર કર્યો છે, માટે યહોશુઆ તેઓની મદદમાં નહિ આવે; અથવા આ લોકો યહોશુઆને

તાએ થયા છે માટે નબળા છે એમ માન્યું હશે. પરંતુ યહોશુઆએ ગિલગાલથી આખી રાત કૂચ કરીને તેઓ પર ઓચિંતો હલ્લો કર્યો અને તેઓનો મોટો સંહાર કર્યો. યહોશુઆએ ભલે ભૂલથાપ ખાધી, પણ તે વચન પાળનાર માણસ હતો. પાંચ રાજાનું લશ્કર વેરાઈ ગયું અને યહોશુઆને એવી ખબર આપવામાં આવી કે પાંચ રાજાઓ માકેદાહની ગુફામાં સંતાએલા છે, ત્યારે યહોશુઆ આ વચન બોલ્યો: "ગુફાના મોં પર મોટા પથ્થરો ગબડાવી નાખો, ને તેઓની ચોકી કરવા તેની આગળ માણસોને બેસાડો; પણ તમે થોભશો મા." આ પ્રસંગે યહોશુઆ થોભ્યો હોત તો તે ભૂલ તેને ઘણાં વરસો સુધી નડત.

પરંતુ આ બધું યહોશુઆ સારીપેઠે સમજતો હતો. પાંચે તો રાજાઓ હતા, પણ હતા પાંચ જ માણસ. તે જમાનામાં રાજાઓની કાંઈ અછત નહોતી; પાંચ ગાદી ખાલી પડે તો રાત પહેલાં પૂરી દેવાય તેમ હતું. પણ પાંચ સૈન્યો હતાં તેનું શું? રાજાનું બળ તે તેના સૈન્યમાં રહેલું છે, માટે યહોશુઆ પોતાના સૈન્યને હુકમ ફરમાવે છે, કે "તમે થોભશો મા, તમારા શત્રુઓની પાછળ પડીને તેઓમાંના સૌથી પાછળનાઓને મારો; તેઓનાં નગરોમાં તેઓને પેસવા દેશો મા; કેમકે તમારા દેવ યહોવાહે તેઓને તમારા હાથમાં સોંપ્યા છે."

હવે લડાઈનું મૂળ કારણ આ પાંચ રાજાઓ હતા એ ખરી વાત અને તેઓ શિક્ષાને લાયક હતા એ વાત પણ ખરી. આટલા વહેલા તેઓ હાથ આવશે એવી આશા યહોશુઆને સ્વપ્નમાં પણ નહિ હોય. પરંતુ યહોશુઆ જાણતો હતો કે હું અત્યારે તેમનો ન્યાય કરવાને માટે સભા બોલાવીશ તો વખતનો દુરુપયોગ થશે. આ પાંચ રાજાઓનાં સૈન્યો વિલંબનો લાભ લઈને બચી જશે, અને પોતાનાં મજબૂત નગરોમાં પેસીને સામું વધારે જોર કરશે. પાંચ રાજાઓ હાથ આવ્યા એ સાચી વાત પણ હજુ જીત ક્યાં મળી? માટે બીલકુલ આચકો ખાધા વિના યહોશુઆએ પોતાના સરદારોને કહ્યું, કે "ગુફાના મોં પર મોટા પથ્થરો ગબડાવી નાખો, ને તેઓની ચોકી કરવા એની આગળ માણસોને બેસાડો; પણ તમે થોભશો મા."

પાંચ રાજાઓને આ લડાઈ કરવાની બીલકુલ જરૂર નહોતી. તેઓએ ઉતાવળ કરી અને તેના પરિણામથી બચવાને માટે તેઓએ જે ગુફાનો આશરો શોધ્યો તેજ તેમની કબર બની. વળી ઈશ્વર ઘણી વાર ગુનેગારને એટલી જ શિક્ષા કરવામાં સંતોષ માને છે. કોઈ વાર માણસ ભૂંડું કામ કરે છે ત્યારે ઈશ્વર માત્ર ગુફાના મોં આગળ મોટા પથ્થરો ગબડાવી મૂકે છે અને તે માણસને ત્યાર પછી તેનાં પાપ અને તેના પરિણામની જ સંગત રહે છે. યહુદા લખે છે, કે "જે દૂતોએ પોતાની પદવી જાળવી રાખી નહિ, પણ પોતાનું સ્થાન છોડી દીધું

તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી તેણે અંધકારમાંના સનાતન બંધનમાં રાખ્યા છે." આ તો ભયંકર વિચાર છે પણ તેમાં વિશ્વાસુ ખ્રિસ્તી યોદ્ધાને માટે દિલાસો સમાએલો છે. ભૂંડાઓને જીવતા કેમ રહેવા દેવામાં આવે છે તે વિષેના વિચારમાં પ્રભુના સંતો પહેલેથી જ મૂંઝાયા છે, પણ ઈશ્વર કહે છે, કે "હું મારા ક્રોધના આવેશ પ્રમાણે વર્તીશ નહિ. ..કેમકે હું દેવ છું; મનુષ્ય નથી."

પોતાના શત્રુઓની પાછળ દોડતાં તે દિવસે ઘણા ઈસ્રાએલી માણસોના મનમાં પેલા પાંચ રાજાઓ વિષે વિચાર આવ્યા હશે અને તેમના મનમાં એવો પ્રશ્ન પણ ઉપસ્થિત થયો હશે કે યહોશુઆએ તેમને ત્યાં ને ત્યાં જ મારી કેમ ન નાખ્યા? પરંતુ તેમ નહિ કરવાનાં યહોશુઆને સબળ કારણો હતાં અને રાત પહેલાં એ બધાં કારણો યથાર્થ ઠર્યાં. ઓ સર્વશક્તિમાન ઈશ્વરના પરીક્ષણ પામેલા સેવકો, તમે લડતા રહો, અને કશાની ચિંતા કરશો મા; કેમકે આપણો સેનાપતિ શું કરે છે તે તે બરોબર સમજે છે. તમે જ્યાં લડાઈ વિશેષ દારુણ હોય ત્યાં લડો છો એવે વખતે પ્રભુના શત્રુઓ પોતાની ગુફામાં આરામ ભોગવે છે એમાં શું? તેઓ કેટલા બધા ઘોર અંધકારમાં બેસે છે અથવા તેમની ગુફાના મોઢા પર જે પથ્થરો છે તે કેટલા બધા ભારે છે તેની તમને શી ખબર? તેઓ જયારે ઘોર અંધકારમાં બેસે છે ત્યારે જય મેળવવાને માટે યહોશુઆનાં સૈન્યો તેમની ગુફા પાસે થઈને જાય છે. શું તેમની જગાના બદલામાં તમે તમારી જગા આપશો? શું તમે નથી જાણતા કે તેઓને મોટા દિવસના ન્યાયકરણ સુધી અંધકારના સનાતન બંધનમાં રાખવામાં આવ્યા છે?

પાંચ રાજાઓ સંબંધી ઈસ્રાએલનાં સૈન્યો પોતાનો વખત ન બગાડે એ જરૂરનું હતું અને આપણે પણ પોતાના વખતનો દુરુપયોગ ન કરીએ એ પણ જરૂરનું છે. જે જરૂરનું છે તે પરથી આપણે મન ઉઠાવીએ અને બીનજરૂરી બાબતોમાં પોતાનાં વખત અને બળ ગુમાવીએ એવું પરીક્ષણ આપણને નિત્ય થાય છે. સોનાનાં સફરજન ભાગ્યે જ આપણા માર્ગમાં મળશે અને પાંચ રાજા સામા મળવાનો પણ બહુ સંભવ નથી, પણ આપણને ઠોકર ખવડાવવાને માટે શેતાન આપણે માટે તેને મળતાં વાનાં પુષ્કળતાથી પૂરાં પાડે છે. તેને જે યુક્તિ વિશેષ ગમે છે તે આપણા મનમાં ધર્મ સંબંધી શક ઉપજાવવો તે છે. આપણા જીવનમાં કે બીજાના જીવનમાં જે અનુભવ થાય છે તે પરથી ઈશ્વરના વર્તન ઉપર શેતાન શક ઉત્પન્ન કરે છે. આપણને જેટલું થાય છે તે બધાંનો ખુલાસો આપણે કરી શકતા નથી. પાંચ રાજાની જગા આવો શક લે તો યહોશુઆની સલાહ એ છે, કે "ગુફાના મોં પર મોટા પથ્થરો ગબડાવી નાખો, પણ તમે થોભશો મા."

મુશ્કેલીઓ ન હોય એ ક્યાંથી બને? પણ કેટલાક માણસો ઈશ્વરને કાયર કરે છે. તેમના અમુક પ્રાર્થનાઓનો જવાબ ન મળે ત્યાં સુધી તેઓ બેસી રહેવા

માગે છે; ઇશ્વરનું સાંભળવું જોઈએ તેના બદલામાં તેઓ તેને સંભળાવવાનું કરે છે; દરેક પગથીઆ પર પૂરો પ્રકાશ ન મળે ત્યાં સુધી તેઓ પગ ખસેડવા માગતા નથી; વિશ્વાસથી એક પણ પગલું ભરવાની મરજી નથી. પાંચ રાજાઓની જગા જો આપણી આવી અંગત મુશ્કેલીઓ લેતી હોય તો યહોશુઆની સલાહ એ છે કે "ગુફાના મોં પર પથ્થરો ગબડાવી નાખો; પણ તમે થોભશો મા."

શું ગુફામાંના રાજાઓના આકર્ષણને લીધે તમે પ્રભુના શત્રુઓની પાછળ પડવામાં ઢીલા પડ્યા છો? શું મુશ્કેલીઓ આવવાથી તમે હળ પરથી તમારા હાથ ઉઠાવ્યા છે? શું તમારી મરજી પ્રમાણે બધું ન થવાથી તમે તમારા ઉત્પન્નકર્તાનો બહિષ્કાર કરવાની હઠ લીધી છે? શું અયૂબના જેટલી તમારી આપત્તિ હશે? પરંતુ તેણે જ કહ્યું, કે "હું જાણું છું કે મારો ઉદ્ધાર કરનાર જીવે છે; આખરે તે પૃથ્વી પર ઊભો રહેશે." વળી અયૂબનું કહેવું ખરૂં પડ્યું છે અને આપણ બધાનો ઉદ્ધાર કરનાર માણસનું રૂપ ધારણ કરીને આપણામાં વસ્યો છે; તો તમે હજુ સુધી કેમ ઊભા રહ્યા છો? જઈને તેની દ્રાક્ષાવાડીમાં કામ કરો. "તમે થોભશો મા; તમારા શત્રુઓની પાછળ પડીને તેઓમાંના સૌથી પાછળનાઓને મારો; તેઓનાં નગરોમાં તેઓને પેસવા દેશો મા; કેમકે તમારા દેવ યહોવાહે તેઓને તમારા હાથમાં સોંપ્યા છે."

યહોશુઆ કરતાં એક મોટાએ આપણને આજ સલાહ આપી છે. એક વખતે ગૂઢ બાબતોમાં તલ્લીન થવાથી શિષ્યો જરૂરી કામ પરથી પોતાનું ધ્યાન ઉઠાવતા હતા. તેઓ પૂછે છે, કે "પ્રભુ, જે પાપને લીધે એ માણસ આંધળો જન્મ્યો, તે [પાપ] કોણે કર્યું? એણે કે એનાં માબાપે?" ત્યારે ઈસુ જવાબ આપે છે: "એણે કે એનાં માબાપે પાપ કર્યું, તેથી નહિ; પણ દેવનાં કામ તેનામાં પ્રગટ થાય માટે [એમ થયું"]; મતલબ કે એ વાત રહેવા દો; અત્યારે તો આ બિચારા આંધળાને માટે શું થાય તેજ આપણે જોવાનું છે. પીતરને એક મોટી જિજ્ઞાસા હતી: તે કયા પ્રકારના મોતથી પોતે દેવનો મહિમા પ્રગટ કરવાનો હતો એ ઈસુએ તેને કહ્યું તે વખતે આપણને એમજ લાગે કે પીતરનું બધું ધ્યાન તેના પ્રભુના શબ્દો ઉપર હશે; પણ તે કરતાં બીજી બાબત વિષે જાણવાની તેને જિજ્ઞાસા વધારે હતી: "આ યોહાનનું શું થશે?" પણ ઈસુએ તેને એટલું જ કહ્યું, કે "તારે શું? તું મારી પાછળ ચાલ."

વહાલાઓ, આ ટૂંકી જિંદગીમાં આપણને એટલું બધું કરવાનું છે કે ગુફામાંના રાજાઓની પાછળ આપણે વખત બગાડી શકીએ નહિ. જેઓ પહેલવહેલાં ખ્રિસ્તના પગલામાં વિશ્વાસુપણાથી ચાલ્યાં હતાં તેઓ બીજાઓના કરતાં વિશેષ જ્ઞાની હતાં એમ તમે માનશો મા. તેઓ પણ કબૂલ કરતાં હતાં કે અમે

જેમ આરસીમાં તેમ ઝાંખું ઝાંખું જોઈ શકીએ છીએ. "જ્યાં સુધી દહાડો છે, ત્યાં સુધી જેણે આપણને મોકલ્યાં છે તેનાં કામ આપણે કરવાં જોઈએ; રાત આવે છે કે જ્યારે કોઈથી કામ કરી શકાતું નથી." ગુફામાંના રાજાઓની સાથે કેવી રીતે વર્તવું તે જે માણસ જાણે છે તે માણસ પોતાની જિંદગીમાં સફળતા પામશે; કેમકે જીવનના ધ્યેય પરથી આપણું ધ્યાન ઉઠાવવાને માટે જેથી આપણું પરીક્ષણ કરાય છે તે બધું આ પાંચ રાજાઓ દેખાડે છે. જિંદગીના પ્રશ્નપત્રમાં પહેલો કે બીજો પ્રશ્ન તમને ભલે ન આવડે. આખો પ્રશ્નપત્ર વાંચો; તમને આવડે એવો એકાદ પ્રશ્ન તો હશે, અને તેનો જવાબ આપતાં કદાચ બીજા પ્રશ્નોનો જવાબ આપવા વધારે સહેલું પડશે. બીજા કહેવાતા ખ્રિસ્તીઓના જીવનમાં તમને ઠોકરનાં કારણો મળતાં તો હશે, પણ એટલામાં નાસીપાસ થવાની શી જરૂર છે? ઓ ખ્રિસ્તના વિદ્યાર્થીઓ, શું દિવસને અંતે તમારા મોટા પરીક્ષકને એવું કહેવાની તમારી હિમ્મત ચાલશે કે અમારા પ્રશ્નપત્રમાંના એક પણ પ્રશ્નનો જવાબ લખવાને અમારી હિમ્મત ચાલી નથી? ગુફામાં પાંચ રાજાઓ ભલે ભરાયા હોય, પણ ગમે ત્યારે ધોળે દિવસે પચાસ શત્રુઓ સામા મળે તેમ છે, તો તેમને તેમનાં બળવાન નગરોમાં પેસવા દેવા છે? તમારી મૂંઝવણો રહેવા દઈને પ્રભુને માટે એક ઝટકો તો મારો! જૂના તેમજ નવા કરારમાં આ વચન આપવામાં આવે છે: "જો આપણે યહોવાહનું જ્ઞાન પ્રાપ્ત કરવાને ખંતથી મહેનત કરીએ તો આપણે તે પ્રાપ્ત કરીશું," અને આ વચન નીચે પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતાનો શેરો પણ કર્યો છે: "જો કોઈ માણસ તેની ઇચ્છા પૂરી કરવા ચાહે, તો આ બોધ વિષે સમજશે."

વળી દિવસને અંતે જેઓ આપણા યહોશુઆની સાથે વિશ્વાસુપણાથી લડ્યા છે તેઓને માટે જેનો અર્થ તેઓ સમજી ન શકે એવો એક પણ સવાલ રહેશે નહિ. તે દિવસે તે આપણને બોલાવીને કહેશે, કે "પાસે આવીને તમારા પગ આ રાજાઓની ગરદનો પર મૂકો." હમણાં તો આપણ બધાંને માટે જે એકજ જરૂરનો સવાલ છે, તે એ છે કે આપણું તારણ થયું છે કે નહિ? "તારા દેવને મળવાને તૈયાર થા." બીજીત્રીજી બાબતો ગુફામાં નાખી દઈને ગુફાના મોં આગળ જેટલા મોટા પથ્થરો હાથ આવે તેટલા ગબડાવી નાખો; "પણ તમે થોભશો મા."

૮. શિબ્બોલેથ

"તેઓ તેને કહેતા, કે શિબ્બોલેથ બોલ; અને તે સિબ્બોલેથ બોલતો" (ન્યાયાધીશો ૧૨; ૬).

"શક્તિમાનોને શરમાવવા સારૂ ઈશ્વરે જગતનાં નિર્બળોને પસંદ કર્યાં છે" એ પ્રમાણે પાઊલ બોલ્યો, ત્યારે તેણે દુનિયાને એક મહાન સત્યની બક્ષિસ આપી; કેમકે નાની બાબતોને તુચ્છ ગણવાની માણસોની ટેવ છે. હવે કલ્યાણને માટે તેમજ નુકસાનને માટે નાની બાબતોમાંથી મોટાં પરિણામો નીપજે છે એ બતાવવાનો મારો આજનો ઉદ્દેશ છે. આ પાઠ કુદરત શીખવે છે. કીડો પેટે ચાલનાર એક નાનું પ્રાણી છે. માણસોમાં તેને માટે કેવળ તિરસ્કાર છે, છતાં આખી સૃષ્ટિમાં જે મોટામાં મોટું કારખાનું છે તે તે ચલાવે છે. તેનું કારખાનું તે તો જમીન છે. જો દુનિયામાંના બધા કીડા મરી જાય તો આખી પૃથ્વી ઉપર કોઈ પણ જાતનો જીવ રહી શકે નહિ. તેઓ જમીનની સપાટી નીચે ખેડવાનું જે કામ કરે છે તેથી જમીન પોચી અને નરમ રહે છે; તેમાં પાણી અને હવા પ્રવેશ કરી શકે છે, અને છોડવા તથા વનસ્પતિ ઊગે છે અને વધે છે. જે મોટાં વાનાં છે તેજ ઉપયોગી છે એ માણસની ધારણા ખોટી છે. એક એકર જમીનમાં ૫૩,૦૦૦ કીડા રહે છે એમ એક જ્ઞાની માણસે ગણી કાઢયું છે. આ કીડા દર વરસે દશ ટન માટી પોતાના શરીરમાં થઈને કાઢે છે, અને દુનિયાના આરંભથી તેઓ તેજ કામ કરતા આવ્યા છે. જ્ઞાનીઓને શરમાવવા સારૂ ઈશ્વરે આ નાનાં પ્રાણીઓને પસંદ કર્યાં છે.

ઘણીવાર મોટા પહાડો પરથી બરફના મોટા ઢગલા લપસીને નીચે પડે છે. જેમ જેમ તે નીચે ઊતરે છે તેમ તેમ તે મોટા થતા જાય છે, અને તળેટી આગળ ગામડું હોય તો તેનો નાશ થઈ જાય છે. આવા બનાવ વિષે આપણે વર્તમાનપત્રમાં વાંચીએ છીએ ત્યારે તો આપણને ત્રાસ થાય છે. પરંતુ આ બનાવની શરૂઆત ઘણું કરીને નહિ જેવી હોય છે. શિખર પર એક નાનો પથ્થર પોતાને ઠેકાણેથી ખસવાથી આ ભયંકર પરિણામ આવે છે.

ઇતિહાસ તેનેતેજ વાત શીખવે છે. ફારૂનના વખતમાં મિસરના રાજ્ય જેટલું પરાક્રમી કોઈ રાજ્ય નહોતું, તેમ ગોમતૃણની પેટીમાં સૂતેલા મુસા કરતાં કશું નબળું ના હોય; છતાં આ બાળકે મિસરની સત્તા તોડી નાખી અને ઈસ્રાએલીઓને છોડાવ્યા. ઑગસ્ટસ પાદશાહના સમયમાં રોમન સામ્રાજ્યના પરાક્રમ જેવું પરાક્રમ અન્ય કોઈ રાજ્યનું નહોતું; તેમ બેથલેહેમની ગભાણમાં સૂતેલા બાળક કરતાં કશું વધારે નબળું ના હોય. છતાં તે ગભાણમાંથી જે

પરાક્રમ નીકળ્યું તે વડે પ્રાચીન વખતના સૌથી બળવાન રાજ્યના પરાક્રમનું ખંડન કરવામાં આવ્યું. ખરેખર, "શક્તિમાનોને શરમાવવા સારૂ ઈશ્વરે નિર્બળોને પસંદ કર્યાં છે" એ પાઊલનું કહેવું તદ્દન સાચું !

પરંતુ કલ્યાણને માટે એટલું જ નહિ પણ નુકસાનને માટે પણ નાની બાબતોમાંથી મોટાં પરિણામ નીપજે છે. આપણા આધારવાક્યમાં તેનો એક દાખલો મળે છે. 'સ' કે 'શ' એ બેમાં બહુ તફાવત નથી, પણ એક પ્રસંગે એફ્રાઈમીઓને માટે તેમાં મરણ અને જીવન જેટલો તફાવત હતો.

યિફતાહે યરદનના આરા આગળ એફ્રાઈમીઓની સામે જે યોજના કરી તે બુદ્ધિપૂર્વક તેમજ સરળ યોજના હતી. ગિલઆદીઓ પર એટલે યિફતાહના પક્ષવાળાઓ પર એફ્રાઈમીઓને અદેખાઈ આવતી હતી. એક વખતે યિફતાહે મિદ્યાનીઓ પર ચઢાઈ કરી અને તેઓને હરાવ્યા. તે વખતે તેણે એફ્રાઈમીઓને પોતાની મદદમાં ન બોલાવ્યા, તેથી તેઓને લૂંટની વહેંચણીમાં ભાગ મળ્યો નહિ. આથી એફ્રાઈમીઓને ખોટું લાગ્યું હતું. અહીં આગળ યિફતાહે આમ્મોનપુત્રો પર ચઢાઈ કરી છે અને તેમને પણ હરાવ્યા છે. આ વખતે તેણે એફ્રાઈમીઓને બોલાવ્યા હતા ખરા; પરંતુ લડાઈનું પરિણામ કેવું આવશે એ અચોક્કસ લાગવાથી તેઓએ આપેલા આમંત્રણ પર ધ્યાન આપ્યું નહિ. હવે પરિણામ યિફતાહની તરફેણમાં ઊતર્યું ત્યારે એફ્રાઈમીઓને પસ્તાવો થયો. ફરીથી તેમને લૂંટમાં ભાગ મળ્યો નહિ એટલે તેઓ ગુસ્સે થયા, અને તેઓએ યિફતાહની સામે લડવાની ધમકી આપી. આથી યિફતાહે પોતાના માણસોને ભેગા કરીને એફ્રાઈમીઓ પર હલ્લો કર્યો અને તેઓને પણ હરાવ્યા. એફ્રાઈમીઓ યરદનની પેલી પાર રહેતા હતા માટે યિફતાહે ઉતાવળ કરીને આરાનો કબજો લીધો, એ સારૂ કે એફ્રાઈમીઓ પોતાના દેશમાં પ્રવેશ કરવાની કોશિશ કરે ત્યારે તેઓ કપાઈ મરે.

પરંતુ તેમ કરવા જતાં એક મુશ્કેલી ઉપસ્થિત થઈ. એફ્રાઈમીઓ તથા ગિલઆદીઓ દેખાવમાં સરખા હતા, એક જ ભાષા બોલતા હતા, અને એક જ જાતનો પહેરવેશ પહેરતા હતા; તો એફ્રાઈમીઓને ઓળખવા કેવી રીતે? નાસભાગની ઉતાવળ મધ્યે મિત્ર કોણ અને શત્રુ કોણ એ સહેલાઈથી પારખી શકાય તેમ નહોતું. છેવટે આ મુશ્કેલીમાંથી નીકળવાનો સરળ રસ્તો કોઈ એકને સૂઝી આવ્યો. એફ્રાઈમીઓ તથા ગિલઆદીઓ જોકે એક જ ભાષા બોલતા હતા, તોપણ તેઓની બોલીમાં થોડો ફેર હતો. વિશેષે કરીને એફ્રાઈમીઓ 'શ'નો ઉચ્ચાર બરોબર કરી શકતા નહોતા. હેબ્રી ભાષામાં નદી શબ્દનો તરજુમો 'શિબ્બોલેથ' થાય છે. માટે કોઈ નાસી જતો એફ્રાઈમી કહેતો કે મને ઉતરી જવા દે, ત્યારે ગિલઆદના માણસો તેને પૂછતા કે શું તું એફ્રાઈમી છે?

ને જો તે કહેતો કે ના; તો તેઓ તેને કહેતા, કે 'શિબ્બોલેથ' બોલ; અને તે 'સિબ્બોલેથ' બોલતો; કેમકે તેનો ખરો ઉચ્ચાર તે કરી શકતો નહિ; ત્યારે તેઓ તેને પકડીને યરદનના આરા આગળ મારી નાખતા. આ પ્રમાણે એફ્રાઈમીઓ એક નજીવી બાબતમાં સપડાઈ ગયા. આ પ્રમાણે નાની બાબત-માંથી મોટું અને ભયંકર પરિણામ નીપજ્યું.

યિફતાહની આ યોજના સરળ તેમજ અસરકારક હતી. એક નાસતા એફ્રાઈમીનો દાખલો કલ્પી લો: તે યરદનના આરા આગળ આવી પહોંચે છે ત્યારે ત્યાં આગળ પોતાના શત્રુઓનો પહેરો ઊભેલો જણાય છે. નદી ઓળંગવી હોય તો પોતાના શત્રુઓને છેતરીને જ સહીસલામત પસાર થવાય એમ છે, ત્યારે તો પોતાનો જીવ જોખમમાં નાખીને તે યિફતાહના સૈનિકોની સાથે મળી જાય છે અને છુપી રીતે આરો ઓળંગવાનો લાગ શોધે છે. પરંતુ તેના પર તેમનો શક જાય છે અને જોકે તે હઠેઠથી કહે છે કે હું ગિલઆદી છું, તોપણ તેનું માનવામાં આવતું નથી. એક સરદારની આગળ તેને લઈ જવામાં આવે છે. તેને હુકમ ફરમાવવામાં આવે છે, કે 'શિબ્બોલેથ' બોલ. અજાયબ થઈને તે પોતાને પકડનારાઓની સામે જુએ છે; શું આ એક જાતની મશ્કરી છે? આ શું છે? પછી તેનામાં હિમ્મત આવે છે; આ શી મોટી વાત? પણ તે બોલે છે, 'સિબ્બોલેથ,' અને ત્યાં ને ત્યાં તેને મારી નાખવામાં આવે છે.

અમારી બોલીમાં આવી ખામી છે તે એફ્રાઈમીઓ જાણતા હશે કે કેમ એ ખાતરીથી કહી શકાય નહિ, પણ તે દહાડે તેઓને માટે આ એક જીવન અને મરણનો સવાલ હતો. એક હેબ્રી શબ્દમાંથી એક અક્ષર પડતો મુકાય અથવા બદલાય એ તો કાંઈ પાપ ન કહેવાય અને તેને લીધે તેઓને મારી નાખવામાં આવે પણ નહિ. પરંતુ આ એક જ અક્ષર તેઓ જેવા હતા તેવા તેમને પ્રગટ કરતો હતો. તેઓ કયા સૈન્યની સાથે સંબંધ રાખીને લડ્યા હતા, અને કયા સેનાપતિની પાછળ ચાલ્યા હતા એ બતાવતો હતો. તેઓની શિક્ષા આપણા જમાનાના વિચાર પ્રમાણે નિર્દય હતી પણ તેમના જમાના પ્રમાણે વાજબી હતી, અને તે પરથી આપણને ઘણું શીખવાનું મળે છે.

જે બાબતો આપણને નજીવી લાગે છે તેજ બાબતો ઘણીવાર આપણે જેવા છીએ તેવા આપણને પ્રગટ કરે છે. વિશેષે કરીને આપણી જીભ આપણને નુકસાનમાં ઉતારે છે. "યાકૂબના પત્ર"નો ત્રીજો અધ્યાય આપણે વાંચીએ છીએ તે કરતાં વધારે વખત વાંચવો જોઈએ. "જો કોઈ બોલવામાં ભૂલ કરતો નથી, તો તે સંપૂર્ણ માણસ છે, અને પોતાના આખા શરીરને પણ અંકુશમાં રાખવાને શક્તિમાન છે. જુઓ, ઘોડા કબજે રહે માટે આપણે તેઓનાં મોંમાં લગામ ઘાલીને તેઓનાં આખાં શરીરને

ફેરવીએ છીએ. જુઓ, વહાણો પણ કેટલાં બધાં મોટાં છે, તેઓ ભારે પવનથી ધકેલાય છે, તોપણ બહુ નાના સુકાનથી સુકાનીની મરજી હોય તે તરફ તેઓને ફેરવવામાં આવે છે. તેમ જીભ પણ એક નાનો અવયવ છે," છતાં તે વડે આપણા જીવનરૂપી નાવને ખુલ્લા સમુદ્ર તરફ તેમજ નાશના કરાડા તરફ ફેરવી શકાય છે. એનાથી આપણે પ્રભુપિતાની સ્તુતિ કરીએ છીએ, અને એનાથી દેવની પ્રતિમા પ્રમાણે ઉત્પન્ન થએલાં માણસોને શાપ પણ દઈએ છીએ. જેમ પીતર વિષે તેમજ આપણા વિષે પણ ઘણીવાર કહી શકાય, કે "તારી બોલીથી તું ઓળખાઈ આવે છે." જગત આપણા તરફ સારો ભાવ રાખતું નથી, પણ આપણું સાંભળવામાં તેને મઝા પડે છે, કેમકે જેઓ ઇશ્વિરની સત્તા તળે રહેવાનો દાવો કરે છે અને પોતાના સરદાર તરીકે ખ્રિસ્તને જાહેર કરે છે તેવાનું જે ઉચ્ચારણ સ્વાભાવિક રીતે હોવું જોઈએ તે કરતાં આપણું ઉચ્ચારણ તેમને જુદું જ લાગે છે.

અવિચારી શબ્દો વિષે આપણા પ્રભુએ જે અભિપ્રાય દર્શાવ્યો હતો તે આપણને કઠોર અને ગેરવાજબી લાગે તો લાગે; ગુનાના પ્રમાણમાં આપણા પ્રભુનો ઠપકો ભારે લાગે તો લાગે. પરંતુ શબ્દોને જ ખ્રિસ્ત વખોડે છે એમ તો નથી; જે મનોભાવનામાંથી ઉદ્ગારો નીપજે છે તેને જ તે વખોડે છે. ખરાબ શબ્દો તે રોગિષ્ઠ આત્માનાં ચિહ્ન છે; અભ્યંતર જીવનના ઝઘડામાં આપણે અંદરખાને કોના પક્ષના છીએ તે એથી પ્રદીપ્ત કરવામાં આવે છે.

વળી આ વાત જેમ આપણા શબ્દોને લાગુ પડે છે તેમ તે આપણાં કૃત્યોને પણ લાગુ પડે છે. અગણિત નાનાં કૃત્યો મળીને આપણું આ જીવન થાય છે. મોટો સરમુખત્યાર હોય તો તેના અભિપ્રાયો ભારે મહત્ત્વના હોય છે અને તે જે કાંઈ કરે છે તેની અસર ઘણા પર થાય છે અને તેથી હજારોનાં જીવનોની સિદ્ધિ નક્કી કરવામાં આવે છે. આપણી વાત જુદી છે. આપણા અભિપ્રાય કેવળ આપણા પોતાને માટે મહત્ત્વના છે, અને આપણાં ઘણાંખરાં કૃત્યોની અસર આપણને પોતાને જ નડશે, તે કારણથી આપણે પોતાનાં ઘણાંખરાં કૃત્યો સંબંધી બેપરવાઈ રાખીએ છીએ. જે કૃત્યનું પરિણામ તાત્કાળિક દેખાઈ આવે છે તેજ કૃત્ય આપણને મહત્ત્વનું લાગે છે. તેમાં આપણે મોટી ભૂલ કરીએ છીએ. શબ્દો, વિચારો તથા કૃત્યો તે ચારિત્ર્ય ઘડવાનાં સાધનો છે. ચારિત્ર્ય સારૂં નીવડે એવી આપણી મરજી હોય તો આ સાધનો વિષે આપણે જેટલો વિચાર કરીએ તેટલો ઓછો છે.

"ઓ શાપિતો, જે સાર્વકાલિક અગ્નિ શેતાન તથા તેના દૂતોને સારૂ તૈયાર કરેલો છે, તેમાં તમે મારી આગળથી જાઓ. કેમકે હું ભૂખ્યો હતો, પણ તમે મને ખવડાવ્યું નહિ; હું તરસ્યો હતો, પણ તમે મને [પાણી] પાયું નહિ;

હું પારકો હતો, પણ તમે મને પરોણો રાખ્યો નહિ; નાગો હતો, પણ તમે મને વસ્ત્ર પહેરાવ્યાં નહિ; માંદો તથા કેદમાં હતો, પણ તમે મારી ખબર લીધી નહિ. ત્યારે તેઓ પણ તેને ઉત્તર દેશે, કે પ્રભુ, ક્યારે? ત્યારે તે તેઓને ઉત્તર દેશે, હું તમને ખચીત કહું છું કે આ નાનાઓમાંથી એકને તમે તે કર્યું નહિ, એટલે તે મને કર્યું નહિ." હવે કોણ કહેશે કે નાનાં કૃત્ય મહત્ત્વનાં નથી! જેમ યરદનના આરા પાસે એક અક્ષરનો ઉચ્ચાર કરી નહિ શકવાથી માણસો હું કોના પક્ષનો છું એવું પ્રગટ કરતા હતા તેમ આપણી રોજીંદી જિંદગીમાં આપણે પોતાનાં શબ્દો તથા કૃત્યોથી પોતે કેવાં છીએ તે પ્રગટ કરીએ છીએ. આ હિસાબે કોઈ કૃત્ય મોટું નથી, અને કોઈ કૃત્ય નાનું નથી, પણ તે બધાથી આપણું ચારિત્ર્ય તેમજ ભાવિ નક્કી કરવામાં આવે છે. આપણા જીવનનો કેટલો ભાગ ઈશ્વરના કબજામાં છે તે તેજ પ્રગટ કરે છે.

હવે આ નાની બાબતો પરથી માણસનું ખરૂં ચારિત્ર કેવું છે તે દેખાય છે. એ વાત કોઈને ખોટી લાગતી હોય તો તે માણસને હું એક નિર્ણયકારક પ્રયોગ કરવાની સૂચના કરૂં છું. આ નાની ખામીઓથી તમારૂં ખરૂં ચારિત્ર ભાસતું હોય તો તમે આટલું કરો; એટલે તેમને તમારા જીવનમાંથી દૂર કરવાના પ્રયત્ન કરો; ત્યારે તો આ નાની બાબતો કેટલી મોટી છે, અને તેઓમાં કેટલું બધું બળ રહેલું છે, તેની તમને ખબર પડશે.

ખોટી ટેવો દૂર કરવી હોય તો તેમ કરવાનો એક સારામાં સારો રસ્તો એ છે કે સારી ટેવો પાડવી. ઈસુ ખ્રિસ્ત બાર વરસનો થયો ત્યારે આપણે વાંચીએ છીએ, કે તે **પોતાની રીત પ્રમાણે** પર્વમાં ગયો. જ્યારે તે પુખ્ત ઉંમરનો થયો ત્યારે આપણે વાંચીએ છીએ કે નાઝારેથમાં આવીને તેણે **પોતાની રીત પ્રમાણે** સભાસ્થાનમાં જઈને ભજનસેવામાં ભાગ લીધો; અને આ પૃથ્વી પરનો તેનો વખત પૂરો થવા આવ્યો ત્યારે પણ આપણે વાંચીએ છીએ કે તે **પોતાની રીત પ્રમાણે** પ્રાર્થના કરવાને માટે જૈતુનના પહાડ પર ગયો. ખ્રિસ્તના રિવાજ આવા હતા. તેના રિવાજો તેના ચારિત્રની સાથે અનુરૂપ હતા અને આપણા રિવાજો, આપણી રીતભાત અને આપણી બધી હિલચાલ જાણેઅજાણે આપણા ચારિત્રની સાથે અનુરૂપ છે. જે બાબતો આપણને નાની લાગે છે તેજ બાબતો દુનિયાની આગળ આપણે જેવા છીએ તેવા પ્રગટ કરે છે. કેટલું બધું ગંભીર પરિણામ આવવાનું છે તે જો એફ્રાઈમીઓ જાણતા હોત તો તેઓ બોલવામાં વધારે કાળજી રાખત. તેમ નાની બાબતો પરથી કેટલાં બધાં ગંભીર પરિણામ આવે છે તે આપણે સમજતા હોઈએ તો જે સહલાગણી, પ્રેમ તથા ધીરજના શબ્દો આપણે બોલવાની જરૂર છે તે આપણે બોલતાં શીખીએ, અને નાની બાબતોમાં પણ શુદ્ધતા તથા સત્યતાને ધોરણે ચાલવાને આપણે યત્ન કરીએ.

એક ડોસી હતી. તે પોતાની છબી લેવડાવે એવી તેનાં સગાંવહાલાંની બહુ મરજી હતી, પરંતુ તેણે કદી અગાઉ પોતાની છબી લેવડાવી નહોતી અને તેમ કરવા તેણે ઘણા વખત સુધી ના પાડી. છેવટે સગાંવહાલાંના બહુ કાલાવાલાને આધીન થઈને તે દુકાનમાં જઈ પોતાની છબી કઢાવી આવી, કેમકે તેનો એક દીકરો પરદેશમાં રહેતો હતો તેનો વધુ પડતો આગ્રહ હતો. છબી ઘેર લાવવામાં આવી ત્યારે તે ઘરમાં એકલી હતી. તે તેને લાંબા વખત સુધી હાથમાં રાખીને જોઈ રહી. પછી બારોબાર દુકાને જઈને તેણે છબી પાડનાર માણસને પૂછ્યું, કે "આ મારી છબી છે?" તેણે કહ્યું, કે "હા." ફરી તેણે પૂછ્યું, કે "શું તે મારા જેવી છે?" પેલા માણસે જવાબ આપ્યો, કે "હા, તે તમારી આબેહૂબ છબી છે." આ સાંભળીને ડોસીએ નિસાસા મૂકીને જવાબ આપ્યો, કે "હાય! હાય! જો તેમ હોય તો મારે નીચું જોવું પડે એવો દેખાવ છે!" વહાલાંઓ, આ બાઈબલમાં આપણી છબી ઘણી જગાએ આપેલી છે; અને તે જોઈને આપણે નીચું જોવું પડે એમ છે; માટે તે જોઈને આપણે ત્યાંથી ખસી જઈએ એટલે આપણે પોતે કેવાં હતાં એ આપણે તરત ભૂલી ન જઈએ તો સારૂં!

૯. જય પછી પરાજય

"જોકે યોઆબ આબ્શાલોમના પક્ષમાં રહ્યો નહોતો, તોપણ તે અદોનીયાહના પક્ષમાં ભળી ગયો હતો" (૧ રાજા. ૨ ; ૨૮).

અદોનીયાહ તથા સુલેમાનની વચ્ચે જે તકરાર હતી તેનું કારણ રાજ્ય હતું, અને તેઓમાંના ગમે તે એકનું મરણ થાય તોજ આ તકરારનો અંત આવે તેમ હતું. ઉંમર તરફ જોતાં અદોનીયાહ સુલેમાન કરતાં મોટો હતો, પણ અહીં આગળ તેને 'હાગ્ગીથનો દીકરો' કહેવામાં આવે છે, અને 'હાગ્ગીથ' એટલે નાચનારી સ્ત્રી. આ પરથી દેખાય છે કે અદોનીયાહની મા તે દાઊદે રાખેલી કોઈ નાચનારી સ્ત્રી હશે, તેથી તે વખતના રિવાજ પ્રમાણે જ્યાં સુધી કોઈ રાણીનો દીકરો હયાત હોય ત્યાં સુધી રાજ્ય પર તેનો હક ન પહોંચે. છતાં રાજ્ય પડાવી લેવાની તેણે મહેનત કરી, અને આ બાબતની ખબર દાઊદને પડવાથી તેણે સુલેમાનનો અભિષેક કરવાની ઉતાવળ કરી. આ પ્રમાણે સુલેમાન અદોનીયાહની સાથે ઉદારતાથી વર્ત્યો. અદોનીયાહે જઈને વેદીનાં શિંગ પકડ્યાં; કેમકે તેને ખાતરી હતી કે સુલેમાન મને મારી નાખશે. ત્યાંથી સુલેમાને તેને બોલાવીને એટલું જ કહ્યું, કે તું તારે ઘેર જા.

હવે આટલું બધું થયા છતાં અદોનીયાહ બેસી રહે એવો નહોતો. શરૂઆતમાં તેણે ઘણાને પોતા તરફ આકર્ષ્યા હતા અને મોટા ભાગનું વલણ તેના તરફ હતું, નહિ તો અબ્યાથાર તથા યોઆબ જેવા તેના પક્ષમાં ભળત નહિ; પણ દેશની બદલાતી પરિસ્થિતિમાં તે પોતાની સ્થિતિ સમજી શક્યો નહિ. અત્યાર સુધી સુલેમાન પ્રકાશમાં બહુ આવ્યો નહોતો; તે જુવાન હતો અને લોકોના પરિચયમાં આવ્યો નહોતો. પરંતુ દાઊદના મરણ પછી જુવાન રાજા પરનો લોકોનો ચાહ ઓછો થવાને બદલે લોકો તેના તરફ વધારે ને વધારે આકર્ષાયા, તેથી આપણે વાંચીએ છીએ, કે "તેનું રાજ્ય ઘણું સ્થિર થયું." આથી અદોનીયાહ વિશેષ ઉશ્કેરાયો અને પોતાની અદેખાઈને લીધે તે આંધળો બન્યો. થોડી વારમાં તેણે બીજી મસલત શરૂ કરી. તે વખતે રાજમહેલમાં અબીશાગ નામની એક કુમારિકા રહેતી હતી. દાઊદના છેલ્લા સમયમાં તેણે તેની ચાકરી કરી હતી અને દાઊદની દીકરી સમાન ગણાતી હતી. અદોનીયાહને એમ લાગ્યું કે આ બાઈની સાથે મારું લગ્ન થાય તો ફિતૂર કરીશ ત્યારે આ સંબંધને કારણે મારું કામ વધારે મજબૂત થશે. પરંતુ આ હેતુ પાર પાડવાને માટે ચતુરાઈથી વર્તવાની જરૂર હતી, માટે પહેલાં તેણે રાજમાતા બાથ-શેબાની મદદ માગી, અને જાણે સુલેમાનને વફાદાર રહેવાની તેની મરજી હોય એવો ઢોંગ

કરીને તેની પાસેથી સુલેમાન રાજાને આ બાબતમાં સમજાવવાનું વચન લીધું. રાજમાતા નિખાલસ દિલની હતી એટલે તે છેતરાઈ ગઈ; પણ સુલેમાન તરત અદોનીયાહનું કાવતરૂં સમજી ગયો.

"હું તને એક નાની સરખી અરજ કરવા માગું છું" એમ બાથ-શેબાએ સુલેમાનને કહ્યું, પણ તે અરજ કાંઈ નાની નહોતી! અદોનીયાહને અબીશાગ આપવી તે તો તેને રાજ્ય આપવા સમાન હતું; વળી તેના પક્ષમાં અબ્યાથાર તથા યોઆબ એટલે મુખ્ય યાજક અને મુખ્ય સેનાપતિ પણ હતા. માટે આ ખટપટી માણસને રાજ્યમાંથી દૂર કર્યા વગર છૂટકો જ નહોતો. આજે તે અબીશાગની માગણી કરે છે; કાલે તે ગાદીની માગણી કરશે, એમ સમજીને સુલેમાન રાજાએ યહોયાદાના દીકરા બનાયાહને હુકમ આપીને મોકલ્યો; તેણે તેના પર તૂટી પડીને તેનો પ્રાણ લીધો.

હવે આ વાત પડતી મૂકીએ અને આપણા મુખ્ય વિષય ઉપર ધ્યાન લગાડીએ ત્યાર પહેલાં આ બાબતમાંથી એક શિખામણ લેવાની જરૂર છે. આ માણસને જે શક્તિઓ આપવામાં આવી હતી તેનો તેણે સદુપયોગ કર્યો હોત તો રાજ્યમાં તે અતિ ઉપયોગી માણસ થઈ શકત; પણ નાનપણથી તેને અંકુશનો અનુભવ થયો નહોતો. "અદોનીયાહે મગરૂર થઈને કહ્યું કે હું રાજા થઈશ, ને તેણે પોતાને સારૂ રથો, સવારો તથા પોતાની આગળ દોડવા સારૂ પચાસ માણસો રાખ્યા"—એ બધાંનું મૂળ ક્યાં? સાથે સાથે તેનું મૂળ કારણ પણ જણાવવામાં આવે છે: "તેના બાપે, તેં એમ કેમ કર્યું એવું પૂછીને તેને કોઈ વેળા નારાજ કીધો નહોતો." જેને આ બાબતમાં સાંભળવાના કાન હોય તે સાંભળે.

પરંતુ આજ આપણે યોઆબની સાથે કામ છે. તેના વિષે આપણે વાંચીએ છીએ, કે "જોકે તે આબ્શાલોમના પક્ષમાં રહ્યો ન હતો તોપણ તે અદોનીયાહના પક્ષમાં ભળી ગયો હતો," અને પૂછવાનું મન થાય છે કે આમ કેમ? હવે બાઈબલમાં ઈશ્વર તથા માણસ એકબીજાની સાથે કેવી રીતે વર્તે છે તે બતાવવામાં આવે છે; માટે જેમ ઈસુ ખ્રિસ્ત જૂના કરારમાં પોતાને જોઈ શક્યો હતો તેમ આપણે પણ તેમાં પોતાને જોઈ શકીએ છીએ. આ ટૂંકા વાક્યમાં યોઆબના જીવનચરિત્રનો સમાવેશ થઈ શકે છે; તેમ આપણામાંના ઘણાના જીવનચરિત્રનો સમાવેશ થઈ શકે છે; પહેલાં યોઆબને જોઈએ ને પછી પોતાને જોઈશું.

હવે જ્યારે દાઊદ લડાઈના કામમાં રોકાએલો હતો ત્યારે તેનો મુખ્ય સેનાપતિ આ યોઆબ હતો. તે તદ્દન લોહીતરસ્યો માણસ હતો અને તેની નજરમાં માણસના જીવની કશી કિંમત નહોતી, પરંતુ તેના સઘળા દુર્ગુણો

છતાં તે દાઊદને વિશ્વાસુ રહેતો હતો. તે સ્વાર્થી હતો, ક્રૂર હતો, મહત્ત્વાકાંક્ષી હતો, એ બધું ખરૂં પણ લાંબા વખત સુધી તે દાઊદના જમણા હાથ જેવો હતો અને દાઊદના શત્રુઓ તે તેના પણ શત્રુ હતા. વળી મને ખાતરી છે કે જો દાઊદે બાથ-શેબાની બાબતમાં આ માણસને પોતાની આબરૂ વેચાણ કરી આપી ન હોત તો તે અંત સુધી વિશ્વાસુ રહેત. આપણે કોઈને પોતાની સાથે ખોટા કામમાં ભાગીદાર કરીએ છીએ ત્યારે તે માણસના આપણે દાસ થઈ જઈએ છીએ. તેની સાથે આપણો સંબંધ ગમે તેટલો નિકટનો હોય તોપણ ત્યાર પછી તે સંબંધ તેવો ને તેવો રહી શકતો નથી. રખેને કોઈને કહેશે, રખેને કોઈને કહેશે, એવી બીક આપણા મનમાં છેવટ સુધી રહે છે, અને આપણી સ્થિતિ એવી કફોડી બની જાય છે કે તે માણુસ આપણી પાસે ગમે તે કામ કરાવવા માગે તો પણ આપણે તેને ના પાડી શકીએ નહિ. "સવારે દાઊદે યોઆબ પર પત્ર લખીને ઉરીયાહની મારફતે મોકલ્યો. તેણે પત્રમાં એમ લખ્યું કે તમે ઉરીયાહને દારુણ યુદ્ધને મોખરે રાખજો, ને તેની પાસેથી તમે દૂર ખસી જજો કે તે માર્યો જાય." આ કાગળ વાંચ્યા પછી દાઊદને માટે યોઆબના હૃદયમાં માન હોય જ ક્યાંથી? દાઊદ અને યોઆબનો સંબંધ ત્યારથી જ બગડવા લાગ્યો, અને તેથી જોકે યોઆબ આબ્શાલોમના પક્ષમાં રહ્યો નહોતો, તોપણ તે અદોનીયાહના પક્ષમાં ભળી ગયો હતો તેનું કારણ જણાઈ આવે છે.

ઉરીયાહ માર્યો ગયો તે દહાડાથી દાઊદ યોઆબથી દબાઈ રહ્યો. ત્યાર પછી યોઆબ ગમે તે કરે તો પણ દાઊદ તેને કશું કહી શકે તેવી તેની સ્થિતિ નહોતી. દિવસે દિવસે દાઊદ યોઆબથી વધારે ને વધારે બીવા લાગ્યો; દિવસે દિવસે યોઆબના હૃદયમાં દાઊદ પ્રત્યે વધારે ને વધારે તિરસ્કાર ઉત્પન્ન થવા લાગ્યો. દાઊદ અને યોઆબ એકદમ જુદા પડ્યા એમ તો નથી. દાઊદને યોઆબની જરૂર હતી તેમજ યોઆબને દાઊદની પણ જરૂર હતી; માટે જ્યારે આબ્શાલોમે ફિતૂર કર્યું ત્યારે યોઆબ હજી દાઊદને વળગી રહ્યો, અને દાઊદે જે જીત મેળવી તે યોઆબના ટેકાથી મેળવી; પરંતુ સ્વાર્થને કારણે માણસો અમુક વખત સુધી ભેગા રહી શકે છે તોપણ તેઓ અંત સુધી ભાગ્યે જ ભેગા રહેશે. માણસો જીવતાં સુધી ભેગા રહી શકે તેને માટે સ્વાર્થ કરતાં વધારે બળવાન બંધન હોવાની જરૂર છે, અને તેથી જ્યારે આપણું આધારવાક્ય આપણા વાંચવામાં આવે છે ત્યારે આપણને નવાઈ લાગતી નથી: "જોકે યોઆબ આબ્શાલોમના પક્ષમાં રહ્યો નહોતો તોપણ તે અદોનીયાહના પક્ષમાં ભળી ગયો હતો."

હવે અદોનીયાહ આબ્શાલોમના જેટલો આકર્ષક માણસ હશે એવું મારૂં માનવું નથી, અને તે પરથી એવી સૂચના મળે છે કે ઘણી વાર માણસો મોટાં પરીક્ષણોમાં જયવંત નીવડ્યા પછી પણ એથી નાનું પરીક્ષણ આવે છે ત્યારે

પડી જાય છે. અદોનીયાહનો રાજમામલો એ તો સાધારણ કહેવાય. તેમાં જોડાવાનો યોઆબનો શો હેતુ હશે એ જણાતું નથી. ઘણું કરીને તેને એમ લાગ્યું હશે કે હું જેવી રીતે અદોનીયાહને રમાડી શકું છું તેવી રીતે હું કદાપિ સુલેમાનને રમાડી પણ શકીશ. અદોનીયાહના પક્ષમાં યોઆબ ભળ્યો ન હોત તો તેને માટે સારૂં હતું—એક સારો ગુણ તેના લેખામાં ગણવામાં આવત. જે માણસને રોકાણનો કશો અનુભવ થયો નથી તેને ઘણી વાર એવો વિચાર સાંપડે છે કે આખી દુનિયામાં મને રોકનાર કોઈ નથી. યોઆબની આ મોટી ભૂલ હતી. ખોટા માણસના હાથમાં ઈશ્વર હમેશને માટે ચક્ષણ રહેવા દેતો નથી. યોઆબ દાઊદને રમાડી શક્યો, અદોનીયાહને પણ રમાડી શક્યો, પણ સુલેમાન તેને પહોંચી વળ્યો.

આ વાર્તા આપણને જણાવવાનો પ્રભુ પવિત્ર આત્માનો હેતુ એ છે કે આપણે તે વાંચીને પોતાની સ્થિતિ સમજીએ. જે ઊંચા વિચારો આપણને પહેલાં આકર્ષતા હતા તેજ વિચારો શું હજી આપણને આકર્ષે છે? આપણે કદાપિ આબ્શાલોમની મોહકતાને વશ નથી થયા, પણ શું આપણે અદોનીયાહના પક્ષમાં ભળી ગયા છીએ? આજ પુસ્તકમાં એક આકર્પક જુવાન પ્રબોધક વિષે કહેલું છે. તે પ્રભુનો સંદેશો લઈને રાજાની સામો થયો, અને તેજ દિવસે વૃદ્ધ પ્રબોધકના ફાંદામાં પડવાથી તેણે પોતાનું જીવન વેડફી દીધું. માણસ સિંહ પર પગ મૂકે અને બીજે વખતે સાપ પર પગ મૂકી ન શકે એ બનવાજોગ છે. માણસ અનેક વાર જીત મેળવે તોપણ ભૂંડે દહાડે ઊભો રહી ન શકે એ બનવાજોગ છે. માણસ ઘણા "બળતા ભાલાઓને" હોલવી શકે અને પછી નિશ્ચિંત થઈને પડી પણ જઈ શકે છે. "જોકે યોઆબ આબ્શાલોમના પક્ષમાં રહ્યો નહોતો, તોપણ તે અદોનીયાહના પક્ષમાં ભળી ગયો હતો." આ શબ્દોમાં ઘણાં જીવનોનો ઇતિહાસ સમાએલો છે. બહારથી તે વાતનાં ચિહ્નો ન દેખાતાં હોય; આમાંનું કાંઈ પણ પ્રેક્ષકવર્ગના જોવામાં આવતું નહિ હોય, પણ ઈશ્વર જાણે છે અને તે માણસનું અંતઃકરણ પણ જાણે છે. અન્યાય, લડાઈઓ, સંહારો અને ઈશ્વરનિંદા જે વાસનાઓમાંથી નીપજે છે તે બધી જ વાસનાઓ આપણા પોતાના હૃદયમાં છે; માણસ દાઊદને છોડીને અદોનીયાહને વળગે છે, ખ્રિસ્તને છોડીને જગતને વળગે છે, સન્માર્ગ છોડીને સ્વાર્થને માર્ગે ચઢે છે ત્યારે તો આપણે એમ જ સમજવું જોઈએ કે શેતાનને બીજી જીત મળી છે, દૂતોને બીજું દુઃખ થયું છે, માણસજાતને નવું નુકસાન થયું છે, ને ઈશ્વરનું તાજું અપમાન કરવામાં આવ્યું છે.

ખ્રિસ્તી જીવનસફરનું એક અનિવાર્ય લક્ષણ એ છે કે શેતાનનો પરાજય થયા પછી તે કદી બેસી રહેતો નથી. જે ક્ષેત્રમાં તેનો પરાજય થયો હોય તેનો કબજો ફરી લેવાના પ્રયત્ન તે કરતો રહે છે. આજે આબ્શાલોમ સામો મળ્યો તો કાલે અદોનીયાહ સામો મળશે. યહુદાહનો પ્રબોધક જ્યારે આલોન-વૃક્ષ

તળે આરામ લેતો હતો ત્યારે વૃદ્ધ પ્રબોધકે તેને શોધી કાઢયો; તેમ આપણે પણ લડાઈમાંથી નવરા થઈને બેસી રહીએ છીએ ત્યારે શેતાન આપણા ઉપર ફાવી જાય છે. વળી આધેડાવસ્થામાં ઘણુંખરૂં નુકસાન થએલું આપણા જોવામાં આવે છે. જુવાનો આબ્શાલોમની પાછળ જાય તો જાય પણ અદોનીયાહનો માર્ગ તે સ્વાર્થનો માર્ગ છે, અને ત્યાં યોઆબ જેવા ઘણું કરીને અદોનીયાહની પાછળ જશે. દુનિયાના સઘળા યોઆબોને માટે હબાક્કૂકની પ્રાર્થના લખેલી છે: "હે યહોવાહ, આ ચાલ્યાં જતાં વર્ષોમાં તારા કામનું પુનર્જીવન કર; આ વર્ષોમાં તેને પ્રગટ કર."

ખ્રિસ્ત આપણને જણાવે છે કે ભાંગેલું બરૂ લઈને તેમાંથી મધુર અને શુદ્ધ સુસ્વરો કાઢી શકાય છે. ખ્રિસ્ત આપણને જણાવે છે કે ભાંગેલાં માટીનાં વાસણો ફરીથી ઘડી શકાય છે, અને તેમાં પાછો જીવનો ખજાનો ભરી શકાય છે. એક સ્ત્રીએ ઘણો પ્રેમ કર્યો, કેમકે તેને ઘણું માફ કરવામાં આવ્યું હતું, અને આપણે જો અદોનીયાહના પક્ષમાં ભળ્યા હોઈએ તોપણ એજ કારણથી માફી પામ્યા પછી આપણને પ્રેમ કરવાનું વિશેષ કારણ મળશે. આ દેહ જે આપણને હરકત કરે છે તેજ દેહ લઈને ખ્રિસ્ત સદેહ થયો. તે વિજય પામ્યો, માટે આપણે પણ વિજય પામીશું. યોઆબ ઘણા વખતથી મરી ગયો છે, પણ તમે જીવો છો અને ખ્રિસ્ત પણ જીવે છે. તેના શત્રુઓ તે આપણા પણ શત્રુઓ છે અને તેમની સાથે લડવામાંજ આપણી સલામતી સમાએલી છે. પીતર અદોનીયાહની પાછળ ગયો, પણ નિષ્ફળતાની સ્થિતિમાં ખ્રિસ્તે તેને રહેવા ન દીધો. બીજા શિષ્યો પણ નિષ્ફળ ગયા તોપણ ખ્રિસ્તે તેમને તે સ્થિતિમાં રહેવા ન દીધા. પીતરને તેણે કહ્યું, કે "મારાં ઘેટાંને પાળ;" બધાંને તેણે કહ્યું, કે "પવિત્ર આત્મા પામો." તે આપણને પણ કહે છે કે પવિત્ર આત્મા પામો, તો તમારા જીવનને અંતે તમે મારા સેવક પાઊલની સાથે પણ કહી શકશો કે "હું સારી લડાઈ લડયો છું, મેં દોડ પૂરી કરી છે, વિશ્વાસ રાખ્યો છે."

૧૦. અનાજ્ઞાંકિત પ્રબોધક

"હાય! અમારા ભાઈ!" (૧ રાજા. ૧૩)

બેથેલમાં મોટો તહેવાર ઉજવવામાં આવતો હતો, પણ તે યહોવાહના નામનો નહિ! ઇસ્રાએલનાં સર્વ નગરોમાં બેથેલ પવિત્ર ગણાતું હતું. એ નામ એક ઈશ્વરભક્તે પાડયું હતું, અને તે વિષે કહ્યું હતું, કે "દેવના ઘર વગર આ બીજું કંઈ નથી, ને આ તો આકાશનું દ્વાર છે." પણ એ તો ઘણા વખત ઉપરની વાત; હમણાં તો તે શેતાનના ઘર વગર બીજું કંઈ નથી ને છેક નરકનું દ્વાર છે. યાકૂબ પાદ્દાન-આરામ જતો હતો ત્યારે જે જગાએ તેને સ્વપ્ન આવ્યું હતું અને પૃથ્વી પર એક સીડી ઊભી કરેલી હતી અને જે પર ઈશ્વરના દૂતો ચઢતા અને ઊતરતા તેના જોવામાં આવતા હતા તેજ જગાએ બેથેલ નગર બાંધેલું હતું. અત્યારે તો જે આકાશમાંથી પેલા દૂતો ઊતરતા હતા તેને યરોબઆમના અમંગળપણાની વેદીઓના ધુમાડાથી ઢાંકી દેવામાં આવતું હતું. આવી પવિત્ર જગાએ પોતાની વેદીઓ ઊભી કરવામાં યરોબઆમે કેટલી ખોટી હિમ્મત કરી!

આ અન્યાય કયાં સુધી નીભાવી લેવામાં આવશે એ વિચાર ઘણાંના મનમાં આવ્યો હશે. પણ રાજાની સામે કોણ ઊભો રહી શકે? પરંતુ અંધેરના સમયમાં પણ યહોવાહના માનની ખાતર જીવનું જોખમ પણ ખેડીને આગળ પડે એવા સેવકો તેને મળે છે. યહોવાહની આજ્ઞાથી એક ઈશ્વરભક્ત યહુદાહમાંથી બેથેલમાં આવ્યો. તે વખતે યરોબઆમ ધૂપ બાળવા સારૂ વેદીની પાસે ઊભેલો હતો. યહોવાહની આજ્ઞાથી તેણે વેદી સામે પોકારીને કહ્યું, કે "હે વેદી! વેદી!" પછી આ બહાદુર પ્રબોધકે આ વેદીની વિરૂદ્ધ અને તેના પર ધૂપ બાળનાર રાજાની વિરૂદ્ધ પણ ભવિષ્ય ભાખ્યું. આ ભવિષ્ય કેવી રીતે ફળ્યું તે "રાજાઓના ૨ જા પુસ્તક"ના ૨૩મા અધ્યાયમાં દેખાડવામાં આવે છે. આ જુવાન પ્રબોધકે વેદીની વિરૂદ્ધ પોકાર કરતાંની સાથે વેદી ફાટી ગઈ, ને તે પરની રાખ વેરાઈ ગઈ. રાજાએ પોતાનો હાથ વેદી પરથી લાંબો કરીને કહ્યું, કે "એને પકડો." અને તરત રાજાનો હાથ સુકાઈ ગયો. પછી રાજાએ પ્રબોધકને કાલાવાલા કર્યા કે જેથી તેનો હાથ સાજો થાય; અને તે સાજો કરવામાં આવ્યો. પ્રબોધક મારાથી દબાઈ જશે નહિ એમ જાણીને રાજાએ તેને મેળવી લેવાના પ્રયત્નો કર્યા. તેણે તેને જમવા બોલાવ્યો પણ તેમાં તે ફાવ્યો નહિ. પ્રબોધકે કહ્યું, કે "તું મને તારૂં અડધું ઘર આપે, તોપણ હું તારી સાથે નહિ આવું, ને આ જગાએ રોટલી પણ નહિ ખાઉં, તેમ પાણી પણ નહિ પીઉં."

હવે જો આટલેથી જ આ જુવાન પ્રબોધકની વાર્તા ખતમ થઈ હોત તો કેવું સારૂં! આ જુવાન પ્રબોધકનું નામ સરખું આપણને જણાવવામાં આવ્યું નથી. આટલી જ વાત જણાવવામાં આવી હોત તો શમૂએલ તથા એલીયાહ જેવા મહાન પ્રબોધકોની હરોળમાં તેનું નામ સન્માનસહિત સ્મરણીય બન્યું હોત. પણ અમુક કારણસર પવિત્ર શાસ્ત્રે તેનું નામ જણાવ્યું નથી. નામ છુપાવવાનું કારણ કદાપિ તેનો પાછલો ઇતિહાસ હશે. તે ઘડીક આપણી આગળ આવીને ઊભો રહે છે; એક મહિમાવંત ઘડીને માટે તેનો સુંદર નમૂનો સઘળાં માણસોની સમક્ષ ખડો થાય છે, અને પછી તે જેટલો માનભેર આપણી આગળ દશ્યમાન થાય છે તેટલા જ અપમાનભેર તે વૃત્તાંતમાંથી અલોપ પણ થઈ જાય છે. એક જ દિવસનો આ કેટલો બધો ગંભીર હેવાલ કહેવાય! "હાય! અમારા ભાઈ!"

આવા અનેક દાખલા આપણને પવિત્ર શાસ્ત્રમાં જણાવવામાં આવેલા છે, અને તે પરથી આપણને ગંભીર ચેતવણી મળે છે. જે માણસોએ એક વેળા વિશ્વાસ તથા આજ્ઞાંકિતપણાનો ઊંચો માર્ગ સ્વીકાર્યો હતો, છતાં પરીક્ષણ વેળાએ જેઓ ખસી ગયા તેઓના દાખલાદ્વારા શાસ્ત્ર પોકારી પોકારીને આપણ-ને કહે છે, કે તમે તમારૂં જીવન સંભાળો. હારૂનનો દાખલો યાદ આવે છે. તે કેટલો બધો આશીર્વાદ પામ્યો હતો! મુસા જેવાની સંગતમાં રહીને પ્રભુની સેવા કરવાનો તેને સારો અવકાશ મળ્યો હતો, છતાં જે સમયે મુસા ગેરહાજર હતો અને પવિત્ર પર્વત પર યહોવાહની સાથે હતો તે સમયે તેણે સન્માર્ગ છોડી દીધો, અને મૂર્તિપૂજા તરફ વળીને આખી ઇસ્રાએલી જમાતને ઠોકર ખવડાવી: "હાય! અમારા ભાઈ!"

શામશૂનનો દાખલો પણ યાદ આવે છે. તે માણસની મારફતે ઈશ્વરે કેટલો મોટો બચાવ કર્યો હતો! છતાં એક ખોટી સ્ત્રીની અસરને લીધે તેણે પણ માગ છોડીને પોતાનો નાશ કર્યો: "હાય! અમારા ભાઈ!" સુલેમાનને ઈશ્વરે કેટલાં બધાં મોટાં મોટાં દાનો બક્ષેલાં હતાં! કેવી સારી બુદ્ધિ તેને મળી હતી, જેથી શેબાની રાણી પણ તેની પાસેથી જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે તેના તરફ આકર્ષાઈ. છતાં તેની પણ બુદ્ધિ બહેર મારી ગઈ, અને બેચેની તથા નિરાશામાં તેના દિવસો ખતમ થયા: "હાય! અમારા ભાઈ!" યહુદા ત્રણ વરસ સુધી આપણા પ્રભુની આશીર્વાદિત સંગતમાં રહ્યો હતો, છતાં છેવટે તેણે ત્રીસ રૂપીઆની ખાતર તેને વેચી દીધો: "હાય! અમારા ભાઈ!" બીજા શિષ્યો પણ અમુક વખત સુધી વિશ્વાસુ રહ્યા, પણ અણીનો વખત આવ્યો ત્યારે તેઓ પણ તેની પાસેથી ખસી ગયા: "હાય! અમારા ભાઈ!" દેમાસનો દાખલો પણ યાદ આવે છે. તેણે પણ અણીની વેળાએ પાઊલનો તથા પ્રભુનો ત્યાગ કર્યો, કેમકે તે હાલની દુનિયાને ચાહતો હતો: "હાય! અમારા ભાઈ!" આ કેટલી બધી ગંભીર સ્થિતિ! શું આ સ્થિતિ આપણે પોતાની કરી લેવી છે? જો એમ

હોય તો આકાશમાંનાં તારણ પામેલાંઓ પોતાની આશીર્વાદિત જગાઓમાંથી આપણને નિહાળીને એમ જ કહેશે, કે "હાય! અમારા ભાઈ!" આ બધા દાખલા આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની આ ગંભીર ચેતવણી આપણા સ્મરણમાં લાવે છે: "કોઈ માણસ હળ પર હાથ દીધા પછી પછવાડે જુએ, તો તે ઈશ્વરના રાજ્યને યોગ્ય નથી."

પરંતુ આ જુવાન પ્રબોધકના ટૂંક ઇતિહાસના પહેલા પ્રકરણ પરથી આપણને એક જરૂરની વાત શીખવાની મળે છે. તે વાંચીને સ્કોટલાંડના ઇતિહાસમાંની એક વાર્તા યાદ આવે છે. એક વખતે સ્કોટલાંડના એક મોટા અમીર અને તેના ખેડૂતની વચ્ચે તકરાર ઊભી થઈ. તેનો નિકાલ કરવાને માટે મહારાણીશ્રીએ લંડનથી લોર્ડ નાપીર નામના એક માણસને મોકલ્યો. જે ગામમાં તકરાર હતી તે ગામમાં લોર્ડ નાપીર આવ્યો ત્યારે ક્યાં આગળ ઉતારો કરવો એ સવાલ ઉપસ્થિત થયો. અમીરની બહુ જ મરજી હતી કે લોર્ડ નાપીર મારે ત્યાં ઉતારો રાખે. પણ લોર્ડ નાપીરે કહ્યું, કે ના! ત્યાંની મંડળીનો જે પાળક હતો તેણે પણ આમંત્રણ આપ્યું; અને તેને પણ લોર્ડ નાપીરે ના પાડી, કેમકે તે ખેડુતોની તરફેણમાં હતો. નિષ્પક્ષપાતપણાએ કામ કરવાની લોર્ડ નાપીરની મરજી હતી; માટે ઇરાદાપૂર્વક કોઇ પણ પક્ષવાળાને ત્યાં નહિ જતાં એક નાની કોટડી ભાડે રાખીને તે રહ્યો, અને એવી રીતે પોતાને કે મહારાણી સાહેબને પણ એબ કે બટ્ટો લગાડ્યા વિના તે પોતાને સોંપાએલું કામ કરીને પાછો લંડન ગયો. ખોટા માણસના તો શું, પરંતુ સારા માણસના પણ ઉપકાર તળે આવવાનું તેને યોગ્ય લાગ્યું નહિ. રાજાએ ઈશ્વરભક્તને કહ્યું, કે "મારે ઘેર આવીને હાજરી કર, ને હું તને ઇનામ આપીશ; પણ ઈશ્વરભક્તે રાજાને કહ્યું, કે જો તું મને તારૂં અડધું ઘર આપે તોપણ હું તારી સાથે નહિ આવું, ને આ જગાએ રોટલી પણ નહિ ખાઉં, તેમ પાણી પણ નહિ પીઉં." વળી તેમાં ઘણી આબરૂ સમાએલી હતી.

આ જુવાન પ્રબોધકને જે કામ સોંપવામાં આવ્યું હતું તે તેણે શરૂઆતમાં કેટલી બધી સારી રીતે કર્યું! જે જુવાન પોતાની જિંદગી આવી રીતે શરૂ કરે છે તેના વિષે કેટલી બધી સારી આશા રાખી શકાય છે! આવા માણસની મારફતે ઈશ્વર કેટલું બધું કામ કરી શકે! આવી રીતે અર્પણ કરેલી જિંદગી વડે જે સેવા થઈ શકે છે તેની તો કોઈ સીમા જ નથી. પણ જે કોઈ ધારે છે કે હું સ્થિર છું, તે સાવધાન રહે, રખેને તે પડી જાય. આજ આ વૃત્તાંતનું શિક્ષણ છે. જુવાન પ્રબોધકને વૃદ્ધ પ્રબોધક સામો મળે છે, એટલે આ ઉપયોગી તથા સ્વાર્પણ કરેલી જિંદગી એક પળમાં નાશ પામે છે. રાજાનું આમંત્રણ સ્વીકારવાની તેણે ના પાડી હતી, પણ તેવું જ આમંત્રણ એક વૃદ્ધ પ્રબોધક આપે છે ત્યારે તે સ્વીકારી લે છે. પેલા આલોનવૃક્ષની નીચે જો પાછલ બેઠેલો

હોત તો તેણે આ ખોટા પ્રબોધકને બરાબર જવાબ આપ્યો હોત : "જે સુવાર્તા અમે તમને પ્રગટ કરી તે વિના બીજી સુવાર્તા જો અમે અથવા આકાશનો કોઈ દૂત પણ તમને પ્રગટ કરે તો તે શાપિત થાઓ."

હવે આ સમયમાં બેથેલમાં પ્રબોધકોનો કંઈ તોટો નહોતો. પણ તેઓ બધા યરોબઆમથી દબાઈ ગએલા હતા. યરોબઆમ તેમનું પૂરૂં કરતો હતો, પણ તે એક શરતે, એટલે કે તેઓ પોતાનું મ્હો બંધ રાખે. તેમાંનો એક આ વૃદ્ધ પ્રબોધક હતો. તે દિવસે બનેલી બીનાઓ જ્યારે તેણે પોતાના દીકરાઓના મોઢેથી સાંભળી, ત્યારે જોકે તેનું મન તેને મારે તેમ હતું તોપણ તેના મન પર ઊલટી અસર થઈ. તેના દીકરાઓને આ હકીકતને લીધે સારૂં લાગ્યું હશે, પણ ડોસાને જુવાન પ્રબોધક ઉપર અદેખાઈ આવી. "બાપા, આજે અમે કેટલું બધું જાણવા જેવું સાંભળ્યું! અમે કેટલા સમર્થ ઈશ્વરભકતને જોયો! આહા! તેણે રાજાને કેવો ધમકાવ્યો!" એમ આ જુવાનોએ પોતાના બાપાને કહ્યું હશે. પણ આ તો તેઓના બાપાને માટે ખુશખબર હતી જ નહિ. પ્રબોધક તરીકે તેમજ બાપ તરીકે તે પોતાનો તાજ ગુમાવી બેઠો હતો, માટે આ વાત સાંભળીને તેને ઊલટી લાગણી થઈ. તેણે બૂમ પાડીને કહ્યું, કે "તે કયે માર્ગે ગયો? મારે સારૂ ગધેડા પર જીન જલદી બાંધો." અને એમ યહુદાહ જવાના રસ્તા પર તેણે જુવાન પ્રબોધકની પાછળ જવાની ઉતાવળ કરી. જો જૂઠું બોલવાથી બની શકે તો તેમ; જો ખુશામત, માંસ કે દ્રાક્ષારસથી બની શકે તો તેમ; પણ આજ ને આજ મારે આ યહુદાહના પ્રબોધકનું અભિમાન ઉતારવું છે. "મારે સારૂ ગધેડા પર જીન જલદી બાંધો" એવો તેણે પોકાર કર્યો; તેથી તેઓએ તેને સારૂ ગધેડા પર જીન બાંધ્યું. એના પર બેસીને તે ઈશ્વરભક્તની પાછળ ગયો.

પરિણામ તમે જાણો છો. "યહોવાહના કહેવાથી એક દૂતે મને કહ્યું, કે એને તારી સાથે તારે ઘેર પાછો તેડી લાવ, કે તે રોટલી ખાય ને પાણી પીએ" એમ તેણે યહુદાહના પ્રબોધકને કહ્યું. પણ તે એને જૂઠું કહેતો હતો. ત્યારે આલોનવૃક્ષ નીચેથી ઊઠીને યહુદાહનો પ્રબોધક વૃદ્ધ પ્રબોધકની પાછળ ગયો. એણે ખાઈપી લીધું. પછી તે વિદાય થયો અને માર્ગમાં તેને સિંહ મળ્યો; તેણે તેને મારી નાખ્યો. આ પ્રમાણે આ જુવાન પ્રબોધકના જીવન તથા ઉપયોગીપણાનો અંત આવ્યો. જેમ પવન બત્તાને પાડી નાખે છે અને હોલવી નાખે છે, તેમ આ જુવાનની અસર નષ્ટ થઈ ગઈ. પાછળના અવિશ્વાસુપણાને લીધે આગળનું વિશ્વાસુપણું ભૂલી જવામાં આવે છે. ભાંગેલું વહાણ ડૂબી જાય છે ત્યારે બીજાં વહાણોને નુકસાન ન થાય માટે તે જગા પર લાલ બત્તી રાખવામાં આવે છે, તેમ આપણી આવી સ્થિતિ ન થાય માટે ચેતવણી દાખલ તમારે માટે અને મારે માટે આ ગંભીર વૃત્તાંત લખવામાં આવ્યું છે.

મારા જુવાન મિત્રો, દરેક આત્મા પોતપોતાની સ્થિતિ જાણે છે અને તમારી સ્થિતિ તપાસી જોવાને હું તમને આગ્રહપૂર્વક વિનંતી કરૂં છું. જે દિશામાં તમારી આંખો જુએ છે તેજ દિશામાં થોડી જ વારમાં તમારા પગ પણ ચાલશે. આ વૃત્તાંત આપણને એમ શીખવે છે કે આપણા વિષે ઈશ્વરની ઇચ્છા શી છે તે જાણ્યા પછી આપણે તરત જ તે પ્રમાણે વર્તવું. ઈશ્વરને પોતાના લોકોને પોતાની ઇચ્છા જણાવવાની હજારો રીત છે. જેથી પ્રેરકબુદ્ધિને જાગૃત કરવામાં આવતી હોય તે સર્વ આપણે માટે પ્રભુની વાણીરૂપ છે. તમને તમારા માર્ગમાં ખોટા પ્રબોધકો પુષ્કળ મળશે, અને પ્રભુના માર્ગમાંથી તમને ફોસલાવવાને માટે તેઓ પોતાથી બને તેટલું કરશે પણ ખરા! પ્રભુના ઘરમાં જુવાનોના હૃદય પર જે અસર કરવામાં આવે છે તેનો ઘણી વાર તેમના પોતાના ઘરમાં નાશ કરવામાં આવે છે: "હાય! અમારા ભાઈ!" દરેક મંડળીમાં એવા લોકો મળે છે કે જેઓ મહિમાના મુગટને લાયક થવાને બદલે જુવાનોને ઠોકર ખવડાવવાથી પ્રભુના કહેવા પ્રમાણે ઘંટીના પડને તથા સમુદ્રના ઊંડાણને લાયક થાય છે: "હાય! અમારા ભાઈ!" હા, કેટલીક એવી ખ્રિસ્તી મંડળીઓ પણ છે, કે જેમાં કોઈ આસ્થાવાન જુવાન જોડાય તો તે જુવાન માટે કેવળ જોખમ છે. પણ એક દિવસ એવો આવવાનો છે કે જેમાં જુવાનોને નુકસાનકર્તા દરેક વૃદ્ધ પ્રબોધકને, દરેક માબાપને અને અન્ય દરેક વૃદ્ધને જવાબ આપવો પડશે. પણ બીજાઓ પર તમે પોતે જ જે અસર કરો છો તેને માટે તમને પોતાને પણ જોખમદાર ગણવામાં આવશે. માટે જાગૃત રહીને પ્રાર્થના કરો, એ માટે કે તમે પરીક્ષણમાં ન પડો. રાજાની આગળ તમે ઊભા રહી શકયા હો તો તે ઠીક થયું કહેવાય. પણ વૃદ્ધ પ્રબોધકથી સંભાળો. જેઓ પ્રભુના માર્ગમાં ચાલે છે તેમની જ સોબત કરો. નાગાઓના ઓશીઆળા થવાની તમારે જરૂર શી?

ટેમ્સ નદીને કિનારે એક જુનું મંદિર છે. આ મંદિરમાં એક ઊંચો બુરજ છે અને તે પર એક લાંબો લાકડાનો થાંભલો ગોઠવી રાખેલો છે. કેટલાંક વરસો ઉપર આ થાંભલો અસ્થિર થઈ ગયો હતો, કેમકે લાકડું સડી ગયું હતું. મંડળીના પાળક તથા આગેવાનોને ખબર આપવામાં આવી કે આ થાંભલાની સ્થિતિ જોખમભરેલી છે અને નવા થાંભલાની જરૂર છે. પરંતુ મંડળી નાની અને તેને પૈસાની તંગી હોવાને લીધે કશું કરવામાં આવ્યું નહિ. છેવટે થાંભલો પડી ગયો અને મંદિર થાંભલા વગર રહ્યું. થોડા જ દિવસમાં એક સરકારી અમલદાર લંડનથી ત્યાં આવ્યો, ને થાંભલા વિષે પૂછવા લાગ્યો ત્યારે કોઈએ કહ્યું, કે થાંભલાને અને સરકારને શું લાગેવળગે? ખુલાસો કરવામાં આવ્યો; ત્યાં આગળ નદી વાંકી હતી, અને તેથી વહાણો ચલાવવામાં જોખમ રહેતું હતું. વળી નાવિકો આજ થાંભલા પરના વાવટાને આધારે પોતાનાં વહાણો ચલાવતા

હતા, તેથી સરકારે પોતાને ખર્ચે નવો થાંભલો ઊભો કર્યો. વહાલા જુવાનો, આ વાત તો આપણા જીવનને એક દૃષ્ટાંત પૂરૂં પાડે છે. તમે જ્યાં અભ્યાસ કરો છો ત્યાં, તમારી નિશાળમાં, છાત્રાલયમાં, ઓફિસમાં, કારખાનામાં તમારૂં જોઈજોઈને પોતપોતાનું જીવનરૂપી નાવ ચલાવવાના યત્ન કરનારા લોકો છે. તમારે લીધે કોઈનું નાવ કરાડા પર ભાંગી ન જાય એવો નિશ્ચય અત્યારથી જ કરો. પાઊલ પણ જાણતો હતો કે સવારનો સમર્થ સાક્ષી તે રાત પહેલાં પણ નાપસંદ થઈ શકે છે. માટે સંભાળ રાખો કે તમે નિર્બુદ્ધની પેઠે નહિ, પણ ડાહ્યા માણસ પેઠે ચાલો; "સમયનો સદુપયોગ કરો, કેમકે દહાડા ભૂંડા છે."

૧૧. જીવનની પુનઃરચના

"પછી આસા રાજાએ આખા યહુદાહમાં ઢંઢેરો પીટાવ્યો; કોઈને છૂટ આપી નહિ; જે પથ્થર તથા લાકડાં વડે બાઅશાએ રામાહ બાંધ્યું હતું તે પથ્થર તથા લાકડાં તેઓ ઉઠાવી લાવ્યા, ને તે વડે આસાએ બિન્યામીનનું ગેબા તથા મિસ્પાહ બાંધ્યાં" (૧ રાજા. ૧૫ ; ૨૨).

દાઊદ તથા સુલેમાનના વખતમાં ઇસ્રાએલ એક જ રાજ્ય હતું. તેમાં બારે કુળોનો સમાવેશ થતો હતો. પરંતુ સુલેમાનના મરણ પછી તો રાજ્યના બે ભાગ થઈ ગયા. આ બે રાજ્યોને ઉત્તર રાજ્ય અને દક્ષિણ રાજ્ય કહેવામાં આવતાં હતાં. ભાઈઓ લડે છે ત્યારે તેમની લડાઈ ઘણું કરીને વિશેષ દારૂણ હોય છે, અને બહારના શત્રુઓએ બન્ને રાજ્યનો નાશ કર્યો ત્યાં સુધી તેઓ વચ્ચે હમેશનો અણબનાવ રહેતો હતો. આ બીના બની તે વખતે દક્ષિણ રાજ્ય ઉપર આસા રાજ કરતો હતો અને ઉત્તર રાજ્ય પર બાઅશા રાજ કરતો હતો અને હમેશ પ્રમાણે તેઓ એક બીજાની સાથે લડ્યા કરતા હતા.

આ નવી લડાઈમાં બાઅશા ફાવી જતો હતો. પોતાનું સૈન્ય લઈને તે કૂચ કરીને છેક યહુદાહના મધ્ય ભાગમાં જઈ પહોંચ્યો, અને યરૂશાલેમની સામે રામાહ નામે એક મજબૂત કિલ્લો બાંધ્યો. આ મજબૂત કિલ્લામાં રહીને તે નિત્ય આસા રાજાને ધમકી દેતો અને તેને હેરાન કરતો હતો. બાઅશાની સામે હું મેદાનમાં ફાવતો નથી એમ આસાએ જાણ્યું ત્યારે તેણે બીજો રસ્તો લીધો. તેણે લાંચ આપવા એક પ્રતિનિધિમંડળ સિરિયાના રાજા પાસે મોકલ્યું. સિરિયા ઉત્તર રાજ્યની ઉત્તર દિશા તરફ આવેલું હતું, માટે આસા રાજાએ સિરિયાની મદદ માગી. ઠરાવ એવો કરવામાં આવ્યો કે સિરિયન સૈન્ય દક્ષિણ તરફ કૂચ કરે અને બાઅશાના સૈન્ય પર પાછળથી હુમલો કરે. તે પ્રમાણે કરવામાં આવ્યું અને આસાએ કરેલો ઉપાય સફળ થયો; કેમકે સિરિયનોની સામે થવા માટે બાઅશાને પોતાનો નવો બાંધેલો કિલ્લો મૂકીને પાછા જવું પડયું. હવે મને સરસ તક મળી એમ આસા સમજ્યો. યરૂશાલેમમાં જેટલાના હાથપગ સાજા હોય તે બધાને એકઠા કરીને તેણે રામાહ પર હુમલો કર્યો અને તેને જમીનદોસ્ત કરી નાખ્યો. એક પણ પથ્થર તેણે બીજા પર રહેવા દીધો નહિ; એટલું જ નહિ પણ રામાહના પથ્થર તથા લાકડાં તેઓ ત્યાંથી લઈ ગયા, અને તેજ પથ્થર તથા લાકડાં વડે તેઓએ પોતાની રક્ષાને માટે ગેબા તથા મિસ્પાહ એવા બે કિલ્લા બાંધ્યા. "આસા રાજાએ

આખા યહુદાહમાં ઢંઢેરો પીટાવ્યો; કોઈને છૂટ આપી નહિ; જે પથ્થર તથા લાકડાં વડે બાઅશાએ રામાહ બાંધ્યું હતું તે પથ્થર તથા લાકડાં તેઓ ઉઠાવી લાવ્યા, ને તે વડે આસાએ બિન્યામીનનું ગેબા તથા મિસ્પાહ બાંધ્યાં." આ પ્રમાણે આસાની હોશિયારીથી બાઅશાની સામે બાજી ઊંધી વળી. હવે આ વાર્તા આપણા જીવનના દૃષ્ટાંતરૂપે વાપરી શકાય, અને તે પરથી આપણને ત્રણ બાબતો શીખવાની મળે છે:—

૧. સીમાડા સાચવવાની અગત્ય છે. જેમ આસા અને બાઅશાની વચ્ચે તેમ આપણી અને શેતાનની વચ્ચે આપણા સઘળા દિવસો દરમિયાન વિગ્રહ તો ચાલે છે. જ્યાં સુધી લડાઈ માત્ર સીમાડા ઉપર ચાલે છે ત્યાં સુધી ધાસ્તીની કાંઈક હદ રહે છે, પણ શત્રુઓ રાજધાની પાસે આવતા જાય છે તેમ ભય વધતું જાય છે. છેલ્લી મોટી લડાઈ વખતે જ્યારે જર્મનો પારીસ પાસે આવતા હતા ત્યારે તો અમુક વખત સુધી દુનિયા શ્વાસ લઈ શકતી નહોતી, અને જ્યારે તેમને પાછા હાંકી મૂકવામાં આવ્યા ત્યારે આપણા હૃદય પરનો બોજો કેટલો બધો હલકો થયો હતો! એ તો સ્વાભાવિક છે, અને આત્મિક લડાઈમાં પણ તેના જેવો જ અનુભવ થાય છે. જ્યાં સુધી આપણા જીવનના સીમાડા પર જ લડાઈ ચાલે છે ત્યાં સુધી આપણને એટલી બધી ચિંતા નથી થતી. રાજધાની સલામત છે; શત્રુઓ હજી રાજધાનીથી દૂર છે એમ આપણને લાગે છે, અને એ વિચારથી આપણે દિલાસો પામીએ છીએ. પરંતુ એમાં જોખમ છે. સાધારણ લડાઈ અને આત્મિક લડાઈમાં બહુ ફેર છે. ફેર એ બાબતમાં સમાએલો છે કે આત્મિક લડાઈમાં શત્રુ જેમ જેમ રાજધાની પાસે આવતો જાય છે તેમ તેમ આપણી ચિંતા વધવાને બદલે તે ઓછી થવાનો સંભવ હોય છે. આ કારણથી સીમાડા પર ચાલતી લડાઈ વિશેષ અગત્યની બને છે. ત્યાં શત્રુની સામે પાછી પાની કરીએ તો આપણી સામે રામાહ બાંધ્યા વગર તે રહેવાનો નથી.

બધા સીમાડા પર જોખમ રહેલું હોય છે. બે પડોશીની વચ્ચે એક થોરની વાડને લીધે કેટલી બધી ગરબડ થઈ શકે છે એ આપણે અનુભવ્યું છે; તો બે બળવાન રાજ્યોની વચ્ચેના સીમાડાની વાતનું તો કહેવું જ શું? જ્યાં સુધી વહાણ ભરસમુદ્રમાં હોય ત્યાં સુધી બહુ જોખમ નથી, પણ તે જમીનના કિનારા પાસે આવતું જાય છે તેમ વધારે કાળજી રાખવાની જરૂર માલૂમ પડે છે. એક લેખકે લખ્યું છે કે દરેક આત્માને પોતાના ક્ષેત્રમાં દીવાદાંડીનો કાબૂ સોંપવામાં આવ્યો છે, અને આપણે જાણીએ છીએ કે દીવાદાંડી તો કિનારે કિનારે ગોઠવવામાં આવે છે; કેમકે જ્યાં સીમાડો કે કિનારો હોય ત્યાં જોખમ છે. આ જોખમો વિષે માણસોને ચેતવણી આપવાની જરૂર છે. આપણા

વિષે પણ ઈશ્વરની મરજી છે કે બીજા મુસાફરોને જેમ બને તેમ ઓછા જોખમમાં ઉતારીને આપણે આ જીવનની મુસાફરી પસાર કરીએ. આપણે લીધે કોઈ ઠોકર ન ખાય એવી તેની બહુ મરજી છે. ખરેખર, દરેક આત્માને પોતાના ક્ષેત્રમાં એક દીવાદાંડી ઉપર ઠરાવવામાં આવ્યો છે; જગતનું અજવાળું તમે છો.

પરંતુ જીવનના કિનારા પર શું થાય છે તે વિષે આપણે જોઈએ તેટલો વિચાર કરતા નથી. હાલમાં જે દીવાદાંડી વાપરવામાં આવે છે તે ઘણી વાર એવી જાતની હોય છે કે તેની સંભાળ રાખવા માટે માણસની જરૂર પડતી નથી. એવી યોજના કરવામાં આવી છે કે બત્તી સૂરજ ઊગે ત્યારે પોતાની મેળે હોલવાઈ જાય અને સૂરજ આથમે ત્યારે પોતાની મેળે સળગે. વરસમાં એકબે વાર માણસ આવે અને જોઈ જાય એટલી જ જરૂર છે. એવી એક બત્તી કેટલાક વખત ઉપર બગડી ગઈ હતી, તેથી વહાણો જોખમમાં આવી પડયાં હતાં. તપાસ કરવાથી માલૂમ પડયું કે ચોમાસામાં એટલી બધી માખી બળી ગઈ હતી કે બત્તી તદ્દન ઢંકાઈ ગઈ હતી અને તે અમુક નળીમાં દાખલ થવાથી ગ્યાસનો પ્રવાહ બંધ થયો હતો.

કોઈ પણ જાતની કાળજી રાખ્યા વગર નભી રહે એવી દુનિયામાં કોઈ રીતિ નથી. જાગતા રહો અને પ્રાર્થના કરો તો જ તમે માણસોને કાયમ પ્રકાશ આપી શકશો. સીમાડા સાચવવા જોઈએ. આપણને ખબર ન પડે એવી રીતે નાના નાના રિવાજો અને નાની નાની ટેવો આપણું અજવાળું ઝાંખું પાડી દેશે. શત્રુને રામાહ બાંધવા દેવું નહિ. આપણા જીવનની રક્ષા કરવાનું સ્થળ તે સીમાડો છે. તે શત્રુના હાથમાં આવી જાય તો પછી રાજધાની બહુ વખત ટકશે નહિ.

૨. આસાએ બાઅશાને રામાહ બાંધવા દીધું, ત્યારથી તેને શાંતિનો અનુભવ થયો નહિ; તેમજ આપણા જીવનના અમુક સીમાડા તરફ શત્રુએ પગપેસારો કર્યો હોય તો વહેલી તકે આપણે તેને ત્યાંથી ખસેડવો જોઈએ. આસાએ તેમજ કર્યું. બાઅશાનું ધ્યાન બીજી તરફ ખેંચાયું ત્યારે તેણે તરત જ તકનો લાભ લીધો. જેમને હાથ અને પગ હોય તે બધાંને કામે વળગાડવામાં આવ્યાં: "કોઈને છૂટ આપી નહિ. જે પથ્થર તથા લાકડાં વડે બાઅશાએ રામાહ બાંધ્યું હતું તે પથ્થર તથા લાકડાં તેઓ ઉઠાવી લાવ્યા, ને તે વડે આસાએ બેન્યામીનનું ગેબા તથા મિસ્પાહ બાંધ્યાં."

આજ બાબતમાં ઘણાં નિષ્ફળ જાય છે. અમે એક બળવાન શત્રુના હાથમાં પડ્યાં છીએ એવું તેઓ સારીપેઠે સમજે છે, અને છૂટી જવાની બહુ મરજી છે, છતાં તકનો લાભ લેવાની હિમ્મત તેઓ ધરતાં નથી. વળી એવી

તક તો તેમને આપવામાં આવે છે જ. એવો કોઈ બંદીવાન થએલો આત્મા નથી કે તેને કોઈ પણ વખતે છૂટા થવાની તક આપવામાં આવી નહિ હોય. પાપરૂપી રામાહથી દબાએલો એવો કોઈ માણસ ઈશ્વરના મંદિરમાં જાય છે, ત્યાં જેને પાપરૂપી બેડી તોડી નાખવાની શક્તિ છે તેના વિષે તે સાંભળે છે, ત્યારે તો રામાહને જમીનદોસ્ત કરવાની વકી છે. જે વિશ્વાસુ તથા સાચો છે તે મદદ કરવા તત્પર રહે છે, પણ તે માણસ નિશ્ચય કર્યા વગર પોતાને ઘેર જાય છે, અને રામાહ હજી ઊભું જ રહે છે! આજ માન્યકાળ છે; આજ તારણનો દિવસ છે; આજ રામાહનાં પથ્થર અને લાકડાં પડાવી લેવાનો સમય છે. હજારોએ તેમ કર્યું છે. આપણે કેમ નથી કરતાં? પણ કરો તો બરોબર કરો. ફરી શત્રુને ઊભા રહેવાની જગા ન રહે એવું કરો. એક પણ પથ્થર રહેવા દેવાનો નથી; એક પણ લાકડું રહેવા દેવાનું નથી. કોઈને છૂટ નથી. આખા યહુદાહમાં ઢંઢેરો પીટાવો. આખા ગુજરાતમાં જેમનામાં ધર્મની કાંઈ અસર છે અને જેમને કંઈ માણસાઈ છે તે બધાંને એકઠાં કરો, અને ચાલો, આપણે આપણા વ્યક્તિગત તેમજ સામાજિક જીવનમાંથી આ રામાહ દૂર કરીએ. આપણે પોતાના સીમાડા સાચવી નથી શક્યાં. પ્રભુ આપણને માફ કરો. શત્રુએ આપણા સીમાડાની અંદર પગપેસારો તો કર્યો છે, અને આપણી સદંતરની નાલેશીને માટે મજબૂત કિલ્લો આપણી સામે બાંધ્યો પણ છે; પણ ચાલો, આપણે પોતાના જીવનની પુનઃરચના કરીએ અને રામાહ તરફ કૂચ કરીએ.

૩. પરંતુ એટલું જ કરવામાં આસાએ સંતોષ માન્યો નહિ. જે સાધનો બાઅશાએ તેની વિરૂદ્ધ વાપર્યાં હતાં તેજ સાધનો તેણે પાછાં બાઅશા વિરૂદ્ધ વાપર્યાં. જે પથ્થર તથા લાકડાં પોતાના પરાજયનાં ચિહ્નરૂપ હતાં તેજ પથ્થર તથા લાકડાંનો ઉપયોગ કરીને તેણે જય મેળવ્યો. રામાહ જમીનદોસ્ત થાય એટલું જ બસ નહોતું. તેજ પથ્થર તથા લાકડાં લઈને આસાએ ગેબા તથા મિસ્પાહ બાંધ્યાં. સાધનો તેનાં તેજ છે; માત્ર જુદા હેતુસર તેઓ વાપરવામાં આવે છે. વળી ઈસુ ખ્રિસ્તનું માણસોને તારવાનું કામ પણ એવું જ છે. માણસને ગમે તેવું દાન મળ્યું હોય તોપણ ઈસુ ખ્રિસ્ત તે વાપરવાની મના કરતો જ નથી. તે કશાનો નાશ કરતો નથી; તે માત્ર માનવી ગતિને નવી દિશા આપે છે. માણસ પાપને અર્થે પોતાની જે શક્તિનો ઉપયોગ કરે છે તેજ શક્તિ લઈને પ્રભુ ઈસુ ખ્રિસ્ત આકાશના રાજ્યના કામને અર્થે તેનો ઉપયોગ કરે છે. પાઊલ લખે છે તેમ: "કેમકે જેમ તમે તમારા અવયવોને અન્યાયને અર્થે અશુદ્ધતાને તથા અન્યાયને દાસ તરીકે સોંપ્યા હતા, તેમ હવે તમારા અવયવોને પવિત્રતાને અર્થે ન્યાયીપણાને દાસ તરીકે સોંપો." અવયવો તો તેના તેજ છે, પણ તે કોને સોંપવામાં આવ્યા છે એજ મોટો સવાલ

છે. વળી સુવાર્તાનો સંદેશો એ છે કે ગમે તે રામાહમાંથી ગેબા તથા મિસ્પાહ બાંધી શકાય.

જે માણસો તેના સમાગમમાં આવતાં હતાં તેઓની સાથે આપણો પ્રભુ એજ રીતે વર્તતો હતો. માત્થી તેને દાણની ચોકી પર મળ્યો. તેને સારી શક્તિ ન હોત તો તેને આવી નોકરી ન હોત. પરંતુ ખ્રિસ્તે જોયું કે આ માણસ સારાને માટે પોતાની શક્તિનો ઉપયોગ કરતો નથી, માટે તેણે પોતાના રાજ્યને અર્થે માત્થીની શક્તિઓનો ઉપયોગ કર્યો. એ પ્રમાણે માત્થી દાણી માત્થી સુવાર્તિક બન્યો. સીમોન ઝીલોટનો દાખલો લઈએ તો ઈસુ ખ્રિસ્તે તેના સંબંધી પણ એમજ કર્યું. એ માણસમાં જો કોઈ અમુક લક્ષણ પ્રાધાન્ય ભોગવતું હોય તો તે સ્વદેશાભિમાન હતું. સીમોન પોતાના દેશ ઉપર ઓછો પ્રેમ રાખે એવી ખ્રિસ્તની મરજી હતી જ નહિ. પરંતુ ઈસુ ખ્રિસ્તની પાસે સીમોન એ શીખી ગયો કે રોમ કરતાં તો મારા દેશનો મોટો દુશ્મન શેતાન છે, અને તે જેવો રોમને ધિક્કારતો હતો તેવો તે પાપને ધિક્કારવા લાગ્યો. પાઊલ જે કાંઈ કરતો હતો તે તે પોતાના આખા હૃદયથી કરતો હતો. ખ્રિસ્તી થયા પહેલાં તેનો સ્વભાવ એવો હતો, અને ખ્રિસ્તી થયા પછી પણ તેનો સ્વભાવ એવો જ રહ્યો. તે ખ્રિસ્તીઓની સતાવણી કરતો હતો ત્યારે તે સતાવણીના કામમાં પોતાના આખા બળનો ઉપયોગ કરતો હતો, અને ઈસુ ખ્રિસ્તે તેને મેળવી લીધો ત્યાર પછી તે મરણ પામતાં સુધી તેને વિશ્વાસુ રહ્યો. તેનું જ્ઞાન, તેનો ઉત્સાહ, તેની હોશિયારી, તે બધાનો નવો ઉપયોગ પાઊલે પોતાના તારનારની સેવામાં કર્યો. જે પથ્થર તથા લાકડાં વડે રામાહ બાંધવામાં આવ્યું હતું તેજ પથ્થર તથા લાકડાં વડે ઈશ્વરનો પુત્ર પણ ગેબા અને મિસ્પાહ બાંધે છે, અને તેમાં પોતાનાંને વસાવે છે.

નવા કરારમાં કોરીંથ નામની મંડળી વિષે ઘણું લખવામાં આવ્યું છે. કોરીંથ શહેર તો જેને વિષે કહેતાં શરમ લાગે એવા અમંગળપણાથી ભરપૂર હતું, અને પાઊલ જણાવે છે કે ત્યાંનાં કેટલાંએક ખ્રિસ્તીઓ પહેલાં એજ અમંગળપણા પ્રમાણે ચાલતાં પણ હતાં. છતાં આજ મંડળીને પાઊલ કહે છે કે "પ્રભુ તરફથી હું જે પામ્યો હતો તે મેં તમને પણ સોંપી દીધું." તેનામાં કેટલો બધો ફેરફાર થયો હશે ત્યારે પાઊલ આ મંડળીને પવિત્ર સંસ્કારનો નમૂનો આપી શક્યો! ગલગથા શરમભરેલું સ્થળ હતું, પરંતુ ઈસુ ખ્રિસ્તદ્વારા તે આપણા આત્માઓના તારણનું સ્થળ બની ગયું છે. ત્યાં જે પથ્થર ઠોકરરૂપ હતો તે આપણા તારણનો ખડક બની ગયો અને રામાહનાં લાકડાંમાંથી ખ્રિસ્તનો વધસ્તંભ પણ બન્યો. ઈસુ ખ્રિસ્તદ્વારા ઈશ્વરે શત્રુની પાસેથી તેનાં બધાં સાધનો ખૂંચવી લઈને આપણે સારૂ તે વડે આશ્રયસ્થાન બનાવ્યું છે.

હવે મેં પેલી કહેવત તમને જણાવી હતી કે દરેક આત્માને પોતાના ક્ષેત્રમાં એક દીવાદાંડી પર ઠરાવવામાં આવ્યો છે. તેજ કહેવત બીજા રૂપમાં કહીએ તોપણ ચાલે કે દરેક આત્માને પોતાના ક્ષેત્રમાં કોટવાળ ઠરાવવામાં આવ્યો છે; કેમકે શત્રુની સામે બાજી ઊંધી વાળ્યા પછી પણ કામ કરવાનું છે. ગેબા અને મિસ્પાહ બાંધ્યા પછી તેનો કાબૂ શત્રુને મળે તો શો લાભ? પુરાતન ગ્રીસમાંનું એક શહેર સ્પાર્ટા હતું. તે પોતાના રહીશોની બહાદુરીને લીધે નામાંકિત થએલું હતું. એક વાર ત્યાંના રાજાને મળવાને માટે એક મહેમાન આવ્યો, અને તેને એમ લાગ્યું કે શહેરનું મહત્ત્વ આટલું બધું હોય તો તેને કોટ હોવો જોઈએ, પણ તે તો તેના જોવામાં આવ્યો નહિ. જવાબમાં રાજાએ પોતાના ૧૦,૦૦૦ સૈનિકો જ્યાં હારબંધ ઊભા રાખેલા હતા તે તરફ પોતાના મહેમાનનું ધ્યાન ખેંચીને કહ્યું કે સ્પાર્ટાના કોટ આ રહ્યા! વહાલાંઓ, ગેબા તથા મિસ્પાહના કોટ આપણે છીએ. ઈશ્વર જે પવિત્ર નગર બાંધે છે તેમાં ખૂણાનો મુખ્ય પથ્થર ઈસુ ખ્રિસ્ત છે, અને તેના કોટમાં ઈંટરૂપે આપણે પણ છીએ. સ્પાર્ટાના માણસોની માફક આપણે તેની રક્ષા કરવા બંધાએલાં છીએ. તેની સલામતી તથા તેની શુદ્ધતાને અર્થે જરૂર પડે તો આપણે પોતાના જીવ પણ આપવા બંધાએલાં છીએ. તેને સોંપેલી આપણી અનામત તે દહાડા સુધી સાચવી રાખવાને તે શક્તિમાન છે; આપણને સોંપેલી તેની અનામત તે દહાડા સુધી સાચવી રાખવાને આપણે શક્તિમાન છીએ કે કેમ એ સવાલ છે; પણ મને ભરોસો છે કે તેના પર વિશ્વાસ રાખીએ તો તે આપણને વિશ્વાસુ રાખશે.

૧૨. સારી સૂઝ

"હવે તો બસ થયું; હવે તો, હે યહોવાહ, મારો જીવ લઈ લે; કેમકે હું મારા પિતૃઓના કરતાં કાંઈ સારો નથી" (૧ રાજા. ૧૯; ૪).

આપણા પ્રભુનો ભાઈ યાકૂબ આપણને યાદ દેવડાવે છે કે એલીયાહ સ્વભાવે આપણા જેવો માણસ હતો, અને તે માણસ વિષેની વાર્તા આપણને આકર્ષક લાગે છે તેનું વિશેષ કારણ એજ છે. જ્યારે બધું સારી રીતે ચાલતું હતું ત્યારે તેની આસ્થાનો કાંઈ પાર રહેતો નહોતો, પણ કોઈવાર તો તે નિરાશાની છેલ્લી સ્થિતિએ પણ પહોંચી જતો હતો. કાર્મેલ પર્વત પરનું દશ્ય અને રોતેમવૃક્ષ નીચેનું દશ્ય, એ બેમાં આસમાનજમીનનો ફેર છે. કાર્મેલ પર્વત ઉપર હું મારા પિતૃઓના કરતાં કાંઈક સારો છું એમ એલીયાહને લાગ્યું હોય એ બનવાજોગ છે; કેમકે કાર્મેલ પર્વત પર તેણે જે કામ કર્યું હતું તે સાધારણ કામ નહોતું. તોપણ મારા પિતૃઓના કરતાં હું કાંઈ સારો નથી એવું તેને સૂઝયું ત્યારે તો તેને સારૂં જ સૂઝયું.

હવે કાર્મેલ પર્વત પર એલીયાહે ખોટા પ્રબોધકો પર મોટો જય મેળવ્યો હતો. રાજદરબારનાં મોટાં મોટાં માણસો ત્યાં આગળ હાજર હતાં. પ્રજાના સઘળા રાજદ્વારી તેમજ ધાર્મિક નેતાઓ પણ હાજર હતા. આ બધા મારા વિજયના પ્રેક્ષકો થયા છે એ વિચારથી તેને સારૂં ન લાગે તો તે માણસ નહિ! તે પ્રસંગે તેની હિંમત બહુ જ વખાણપાત્ર હતી. તેની બોલવાની ઢબ અજાયબ જેવી હતી, તેની દલીલો સામે બોલાય નહિ એવી હતી, અને બધી રીતે એક જીવતા તથા ખરા ઈશ્વરને માનનારાઓને માટે એ દિવસ સ્મરણીય નીવડયો હતો. એના જેવું ઈસ્રાએલમાં તો કદી પણ જોવામાં અથવા સાંભળવામાં આવ્યું નહોતું. વળી વરસાદના છાંટા પડવા લાગ્યા ત્યારે તો અધૂરૂં પૂરૂં થયું, અને તે પોતાની કમર બાંધીને આહાબના રથની આગળ યિઝ્રએલની ભાગળ સુધી ૧૭ માઇલ વરસાદમાં ને વરસાદમાં દોડયો, ત્યારે તો તેની હોંસ તથા તેના જુસ્સાનો કંઈ પાર રહ્યો નહિ જ હોય.

છતાં અહીં આગળ કેટલો બધો ફેરફાર જોવામાં આવે છે! "તે ઊઠીને પોતાનો જીવ લઈને નાઠો, ને યહુદાહના બેરશેબામાં પહોંચ્યો, ત્યાં તેણે પોતાના ચાકરને મૂકયો. પણ પોતે એક દિવસની મજલ જેટલે દૂર અરણ્યમાં ગયો, ને જઈને તે એક રોતેમવૃક્ષ તળે બેઠો; ત્યાં તેણે મોત માગ્યું; અને કહ્યું, કે હવે તો

બસ થયું; હવે તો, હે યહોવાહ, મારો જીવ લઈ લે; કેમકે હું મારા પિતૃઓ કરતાં કાંઈ સારો નથી." હવે એલીયાહ મરી જવા માગતો હતો એવું મારૂં માનવું નથી. એવી ઇચ્છા હોત તો આટલે દૂર અહીં નાસી આવવાની કશી જરૂર નહોતી; ત્યાં ને ત્યાં જ ઇઝેબેલ તેને મારી નાખવાને બહુ ખુશી હતી, અને નાસી આવવાનું તેનું કારણ વળી એજ હતું, માટે મરી જવાની વાત અમથી! પણ આ સ્થિતિમાં માણુસ આવે છે ત્યારે ઘણીવાર તે ઠેકાણા વગરનું બોલે છે.

હવે એલીયાહને શું થયું હતું? એક બાબત તો એ છે કે તેના શારીરિક તથા માનસિક બળનો અંત આવી રહ્યો હતો. આ બીના પહેલાંના દિવસો એલીયાહને માટે ભારે ચિંતા અને પરિશ્રમના દિવસો હતા. કેટલું કામ કર્યું એ વિષે આપણે થોડુંઘણું જાણીએ છીએ, પણ કેટલું ખાધું અગર કેટલું ઊંઘ્યાં એ આપણે જાણતાં નથી. વળી જ્યારે તેને એમ લાગ્યું કે હું પૂરી રીતે વિજયી થયો છું, ત્યારે તો ઇઝેબેલ તરફથી તેને આવા સમાચાર મળ્યા: "કાલે આશરે આ વેળા સુધીમાં એ પ્રબોધકોમાંના એકના જેવી તારી વલે હું ન કરૂં, તો દેવતાઓ મને એવું ને એથી પણ વધારે દુ:ખ પાડો." કાર્મેલ પર બનેલા બનાવ પછી ઇઝેબેલ સુદ્ધાં હવે કોઈ પણ માથું ઊંચું કરશે એવો ખ્યાલ એલીયાહને સ્વપ્નમાં પણ થયો નહોતો. વળી "યહોવાહ એજ દેવ છે, યહોવાહ એજ દેવ છે" એવું પોકારનારા મારી પડખે ઊભા રહેશે એવું સ્વપ્ન પણ તે સેવતો હતો. પરંતુ તેમાંનું કાંઈ પણ બન્યું નહિ. માટે આ સ્થિતિ જોવામાં આવે છે.

ખરૂં જોતાં કાર્મેલ આપણામાંના કોઈને માફક નથી આવતો. આપણા પિતૃઓ કરતાં આપણે કાંઈક આગળ વધેલાં છીએ એમ વિચારવાનું પરીક્ષણ આપણને થાય છે. કેટલીક બાબતોમાં આપણે તેઓથી આગળ વધ્યાં છીએ એ સાચી વાત. તેઓ કલાકના ત્રણસો માઇલ કાપીને હવામાં થઈને ક્યાં ઊડતા હતા? અથવા રેડીઓથી અમેરિકાની સાથે ક્યાં વાત કરતા હતા? જે બાબતો અપૂબ અશક્ય ગણતો હતો તેમાંનું ઘણુંખરૂં આપણે અત્યારે કરી શકીએ છીએ. કુદરતની શક્તિઓ પર આપણે અજબ જેવો કાબૂ મેળવ્યો છે. આપણે "વીજળીને એવી રીતે ચમકાવી શકીએ છીએ કે તે જઈને આપણને કહે છે કે અમે આ રહી." પરંતુ આપણા પિતૃઓના કરતાં આપણે અંધકારની શક્તિઓ પર વધારે કાબૂ મેળવ્યો હશે કે કેમ એ સવાલ છે; અને આટલી બધી શક્તિઓ ધરાવ્યા છતાં આપણે પોતાના પિતૃઓના કરતાં ઈશ્વરની વધારે સન્નિધ આવ્યાં છીએ કે કેમ એ પણ એક સવાલ છે. આપણે પોતાના પિતૃઓના કરતાં કાંઈ સારા નથી એવું આપણને સૂઝશે ત્યારે આપણા હકમાં બહુ જ સારૂં થશે.

હવે જેઓ વિશેષ જુસ્સાદાર સ્વભાવના હોય છે તેઓને બીજાઓ કરતાં નિરાશાનો અનુભવ પણ વિશેષ થાય છે, એવું મારૂં માનવું છે. ગાલીલના સરોવર પર પીતરે સાધારણ હિમ્મત નથી કરી, પરંતુ એકદમ કેટલો બધો ફેરફાર જોવામાં આવે છે: "પ્રભુ, હું નાશ પામું છું; મને બચાવ!" વળી જેમ પીતરના સંબંધમાં બન્યું તેમજ એલીયાહના સંબંધમાં પણ બન્યું. મોટી હિમ્મત પછી મોટી નિરાશા જોવામાં આવે છે. એલીયાહને માટે અને પીતરને માટે તેમજ તમારે ને મારે માટે પણ સારૂં છે કે જે આપણું બંધારણ જાણે છે તેના હાથમાં આપણું જીવન છે.

એલીયાહની નિરાશાનું મુખ્ય કારણ તે ઘણું કરીને તેના કામની દેખીતી નિષ્ફળતા હતું. શારીરિક કારણો હતાં, માનસિક કારણો પણ હતાં, પણ મુખ્ય કારણ તો આત્મિક હતું. વળી સૌથી પહેલાં ઈશ્વર તેના શરીરની સરભરા કરે છે. આ સ્થિતિમાં ઊંઘ અને ખાવાનું એ પહેલી જરૂરિયાત હતી, અને તે ઈશ્વરે પહેલી પૂરી પાડી. ઊંઘમાંથી જાગ્યા પછી એલીયાહનું મન ઠેકાણે આવ્યું અને ઈશ્વર તેની સાથે વાત કરી શકે એવી તેની સ્થિતિ પાછી થઈ ગઈ. તેના મન ઉપર જે અસર થઈ હતી તે એ કે કાર્મેલ ઉપર કરેલાં મહા કાર્યો નિષ્ફળ ગયાં છે, તેથી તેના મનમાં એ વિચાર ઉદ્ભવ્યો કે પિતૃઓના કરતાં હું કાંઈ સારો નથી. તેઓએ યહોવાહની સેવામાં પોતાની જિંદગી ગાળી હતી, છતાં મૂર્તિપૂજાનું જોર જરા પણ ઓછું દેખાતું નહોતું. તેજ પ્રમાણે તેને એમ પણ લાગ્યું કે મારૂં કામ પણ નિષ્ફળ જાય છે. ઇઝેબેલના બળની સામે કોઈ શું કરે? એવો કયો ખ્રિસ્તી કામદાર હશે કે જેને આજ પ્રકારનો અનુભવ થયો ન હોય? અંધકારનું પરાક્રમ એટલું બધું છે કે કોઈવાર ગમે તે કામદાર હિમ્મત હારી જાય એવો સંભવ છે. એ રીતે નિરાશા ઉત્પન્ન થાય છે: આપણે પોતાની વધારે કિમ્મત આંકીએ છીએ ત્યારે નિરાશ થવાનો સંભવ છે, અને ઈશ્વરની ઓછી કિમ્મત આંકીએ છીએ ત્યારે પણ એમજ થાય છે. બંને રસ્તા આપણને સીધા રોતેમવૃક્ષ નીચે લઈ જાય છે. ખરી વાત એ છે કે સફળતા અને નિષ્ફળતા એક બીજીથી પારખી લેવાની શક્તિ આપણામાં ઓછી હોય છે. કેટલીએક દેખીતી નિષ્ફળતા ખરી રીતે સફળતા હોય છે. સફળતા કઈ અને નિષ્ફળતા કઈ, એ એકલો ઈશ્વર જાણે છે. માણસના ધ્યાનમાં સૌથી મોટી નિષ્ફળતા ખ્રિસ્તનો વધસ્તંભ હતો, ત્યારે ઈશ્વરના ધ્યાનમાં તે તો સંપૂર્ણ વિજય હતો. જે પ્રભુની આપણે સેવા કરીએ છીએ તે નિષ્ફળ જાય જ નહિ.

આ કારણથી આ અનુભવદ્વારા એલીયાહને ઈશ્વર વિષે નવું નવું શીખવાનો પ્રસંગ મળ્યો, અને આ નવું શિક્ષણ તેને ચિત્તાકર્ષક રીતે આપવામાં આવ્યું. પ્રથમ શિક્ષણ આપવાનાં સાધનો તોફાન, ધરતીકંપ અને વીજળી હતાં, અને તે,

એલીયાહ કામ કરવાની જે પદ્ધતિ પસંદ કરતો હતો, તે પદ્ધતિની ઉપમારૂપ હતાં. તોફાન થયું પણ તેમાં ઇશ્વર નહોતો; વીજળી થઈ પણ તેમાં ઈશ્વર નહોતો; ધરતીકંપ થયો તોપણ તેમાં પણ ઇશ્વર દેખાયો નહિ. આ બધાં સાધનો વડે ઇશ્વર કોઈવાર કામ કરે છે, પણ તેનું મુખ્ય સાધન જુદું હશે, એમ અત્યારે એલીયાહને લાગ્યું. છેવટે એલીયાહે એક કોમળ ઝીણો સાદ સાંભળ્યો, ત્યારે તેને ખાતરી થઈ કે હા, ખરેખર, આ યહોવાહની વાણી છે. ઉત્સાહના પર્વત પર પોતા સંબંધી વધારે પડતો સંતોષ અને પોતા પર વધારે પડતો ભરોસો ઉત્પન્ન થવાનો સંભવ છે, માટે કાર્મેલ મૂકીને વખતોવખત હોરેબ જઈને શાંત સમય શોધવાની જરૂર છે. ઉત્સાહના પર્વત ઉપર શિષ્યો ખ્રિસ્ત, એલીયાહ તથા મુસાને માટે માંડવા બનાવવાની ઉતાવળ કરતા હતા, ત્યારે પણ એજ કોમળ ઝીણો સાદ ફરીથી સાંભળવામાં આવ્યો : "આ મારો વહાલો દીકરો છે, તેનું સાંભળો." "હું દેવની આગળ ક્યારે હાજર થઈશ" એ ગીતકર્તાના શબ્દો છે, પરંતુ તે ફેરવીને આપણે કહીએ છીએ કે ઇશ્વર ક્યારે મારી આગળ હાજર થશે? પરીક્ષા આપવાને માટે, આપણા સવાલના જવાબ આપવાને માટે ઈશ્વરને પોતાની પાસે બોલાવવાની આપણને ટેવ પડી છે. ખરેખર, આપણે પિતૃઓના કરતાં કંઈ સારા નથી. અંધકારના પરાક્રમીઓ પર તેઓએ કાબૂ મેળવ્યો હતો, તેવી જ રીતે આપણે પણ તે મેળવવાનો છે. કોમળ ઝીણો સાદ સાંભળવામાં જેટલો વખત જાય તેટલો ઓછો છે.

છેવટે યહોવાહે એલીયાહને એ શિક્ષણ આપ્યું કે તું એકલો નથી. એક રીતે એલીયાહે કાર્મેલ પર્વત ઉપર જે જય મેળવ્યો હતો તે તેના પોતાના આત્માને માટે નુકસાનકારક હતો. તે વખતે તો કોમળ ઝીણો સાદ સાંભળી શકે એવી તેની સ્થિતિ નહોતી. તે વખતે ઇશ્વરના કરતાં તે પોતાની બુદ્ધિ ઉપર વધારે આધાર રાખતો હતો, અને તે કારણથી ૭,૦૦૦ના હિસાબમાં તેણે ૬,૯૯૯ જેટલી ગંભીર ભૂલ કરી. શેતાનના આંકડા ઉપર ભરોસો રાખી શકાય જ નહિ. શેતાનના આંકડા ઉપર ભરોસો રાખવાને લીધે ઘણા ભક્તોએ અને ઘણી મંડળીઓએ પણ ભૂલ ખાધી છે. પોતાની પ્રજામાં અનીતિનો કેટલો બધો સડો પેસી ગયો છે એ વિચારને લીધે એલીયાહને રાત્રે ઊંઘ નહોતી આવતી. છતાં જેમાં લોકો કેવળ સીધું જીવન ગાળતા હતા એવાં હજારો ઘરો ઈશ્વર તેને ઇસ્રાએલમાં બતાવી શક્યો : "જેઓના ઘૂંટણ બઆલની આગળ કદી નમ્યા નથી, ને જેઓમાંના કોઈના મુખે તેને ચુંબન કર્યું નથી એવાં મારાં સાત હજાર છે."

છતાં એલીયાહ સમજતો હતો કે "હું, હા, હું એકલો જ બચી ગયો છું." આ કેટલી બધી ગંભીર ગેરસમજ કહેવાય! એલીયાહે ઈશ્વર પરનો

પોતાનો ભરોસો ગુમાવ્યો હતો, પોતા પરનો ભરોસો ગુમાવ્યો હતો, એટલું જ નહિ પણ આખી માણસજાત પરનો પોતાનો ભરોસો ગુમાવ્યો હતો. આ તો છેલ્લી સ્થિતિ કહેવાય! પોતા સિવાય આખા ઇસ્રાએલમાં બીજો એક પણ સારો માણસ એલીયાહને દેખાતો નહોતો. આ કેવી દુર્દશા! આ સ્થિતિના કરતાં નરક શું ખોટું? આ સ્થિતિમાં ખ્રિસ્તી માણસોને અને વિશેષે કરીને ખ્રિસ્તી કામદારોને મૂકવાના પ્રયત્ન શેતાન હમેશાં કરે છે. યહોવાહે શેતાનને પૂછયું, કે શું તેં મારા સેવક અયૂબને લક્ષમાં લીધો છે? પૃથ્વી ઉપર તેના જેવો નિર્દોષ તથા પ્રામાણિક, ઈશ્વરભક્ત તથા દુષ્ટતાથી દૂર રહેનાર બીજો કોઈ પુરુષ નથી. ત્યારે શેતાને યહોવાહને ઉત્તર આપ્યો કે શું, અયૂબ કારણ વગર ઈશ્વરની ભક્તિ કરે છે? એ માણસને હું તારા કરતાં બહુ સારી રીતે ઓળખું છું. તે તને બધી રીતે ઠગે છે. તેનામાં ઢોંગ સિવાય બીજી વાત છેજ નહિ. તારો હાથ લાંબો કરીને તેના સર્વસ્વને સ્પર્શ કર, અને જોકે તે તારી કેટલી ભકિત કરે છે! આ કામમાં શેતાન બહુ જ હોશિયાર છે. ત્યારે જ તે શેતાન કહેવાયને? હવે લથડીઆં ખાતો સીમોન પથ્થરના જેટલો સ્થિર થઈ શકે છે, અને માગદાલેણ જેવી બાઈ પુનરુત્થાનની સાક્ષી થઈ શકે છે, એ જો કોઈ માણસ માની નથી શકતું તો તે માણસની સ્થિતિ બધી રીતે દયામણી છે.

એક મઠવાસી હતો. ધર્મનાં કામોમાં તેણે પોતાની ઘણીખરી જિંદગી ગુજારી હતી, ત્યારે પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા સંબંધી હું કેટલો આગળ વધી ગયો છું એ જાણવાનું તેને મન થયું. દૂત તરફથી તેને કહેવામાં આવ્યું કે પાસેના ફલાણા ફલાણા કસ્બામાં જા. ત્યાં એક ઊંટવૈદ તારા જોવામાં આવશે. તે માણસે આત્મિક બાબતોમાં તારા જેટલી જ પ્રગતિ કરી છે. આ માણસને પૂછવાથી માલૂમ પડયું કે પોતાના એક જ સારા કૃત્ય વિષે તેને યાદ હતું. પહેલાં તે ધાડપાડુઓની ટોળી સાથે ધાડ પાડતો હતો. એટલામાં એક સંન્યાસિની તેઓના હાથમાં આવી પડી. તેઓ તેને ગુલામ તરીકે વેચવાના હતા ત્યારે આ માણસે તેનો બચાવ કર્યો અને તે કારણથી તેને ટોળીમાંથી નીકળી જવું પડયું. બીજી વખત આત્મિક બાબતોમાં કેટલો આગળ વધ્યો છું એ વિષે તપાસ કરવાનું આ મઠવાસીને મન થયું. ત્યારે આ વખતે એક ખેડૂતનું ઘર તેને બતાવવામાં આવ્યું. ત્યાં આગળ તેને બે સ્ત્રીઓ મળી. તેઓ સાધારણ સ્ત્રીઓ હતી. પુષ્કળ મહેનતમજૂરી કરીને તેઓએ પોતાનાં છોકરાંને ઉછેર્યાં હતાં. બહુ વિચાર કર્યા પછી તેમને યાદ આવ્યું કે એક વખતે તેઓએ એક ઘેટું કાપીને અર્ધો ભાગ એક ગરીબ પડોશીને આપ્યો હતો. એ સિવાય એક પણ ભલું કૃત્ય તેઓને યાદ આવ્યું નહિ. છેવટે મોટી બેન શરમાઈને કહેવા લાગી કે ચાળીસ વરસ પર હું અને મારી નણંદ આ ઘરમાં રહેવા આવ્યાં. ત્યારથી

આજ દિવસ સુધી અમારા બેમાંથી કોઈએ બીજીને એક પણ કડવો વેણ કહ્યો હોય એવું મને યાદ નથી. આ પરથી મઠવાસીને જે પાઠ શીખવાનો હતો તે તે શીખી ગયો, અને તે વિચારમાં પડી ગયો કે ઈશ્વરના ગુપ્ત સેવકો કેટલા બધા છે!

તમે એકલા નથી. કોઈ જુવાન પુરુષ કે સ્ત્રી ખ્રિસ્તને સ્વાર્પણ કરે છે, અને તેની પાછળ ચાલવાનો નિશ્ચય કરે છે, ત્યારે ઘણી વાર તેને એમ લાગે છે કે હું એકલો કે એકલી છું. પરંતુ આજે મારે તમને એજ કહેવાનું છે કે તમે એકલાં નથી. તમારી જ નિશાળમાં, તમારી જ ઓફીસમાં, તમારા જ કારખાનામાં પ્રભુના ગુપ્ત સૈનિકો હોય એ બનવાજોગ છે. તમે તેઓને ઓળખતાં નથી, પણ ઈશ્વર તેઓને ઓળખે છે. વળી બીજું કોઈ ન હોય તોપણ એક જણ તો છે જ, અને તે તમને કહે છે, કે "જુઓ, જગતના અંત સુધી હું સર્વકાળ તમારી સાથે છું."

૧૩. લાકડાનો શો વાંક?

"ગેહઝી તેમની આગળ ચાલ્યો ગયો, ને જઈને છોકરાના મોં પર લાકડી મૂકી; પણ [છોકરો] કંઈ બોલ્યો કે ચળવળ્યો નહિ" (૨ રાજા ૪; ૩૧).

કોઈ પાળક ખરો પાળક છે કે નહિ તે ઢંઢેરો પીટાવીને પ્રગટ કરવાની જરૂર નથી. શૂનેમની આજુબાજુએ એલીશાની શાખ સારી હતી, નહિ તો ત્યાં આગળ તેને માટે જે સગવડ કરવામાં આવી હતી તે કરવામાં આવત નહિ. એક શ્રીમંત બાઈએ પોતાના ધણીને કહ્યું, કે "મને લાગે છે કે આ જે માણસ હમેશાં આપણી પાસે થઈને જાય છે તે એક પવિત્ર ઈશ્વરભક્ત છે. કૃપા કરીને ચાલો, આપણે એક નાની ઓરડી બનાવીએ; અને તે આપણી પાસે આવશે, ત્યારે તે તેમાં રહેશે." વળી એલીશા એક પવિત્ર ઈશ્વરભક્ત છે એમ તેના ધણીને પણ લાગ્યું હતું માટે તેણે પણ ખુશીથી હા પાડી, અને એલીશા એ ઘરમાં જેટલી વાર રહ્યો તેટલી વાર તે એક ઈશ્વરભક્ત તરીકે જ રહ્યો. આ વાતનું લાગુકરણ કરવાની ખાસ જરૂર લાગતી નથી, કેમકે તે સ્વસિદ્ધ છે. પણ આવા વાતાવરણમાં ઈશ્વર પોતાનું પરાક્રમ દેખાડી શકયો એ પાછળથી વાંચવામાં આવે છે ત્યારે નવાઈ લાગતી નથી. શૂનેમની મંડળીને ધન્યવાદ અને તેના પાળકને શાબાશ!

હવે આ ઘરમાં એલીશા ઉપર આટલા બધા ઉપકારો થયા તેથી તેનો કાંઈક સારો બદલો વાળવાનું મન થાય તે સ્વાભાવિક હતું. આ સમયમાં રાજાની સાથે એલીશાનો સંબંધ પણ સારો હતો માટે દરબારમાં લાગવગ પહોંચાડીને આ ધણીધણિઆણીનું ભલું કરવાની તેની મરજી થઈ. "તું અમારે સારૂ આટલી બધી કાળજી તથા ચિંતા રાખે છે, તો તારે માટે શું કરીએ? શું તારી એવી ઇચ્છા છે કે રાજાને કે સેનાપતિને તારે સારૂ ભલામણ કરવામાં આવે" એમ તેણે તેને પૂછયું. પણ તેણે એવો જવાબ આપ્યો, કે "હું મારા પોતાના લોકમાં વસું છું." હવે એલીશાનો નોકર ગેહઝી બધી રીતે મુશ્કેલ માણસ હતો, તોપણ આ વખતે તેણે સારી સલાહ આપી. તે એલીશાને કહે છે, કે "તેને પુત્ર નથી, ને તેનો પતિ વૃદ્ધ છે.' બીજાં બધાં દાન પ્રત્યે બાઈ બેપરવાઈ રાખે તો રાખે, પણ આને માટે શી રીતે ના પાડે? માટે તેને પુત્ર થશે એવું વચન આપીને એલીશા ત્યાંથી ચાલ્યો ગયો.

એલીશાના કહેવા પ્રમાણે આ બાઈને પુત્રનો પ્રસવ થયો. છોકરો મોટો થયો ત્યારે એકાએક આ વિશ્વાસુ બાઈ પર આફત આવી પડી. આ જે મોટું

દાન અણુધારી રીતે મળ્યું હતું તે અણુધારી રીતે લઈ લેવામાં પણ આવ્યું. એક દિવસ તેઓ બધાં ખેતરમાં લણવા ગયાં હતાં ત્યારે છોકરો એકદમ બૂમ પાડવા લાગ્યો કે મારૂં માથું! મારૂં માથું! તેને સૂરજના તાપની ઝાળ લાગી અને તે મરી ગયો. બાઈ રડવામાં અને કકળાટ કરવામાં વખત ગુમાવતી નથી. તે પોતાના મૂએલા છોકરાને ઉઠાવે છે, એલીશાની ઓરડીમાં જાય છે, તેને એલીશાના ખાટલા પર મૂકે છે, અને બારણું બંધ કરીને એકદમ એલીશાને શોધવા નીકળે છે.

આ વખતે એલીશા પંદર કે સોળ માઈલ દૂર કાર્મેલ પર્વત ઉપર રહેતો હતો. ઈશ્વરભક્તે બાઈને દૂરથી આવતી જોઈ, અને પોતાના નોકરને કહ્યું કે જો, પેલી તો શૂનામ્મી આવી. કાંઈક તો બન્યું હશે, તેને મળવાને દોડ અને શું છે તેની ખબર પાછી લાવ. એટલે તે તો ગયો. બાઈ સામી મળી. ગેહઝીએ તેને પૂછ્યું કે કેમ છે? તને, તારા ધણીને, છોકરાને, બધાંને કેમ છે? પણ બાઈએ તેને કશો ખુલાસો ન કર્યો—તેને સલામ કરી એટલું જ. એલીશા પોતાના નોકરને ઓળખતો હશે કે કેમ એ ખબર નથી પણ બાઈ તેને ઓળખતી હતી, અને તેથી તેની આગળ પોતાની બાબત કહેવાનું મન ન થયું.

બાઈએ ઘરમાં આવીને પ્રબોધકના પગ પકડયા. ગેહઝી અટકાવવા માગતો હતો પણ એલીશાએ કહ્યું, કે એને રહેવા દે; કેમકે એનું મન દુ:ખિત છે, યહોવાહે તે મારાથી છુપાવીને મને તે કહ્યું નથી. પછી બાઈએ પોતાની ગરજ જણાવી. તેણે પ્રબોધકને કહ્યું, કે "શું મેં મારા મુરબ્બી પાસેથી પુત્ર માગ્યો હતો? શું મેં તને નહોતું કહ્યું કે મને દગો દઈશ મા?" એટલામાં એલીશા બધું સમજી ગયો, અને એકદમ ગેહઝીને કહ્યું, કે "તારી કમર બાંધીને તથા તારી લાકડી તારા હાથમાં લઈને રસ્તો પકડ; કોઈ માણસ તને મળે તો તેને સલામ કરતો નહિ; ને કોઈ તને સલામ કરે તો તેને સામી સલામ કરતો નહિ; ને છોકરાના મોં પર લાકડી મૂક." પછી આપણે વાંચીએ છીએ કે ગેહઝી તેમની આગળ દોડયો, ને શૂનામ્મીને ઘેર પહોંચી જઈને તેણે છોકરાના મોં પર લાકડી મૂકી; પણ છોકરો કંઈ બોલ્યો કે ચળવળ્યો નહિ; માટે તેણે પાછા આવીને એલીશાને ખબર આપી કે છોકરો જાગૃત થયો નથી. મારા મિત્રો, હવે સવાલ એ ઉપસ્થિત થાય છે કે લાકડાનો શો વાંક હતો? અને જવાબ તરત મળે છે કે લાકડાનો કશો વાંક નહોતો; લાકડું તો નાલાયક માણસના હાથમાં હતું.

એલીશાએ શી રીતે માન્યું હશે કે આ માણસને આગળ મોકલવાથી ફાયદો થશે એ હું સમજી શકતો નથી. દુનિયાના બધા જ ઈશ્વરભક્તો ભોળા હશે એટલે સુધી મારૂં માનવું નથી પણ ઘણી વાર બહુ જ ભોળા હોય છે.

રસ્તામાં ચાલતો માણસ એલીશાને કહી શકે કે આ માણસ નાલાયક છે. શૂનેમમાં આ છોકરાની માએ ગેહઝીની હીલચાલ જોઈ હશે તેથી તે અહીં આગળ તેની સાથે વાત કરવા પણ ખુશી નથી; તોપણ આ માણસને એલીશા પોતાની લાકડી આપીને આ છોકરાને ઉઠાડવાને આગળ મોકલે છે. ખુશીની વાત છે કે ગેહઝી પાછળથી બદલાયો હોય એમ લાગે છે. યહોરામ રાજાની આગળ તેણે પાછળથી એલીશા વિષે બહુ સારી સાક્ષી આપી, અને તમને કદાચ યાદ હશે કે તે આજ ચમત્કારનું વર્ણન કરતો હતો એટલામાં બાઈ પોતે રાજાની આગળ એક વિનંતી કરવા આવી, અને રાજાના મન ઉપર ગેહઝીની વાતની અસર થયાથી રાજાએ તેની વિનંતી મંજુર કરી. હા, ગેહઝી સુધરી ગયો પણ તે કેટલી બધી વિંટંબણા વેઠયા પછી સુધરી ગયો તે વિષે પણ પવિત્ર શાસ્ત્રમાં વર્ણવેલું છે. ગેહઝી તો સહેલાઈથી સુધરી નથી ગયો.

હવે પ્રભુનું કામ નિષ્ફળ જાય છે ત્યારે કોને સારૂં લાગે છે? પણ જ્યારે આપણે પોતામાં કારણ શોધવું જોઈએ ત્યારે તો આપણે બહાર જઈને તે શોધીએ છીએ. પ્રબોધકે ગેહઝીની મારફતે જે સમાચાર કહેવડાવ્યા તે કેટલા બધા પ્રેમી સમાચાર હતા, પણ ત્રાહિત માણસના મોંમાં તો એ સમાચારનો અર્ધોપોણો જીવ નાશ પામ્યો હશે. વળી સમાચાર લઈ જનાર આવો માણસ હોય તો બીજું શું પરિણામ આવે? તને સારૂં છે? તારા ધણીને સારૂં છે? છોકરાને સારૂં છે? આ વર્તુળમાં તો બાઈનું સઘળું રાગહિત સમાએલું હતું. આટલાને સારૂં હોય તો બધું સારૂં અને સારૂં ન હોય તો શું સારૂં એ સ્થિતિ હતી! પરંતુ આ સમાચાર જેવા પ્રબોધકના મોંમાંથી નીકળ્યા તેવા ને તેવા પ્રેમસૂચક અને દિલાસાભર્યા તે ન રહ્યા. જેનું હૃદય ટંડું હોય, જે કેવળ બેપરવાઈ રાખતો હોય તેવા માણસની મારફતે સમાચાર મળે તો તેની કેટલી અસર થાય? વળી જેવી રીતે ગેહઝીએ પોતાના ધણીના સમાચાર બગાડ્યા તેવી જ રીતે આપણે પણ પોતાના સ્વામીના સમાચાર ઘણી વાર બગાડીએ છીએ. સમાચાર છે તો બહુ જ પ્રેમી, પણ આપણામાં પ્રેમ ન હોય તો? ગેહઝીના કરતાં કોમળ હૃદયવાળાના હાથમાં જો ચાવી હોય તોજ આવું દુ:ખિત હૃદય ઉઘડી શકે. માણસો પર તારનારનો પ્રેમ અમર્યાદિત છે, પણ સમાચાર લઈ જનારાઓજ અપ્રેમી હોય તો તેની અસર કેવી રીતે પહોંચી શકે? સુવાર્તાનું લાકડું સમર્થ છે, પણ તે નાલાયક માણસના હાથમાં હોય તો?

એક વખતે શિષ્યો એક છોકરાને સાજો કરવામાં નિષ્ફળ ગયા હતા. તેઓ અજાયબ થયા અને સાથે સાથે તેઓને શરમ પણ લાગી હતી. કેમકે આ ચમત્કાર કરવાને માટે જે શક્તિની જરૂર હતી તે શક્તિ પ્રભુએ તેમને આપી હતી, અને તેજ શક્તિનો ઉપયોગ કરીને તેઓએ પહેલાં ઘણાંને સાજાં કર્યાં હતાં.

તો આ પ્રસંગે તેઓનું કામ નિષ્ફળ ગયું તેનું કારણ શું ? તેઓએ ઈસુને પૂછ્યું કે આમ કેમ થયું ? ત્યારે આપણા પ્રભુએ તેઓને એવો જવાબ આપ્યો કે તમારા અવિશ્વાસને લીધે આમ થયું. આથી તેઓ અચરત થયા હશે, કેમકે માણસો ઘણું કરીને બીજે બધે શોધ કર્યા પછી પોતાનો વાંક શોધે છે. હવે આપણું કામ તદ્દન નિષ્ફળ ગયું છે એમ હું કહેવા માગતો નથી. પ્રભુના નામને ધન્ય હો કે આપણી લાયકાત ઉપરાંત આપણને સફળતા મળી છે. સફળતા અને નિષ્ફળતા બન્ને છે. સફળતા જોઈને આપણને ખાતરી થાય છે કે મોટો ખજાનો આપણી પાસે છે; નિષ્ફળતા જોઈને આપણને ચેતવણી મળે છે કે આ ખજાનો માટીનાં પાત્રોમાં રાખવામાં આવે છે. ખ્રિસ્ત જોકે પોતાનું બળ આપણને આપે છે તોપણ આપણે તે છોડી દઈને પોતાના બળથી કામ કરવા માગીએ છીએ.

વહાલાંઓ, આપણે ઈશ્વરનો વાંક ન કાઢી શકીએ; તેની ઇચ્છા એવી છે કે સઘળાં માણસો તારણ પામે અને સુવાર્તાના અજવાળામાં આવે. સુવાર્તાનો વાંક ન કાઢીએ; કેમકે દરેક વિશ્વાસ રાખનારને તે તારણ આપનારૂં દેવનું પરાક્રમ છે. હા, શેતાનનો વાંક કાઢવો એ પણ વાજબી નથી; કેમકે જગતમાં જે છે તેના કરતાં આપણામાં જે છે તે મોટો છે. મંડળીના બંધારણનો પણ વાંક ન કાઢીએ; કેમકે બંધારણ ગમે તેવું હોય તો પણ જો તે ખરા માણસોના હાથમાં હોય તો તેદ્વારા ઈશ્વર પોતાનું કામ કરી શકે છે. નિષ્ફળતા હોય તો આપણો જ વાંક છે. લાકડાનો કશો વાંક નથી, પણ તે નાલાયક માણસોના હાથમાં હોય તો શું કરે ?

સુવાર્તિકોનું અયોગ્ય જીવન, તેમનો અપ્રેમ, તેમનો અવિશ્વાસ, એ બધાં વાનાં સુવાર્તાના વેગને અટકાવે છે. બીજી એક નડતરરૂપ બાબત છે અને તે આપણ બધાંને નડે છે, એટલે પવિત્ર વાનાં સંબંધી અયોગ્ય છૂટ. આ સેવા કેટલી બધી પવિત્ર છે તે આપણે ભુલી જઈએ છીએ. "જાઓ, જાઓ, ત્યાંથી નીકળો, કંઈ અશુદ્ધ વસ્તુને અડકશો મા; તેની વચમાંથી નીકળો; યહોવાહનાં પાત્રો ઊંચકનારાઓ, તમે શુદ્ધ થાઓ." આવી લાગણીથી જૂના કરારના પ્રબોધકો પોતાનું કામ કરતા હતા, તો આપણે નવા કરારના સેવકો થઈને એમ શા માટે ન કરીએ ? પાળકના મન પર જ્યાં સુધી આ અસર રહેશે ત્યાં સુધી તેનું કામ અસરકારક થશે. એ અસર નષ્ટ થશે ત્યારથી તેનું બધું કામ નકામું થશે. જ્યારે પોતા ઉપર આવી અસર ન હોય ત્યારે તે બીજા પર શી રીતે કરી શકશે ? છતાં પાળકપદ પામ્યા પછી ઘણા પાળકોના મન પરથી આ હિતકારક અસર દૂર થાય છે. પાળકને માટે શેતાનનું ભયંકરમાં ભયંકર પરીક્ષણ આ છે, એટલે પવિત્ર વાનાંની સાથે છૂટ ભોગવવાનું. પાળકનું કામ ધંધારૂપ થઈ પડે છે ત્યારે તે મૂકી દેવાનો વખત આવ્યો છે એમ સમજવું.

માણસ પોતે ક્યારે બેદરકાર બને છે તે વિષે ઘણી વાર તેને પોતાને ખબર પડતી નથી. પણ તે જાણવાની એક અચૂક રીત છે, એટલે પ્રાર્થના કરવાનું મન નથી થતું ત્યારથી ચેતતા રહેવાની જરૂર છે. આસ્થા ઓછી થવાનું પહેલું જ પરિણામ એ છે. જે માણસ પોતે જાગૃત નથી રહેતો તે બીજાને શે જગાડે? જે માણસ પોતે વિશ્વાસ નથી કરતો તે બીજાઓમાં વિશ્વાસ શી રીતે ઉપજાવે? આપણે જે વાતો કહીએ છીએ તે જો આપણે પોતે અંતઃકરણપૂર્વક માનતા ન હોઈએ તો તે કોઈ માણસને ગળે ઊતરશે નહિ. વળી માણસ ઉપર અસર નહિ કરી શકીએ તો ભૂતો પર શી અસર થશે? ભલે ખ્રિસ્તના નામે બોલતા હોઈએ પણ પૂરી ખાતરીથી વાત નહિ કરી શકીએ, તો હું ઈસુને ઓળખું છું, અને પાઊલને પણ ઓળખું છું, પણ તમે કોણ! એ સિવાય બીજો જવાબ આપણને મળવો દુર્લભ છે.

એલીશા કે ગેહઝી, એમાંથી કોનો વધારે ભરોસો રાખી શકાય તે શૂનામ્મી બાઈ સારી રીતે જાણતી હતી. ગેહઝી લાકડી લઈને છો દોડતો પણ ત્યાં ને ત્યાં એલીશાને વળગી રહેવું એજ તેને સારૂં લાગ્યું. વળી સાધારણ ખ્રિસ્તી મંડળીની સમજશક્તિ પણ એટલી જ છે. ઠંડા અને આસ્થા વગરના માણસના હાથમાં સમર્થમાં સમર્થ સાધનો પણ નકામાં છે. આખા જૂના કરારમાં કદાપિ સૌથી ઉદાસીનતાભર્યા શબ્દો આજ હશે: "તેણે કહ્યું, શામશૂન, પલિસ્તીઓ તારા પર ચઢી આવ્યા છે. ઊંઘમાંથી જાગીને તેણે કહ્યું, હું પ્રથમની પેઠે બહાર નીકળી જઈને મારૂં શરીર ખંખેરીશ. પણ તે જાણતો નહોતો કે યહોવાહ મારી પાસેથી જતો રહ્યો છે." આ સ્થિતિ સુવાર્તાના કોઈ પાળકની થાય છે ત્યારે તો તેના જેવી કરુણ સ્થિતિ બીજી હોઈ શકે નહિ.

ઈશ્વરની સાથે તેના લોકોનો કેવો સંબંધ હોવો જોઈએ તે દેખાડવાને માટે પવિત્ર શાસ્ત્રમાં વિવાહ શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. મંડળી સાથે પોતાનો જે સંબંધ છે તે વિષે ખ્રિસ્ત પણ એજ ઉપમા વાપરે છે. વળી કોઈ મંડળી સાથે નવા પાળકને જોડી દેવામાં આવે છે ત્યારે પણ એક જાતનો વિવાહ થાય છે. સંબંધ નિકટનો છે અને તે જોડવાનો પ્રસંગ અતિ ગંભીર અને પવિત્ર છે. મંડળીને એક કુટુંબના રૂપમાં ફેરવવામાં આવે છે, અને પાળક તેનું શિર છે. આ પ્રસંગમાંથી ઈશ્વરના મહિમાને અર્થે કેટલા બધા આશીર્વાદો ઉદ્ભવી શકે છે! આજથી બીજા કોઈનો નહિ પણ ઈશ્વરનો મહિમા આ મંડળીમાં શોધવામાં આવે એવો નિશ્ચય કરો. પાળક પોતાનું વર્તન નિર્મળ રાખીને રાત અને દિવસ પોતાના લોકોનું હિત વધારવાના પ્રયત્નો કૃપાસન પાસે કરે, અને મંડળીના લોકો પણ એજ કૃપાસનની પાસે પ્રાર્થના વડે

પોતાના પાળકના હાથ બળવાન કર્યા કરે તો તો આ સ્થળે ઇશ્વર શું નહિ કરી શકે ?

આ મંડળી અને તેના પાળક એ બન્નેને ખ્રિસ્તને સ્વાર્પણ કરવાની નવી તક આપવામાં આવે છે. બાપોનાં મન છોકરાં તરફ તથા તેને ન માનનારાઓને ન્યાયીઓના જ્ઞાન પ્રમાણે ચાલવાને ફેરવવાનું ખ્રિસ્તનું જે સુંદર કામ તેમાં તેણે તમો બધાંને ભાગીદાર કર્યાં છે. તેમાં કોઈ ડખલગીરી ન કરશો; કેમકે તમારી મારફતે તે આકાશી કુટુંબની સંખ્યા પૂરી કરવા ઇચ્છે છે, અને તમારા પ્રયત્ન વડે એક વાર વધસ્તંભ ઉપર જે બોલ્યો હતો તે હજુ ઘણી વાર રાજ્યાસન પરથી બોલવાની ઇચ્છા રાખે છે, કે "બાઈ, જો, તારો દીકરો; ભાઈ, જો, તારી મા!"

૧૪. પ્રગટ કરનારી ફાટ

"રાજાએ તે સ્ત્રીના શબ્દો સાંભળ્યા, ત્યારે તેણે પોતાનાં વસ્ત્ર ફાડયાં;......ત્યારે લોકોએ અંદરની બાજુએ તેના અંગ પર તેણે તાટ પહેરેલું જોયું" (૨ રાજા. ૬; ૩૦).

આપણે વાંચીએ છીએ કે અરામના રાજા બેન-હદાદે પોતાનું સઘળું સૈન્ય એકત્ર કર્યું, ને ચઢી આવીને સમરૂનને ઘેરો ઘાલ્યો. સમરૂનમાં ભારે દુકાળ પડયો; ગધેડાની મુંડી એંસી શેકેલે, તથા પા માપ કબૂતરની અઘાર પાંચ શેકેલે વેચાવા લાગી, ત્યાં સુધી તેઓ તેને ઘેરો ઘાલી રહ્યા. આ વખતમાં સમરૂનના રહેવાસીઓની સ્થિતિ કેવી થઈ ગઈ હશે તે આપણે સહેજે સમજી શકીએ છીએ. છતાં એલીશાએ બેન-હદાદને આધીન નહિ થવાની સમરૂનના માણસોને આગ્રહપૂર્વક સલાહ આપી. આ સ્થિતિમાં રાજા પોતે અર્ધો ગાંડો બની ગયો હતો; યહોવાહનો ત્યાગ કરવા તેનું પરીક્ષણ થયું; એલીશા પર તેને ક્રોધ ચઢયો અને તેને પકડવાને માટે તેણે માણસ મોકલ્યા. પછી વળી તેણે પસ્તાવો કર્યો અને પોતાનો હુકમ રદ કરવાને માટે તે તેમની પાછળ ગયો. ત્યાં આવીને તેણે કહ્યું, કે "આ આપત્તિ તો યહોવાહ તરફથી છે; યહોવાહની વાટ હું હવે પછી શા માટે જોઉં?" ત્યારે "એલીશાએ કહ્યું, કે તમે યહોવાહનું વચન સાંભળો: યહોવાહ કહે છે, કે કાલે સુમારે આ વેળાએ સમરૂનની ભાગળમાં એક માપ મેંદો એક શેકેલે, ને બે માપ જવ એક શેકેલે [વેચાશે]." બધાંને એમજ લાગ્યું કે એલીશા તો ગાંડો હશે. એક સરદાર વળી એમ બોલ્યો, કે "યહોવાહ આકાશમાં બારીઓ કરે તોપણ એ વાત બની શકે શું?" એલીશાએ કહ્યું, કે "તું તે નજરે જોશે, પણ તેમાંથી ખાવા પામશે નહિ;" અને બન્યું પણ એમ જ!

હવે યહોરામ રાજા બધી રીતે વખાણપાત્ર માણસ હતો એ કોઈ પણ હિસાબે કહી શકાય તેમ નથી. એલીશાને તેને માટે બહુ માન નહોતું. યહોવાહની સાથે તેમજ યહોવાહના પ્રબોધકની સાથે આ માણસે જે વર્તન રાખ્યું હતું તે ઘણી વાર ગેરવાજબી હતું; છતાં તેના વખાણમાં જેટલું કહી શકાય તેટલું પવિત્ર શાસ્ત્રે આપણને જણાવ્યું છે, અને અહીં આગળ જે હકીકત જણાવવામાં આવે છે તે અતિ સુંદર અને આકર્ષક લાગે છે. સૈનિકોના પહેરાની તપાસ કરવાને માટે તે કોટ ઉપર ફરતો હતો ત્યારે એક સ્ત્રીએ તેની આગળ ચોંકાવનારી ફરિયાદ કરી. રાજાને ખબર તો હતી કે સમરૂન નગરમાં

ગરીબોની સ્થિતિ બહુ જ ભયંકર થઈ ગએલી છે, પણ છેક આવી સ્થિતિ હશે એ તે નહોતો જાણતો; કેમકે ભૂખે મરતાં મરતાં કેટલાંક તો પોતાનાં બાળકોને ખાવાને પણ તૈયાર થઈ ગએલાં હતાં. રાજા તો સ્તબ્ધ થઈ ગયો. "રાજાએ તે સ્ત્રીના શબ્દો સાંભળ્યા, ત્યારે તેણે પોતાનાં વસ્ત્ર ફાડ્યાં;......ત્યારે લોકોએ અંદરની બાજુએ તેના અંગ પર તેણે તાટ પહેરેલું જોયું."

આ બનાવ જેટલાના જોવામાં આવ્યો તે બધાંના મન પર કેટલી બધી સારી અસર થઈ હશે તે આપણે સહેજે સમજી શકીએ છીએ. પોતાના લોકોની આપત્તિને લીધે રાજા કેટલો બધો ત્રાસી ગયો હતો તે તેઓ જાણતા નહોતા. રોજ રોજ તેઓ રાજાના ભવ્ય મહેલ તરફ પોતાની આંખો ઊંચી કરતા હતા ત્યારે તો તેના વૈભવનાં જ ચિહ્નો તેઓની આગળ દૃશ્યમાન થતાં હતાં, પણ તેને અમારા અબળપણાની લાગણી થાય છે એની તેઓને શી ખબર? તેઓનાં દુઃખોમાં તે પણ દુઃખી થતો હતો તેની તેઓને શી ખબર? તેઓ એમજ ધારતાં હશે કે જોકે રાજા અમારી મધ્યે રહે છે તોપણ અમારી સ્થિતિથી તે નિરાળો રહે છે; અમારી સ્થિતિનું તેને ભાન ક્યાંથી હોય? પરંતુ જ્યારે રાજાએ પોતાનાં વસ્ત્રો ફાડ્યાં અને અંદરની બાજુએ તેણે તાટ પહેરેલું લોકોએ જોયું ત્યારે તો તેઓ અજાયબી પામ્યા હશે, અને તે રાત્રે જેમાં આ બાબતની ચર્ચા કરવામાં નહિ આવી હોય એવું એક પણ ઘર સમરૂન નગરમાં ભાગ્યે જ હશે.

જેઓએ આ દેખાવ જોયો હતો અને તે વિષે જેઓએ સાંભળ્યું તે બધાંનાં હૃદય કેટલાં બધાં ઉલ્લાસી થયાં હશે તેનો વિચાર કરો. જેઓ બબડાટ કરતા હતા તેઓએ તે કરવાનું માંડી વાળ્યું હશે. જેઓના હૃદયમાં શક પેસી ગયો હતો તેઓનો શક દૂર કરવામાં આવ્યો હશે. જે રાજા આવી રીતે પોતાના લોકોનાં દુઃખો તથા શોકમાં ભાગીદાર થવાને પોતાને નીચો કરતો હતો તેવા રાજાની સેવામાં તો દુઃખ, થાક અને ઘા ભૂલી જવામાં આવ્યા હશે. આવા રાજાની પાછળ જવાની કોણ ના પાડે? આવા રાજાને માટે લડવા કોણ ખુશી ન હોય? તેઓનાં શરીરો ઘા તથા ભૂખમરાથી ભલે ઘસાઈ ગયાં હોય પણ તેઓનાં હૃદયો આશા તથા પ્રેમભાવથી ભરપૂર થયાં હશે; પોતાના રાજાના અંગ પર તાટ પહેરેલું જોયા પછી તો આ બધું સહન કરવાની વધારે શક્તિ તેઓમાં આવી હશે આખું વાતાવરણ બદલાઈ ગયું હશે. પોતાના રાજાને માટે તેમજ પોતાના નગરને માટે હેરાન થએલા લોકોના હૃદયમાં નવી આસ્થા ઉત્પન્ન થઈ હશે, અને તેઓનું પોતાનું સ્વમાન તેમને પાછું મળ્યું હશે. હા, મને ખાતરી થાય છે કે તે રાત્રે તેઓ જમવા બેઠા ત્યારે તો ઘણાને માટે ગધેડાની મુંડી એક જાતના સંસ્કારના રૂપમાં ફેરવી નાખવામાં

આવી હશે. છતાં રાજાએ જે કૃત્ય કર્યું હતું તે ઉપરઉપરથી સાધારણ કૃત્ય લાગે છે; એટલા જ કૃત્યથી તેઓનાં દુઃખો દૂર થાય તેમ નહોતું. પરંતુ લોકોએ જે જોયું હતું તે તેઓ ભૂલી શક્યા નહિ; તેઓનાં હૃદયોમાં આ કૃત્ય સંઘરી રાખવામાં આવ્યું, અને જ્યારે આ બારીક સમયનો ઇતિહાસ લખવામાં આવ્યો ત્યારે પાછળની પેઢીઓને વાંચવાને માટે યહોરામના સ્મરણાર્થે તેને યોગ્ય સ્થાન આપવામાં આવ્યું.

નગરને ઘેરો ઘાલવામાં આવે છે ત્યારે અંદરની જગા તેના રહેવાસીઓને સાંકડી લાગે છે. ઘેરો ઘાલેલાની જેવી સ્થિતિ છે તેવી ઘણી વાર આપણી પણ થાય છે. છૂટથી ફરવાની મરજી કેવળ સ્વાભાવિક છે, પણ ઘણી વાર આપણી જિંદગીના સંજોગો આપણે માટે ઘેરો ઘાલેલા નગરના કોટ સમાન બને છે, અને જે ક્ષેત્રમાં આપણે હરવાફરવાનું હોય છે તે આપણને સાંકડું લાગે છે. પરીક્ષણો ચારે બાજુએ આપણી આસપાસ વિંટળાઈ રહે છે; અદૃશ્ય દુશ્મનો રાતદિવસ આપણા ઉપર હુમલા કરે છે. નિષ્ફળતા આપણને નાહિમ્મત બનાવી દે છે, તેથી આ સ્થિતિ ક્યાં સુધી સહન થાય અને આ ઝઘડામાં ક્યાં સુધી નભી રહેવાય એ વિષેના વિચારમાં આપણે મૂંઝાયા કરીએ છીએ. વળી કોઈ વાર ઈશ્વર આ બધી ગુંચવણોથી નિરાળો રહેતો હોય, આપણી સ્થિતિ વિષે અજાણ હોય અગર બેપરવાઈ રાખતો હોય એમ આપણને લાગે છે. "હે અમારા રાજા, સહાય કર," એ સમરૂની બાઈની બૂમ સ્વાભાવિક હતી. રાજાના મહેલમાંથી સહાય ના મળે તો તે ક્યાંથી મળે? આપણે પણ ચારે બાજુએ ઈશ્વરના વૈભવનાં ચિહ્નો જોયાં છે: "આકાશો દેવનું ગૌરવ પ્રસિદ્ધ કરે છે; અને અંતરિક્ષ તેના હાથનું કામ દર્શાવે છે. દહાડો દહાડાને [તેના વિષે] કહે છે, અને રાત રાતને [તેનું] જ્ઞાન પ્રગટ કરે છે...જગતના છેડા સુધી તેઓની સાક્ષી પ્રસરેલી છે." છતાં ઘણી વાર આપણા અગત્યના સમયમાં તે આપણાથી આઘો દેખાય છે. પરંતુ કદી એવો પણ વખત આવે છે કે જેમાં ઈશ્વરનું સાંધા વગરનું લૂગડું ફાટી જાય છે અને પોતાના અંગ પર તેણે તાટ પહેરેલું આપણા જોવામાં આવે છે.

અમેરિકાના આંતરિક વિગ્રહમાં એક સેનાપતિનું નામ જેક્સન હતું. તેના સૈનિકોએ ખુલ્લા મેદાનમાં છાવણી કરી હતી. શિયાળાનો વખત હતો, અને હિમ પુષ્કળ પડતું હતું. એક સવારે સૈનિકો જાગ્યા ત્યારે તો તેઓના ધાબળા ઠરીને લાકડા જેવા થઈ ગયા હતા. તે પરથી હિમ ખંખેરી નાખીને તેઓ ઊભા થયા અને જેક્સનને શાપ દેવા લાગ્યા. બબડતા બબડતા તેઓ કહેવા લાગ્યા, કે આપણા આ બધા ત્રાસનું કારણ તે તો જેક્સન છે. પાસે એક માણસ સૂતેલો હતો તે સૌની પાછળ જાગ્યો. તે પણ ઊભો થઈને હસવા લાગ્યો ત્યારે

તેઓએ જાણ્યું કે આ તો જેકસન પોતે છે. તે કોઈના જાણ્યા સિવાય રાત્રે આવીને તેઓની વચમાં સૂઈ ગયો હતો. થોડા જ કલાકમાં આ વાતની ખબર આખા સૈન્યમાં પ્રસરી ગઈ, અને તે દહાડાથી જેકસનને માટે એકેએક સૈનિક પોતાનો જીવ આપવા તૈયાર થયો. આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત સર્વ વાતે આપણી પેઠે પરીક્ષણ પામ્યો હતો તે વાતની અસર આપણા પર તેના જેવી જ થાય છે.

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના મરણનું રહસ્ય આજ બાબતમાં સમાએલું છે, અને તેથી સમરૂનના ઘેરાની વાર્તામાં પ્રભુના સંતો દુનિયાને તારવાનો ઈશ્વરનો જે સદાકાળિક ઈરાદો છે તેનું દૃષ્ટાંત જોઈ શકયા છે. જ્યારે લડાઈ વિશેષ દારૂણ હતી અને કોઈ દિશામાં હેરાન થએલા મનુષ્યને માટે આશાનું એક પણ ચિહ્ન દેખાતું નહોતું ત્યારે તો આખી સૃષ્ટિનો રાજા કોટ પર આવ્યો; ગલગથાની ટેકરી પર ઈશ્વરે પોતાનાં વસ્ત્રો ફાડ્યાં, અને પિતાના હૃદય પર વિસ્મિત થએલી દુનિયાએ તાટ પહેરેલું જોયું. ગલગથાની ટેકરી પર ઈશ્વરે પાપથી ઘેરાએલાં સર્વ મનુષ્યોને હાંક મારીને કહ્યું, કે "હે પૃથ્વીના છેડા સુધીના સર્વ લોકો, મારા તરફ જુઓ અને તારણ પામો;" અને પૃથ્વીના છેડા સુધીના સર્વ લોકોએ જોયું; તો જુઓ, "અંદરની બાજુએ તેના અંગ પર તેણે તાટ પહેરેલું હતું."

હવે ઈશ્વરે ગલગથા પર પોતાનાં વસ્ત્રો ફાડયાં ન હોત તો તેનું હૃદય કેવું છે અને આપણાં જેવાં પાપી સ્ત્રીપુરુષોને માટે તેને કેટલી લાગણી છે એ આપણે જાણવા પામત નહિ. એક અરબી છોકરો વર્તમાનપત્રો વેચવાનું કામ કરતો હતો અને એક દિવસે એક ગૃહસ્થ માણસે તેની પાસેથી એક વર્તમાનપત્ર ખરીદ્યું. ત્યાર પછી જ્યાં જ્યાં આ ગૃહસ્થ શહેરમાં ફરતો હતો ત્યાં ત્યાં આ છોકરો તેની પાછળ ફરતો હતો. ગૃહસ્થને ગાડી મંગાવવી હોય તો આ છોકરો ગાડીવાળાને બોલાવી દેતો અને જુદી જુદી રીતે નાની સેવાઓ કરતો હતો. છેવટે ગૃહસ્થનું ધ્યાન છોકરા ઉપર ગયું અને તેણે તેને પૂછયું, કે "શું તું મને ઓળખે છે?" છોકરાએ કહ્યું, કે "ના, પણ એક દિવસે તમે મને દીકરો કહ્યો, માટે તમારી સેવા કરવાની મરજી છે. હું ધારતો હતો કે મારૂં કોઈ નથી." આપણી પણ એજ સ્થિતિ હતી. આપણે ધારતા હતા કે આપણું કોઈ નથી, પણ ગલગથાની ટેકરી આગળ આપણને બાપ મળ્યો, ત્યારે તો આપણને ખાતરી થઈ કે જે પરાક્રમથી બધું થાય છે તે પ્રેમી પરાક્રમ છે.

આથી આપણા જીવનમાંથી બધી મુશ્કેલીઓ દૂર થાય છે એમ તો નથી; કેમકે આ દુનિયા તે કેવળ નિશાળ છે અને તેમાં જે અભ્યાસક્રમ ચાલે છે તે વડે આપણને બીજી દુનિયાને માટે તૈયાર કરવામાં આવે છે. પરંતુ આવું દર્શન પામ્યા પછી આપણે જાણે અદૃશ્યને જોતા હોઈએ તેમ અડગ રહી શકીએ

છીએ. મારો બાપ આવો છે એમ જાણીને ઈસુ તોફાન મધ્યે હોડીમાં શાંતિથી ઊંઘી શકતો હતો; મારો બાપ આવો છે એમ જાણીને જે રાત્રે તેને પરસ્વાધીન કરવામાં આવ્યો તેજ રાત્રે તે તેની ઉપકારસ્તુતિ કરી શક્યો; અને મારો બાપ આવો છે એમ જાણીને મરતાં મરતાં તે ખીલાઓની વેદના તથા દુશ્મનોની મશ્કરી સહન કરી શકતો હતો.

લોર્ડ લિટન જે હિંદુસ્તાનના વૉઈસરોય સાહેબ હતા તેમના મન ઉપર આ વિચારની કેટલી બધી અસર થતી હતી તે તેમણે પોતાના પિતા પર લખેલા કાગળ પરથી જણાય છે. એ પત્રમાં તે કહે છે, કે "આવો ઈશ્વર હોય તો મનુષ્યોને તેની જેટલી જરૂર છે તેટલી તેને મનુષ્યોની પણ જરૂર હશે." જ્યાં સુધી પાપ તથા દુઃખ તેની પ્રતિમા પ્રમાણે સૃજાએલાં મનુષ્યોમાં જોર કરશે ત્યાં સુધી તેણે અંગ પર પહેરેલું તાટ રહેશે. પણ તાટનું દર્શન જેઓ ક્રૉટ પર રાજાના કામમાં રોકાએલા હતા તેમને જ થયું. વળી જેઓ પોતાનો વધસ્તંભ ઊંચકીને તેની પાછળ ચાલ્યા છે તેઓને જ માટે ખ્રિસ્તનો વધસ્તંભ ફાયદાકારક છે; જેઓને ખ્રિસ્તની તારકશક્તિનો અનુભવ થયો હોય તેજ તેમાં આનંદ કરી શકે છે; તેજ તે પ્રગટ કરી શકે છે: "આજનો દિવસ તો વધામણીનો દિવસ છે, ને આપણે તો ચૂપ રહ્યા છીએ; જો સવારે અજવાળું થતાં સુધી આપણે થોભીશું તો આપણને શિક્ષા થશે."

આ હેબ્રી રાજાએ હજાર ભાષણ કર્યાં હોત તો પણ આ એક કૃત્યથી જેટલી અસર થઈ તેટલી ન થાત; તેમજ આપણને જે તારે છે તે ખ્રિસ્તનું શિક્ષણ છે એમ નહિ પણ તેનું કામ છે; તાટ જોઈને લોકો તારણ પામ્યા. વળી આજે પણ પહાડ પરનું ભાષણ નહિ પણ ગલગથાનો યજ્ઞ તેજ આપણું તારણ સાધવાનો છે. રૂપાંતરના પહાડ પર જ્યાં તેનાં લૂગડાં ઉજળાં, બહુ જ સફેદ થયાં, એવાં કે પૃથ્વીમાં કોઈ પણ ધોબી તેવાં સફેદ કરી ન શકે, ત્યાં માંડવા બાંધીને રહેવાની મરજી થાય છે, પણ તે વાતાવરણ એકલા તારણ પામેલાઓને માટે છે. આપણે તો રૂપાંતરના પહાડ પર નહિ પણ ગલગથાની ટેકરી ઉપર માંડવા બાંધીને રહેવાનું છે. આપણે માટે રૂપાંતરના પહાડ પર જવાનો રસ્તો ગલગથા થઈને જાય છે. હાલ દુનિયાની સ્થિતિ એજ દેખાડે છે. પણ આ સ્થિતિ ન હોત તો ખ્રિસ્તને મરવાની જરૂર ન પડત; ઝઘડો ગંભીર હતો ત્યારે જ રાજાને ક્રૉટ પર આવવાની જરૂર પડી. અત્યારે તો દુનિયાની સ્થિતિ જોઈને નિરાશા ઉત્પન્ન થાય છે; વર્તમાનપત્ર વાંચીને આપણને તો ત્રાસ થાય છે. પરંતુ આજ દુનિયાને માટે ખ્રિસ્તે પોતાનું લોહી વહેવડાવ્યું, અને આપણને તેથી જ ખાતરી થાય છે કે ગલગથા પર જે પ્રેમ પ્રદર્શિત થયો તે "જ્યાં લગી ન્યાયકરણને જયમાં નહિ પહોંચાડે" ત્યાં લગી આપણને જવા દેશે નહિ.

૧૫. ભૂખમરા સમિતિ

"તેઓએ એકબીજાને કહ્યું, કે શા માટે આપણે અહીં બેસી રહીને મરી જઈએ?" (૨ રાજા. ૭; ૩)

લાંબા વખત ઉપર એક સમિતિ મળી હતી અને તેમાં આ સવાલની ચર્ચા કરવામાં આવી હતી. મળવાનું સ્થળ સમરૂનના દરવાજાની બહાર હતું. અરામીઓએ સમરૂનને ઘેરો ઘાલ્યો હતો. ઘણા વખતથી શહેરમાંથી કોઈ નીકળી શકે નહિ તેમજ તેમાં કોઈ પ્રવેશ કરી શકે નહિ એવી સ્થિતિ હતી. આ કારણથી બહારથી અનાજ વેચવા કોઈ ખેડૂત કે વેપારી શહેરમાં આવી શકતો નહોતો, અને શહેરમાં ખાવાનું થઈ રહ્યું હતું. મદદ ન મળે તો સમસ્ત પ્રજા ભૂખે મરી જાય એવું જોખમ રહેતું હતું. આ વખત બધાને માટે મુશ્કેલ વખત હતો, પણ બધાના કરતાં ભિખારીવર્ગની સ્થિતિ વધારે કરુણ બની હતી. જેમની સ્થિતિ કંઈક સારી હોય એવા તો પેટે પાટો બાંધીને ખાય પણ આ લોકોની શી દશા? વળી આ સમિતિ આવા માણસોની બનેલી હતી. તેઓ ભૂખે મરી જતા હતા, અને પોતાની આ સ્થિતિ વિષે વિચાર કરવાને માટે આ સમિતિને બોલાવવામાં આવી હતી.

હવે આ સમિતિના સભાસદો વિષે વિચાર કરવાનો છે. આ સમિતિમાં એક પણ સારી સ્થિતિનો માણસ નહોતો. બધા જ કોઢીઆ હતા; બધા જ બેકાર હતા અને તેમાંના કોઈની પાસે પાઈ પણ નહોતી. છતાં આ સમિતિએ જે ઠરાવ પસાર કર્યો તે પરથી હજારો વરસો પછી આજે તમને અને મને શીખવાનું મળે છે.

સૌથી પહેલો ઠરાવ આ લોકોએ એવો કર્યો કે આપણે કાંઈ કરવું જોઈએ. તેઓએ એકબીજાને કહ્યું, કે આપણે શા માટે અહીં બેસી રહીને મરી જઈએ? વળી આવા નિશ્ચય ઉપર કોઈ સમિતિ આવે છે ત્યારે તે કંઈક આગળ વધી છે એમ કહેવાય; કેમકે આપણે એવી ઘણી ઘણી સમિતિઓ જોઈ છે કે તેમાં પુષ્કળ ચર્ચા અને ભાષણો થાય છે પણ પરિણામ મીંડું; પરંતુ આ લોકોને કાંઈ કર્યા વિના છૂટકો નહોતો. તેઓની ગરજો ભારે હતી. તેઓને માટે જીવવું કે મરવું એ સવાલ હતો. હવે ગરજને અભાવે કાંઈ કર્યા વિના બેસી રહેવું એ એક વાત છે અને ગરજ હોવા છતાં બેસી રહેવું એ બીજી વાત છે. તમારું હૃદય દુ:ખી ન હોય તો તમને દિલાસાની જરૂર ન દેખાય એ સ્વાભાવિક છે; તમને ભૂખ ન લાગતી હોય તો રાંધણીઆનાં વાસણો ખખડવાથી તમારું ધ્યાન ન ખેંચાય એ

બનવાજોગ છે; પાપ વિષેની લાગણી ન થાય ત્યાં સુધી ખ્રિસ્તી માણસ વિનાશના નગરમાં બહુ ખુશીથી નિરાંતે બેસી શકે છે. પણ દરેકને માટે વહેલો કે મોડો એવો દિવસ આવે છે કે જેમાં તે બેસી રહી શકતો નથી, પણ બૂમ પાડે છે કે અનંતજીવન પામવાને માટે હું શું કરૂં? તમારે માટે પ્રભુ એવું કરો કે તે દિવસ તમારો છેલ્લો ન હોય!

વિચાર કરતાં આ સમિતિના માણસોને એમ લાગ્યું કે કશું કર્યા વિના રહેવું તેના કરતાં ગમે તે ઉપાય કરવામાં આવે તો સારૂં. નિષ્ફળતાની બીક લાગવાથી કશું ન કરવું તેના જેવી બીજી નિષ્ફળતા હોઈ શકે નહિ. ધારો કે આપણે બેસી રહીએ, એમ એક સભાસદે કહ્યું તોપણ આપણે મરવાનું તો છે જ. આપણે અહીં પડી રહીએ તો રાત્રે આપણે ઊંઘી જઈએ તે વખતે કોઈ રોટલા નાખી જશે તો નહિજ. બેસી રહેવાથી આપણી આ ક્રૂર ભૂખ મટી જવાની નથી. આપણે શા માટે અહીં બેસી રહીને મરી જઈએ? બેસી રહીએ તો પરિણામ તે મરણજ આવશે; બીજી વાત નહિ; માટે ચાલો, આપણે કાંઈ કરીએ.

"હેબ્રીઓને પત્ર" લખનાર એક બહુ જ ભારે પ્રશ્ન પૂછે છે અને તે એ છે કે "આપણે આવા મહાન તારણ વિષે બેદરકાર રહીએ તો શી રીતે બચીશું?" સવાલ એવો નથી કે આપણે ઈશ્વરની સામે લડીએ તો શી રીતે બચીશું? સવાલ એવો નથી કે મંડળીનો નાશ થવા દઈએ તો શી રીતે બચીશું? સવાલ એવો નથી કે આપણે આ બાઈબલ બાળીએ અને આ દેવળમાં દેવતા મૂકીએ તો શી રીતે બચીશું? સવાલ એવો નથી કે આપણે ખૂનીઓ અને વ્યભિચારીઓ બનીએ તો શી રીતે બચીશું? ન બચવું હોય તો આમાંનું કાંઈ પણ કરવાની જરૂર નથી. સવાલ એટલો જ છે કે "આપણે આવા મહાન તારણ વિષે બેદરકાર રહીએ તો શી રીતે બચીશું?" મૂળે જે વસ્તુ નાશમાં પહોંચાડે છે તે બેદરકારી છે.

મહેરબાની કરીને આ સવાલનો જવાબ આપો. શો જવાબ આપીએ? કેમકે આ બાબત વિષે બેપરવાઈ હોય તો બચાવનું ઠેકાણું નથી. ઈસુ ખ્રિસ્તની મારફતે જે તારણ આપવામાં આવે છે તે જો લેવાની ના પાડીએ તો તારણ પામતાં ચૂકી જવું એ સિવાય અન્ય પરિણામ આવશે નહિ. મારી આગળ ખાવાનું ધરવામાં આવે છે, પણ જો હું ખાવાની ના પાડું તો મારે માટે કોઈ શું કરે? વળી ઈસુ ખ્રિસ્ત જીવનની રોટલી છે અને જીવનનું પાણી છે; તેને હું ના પાડું તો આત્મિક રીતે મારે મરવાનું તો છે જ. મારા મનનો માનસિક વિકાસ કરવાનાં જે સાધનો છે તે વિષે હું બેદરકાર રહું તો શી રીતે બચું? બચાવ નથી. મારે અભણ રહેવું હોય તો દેશમાંની નિશાળો બાળી દેવાની જરૂર નથી; કૉલેજો ને પુસ્તકાલયોમાં દેવતા મૂકવાની જરૂર નથી. હું અભણ રહું

તે માટે એટલી જ જરૂર છે કે હું મારું મન બંધ કરીને શીખવાની ના પાડું. સાહિત્યમાં કે ક્રિકેટમાં મારે પ્રવીણ થવું હોય તો એ વસ્તુઓને પડતી મૂકવાથી પ્રવીણતા ન મળે. છતાં ઈસુ ખ્રિસ્તને પડતો મૂકીને માણસો ખ્રિસ્તી ગણાવા માગે છે! એ કરતાં આ સમિતિના માણસોનો નમૂનો ગ્રહણ કરવા જોગ છે. તેઓએ કંઈક કરવાનો નિશ્ચય કર્યો. તેઓએ એકબીજાને કહ્યું, કે આપણે શા માટે અહીં બેસી રહીને મરી જઈએ?

કંઈક કરવાનો નિશ્ચય કર્યા પછી શું કરવું એ સવાલ ઉપસ્થિત થયો. તેઓની આગળ બે રસ્તા હતા: એક તો તેમને પાછા શહેરમાં લઈ જવાનો હતો: એક સભાસદે સૂચના કરી કે આપણે પાછા શહેરમાં જઈએ તો? પણ બીજાએ તરત વાંધો લીધો: ના રે ના, ત્યાં જવાથી શો ફાયદો? આપણને તો શહેરનો અનુભવ થઈ ગયો છે અને ત્યાં જઈએ તો ચોક્કસ આપણું મરણ થએલું માનજો. એ વાત તો હવે ચોક્કસ જણાય છે, એટલે તેઓ ત્યાં ને ત્યાં પડી રહે તો મરવાનું હતું, અને શહેરમાં જાય તોએ મરવાનું હતું. ત્રીજું શું કરે? પછી બીજા સભાસદે એક ચોંકાવનારી દરખાસ્ત મૂકી: હું દરખાસ્ત કરું છું કે આપણે અરામીઓની પાસે જઈએ.

બધા સ્તબ્ધ થઈ ગયા. આ શી વાત! શું આ માણસનું મગજ ખસી ગયું છે? શું છે આ? પછી એ ભાઈએ ખુલાસો કર્યો: ભાઈઓ, હું ગાંડો તો કાંઈ નથી, પણ આપણી આવી સ્થિતિ છે. આપણને અરામીઓ ખાવાનું આપે એવી આપણે તેમને ફરજ પાડી શકીએ એવું કાંઈ નથી. અરામીઓ આપણા મિત્રો છે અને તેથી હું ત્યાં જવાનું સૂચવું છું એવું પણ નથી, કેમકે તેઓ આપણા દુશ્મન છે જ. વળી તેઓએ આપણને આમંત્રણ આપ્યું છે અને જરૂર આપણને ખવડાવશે એવું પણ નથી; તેમજ કોઈ ત્યાં ગયો હોય અને ખાઈને આવ્યો હોય એમ પણ નથી. દરખાસ્ત મૂકવાનું મારું કારણ જુદું છે; તે એટલું જ કે આપણે ત્યાં જઈએ તો તેઓ ત્યાં ને ત્યાં આપણને મારી જ નાખશે એવું ખાતરીપૂર્વક નથી જ. તેઓ આપણને મારી નાખશે એ ઘણું જ સંભવિત છે એ સાચી વાત, પણ એવી ખાતરી તો નથી, ખરું કે? રૂપીઆમાં એક પાઈ જેટલી આશા છે કે તેઓ આપણને જીવતા રહેવા દેશે, અને એટલી જ આશા હોય તોપણ આપણે શા માટે છોડી દઈએ? આપણે શા માટે અહીં બેસી રહીને મરી જઈએ?

દરખાસ્તને ટેકો મળ્યો; અને તે સર્વાનુમતે મંજુર થઈ. દિવસ થોડો જ બાકી હતો તોપણ તેઓએ પોતાનો ઠરાવ તરત અમલમાં મૂકવાનો નિશ્ચય કર્યો. તેઓ બીતા બીતા અરામીઓની છાવણી તરફ જવા લાગ્યા. દરેક પગલે પહેરેગીરોની બૂમ પડશે એવી દહેશત લાગતી હતી—કોણ જાય છે? ઊભા રહો!

બીક અને ભૂખ, એ બન્ને કારણોને લીધે ચારમાંથી એકેના ટાંટિયા સીધા રહેતા નહિ, અને પેટમાં ક્યારે ભાલો વાગશે એ વિષેની ચિંતામાં ને ચિંતામાં તેઓ ધીમે ધીમે અંધારામાં ફંફોસીને જતા હતા. છેવટે છાવણી આવી. છતાં કોઈ માણસ ન દેખાયું અને કૂતરૂં પણ ભસ્યું નહિ. આથી તેમની હિંમત વધી અને ટટાર ઊભા થઈને સૌથી નજદીક જે તંબુ હતો તે તરફ તેઓ ગયા. તોએ તેઓને વસ્તી હોવાનું ચિહ્ન ન દેખાયું. છેવટે એક જણે હિંમત ચલાવીને તંબુની અંદર ડોકિયું કર્યું, અને એકદમ હર્ષથી બૂમ પાડી: કોઈ નથી! છાવણી તદ્દન ખાલી છે અને અહીં તો આપણને વરસદહાડો ચાલે એટલું ખાવાનું પણ છે! આવીને જુઓ!

વળી એ વાત પણ ખરી! અરામીઓ બધું મૂકીને જતા રહ્યા હતા, અને આ ભૂખે મરતા કોઢીઆ તરત ખાવા લાગ્યા. રોટલા, ફળ, દૂધ, જે જોઈએ તે હતું, અને વળી પુષ્કળ હતું. તેઓએ ખાધું અને પીધું અને ધરાયા અને વળી સમરૂનના બધા માણસોને લાંબા વખત સુધી બસ થાય એટલું વધેલું હતું. રૂપીઆમાં એક પાઈ જેટલી આશા દેખાતી હતી પણ તે આશા તેઓએ જવા દીધી હોત તો! આટલી બુદ્ધિ આપણુ સર્વને મળે તો કેવું સારૂં! જેના પર હું તમને વિશ્વાસ રાખવાનું કહું છું તે તો કોઈ શત્રુ નથી; તે તો મિત્ર છે. જેની પાસે હું તમને બોલાવું છું તે સર્વકાળના પ્રેમથી તમારા પર પ્રેમ કરે છે, અને તમને શોધવાને માટે આકાશથી અહીં સુધી આવ્યો હતો. પ્રેમની ખાતર જ તે તમારા ઉપર પ્રેમ કરે છે, કેમકે તેની બીજી મતલબ નથી. "ઈશ્વરે જગત ઉપર એટલી બધી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે."

તમારી બાબત વળી આ કોઢીઆ કરતાં બહુ જુદી છે. તમને આમંત્રણ છે, આવો, "કેમકે સઘળું તૈયાર છે." તમારી તો રાહ જોવામાં આવે છે, કેમકે તમને બોલાવવાને માટે રાજાએ માણસ મોકલ્યા છે. ઘણું ખર્ચ કરીને, હા, ઈસુનું લોહી વહેવડાવીને તમારે માટે મિજબાની તૈયાર કરવામાં આવી છે, અને તમને બોલાવવાને માટે મને અને બીજાઓને પણ મોકલવામાં આવ્યા છે. આવો, આવો, એમ સુવાર્તા કહે છે; અને બધાંના કરતાં વિશેષ આગ્રહથી તે નામના ખ્રિસ્તીઓને કહે છે, કે આવો, તમને આમંત્રણ છે; તમારો આવકાર ખાતરીજનક છે, કેમકે બોલાવનાર એજ પોતે કહે છે કે જે માણસ મારી પાસે આવે છે તેને હું કાઢી મૂકનાર નથી.

જેણે પોતાને ઈસુ ખ્રિસ્તને સોંપ્યો ન હોય એવો કોઈ આજે મારૂં સાંભળતો હશે; તો એવા માણસને મારે કહેવું છે, કે એકવાર તમારૂં જીવન

તેને સોંપી તેનું અર્પણ કરી જુઓ. પછી તમને પોતાને કાંઈ ફેરફાર દેખાય છે કે નહિ એ વિષે વિચાર કરો. એમ કરવા જતાં તમારૂં નુકસાન તો નહિ થાય. ઉડાઉ દીકરાના મનમાં વહેમ તો હતો; પણ ધારો કે તેના બાપે તેનો સ્વીકાર ન કર્યો તોપણ દૂર દેશમાં તેને મરવાનું તો હતું જ. ઘેર આવીને ધારો કે સૌથી સારો જામો તેને પહેરાવવામાં ન આવ્યો, તોપણ તેની પાસે તો ચીંથરાં જ હતાં ને? પરંતુ તેના બાપે તેને દૂરથી આવતાં જોયો. બાપ પોતે જ તેને મળવાને માટે દોડયો. તે નાલાયકીનું ભાષણ કરવા તો લાગ્યો પણ તેના બાપે પોતે જ તેને રોકયો. લાવો, લાવો, તે કહે છે, ઘરમાં સારામાં સારૂં જે હોય તે મારા દીકરાને માટે લાવો. વહાલાઓ, તમે તમારા પ્રભુની પાસે આવો, તો તેનો પ્રેમ જોઈને તમને પોતાને જ અજાયબી લાગશે.

હવે આ સમિતિની બીજી બેઠક મળી અને તેમાં જે કામ ચાલ્યું તે જાણવા જેવું હતું: "પછી તેઓએ એકબીજાને કહ્યું, કે આ આપણે ઠીક નથી કરતા; આજનો દિવસ તો વધામણીનો દિવસ છે, ને આપણે તો ચૂપ રહ્યા છીએ; જો સવારે અજવાળું થતાં સુધી આપણે થોભીશું તો આપણને શિક્ષા થશે; માટે હવે ચાલો, આપણે જઈને રાજાના માણસોને ખબર આપીએ." આ સમિતિને અક્કલ હતી એટલું જ નહિ પણ સારૂં હૃદય હતું. તેઓએ પોતાનાં પેટ તો ભર્યાં હતાં પણ સમરૂનમાંના ભૂખે મરતા લોકો તેમને યાદ આવ્યા. સવારનું અજવાળું થતાં સુધી પણ તેઓએ થોભવાની ના પાડી. તેઓએ વિચાર કર્યો કે આપણે એક અજાયબ જેવી વાત કહેવાની છે; માટે તે કહીશું અને વળી એકદમ કહીશું. આ દરખાસ્તને પણ ટેકો મળ્યો અને તે પણ સર્વાનુમતે મંજુર થઈ.

હે ખ્રિસ્તી મંડળીના સભાસદો, આવીને આ ચાર કોઢીઆના પગ પાસે બેસો તો ખરા! આ ભૂખમરાની સમિતિનો નમૂનો લો. તમે જીવનની રોટલી ખાઓ છો એવો દાવો કરો છો તોપણ તમે બેસી રહી શકશો? જીવનનું પાણી તમે પીઓ છો તો જેઓ તરસ્યા છે તેઓને માટે શું તમને ચિંતા નથી? જો તમને પોતાના તારણ વિષે ખાતરી હોય તો તમારાથી શી રીતે છાના રહેવાય? આજ વધામણીનો દિવસ છે, આખી દુનિયામાં સારામાં સારી વાર્તા આપણે કહેવાની છે, ચાલો, આપણે માણસોને ખબર આપીએ.

આ સમિતિના હેવાલ ઉપરથી બે સંદેશા મળે છે: ભૂખ્યાઓને માટે એક સંદેશો છે, અને તૃપ્ત થએલાંઓને માટે પણ સંદેશો છે. જો હજી પણ કોઈને ભૂખ લાગતી હોય તો તેને માટે આ સંદેશો છે, કે તમે શા માટે અહીં બેસી રહીને મરી જાઓ. જેનાથી તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી એ શું તમે નથી જાણતા? તેજ તમારા બારણા

આગળ ઊભો રહીને ઠોકે છે અને કહે છે, કે જો તમે બારણું ઉઘાડશો તો હું અંદર આવીશ અને તમારી સાથે જમીશ અને તમે મારી સાથે જમશો. અહીં બેસી રહીને તમે શા માટે મરી જાઓ છો? વળી જો તમે પ્રભુના અન્નથી તૃપ્ત થયા અને તમારા આતુર આત્માને તેણે તૃપ્તિ આપી તો તમારે માટે બીજો સંદેશો એ છે, કે આ તમે ઠીક નથી કરતા; આજનો દિવસ તો વધામણીનો દિવસ છે, ને તમે ચૂપ રહ્યા છો. જો સવારે અજવાળું થતાં સુધી તમે થોભશો તો તમને શિક્ષા થશે. છતાં તમે હજી માનતા ન હો તો એક હિંદુએ એક મિશનરીને જે સલાહ આપી તેથી સારી સલાહ હું તમને આપી શકતો નથી. તેણે કહ્યું છે, કે હું મિશનરી હોઉં તો હું બાઇબલ સંબંધી કોઈની સાથે વાદવિવાદમાં ઊતરું નહિ; હું તો માત્ર તેના હાથમાં બાઇબલ મૂકીને તેને કહું, કે આ વાંચો. તમારા પાટીઆ ઉપર બાઇબલ હશે એમ હું માનું છું; હું પણ તમને કહું છું કે તે લઈને વાંચો.

૧૬. ભલાની ભૂલ

"તેના બાપ ઉઝ્ઝીયાહે જે સઘળું કર્યું હતું તે પ્રમાણે તેણે યહોવાહની દૃષ્ટિમાં જે સારૂં હતું તે કર્યું; પરંતુ યહોવાહના મંદિરમાં તે પેઠો નહિ, હજી સુધી લોકો અમંગળ કાર્યો કર્યા કરતા હતા" (૨ કાળ. ૨૭; ૨).

આ વાર્તા પુરાતન વખત વિષેની છે, છતાં તે આપણા જમાનાને પણ બંધબેસતી માલૂમ પડે છે. લેખકને યોથામ ઘણો સારો માણસ લાગતો હતો, અને તેના વિષેનું વૃત્તાંત જોકે ટૂંકું છે, તોપણ તેટલી જ હકીકત ઉપરથી તે આ લેખકને સારો લાગે એમાં નવાઈ જેવું કાંઈ નથી; કેમકે દરેક જમાનાના માણસોને સારાં લાગે એવાં લક્ષણો યોથામમાં જણાઈ આવે છે.

૧. આ માણસને ઈશ્વર તરફથી સારી શક્તિઓ આપવામાં આવી હતી. તે રાજા હતો, એટલું જ નહિ પણ તે રાજા થવા યોગ્ય હતો. નેતામાં જે જે લક્ષણો હોવાં જોઈએ તે બધાં લક્ષણો આ માણસમાં જોવામાં આવે છે. લાકડાના પુતળા જેવા ઘણા રાજાઓને દુનિયાએ જોયા છે, પણ આ માણસ તેવો નહોતો. તે પોતાના હોદ્દાને લગતી બધી જ શક્તિઓ ધરાવતો હતો.

૨. યોથામને સારી શક્તિઓ હતી એટલું જ નહિ પણ તે બીલકુલ આળસુ નહોતો. તે કામથી બીતો નહોતો, તે કામ કરવામાં મહેનતુ હતો. કેટલાક હોશિયાર માણસો કામથી અલગ રહેવામાં જ પોતાની હોશિયારીનો ઉપયોગ કરે છે, પણ યોથામ તેવો નહોતો. તે પોતા વિષે એમ સમજતો હતો કે સેવા કરાવવા નહિ પણ સેવા કરવાને ઈશ્વરે મને અહીં મોકલ્યો છે. બીજા મહેનત કરે અને હું ખાઉં એ મતનો યોથામ બીલકુલ નહોતો. તે પોતાના લોકોનો એક ઉત્સાહી સેવક હતો, બહાદુર સૈનિક હતો અને બુદ્ધિમાન રાજદ્વારી નેતા હતો.

૩. વળી યોથામ કેવળ પોતાના લોકોની દૈહિક બાબતોમાં રસ લેતો હતો એમ નથી. તે કિલ્લા તથા શહેર બાંધતો હતો એટલું જ નહિ પણ પોતાના લોકોના આત્મિક કલ્યાણમાં પણ તે રસ લેતો હતો. મારા લોકોને આત્મિક પોષણની પણ અગત્ય છે, એવું તે કબૂલ કરતો હતો. માટે તે મંડળીના કામમાં પણ પૈસાનો સારો ફાળો આપતો હતો. લેખક આપણને જણાવે છે કે તેણે યહોવાહના મંદિરનો ઉપલો દરવાજો બાંધ્યો.

૪. પરંતુ આ માણસ વિષે જે સારામાં સારી વાત જણાવવામાં આવે છે તે એ છે કે તેનું ચારિત્ર સારૂં હતું. તેનાં કામો સારાં હતાં, તેનું કારણ એ છે કે તેનું જીવન સારૂં હતું. લેખક કહે છે કે યહોવાહની આગળ તે સારી રીતે ચાલતો હતો, અને યહોવાહની દૃષ્ટિમાં જે સારૂં હતું તેજ તે કરતો હતો.

બધી રીતે યોથામને એક શક્તિમાન, પ્રામાણિક અને ઈશ્વરનું ભય રાખનાર પુરુષ તરીકે પવિત્ર શાસ્ત્રમાં ઓળખાવવામાં આવે છે.

છતાં આ પુસ્તકનો લેખક પૂરી રીતે યોથામનાં વખાણ કરી શકતો નથી. તે યોથામનો વાંક પણ કાઢે છે. તે વાંક બીજાઓને નહિ જેવો લાગે તો લાગે, પણ આ પુસ્તકના લેખકને તો તે ગંભીર લાગે છે. આ વાંક શો હતો? લેખક જણાવે છે કે તે યહોવાહના મંદિરમાં જતો નહોતો. હું એમ માનું છું કે તે વખતે જેઓ યરૂશાલેમના મંદિરમાં નિયમિત રીતે જતા હતા તેઓમાંના ઘણાખરા યોથામ કરતાં ઊતરતા માણસો હશે, અને તે વિષે લેખક પણ અજાણ્યો નહિ જ હોય. તોપણ આ બાબતમાં લેખક યોથામને વખાણી શકતો નથી. બીજી બધી રીતે તે તેને વખાણે છે, પણ આ બાબત જણાવતાં તેને ખેદ થયો હશે: "તેણે યહોવાહની દૃષ્ટિમાં જે સારૂં હતું તે કર્યું; પરંતુ યહોવાહના મંદિરમાં તે જતો નહોતો."

હવે એમ કેમ થયું હશે? દેવળમાં નહિ જવાનું યોથામનું કારણ શું? એ વિષે કેટલાએકને પૂછવામાં આવે છે, ત્યારે તેઓ કોઈ વાર એવો જવાબ આપે છે કે દેવળમાં ઘણા ઢોંગીઓ જાય છે, તેથી હું નથી જતો. હેન્રી ડ્રમ્મંડ નામના એક પ્રખ્યાત પાળક સ્કૉટલાંડમાં થઈ ગયા છે. તેમની સાથે આજ બાબત વિષે એક જુવાન વાત કરતો હતો. જુવાને કહ્યું કે પેલા ડોસાને જુઓ તો ખરા; અમારી નાસ્તિકોની જે સંસ્થા છે, તેની પ્રથમ સ્થાપના કરનાર પેલો ડોસો છે. પાળકે કહ્યું કે શી વાત કરો છો? એ તો મંડળીમાંનો એક આગેવાન વડીલ છે. જુવાને જવાબ આપ્યો કે સાચી વાત, પણ તેજ માણસના પ્રતાપે આ નાસ્તિક સંસ્થા ઊભી થએલી છે. તે કેટલો બધો ઢોંગી છે તે ગામમાંનું દરેક માણસ જાણે છે, અને તેજ કારણથી અમારે મંડળીની સાથે કાંઈ લેવાદેવા નથી. હવે યોથામને આ સવાલ પૂછવામાં આવ્યો હોત તો તેણે આવો જવાબ આપ્યો હોત એવું મારૂં માનવું નથી. એ જવાબ દેખીતો ગેરવાજબી છે, અને પોતે ઢોંગી હોય તેજ તે આપી શકે. દેવળમાં નહિ જવાનું યોથામનું કારણ ગમે તે હોય પણ તે આવું નહોતું એટલી તો મને ખાતરી છે.

૧. ઘણુંકરીને નાનપણમાં યોથામને દેવળમાં જવાની ટેવ પાડવામાં આવી નહિ હોય. જેઓનો નિયમસર દેવળમાં જવાનો રિવાજ હોય તેમને ઘણુંકરીને નાનપણમાં તેમ કરવાની ટેવ પડેલી હોય છે. કેટલાએક એવું કહેનારા મળે છે કે અમે નાના હતા ત્યારે અમારાં માબાપ અમને દેવળમાં જવાની ફરજ પાડતાં હતાં, અને અમારા ઉપર બહુ દબાણ કરીને અમને શાસ્ત્રનું શિક્ષણ આપતાં હતાં, તેથી અમે કંટાળી ગયાં છીએ, અને હવે દેવળમાં જવાનું અમે માંડી વાળ્યું છે. એવાંને પૂછીએ કે આવી રીતે મોઢે કરેલાં વાકયોમાંથી એકબે બોલો

તો તેમને કેટલાં યાદ રહ્યાં હશે? ઘણુંકરીને તેઓ એક પણ વાક્ય બોલી શકે નહિ. નાનપણમાં ફરજ પાડયાને લીધે દેવળમાં નહિ જનાર દરેક માણસ બદલ ફરજ નહિ પાડયાને લીધે દેવળમાં નહિ જનાર દશ હજાર હશે એમ હું માનું છું.

૨. ઘણુંકરીને યોથામને દેવળમાં જવાની અગત્ય જણાતી નહિ હોય. તે જુવાન હતો અને ફતેહમંદ હતો, અને એવાને પોતાની આત્મિક અગત્ય ઓછી જણાય એ સ્વાભાવિક છે. હવે માણસ દેવળમાં ન જાય છતાં તેનું જીવન સારૂં હોઈ શકે એ હું કબૂલ કરૂં છું, પણ ઇતિહાસ કહે છે કે જેઓએ માણસજાતને વિશેષ આભારી કરી છે, તેઓનો નમૂનો જુદો છે. મૅખલ ફારાદે નામનો પ્રખ્યાત રસાયનશાસ્ત્રી થઈ ગયો છે. તેને એક વખતે લંડનના તમામ આગેવાની ધરાવનાર રસાયનશાસ્ત્રીઓની આગળ ભાષણ કરવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. ભાષણ પૂરૂં થયા પછી તેનો આભાર માનવાની દરખાસ્ત કરવાને માટે પ્રિન્સ ઑફ વેલ્સ જેવી મહાન વ્યક્તિ ઊભી થઈ, ત્યારે તે સાંભળવાને માટે ફારાદે હાજર નહોતો! ભાષણ પૂરૂં કર્યા પછી તે તરત જ સભામાંથી ઊઠીને ચાલ્યો ગયો હતો; કેમકે બીજી સભામાં તેને જવાનું હતું. તે કઈ? પોતાની મંડળીને લગતી પ્રાર્થનાસભામાં જવાનું હતું. ત્યાં પ્રભુના દશપંદર સેવકો હાજર હશે, તોપણ એ સભામાં પ્રિન્સ ઑફ વેલ્સ, કે બીજા કોઈની પણ શરમ રાખ્યા વગર આ માણસે ગેરહાજર રહેવાની ના પાડી. યોથામને પોતાની અગત્ય ન લાગતી હોય તો ન લાગતી હોય પણ એ અગત્ય તો હતી જ. વળી પોતાને એવી અગત્ય છે એમ સમજીને આપણો પ્રભુ પોતે પણ સાબ્બાથને દિવસ મંદિરમાં જતો હતો.

૩. પરંતુ યોથામને એક ખાસ બાબત ખુંચતી હતી અને તે મારે જણાવવી જોઈએ. તેનો બાપ ધાર્મિક માણસ હતો, પણ સાથે સાથે તે સત્તાલોભી પણ હતો. એક વખતે ઉઝીયાહે મંદિરમાં જઈને યાજકનું કામ હાથમાં લીધું હતું. યાજકે તેને ના પાડી તોપણ તેણે માન્યું નહિ, અને પરિણામે તેને રક્તપિત્તનો માર પડયો. ત્યાર પછી ઉઝીયાહ મંદિરમાં જઈ શકયો નહિ. એ જોઈને તેના દીકરાએ પણ ત્યારથી જ દેવળમાં જવાનું માંડી વાળ્યું હશે. ગુજરાતમાં પણ જેઓ મંડળીની વિરૂદ્ધ વધારે પડતું બોલે છે, તેમનો ઇતિહાસ કાઢયો હોય તો ઘણુંકરીને આવું કાંઈક નીકળશે ખરૂં! હવે યોથામે વિચાર કર્યો હોત તો આ બાબતમાં મારૂં વર્તન ગેરવાજબી છે, એવું તેને માલૂમ પડયું હોત. હું એક હાથે મંડળી બાંધું છું અને બીજે હાથે તેને પાડી નાખું છું, એવું તેને માલૂમ પડયું હોત. તેને એમ પણ સૂઝયું હોત કે મારી માફક બધા વર્તશે તો પરિણામે મંડળીનો નાશ થશે. તેને વળી પોતા કરતાં નબળા ભાઈઓ વિષે સ્મરણ થાત અને પોતાને જરૂર જણાય કે ન જણાય તોપણ તેઓની ખાતર પણ તેને મંદિરમાં જવાનું મન થાત.

હવે આ ભલા માણસની ભૂલનું પરિણામ શું આવ્યું તે વિષે વિચાર કરીએ. યોથામને પોતાને માટે કોઈ ખાસ ગંભીર પરિણામ આવવા વિષે વાંચવામાં આવતું નથી, પણ લોકોને માટે અતિ ગંભીર પરિણામ વિષે વાંચવામાં આવે છે. "હજી સુધી લોકો અમંગળ કાર્યો કર્યા કરતા હતા." તદ્દન સાચી વાત છે કે કોઈ માણસ પોતાને અર્થે જીવતો નથી. હું પોતાને અર્થે જીવું છું, એમ સમજવામાં યોથામે મોટામાં મોટી ભૂલ કરી; કેમકે યાદ રાખો કે આ ભલો રાજા લોકપ્રિય હતો, અને તેને જોનાર તથા તેનું અનુકરણ કરનાર હજારો માણસો હતા. યોથામ દેવળમાં ન જાય છતાં પોતાનાં વસ્ત્ર શુદ્ધ રાખે તો રાખે પણ ઘણાખરાની સ્થિતિ એવી નહોતી; તેઓને પ્રભુના મંદિરની જરૂર તો હતી જ. યોથામ પોતા પર અંકુશ રાખી શકતો હતો, કેમકે ઈશ્વરની સાથે તેનો સીધો સંબંધ હતો, પણ તે બાબતમાં મંડળીના મોટા ભાગને મંદિરની ભજનસેવાની મદદની જરૂર હતી; વળી તેઓએ જ્યારે મંદિર છોડી દીધું ત્યારે તેઓએ તો ધર્મ અને માણસાઈ બન્ને છોડી દીધાં: "હજી સુધી લોકો અમંગળ કર્મો કર્યા કરતા હતા."

દેવળમાં જવું કે ન જવું એ નાની સરખી વાત છે એવું કોણ કહી શકે? આ માણસને ઈસુ ખ્રિસ્ત મળ્યો હોત તો કદાપિ તેણે તેને એમ પણ કહ્યું હોત કે તું આકાશના રાજ્યથી વેગળો નથી. છતાં આટલા સારા માણસની આટલી એક ભૂલનું પરિણામ કેટલું બધું ભયંકર આવ્યું! "લોકો હજી અમંગળ કર્મો કર્યા કરતા હતા." ટોલ્સ્ટોય એક રશીઅન ચિત્રકાર સંબંધી એક જાણવા જેવી વાર્તા જણાવે છે. આ ચિત્રકાર ચિત્રકળાની એક શાળા ચલાવતો હતો, અને તેમાં ઘણા વિદ્યાર્થીઓ શીખવા આવતા હતા. એક દિવસે એક વિદ્યાર્થી અમુક દેખાવ ચીતરીને આવ્યો તે લઈને મોટા ચિત્રકારે તેમાં સુધારો કર્યો. તે જોઈને વિદ્યાર્થી અજાયબ થયો, અને કહેવા લાગ્યો કે સાહેબ, તમે તો નહિ જેવો ફેરફાર કર્યો છતાં તેથી આખા ચિત્રનું રૂપાંતર થઈ ગયું છે! શિક્ષકે જવાબ આપ્યો કે સાચી વાત, પણ જેને તમે નહિ જેવો ફેરફાર કહો છો ત્યાંથી જ ખરી કળાની શરૂઆત થાય છે. કળા સંબંધી આ વાત સાચી છે, એટલુંજ નહિ પણ જીવન સંબંધી પણ તે સાચી છે. માણસનું ખાનગી જીવન ગમે તેટલું ન્યાયી હોય તોપણ તે જ્યારે ઈશ્વરના ઘરમાં જવાની ના પાડે છે ત્યારે સારા પરિણામને માટે તેની અસર જેટલી હોવી જોઈએ તે કરતાં તે ઓછી થાય છે. વળી તેના નમૂના વડે સમાજની આત્મિક સ્થિતિને ઓછોવત્તો ધક્કો લાગ્યા સિવાય રહેતો નથી.

યોથામના પ્રાર્થનામય જીવન વિષે લોકો અજાણ હતા. તેઓને તેના જેટલો વિશ્વાસ નહોતો. તેઓમાં તેના જેટલું અડગપણું નહોતું; માટે જોકે તે તેઓને પ્રિય લાગતો હતો અને તેનું અનુકરણ તેઓ કરવા માગતા હતા,

તોપણ આખરે તેઓ એક જ બાબતમાં તેનું ખરૂં અનુકરણ કરી શક્યા, એટલે મંડળીની અવગણના કરવામાં! આ કારણથી જોકે ચોથામ પોતે સહિસલામત અંદરે પહોંચ્યો તોપણ ઘણાંને વહાણભંગનો જ અનુભવ થયો. ચોથામ મંડળીની સાથે લડયો નહિ એ વાત સાચી, પણ જેટલો સાથ આપવો જોઈતો હતો તેટલો તેણે ન આપ્યો, અને એ કારણથી તે જેટલી સેવા કરી શકતો હતો તેટલી તેણે કરી નહિ. એ કારણથી તેનું જીવન ઘણી દિશામાં અનુકરણીય હોવા છતાં "લોકો હજી અમંગળ કર્મો કર્યા કરતા હતા."

દુનિયામાં અમુક પ્રખ્યાત વર્તમાનપત્રો છે, તેમાં કેવળ વેપારને લગતી તથા પૈસાવિષયક બાબતો સંબંધી ઘણુંકરીને વિવેચન કરવામાં આવે છે. સાધારણ રીતે આકાશના રાજ્ય વિષેની ખબરો જાણવી હોય તો તેવાં પેપરોમાં આપણે તપાસ કરીએ નહિ. છતાં આજથી થોડાં વરસો ઉપર જ્યારે દેશદેશ નાણાંવિષયક બાબતો સંબંધી ભારે ચિંતા થતી હતી, અને વેપારની પડતી દશા જોવામાં આવતી હતી, ત્યારે આવાં બે પેપરોમાં જાણવા જેવાં વિવેચન કરવામાં આવ્યાં હતાં. ન્યુ યોર્કમાં પ્રસિદ્ધ થતા એક પેપરમાં અધિપતિના લેખમાં એ પ્રમાણે લખ્યું હતું, કે "નવી રેલવે, પાણીની નહેરો, કરવેરાનો ઘટાડો, નવા વેપારી કાફલા—એ બધાંના કરતાં અમેરિકાને આપણા પિતૃઓના જેવી ઈશ્વરપરાયણતાની જરૂર છે. સવારે નાસ્તો કર્યા પહેલાં તેઓ ફસલનો વખત હોય તોપણ, કૌટુંબિક પ્રાર્થના કરવાને માટે થોભતા હતા, અને ગુરુવારે રાત્રે પ્રાર્થનાસભામાં હાજર થઈ શકે માટે અર્ધો કલાક વહેલું કામ બંધ કરતા હતા. વળી તેમ કરવામાં લાભ છે એમ પણ તેઓ સમજતા હતા." થોડી વાર પછી એક અંગ્રેજી પેપરમાં એવો જ લેખ આવ્યો. તે પણ કેવળ વેપારી અને પૈસાવિષયક પેપર હતું, છતાં અધિપતિએ એમ લખ્યું, કે "જે આત્મિક સિદ્ધાંતો પ્રજાને બળવાન કરે છે તે વંશપરંપરા તેના તે જ રહે છે. આપણને આપણા વખતમાં જીવનના ઝઘડાની સામે થવા માટે શામાંથી વિશેષ બળ મળ્યું છે, એવું આપણા છોકરાંનાં છોકરાંને પૂછવામાં આવશે ત્યારે તેઓ એક જ જવાબ આપી શકશે, એટલે અંગ્રેજી બાઈબલમાંથી." જેઓ દુનિયાની નાણાં-વિષયક વ્યવસ્થા ઉપર કાબૂ ધરાવે છે, અને દુનિયાના વેપારના માલિક છે તેઓનો અભિપ્રાય આવો છે. ખરેખર, અંધારૂં વિશેષ ઘોર માલૂમ પડે છે, અને જીવનના મુસાફરને બીજે કયાંએ ઊભા રહેવાનું ઠેકાણું મળતું નથી ત્યારે તેના વિચારો સ્વાભાવિક રીતે જ ઈશ્વરના ઘર ભણી દોડે છે, કેમકે ત્યાં જ તે ઈશ્વરની સાથે મિલાપ પામી શકે છે, અને ખ્રિસ્તના બળવાન પ્રેમની રોટલીનું ભંજન કરી શકે છે.

૧૭. વ્યર્થ ઉપાય

"પણ તેમાં તેનું કંઇ વળ્યું નહિ" (૨ કાળવૃત્તાંત ૨૮; ૨૧).

"હું બાળકોને તેમના અધિકારીઓ ઠરાવીશ, અને બાળકો તેમના પર રાજ કરશે" (યશ. ૩ ; ૪), એવું જ્યારે યશાયાહ બોલ્યો ત્યારે આજ આહાઝ રાજા વિષે તે વિચાર કરતો હતો એવું માનવામાં આવે છે. આ રાજાએ યરૂશાલેમમાં સોળ વર્ષ સુધી રાજ કર્યું અને પહેલેથી તે છેલ્લે સુધી તેની રાજનીતિ બાળબુદ્ધિથી ભરપૂર હતી. કેટલાંક માણસોનો સ્વભાવ એવો છે કે જ્યાં સુધી કંઈ નવું થતું નથી ત્યાં સુધી તેઓ શાંત બેસી શકતાં નથી. નવું તેજ સારૂં અને ફેરફાર તેજ પ્રગતિ એવી માન્યતા ધરાવનાર ઘણાં મળે છે, અને દરેક ખાતામાં ત્રાસ વર્તાવે છે. આથેન્સના લોકો વિષે વાંચીએ છીએ કે "કંઈ નવી વાત કહેવી અથવા સાંભળવી તે સિવાય તેઓ બીજા કશામાં પોતાનો વખત ગાળતા નહોતા," અને આહાઝ તેજ પંક્તિનો માણસ હતો.

આ સમય પહેલાં થોડી જ વાર ઉપર આહાઝ તો દમસ્ક શહેરમાં જઈ આવ્યો હતો અને ત્યાં તેણે જે જોયું હતું તેને લીધે તે ફૂલાઈ જઈને પાછો આવ્યો હતો. શા કામને માટે તેને ત્યાં જવું પડયું એ તે ભૂલી જાય છે. ત્યાં તો તેની સાથે આપણે ગયા હોત તો નવાજૂની જોવાની હતી ખરી! ત્યાં તો આહાઝને પોતાને આશ્શૂરના રાજાના પગ આગળ પ્રણામ કરતો જોવાનો હતો. ભાગ્યેજ આવો દેખાવ જોવામાં આવ્યો હશે, પણ આહાઝના મન ઉપર અવળી અસર હતી. નમવાની બાબતમાં તે તો એટલુંજ સમજતો હતો કે મેં ડહાપણ કર્યું છે. ત્યાંથી તે જુદી જ અસર લઈને આવ્યો. દમસ્કમાં તેણે એક વેદી જોઈ હતી. આ વેદી જોઈને તેણે તેનો ઘાટ તથા તેનો નમૂનો તેની સઘળી કારીગરી પ્રમાણે ઉતારીને ઉરીયાહ યાજક ઉપર મોકલ્યાં, અને તેને કહ્યું કે આવી વેદી મારે યરૂશાલેમમાં જોઈએ છે. રાજા દમસ્કથી આવ્યો, ત્યારે તેણે આ નવી વેદી જોઈ અને જોકે તેમ કરવાનો તેને અધિકાર નહોતો તોપણ તેણે પોતેજ તે પર અર્પણ ચઢાવ્યાં. આહા! કેટલી બધી સુંદર વેદી! હવે, પેલી જૂની પિત્તળની વેદીનું શું કરવું? વિચાર કરીને કહે છે કે અહીંથી ખસેડી નાખો; ત્યાં ઉત્તર બાજુએ જ્યાં તે રસ્તામાં આડી ન આવે ત્યાં મૂકો, અને હવે પછી, ઉરીયાહ, યાદ રાખ, આ મંદિરનાં બધાં જ અર્પણો નવી વેદી પર જ ચઢાવવાનાં છે! ઉરીયાહ બિચારો શું કરે? સારૂં, આપની મરજી! એમ પણ માનવામાં આવે છે કે આહાઝે જન્મોત્રીના સાધન તરીકે યહોવાહની જૂની પિત્તળની વેદીનો ઉપયોગ કર્યો.

આટલામાં વળી આહાઝે સંતોષ ન માન્યો અને આવી જાતના ઘણા સુધારા કર્યા. એ બધું ૨ રાજાઓના ૧૬મા અધ્યાયમાં વર્ણવવામાં આવે છે. આ મંદિરને તેનો પોતાનો બાપ ઓળખી શકે નહિ એટલો બધો ફેરફાર આ માણસે કરી નાખ્યો. આ જૂની વેદીવડે પેઢીઓથી યહુદાહના માણસોની આત્મિક જિંદગીને ભલે પુષ્ટિ મળી હોય પણ તે વિષે આહાઝને કોઈ પણ જાતની પરવા નહોતી. જે માણસોએ દેશને આબાદ કર્યો હતો તેમના જ બળવાન તથા ભક્તિશીલ હાથથી આ મંદિરની રચના ભલે કરવામાં આવી, પણ આહાઝને આ વિષે દરકાર નહોતી. અને આ બધું શા માટે? અહીં આગળ લખ્યું છે કે આશ્શૂરના રાજાને લીધે આ બધું કરવામાં આવ્યું! આ બધા અધર્મીપણાનું મૂળ કારણ તે આશ્શૂરનો રાજા! આ બધી ઈશ્વરનિંદાનું મૂળ કારણ તે આશ્શૂરનો રાજા! જેણે તેને બધી રીતે હેરાન કર્યો હતો, ફજેત કર્યો હતો, અને આખી દુનિયાની આગળ તેને ગધેડે બેસાડયો હતો તેને, એટલે બેથેલના યહોવાહના સૌથી કટ્ટા દુશ્મનને આહાઝ હજી પણ વળગી રહેવા અને તેને ખુશી કરવા માગે છે. પિતૃઓનું અપમાન થયું તો ભલે થયું, પણ તિગ્લાથ-પિલેસેર રાજી થવો જોઈએ; ઈસ્રાએલના યહોવાહની નિંદા થઈ તો ભલે થઈ, પણ તિગ્લાથ–પિલેસેરની મહેરબાની જોઈએ. દુનિયામાં આ માણસની કિમ્મત કેટલી? આશ્શૂરના રાજાની આગળ પણ તેની કિમ્મત કેટલી? તિગ્લાથ-પિલેસેર તો પોતાની દાઢીમાં હસતો હશે ને બધાંને કહેતો હશે, કે "મને મારી જિંદગીમાં મૂર્ખો તો ઘણા મળ્યા છે, પણ યહુદાહના આહાઝ જેવો એકેય હજી સુધી નથી મળ્યો." "અરામના રાજાઓના દેવોએ એઓને સહાય કીધી છે, માટે હું પણ તેઓને બલિદાન આપીશ, કે જેથી તેઓ મને સહાય કરે," એમ આહાઝે કહ્યું પણ આ બધી નીચ રાજનીતિ તથા ધર્મના વ્યર્થ ઉપાયો વિષે પવિત્ર શાસ્ત્રનો લેખક આપણને જણાવતાંની સાથે એક ટૂંકા પરંતુ બહુ જ અસરકારક વાકયમાં ચેતવણીરૂપે એ બધાનું છેવટનું પરિણામ પણ જણાવીને કહે છે, કે "તેમાં તેનું કંઈ વળ્યું નહિ."

આહાઝ પર જે જે આફતો આવી પડી તે બધી આફતો તેના પોતાના વાંકે તેના પર આવી, અને તેણે જે બચાવના ઉપાયો કર્યા તે બધા ખોટા હતા. તેણે આશ્શૂરની મદદ માગી, યહોવાહનું ઘર લૂંટીને તેના પર દાનો વરસાવ્યાં, પણ તેમાં તેનું કંઈ વળ્યું નહિ. તિગ્લાથ-પિલેસેરે આવીને તેને વધારે હેરાન કર્યો, પણ તેને મદદ કીધી નહિ. પછી આહાઝે કહ્યું, કે "અરામના રાજાઓના દેવોએ એઓને સહાય કીધી છે, માટે હું પણ તેઓને બલિદાન આપીશ, કે જેથી તેઓ મને સહાય કરે." આમાં પણ તેનું કંઈ વળ્યું નહિ; તેઓથી તો તેનું તથા આખા ઈસ્રાએલનું સત્યાનાશ વળ્યું. વળી જો સારો સલાહકાર તેની પાસે ન હોત તો તે સમજ્યા જેવું હતું, પણ ઈસ્રાએલનો

મોટામાં મોટો પ્રબોધક તેની પાસે હતો, એટલે યશાયાહ. વળી યશાયાહ સિવાય બીજા પણ હતા: ઉત્તર રાજ્યમાં હોશીઆ હતો અને યહુદાહમાં મીખાહ પણ હતો. સારા સલાહકારોનો તોટો નહોતો. આહાઝના જમાનામાં ઈશ્વર પોતા વિષે સાક્ષી આપ્યા વગર રહ્યો નહોતો. પરંતુ આહાઝ એમ જ માનતો હતો કે દુનિયામાં મારા જેવો ડાહ્યો માણસ બીજો ભાગ્યે જ હશે. જેને દેવ માનવામાં આવતો હોય તેવી ગમે તે ચીજની ભક્તિ કરવાને તે તૈયાર જ હતો. પરંતુ જેમ જેમ તેણે પોતાના દેવોને વધાર્યા તેમ તેણે પોતાનાં દુ:ખોને વધાર્યાં; અને જેમ તેણે પોતાનાં દુ:ખો વધાર્યાં તેમ તેણે પોતાના દેવોને વધાર્યા.

ચારે તરફથી દુશ્મનો આવ્યા. ઉત્તર, દક્ષિણ, પૂર્વ અને પશ્ચિમથી તેઓ તેના પર તૂટી પડ્યા. તેઓએ તેના રાજ્યના સીમાડાનો કબજો કરી લીધો અને યરૂશાલેમના કોટ તળે પણ પોતાની ધજાનો ભભકો મારી દેખાડ્યો. કોઈ કોઈ એમ માને છે કે આપણે અગ્નિના કુંડાળામાં વીંછીને નાખીએ તો તે તરફડિયાં મારતાં પોતાના શરીર પર પ્રાણઘાતક ઘા કરી દેશે. આ વાત ખરી હશે કે કેમ એ હું નથી જાણતો પણ હું એ જાણું છું કે માણસો એમ જ કરે છે. જ્યારે આહાઝે પોતાની મદદમાં આશ્શૂરના રાજાને બોલાવ્યો ત્યારે તેણે આના જેવું જ કર્યું. તિગ્લાથ-પિલેસેર પોતાની જીતો વિષેના જે કોતરેલા લેખો મૂકી ગયો છે તેમાં ખોટા દેવો અને ખોટા માણસોની મદદ લેવાનું પરિણામ દેખાઈ આવે છે; કેમકે જે તાબે થએલા રાજાઓની ટીપ આપવામાં આવે છે તેમાં આ આહાઝનું નામ આવે છે. આગળ એક પલિસ્તીનું નામ આવે છે, પાછળ એક આમ્મોનીનું નામ આવે છે, અને તેઓની વચમાં "યહુદાહનો આહાઝ" એ નામ આવે છે! યહોવાહને તજી દેવાનું આજ પરિણામ હોઈ શકે અને તે કારણથી આહાઝનું જીવન તે ઈશ્વરરહિતના જીવનના દાખલારૂપ છે.

હવે આહાઝે માત્ર અન્ય દેવોની ભક્તિ કરવાકરાવવામાં સંતોષ ના માન્યો. તે ગાદીએ બેઠો ત્યારથી ઈસ્રાએલના દેવ યહોવાહનો બહિષ્કાર કરવાનો તેનો ઈરાદો હોય એવું લાગે છે. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ તે વધારે ને વધારે ઊંડા ખાડામાં ઉતરતો ગયો, અને જેટલું હાથ આવે તેટલું લઈને તેને આશ્શૂરમાં ખંડણી પેટે મોકલવું પડ્યું. છેવટે મંદિરમાં કશું ન રહ્યું ત્યારે દરવાજા બંધ કરવામાં આવ્યા, બત્તીઓ હોલવવામાં આવી, વેદીઓ પર અગ્નિ હોલવાઈ ગયો, અને મંદિરને ચામાચીડિયાંના હવાલામાં સોંપવામાં આવ્યું. સાથે સાથે તે ચારે દિશા તરફ મદદ શોધતો હતો અને મદદ ગમે તે મેલા રૂપમાં આવે તો પણ તે લેવા તત્પર હતો. ગમે તે દેવ હોય કે ભુત હોય તો પણ સહાય મળશે એમ લાગે તો તે પગે લાગવા તૈયાર રહેતો—સિવાય યહોવાહ, તેના પિતૃઓનો દેવ! તેની પાસે જવાય એવી તેની સ્થિતિ નહોતી, અને એ સ્થિતિને તે છોડવા માગતો નહોતો.

શું આહાઝ જેવો આપણામાં કોઈ નથી? પોતે જે માગે છે તે જો વાજબી રીતે ન મળે તો ગેરવાજબી રીતે પણ લેવા તૈયાર થાય એવા માણસો આપણામાં નથી શું? શું આ જગતના રાજ્યમાંનો પોતાનો હિસ્સો મેળવવાને આપણે શેતાનની આગળ કદી નમ્યા નથી? હા, ખ્રિસ્તી સમાજમાં પણ એવા લોકો છે કે જેઓને ઇશ્વરના ઘર કરતાં બીજા ગમે તે ઘરમાં વધારે આનંદ થાય છે, જેઓ બાઈબલ કરતાં બીજું ગમે તે પુસ્તક વાંચવામાં વધારે સંતોષ માને છે, અને પોતાના જીવનના કલ્યાણને અર્થે ખ્રિસ્તના રક્ત કરતાં બીજો ગમે તે ઉપાય પસંદ કરવા રાજી છે! પણ એ સઘળાનો છેવટનો અનુભવ એકજ છે: "પગ લાંબા કરવા સારૂ ખાટલો ટૂંકો પડે છે, ને શરીર પર ઓઢવા સારૂ ચાદર સાંકડી પડે છે."

મારી સ્થિતિને પહોંચી વળવા માટે મારી પાસે બે ઉપાયો છે એમ આહાઝ ધારતો હતો: એક તરફ દમસ્કના દેવો હતા, અને બીજી તરફ આશ્શૂરનો રાજા હતો; પણ તેની મદદે આવવા પહેલાં આ બન્ને સહાયકારીઓ તરફથી કેટલી બધી ભારે શરતો મૂકવામાં આવી! આશ્શૂરના રાજાની પાસે જે મદદ માગી તેના બદલામાં રાજ્યદરબારનો આખો ખજાનો આપવો પડયો; અન્ય દેવોની પાસે જે મદદ માગી તેના બદલામાં આહાઝને ઓછામાં ઓછા એક પુત્રનું બલિદાન આપવું પડયું. વહાલાઓ, જગતની મિત્રતા કે જગતની મદદ થોડામાં મળે છે એમ ન ધારશો. એ તો બહુ જ મોંઘી છે! નિર્દોષતા ખર્ચીને જગતની મિત્રતા લેવી પડે છે. આત્મિક અને શારીરિક તંદુરસ્તી એ જગતની મિત્રતાની કિંમત છે અને તે અગાઉથી આપવી પડે છે. મિત્રો, જગત તમને જે આપશે તે કરતાં તે તમારી પાસેથી હજારગણું લઈ લેશે એ નિર્વિવાદ છે. જે જંગલી લોકો થોડાં સસ્તાં કપડાં કે ઘરેણાંને બદલે પરદેશી વેપારીને સોના અને હીરાની આખી ખાણો આપી દે છે તેમના ભોળાપણાને લીધે આપણને તેઓ પર દયા આવે છે; પણ જો તમે જગતને તમારા આત્માનું વેચાણ કરી આપ્યું હોય તો તેમના કરતાં તમારી સ્થિતિ શું સારી? "જો માણસ આખું જગત મેળવે, ને પોતાના જીવની હાનિ પામે તો તેને શો લાભ થાય?" ખ્રિસ્ત જ પૂછે છે.

આહાઝની પાસે આવીને તિગ્લાથ-પિલેસેરે તેને કેવળ હેરાન કર્યો. શરૂઆતમાં તેણે તેને મદદ કરી એ સાચી વાત! જે દુશ્મનોથી આહાઝ બીતો હતો તેમને આશ્શૂરના રાજાએ આવીને વેરી નાખ્યા અને હાંકી કાઢયા, એ ખરી વાત; પણ જેમ વાઘ નીચે પડેલા હરણની પાસેથી વરૂઓને હાંકી કાઢે છે તેમ તેણે કર્યું. પરંતુ ત્યાર પછી આહાઝના ભાંગેલા શરીરમાં પોતાના નહોર બેસાડીને તે તેના ઉપર ઊભો રહ્યો અને વાઘની માફક ઘુરકીયું કરતાં કરતાં બોલી ઉઠ્યો કે મારો છે! ખબરદાર! કોઈ અડકે નહિ! આશ્શૂરના રાજાએ પોતા સિવાય કોઈને આહાઝને ફાડી ખાવા ન દીધો એ સાચી વાત! અને જગત આપણે માટે વધારેમાં વધારે એટલું જ કરશે.

જે ઈશ્વરરહિતનું જીવન છે તેમાં કાયમનો સંતોષ ક્યાંથી હોય? એવું જીવન જેટલા પસંદ કરે છે, તે સઘળાનો છેવટનો અભિપ્રાય આજ છે: "વ્યર્થતાની વ્યર્થતા, વ્યર્થતાની વ્યર્થતા; સઘળું વ્યર્થ છે." વહાલાઓ, આ જીવન આપણને કમાવાને માટે નથી મળ્યું. જો એમ હોય તો દુનિયામાં સુખી અને આનંદી માણસો આટલા થોડા નજ હોય. તમને કયાં વાનાં વહાલાં લાગે છે? તે વાનાં ઈશ્વરની હજુરમાં લાવીને તેને પૂછો કે આ વાનાંનું મૂલ્ય કેટલું છે? "હે જુવાન, તારી જુવાનીમાં તું આનંદ કર; અને તારી જુવાનીના દિવસોમાં તારૂં હૃદય તને ખુશ રાખે. તારા હૃદયના માર્ગોમાં તથા તારી આંખોની દૃષ્ટિ પ્રમાણે તું ચાલ; પણ તારે નક્કી જાણવું કે આ બધી બાબતો વિષે ઈશ્વર તારો ન્યાય કરશે." હે જગતનાં વાનાંમાં તલ્લીન થએલા માણુસ, તને શી ખાતરી કે આજે આકાશનો રાજા તને નહિ કહે, કે "ઓ મૂર્ખ, આજ રાત્રે તારો જીવ તારી પાસેથી માગી લેવામાં આવશે?"

એક ભયંકર વહાણભંગ વિષેની વાર્તા હમણાં મારા વાંચવામાં આવી છે. 'અમેરિકા' નામની એક આગબોટ કાલીફોર્નીઆથી ન્યુયોર્ક જતી હતી અને તેમાં ૩૦૦–૪૦૦ માણુસ સોનાની ખાણોમાં કામ કરી ઘેર આવતા હતા. તોફાન શરૂ થયું અને વહાણ ભાંગી ગયું. વહાણ ડૂબી જ જશે એવી ખાતરી થઈ ત્યારે એક માણસે પોતાની સોનાની રજની થેલી ઊંચી કરીને બધાંની વચમાં એમ કહ્યું કે આને માટે મેં મારી જિંદગી ખરચી નાખી છે; હવે જેને લેવું હોય તે લે. મરણ પાસે આવે છે ત્યારે જ સોનાની કિમ્મતનું ભાન થાય છે.

એકલા સોનાને લીધે ઈશ્વરના રાજ્યમાં પેસવું કઠણ છે એવું કાંઈ નથી. ઈશ્વર સિવાય જેટલાં વાનાંની મારફતે આપણે સંતોષ મેળવવાના યત્નો કરીએ તે બધાં વાનાં છેલ્લી વારે નિરાશા ઉપજાવે છે. આપણે તેમને પોતાના દાસ કરી લેવા ચાહીએ છીએ, પણ આખરે તેમના દાસ આપણે થઈએ છીએ. માટે આકાશમાં દ્રવ્ય એકઠું કરવાને ઈશ્વર તમારી પાસે પોતાના સેવકોને સમજાવવા મોકલે છે. વળી ઈસુ ખ્રિસ્ત તમારા તરફ પોતાના વિંધાએલા હાથો લંબાવીને તમારા કાલાવાલા કરીને કહે છે, કે "હું તને એવી સલાહ આપું છું કે તું ધનવાન થાય માટે અગ્નિથી શુદ્ધ કરેલું સોનું મારી પાસેથી વેચાતું લે." આ દ્રવ્ય પ્રાપ્ત કરતાં જેથી અટકાવ થતો હોય તે સર્વથી સાવધાન રહો, વિશેષે કરીને જેઓ પ્રભુના માર્ગમાં ચાલે છે તેમની જ સોબત કરો, અને ધારો કે તમે પડો અને ખોટે રસ્તે ચઢો અને એમ કરીને મુશ્કેલીમાં આવો તોપણ તેવે વખતે ગાંડા ન બનો. સીધો અને સરળ રસ્તો છે તે લો. પસ્તાવો કરો. ખ્રિસ્તનો હાથ પકડો. નાગાઓના ઓશીઆળા થશો નહિ. આહાઝનો દાખલો યાદ રાખો. એ રસ્તામાં સલામતી છેજ નહિ; તેમાં તમારૂં કાંઈ વળશે નહિ!

૧૮. ઈશ્વર કોણ?

"શું શોધી શોધીને સર્વશક્તિમાનનો પાર તું પામી શકે?" (અયૂબ ૧૧ ; ૭.)

"ઈશ્વર" કોને કહીએ? આપણા પ્રભુએ આકાશગમન કર્યા પહેલાં પોતાના શિષ્યોને છેલ્લી એવી આજ્ઞા આપી, કે "બાપ, દીકરા તથા પવિત્ર આત્માને નામે તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ." એવા શબ્દ વડે આપણા પવિત્ર શાસ્ત્રમાં ઈશ્વરનું વર્ણન કરવામાં આવે છે, અને તે વર્ણન માન્ય રાખવામાં મને જેટલી મુશ્કેલી નડે છે તે કરતાં તે નહિ સ્વીકારવામાં વધારે મુશ્કેલી માલૂમ પડે છે. ઈશ્વર ત્રિએક છે, એવી ખ્રિસ્તી મંડળીની માન્યતા છે; તેમ છતાં કયા અર્થે એક વ્યક્તિ ત્રિએક કહી શકાય તે વિષેનો ખુલાસો આપવો એ અશક્ય જેવું લાગે છે. ત્રિએકપણાનો મત તે કાંઈ ગણિતનો દાખલો નથી પણ એક ઊંડો મર્મ છે, અને તેનો પૂરો ખુલાસો આપણાથી કોઈ પણ રીતે થઈ શકતો નથી. ઈશ્વરને પૂરી રીતે સમજવાને માટે ઈશ્વરના જેવું મન જોઈએ, ને તે કોને હોય? પરંતુ આપણા અનુભવ વડે તેની કસોટી કરીએ તો ઈશ્વર ખરેખર ત્રિએક છે, એવી આપણને ખાતરી થાય છે. અલબત, આપણે કબૂલ કરવું પડે છે કે કેવળ શોધ કરી કરીને ઈશ્વરનો પાર પામી શકાય નહિ, અને તે કારણથી ઈશ્વર છે જ નહિ એવું ગીતકર્તાના વખતથી માંડીને તે અત્યાર સુધી ઘણાએ માન્યું છે.

સૃષ્ટિની તપાસ બારીક રીતે કરવામાં આવી છે, અને છેલ્લાં સોએક વરસની અંદર તે તપાસ કરતાં કરતાં જ્ઞાનીઓ ઘણા આગળ વધ્યા છે. તેઓના પ્રયત્નોથી સૌથી પહેલું પરિણામ એ આવ્યું કે ધર્મ તથા વિજ્ઞાન વચ્ચે એક મોટી તકરાર ઊભી થઈ. પચાસ વરસ ઉપર ઘણા જ્ઞાનીઓ નાસ્તિક જેવા હતા. તેઓની ધારણા એવી હતી, કે અમે બારીક તપાસ કરીને સૃષ્ટિની રચનાનો ખુલાસો મેળવી લીધો છે, અને ઈશ્વરનો વિચાર કર્યા વિના સૃષ્ટિનો ખુલાસો થઈ શકે છે, એવી અમને ખાતરી થઈ છે. પરંતુ હાલના જમાનામાં એથી છેક જુદી સ્થિતિ આપણા જોવામાં આવે છે. જ્ઞાનીઓએ પોતાના પગમાંથી ચંપલ ઊતાર્યાં છે; કેમકે જે જગાએ તેઓ ઊભા છે તે પવિત્ર ભૂમિ છે, એમ તેઓ સમજી ગયા છે. જ્ઞાનીઓ તથા ધર્મશાસ્ત્રીઓએ એકબીજાની સાથે સમાધાન કર્યું છે. જ્ઞાનીઓ પાસેથી ધર્મશાસ્ત્રીઓ ઘણું શીખી ગયા છે; ધર્મશાસ્ત્રીઓ પાસેથી જ્ઞાનીઓ પણ ઘણું શીખી ગયા છે!

હાલમાં ઘણાખરા જ્ઞાનીઓ એ અભિપ્રાય ઉપર આવેલા જણાય છે કે સૃષ્ટિનો ખુલાસો કરવા માટે તેના ઉત્પન્નકર્તા તરીકે અમુક ક્રિયાત્મક વ્યક્તિને માન્ય રાખ્યા વગર છૂટકો જ નથી. જે સૃષ્ટિમાં આપણે રહીએ છીએ તે ખરેખર, અજાયબ તથા અચંબો પમાડે તેવી સૃષ્ટિ છે, અને તેના આશ્ચર્યના નવા તથા તાજા પુરાવા આપણી આગળ રોજરોજ રજુ કરવામાં આવે છે. આ અજાયબ જેવી સૃષ્ટિ પોતાની મેળે ઉત્પન્ન થાય જ નહિ; તેની રચના કરવામાં અમુક મન કામે લગાડેલું હોય તોજ તે થઈ શકે. હાલમાં તો જ્ઞાનીઓમાં નાસ્તિકો થોડા જ છે.

એક સાધારણ અનુભવની વાત છે કે પહેલાંના વખતમાં જે કામ કરવાને હજારો માણસોની જરૂર હતી તેજ કામ હાલના જમાનામાં થોડાએક માણસોથી સંચાની મદદ વડે થઈ શકે છે. આ સંચા આપણે જોઈએ છીએ ત્યારે તો આપણને તે અજાયબ જેવા લાગે છે. પરંતુ શું આપણે એવું કહીએ છીએ કે આ સંચા કેટલા બધા હોશિયાર છે? ના, ના! એમ નહિ પણ માણસના જે મને આ સંચા રચ્યા તે મન કેટલું બધું હોશિયાર છે, એમ આપણે કહીએ છીએ. એજ પ્રમાણે આ સૃષ્ટિ એક મોટા સંચારૂપ જણાય છે. જ્ઞાનીઓના યત્ન વડે આ સંચાના જુદા જુદા ભાગ પાડવામાં આવ્યા છે, ને દરેક ભાગની બારીક તપાસ કરવામાં આવી છે. જેમ જેમ આપણે તેની તપાસ કરીએ છીએ તેમ તેમ તેની રચના જોઈને આપણે અચંબો પામીએ છીએ. વિચાર કરતાં માલૂમ પડે છે કે અમુક વિચાર કરનાર તથા ઉત્પન્ન કરનાર મન હોય તો જ આ સંચાનો ખુલાસો થઈ શકે. શોધ કરી કરીને તો ઈશ્વરનો પાર પામી શકાય નહિ, પણ ઈશ્વર છે એટલી ખાતરી તો આપણને થયા વગર રહેતી નથી.

હવે જો આપણે આટલું જ માનીએ તો આપણે કેવળ એક ઈશ્વરવાદી કહેવાઈએ; પરંતુ પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કરીને આપણાથી એટલા જ મતમાં સંતોષી રહેવાય નહિ. વળી આપણે પોતાના અનુભવ તરફ જોઈએ તો ઈશ્વર કેવળ એક ઉત્પન્ન કરનાર પરાક્રમ છે એટલું જ માનવામાં આપણું મન સંતુષ્ટ થતું નથી, કેમકે આપણા જીવનના અનુભવમાં એવાં તત્ત્વો મળે છે કે તેઓનો ખુલાસો આવી રીતે થઈ શકતો નથી. અનુભવ પરથી આપણે એ શીખીએ છીએ કે આપણામાં મન છે એટલું જ નહિ પણ લાગણીઓ પણ છે. હજારો વસ્તુઓ દ્વારા ઈશ્વર આપણી સાથે વાત કરે છે. દાખલા તરીકે, ઘણાખરાને કુદરતની સુંદરતા વહાલી લાગે છે, અને તેનું મનન કરતાં પણ તેઓની સાથે જાણે ઈશ્વર વાત કરતો હોય એમ તેઓને લાગે છે. હા, ઘણાઓને એવો પણ અનુભવ થાય છે કે કુદરતના સહવાસમાં આવતાં ભાઈબંધી ઉપજાવે એવી એક સંગત અથવા મિત્રાચારીની લાગણીનો પણ અનુભવ થાય છે.

વળી આપણે પોતાના ગતકાળના અનુભવ તરફ જોઈએ તો ઈશ્વરે આપણી સંભાળ લીધી, અને આપણે કોપને પાત્ર હતાં ત્યારે તેણે પોતાની દયા સંભારી, એવા પ્રસંગ પણ આપણને યાદ આવે; એટલું જ નહિ પણ ઈશ્વર જેવી રીતે માનવ વ્યક્તિઓ સાથે વર્તે છે, તેવી રીતે તે પ્રજાઓ સાથે પણ વર્તે છે, અને આપણા પવિત્ર શાસ્ત્રમાં ઈશ્વરની કેળવણી આપવાની પદ્ધતિ વિસ્તારથી વર્ણવવામાં આવી છે. તે પદ્ધતિનો હેતુ વળી સઘળી માનવજાતને આકાશી કુટુંબમાં લાવવાનો જણાય છે. હવે, પોતાની મેળે શોધ કરતાં, તે મોટું સત્ય શું આપણને કદી મળી આવત ? ભાગ્યે જ ! સુવાર્તા પ્રભુ ઈસુ ખ્રિસ્તની મારફતે આપવામાં આવી ત્યારે જ આ સત્ય માણસોને પ્રગટ થયું.

હવે, ખ્રિસ્તના આવ્યા પહેલાં, ઈશ્વર ન્યાયી છે, અને ઈશ્વર પવિત્ર છે, એ માણસો જાણતાં હતાં. પરંતુ એકલા તેજ ગુણોને લીધે શું આપણે તેના પર પ્રેમ રાખીએ છીએ ? તે ગુણોને લીધે તો માણસના હૃદયમાં બીક તથા સભ્યતા પેદા થાય, પણ પ્રેમ તો કદી ઉત્પન્ન થાય જ નહિ. છતાં સર્વ સમયમાં તથા સર્વ જગાઓમાં ઈશ્વર પર પ્રેમ કરનારાએ પહેલેથી જ છે. જે ગુણોને લીધે આપણે ઈશ્વર પર પ્રેમ રાખીએ છીએ અને રાજીખુશીથી તેને આધીન થઈએ છીએ, તે ગુણો પૂરી રીતે ઈસુ ખ્રિસ્તમાં પ્રગટ થયા, અને આપણે પોતાના અનુભવ વડે સુવાર્તાની કસોટી કરીએ તો આજ દેવપુત્રની આપણને અગત્ય હતી, એવી ખાતરી આપણને થયા વગર રહેશે જ નહિ.

હવે "ખ્રિસ્ત" કોને કહીએ ? સાફ માલૂમ પડે છે કે ઈસુ ખ્રિસ્તમાં આપણે માણસમાંથી થએલા ઈશ્વરને નહિ, પણ ઈશ્વરમાંથી થએલા માણસને જોઈએ છીએ. વળી સ્વાભાવિક રીતે જ આપણને અહીં આગળ એક જ વ્યક્તિની સાથે નહિ પણ બે વ્યક્તિ સાથે કામ છે; છતાં તેઓની વચ્ચે એટલો બધો ઘાડો સંબંધ હોવાથી ખ્રિસ્તનું કહેવું વાજબી લાગે છે, કે "જેણે મને જોયો છે તેણે બાપને પણ જોયો છે." ખ્રિસ્ત ન આવ્યો ત્યાં સુધી ઈશ્વરનું પ્રકટીકરણ અધૂરૂં રહ્યું. દેવપણાની પહેલી વ્યક્તિથી આપણાં મન સંતોષ નહિ પામતાં બીજી વ્યક્તિનો પણ અંગીકાર કર્યાં વગર આપણો છૂટકો જ નથી. પુત્ર પર, એટલે આપણા વડા ભાઈ ઈસુ ખ્રિસ્ત પર, આપણે વિશ્વાસ રાખીએ છીએ એનું કારણ એ છે કે તેની આપણને જરૂર છે, એવું આપણાં હૃદયો આપણને શીખવે છે.

હવે શું આટલાથી જ આપણી સઘળી અગત્ય પૂરી પાડવામાં આવે છે ? આપણે ફરીથી પોતાના અનુભવ તરફ જોઈએ તો માલૂમ પડશે કે હજી બીજી એક અગત્ય પૂરી પાડવાની બાકી છે. આપણે ઈશ્વરને પોતાના આકાશી બાપ તરીકે સ્વીકાર્યો છે, અને ખ્રિસ્તદ્વારા આપણાં પાપનું પ્રાયશ્ચિત્ત થયું છે તે વાત

પર વિશ્વાસ રાખ્યો છે, પરંતુ હજી જીવનનો સવાલ રહ્યો. ખ્રિસ્તે આપણું તારણ કર્યું, અને તારણના માર્ગ પર આપણા પગ ગોઠવ્યા છે, પણ તે માર્ગમાં તે કઈ રીતે આપણને નીભાવી રાખશે? એ પ્રશ્નનો જવાબ પણ સુવાર્તામાં આપેલો છે.

આપણું મનુષ્યત્વ વિશેષ ગુંચવણભરેલું છે. આપણામાં મન છે. તે વડે આપણે ઈશ્વરને માની શકીએ છીએ. તેમજ આપણામાં કેટલીએક લાગણીઓ પણ છે અને તે લાગણીઓ કેવળ ઈસુ ખ્રિસ્તમાં સંતુષ્ટ થાય છે; જેમકે, માણસને છોડે નહિ, તેનું કલ્યાણ સાધવામાં કદી પાછો પડે નહિ એવો ઈશ્વરનો જે મોટો પ્રેમ ઈસુ ખ્રિસ્તના વધસ્તંભ વડે શિખવવામાં આવે છે તે આપણી સૌથી મોટી અગત્ય છે, એ આપણે કબૂલ કર્યા વિના રહી શકીએ નહિ; પણ તે અનુભવ ટકાવી રાખવા માટે બીજો પણ અનુભવ જોઈએ છે, નહિ તો આપણે તે ખોઈ નાખીએ એવું જોખમ રહે છે. આપણામાં કંઈક છે કે જે વડે આપણને આગળ વધવાનું મન થાય છે. મનુષ્યની રચના એવી છે કે તે શાંત બેસી રહી શકતું નથી. તેને પોતાના કર્તાની પ્રતિમા પ્રમાણે બનાવવામાં આવ્યું છે, તેથી તે પણ કાર્યકર્તા અને ઉત્પન્ન કરનાર પ્રાણી છે. માણસો પુસ્તકો લખે છે, કવિતાઓ રચે છે, ચિત્રો દોરે છે, અને નવી નવી શોધ કરે છે તેનું શું કારણ હશે? તેમ કરવાને માટે તે શાથી પ્રેરણા પામે છે? જવાબ એ છે કે અમુક આત્મા તેઓને ગતિ આપે છે. શું તે આત્મા "પવિત્ર આત્મા" ન હોય? જે સુંદર, ઉમદા અને હિતકારક છે તે કરવા માટે પવિત્ર આત્મા મનુષ્યોને પ્રેરણા કરે છે.

પરંતુ એ સર્વ ઉપરાંત આત્મિક બાબતોમાં પણ પવિત્ર આત્મા નિત્ય કાર્ય કરે છે. ભલુંભૂંડું જાણવાને, જે ખરૂં છે તે બોલવાને, અને જે ઉત્તમ છે તેને અનુસરવાને પવિત્ર આત્મા નિત્ય માણસોને બળ આપે છે.

હવે ઈશ્વર જેવો ઈસુ ખ્રિસ્તમાં પ્રગટ થાય છે, તેવાં તેનાં આપણે માત્ર વખાણ કરીએ તો તે બસ નથી. ઈશ્વરને આપણા વખાણની કશી જરૂર નથી. આપણે તેનાં વખાણ કરવાં એટલું જ નહિ પણ તેને અનુસરવાની અગત્ય છે. એમ કરવા માટે જે કાર્ય કરનાર શક્તિ આપણને ગતિ આપે છે તેનું નામ તો પવિત્ર આત્મા છે. આપણા ખ્રિસ્તી જીવનમાં આપણને અજાયબ જેવી રીતે નવી હિમ્મત તથા નવું બળ પ્રાપ્ત થયા કરે છે, તેથી આપણે જાણીએ છીએ કે આપણા પ્રભુએ પોતાના શિષ્યોને જે વચન આપ્યું હતું તે આપણા અનુભવમાં પૂર્ણ કરવામાં આવે છે, કે "હું તમને અનાથ નહિ મૂકીશ...હું બાપને વિનંતી કરીશ, ને તે તમને બીજો સંબોધક તમારી પાસે સદા રહેવા માટે, આપશે." આ પ્રમાણે આપણે નવી પ્રાર્થના કરતાં શીખીએ છીએ; તે પ્રાર્થના બેવડી પ્રાર્થના છે:—

૧. તારો પવિત્ર આત્મા અમને આપ.

૨. તારા પવિત્ર આત્માને અમારી પાસેથી લઈ ન લે.

ત્રિએકપણાના મતથી ઈશ્વરનો પૂરો ખુલાસો થાય છે એવું તો ન કહી શકાય, પણ તે અજાયબ જેવી રીતે મનુષ્યના અનુભવને બંધબેસતો આવે છે, તેથી ઈશ્વર વિષેના ખરા ખ્રિસ્તીના વિચારમાં આવાં ત્રણ તત્ત્વો હોય, હોય ને હોય જ, એટલે :—

૧. ઈશ્વર વિના સૃષ્ટિનો કંઈ ખુલાસો થતો નથી.

૨. ખ્રિસ્ત વિના પાપનો નિકાલ થતો નથી, તેમ જ ઈશ્વર સમજાતો નથી, અને

૩. પવિત્ર આત્મા વિના ખ્રિસ્તના નમૂનાને અનુસરવાની તથા તેની સેવામાં ટકી રહેવાની શક્તિ મળતી નથી.

આ ખુલાસો તો અપૂર્ણ જ હોય. જેથી આખી સૃષ્ટિ તરબોળ થએલી છે, અને જેનામાં મનુષ્યના સઘળા અનુભવનો સમાવેશ થાય છે, એવી દલીલ એક જ ટૂંકા ભાષણમાં પૂરી રીતે ચર્ચી શકાય નહિ, એ દેખીતું છે; પણ આજે આપણે એટલું તો શીખી ગયાં હોઈશું કે પવિત્ર ત્રિએકપણા વિષેના ખ્રિસ્તી મતમાં તુચ્છ ગણવા જેવું કંઈ નથી, પરંતુ વિચાર કરવા જેવું ઘણું જ છે.

૧૯. માણસ કોણ?

"માણસ કોણ છે?" (ગીતશાસ્ત્ર ૮; ૪.)

ઈશ્વર કોણ છે એ વિષે આપણે કેટલાક વખત ઉપર વિચાર કરી ગયાં છીએ. એ સવાલ આપણને મુશ્કેલ લાગ્યો હતો, પણ તેના કરતાં આ સવાલ કંઈ સહેલો નથી. ઈશ્વર જેવો મર્મરૂપ છે તેવું માણસ પણ મર્મરૂપ છે. ઈસુ ખ્રિસ્ત જે ઈશ્વર તેમજ માણસ હતો તેના વિના આપણે કદી ઈશ્વરને જાણત નહિ તેમજ માણસને પણ જાણત નહિ. ઈસુ ખ્રિસ્ત ઈશ્વરનો ખુલાસો આપે છે તેમજ તે માણસનો ખુલાસો પણ આપે છે.

માણસ છે, એ વાત તો બધા જ કબૂલ કરે છે, ત્યારે ઈશ્વર અદૃશ્ય છે એટલા જ કારણથી તે નથી એવું કહેનારા પણ મળે છે. માણસ દૃશ્ય છે તેથી બધાં કબૂલ કરે છે કે તે છે. માણસો રોજ રોજ આપણા જોવામાં આવે છે, આપણે તેમનો સ્પર્શ કરીએ છીએ અને તેમનો અવાજ સાંભળીએ છીએ, તે કારણથી આપણને એવી ભ્રમણા થાય છે કે આપણે માણસો વિષે બધું જાણીએ છીએ; પણ તે ભૂલ છે. સમજુ કે વિચારવંત માણસ એમ સમજે નહિ. તેથી ઊલટું, તેના મનમાં એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે આ બેમાંથી કોને વધારે અજાયબ જેવો માનવો?

૧. ઈશ્વર જેણે દુનિયા પેદા કરી તેને; કે

૨. માણસ કે જે ઈશ્વરનો વિચાર કરી શકે છે તેને।

અલબત, છેવટનો અભિપ્રાય એજ થશે, કે માણસ કરતાં ઈશ્વર વધારે અજાયબી પમાડે એવો છે; પરંતુ એ સવાલ પૂછવાથી એવો લાભ થાય છે કે માણસ વિષે આપણે હલકા વિચાર કરવા નહિ એ વિષે આપણને ભાન થાય છે; ખરેખર, તે દૂતોથી થોડો જ ઊતરતો છે. વળી બીજો લાભ એ થાય છે, કે ઈશ્વર મર્મરૂપ છે એટલા જ કારણથી જો કોઈ તેના પર વિશ્વાસ રાખતાં અટકી જતું હોય, તો માણસ પણ મર્મરૂપ છે એવી ખાતરી થવાથી ઈશ્વર પર અવિશ્વાસ રાખવાનાં કારણ ઓછાં જણાશે.

નાસ્તિક લોકો પોતાના અવિશ્વાસને માટે એજ કારણ બતાવે છે કે અમે જે બાબત સમજી શકતા નથી તે બાબત હોઈ શકે નહિ. તેઓને આપણે આટલો પ્રશ્ન પૂછી શકીએ કે ભાઈ, તમે ઈશ્વરને સમજતા નથી અને તે કારણથી તમે તેને માનતા નથી; તો માણસ જેને તમે માનો છો તેને શું તમે સમજી શકો છો? જો માણસ વિચારવંત હશે, તો તે ઝટ સમજી જશે કે માણસ વિષેનું

મારૂં જ્ઞાન પણ બહુ જ જુજ છે. પરિણામે, ઈશ્વર વિષે હજી વિચાર કરવાને તે નવે નામે આકર્ષાશે, કારણ કે જેવો ઈશ્વર મર્મરૂપ જણાય છે તેવું માણસ પણ મર્મરૂપ જણાય છે. આપણે જે સમજતાં નથી તે બધું જો નાકબૂલ કરીએ તો, ઈશ્વર તો શું પણ માણસ, દુનિયા, હું, તમે કશું નથી, એમજ આપણે માનવું પડે. માયાના સિદ્ધાંતને એક સિદ્ધાંત તરીકે ભલે ઠીક માનીએ, પણ જીવનના વ્યવહારૂ ક્ષેત્રમાં તે કોઈ પણ હિસાબે નભી શકે નહિ.

આ બાબતના સંબંધમાં એક વિચાર ખાસ કરવા જેવો છે, તે એ કે આ દુનિયામાં જો બિલકુલ મર્મરૂપ કશું જ ન હોય તો આપણને આ દુનિયા ગમે કે કેમ? મારા ધારવા પ્રમાણે દુનિયા આપણને નીરસ જ લાગે. એકબીજા સાથેના આપણા સંબંધ વિષે પણ એમજ છે. માણસની પ્રકૃતિ એવી છે કે તે હમેશાં અજાણી વાતોની શોધ કરે છે. આપણો એકબીજાની સાથે ગમે તેવો નિકટનો સંબંધ હોય, તોપણ એકબીજા વિષેની ઘણી જ વાતો આપણી જાણ બહાર રહે છે. માણસ શોધ કરી કરીને ઈશ્વરનો પાર કદી પામતું નથી, તોપણ તેમ કરવામાં તે એકંદરે પાછું પડતું નથી, પણ હજી પણ શોધવાની કોશિશ કરે છે. જેમ જેમ માણસને નવું જ્ઞાન મળે અથવા નવો અનુભવ પ્રાપ્ત થાય, તેમ તેમ તે આગળ ને આગળ વધે છે. એવી રીતે ઈશ્વરે ખાસ હેતુથી માણસને ઉત્પન્ન કર્યું છે. મર્મદ્વારા માણસની સ્વાભાવિક જિજ્ઞાસાને સતેજ કરીને ઈશ્વર તેને આગળ ને આગળ વધવા માટે ઉત્તેજન આપ્યાં કરે છે. ખરૂં જોતાં તો મર્મ ઈશ્વરનાં સારામાં સારાં દાનોમાંનું એક દાન છે. જો તમે મારે માટે મર્મરૂપ ન હો તો તમારી ઓળખાણ કરવામાં મને બહુ રસ ન પડે; તેમજ તમારે માટે હું મર્મરૂપ ન હોઉં તો આપણે એકબીજાથી વહેલા કાયર થઈ જુદા પડી જઈએ. જાણતાં કે અજાણતાં આપણે એકબીજા વિષે આશા રાખીએ છીએ, કે એકબીજાના સહવાસમાં આવવાથી આપણને હજી પણ નવો નવો અનુભવ પ્રાપ્ત થશે, તેથી આપણે જીવીએ છીએ ત્યાં સુધી આપણે એકબીજાના વ્યક્તિત્વની શોધમાં લાગુ રહીએ છીએ. ખરેખર, મર્મ એ તો આપણા જીવનના મીઠારૂપ છે અને તેની અસર પણ આપણા જીવનના તમામ અનુભવને પહોંચી વળે છે.

જે વાત અજાણી હોય તેનો અનુભવ કરવાને મનુષ્યનું મન સ્વાભાવિક રીતે આકર્ષાય છે. આવી સાધારણ બાબતોમાં જેમ છે તેમ આત્મિક બાબતોમાં પણ છે. આ મનુષ્યની અજાણી વાતની સ્વાભાવિક ભૂખથી કોઈ કોઈ માણસોને મહાભારત કામો કરવાને ઉત્તેજિત કરવામાં આવે છે, અને તેઓના પ્રયત્ન સફળ થવાથી તેઓનું જીવન સારા પાયા ઉપર સ્થાપિત થાય છે; ત્યારે કોઈ કોઈ માણસો તેથી ભૂલમાં પણ પડે છે, અને તેમનું જીવન પાયમાલ થઈ જાય છે. છતાં અજાણી વાતની માણસની જે સ્વાભાવિક ભૂખ છે તે હિતકારક છે, અને હાલના જમાનામાં વિજ્ઞાન પ્રત્યે આપણું સૌથી મોટું

ત્રણુ એ છે, કે તે વડે આ ભુખને નિત્ય સતેજ કરવામાં આવે છે. સૃષ્ટિ વિષે તો રોજ રોજ નવી નવી વાતો આપણા શીખવામાં આવે છે, તેથી સૃષ્ટિના મહાન ઉત્પન્નકર્તાના સંબંધમાં સર્વે વિચારવંત વ્યક્તિઓના હૃદયમાં વધારે અને વધારે સભ્યતા પેદા થાય છે. જો સૃષ્ટિ આવી અજાયબ જેવી હોય તો તેનો બનાવનાર કેવો હોવો જોઈએ? જ્ઞાનીઓ આપણને એવું જણાવે છે, કે અમદાવાદમાં જેટલી ધૂળની રજ છે તેટલા સૃષ્ટિમાં તારા છે. સૂરજ જે આપણને આટલો મોટો લાગે છે તે તો ખરૂં જોતાં બીજા તારાઓના પ્રમાણમાં નાનો છે. વળી જે સૃષ્ટિ આપણી જાણમાં છે તેની જ આ વાત છે; તેના જેવી તો કોણ જાણે બીજી કેટલીએ સૃષ્ટિ હશે!

આવી સૃષ્ટિમાં આપણી પૃથ્વીનું સ્થાન કેવું? મોટા વનમાં એક જ પાંદડું જમીન ઉપર પડવાથી વનની શોભા જેટલી ઓછી થાય છે તેટલી જ ઓછી આ પૃથ્વીનો નાશ થવાથી સૃષ્ટિની શોભા થાય. દૂરબીનની શોધખોળ થવાથી નાસ્તિકો વધ્યા. દૂરબીનદ્વારા એક સમર્થ દલીલ તેઓના હાથમાં આવી. તે દલીલ એ હતી કે આવા તિરસ્કારપાત્ર ક્ષેત્ર પર કોઈ મહત્ત્વનું પ્રાણી હોઈ શકે ખરૂં? વળી પવિત્ર શાસ્ત્રમાં વર્ણવ્યા પ્રમાણે ઈશ્વર તેની પાછળ આટલી બધી મહેનત કરે એ શું માનવા જેવું છે? પરંતુ દૂરબીનને લીધે જેટલા નાસ્તિકો વધ્યા તેટલા સૂક્ષ્મદર્શકયંત્ર વડે ઘટયા પણ ખરા. દૂરબીન જણાવે છે કે સકળ સૃષ્ટિમાં આ પૃથ્વી માત્ર એક ધૂળની રજ સમાન છે; પણ સૂક્ષ્મદર્શકયંત્ર કહે છે કે ધૂળની એક રજમાં એક આખી સૃષ્ટિ સમાએલી છે. વળી તારાઓની રચના કરવામાં ઈશ્વરે જેટલી વિલક્ષણ બુદ્ધિ વાપરી છે તેટલી તેણે ધૂળની દરેક રજની રચના કરવામાં પણ વાપરી છે. "માણુસ કોણ છે?" એ પ્રશ્નથી આપણે હવે બીતાં નથી; કેમકે આ વિચિત્ર વ્યક્તિ, કે જે અર્ધું જાનવર ને અર્ધો દૂત છે, તેના પર ઈશ્વર કેટલો બધો પ્રેમ રાખે છે, તે આપણે જાણીએ છીએ. દ્રવ્યવાન માણસના ઘરમાં ગમે તેવી કિંમતી વસ્તુઓનો સંગ્રહ કરેલો હોય, તોપણ તેના જે નાના બાળકમાં પોતાની પ્રતિમા દેખાય છે, તેજ તેને સૌથી વહાલું લાગે છે. ઈશ્વરના અપાર વિશ્વમાં અપાર તારાઓ તથા ગ્રહો છે, અસંખ્ય સૂર્ય અને ચંદ્ર છે; પરંતુ તે સઘળાના કરતાં તે પોતાના માનવી બાળકને વધારે ચાહે છે. વળી આપણે મનુષ્યનો અભ્યાસ કરીએ છીએ ત્યારે તેના વિષે આપણું જ્ઞાન હજી કેટલું બધું જુજ છે તે આપણે કબૂલ કરવું પડે છે; અને આ મર્મરૂપ પ્રાણી, કે જે ઉત્પન્નકર્તાનું સૌથી ઉમદા કામ છે તેની આગળ આપણે આશ્ચર્યથી સ્તબ્ધ થઈ ઊભા રહીએ છીએ.

આપણા અનુભવમાં મોટામાં મોટી બે વાત છે, એટલે ઈશ્વર તથા માણસ. એ બન્ને વિષે આપણે કબૂલ કરવું પડે છે કે તેઓ મર્મરૂપ છે. વળી જો આપણને આકાશી મદદ મળી ન હોય, તો આ અસંતોષકારક અભિપ્રાયથી

આપણે સંતોષ માનવો જ પડે. પરંતુ ઈશ્વરના નામને ધન્ય હોજો કે તેણે આપણુને આવી નિરાશાની સ્થિતિમાં રહેવા દીધાં નથી. ખ્રિસ્તી માણુસને માટે આ બે મર્મ ઉપરાંત એક ત્રીજો પણ મર્મ છે. આ મર્મ ખ્રિસ્તી ધર્મગ્રંથોમાં વર્ણવવામાં આવે છે, એટલે પાપનિવારણુનો મર્મ. ઈશ્વર તથા મનુષ્ય આ બે મર્મની વચ્ચે એક પૂલ બાંધવામાં આવ્યો છે. ખ્રિસ્ત ઈસુમાં આ બન્ને મર્મનો મિલાપ થયો છે, અને તે વડે અરસપરસ ખુલાસો કરવામાં આવ્યો છે. આ પાપનિવારણુનો મર્મ સમજાવવાને માટે એમ કહી શકાય કે તે તો પોતાની સાથે મનુષ્યોનું સમાધાન કરવાની ઈશ્વરની ખાસ યોજના હતી. પ્રેમ વગર ઈશ્વર તથા મનુષ્યનો મિલાપ થઈ શકે એમ નથી; અને પોતે માણુસ ઉપર કેટલો બધો પ્રેમ રાખે છે તેની ખાતરી આપવાને માટે ઈશ્વરે પોતાના એકાકીજનિત દીકરાને આ જગતમાં મોકલ્યો, એ માટે કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણુ તે અનંતજીવન પામે.

આ યોજના વળી આશ્ચર્ય પમાડે એવી યોજના છે. તે પણુ મર્મરૂપ છે. તેમાં રહેલો આકાશી બાપનો પ્રેમી ઈરાદો કેવી રીતે બર લાવવામાં આવે છે તે તો આપણે પૂરી રીતે જાણુતાં નથી. પરંતુ તેનું પરિણુામ શું આવે છે તે તો આપણે જાણીએ છીએ. આ યોજનાનું પરિણુામ તે શાંતિ છે. વળી તે "સર્વ સમજણ કરતાં અધિક" એવી શાંતિ છે! પણુ આ દુનિયામાં એટલી બધી વાતો "આપણી સમજણ કરતાં અધિક" છે, તો આ વાત પણુ આપણી સમજણ કરતાં અધિક હોય એમાં નવાઈ શી? છતાં આ વાત જેઓ અંતઃકરણપૂર્વક સ્વીકારી લે છે તેઓ સહર્ષ તથા શાંતિમય જીવન ગાળે છે, એ તો નિર્વિવાદ તથા વાસ્તવિક સત્ય છે. વળી દરેક પેઢીમાં લાખો અને કરોડો માણુસોના અનુભવમાં આ આશીર્વાદિત સત્ય આવ્યું છે અને હજી પણુ આવે છે.

શું તું શોધ કરીને ઈશ્વરનો પાર પામી શકે? એ પ્રશ્નનો એક જ જવાબ આપી શકાય એમ છે: ના! બિલકુલ નહિ! પરંતુ તે શોધમાં ઈશ્વર પોતે મદદ કરે તો થાય, અને સુવાર્તા આપણુને એવું શીખવે છે કે એમજ થયું. જ્યાં સુધી માણુસ એકલા ઈશ્વરને શોધતું હતું ત્યાં સુધી આશા નહોતી; પણુ ઈશ્વર પણુ માણુસને શોધતો હતો. મનુષ્યો ઈશ્વરને શોધતા હતા ને ઈશ્વર મનુષ્યોને શોધતો હતો, ને તે બન્નેનો મિલાપ ઈસુ ખ્રિસ્તમાં થયો. તે તો ઈશ્વરનો અવતાર હતો. તે ઈશ્વર હતો તેમજ માણુસ હતો, અને તેનામાં માર્મિક રીતે તે બન્ને એક નવા તથા નિકટના સંબંધમાં આવ્યા. મનુષ્ય ઈશ્વરને શોધતો હતો તેનું કારણુ એ છે કે ઈશ્વરમાં એવું કંઈક છે, કે જેથી મનુષ્ય તેના તરફ ખેંચાય; તેજ પ્રમાણે મનુષ્યમાં પણુ એવું કંઈક છે, કે જેથી ઈશ્વર તેના તરફ ખેંચાય. એમ કોણુ જાણે કેવી રીતે થાય છે, પણુ સાધારણુ અનુભવની વાત એ છે કે ઈશ્વર તથા મનુષ્ય એકબીજા વગર રહી શકતા નથી.

જેમ મનુષ્યો એકબીજા તરફ આકર્ષાય છે, તેમજ ઈશ્વર તથા મનુષ્ય એકબીજા તરફ આકર્ષાય છે. તેમ ન હોય તો આ દુનિયામાં ધર્મ જેવી બાબત હોય જ નહિ.

આ વાત તો માણુસો સ્વાભાવિક રીતે પહેલેથી જ જાણુતા હતા, પણુ તેમની તથા ઈશ્વરની વચ્ચે પાપ આવીને ઊભું રહ્યું. તેમનાં હૃદયો સાક્ષી આપતાં હતાં કે આમ જ હોવું જોઈએ. પણુ જ્યાં પાપ છે ત્યાં બીક છે. જગતની માયાને લીધે તેઓ દુનિયાઈ માર્ગોમાં ભૂલાં પડેલાં હતાં, અને ઈશ્વરથી વધારે ને વધારે દૂર જતાં રહેતાં હતાં, જેથી તેઓને ખાતરી થાય કે ઈશ્વર ખરેખર અમારા ઉપર પ્રેમ રાખે છે, એવું ચિહ્ન તેઓ માગતા હતા. અને જુઓ! તેઓને કેવું ચિહ્ન આપવામાં આવ્યું! કેટલું બધું અજાયબ જેવું ચિહ્ન! પ્રભુ ઈસુ ખ્રિસ્તનો વધસ્તંભ!

"બહુ દૂર એક લીલો ડુંગર છે,
એક શહેરના કોટની બા'ર;
ત્યાં આપણું તારણુ સાધવાને
મરી ગયો તારનાર."

એક લીલા ડુંગર પર એક વધસ્તંભ ઊભો કરવામાં આવ્યો હતો, અને તે પર ઈશ્વરના પુત્રે આપણે માટે પોતાનો જીવ આપી દીધો, તેથી ઈશ્વર આપણા ઉપર પ્રેમ રાખે છે તે વાત તેણે સદાકાળને માટે સાબિત કરી આપી. તે વધસ્તંભ તો ઈશ્વર તથા મનુષ્યના પરસ્પર આકર્ષણુનું ચિહ્ન છે. ત્યાં ઈશ્વર તથા મનુષ્યનો મિલાપ થયો. ત્યાં આગળ હજી પણુ વધસ્તંભ ઉપર રહીને ખ્રિસ્ત સઘળાં મનુષ્યોને પોતા તરફ ખેંચે છે. તે મર્મ છે; સૌથી મોટો મર્મ છે. પરંતુ તે વડે સઘળા મર્મો ઉઘાડવાની કૂંચી આપણા હાથમાં મૂકવામાં આવી છે. તે કૂંચીનું નામ તો 'પ્રીતિ' છે. તે વડે ઈશ્વર તેમજ માણસને પણુ સમજવાને માટે આપણે પહેલાંના કરતાં વધારે શક્તિમાન બન્યાં છીએ. વધસ્તંભનો પ્રકાશ સઘળા અંધારાને વીંધી નાખે છે. જેમ "એક્સ-રે"નાં કિરણો શરીરના ગુપ્ત ભાગોને ખુલ્લા કરે છે અને રોગનું મૂળ પ્રગટ કરે છે, તેમ વધસ્તંભનાં કિરણો ઈશ્વરનો પ્રેમ અને મનુષ્યની અગત્ય પ્રકાશિત કરે છે અને બન્નેનો મિલાપ કેવી રીતે થાય એ પ્રગટ કરે છે. આ વધસ્તંભ વડે ઈશ્વર તથા મનુષ્યનું સમાધાન થયું છે, અને આપણુને ખાતરી પણુ થઈ છે, કે "મરણુ કે જીવન, દૂતો કે અધિકારીઓ, વર્તમાનનું કે ભવિષ્યનું, કે પરાક્રમીઓ, ઊંચાણુ કે ઊંડાણુ, કે કોઈ પણુ બીજી સૃષ્ટ વસ્તુ, ઈશ્વરની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે, તેનાથી આપણુને જુદા પાડી શકશે નહિ."

૨૦. કાંઈ નવું નથી!

"યહોવાહ કહે છે, આવો, આપણે વિવાદ કરીએ: તમારાં પાપ જોકે લાલ [વસ્ત્રના] જેવાં હોય, તોપણ તેઓ હિમ સરખાં શ્વેત થશે; જો તે કીરમજના જેવાં રાતાં હોય, તો પણ તેઓ ઊન સરખાં થશે" (યશાયાહ ૧ ; ૧૮).

પવિત્ર શાસ્ત્રમાં બે જાતનાં માણસો લાલ રંગનાં કપડાં પહેરતાં માલૂમ પડે છે: રાજ્યાધિકારીઓ અને વેશ્યાઓ. વળી કબૂલ કરવું પડે છે કે આ બે વર્ગ એક બીજાની સાથે ઘણી વાર ગાઢો સંબંધ રાખતા હતા. વિશેષે કરીને "પ્રકટીકરણ"ના પુસ્તકમાં રોમન સત્તાને એક વેશ્યાની ઉપમા આપવામાં આવે છે, અને શ્વાપદ પર બેઠેલી, જાંબુઆં તથા કીરમજી વસ્ત્ર પહેરેલી એવી એક સ્ત્રીની ઉપમા વડે રોમને દેખાડવામાં આવે છે. વળી "પ્રકટીકરણ"નું પુસ્તક વાંચશો તો એ પણ માલૂમ પડશે કે તે વખતનું રોમ આ ભયંકર ઉપમાને બધી રીતે લાયક હતું. પવિત્ર શાસ્ત્ર ચિત્તાકર્ષક મુકાબલાઓથી ભરપૂર છે. જ્યારે મંડળીને કન્યારૂપે વર્ણવવામાં આવે છે ત્યારે તેને શ્વેત વસ્ત્ર પહેરેલી દેખાડવામાં આવે છે; જ્યારે તારણ પામેલાંઓને તેઓની આશીર્વાદિત સ્થિતિમાં વર્ણવવામાં આવે છે ત્યારે તેઓ પણ શ્વેત ઝભ્ભા પહેરેલાં જણાય છે, અને તેમના હાથમાં ખજૂરીની ડાળીઓ છે વળી આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું રૂપાંતર કરવામાં આવે છે ત્યાં આગળ આપણે એવું વાંચીએ છીએ કે "તેનાં લૂગડાં ઉજળાં, બહુ જ સફેદ હતાં, એવાં કે પૃથ્વીમાં કોઈ પણ ધોબી તેવાં સફેદ કરી ન શકે." લાલ રંગ અને સફેદ રંગ, એથી શુદ્ધતા અને અશુદ્ધતા દેખાડવામાં આવે છે.

હવે યશાયાહને આ વિચાર કેવી રીતે સૂઝી આવ્યો એ જણાવવામાં આવ્યું નથી. પરંતુ જેમ યિર્મેયાહને કુંભારના ઘરમાં દર્શન થયું હતું તેમ ધોબીના ઘરમાં યશાયાહને આવી પ્રેરણા થઈ હોય એ બનવાજોગ છે. કુંભારને પોતાનું કામ કરતો જોઈને યિર્મેયાહને પુનરુત્પત્તિ કરવાના ઈશ્વરી કામનું પ્રકટીકરણ થયું હતું, તેમ કદાચ ઈશ્વર ધોબીના ઘરમાં યશાયાહની સાથે પોતાના શુદ્ધ કરવાના પરાક્રમ વિષે પણ બોલ્યો હશે. ઈસ્રાએલની પતિતાવસ્થા જોઈને યિર્મેયાહ નિરાશ તથા નાહિમ્મત થતો હતો, તેવામાં તેની પાસે ઈશ્વરનું વચન એવું આવ્યું કે હે ઈસ્રાએલનાં સંતાનો, આ કુંભાર કરે છે તેમ હું તમારા વિષે ન કરી શકું? તેજ પ્રમાણે યશાયાહ પોતાના જમાનામાં ઈસ્રાએલનાં પાપ સંબંધી વિચાર કરતો હતો કે આ પાપના ડાઘ ધોશે કોણ? ત્યારે તેની પાસે પણ યહોવાહનું વચન એવું આવ્યું કે આ ધોબી કરે છે તેમ હું તમારા વિષે ન કરી

શકું ? "યહોવાહ કહે છે, આવો, આપણે વિવાદ કરીએ: તમારાં પાપ જોકે લાલ [વસ્ત્રના] જેવાં હોય, તોપણ તેઓ હિમ સરખાં શ્વેત થશે; જો તે કીરમજના જેવાં રાતાં હોય, તોપણ તેઓ ઊન સરખાં થશે."

હવે લૂગડાં ગમે તેટલાં મેલાં થયાં હોય, તોપણ ધોબી તે સાફ કરી શકે છે. સાધારણ મેલને તો ધોબી પહોંચી શકે છે, પણ ઊનનું વસ્ત્ર હોય અને રંગારા પાસે તેને રંગાવવામાં આવ્યું હોય, અને આપણે ધોબીને કહીએ કે આ લૂગડું તદ્દન સફેદ કરીને પાછું લાવજો, તો તે આપણને કહેશે કે એ કામ મારાથી થઈ શકશે નહિ. પવિત્ર શાસ્ત્ર જણાવે છે કે પાપના ડાઘ એવા હોય છે. તેને કોઈ માણસ કાઢી શકે નહિ. દુનિયાના આરંભથી પોતાના પાપના ડાઘ કાઢવાના પ્રયત્નો કરવામાં માણસજાત રોકાએલી માલૂમ પડે છે, તે સંબંધી ઈશ્વર કહે છે, કે "જો તું પોતાને ખારાથી ધૂએ તથા પોતાને ઘણો સાબુ ચોપડે, તોપણ તારાં પાપના ડાઘ મારી નજરે દેખાય." મુજ પાપના ડાઘ ધોશે કોણ ? એ સઘળી માનવજાતની બૂમ છે. જવાબમાં ઈશ્વર કહે છે કે એ કામ હું કરી શકીશ: "તમારાં પાપ જોકે લાલ [વસ્ત્રના] જેવાં હોય, તોપણ તેઓ હિમ સરખાં શ્વેત થશે; જો તે કીરમજના જેવાં રાતાં હોય, તોપણ તેઓ ઊન સરખાં થશે."

પરંતુ પાપને દેખાડવાને માટે લાલ રંગનો દાખલો શા માટે વાપરવામાં આવતો હશે ? પ્રબોધક અહીં આગળ ઇરાદાપૂર્વક લાલ રંગનો ઉપયોગ કરે છે, અને વળી તેના પર ભાર મૂકે છે: "તમારાં પાપ જોકે લાલ વસ્ત્રના જેવાં હોય, હા, તે કીરમજના જેવાં રાતાં હોય," તોપણ તે સફેદ કરવાની મારામાં શક્તિ છે એમ કહેતાં તે ઈશ્વરને વર્ણવે છે. હવે મારા ધારવા પ્રમાણે પાપને ઓછું મહત્ત્વ આપવાની માણસોની ટેવ છે, તેથી જ આ પ્રમાણે કરવામાં આવે છે. પાપ કેટલું બધું ભયંકર છે તે આ પ્રમાણે પ્રગટ કરવામાં આવે છે. બાળપણની શુદ્ધતા હમેશને માટે ન રહે એવી દલીલ કરવામાં આવે છે. જગતની સાથે સમાગમમાં આવવાથી અસલ નિર્દોષતાનો બગાડ થયા વગર રહેતો નથી, તો પછી તેના વિષે શા માટે ચિંતા કરવી ? એમ કહેવામાં આવે છે. સંપૂર્ણતાએ પહોંચતાં ચૂકી જવું તેનું નામ પાપ છે, અને ગ્રીક ભાષામાં પાપને માટે જે શબ્દ છે તેનો અર્થ એજ છે. પોતાના હૃદયને શાંતિ આપવાને માટે જગતના તર્કશાસ્ત્રીઓ પાપને હલકું રૂપ આપવા સંપીલા માલૂમ પડે છે. ગ્રીસના તર્કશાસ્ત્રીઓ તો એવું સમજાવતા હતા કે પાપનું કારણ અજ્ઞાનતા છે. જો માણસોને જ્ઞાન મળે તો તેઓ જોઈએ તેમ વર્તે અને એમ પાપ જેવી વસ્તુ દુનિયામાં જોવામાં આવે નહિ.

હવે અજ્ઞાનતા તે પાપનું એક કારણ છે એ વાત સાચી, પણ દુનિયામાંનાં સર્વ પાપ અજ્ઞાનતાને લીધે જ થાય છે એવું પવિત્ર શાસ્ત્ર નકારે છે. શું માણસો હમેશાં અજ્ઞાનતાને લીધે પાપ કરે છે ? એવું કોણ કહી શકે ? નારે ના !

માણુસો પાપ કરે છે ત્યારે તેઓના મનમાં શાંતિ નથી. તેમનાં અંતઃકરણો તેઓને કહે છે કે આ જે તમે કરો છો તે ઈશ્વરની મરજીની વિરૂદ્ધ છે. આજે જો દુનિયામાંનાં બધાં માણુસોને સંપૂર્ણ જ્ઞાન આપવામાં આવે તોપણ આવતી કાલે દુનિયામાં પાપ રહેશે. પાપ કરવું તે માત્ર અજ્ઞાન માણુસોનું કામ છે એમ નથી. અજ્ઞાન માણુસ પાપ કરે છે તેમજ જ્ઞાની માણુસ પણ પાપ કરે છે; વળી જ્ઞાની માણુસ તો વધારે હોશિયારીથી પાપ કરે છે; "હું કેવો દુર્ભાગ્ય માણુસ છું; મને આ મરણુના શરીરથી કોણ છોડાવશે?" એમ પાઊલે બૂમ પાડી, અને તે વળી જ્ઞાની માણુસ હતો. પાપનું મૂળ તે મનમાં નથી, પણ હૃદયમાં છે. જીવનના સ્થાનમાં પાપનું મૂળ છે, અને તેના ડાઘ લાલ છે એમ પ્રબોધક કહે છે ત્યારે તે વાજબી કહે છે; કેમકે લોહી લાલ છે.

બીજા કેટલાએક કહે છે કે પાપનું મૂળ તો સ્વાર્થ છે, અને તેમાં પણ અમુક અંશે સત્ય રહેલું છે. પરંતુ દુનિયામાંથી સ્વાર્થ દૂર કરવામાં આવે તોપણ નવું આકાશ અને નવી પૃથ્વી થશે કે કેમ એ સવાલ છે. ખરી વાત છે કે પોતાનું હિત શામાં સમાએલું છે તે માણુસો જાણતાં નથી. દુનિયામાંથી સ્વાર્થ દૂર કરવામાં આવે તોપણ દુનિયા પાપના બંધનમાં રહેશે. ઈશ્વરી પ્રકટીકરણ સિવાય પાપ શું છે એ માણુસો જાણતાં નથી અને સ્વાર્થ શું છે તે પણ જાણતાં નથી. ઈશ્વરી પ્રકટીકરણ સિવાય માણુસો કેવળ પોતાનું અહિત કરે છે, અને પોતાના શરીર તેમજ આત્માનો નાશ કરે છે. પાપ લાલ છે, તેનો બદલો લોહી છે. સ્ત્રીપુરુષો તથા નાનાં બાળકોના લોહીથી પાપ લાલ લાલ થઈ ગયું છે. હા, માનવપુત્રોમાં જે શિરોમણી હતો તેના લોહીથી પણ તે લાલ થયું છે; માટે આ વચનની આપણુને જરૂર હતી, કે "તમારાં પાપ જોકે લાલ [વસ્ત્રના] જેવાં હોય, તો પણ તેઓ હિમ સરખાં શ્વેત થશે; જો તે કીરમજના જેવાં રાતાં હોય તોપણ તેઓ ઊન સરખાં થશે."

છતાં તેને કાળું કહીએ તો શું ખોટું? એમ પણ કહેવામાં આવે છે; કેમકે આ ઉદાસીનતા ભરેલી દુનિયામાં શું સઘળા શોક અને દુઃખનું મૂળ તે નથી? ના, તેનું કારણ છે! તેનું કારણ એ છે કે પાપ કાળા વસ્ત્રથી વેષ્ટિત થએલું હોય એવું આપણુને હમેશાં માલૂમ પડતું નથી. જો પાપ કાળાં વસ્ત્ર પહેરીને આપણી પાસે આવે તો સારૂં કરવું વધારે સહેલું પડે. પાપ તે દુનિયાના આનંદોની સાથે સંબંધ રાખવા માગે છે, અને તે કારણથી પોતાનાં વસ્ત્ર આકર્ષક હોય માટે તે કાળજી રાખે છે. પાપ ગમે તેટલું ભયંકર હોય, પણ તેનો બહારનો દેખાવ હમેશાં સુંદર હોય છે. માનવજાતના જીવનરૂપી બગીચામાં તે ખસખસના ફૂલની માફક પોતાની સુંદરતા વડે ભમતા માણુસોને લલચાવે છે, પણ તેમાં ઝેર છે, વિસ્મૃતિ છે, અને મરણુ છે. હા, પાપનું આકર્ષણ ભયંકર છે; તેની મોહકતા પ્રાણુઘાતક છે. તે જોઈને માણુસોને, ભલે ઈશ્વરના

કાયદા પગ તળે ખૂંદવા પડે, અને મરવું પડે, તો પણ આ લાલ ફૂલમાંથી મીઠું ઝેર ચૂસવાનું મન થાય છે.

વહાલાંઓ, પાપ વિષે, તેનાં લક્ષણો વિષે, અને તેનાં પરિણામો વિષે વિચાર કરીએ છીએ ત્યારે પાપને લાલ કહેવામાં પ્રબોધકે કાંઈ ભૂલ નથી કરી એ જણાઈ આવે છે. મોજશોખની આશાએ, લાભની આશાએ અથવા સંતોષની આશાએ પાપ કરવામાં આવે છે. સઘળો આનંદ પાપ છે એવું કાંઈ નથી, પરંતુ મોજશોખનું પરિણામ પાપ છે, કેમકે ઈશ્વરના નિયમોની વિરૂદ્ધ ચાલવાથી જ તેમાંના લાભો મળી શકે છે. સ્વાર્થ તે તો પાપનો અમૂક એક જ દેખાવ છે. અજ્ઞાનતા વડે સઘળાં પાપનો ખુલાસો થઈ શકતો નથી. પાપ આકર્ષક છે અને તેજ કારણથી જગત પાપ કરે છે અને કરતું રહે છે. એક વાણી આપણા હૃદયમાં બોલે છે અને ચેતવણી આપ્યા કરે છે કે ફલાણું કામ કરવા જેવું નથી તોએ જેમ પતંગિયું બત્તીની જ્વાળાથી દૂર રહી શકતું નથી તેમ આપણને પણ પાપ તરફ આકર્ષવામાં આવે છે.

દુનિયાના ઇતિહાસે સાબિત કર્યું છે કે બીક કોઈ માણસને પાપ કરતાં અટકાવશે નહિ. પોતાનું પાપ નિહાળીને કોઈ માણસ પોતાનું પાપ જોઈ શકતું નથી; તે પરથી તે પોતાની નજર ફેરવે છે અને બીજી તરફ જુએ છે ત્યારે જ પાપનું ખરૂં સ્વરૂપ તેને માલૂમ પડે છે. આજ કારણથી આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આ દુનિયામાં મોકલવામાં આવ્યો હતો. તેની પાસે ન આવીએ ત્યાં સુધી પાપ કેટલું બધું બેડોળ છે એ આપણે જોઈ શકતાં નથી. તેની નિર્મળ આંખ આપણી સામું જુએ છે ત્યારે યશાયાહની માફક જમીન પર પડીને કબૂલ કરવાનું મન થાય છે, કે "હું અશુદ્ધ હોઠોનો માણસ છું અને અશુદ્ધ હોઠોના માણસો મધ્યે હું વાસો કરૂં છું." તેની પવિત્રતા, તેની કોમળતા, તેની મોહકતા અને તેની અપાર સુંદરતા જોઈને આપણે ધૂળ અને રાખમાં બેસી પસ્તાવો કરીએ છીએ. તેનો પ્રેમી હાથ આપણને કીચડમાંથી ઉઠાવી લેવાને માટે આપણા તરફ લંબાવવામાં આવે છે ત્યારે જ આપણે કેટલા નીચા પડી ગયા છીએ એ આપણને માલૂમ પડે છે.

યોહાન બાપ્તિસ્મા કરનારે પોતાના સમયના માણસોને કહ્યું, કે "પસ્તાવો કરો," પણ દિલગીરી કોઈ પણ માણસના પાપના ડાઘ ભૂંસી નાખશે નહિ. યોહાનના વખત અગાઉ ઘણાંએ પોતાનાં પાપને લીધે પસ્તાવો કર્યો હશે અને ઘણાંને પોતાનાં પાપની માફી મળી હશે પણ જગતને વિશેષ ખાતરી આપવાની જરૂર હતી. "પસ્તાવો કરો," એટલી સુવાર્તા તો અધૂરી છે, પણ એજ યરદનના કિનારા ઉપર ખ્રિસ્ત પ્રગટ થયો તે દહાડા સુધી આ સુવાર્તા સિવાય બીજી સુવાર્તા યોહાનની પાસે હતી જ નહિ. જગતે ખ્રિસ્તને જોયો ત્યારે જ પાપની માફીની ખાતરી થઈ. જુઓ, દેવનું હલવાન, જે જગતનું પાપ હરણ કરે છે. જે

પાપથી બચાવવાનો હતો તે પાપને માટે મરવાનો પણ હતો.

આ ધોબી કરે છે તેમ હું તમારા વિષે શું કરી ન શકું' એમ ઈશ્વર દરેક આદમપુત્રને પૂછે છે, અને જેણે તેના હલવાન પર પોતાનાં પાપ મૂક્યાં હોય તે દરેક જવાબ આપે છે કે હા! પાપનિવારણ તે મોટો મર્મ છે. ઈશ્વરી ધોબી કેવી રીતે પોતાનાં કાર્યો કરે છે એ આપણે જાણતાં નથી. લાલ લાલને કેવી રીતે ભૂંસી નાખે છે તે પણ આપણે જાણતાં નથી. છતાં ઇસ્રાએલમાં પાપ તથા સર્વ અશુદ્ધતાને માટે જે ઝરો ઉઘાડવામાં આવ્યો છે તેને લીધે પેઢી દરપેઢી તારણ પામેલાંઓના જયવંત હર્ષનાદ આકાશ સુધી પહોંચે છે :

અમૂલ્ય છે ખરે, શ્વેત બરફ સમ કરે;
અન્ય ઝરો ન મળે, ઈસુનું રુધિર છે વ્હેતું.

ઈશ્વર છે, તેનો સૌથી મજબૂત પૂરાવો તો ઈશ્વરપરાયણતા છે, એમ કહેવામાં આવ્યું છે. તેજ પ્રમાણે ખ્રિસ્તનું રક્ત અસરકારક છે તેનો સૌથી મજબૂત પૂરાવો તો બચાવ પામેલું જીવન છે. એક વેળા લંડનના એક બહુ જ મોટા મકાનમાં સ્પર્જનને ભાષણ કરવાનું હતું. તેના મનમાં એ સવાલ ઉપસ્થિત થયો કે આવડા મોટા હૉલમાં મારૂં સંભળાશે કે કેમ? ખાતરી કરવાને માટે તે હૉલમાં ગયા અને શાસ્ત્રમાંથી એક વાક્ય મોટેથી બોલ્યા. એ વાક્ય આ પ્રમાણે હતું: "આ વાત વિશ્વસનીય તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે, કે ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને આ જગતમાં આવ્યો." આટલું બોલ્યા પછી તેને એમ લાગ્યું કે મારો સાદ છેઠ સુધી પહોંચી જશે, તેથી તે ઘેર ગયા. ત્યારથી ૨૫ વરસ પછી મિ. સ્પર્જનના ભાઈ જે મંડળીના પાળક હતા તેનો એક સભાસદ માંદો હોવાથી ત્યાં જવું પડ્યું. મરણ પાસે આવ્યું છે એ જોઈને પાળકે તેને પૂછ્યું કે ભાઈ, તમે તૈયાર છો? મરનાર માણસે જવાબ આપ્યો કે હાજી! પછી તેણે ખુલાસો કર્યો. ખુલાસો કરતાં તેણે એમ કહ્યું કે હું કારીગર છું અને ઘણાં વરસો ઉપર ફલાણા મકાનમાં ઘુમટ નીચે કામ કરતો હતો ત્યારે એકાએક જાણે આકાશમાંથી વાણી થઈ હોય એમ મને લાગ્યું. તે વાણી એમ કહેતી હતી કે "આ વાત વિશ્વસનીય તથા સંપૂર્ણ અંગીકાર કરવા યોગ્ય છે, કે ખ્રિસ્ત ઈસુ પાપીઓને તારવાને આ જગતમાં આવ્યો." આથી મારાં પાપ વિષે મને ખાતરી થઈ અને મેં મારા તારનાર તરીકે ઈસુ ખ્રિસ્તને સ્વીકાર્યો, હા, સાહેબ, હું તૈયાર છું.

વહાલાં ભાઈબહેનો, આજે મારી પાસે કાંઈ નવી સુવાર્તા નથી તોપણ એ આશાએ હું આ દેવળમાં આવ્યો છું કે તે કોઈને નવી જ લાગશે. તે સુવાર્તા આ છે: "યહોવાહ કહે છે, આવો, આપણે વિવાદ કરીએ: તમારાં પાપ જોકે લાલ [વસ્ત્રના] જેવાં હોય, તોપણ તેઓ હિમ કરતાં શ્વેત થશે; જો તે કીરમજના જેવાં રાતાં હોય, તોપણ તેઓ ઊન સરખાં થશે."

૨૧. આશ્ચર્યની અગત્ય

"વિસ્મિત થઈને અચંબો પામો" (યશાયાહ ૨૯ ; ૯).

જે રાત્રે આપણો પ્રભુ પરસ્વાધીન કરાયો તે રાત્રે તેણે ઉપલી કોટડીમાં પોતાના શિષ્યોને કેટલાંએક દિલાસાનાં વચનો કહ્યાં હતાં. વિશેષે કરીને તેણે તેઓને એવું કહ્યું કે હું તમને અનાથ નહિ મૂકીશ ; મારી જગા પવિત્ર આત્મા લેશે અને તે સદા તમારી સાથે રહીને તમને દિલાસો આપશે, અને તમને સર્વ સત્યમાં દોરી જશે. પુનરુત્થાન પછી વળી તેણે તેઓને દર્શન દીધું અને આજ બાબત વિષે તેમને એક આગ્રહપૂર્વક સલાહ પણ આપી. તેણે તેઓને કહ્યું, કે પવિત્ર આત્મા તમારા પર તરત આવશે નહિ, અને તેની તમારે રાહ જોવી પડશે : "હું મારા બાપનું વચન તમારા પર મોકલું છું ; પણ તમે ઉપરથી પરાક્રમે વેષ્ટિત થાઓ ત્યાં સુધી શહેરમાં રહો." તેઓએ જે સેવા કરવાની હતી તેને માટે તેઓને આકાશી મદદ પામવાની જરૂર હતી. આ મદદ પવિત્ર આત્માદ્વારા તેઓને મળવાની હતી, અને તે મળે ત્યાં સુધી તેઓ રાહ જુએ અને પ્રાર્થનામાં લાગુ રહે એવી પ્રભુની મરજી હતી. પ્રભુનો હુકમ તેઓએ એક રીતે પાળ્યો અને બીજી રીતે ન પાળ્યો. તેઓ યરૂશાલેમમાં રહ્યા ત્યાં સુધી તેઓએ પ્રભુનો હુકમ માન્ય રાખ્યો. પરંતુ જ્યાં સુધી તેમને પવિત્ર આત્મા ન મળે ત્યાં સુધી તેઓ કશું નવું પગલું ન ભરે એ પણ જરૂરનું હતું. આ બાબતમાં તેઓએ પ્રભુનો હુકમ તોડયો. રાહ જોતાં જોતાં તેઓ અધીરા બન્યા અને પીતરે દરખાસ્ત કરી અને તે સર્વાનુમતે મંજુર કરવામાં આવી કે વિશ્વાસઘાતી યહુદાને બદલે બારમા પ્રેરિતની ચુંટણી કરવી. આ પ્રમાણે માત્થીઅસની ચુંટણી કરવામાં આવી.

હવે આ બાબતમાં પ્રેરિતમંડળે ઉતાવળ કરી અને ચુંટણી કરવાની તેમની જે રીત હતી તે પણ ગેરવાજબી હતી. તે પહેલાં તો તેઓએ પ્રાર્થના કરી અને તે તેઓએ સારૂં કર્યું; પણ ચિટ્ઠીઓ નાખવાની જે રીત તેઓએ પસંદ કરી તે વાજબી નહોતી; આ રીત તે જમાનાના સારા વિદેશીઓ પણ માન્ય રાખતા નહોતા. તેઓએ પવિત્ર આત્માની રાહ જોઈ હોત તો તે આવી સલાહ ન આપત, અને તે પરથી જ તેમને પવિત્ર આત્માની કેટલી બધી જરૂર હતી તે દેખાઈ આવે છે. વળી આ હોદ્દા સંબંધી માત્થીઅસ તો નહિ પણ તાર્સસના શાઊલ નામના એક જુવાન રાબ્બી ઉપર ઈશ્વરનું ધ્યાન હતું. યહુદાની જગા આટલી વહેલી પૂરવામાં આવે એવી ઈશ્વરની મરજી નહોતી. વળી પાછળના ઇતિહાસ પરથી ઈશ્વરે તેમનું કામ નાપસંદ કર્યું એ ચોક્કસ જણાય છે ; કેમકે

જ્યારે ખ્રિસ્તના રાજ્યમાં પાઊલને મોટામાં મોટું સ્થાન આપવામાં આવ્યું ત્યારે આ માત્થીઅસ વિષે હવે પછી શાસ્ત્રમાં કશું વાંચવામાં આવતું નથી.

છતાં માત્થીઅસ નાલાયક માણસ હતો એમ માનવાની જરૂર નથી. પ્રેરિતોએ તેને પસંદ કર્યો એ ઉપરથી જ સાબિત થાય છે કે તે સારો માણસ હશે. કોઈને અમુક હોદ્દો ન મળે તેથી જ તે નાલાયક ઠરે છે એવું કાંઈ નથી; કેમકે જે પ્રેરિતોને આપણા પ્રભુએ પોતે પસંદ કર્યા હતા, તેઓમાંના કેટલાએકના સંબંધમાં માત્થીઅસના જેટલું જ ઓછું જાણવામાં આવે છે. વળી જોકે માત્થીઅસ વિષે "નવા કરાર"માં કશું જણાવવામાં આવ્યું નથી, તોપણ તેણે પોતાની પેઢીમાં ઉમદા સેવા બજાવી; કેમકે સુવાર્તાઓ લખવામાં આવી ત્યાર પહેલાં તેણે આપણા પ્રભુના શિક્ષણ સંબંધી એક પુસ્તક લખ્યું. આ પુસ્તકનું નામ 'સંપ્રદાયો' એ હતું; અને જોકે તે નાશ પામ્યું છે તોપણ પ્રાચીન ખ્રિસ્તી સાહિત્યમાં તેના વિષે વારંવાર નોંધ લેવામાં આવી છે. વિશેષે કરીને આપણા પ્રભુનું એક જાણવા જેવું વચન તેમાંથી મળે છે: "આશ્ચર્ય પામવું તે જ્ઞાનની શરૂઆત છે; તમારી આગળ જે વાનાં છે તેથી આશ્ચર્ય પામો." યશાયાહ પણ આપણને એમજ કહે છે: "વિસ્મિત થઈને અચંબો પામો."

જે માણસ કશાથી અચરત નથી થતો તેની મને દયા આવે છે. બાળક સર્વથી અચરત પામે છે. જુવાનીમાં અચરત થવાની શક્તિ ઓછી થાય છે; બહુ ભણ્યો છું એવી અસર થવાથી ઘણીવાર જુવાનને બધું જ સાધારણ લાગે છે. આધેડાવસ્થામાં ઘણું કરીને સંસારી બાબતોની ખેંચ વધારે હોવાથી વિચાર કરવાનો અને મનન કરવાનો વખત ઓછો હોય છે. વૃદ્ધાવસ્થામાં ઈશ્વરની મહેરબાનીથી વિચાર કરવાની ફુરસદ હોય છે અને અચરત થવાની શક્તિ પાછી આવે છે. હું બધું જાણું છું એવી ભ્રમણા કોઈને થાય તો તે ઘણું કરીને જુવાન અને બીનઅનુભવી માણસને જ થાય. સાધારણ રીતે વધતું જ્ઞાન અને વધતો અનુભવ આપણામાં વધતી નમ્રતા ઉત્પન્ન કરે છે, અને સૃષ્ટિની સુંદરતાને લીધે તેમજ ઉત્પન્નકર્તાની પૂર્વ દૃષ્ટિને લીધે આપણને વિસ્મિત કરી દે છે.

ચિત્રકળાના પ્રદર્શનમાં હું ગયો હતો. ત્યાં આગળ દુનિયામાં પ્રખ્યાત થએલા ચિત્રકારોએ કાઢેલાં ચિત્રો પ્રદર્શિત કરવામાં આવ્યાં હતાં. આવી જગામાં આપણને એમ જ લાગે કે જેઓ સભ્યતાથી આ સુંદર ચિત્રો નિહાળતાં હોય તેવાની જ હાજરી હશે, પણ ચિત્રોને જોનાર થોડા જ હતા. કેટલાંક પોતાને માટે ખાવાનું લઈને ત્યાં આગળ ખાવાને માટે આવેલાં હતાં; બીજા કેટલાએક પોતાના મિત્રોની સાથે એકઠા મળવાને માટે જ આ જગા પસંદ કરી હતી. બહાર વરસાદ વરસતો હતો અને કેટલાએક વરસાદને કારણે આશ્રય લેવાને માટે ત્યાં આગળ આવેલા હતા. ભીંતે ટાંગેલાં આ અજોડ કળાનાં

ચિત્રો જાણે પોકાર કરીને કહેતાં હતાં કે "વિસ્મિત થઈને અચંબો પામો," પણ ઘણાખરાને એ વાતની પરવા જ નહોતી; અને એવી જ રીતે માણસો ઈશ્વરની સુંદર ઉત્પત્તિ મધ્યે હરે છે ફરે છે.

હવે બાળક જે બાબતોથી અચરત થાય છે તેથી મોટો માણસ અચરત ન થાય એ સ્વાભાવિક છે. દુનિયાના જંગલી વિભાગોમાં જઈને છેક જંગલી માણસને શોધી કાઢીએ અને તેને એક ઘડિયાળ બતાવીએ તો તે માણસ અજાયબી પામશે. ઘડિયાળ તો તેને ચમત્કાર જેવીજ લાગશે. પરંતુ વખત જતાં ત્યાંની પ્રજા કેળવાઈ જાય અને ઘેરેઘેર ઘડિયાળ રાખવામાં આવે ત્યારે કોઈ આશ્ચર્ય નહિ પામે.

પરંતુ વધતું જ્ઞાન પામવાથી આશ્ચર્ય પામવાની શક્તિ નષ્ટ થાય એવી જરૂર નથી. ખરી વાત છે કે જે બાબતોથી આપણે પરિચિત થયાં છીએ તેથી આપણને નવાઈ ઓછી લાગે છે. એ પણ ખરૂં છે કે બેપરવાઈરૂપી મોતી માણસને આંધળા બનાવે છે. સો વરસ સુધી તારાઓ પ્રકાશ આપતા બંધ થાય અને સો વરસને અંતે પ્રકાશ ફરી આપે તો પૃથ્વી પરની દરેક આંખ આકાશ તરફ ઊંચી કરવામાં આવે અને દરેક હૃદય ઈશ્વરની ઉપકારસ્તુતિ કરે. આપણે બાળક હતા ત્યારે આજ તારાઓ પ્રકાશ આપતા હતા અને આ રાત્રે પણ તેઓ પ્રકાશ આપશે; પણ પરિચયને લીધે આપણે આશ્ચર્ય પામતાં બંધ થયાં છીએ.

રસ્કીન નામનો એક મોટો લેખક લખે છે કે "રાજમહેલમાં રહીને કશાથી અચરત ન થવું તે કરતાં ઝૂંપડામાં રહીને સર્વથી અચરત થવું તે મને વધારે સારૂં લાગે છે." ગીતશાસ્ત્રમાં આશ્ચર્ય પામવાની આપણી જે કુદરતી શક્તિ છે તેને કેળવવામાં આવે છે: "આ તેની કૃપા તથા માણસજાતને સારૂ તેનાં આશ્ચર્યકારક કૃત્યો ધ્યાનમાં રાખીને માણસો યહોવાહની સ્તુતિ કરે તો કેવું સારૂં!" હેબ્રીઓને ગીતકર્તા આ દોષ દે છે: "તેનાં કૃત્યો તથા ચમત્કારો તેણે તેઓને દેખાડ્યાં હતાં તે તેઓ ભૂલી ગયા." આજ વિચાર મુસાના ગીતનો આધાર છે: "હે યહોવાહ, દેવો મધ્યે તારા જેવો કોણ છે? તારા જેવો પવિત્રાઈમાં મહિમાવાન, સ્તોત્રોમાં ભયયોગ્ય તથા આશ્ચર્યકર્મકર્તા બીજો કોણ છે?" વળી નહેમ્યાહ જણાવે છે કે જ્યારે કોઈ પ્રજામાં આશ્ચર્ય પામવાની શક્તિ ઓછી થાય છે ત્યારે તે બગડવા બેઠી સમજવી: "તેઓએ તારૂં કહ્યું માન્યું નહિ, અને તારા જે ચમત્કારો તેં તેઓને બતાવ્યા, તે તેઓએ ધ્યાનમાં લીધા નહિ." આપણે પણ અંધાપો દૂર કરવાની જરૂર છે; આપણે માટે તેમજ આપણા વહાલાઓને માટે ગીતકર્તાની જે પ્રાર્થના હતી તેજ જરૂરની છે. "હે યહોવાહ, અમારી આંખ ઉઘાડ, કે અમે જોઈએ." "વિસ્મિત થઈને અચંબો પામો."

જેણે પોતાની માણસાઈ ખોઈ નાખી હોય તેની વાત જુદી, પણ જેનામાં કંઈ સભ્યતા હોય તે માણસ પોતાના જીવનમાંના મોટા મોટા અનુભવ પરથી

આશ્ચર્ય પામતાં શીખી શકે છે. મંદવાડ, શોક, મરણ, પરિવર્તન તે આ ભિંચ કેળવણીનાં સાધનો છે. સંત ફ્રાન્સિસ પોતાના એવા એક અનુભવનું વર્ણન કરે છે: ઘણા વખત સુધી તે માંદગીના ખાટલામાં રહ્યો. પછી તેનામાં શક્તિ પાછી આવી ત્યારે તે ઇટાલિયન ડુંગરોમાં ફરવા નીકળ્યો. દુનિયા તેને નવી જ લાગી; તેને કદી ખ્યાલ થયો નહોતો એવી સુંદરતાનું તેને દર્શન થયું, અને આખી દુનિયા તેને ઈશ્વરના પારાદૈસ જેવી જ લાગી. કેટલાકને આંખનો અંધાપો હોવાને કારણે બીજાઓ જોઈ શકે છે તે તેઓ જોઈ નથી શકતા, પણ તેઓ સૃષ્ટિની સુંદરતા નકારે છે ત્યારે તેમનું માનવાની આપણે શી જરૂર? કેટલાક લીલા અને લાલ રંગમાં કશો તફાવત જોઈ શકતા નથી પણ કોઈ રેલવેમાં તેમને એન્જીન ડ્રાઈવરનું કામ સોંપવામાં આવતું નથી. આંધળા માણસને દુનિયા અંધારા ભરેલી લાગે છે; બહેરાને તે સુસ્વર વિનાની લાગે છે, અને જેઓની પ્રેરકબુદ્ધિ નષ્ટ થએલી છે તેમને તે ઈશ્વરરહિત પણ લાગે છે. "તમે શું જોવાને માટે નીકળ્યા?" એ પ્રભુનો સવાલ અગત્યનો છે; કેમકે તેના જવાબ પર આપણા આત્મિક હિતનો ઘણોખરો આધાર રહેલો છે. જેઓને જોવાની આંખ નથી અને સાંભળવાના કાન નથી એવા લોકોથી દુનિયા ભરપૂર છે; તેમને આ જીવન સંતોષ આપી નથી શકતું તેમાં નવાઈ શી?

મિસર દેશમાં જે શોધખોળ કરવામાં આવી છે તેમાં ઘણા જૂના હસ્તલેખો હાથ આવ્યા છે. તેમાં વળી આપણા પ્રભુનાં કેટલાંક જાણવા જેવાં વચનો પણ મળી આવ્યાં છે. એક વચન આ પ્રમાણે છે: "જે આશ્ચર્ય પામે છે તે રાજ કરશે, અને જે રાજ કરશે તે વિસામો પામશે." જીવનના સવાલો મધ્યે ખરી વિશ્રાંતિ તે આરાધના કરનાર આત્માઓને માટે છે. જેઓ વિસ્મિત થઈને આરાધના કરતાં શીખે છે તેઓ જ પોતાના સંજોગો પર ધણીપણું કરી શકે છે. આશ્ચર્ય પામવાની બાળકની જે શક્તિ છે તે પાછી મેળવવાની જરૂર છે: "તમે બાળકોના જેવા થાઓ, નહિ તો દેવનું રાજ્ય તમે જોઈ શકશો નહિ." ફરોશી પોતાના અભિમાનને કારણે આશ્ચર્ય પામી શકતો નહોતો; માટે ખ્રિસ્તે ફરોશીઓને તેઓના ઠેકાણામાંથી ખસેડીને તેઓની જગામાં બાળકોને બેસાડ્યાં. આશ્ચર્ય પામ્યા સિવાય કોઈ માણસ ખરો ખ્રિસ્તી થઈ શકતો નથી. "વિસ્મિત થઈને અચંબો પામો." ખેતરમાંની ગુલછડીઓને લીધે અચંબો પામો; દરેક ઉડાઉ દીકરાના હૃદયમાં સ્વર્ગ અને નરક સમાએલાં છે તેથી અચંબો પામો; પણ વિશેષે કરીને વધસ્તંભ પર તમારો બચાવ કરવાને માટે ઈશ્વર કેટલી હદે જવા તૈયાર થયો તે ખ્રિસ્તે બતાવ્યું છે; માટે અચંબો પામો. આશ્ચર્ય પામવાની બાળકની જે શક્તિ છે તે માણસો ખોઇ નાખે એવી મોટી દહેશત આપણા પ્રભુને લાગતી હતી તેથી તેણે આ ચોંકાવનારો ઉપાય કર્યો.

આપણે બાઈબલમાં જે પ્રકટીકરણ પામ્યા છીએ તેથી આપણે માટે સર્વસ્વ હજાર દરજ્જે આશ્ચર્યકારક થઈ ગયું છે. જે દુનિયામાં ગ્રીકો રહેતા હતા અને જે દુનિયામાં આપણે રહીએ છીએ તેમાં બહુ ફેર છે; કેમકે દુનિયાને નવીન રીતે નિહાળવાનું ખ્રિસ્તે આપણને શીખવ્યું છે. ખ્રિસ્ત ગાલીલનાં ખેતરોમાં ફર્યો ત્યારથી આપણે જે સાધારણ શબ્દો વાપરીએ છીએ તે હજાર દરજ્જે ગંભીર અર્થસૂચક બન્યા છે. ગ્રીકના ધ્યાનમાં જીવન ટૂંકી મુસાફરી સમાન હતું; ખ્રિસ્તી માણસના ધ્યાનમાં તે કેવળ અનંતકાળની પ્રસ્તાવનારૂપ છે. ગ્રીકને માટે મરણ તે એક જાતના નિર્વાણ સમાન હતું; ખ્રિસ્તીને માટે તે કાંતો સ્વર્ગ કાંતો નરકમાં પહોંચાડે છે. ગ્રીકના ધ્યાનમાં પાપ તે કદાપિ ભૂલ કે મૂર્ખાઈમાં ખપે; પણ ખ્રિસ્તી માણસ સમજે છે કે તેથી માણસ તથા પ્રેમી ઈશ્વરપિતાની વચ્ચે માણસ એકલો રહીને ઓળંગી ન શકે એવી મોટી ખાઈ મૂકવામાં આવે છે.

"વિસ્મિત થઈને અચંબો પામો;" કેમકે જીવન હસીને પસાર થવાય એવી બાબત નથી. તેમાં આનંદ છે; ઊભરાતો આનંદ છે, પણ આકાશનો આનંદ અને પૃથ્વીનો આનંદ જુદો છે. વખતે ઈશ્વરની આગળ આપણે છાના રહેવાની જરૂર છે: "હે યહોવાહ, બોલ, તારો સેવક સાંભળે છે" એમ આપણે વારંવાર કહેવાનું છે. પવિત્ર વાનાં તે પવિત્ર લોકોને સારૂ છે; ઈશ્વરની પાસે જવાને માટે આરાધનાની જરૂર છે; શુદ્ધ હાથોની જરૂર છે; શુદ્ધ જીવનની જરૂર છે.

"અમારા બાપ" નામનું પ્રખ્યાત સંગીત છે તે ગાવાને માટે અમુક મંડળીની ગાયનટોળી તૈયારી કરતી હતી, એવામાં તેમનો જે શિક્ષક હતો તેને એમ લાગ્યું કે ગાવામાં ઊણપ દેખાય છે; માટે ટીકા અને સૂચનાઓ કરવાને માટે તેણે સંગીતમાં પ્રવીણ થએલા એક પ્રખ્યાત શિક્ષકને બોલાવ્યો. આ માણસે આવીને તે સાંભળ્યું, ત્યારે પેલા માણસે તેનો અભિપ્રાય માગ્યો ને પૂછ્યું, કે આ રાગ બરોબર નથી તેનું કારણ શું? મોટા અધ્યાપકે તેને કહ્યું, કે "ભાઈ, કારણ તો તમારા ખીસામાં છે." આથી પેલા આગેવાનને અજાયબ લાગ્યું અને તેણે પોતાના ખીસામાંથી એક હલકું વર્તમાનપત્ર કાઢ્યું ત્યારે અધ્યાપકે તેને કહ્યું, કે "જે માણસ આવો કચરો વાંચે છે તે અન્યને 'અમારા બાપ' ગાતાં શી રીતે શીખવી શકે?"

માતાના ખોળામાં સૂતેલું બાળક આપણને સાધારણ લાગે પણ માતાને તે સાધારણ કદી ન લાગે. આપણો બાપ આપણને પણ સાધારણ નથી ગણતો નહિ તો આપણે માટે તે મરવાને ખ્રિસ્તને મોકલત નહિ; તો શું આપણે તેને તે સાધારણ જ ગણીએ? તેની સાથે ગમે તેમ વર્તીએ? વહાલાંઓ, "વિસ્મિત થઈને અચંબો પામો."

૨૨. બાર્ઝિલ્લાયના પુત્રોનો ધારો

"જે સંતાનને યહોવાહે આશીર્વાદ આપેલો છે તે તેઓ છે" (યશાયાહ ૬૧ ; ૯).

આપણા પ્રભુના જન્મનો સમય ફરી આવેલો છે, અને ફરીથી ગાલીલથી બેથલેહેમ જવાના રસ્તાને દુનિયા તાકીને જુએ છે. આ રસ્તા પર નાઝારેથથી આવેલો એક નાનો કાફલો નીકળેલો જણાય છે. તે બેથલેહેમ ભણી જાય છે, "કેમકે કાઈસાર ઑગસ્તસે એવો ઠરાવ બહાર પાડયો હતો, કે સર્વ દેશોના લોકોનાં નામ નોંધાય." આ મુસાફરી વિષે એક જાણવા જેવી કથા છે, અને તે વિષે હું તમારી સાથે વાત કરવા માગું છું. આપણ બધાંને ખબર છે કે યુસફ તથા મરિયમ બેથલેહેમ આવ્યાં ત્યારે એજ કામે આવેલા એટલા બધા લોકો ત્યાં આગળ હતા કે તેમને એક તબેલામાં ઉતારો કરવો પડયો. ત્યાં મરિયમને પોતાનો પ્રથમ દીકરો જન્મ્યો; અને તેણે તેને લૂગડામાં લપેટીને ગભાણમાં સુવાડયો. હવે આ જૂની દંતકથા પ્રમાણે આ ઘરનો માલિક બાર્ઝિલ્લાય નામના માણસના વંશજોમાંનો એક જણ હતો, માટે આ નાતાલનો સમાચાર બાર્ઝિલ્લાય આપણને આપે એ કેવળ ઘટારત છે.

આ બાર્ઝિલ્લાય, જેના વંશજો બેથલેહેમના તબેલાના માલિક હતા, તેના સંબંધમાં બહુ ઓછું જાણવામાં આવેલું છે; પરંતુ જેટલું જાણવામાં આવેલું છે તે બધું તેના લાભનું છે. પવિત્ર પૃષ્ઠ પર જ્યાં જ્યાં આ માણસનું નામ આવે છે ત્યાં ત્યાં તે સોનેરી અક્ષરોથી છાપવું જોઈએ. તે ગિલઆદનો એક ઠાકોર હતો. એલીના વખતમાં, શમૂએલના વખતમાં, શાઊલના વખતમાં તેમજ દાઊદના વખતમાં યહોવાહે પોતાના ઈસ્રાએલી લોકોની સાથે કેવું વર્તન રાખ્યું હતું, તે ઉત્તરના ગિલઆદમાંના પોતાના ઊંચા કિલ્લામાં રહીને તેણે જોયું હતું. કારણ કે તે છેક ડોસો હતો; એંસી વરસોથી તેણે પોતાના જીવનમાં યહોવાહની દયાનો અનુભવ કર્યો હતો; અને એંસી વર્ષોથી હેરાન થએલાંઓ, સતાવણી પામેલાંઓ તથા હરેક પ્રકારનાં ગરજવાનોને માટે તેણે પોતાના હૃદયનું બારણું તેમજ પોતાના ઘરનું બારણું નિત્ય ખુલ્લું રાખેલું હતું.

આ ઉમદા ડોસો આપણને પ્રથમ માહનાઈમ ગામમાં મળે છે. તમને યાદ હશે કે આબ્શાલોમે દાઊદની વિરૂદ્ધ ફિતૂર કર્યું હતું અને દાઊદ તથા તેના સાથીઓ યરદન નદી ઓળંગી માહનાઈમ નાસી ગયા હતા. તેઓ માહનાઈમ આવી પહોંચ્યા ત્યારે તેઓ નિરાશ થઈ ગએલા, થાકેલા અને ભવિષ્યના સંબધમાં

અતિ ચિંતાતુર બની ગએલા હતા. તેઓ આવી સ્થિતિમાં હતા, ત્યારે અરણ્યમાંથી એકાએક કેટલાક માણસોની એક ટોળી નીકળી આવી. તેઓ પાસે આવ્યા ત્યારે માલૂમ પડયું કે આ તો શત્રુઓ નથી પણ મિત્રો છે, ત્યારે નાસતા રાજા તથા તેના સાથીઓને કેટલો બધો આનંદ થયો હશે તે આપણે સ્હેજે સમજી શકીએ છીએ. આ ટોળીમાં બાર્ઝિલ્લાય એક આગેવાન તરીકે હતો; અને તેઓની પરોણાચાકરી આ માણસે કેવી કરી તેનું વર્ણન પવિત્ર શાસ્ત્રનો લેખક ચાહીને કરતો હોય એમ આપણને લાગે છે: "એઓ ખાટલા, વાસણો, હાંલ્લાં, ઘઉં, જવ, આટો, પોંક, પાપડી, ચોળા, [શેકેલા વટાણા], મધ, માખણ, ઘેટાં તથા ગાયનું પનીર દાઊદ ને તેની સાથેના લોકને ખાવા સારૂ લાવ્યા; કેમકે તેઓએ ધાર્યું, કે આ લોકો રાનમાં ભૂખ્યા, થાકેલા તથા તરસ્યા છે." આ વખત પહેલાં ઘણાં સૈકાંઓ ઉપર જ્યારે યાકૂબ આજ જગાએ આવ્યો હતો ત્યારે તેને રસ્તામાં દેવદૂતો મળ્યા હતા; અને આ બારીક સમયમાં જાણે તેની સેવા કરવાને દૂતો આવ્યા હોય એમ દાઊદને પણ લાગ્યું હશે.

ફરી જ્યારે બાર્ઝિલ્લાય મળે છે ત્યારે દાઊદની સ્થિતિમાં ઘણો તફાવત થઈ ગએલો જણાય છે. આબ્શાલોમનું મરણ અકસ્માત થવાથી ફિતૂરનો અંત આવ્યો હતો અને દાઊદ પોતાની રાજધાની યરૂશાલેમમાં પાછો શાંતિએ આવતો આપણા જોવામાં આવે છે. આ વખતે પણ બાર્ઝિલ્લાય રાજાને મળવા નીચે ઊતરે છે અને પોતાની મોટી ઉંમર હોવા છતાં તે દાઊદ રાજાને યરદન પાર ઉતારવા માગે છે. આથી દાઊદને ઘણી લાગણી થાય છે અને ડોસા ઉપર તેને ઘણો પ્રેમ ઉત્પન્ન થાય છે. તે તેને કહે છે, કે "તું મારી સાથે પેલે પાર આવ, ને હું યરૂશાલેમમાં મારી સાથે તારૂં પાલન કરીશ." પણ બાર્ઝિલ્લાયે રાજાને કહ્યું, કે "મારે હવે કેટલા દિવસ કાઢવા છે કે હું રાજાની સાથે યરૂશાલેમ આવું? આજ હું એંસી વર્ષનો છું. શું હું સારાનરસાનો ભેદ સમજી શકું છું? હું જે ખાઉંપીઉં છું તેનો સ્વાદ શું તારા સેવકને લાગે છે? ... તો શા માટે તારા સેવકે મારા મુરબ્બી રાજાને હજી બોજારૂપ થવું જોઈએ? ... કૃપા કરીને તારા સેવકને પાછો જવા દે, કે હું મારા નગરમાં મારાં માતપિતાની કબર પાસે મરણ પામું. પણ જો, આ તારો દાસ કિમ્હામ; તે મારા મુરબ્બી રાજાની સાથે ભલે [નદી] ઊતરીને આવે; તારી દૃષ્ટિમાં જે સારૂં લાગે, તે તું તેને વાસ્તે કરજે." ત્યારે રાજાએ બાર્ઝિલ્લાયને ચુંબન કર્યું, ને તેને આશીર્વાદ દીધો; અને તે પાછો પોતાને ઠેકાણે ગયો. ત્યાર પછી દાઊદ નદી ઊતરીને ગિલ્ગાલ ગયો, ને કિમ્હામ પણ તેની સાથે ગયો. વળી બાર્ઝિલ્લાયનો કરેલો ઉપકાર દાઊદ ભૂલી ન ગયો, એ જાણીને આપણને આનંદ થાય છે; કેમકે આપણે જાણીએ છીએ કે તેણે બેથલેહેમમાં કિમ્હામને એક જાગીર ઠરાવી આપી, અને ચાર સૈકાં

પછી યિર્મેયાહના સમયમાં આ જાગીર હજી તેના વંશજોના હાથમાં રહી હતી એ આપણા વાંચવામાં આવે છે

બાર્ઝિલ્લાય વિષે આપણે આટલું જ જાણીએ છીએ; પણ આટલું તો ઘણું છે. આ બીના સુંદર છે, અને જે સમયમાં તે બની હતી તે સમય બીલકુલ આકર્ષક નહોતો. યરૂશાલેમના રાજ્યદરબારમાં જે માણસો આ સમયમાં ભેગા થતા હતા તે ઘણું કરીને દ્વેષબુદ્ધિના, ખટપટી, અને ભયંકર બહારવટિયો જેવા હતા. એવા સમયમાં એકલો આ ડોસો સ્વાર્થ વિનાનો, પરોપકારી અને કોમળ હૃદયનો દેખાઈ આવે છે.

આ સમયમાં દાઊદના પક્ષમાં ઊભા રહેવું જોખમ ભરેલું હતું, અને યરૂશાલેમથી બાર્ઝિલ્લાય દૂર રહેતો હતો; તેથી રાજમામલાની બાબતોમાં તેને સામેલ થવાની બીલકુલ જરૂર નહોતી. દાઊદની મેજ પાસે જેઓ બેસતા હતા, અને જેઓને તેની મહેરબાનીથી પોતાની જમીનો મળી હતી તેમાંના ઘણા બેઉ બાજુ ઢોલકી વગાડતા હતા. કોણ જીતશે તે જોવાને ઘણા રાહ જોતા હતા. દાઊદ જીતે તો તેના પક્ષમાં ઊભા રહેવું, અને આબ્શાલોમ જીતે તો તેના પક્ષમાં ઊભા રહેવું, એવું ઘણાંઓનું મન હતું. પરંતુ બાર્ઝિલ્લાય એવો માણસ નહોતો. તેણે દાઊદની સેવા કરી તે દિવસે તેણે પોતાના પુરાતન કિલ્લાઓ તથા પોતાની મોટી જાગીરનું જોખમ ખેડીને તેમ કર્યું, અને જો આબ્શાલોમ ફાવ્યો હોત તો ખચીત આ બધાં વાનાં તેની પાસેથી જાત. વળી આબ્શાલોમની જ જીત થશે એવાં જ ચિહ્નો દૃશ્યમાન થતાં હતાં, પરંતુ આ ઉમદા ડોસાએ પોતાના ભવિષ્યનો તેમજ પોતાના વંશજોના ભવિષ્યનો પણ વિચાર કર્યો નહિ. એંસી વર્ષોથી તેણે સત્ય, ન્યાયીપણા, ફરજ તથા વફાદારીના ગ્રહો પ્રમાણે જ પોતાના જીવનરૂપી નાવની ગતિ રાખી હતી, અને અંત સુધી તેમ કરવાનો તેનો દૃઢ નિશ્ચય હતો; પછી અંત એથી વહેલો આવે તો તે ઈશ્વરના હાથમાં! દાઊદ મારો રાજા છે; મારો રાજા આપત્તિમાં આવી પડેલો છે; માટે તેની કુમકે મારે ગયા વગર છૂટકો નથી, એમ ધારીને તે માહનાઇમ જવાને તૈયાર થાય છે. દાઊદ પોતાની ગાદી પર વૈભવ ભોગવતો હોય અગર પોતાના શત્રુઓની આગળથી જીવ લઈને નાસતો હોય, તોપણ તે બાર્ઝિલ્લાયનો રાજા છે, અને બાર્ઝિલ્લાય તેમજ બાર્ઝિલ્લાયના ઘરનાં સર્વ માણસો પોતાની ફરજો અદા કર્યા વિના રહેશે નહિ.

હવે રાજાઓ તથા રાજકુંવરો રોજ રોજ આપણાં બારણાં ઠોકતા નથી એ ખરી વાત; પણ બાર્ઝિલ્લાયમાં જે ગુણો હતા તે બધા ગુણોની આપણને જરૂર છે, અને વિશેષે કરીને નાતાલ વખતે આપણને એ ગુણો યાદ આવે છે. જે માણસ થોડામાં વિશ્વાસુ છે તેને પણ ધન્ય છે એમ કહેવામાં

આવ્યું છે. પ્રભુને ધન્ય હો કે બાર્ઝિલ્લાયના ધારાના માણસો આ પૃથ્વી પરથી છેક જ નષ્ટ થઈ ગયા નથી. મરિયમની માફક તેઓથી જેટલું બને છે તેટલું તેઓ કરે છે, અને તે કારણથી તેઓ પ્રભુથી મરિયમના જેવાં જ વખાણ પામે છે. પોતાની આનંદદાયક જગાઓમાંથી તેઓની નજર જીવનના અરણ્યમાં આમતેમ ફરી વળે છે, તે પર સર્પાકારે જતા મનુષ્યોના અનંત કાફલા પર તેઓ તાકીને જુએ છે; ત્યારે રસ્તામાં વખતોવખત સ્ત્રીપુરુષો અગર નાનાં બાળકો પણ ઠોકર ખાતાં, લથડિયાં ખાતાં તથા પડી જતાં તેઓના જોવામાં આવે છે અને તેઓ તેઓની મદદે જલદી જાય છે. આ પણ બાર્ઝિલ્લાયના ધારા પ્રમાણેના સેવકો છે. યરેખો જવાના રસ્તાની માફક જીવનના રસ્તામાં ઘણા નિર્ગત થાય છે અને ઘણા ઘાયલ પણ થાય છે, અને એ કારણથી જે "ભલા સમરૂની"ની આંખો ઉઘાડી હોય છે તેને સેવા કરવાની ઘણી તકો મળે છે. કેટલાક એવા મુસાફરો છે ખરા કે જેઓ બરાબર પોતાની આગળના જ રસ્તા ઉપર જુએ છે; જમણી તરફ કે ડાબી તરફ તેઓ જોવા માગતા નથી. પરંતુ બાર્ઝિલ્લાયના મનવાળાં જેટલાં હોય તેઓ તો રસ્તાની બન્ને બાજુ પર જોતાં રહે છે, અને રસ્તાની કોરે પડેલાં હોય તેમને મદદ કરે છે.

તમારી હાજરીમાં ગેરહાજર મિત્રની વિરૂદ્ધ કોઈ બોલે છે ત્યારે તમે શું કરો છો? શું તમે છાનામાના સાંભળ્યા કરો છો? ફરી એમ થાય ત્યારે બાર્ઝિલ્લાયનું સ્મરણ કરો. શું તમારી હાજરીમાં ખ્રિસ્તની નિંદા થાય છે? અગર ખ્રિસ્તનું નામ નિંદાય એવાં કામો થાય છે કે એવા શબ્દો બોલવામાં આવે છે? ફરી એમ થાય ત્યારે તમે બાર્ઝિલ્લાયને યાદ કરો. જુવાનો તથા કન્યાઓ, તમારા રાજાનું સન્માન રાખો! આબ્શાલોમ, અહીથોફેલ અને ઈસ્રાએલના આખા અદકા પાત્રરૂપ ઘર ભલે દાઊદની વિરૂદ્ધ થાય, પણ તમે એજ નિશ્ચય કરો કે યરૂશાલેમથી માહનાઈમ સુધી બધાંને ખબર પડે કે ઈસ્રાએલમાં એ માણસ કૂતરો નથી, પણ માણસ છે—માણસ!

આ ઉમદા ડોસા વિષેની વાર્તામાં બીજી ઘણી બાબતો આપણા મનનું હરણ કરે છે. જ્યારે તે પોતાના રાજાને નદી પાર ઉતારવા આવે છે ત્યારે તે બધું કેટલું વિવેકપૂર્વક કરે છે! વળી જ્યારે રાજા તેના પર દાનો વરસાવવા માગે છે ત્યારે તે કેટલી બધી નમ્રતાસહિત તે લેવાને ના પાડે છે! આપણો રાજા પણ આપણામાં વિવેક અને નમ્રતા જોવા માગે છે. આ સુંદર વાર્તા ખ્રિસ્ત રાજાના દરબારની રીતભાત શીખવે છે. તે આપણી પાસે બાળક થઈને આવ્યો, અને આપણે તેની પાસે જવું હોય તો આપણે બાળક થઈને જ જવાનું છે. આરીસ્ટોટલ નામનો એક ગ્રીક તત્ત્વવેત્તા હતો, તે ખ્રિસ્ત વિષે અજાણ્યો હતો; પણ તેનું એક વચન આપણને યાદ રાખવા લાયક છે: "કોઈ મોટા મનવાળો માણસ હોય તો તેનો પરોપકાર જેવો મંદિરમાં યજ્ઞ ચઢાવવામાં પ્રદર્શિત થાય

છે તેવો તે નાના બાળકને રમકડું આપવામાં પણ પ્રદર્શિત થાય છે," અને વળી આરીસ્ટોટલ કરતાં એક મોટાએ કહ્યું છે, કે જ્યાંકહીં સુવાર્તા પ્રગટ કરવામાં આવશે ત્યાં વિધવાબાઈની અધેલીનું અર્પણ વખાણવામાં આવશે.

નાતાલને દિવસે બાર્ઝિલ્લાયના એક વંશજના ઘરમાં દાઊદનો પુત્ર તથા દાઊદનો પ્રભુ જન્મ્યો, એ વિષે જે સુંદર દંતકથા ચાલે છે તે ખરી છે કે કેમ એ હું તમને કહી શકતો નથી; પરંતુ એ ખરી હોય એ ઇચ્છવાજોગ છે. મને એટલું તો ખાતરીપૂર્વક લાગે છે કે જેઓ બાર્ઝિલ્લાયના ધારા પ્રમાણે જીવે છે તેઓને ઈસુ ખ્રિસ્ત નાતાલે શોધે છે, અને તેઓને ત્યાં તેને વધારે આનંદ થાય છે. આ નાતાલે બાર્ઝિલ્લાયનાં આત્મિક બાળકો બધાના કરતાં વધારે આનંદ કરશે, રાજા તેઓને ચુંબન કરશે, અને તેઓને આશીર્વાદ દેશે; કેમકે "જે સંતાનને યહોવાહે આશીર્વાદ આપેલો છે તે તેઓ છે."

૨૩. મના કરેલા કિલ્લા

"તેના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી"

(જૂના તરજુમા પ્રમાણે : યિર્મેયાહ ૫; ૧૦.)

પ્લુટાર્ક લખે છે કે શહેરો કોટ વગરનાં, રાજા વગરનાં, ધન વગરનાં, અને સાહિત્ય વગરનાં મળવાં સહેલ છે, પણ જેમાં મંદિર ન હોય, અથવા જેમાં ભક્તિ કરવામાં આવતી ન હોય એવું શહેર તો કોઈ માણસે કદી જોયું નથી. એમર્સન પણ લખે છે કે પ્રજાના જીવનમાં જાહેર ભજનસેવા સૌથી મહત્ત્વનું કર્તવ્ય છે. આ વાત તદ્દન સાચી છે, કેમકે તેદ્વારા પ્રજાનું આત્મિક જીવન પ્રદર્શિત થાય છે. છતાં પવિત્ર શાસ્ત્ર વાંચવાથી મારા મન ઉપર એ અસર થાય છે કે પવિત્ર આત્મા રેતી અને ચૂનામાં બહુ રસ નથી લેતો.

હવે પવિત્ર શાસ્ત્રમાં ઈશ્વરના સંદેશવાહકો જ્યારે બાંધકામો વિષે વિવેચન કરે છે ત્યારે તેમના શબ્દો ભારે અને ગંભીર અર્થસૂચક છે. આપણે જે કાંઈ બાંધીએ તેને માટે ઈશ્વરની મંજુરી જોઈએ છે. કેવળ સાધારણ ઘર રેતી પર બાંધી શકાય છે, એવું કાંઈ નથી. મંદિર પણ રેતી ઉપર બાંધી શકાય, અને ઈસ્રાએલની સામે પ્રબોધકોનો હમેશનો વાંધો એ જ હતો કે તેઓ પોતાની બધી જ સંસ્થા રેતી ઉપર બાંધતા હતા.

આ સંદેશો આપતાં યિર્મેયાહને કઠણ પડયું હશે, અને તે સાંભળતાં પણ લોકોને વિશેષ કઠણ પડયું હશે; કેમકે યરૂશાલેમ તો યહોવાહનું વહાલું શહેર હતું. સારી હાલતમાં અને માઠી હાલતમાં ઘણાં વર્ષોથી યહોવાહે તેની સંભાળ રાખી હતી. યહોવાહની સંભાળ નીચે તેના કોટો મજબૂત કરવામાં આવ્યા હતા, તેની બાંધણી સુધારવામાં આવી હતી, અને તેની શોભા વધારવામાં આવી હતી. વળી આ સમયમાં શત્રુઓ આ શહેર પર ચઢી આવ્યા હતા. જોખમનો સમય હતો, અને તેની રક્ષા કરવા માટે બધા વિશ્વાસુ નાગરિકોને મેદાને પડવાની જરૂર હતી. છતાં આવા કટોકટીના સમયમાં શહેરના મહોલ્લાઓમાં આવો પોકાર સંભળાવા લાગ્યો : "તેના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી." આવો સંદેશો સાંભળીને લોકોને ત્રાસ થયો એમાં નવાઈ શી? આવો સંદેશો સંભળાવનાર અપ્રિય થઈ પડયો હોય તો એમાં પણ શી નવાઈ? કેમકે આ કિલ્લાઓને લીધે યરૂશાલેમના લોકો અભિમાન ધરાવતા હતા. તેઓ પર રાજધાનીની સલામતી આધાર રાખતી હતી. તેઓની મજબૂતાઈની હુંફે યરૂશાલેમના લોકો હસીને ગમે તે શત્રુની સામે થવા તૈયાર જ

હતા. છતાં યહોવાહ તરફથી આ સંદેશો મળે છે : "તેના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી." વહાલાંઓ, યહોવાહ વિના કારણે પોતાના પસંદ કરેલા લોકોને આવું કહે નહિ. આ કિલ્લા પર નહિ પણ પોતાના સર્વકાળના ભુજ પર આ લોકો ભરોસો રાખે એવી યહોવાહની મરજી હતી.

દુનિયાના ઇતિહાસમાં ઘણી વાર આ પોકાર સાંભળવામાં આવ્યો છે, અને તે વળી ઈશ્વરના લોકોના પોતાના જ હિતમાં : "તેના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી." પ્રજાઓના જીવનમાં, મંડળીના જીવનમાં અને વ્યક્તિગત જીવનમાં યહોવાહને વારંવાર પોતાના લોકોને આ ને આ જ સંદેશો કહેવડાવવો પડયો છે, અને હમણાં જો આપણે વિચાર કરીશું તો યિર્મેયાહના હૃદયભેદક પોકારના પડઘા આપણા કાને પડશે.

એક કિલ્લો ખ્રિસ્તી માણસોએ પોતાને સારૂ બાંધેલો છે તે સિદ્ધાંતરૂપી કિલ્લો છે. ઈશ્વરના સત્ય સંબંધી ઈશ્વરના કરતાં આપણને વધારે ચિંતા હોય એવી રીતે આપણે ઘણી વાર વર્ત્યા છીએ. ઈશ્વરના સત્યની રક્ષા કરવાને માટે તો આપણે થોકબંધ વિશ્વાસનામાં રચ્યાં છે અને બંધારણો ઘડયાં છે. તેમાં કદાપિ ઈશ્વરનો મહિમા ઓછો અને માણસની હોશિયારી વધારે દેખાતાં હોય એ સંભવિત છે. આવા કિલ્લાની ઈશ્વરને જરૂર હોય એમ મને નથી લાગતું. અમુક વિશ્વાસનામું વાંચીને કોઈ માણસ કદી ખ્રિસ્તી થએલો હોય તો એટલું મારૂં જ્ઞાન અધૂરૂં છે. જે બાબતો પર આપણી આત્મિક જિંદગી આધારભૂત છે તે બાબતો ઘણું કરીને છેવટ સુધી પણ મર્મરૂપ રહેવાની, રહેવાની અને રહેવાની જ! તેઓનો પૂરેપૂરો અર્થ એકલો ઈશ્વર જાણે છે અને આપણે આ શરીરથી છૂટાં થઈશું ત્યારે જ તે આપણને સમજણ પાડી શકશે. વિશ્વાસથી તારણ મળે છે એવો ઉદ્ગાર જ્યારે વિશ્વાસ કરનાર હૃદયમાંથી નીકળે છે ત્યારે જ ખાતરી થાય છે. નવો જન્મ પામેલો માણસ મને કહે છે ત્યારે જ ખ્રિસ્તદ્વારા પાપનિવારણ થાય છે એ વાત મારે ગળે ઊતરે છે. ખાલી દલીલો સાંભળીને મને એ વિષે કદી ખાતરી થાય નહિ. મારે માટે ખ્રિસ્ત મરણ પામ્યો એવું જે પાપી માણસ છાતી ઠોકીને કહી શકે છે તે ઈશ્વરના રાજ્યના ફેલાવને સારૂ ઈશ્વરવિદ્યાના હજાર અધ્યાપકના કરતાં પણ સમર્થ સંદેશવાહક છે. એવાની સંખ્યા પ્રભુ વધારો! જ્યારે ખ્રિસ્તીઓ પોતાના મતરૂપી કિલ્લા બાંધે છે અને પોતાના તારણને સારૂ તેમાં ભરાઈ રહે છે ત્યારે આકાશમાંથી યહોવાહનો હુકમ છૂટે છે : "તેના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી."

એક વખતે તો આવું જ બન્યું હતું. ધર્મસુધારાનો સમય યાદ આવે છે. સાત ડુંગર પર બેઠેલી અને લાલ વસ્ત્ર પહેરેલી પેલી સ્ત્રી યાદ આવે છે. તેણે કેટલા બધા મજબૂત કિલ્લા બાંધ્યા હતા! તેના કિલ્લા તો આકાશ જેટલા

ઊંચા અને નરક જેટલા ઊંડા પણ હતા, અને તેની સાથે સરખાવતાં તો રાજાઓ તથા બાદશાહોનું બળ નહિ જેવું હતું. તેની હદની બહાર કોઈને પણ તારણ ન મળે, તેજ માફી આપી શકે, તેજ આકાશમાં પહોંચાડે કે નરકમાં મોકલી દે, એટલે સુધી આ વેશ્યા પોતાના અધિકાર સંબંધી માનતી હતી. તેનું દ્રવ્ય અનહદ હતું, તે પોતાની મરજી મુજબ રાજાઓ ઠરાવતી હતી અને પાછા તેઓનાં સિંહાસનો પરથી તેમને ખસેડી પણ મૂકતી હતી.

આ સ્થિતિમાં માર્ટીન લુથર યૂરોપનાં શહેરોમાં ફરવા લાગ્યો અને કહેવા લાગ્યો, કે "તેના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી." વળી તેમને લઈ લેવામાં આવ્યા પણ ખરા! જૂની મંડળીનાં ખંડેરમાંથી નવી મંડળી ઉપસ્થિત થઈ; કાઈસારની વેશ્યા નાશ પામી અને તેની કબરમાંથી ખ્રિસ્તની કન્યા ઊભી થઈ. વિશ્વાસ જાગૃત થયો, ઈશ્વરનાં વચન વંચાવા લાગ્યાં, ખ્રિસ્તનો પ્રેમ માણસોને વાસ્તવિક લાગ્યો, અને ફરી પૃથ્વી પર શાંતિ અને આનંદનો અનુભવ કરવામાં આવ્યો.

શું ઈશ્વરને મંજુર ન હોય એવા કિલ્લાનો આશરો આપણે નથી લેતા? બહુ બહુ યોજનાઓ કરીને કાર્યની સફળતા ઉજવવાના પ્રયત્નો કરવામાં આવે છે, પરંતુ ગમે તેવા માણસોની યોજનાઓ સફળ કરવાને માટે ઈશ્વર કંઈ બંધાએલો નથી. એક દેવળમાં પ્રાર્થનાસભા થવાની હતી. મંડળીનો પાળક આવ્યો, પણ મંડળીમાંથી કોઈ દેખાયું નહિ. તેણે કેટલીક વાર સુધી રાહ જોઈ, પછી તે ઘંટ વગાડવા લાગ્યો. ઘંટનો અવાજ સાંભળીને કેટલાએક માણસો દોડી આવ્યા, અને પૂછવા લાગ્યા કે શું કોઈ મરી ગયું છે? પાળકે જવાબ આપ્યો કે હા, આ મંડળી મરી ગઈ છે! તેજ વખતે પાસેના સિનેમામાં ઊભા રહેવાની જગા ન મળે! આવી મંડળીને દેવળની શી જરૂર? આવી મંડળીમાં રોજ ચારપાંચ સભાઓ થતી હોય તોએ શો ફાયદો? ગમે તેટલી યોજનાઓ કરીએ તોપણ આવાં મુડદાંમાં જીવ પાછો કેવી રીતે લાવવો? શું ખ્રિસ્તની કન્યા માટે આવો કિલ્લો ચાલે? આવી જ મંડળીઓ હોય તો નવાં દેવળો બાંધવા કરતાં જે છે તે પાડી નાખવામાં આવે તો સારૂં: "તેના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી."

એક પ્રબોધકદ્વારા યહોવાહ એક વખતે આ પ્રમાણે બોલ્યો હતો: "જુઓ, સિયોનમાં હું પાયાનો પથ્થર મૂકું છું. તે કસી જોએલો પથ્થર, દૃઢ પાયાના ખૂણાનો મૂલ્યવાન પથ્થર છે." પોતાના લોકોના સમાજના પાયાના પથ્થર તરીકે તે પોતાના પુત્રને મૂકવા ચાહતો હતો. જેના પાયાનો પથ્થર બીજો હોય તેવા કિલ્લાની તે મના કરે છે. વળી લાંબા વખત પછી યહોવાહ એક પ્રેરિતદ્વારા પણ એમજ બોલ્યો: "નંખાએલો પાયો તે ઈસુ ખ્રિસ્ત છે,

તે સિવાય બીજો પાયો કોઈ નાખી શકતું નથી." આ પાયા પર આપણે કેવ રીતે બાંધીએ છીએ તે વિષે દરેકે સાવધ રહેવું. હવે જો આપણામાં જીવન હોય તો આપણા જીવનનો પાયો તે ઈસુ ખ્રિસ્ત છે, નહિ કે કોઈ વિશ્વાસનામું, નહિ કે કોઈ સંસ્થા. ઈશ્વરનું વચન એજ સંપૂર્ણ સત છે, એજ ઈશ્વરને પ્રગટ કરે છે, એજ હૃદયને સંતોષ આપનારૂં એકલુ સાધન છે. આપણી સઘળી આશાનો, સઘળી સલામતીનો, સઘળા પ્રયત્નોને તથા સઘળી અભિલાષાનો એકલો આધાર તે આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત છે તેનો વધસ્તંભ પ્રજાઓની આગળ જાય છે, અને તેમને દોરવણી કરે છે. વ્યક્તિની પાસે ઊભો રહે છે, પાપનાં બંધન તોડી નાખે છે, અને ઊંચા વિચારો કરવાને તથા પવિત્ર જીવન ગાળવાને તેને પ્રેરણા કરે છે. ખ્રિસ્ત ન હોય તે આપણે શા ઉપર પોતાના જીવનનો પાયો નાખી શકીએ? જીવનમાંથી ખ્રિસ્તને બાતલ કરો તો બાકી શું રહેશે? કાચી અભિલાષાઓ, પળવારની તૃષ્ણાઓ અવ્યવસ્થિત હેતુઓ, માણસ વિષે, નીતિ વિષે, મરણ અને જીવન વિ સદંતર બદલાતા વિચારો! એ સિવાય બીજું કાંઈ? શું ઈશ્વરની પ્રતિમ પ્રમાણે સૃજાએલો માણસ પોતાના જીવનનો આવો પાયો નાખે તો તે તે સારૂ સંતોષકારક પાયો કહેવાય? વળી આવા ને આવા પાયા પર માણસે પોતાનું જીવન બાંધવા જાય તો ઈશ્વર તેમને શું કહેશે? "તેના કિલ્લા લ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી," એજ કહેશે કે બીજું કાંઈ?

અત્યારનું તમારૂં જીવન કેવા પાયા પર બાંધવામાં આવે છે તે જાણવ માટે હું તમને કેટલાએક સવાલો પૂછું છું તેના જવાબ મને નહિ પણ તમાર હૃદયમાં પ્રભુને આપો. આજથી પચીસ, વીસ કે દશ વર્ષો ઉપર તમે વાનાં શોધતાં હતાં તે શું હમણાં તમે શોધો છો, જે વાતો માનતાં હતાં તે હમણાં માનો છો, જેટલી પ્રાર્થનાઓ કરતાં હતાં તેટલી હમણાં કરો છો, પ્ર ઈસુ ખ્રિસ્ત પર જેટલો પ્રેમ રાખતાં હતાં તેટલો હમણાં રાખો છો? આપ સૃષ્ટિમાં એજ વસ્તુ ટકે છે, એટલે ખ્રિસ્ત અને જે માણસ તેના પર વિશ્વા રાખે છે તે. જો તમે ખ્રિસ્તને છોડી દીધો અને આ જીવનને માટે પરજીવનને માટે તમારા કલ્યાણને અર્થે બીજા કશા પર આધાર રાખ્યો, ત જાણજો કે હમણાં જ તમારી વિરૂદ્ધ યહોવાહનો હુકમ છૂટે છે, કે "તેન કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી." વળી જો આવી દશ હોય તો દેવળ કે મંડળીથી તમને શો લાભ?

માણસનો એક મોટો દુશ્મન તે આબાદી છે. જેની પાસે પાંચ પૈસ ભેગા થાય છે તેને પ્રભુને ભૂલી જવાનું જોખમ રહે છે. આ પણ પ્રભુએ મ કરેલો એક કિલ્લો છે. જેમને દૈહિક ગરજ ન હોય તેમને આત્મિક ગરજ ઓછી દેખાય એવું આપણા પ્રભુના વખતમાં થતું અને આપણા વખતમાં પ

થાય છે. જેમની દૈહિક સ્થિતિ સારી હોય અને કોઈ પણ કારણસર તે સ્થિતિ બગડે છે તેવા માણસોની દશા અતિશય કરુણ બની જાય છે. માણસ જે વાનાં પર ભરોસો રાખે છે તે તેની પાસેથી લઈ લેવામાં આવે છે ત્યારે તો તેની આંખો ઉઘડે છે, તેના કાન સાંભળતા થાય છે અને ઈશ્વરની વાણી એમ બોલતી તેના સાંભળવામાં આવે છે, કે "તેના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી." વહાલાંઓ, આપણે તો બહુ વખત જીવવાનાં નથી; બહુ તો પોણોસો વરસ કદાપિ જીવીએ, તોએ આપણા કરતાં પણ ઓછો વખત ટકે છે એવાં વાનાં શોધવાનો આટલો બધો ઉદ્દેશ આપણામાં ક્યાંથી પેદા થાય છે?

પાઊલ યહુદી હતો ત્યારે પણ તે સારા માણસ તરીકે ઓળખાતો હતો. ન્યાયીપણાનો જુસ્સો તેનામાં હતો. આ જગતનાં વાનાં પર પાઊલ વધારે ચિત્ત લગાડતો હતો એવું ક્યાંએ લખેલું માલૂમ પડતું નથી. આ માણસ તો ઈશ્વરની સાથે શાંતિમાં રહેવા બહુ માગતો હતો અને નિયમશાસ્ત્રમાં જેટલું ફરમાવવામાં આવ્યું હતું તેટલું અને તેથી વધારે પણ તે કરતો હતો: "આઠમે દહાડે સુનત પામેલો, ઈસ્રાએલના સંતાનનો, બિન્યામીનના કુળનો, હેબ્રીઓનો હેબ્રી, નિયમ[શાસ્ત્ર] સંબંધી ફરોશી; ન્યાયીપણા સંબંધી નિર્દોષ"—આ કેટલા બધા મજબૂત કિલ્લા કહેવાય! છતાં આ માણસના મનમાં શાંતિ નહોતી! એક દિવસ તે દમસ્ક જતો હતો ત્યારે પ્રભુ તેને સામો મળ્યો. આ ગંભીર પ્રસંગે પાઊલે પોતાના તારનારને જોયો ત્યારેજ તે પોતાને જોઈ શક્યો. યહોવાહનો જૂનો સંદેશો પણ સાથે સાથે તેના સાંભળવામાં આવ્યો: "આ માણસના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી." પાઊલ પોતે કહે છે, કે તેજ ઘડીથી જે વાનાં મને લાભકારક હતાં તે મેં ખ્રિસ્તને લીધે હાનિકારક ગણ્યાં છે. મારાં વહાલાંઓ, ખ્રિસ્તને લીધે તમારે કયાં વાનાં હાનિકારક ગણવાં પડશે તે હું તમને કહી શકતો નથી; પણ શું પ્રભુ પોતે તમને કહે એવી તમારી મરજી છે?

હવે યિર્મેયાહની વાત બહુ જૂની થઈ ગઈ છે અને પાઊલની વાત પણ જૂની છે પણ તેમને જે અનુભવ થયો હતો તે આજે હજારો જીવનમાં નવો થાય છે. હજી પણ માણસો પોતાને માટે આશરાની જગા શોધે છે, અને ઈશ્વરની સાથે સીધી રીતે નહિ વર્તતાં પોતાની મેળે પોતાના જીવનનું ઘર ચણવા માગે છે; પણ જેટલા એવું કરે છે તેટલા બધા નિરાશ થાય છે. કેટલાક અમુક મંડળીના સભાસદ હોવાનો ફાંકો રાખે છે; બીજા પોતા વિષે માને છે કે અમે આબરૂદાર છીએ; પણ અમે ન્યાયી છીએ એવું જેટલા ધારે છે તે દરેકની પાસે વહેલો મોડો યિર્મેયાહનો સંદેશો આવે છે, કે "તેના કિલ્લા લઈ જાઓ, કેમકે તેઓ યહોવાહના નથી." પાપ આપણા પર જય પામે છે ત્યારે એ સંદેશો આવે છે; મરણ પાસે આવે ત્યારે પણ તે આવે છે; આવા સમયમાં આપણને

માલૂમ પડે છે કે જે કિલ્લા આપણે બાંધ્યા હતા તે નકામા છે. ખ્રિસ્ત ઈસુ તેજ આપણો કિલ્લો તથા ગઢ છે. આપણુને પ્રેરણા કરવાને માટે તે જીવ્યો હતો, આપણુને પાપથી બચાવવાને માટે તે મરણ પામ્યો હતો. વળી જેટલા તેના પર વિશ્વાસ રાખે છે તેટલાને માટે તે સર્વમાં સર્વ છે.

આ કારણથી હું અનુકૂળ તેમજ પ્રતિકૂળ વખતે જુવાનોને કાલાવાલા કરૂં છું કે તેઓ પોતાનાં હૃદયો ઈસુ ખ્રિસ્તને સોંપે. એક વૃદ્ધ રોમનને પોતાના શહેરના ભાવિ વિષે ચિંતા થતી હતી એટલામાં તેને સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં એક મોટું સૈન્ય તેની પાસે થઈને કૂચ કરતું હતું. આગળ ડોસા ચાલતા હતા. તેઓ કહેતા હતા કે અમે બહાદુર હતા, ત્યારે આ માણસના મનમાં એમ આવ્યું કે ખરી વાત, પણ ભવિષ્યને માટે રોમ આવા ડોસાઓ પર શી રીતે આધાર રાખી શકે? તેમની પાછળ આધેડાવસ્થાના માણસો ચાલતા હતા. તેઓ કહેતા હતા કે અમે બહાદુર છીએ, ત્યારે પણ આ માણસને એમ લાગ્યું કે ખરી વાત, પણ થોડી વારમાં આ પણ ઘરડા થશે, માટે ભવિષ્ય તરફ જોતાં રોમ તેઓ પર આધાર રાખી શકશે નહિ. છેલ્લે છોકરાઓનું મોટું ટોળું આવ્યું, અને તેઓ બૂમ પાડતા હતા કે અમે બહાદુર થવાના છીએ. ત્યારે તો આ માણસને એમ લાગ્યું કે આ ઠીક છે. રોમનું ભાવિ આ જુવાનોના હાથમાં સલામત રહેશે. મારા જુવાન મિત્રો, જે કિલ્લા પ્રભુના છે તેનો આશરો લો. તેના પર ગમે તેવા સપાટા લાગશે તોપણ તે સ્થિર રહેશે, અને તમારી મારફતે ઈશ્વર પોતાનાં ગુજરાતી સંતાનને સારૂ એવું કામ કરશે કે તેને જોઈને જગત અચંબો પામશે.

પણ જાગૃતિ તો જોઈએ. ઊતરી ગએલો માલ કોઈને ગમતો નથી. પાંચ દિવસ ઉપર બનાવેલી રોટલી ચાલતાં સુધી કોઈ ખાવા માગતું નથી. રોજ રોજ આપણે તાજું પાણી ઘરમાં ભરી રાખીએ છીએ. ઈશ્વરના ઘરમાં પણ એમજ થાય છે. તેની કૃપા દર સવારે નવી થાય છે. અરણ્યમાંના માન્નાની માફક તે રાખી મૂકી શકાય જ નહિ. ઈશ્વર રોજ રોજ આપણુને જીવનની રોટલી આપવા માગે છે; જૂની થઈ ગએલી રોટલી ખાવાની તેની મના છે. જીવનનું નવું અને તાજું પાણી તે રોજ રોજ આપણુને આપવા માગે છે; જૂનું થયા પછી તે પીવાની પણ તેની મના છે. છતાં આજ હું તમને જે વાત કરૂં છું તે જૂની છે અને તે એક જૂના મિત્ર વિષેની છે; પણ જે બધું નવું ઉત્પન્ન કરે છે તે તે તમારા માટે નવી જ કરશે તો જ તે તમને કામ લાગશે.

૨૪. માટીકામ

"માટીનું જે વાસણુ તે ઘડતો હતો તે તેના હાથમાં બગડી ગયું, પછી પોતાને સારૂં લાગ્યું તેવા ઘાટનું તેણે એક બીજું વાસણુ ઉતાર્યું" (યિર્મેયાહ ૧૮; ૪).

અયૂબની સાથે આપણુ બધાંને કબૂલ કરવું પડે છે, કે હું પણુ માટીનો ઘડેલો છું. અહીં આગળ "કુંભારના હાથમાં જેવો ગારો છે તેવા તમે મારા હાથમાં છો," એ જે હકદાવો ઈશ્વર તરફથી કરવામાં આવે છે તે નિર્વિવાદ સત્ય છે. તેથી જેમ યિર્મેયાહ પાસે તેમ આપણી પાસે પણુ આજે યહોવાહનું વચન આવ્યું છે, કે "તું ઊઠીને કુંભારને ઘેર જા, ને ત્યાં હું મારાં વચનો તને કહી સંભળાવીશ." માટે ચાલો, આપણે કુંભારને ઘેર જઈએ, કેમકે ત્યાં જરૂર આપણુને ઘણું શીખવાનું મળશે.

હવે યિર્મેયાહને પોતાના જમાના માટે જે સંદેશો કુંભારના ઘરમાં મળ્યો હતો, તે ને તેજ સંદેશો આપણુને પણુ ત્યાં મળશે, અને તે સંદેશાની તે જમાનાને જેટલી જરૂર હતી તેટલી જ જરૂર આપણુને પણુ છે. પ્રબોધકોના સંદેશા તેમના પોતાના સંકાળિકોને માટે હતા એ સાચી વાત, પણુ ઈશ્વર અવિકારી છે અને માણુસોની સાથે પહેલેથી જ તે એક સરખી રીતે વર્તતો આવ્યો છે. આ દૃષ્ટાંતમાં જે અર્થ રહેલો છે તે વિષે કોઈ વાર ભૂલ થાય છે. ઇશ્વરની સર્વોપરિ સત્તા એજ આ દૃષ્ટાંતનો મુદ્દો છે એમ આપણે સમજવું નહિ. આ તો અતિ કોમળ દૃષ્ટાંત છે. ઉત્પત્તિ તેમજ પુનરુત્પત્તિ કરવાની ઈશ્વરની જે શક્તિ તેજ તેમાં દેખાડવામાં આવે છે. તેમાં ઈશ્વરનું જે પરાક્રમ દેખાડવામાં આવે છે તે તો બગડેલાં જીવનોને સમારવાનું પરાક્રમ છે. આ પરાક્રમને માટે આપણે ઈશ્વરનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. કેમકે ઈશ્વરની આગળ આપણે કેવાં માણુસો છીએ તે આપણે સારીપેઠે જાણીએ છીએ, અને આપણે એ પણુ જાણીએ છીએ કે ઈશ્વરમાં આવું પરાક્રમ ન હોત તો આપણે માટે દયાનું સ્થાન રહેત નહિ.

અહીં આગળ પ્રબોધક મુંઝવણુમાં પડેલો જણાય છે. ઈશ્વરના કાયદા તે રક્ષા કરવાના કાયદા છે, પણુ તેમનું બંધન લોકોએ તોડી નાખ્યું છે. લોકો પોતપોતાને માર્ગે ચાલી ગયા છે, આત્મિક રીતે પ્રજાનો નાશ થઈ ગયો છે. પ્રજા પર જે દૈહિક આફતો આવી પડેલી છે તેની સાથે સરખાવતાં તેઓ પર પડેલી આત્મિક આફતો ઘણે દરજ્જે ભયંકર માલૂમ પડે છે. અન્ય પ્રજાઓ

પ્રત્યેના પોતાના પ્રેમી ઇરાદાઓ બર લાવવા માટે ઈશ્વર આ લોકોને સાધન તરીકે વાપરવાની આશા રાખતો હતો, પણ હવે કૃપાના સાધન તરીકે આ લોકોનો ઉપયોગ થઈ શકે એવી સ્થિતિ તેઓએ પોતે રહેવા દીધી નથી. આવા લોકો ઈશ્વર વિષે જે શાહેદી આપે તે પર કોણ ધ્યાન આપે? આવા લોકોના જીવનમાં ઈશ્વરને કોણ જોઈ શકે? યિર્મેયાહ નિરાશ તેમજ નિરુત્તર બને છે. તેને તો એમજ લાગે છે કે ભવિષ્યમાં આ લોકોનું ભલું થશે એવી આશા રાખવાનો કશો આધાર નથી; તેમને માટે તો આપત્તિ અને વિનાશ એ સિવાય અન્ય ભાવિ હોઈ શકે જ નહિ. ઈસ્રાએલે ઈશ્વરને તજી દીધો છે, માટે ઈસ્રાએલને તજી દીધા સિવાય ઈશ્વરને પણ હવે છૂટકો નથી એમ નિરાશ થએલા પ્રબોધકને લાગે છે. આ સ્થિતિમાં યિર્મેયાહની પાસે યહોવાહનું એવું વચન આવે છે, કે "તું ઊઠીને કુંભારને ઘેર જા, ને ત્યાં હું મારાં વચનો તને કહી સંભળાવીશ."

આ પ્રેરણાને આધીન થઈને યિર્મેયાહ કુંભારને ઘેર ગયો. કુંભારની સાથે કોઈ જાતની વાતચિત થઈ નહિ. તે માત્ર ત્યાં ગયો, અને ત્યાં તેણે કુંભારને કામ કરતો જોયો. ત્યાં જે દેખાવ પ્રબોધકના જોવામાં આવ્યો તે વડે તેની ઉદાસીનતા દૂર કરવામાં આવી, તેનો વિશ્વાસ દૃઢ કરવામાં આવ્યો, અને પોતાની પ્રજાને માટે તેને નવો સંદેશો આપવામાં આવ્યો. વળી આ સંદેશા પર પ્રજાએ ધ્યાન આપ્યું હોત તો તેમનો પાછળનો ઇતિહાસ જુદો જ થાત એટલું જ નહિ, પણ દુનિયાના ઇતિહાસની ગતિ નવી જ દિશામાં ફેરવવામાં આવત. જે દેખાવ પ્રબોધકના જોવામાં આવ્યો તે કંઈ અસાધારણ દેખાવ નહોતો. આપણે પણ હમણાંજ ઊઠીને કુંભારવાડામાં જઈએ તો એવો જ દેખાવ આપણા જોવામાં આવશે. પ્રબોધકે તો પૂર્વે ઘણી વાર આ દેખાવ જોયો હતો, પણ તેને સમજણનો આત્મા આપવામાં આવ્યો ત્યારે જ તે તેનો અર્થ સમજી શક્યો.

ચાક પર ગારો મૂકીને કુંભાર તેને બહુ જોરથી ચક્કર ચક્કર ફેરવતો હતો. માટીનો પેંડો જોઈએ તેમ દબાવી તે ઘાટ ઉતારતો હતો. શરૂઆતમાં ઘડવા ધારેલા વાસણને સહેજ મળતો, તે પછી વધારે મળતો, અને છેલ્લે બરાબર ઘાટ ઉતારીને કુંભાર ભઠ્ઠીમાં પકવવાને માટે તૈયાર થએલાં વાસણો એક પછી એક બાજુએ મૂકતો હતો. આ પ્રમાણે કરતાં કરતાં માટીમાં પથ્થર કે કાંકરી આવવાથી એક વાસણ બગડી ગયું. ત્યારે કુંભારે શું કર્યું? કાચું વાસણ ભાંગી નાખીને તેણે તે ફરીથી ચાક પર ચઢાવ્યું અને ફરીથી નવે નામે તેનો ઘાટ ઘડ્યો. "માટીનું જે વાસણ તે ઘડતો હતો તે તેના હાથમાં બગડી ગયું, પછી પોતાને સારૂં લાગ્યું તેવા ઘાટનું તેણે એક બીજું વાસણ ઊતાર્યું." અને યિર્મેયાહ ત્યાંથી ચાલ્યો ગયો, ત્યારે ઈસ્રાએલને માટે તે યહોવાહ તરફથી એક નવો સંદેશો લઈને ગયો. તે સંદેશો આ હતો: "હે ઈસ્રાએલનાં સંતાનો, આ

કુંભાર કરે છે તેમ હું તમારા વિષે નહિ કરી શકું? હે ઈસ્રાએલના વંશજો, જુઓ, કુંભારના હાથમાં જેવો ગારો છે, તેવા તમે મારા હાથમાં છો."

હવે જો એક પ્રજા વિષે ઈશ્વર આટલું કરી શકે તો તે શું એક વ્યક્તિ વિષે પણ તેમજ કરી ન શકે? ગારા સંબંધી કુંભાર જે કામ કરે છે તેજ કામ પવિત્ર આત્મા આપણા સંબંધી પણ કરે છે. આ વાત અગત્યની છે. ઈશ્વરી કુંભારના હાથમાં આપણે જેવાં થઈએ છીએ તેવું જ કામ આપણે દુનિયામાં કરીશું. ઈશ્વરી કુંભાર સર્વસમર્થ છે, પણ તેના કામમાં આડા આવવાની આપણામાં શક્તિ છે. જે જીવનો ઈશ્વરી કુંભારની કાળજી હોવા છતાં બગડી જાય છે, જે જીવનો ઈશ્વરી કુંભારના ઈરાદાને આધીન નહિ થવાને લીધે નિષ્ફળ ગયાં છે તે જીવનોને લઈને તે તેમની પુનરુત્પત્તિ કરી શકે ખરો; પરંતુ આપણી મરજી હોય તોજ તે આ કામ કરી શકશે. પેંડામાં મૂર્ખાઈ, અભિમાન, અસત્ય અને સ્વચ્છંદરૂપી કાંકરા દાખલ થવાથી કુંભારનું કામ બગડે છે, અને તેથી આપણા વિષેનો તેનો ઈરાદો નિષ્ફળ જાય છે. આવાં કારણોને લીધે ઘણાં કહેવાતાં ખ્રિસ્તીઓનાં જીવન અવ્યવસ્થિત થાય છે, નિરર્થક બને છે, અને જોનાર સર્વના મનમાં કાં તો તિરસ્કાર કાં તો નિરાશા ઉપજાવે છે. દરેક કારીગરી જોઈને કારીગરના કૌશલ્ય વિષે અભિપ્રાય બાંધવામાં આવે છે. શું તમને કે મને જોઈને કોઈ માણસ ઈશ્વરની સ્તુતિ કરશે? તેની કૃપા આપણે માટે બસ છે એમ આપણે કહીએ છીએ ખરાં, પરંતુ શું આપણને જોઈને કોઈના મન ઉપર એવી અસર થવાનો સંભવ છે? આ દૃષ્ટાંતમાં જે દિલાસો સમાએલો છે તે કોને માટે? સર્વકાળને માટે આપણું તારણ થયું છે એમ માન્યા છતાં આ જ કાળમાં ગમે તેમ જીવીએ તો આ દિલાસા પર આપણો કેટલો હક? પરંતુ જો આપણા જીવનની અપૂર્ણતાને લીધે આપણે ખરી રીતે શોક કરતાં હોઈએ અને આપણી જે કંઈ થોડીઘણી શોભા હોય તે લઈ લઈને પણ આપણને નવે નામે ચાક પર ચઢાવીને આપણો નવો જ ઘાટ ઘડવામાં આવે એવી આપણી મરજી હોય, તો તો આ દૃષ્ટાંતમાં રહેલો દિલાસો આપણે માટે છે, અને હમણાં જ તેના પર આપણો હક છે.

કુંભાર પેંડાને ઠપકો નથી આપતો, તે અધીરો નથી બનતો, તે તેને ફેંકી દેતો નથી. તેનો ઈરાદો નિષ્ફળ ગયો છે એથી તેને સારૂં તો ક્યાંથી લાગે! પણ તે ક્રોધાયમાન થતો નથી. માટી કેવી વસ્તુ છે એ તે સારીપેઠે જાણે છે; અને ખાસ કરીને આપણને જે ખાણમાંથી ખોદી કાઢવામાં આવ્યા હતા તેના ખાડાનો તે બધી રીતે ભોમિયો છે. પોતાના હેતુને માટે જે લાયકાત પેંડામાં હોવી જોઈએ તે નથી એ તે જુએ છે, અને તે લાયકાત તેને આપવાની તેની મરજી છે; વળી તેજ હેતુસર તે તેને ભાંગી નાખે છે. આપણે નવાં થઈએ એવી આપણી બહુ મરજી છે ખરી; પણ સાથે સાથે આપણે એવી પણ ઇચ્છા રાખીએ છીએ કે ઈશ્વર આપણને ભાંગી ન નાખે તો સારૂં! વહાલાંઓ, આપણે

જે માગીએ છીએ તે અશક્ય છે. પેંડાને ભાંગી નાખ્યા વગર નવો ઘાટ ઘડી શકાય જ નહિ, અને જ્યાં સુધી આપણે ભાંગી જવાને કબૂલ ન થઈએ ત્યાં સુધી આપણા વિષે કુંભારનો ઈરાદો પૂરો થઈ શકશે નહિ. મને ભાંગી નાખ, મૂળથી જ મારો ઘાટ ઘડ, એમ આપણે કહીએ ત્યારે જ કુંભાર પોતાના કામથી સંતોષ પામશે; અને "સ્વામીને ઉપયોગી તથા સર્વ સારાં કામને માટે તૈયાર" કરેલાં પાત્રો આપણે થઈશું.

કુંભારની અત્યંત ધીરજને ધન્ય હો! તારનારની પાસે એક પાપી સ્ત્રીને લાવવામાં આવે છે. જગત તેને ઓકી કાઢે છે: "તેને કાઢી મૂક" એમ બધા બૂમ પાડે છે. પણ તારનાર તેમ કરવાની ના પાડે છે. "તું આવી થાય એવી તારા બાપની મરજી નહોતી; તું ઈશ્વરની બાળા થાય એવી તેની તો મરજી હતી. જા, હવેથી તું પાપ કરતી ના," એમ તે તેને કહે છે. "માટીનું જે વાસણ તે ઘડતો હતો તે તેના હાથમાં બગડી ગયું, પછી પોતાને સારૂં લાગ્યું તેવા ઘાટનું તેણે એક બીજું વાસણ ઉતાર્યું." વળી આપણી આજુબાજુનાં બગડેલાં જીવનો સંબંધી શું ઈશ્વર હજુ સુધી એમ જ નથી કરતો? કેટલાંક જીવનો વિષે આપણને તદ્દન નિરાશા ઉત્પન્ન થાય છે, અને આપણે એમ કહેવાને માટે તૈયાર થઈએ છીએ કે ફલાણા ફલાણા નાખી દેવા જેવા છે. પણ ઈશ્વર નાખી દેતો જ નથી, કુંભાર નિરાશ થતો જ નથી; હજી પણ મરજી હોય તો તેમનો ઘાટ નવે નામે ઘડવા તે તૈયાર જ રહે છે. જેનો ઘાટ ફરીથી ઘડી ન શકાય એવો કોઈ માણસ દુનિયામાં નથી—તેની મરજી હોય તો! મરતા કોઢીઆને લઈને તે તેમને બળવાન અને તંદુરસ્ત માણસો બનાવતો હતો. ગાંડા માણસોને લઈને તે તેમને બુદ્ધિમાન અને શાણા પુરુષો બનાવતો હતો, દાણીઓ તથા પાપીઓને લઈને તે તેમને પ્રેરિતો તથા સંતો બનાવતો હતો. પુનરુત્પત્તિ કરવાના ઈશ્વરી કુંભારના પરાક્રમ વિષે તમે કદી મનમાં વહેમ લાવશો મા. તે છેવટ સુધી બચાવવાને સમર્થ છે. આજ કામ કરવાને માટે તેણે પોતાના દીકરાને જગતમાં મોકલ્યો. વળી તે કામ અધૂરૂં મૂકી જતો નથી. વાસણ ભલે બગડયું હોય, તોપણ તે બીજું એક વાસણ ઉતારે છે. જે ખામી કે ખોડને લીધે પહેલું વાસણ બગડયું તેનું એક પણ નિશાન તે રહેવા દેતો નથી. નિષ્ફળતાનું એક પણ ચિહ્ન ન રહે એવી રીતે તે કામ કરવા માગે છે. માણસોને વધતાં સારાં બનાવવા વિષે પવિત્ર શાસ્ત્રમાં લખેલું નથી; માણસોને નવાં બનાવવા વિષે ઘણું લખેલું છે: "જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે, તો તે નવી ઉત્પત્તિ છે."

પરંતુ મારાં વહાલાંઓ, માટીકામ નાજુક તો છે જ. પાઊલ કહે છે તે વાત સાચી: "આપણી પાસે આ ખજાનો માટીનાં પાત્રોમાં રહેલો છે." પોતાના અબળપણાની લાગણી આપણને થતી હોય તો તે સારી વાત છે, પણ બીજાંઓના અબળપણા વિષે શું આપણે જોઈએ તેટલો વિચાર કરીએ છીએ?

આપણા સંબંધી તો ઈશ્વરનું બધું જ કામ માટીકામ જેવું છે. નાજુક કામ છે. સહેલાઈથી બગડી જાય એવું કામ છે. કુંભાર બહુ કાળજીથી પોતાનું કામ કરે છે, પણ આપણાં ઘરમાં કેટલાં માટલાં ફૂટે છે? માટીનાં પાત્રો તો આપણે બધાં છીએ, પણ એકબીજાનું નુકસાન ન થાય એવી રીતે રહેતાં આપણે ક્યારે શીખીશું? આપણા પ્રભુનાં સૌથી સખત વચનો તે ઠોકર ખવડાવવા વિષે છે, એ શું આપણે નથી જાણતાં?

સો વરસ ઉપર ઈંગ્લાંડમાં એક પ્રખ્યાત કુંભાર રહેતો હતો. તેનું નામ જોસૈયાહ વેજવુડ હતું. તે માણસની કારીગરી એટલી બધી સુંદર હતી કે તેના હાથે બનેલી જે ચીજ હોય તે આજે સોનાના મૂલ્યે વેચાય છે. એક દિવસ એક અમીર તેના કારખાનામાં આવ્યો. કામ કેવી રીતે થાય છે તે જોવાની આ અમીરની મરજી હતી, માટે તેને બધે ફેરવીને બધું કામ બતાવવાનો ને બધી બાબતોનો ખુલાસો આપવાનો એક હોશિયાર જુવાન કારીગરને હુકમ ફરમાવવામાં આવ્યો. હવે આ અમીર છેક નાસ્તિક હતો, અને પવિત્ર વાનાંની મશ્કરી કરવાની તેને ખોટી ટેવ હતી. અમીરની નિર્લજ્જ વાતો સાંભળીને તે જુવાનને પ્રથમ આંચકો તો લાગ્યો, પણ આખરે તે પણ હસવા લાગ્યો. એ દરમિયાન મિ. વેજવુડ કોઈ કોઈ વાર આ બે જણાની પાછળ જઈને તેમની વાતચીત સાંભળી લેતા. જુવાનની આગળ આ માણસ આવી રીતે બોલતો હતો તેથી તેમને ત્રાસ થયો. ત્યાર બાદ બધું જોઈ રહ્યા પછી મિ. વેજવુડે અમીરને પોતાની ઓફિસમાં બોલાવ્યા. ત્યાં કેટલાંએક વિશેષ સુંદર ચીનાઈ વાસણો રાખી મૂકેલાં હતાં. તેમાંનું એક વાસણ મિ. વેજવુડે કબાટમાંથી લઈ લીધું, અને પોતાના હાથમાં રાખીને તે બનાવતાં કેટલી વાર લાગેલી ને કેટલી બધી કાળજી રાખવી પડેલી તેનું સવિસ્તર વર્ણન કર્યું. આ ખુલાસો સાંભળીને અમીર બહુ રાજી થયા, અને વાસણના સુંદર ઘાટ, રંગ અને નકશીથી મોહિત થઈને તેમણે તે વાસણ પોતાના હાથમાં લેવાને પોતાનો હાથ લંબાવ્યો. તેમનો હાથ વાસણને અડકતાંની સાથે માલિકે જાણીબુઝીને તેને જમીન પર પડવા દીધું, તેથી તેના ટુકડેટુકડા થઈ ગયા. અમીરે કહ્યું, કે ભલા માણસ, હું તો આ વાસણ લેવાનો હતો, પણ હમણાં તમારી બેકાળજીથી તેનો નાશ થયો છે. આથી કુંભાર ડોસાએ જવાબ વાળ્યો, કે મારા મુરબ્બી, આ વાસણ કરતાં પણ વધારે મૂલ્યવાન વાનાં છે, તેમનો નાશ થયા પછી તેમને ફરી બનાવવાં અશક્ય છે. આના જેવું બીજું વાસણ તો હું તમને ફરી બનાવી આપું; પણ પવિત્ર વાનાંની મશ્કરી કરીને તથા નિર્લજ્જ વાતો કરીને આપે આ જુવાનના વિશ્વાસનું ખંડન કર્યું છે, ને તેનું મન ભ્રષ્ટ કર્યું છે, તેને માટે શું આપની પાસે કાંઈ ઉપાય છે?

વહાલાંઓ, ઈશ્વર આપણા વિષે આટલી બધી કાળજી રાખે છે, તો આપણે એકબીજા સંબંધી ન રાખીએ? મંડળીનું કામ તો માટીકામ જેવું જ છે. થોડામાં ઘણું નુકસાન થાય એમ છે. "વચનના કરારથી પારકા" હોય તેમને યહુદાની માફક કુંભારના ખેતરમાં નાખી દીધેલાં માટીનાં ઠીકરાંની સાથે દાટી દેવામાં આવે છે; ત્યાંથી ન્યાયકાળને દિવસે ઊઠીને તેઓ આપણને કહેશે, કે તમે જ અમોને અહીં મોકલ્યાં, તો તેઓને આપણે શો જવાબ આપીશું? એ કરતાં કુંભારના મનની શોભા આપણામાં દેખાઈ આવે તો કેટલું સારૂં! એમ જીવનના પાણીનાં પાત્રો થઈને આપણે તેનાં જીવનદાનો તરસ્યા હોઠો તથા જીવનો પાસે લાવનાર ને તેના પ્રેમના એલચીઓ થઈશું.

૨૫. ઈશ્વરી વિસ્મરણ અને માનવી સ્મરણ

"હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ, એવું યહોવાહ કહે છે" (યિર્મેયાહ ૩૧ ; ૩૪).

શું ઈશ્વર ભૂલી જઈ શકે? આપણે ભૂલી જઈએ છીએ, પણ શું સર્વજ્ઞ ઈશ્વરને વિસ્મરણ થાય? આપણે એક બીજાનાં નામ ભૂલી જઈએ છીએ, પોતાનાં વચનો ભૂલી જઈએ છીએ, ઈશ્વર તથા માણસ વિષેની પોતાની ફરજો ભૂલી જઈએ છીએ, જેના હાથમાં આપણો શ્વાસોચ્છ્વાસ છે અને જેણે વધસ્તંભ ઉપર આપણે માટે પોતાનો જીવ આપ્યો હતો તેને પણ આપણે ભૂલી જઈએ છીએ, તેજ કારણથી આ સુંદર તથા પવિત્ર સંસ્કારની સ્થાપના કરવામાં આવી છે. આપણે ભૂલી ન જઈએ એવી ખ્રિસ્તની ઇચ્છા છે, માટે તે કહે છે કે મારી યાદગીરીને સારૂ આ કરો. તેને ભૂલી જવો એ કેટલું બધું સહેલ છે એ તે જાણે છે. આપણે પાપના બંધનમાં હતાં ત્યારે ઈસુ ખ્રિસ્તે પોતાના મરણ વડે આપણને મુક્ત કર્યાં છે એ વાત આપણને નીચાં કરે છે તેમજ ઊંચાં પણ કરે છે. છતાં એ વાત આપણે દર વખતે યાદ કરતાં નથી. તે ભૂલી જવાનો સંભવ છે એ તે જાણે છે, માટે તેણે આ સંસ્કાર ઠરાવ્યો છે. કોઈપણ વાત એના જેટલી પવિત્ર નથી તેમ જ અગત્યની પણ નથી, છતાં તે વખતોવખત ભૂલી જવાનું જોખમ છે.

તો શું ઈશ્વરને વિસ્મરણ થાય છે? પ્રથમ તો એ વિચારમાં અસભ્યતા રહેલી હોય એમ આપણને લાગે છે. છતાં પવિત્ર શાસ્ત્ર સાફ કહે છે કે હા! ઈશ્વર ભૂલી પણ જઈ શકે છે. પરંતુ એ બાબતમાં નિરાશા નહિ પણ આશા સમાએલી છે. સૌથી આનંદભરેલી વાત હું તમને કહી શકું છું, તે એ છે કે ઈશ્વર ભૂલી જઈ શકે છે. "હું તેઓના અન્યાયની ક્ષમા કરીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ, એવું યહોવાહ કહે છે." એક બહેરાબોબડાને એક વેળા એવું પૂછવામાં આવ્યું કે માફી એટલે શું? તેનો જવાબ જાણવા જેવો હતો. તેણે સીસાપેન લઈને લખ્યું, કે "પગ તળે છુંદાએલા ફૂલમાંથી જે સુવાસ નીકળે છે તેનું નામ માફી છે."

હવે ઈશ્વર શું ભૂલી જાય છે એ મોટો સવાલ છે. આપણે બધું ભૂલી જઈએ એવાં છીએ, પણ ઈશ્વર તેમ કરતો નથી. તે પોતાની સૃષ્ટિ વિષે કદી એક પળવાર પણ ભૂલી જતો નથી. તારાઓ સમુદ્રની રેતી જેટલા છે, છતાં તેમાંના એકને પણ તે કદી ભૂલતો નથી. આપણી દુનિયા તેની નજરમાં

આટલી બધી નાની તથા નહિ જેવી હોવા છતાં પણુ ઈશ્વર તેના વિષે કદી ભૂલતો નથી. તે પોતાના કોઈપણુ બાળક સંબંધી પણુ ભૂલતો નથી. મા પોતાના ધાવણુા બાળક વિષે ભૂલી જાય તો ભૂલી જાય, પણુ ઈશ્વર આપણુામાંના કોઈ વિષે કદી પણુ ભૂલે નહિ. તે ગુલછડીને પહેરાવવાનું સંભારે છે અને પડેલી ચલ્લીને યાદ કરે છે. તમને તે આ પવિત્ર સાબ્બાથને દિવસે યાદ કરે છે. તમે તેના વિષે ભૂલી ગયા હો પણુ તે હમણાંજ તમારા વિષે વિચાર કરે છે. તમારા મનમાં જાતજાતના વિષયો સંબંધી વિચાર આવતા હોવાથી ઈશ્વર વિષેના વિચાર આવી શકતા નથી, પણુ તે તો તમારા વિષે વિચાર કરે છે. પોતાની સૃષ્ટિની વ્યવસ્થા રાખવાના કામમાં રોકાએલો હોવા છતાં સૃષ્ટિના સરજનહારને આપણુા-માંના દરેક વિષે વિચાર કરવાનો અવકાશ મળી શકે છે.

નેપોલીઅનનું સૈન્ય આલ્પ્સ ઓળંગી જતું હતું ત્યારે એવું વાંચવામાં આવે છે, કે સૈન્યમાં ઢોલ વગાડનાર એક છોકરો હતો. તેનો પગ લપસી જવાથી તે કરાડ પરથી નીચે પડી ગયો. હિમ પુષ્કળ હોવાને લીધે છોકરાને બહુ વાગ્યું નહિ, પણુ જ્યાં તે પડયો હતો ત્યાંથી તે પોતાની મેળે ફરી માર્ગ ઉપર ચઢી શકે એવું નહોતું. આથી બીજા સૈનિકોનું ધ્યાન ખેંચવાને માટે તે પોતાનું ઢોલ વગાડવા લાગ્યો. તેઓએ તે સાંભળ્યું અને તેઓ મદદ કરવા આતુર હતા, પણુ નેપોલીઅનના હુકમ સિવાય તેમ કરવાની તેઓની હિંમત ચાલી નહિ. નેપોલીઅને કંઈ પણુ ધ્યાન આપ્યું નહિ. મને મરવાને માટે મૂકી દેવામાં આવે છે એ બિચારા છોકરાએ જાણ્યું ત્યારે જેવી રીતે મરણુ પ્રસંગે ઢોલ વગાડવાનો રિવાજ હતો તેવી રીતે તે ફરી વગાડવા લાગ્યો. આ સાંભળીને સૈનિકો ઉપર એટલી બધી અસર થઈ કે તેઓમાંના ઘણુાખરા રડવા લાગ્યા. છતાં નેપોલીઅન ઉપર કોઈપણુ જાતની અસર ન થઈ. દુનિયા જીતી લેવાના કામમાં જે રોકાએલો હતો તેના ધ્યાનમાં એક નાના છોકરાનો શો હિસાબ ? !!!

પણુ આપણો પ્રભુ એવો નથી. જીવનના માર્ગ પર જે માણુસનો પગ લપસી જાય છે તેને તે ભૂલતો નથી. "છુંદાએલા બરૂને તે ભાંગી નાખશે નહિ, અને મંદમંદ સળગતી દીવેટને હોલવશે નહિ." પ્રભુના હૃદયમાં તો ઘાયલ થએલાં સર્વને માટે જગા છે. શરીરમાં કે હૃદયમાં જે કોઈ ભંગિત હોય તે સર્વને તે યાદ કરે છે. ભૂતકાળ કે વર્તમાનકાળમાં આપણુા સંબંધી જે સારામાં સારી વાત હોય તેનું સ્મરણુ તે અત્યારે કરે છે, અને તે કરવામાં તેને આનંદ થાય છે. એક પણુ દયાળુ શબ્દ આપણે બોલ્યાં હોઈએ તો તે તેને યાદ છે; એક પણુ ખરી પ્રાર્થના કરી હોય તો તે તેને યાદ છે; એક પણુ દયાનું કામ આપણે કર્યું હોય તો તે તેને યાદ છે; અને ખરેખરૂ પસ્તાવિક એક પણુ આંસુ આપણે પાડયું હોય તો તે પણુ તેને યાદ છે. એક દિવસ એક ચોરે

આપણા પ્રભુનો પક્ષ ધર્યો. તમને યાદ છે? તે વધસ્તંભ પર મરણ પામતો હતો. આજુબાજુનાં બધાં માણસો તેની નિંદા કરતાં હતાં. આ ચોરથી એ સહન ન થયું તેથી તેણે પોતાનો વિરોધ દર્શાવ્યો. પછી ઈસુ તરફ વળીને તે કહે છે, કે "હે ઈસુ, તું તારા રાજ્યમાં આવે ત્યારે મને સંભારજે.' વળી પાપ તથા મરણ પર જય મેળવવાના કામમાં આટલો બધો રોકાએલો હોવા છતાં આપણા પ્રભુએ તેને કહ્યું, કે "આજ તું મારી સાથે પારાદૈસમાં હોઈશ." વહાલાંઓ, ઈશ્વર અને તેનો દીકરો કશું ભૂલતા નથી! એક બાબત સિવાય! વળી જે બાબત વિષે આપણે ઇચ્છીએ છીએ કે તેઓ ભૂલી જાય તેજ બાબત તે છે! તેઓ આપણાં પાપ ભુલી જાય છે: "હું તેઓના અન્યાયની ક્ષમા આપીશ, ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ, એવું યહોવાહ કહે છે."

ઈશ્વર ક્યારે આપણાં પાપ ભૂલી જાય છે? આપણે તેને યાદ કરીએ છીએ ત્યારે! હેવાલમાં આપણાં પાપ નોંધેલાં છે ખરાં પણ હેવાલમાં નોંધ રહે એવી જરૂર નથી. હમણાં તેને ભૂંસી નાખવા તે તૈયાર જ છે. એક જ શરત પૂરી કરવાની છે, એટલે તેનો પસ્તાવો કરવો જોઈએ. "આપણા અપરાધોને લીધે તે વીંધાયો; આપણા અન્યાયને લીધે તે કચડાયો." એ આપણે યાદ કરીએ તો તે ભૂલી જવા જ માગે છે; ખ્રિસ્તને લીધે તે આપણને નિર્દોષ જાહેર કરવા માગે છે.

બે ચિત્રો વિષે મારા વાંચવામાં આવ્યું છે. 'ફેંસલાની રાહ' એ તેમનું નામ રાખેલું છે. કોર્ટને લગતી એક કોટડી બતાવવામાં આવે છે, અને તેમાં માણસોની એક નાની ટોળી એકઠી થએલી જોવામાં આવે છે. એક ચિત્રમાં દેખાવ આ પ્રમાણે છે: એક જુવાન સ્ત્રી બેઠેલી જોવામાં આવે છે, અને તેના હાથમાં ધાવણું બાળક છે. એક ડોસી પણ છે, અને તેની પાસે એક એથી મોટું બાળક છે. એક ડોસો પણ છે. એક હાથથી તે પોતાનું મોં ઢાંકે છે અને રડે છે. બારણા પાસે એક મોટી છોડી ઊભેલી છે, અને જાણે તે સાંભળતી હોય એમ લાગે છે. બધાંનાં મોં કસાણાં લાગે છે, અને સાથે એક કૂતરો છે તે ઉપર જોઈ રહે છે. જાણે આ શું છે એમ તે પૂછતો ન હોય!

બીજા ચિત્રમાં એનાએ જ લોકો અને એનીએ જ કોટડી જોવામાં આવે છે, પણ આખું વાતાવરણ બદલાઈ ગયું હોય એમ લાગે છે. બીજી એક વ્યક્તિ તેઓની સાથે જોડાએલી માલૂમ પડે છે. તે પેલી જુવાન સ્ત્રીનો ધણી છે અને છોકરાંનો બાપ છે. તેની સ્ત્રી તેને કોટે વળગેલી માલૂમ પડે છે, અને અત્યારે બધાંનાં મોં ઉપર નૂર છે. આંસુ હજી પડે છે, સારા પ્રમાણમાં પડે છે, પણ તે આનંદનાં આંસુ છે. કૂતરો પણ જાણે સમજી ગયો હોય એમ કૂદી કૂદીને બધાંનાં હાથમાં ચાટવાના પ્રયત્નો કરે છે. આટલો બધો તફાવત થવાનું

કારણ શું? કારણ તો ન્યાયાધીશે જે છેલ્લો શબ્દ ઉચ્ચાર્યો હતો તેમાં સમાએલું હતું: 'નિર્દોષ.' એજ સ્થિતિમાં ઈશ્વર આપણ બધાંને મૂકવા માગે છે: "હું તેઓના અન્યાયની ક્ષમા આપીશ ને તેઓનાં પાપોનું સ્મરણ ફરી કરીશ નહિ, એવું યહોવાહ કહે છે."

હવે આ જીવનમાં યાદ કરવાનું અને ભૂલી જવાનું ઘણું હોય છે. બીજા કોઈ પણ ધર્મ કરતાં ખ્રિસ્તી ધર્મમાં યાદશક્તિ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવે છે. એ ધર્મનો મહિમા એજ બાબતમાં સમાએલો છે કે ઈસુ ખ્રિસ્તે આપણી બધી શક્તિઓ કામમાં લેવા ધાર્યું છે; વિચારશક્તિ, આશા, કલ્પના-શક્તિ, બીક, એ બધાનો ઉપયોગ તે આપણા તારણને અર્થે કરે છે. પરંતુ યાદશક્તિને તેણે જે સ્થાન આપ્યું તેવું સ્થાન અન્ય કોઈપણ શિક્ષકે આપ્યું નથી. એનું કારણ એજ હશે કે અન્ય ધર્મમાં આટલું બધું યાદ કરવા જેવું મળતું નથી. તેનાં વચનો યાદ કરવા જેવાં છે. તેના શબ્દો એવી રીતે પસંદ કરવામાં આવ્યા છે, તેના વિચારો એવી રીતે દર્શાવવામાં આવ્યા છે કે તે વડે તરતાતરત ભૂંસી નંખાય નહિ એવી છાપ યાદશક્તિ ઉપર પડે છે. બીજાના શબ્દો સાંભળ્યા પછી તરત આપણે ભૂલી જઈએ એવો સંભવ છે, પણ ઈસુ ખ્રિસ્તના શબ્દો તો તીક્ષ્ણ બાણ જેવા છે.

વળી આપણે પ્રભુની મેજ પાસે બેસીએ છીએ ત્યારે કયા શબ્દો વિશેષે કરીને આપણું ધ્યાન ખેંચે છે? "મારી યાદગીરીને સારૂ આ કરો." આ ભોજનમાં **યાદગીરી,** એજ વિચાર પ્રાધાન્ય ભોગવે છે. નહિ કે આશા! જો કે આ ભોજનમાં આપણા આખા તારણની આશા સમાએલી છે; નહિ કે જ્ઞાન! જો કે તારણને સારૂ આપણને જ્ઞાન આપી શકે એવાં સઘળાં સાધનો આ ભોજનમાં હાજર છે; નહિ કે વિશ્વાસ! જો કે વિશ્વાસ વિના કોઈ તેની પાસે જઈ શકતું નથી, અને આ ભોજનમાં તો નહિ જ! આ પ્રભુભોજન આપણા પવિત્ર ધર્મનું કેન્દ્રસ્થાન છે અને ત્યાં આગળ જે બાબત પર ભાર મૂકવામાં આવે છે તે તો યાદશક્તિ છે.

હવે આ પવિત્ર વેળાએ આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત યાદશક્તિ ઉપર સકારણ ભાર મૂકે છે, એવું મારૂં માનવું છે. બીજી વાત તો ઠીક છે પણ જુઓ તેની અપૂર્વ હિંમત! એનો અર્થ એજ નીકળે છે કે ઈસુ ખ્રિસ્ત ભૂતકાળ વિષે શરમાતો નથી. ગમે તે ખોટો પ્રબોધક હોય તોપણ તે આશા ઉપર ભાર મૂકી શકે. જે ભવિષ્ય હજી અનુભવમાં આવ્યું નથી તે વિષે ગમે તે ખોટો શિક્ષક હોય તોપણ તે વિવેચન કરી શકે. પરંતુ ખ્રિસ્તી ધર્મનો મહિમા એજ બાબતમાં સમાએલો છે કે તે ગતકાળ વિષે પણ આશા બતાવી શકે છે. વધસ્તંભ તો ભૂતકાળમાં થઈ ગયો છે. કાંટાનો મુગટ અને ગેથસેમાનેનું કષ્ટ ભૂતકાળમાં થઈ

ગયાં છે. ખાલી કબર, એ પણ ભૂતકાળમાં થઈ ગઈ છે. ભૂતકાળમાં તો સુવાર્તાની સત્યતાનાં સઘળાં પ્રમાણ સમાએલાં છે. આવતી કાલે આ બધું બનવાનું હતું! પણ ઈસુ ખ્રિસ્તના મનમાં તે નક્કી થઈ ગએલું હતું; માટે ખ્રિસ્ત ભૂતકાળ ઉપર ભાર મૂકી શકતો હતો; માટે તે યાદશક્તિ ઉપર ભાર મૂકી શકતો હતો. માટે તે કહી શકતો હતો કે મારી યાદગીરીને સારૂ આ કરો. આ પ્રમાણે હિંમત કરી શકે એવો અન્ય કયો ધર્મસ્થાપક હશે?

એમ કહેવામાં આવ્યું છે કે આપણે જ્યારે પોતાના મિત્રોને ગુમાવીએ છીએ ત્યારે જ તેઓની કદર કરી શકીએ છીએ. છતાં કોઈ નહિ તો કોઈ વખતે આપણા મનમાં એવો વિચાર આવે છે કે ઈસુ ખ્રિસ્ત દૃશ્ય રીતે આપણી મધ્યે રહેતો હોય તો કેવું સારૂં! ઈસુ ખ્રિસ્ત દૃશ્ય રીતે આપણી સાથે હરતોફરતો હોય તો સારા ખ્રિસ્તી થવું આપણને વધારે સહેલું પડે, એમ આપણને લાગે છે. આપણી એવી કસોટી કરવામાં નથી આવતી તેથી આપણે પ્રભુનો મોટો ઉપકાર માનવો જોઈએ. મારૂં જવું તમારે માટે લાભકારક છે એમ તેણે કહ્યું ત્યારે મારા ધારવા પ્રમાણે તેણે વાજબી જ કહ્યું. મારો મિત્ર મરી ગયો ત્યારે જ જો હું તેની બરાબર રીતે કદર કરૂં છું એ જો ખરૂં જ હોય તો નાઝારેથના ઈસુમાં હું મારા તારનારને ઓળખી શકત કે કેમ એ સવાલ છે. પરંતુ આ પ્રભુભોજનમાં હું તેને યાદ કરી શકું છું, અને તેણે મારે માટે જે કર્યું છે તેનું સ્મરણ કરવાથી હું વધારે સ્પષ્ટતાથી તેની કદર કરી શકું છું.

જુવાનોના જીવનમાં આશા પ્રાધાન્ય ભોગવે છે ત્યારે આગળ જતાં યાદશક્તિને વધારે મોટું સ્થાન આપવામાં આવે છે. કદાપિ એજ કારણથી આપણે ઉમ્મરમાં આગળ વધીએ છીએ, ત્યારે આ પ્રભુભોજન આપણને વધારે ને વધારે વહાલું થતું જાય છે. જેમ વખત વીતી જાય છે તેમ ખ્રિસ્તને આપણે સારૂ વધારે કરવાનો અવકાશ મળે છે, અને આપણને તેને યાદ કરવાનાં વધારે કારણો પણ મળે છે.

આજથી એક સૈકા ઉપર યૂરોપના એક જૂના મંદિરની દિવાલના પથ્થર પર એક સ્ત્રીનું મોં કોતરેલું માલૂમ પડયું. આ કોતરકામ અહીં છે એવી કોઈને ખબર જ નહોતી, અને તે મળી આવ્યું ત્યારે બધાંને આનંદ થયો, કેમકે તેની કળા અજોડ હતી. બન્યું એવું કે મંદિર બંધાતું હતું ત્યારે એક ઘરડા કડીઆએ એવી માગણી કરી હતી કે મહેરબાની કરીને મને થોડું કોતરકામ સોંપો. કામ ન સોંપીએ તો ડોસાને ખોટું લાગે અને સોંપીએ તો બિચારો કેવું કરશે એવો વિચાર કરીને તેને દીવાલની ટોચ ઉપર છેક છાપરા નીચે થોડો જ ભાગ બતાવવામાં આવ્યો. ત્યાં તે એકલો રહીને કામ કરતો હતો; અને એક દિવસે તે ત્યાં ને ત્યાં જ પાલખ ઉપર મૂએલો માલૂમ પડયો. જેને જુવાનીમાં તે પરણ્યો

હતો અને જેને તેણે જુવાનીમાં જ ગુમાવી હતી એવી તેની સ્ત્રીનું એ મોં હતું. કોતરેલું મોં જોઈને બધાને નવાઈ લાગી અને તેઓએ કહ્યું કે આ તો પ્રેમનું કામ છે; પ્રેમ વગર આવી કળા થઈ શકે નહિ. વહાલાંઓ! આપણા જીવનમાં ઈસુ ખ્રિસ્તને ઉતારવો એ પ્રેમનું કામ છે, અને જેમ આપણે તેના પર પ્રેમ કરીશું તેમ તેને વધારે સારી રીતે દુનિયાની આગળ પ્રગટ કરીશું. તે આપણને કહે છે, કે મારી યાદગીરીને સારૂ આ કરો. વળી આપણે તેના દીકરાના પ્રેમનું સ્મરણ કરીએ છીએ ત્યારે ઈશ્વરને આપણાં પાપનું વિસ્મરણ થાય છે; કેમકે તેજ તેનો સૌથી પ્રિય વિષય છે; અને આખરે નવી પૃથ્વી તથા નવા આકાશમાં તેનું જ સ્મરણ રહેશે.

૨૬. અનાથોથમાંનું ખેતર

"તેથી જે ખેતર અનાથોથમાં હતું તે મેં મારા કાકાના પુત્ર હનામએલની પાસેથી વેચાતું લીધું, ને મેં તેનું મૂલ્ય, એટલે સત્તર શેકેલ રૂપું, તેને તોળી આપ્યું" (યિર્મેયાહ ૩૨; ૯).

ઈશ્વરબાપે પોતાને દુનિયામાં પ્રગટ કરવા ઈસ્રાએલી પ્રજાનો ખાસ ઉપયોગ કર્યો અને તેજ પ્રજામાં ઈશ્વરપુત્રે અવતાર લીધો તેનાં અનેક કારણ તો હશે, પરંતુ એક કારણ બીજાં બધાં કારણોની આગળ તરતું આવે છે. આ પ્રજામાં વિશ્વાસ રાખવાની જે અજબ શક્તિ હતી તેવી શક્તિ અન્ય કઈ પ્રજામાં જોવામાં આવી હશે? વિશ્વાસથી આ પ્રજાના પાયા નાખવામાં આવ્યા હતા; વિશ્વાસદ્વારા તેને મહિમાનો મુગટ પણ પહેરાવવામાં આવ્યો છે. વિશ્વાસથી ઈબ્રાહીમ બધું મૂકીને, ઈશ્વર તેને જે દેશ બતાવે તેમાં જવા તૈયાર થયો; ત્યાં તેણે અજાણે ખડક પર ઈસ્રાએલના ઘરનો પાયો નાખ્યો. વિશ્વાસ રાખવો તે ભાવિ સાથે હોડ મારવા સમાન છે; કશું જોખમમાં નાખ્યા સિવાય આ જીવન જીવી શકાય નહિ. સલામતી તો બધાંને જોઈએ છે; પણ કેટલાંક પોતાની સલામતીને માટે જ્યારે ઈશ્વર પર આધાર રાખે છે, ત્યારે બીજાં કેટલાંક પોતાની હોશિયારી પર આધાર રાખે છે. મને એવો અનુભવ થયો છે કે જે વધુ પડતા હોશિયાર લોકો છે તે વહેલામોડા પોતાની હોશિયારીના પ્રમાણમાંજ ફજેત થાય છે. એ કરતાં ઈબ્રાહીમના જેવું સાદું જીવન ઘણે દરજ્જે ચઢિયાતું છે. વળી ઈસ્રાએલના આખા ઈતિહાસ દરમિયાન આવા ને આવા વિશ્વાસાધીન માણસો ખૂટ્યા નહિ. ખ્રિસ્ત આવ્યો ત્યારે પણ આવાં માણસો તેને મળ્યાં. નીડર ગાલીલી માછીઓ જાળ, હોડીઓ, ઘરસંસાર એ બધું મૂકીને તેની પાછળ જવા તૈયાર થયા. ખરેખર, કારણ મળે તો જોખમ ખેડવાને આ પ્રજા તત્પર રહેતી હતી. સંસારી બાબતોમાં પણ જે માણસો જોખમ ખેડવાને રાજી છે તેઓ વિશેષ સફળતા પામે છે, અને જ્યાં આવી મનોભાવના હોય ત્યાં તેમાં આત્મિક વિશ્વાસનાં બી પણ છુપાએલાં રહે છે.

માણસનું જીવન ઘણા જોખમમાં થઈને પસાર થાય છે. તેના જન્મને જોખમ વળગી રહે છે, અને તેના મરણમાં વધારે જોખમ સમાએલું છે. વળી જન્મથી તે મરણ સુધી જીવનનો કયો ભાગ એવો હશે કે જેની સાથે જોખમ સબંધ રાખતું નહિ હોય? દશ્યથી નહિ, પણ વિશ્વાસથી ચાલવું એ કેવળ ધાર્મિક જાત્રાળુને માટે નિર્માણ કરેલું છે એમ તો નથી; બધાંને માટે, અને

જીવનના દરેક પગથીએ જોખમો લપટાઈ રહ્યાં છે. આપણા સાધારણ રોજગારમાં જોખમ છે; ખરીદવામાં જોખમ છે; વેચવામાં પણ જોખમ છે. મનુષ્યો જે જે વાનાંની શોધ કરે છે તે દરેકના સંબંધમાં જોખમ ખેડવું પડે છે; તો માણસ જે મોટામાં મોટી શોધ કરે છે એટલે પોતાના તારણની શોધ, તેજ જોખમથી નિરાળી રહે એ કેમ કરીને બને? માણસ આખું જગત મેળવે, ને પોતાના આત્માની હાનિ પામે તેથી કશો લાભ નથી એવું કેવળ ખ્રિસ્તી માણસ સમજે છે. એક દ્રવ્યવાન માણસે એક વાર એક ભક્તિશીલ બાનુને એમ કહ્યું, કે "બાઈ, તમારો અનુભવ મેળવવાને માટે હું તો આખું જગત આપવા રાજી છું," ત્યારે બાઈએ જવાબ આપ્યો, કે "હા, તે મેળવવાને માટે મેં તેજ આપ્યું છે."

સિદકીયાહ રાજાના વખતમાં બાબેલના રાજાનું સૈન્ય યરૂશાલેમને ઘેરો ઘાલતું હતું તે વેળાએ યિર્મેયાહ પ્રબોધકને પહેરેગીરોની ચોકીમાં કેદ કરી રાખેલો હતો. તેને કેદ કરવાનું કારણ એ હતું કે તેણે એવું ભવિષ્ય કહ્યું હતું કે બાબેલનો રાજા યરૂશાલેમને જીતી લેશે. ઘેરો બે વરસ સુધી લંબાયો પણ પહેલેથી જ યિર્મેયાહનો આવો અભિપ્રાય હતો. છતાં આ માણસ ઘેરાની પેલી બાજુએ પણ જોઈ શકતો હતો. સાથે સાથે તે એમ પણ કહેતો હતો કે પ્રજા પસ્તાવો કરશે ત્યારે યહોવાહ તેમને માફ કરશે; હમણાં ભલે શહેરનો નાશ થાય તોપણ ઈશ્વર પોતાના પસ્તાવિક લોકોને માટે હજુએ સારો વખત લાવશે. પરંતુ યરૂશાલેમના લોકો આ વાત સાંભળવાને ખુશી નહોતા; આપત્તિની પેલી બાજુએ તેઓ જોવા માગતા નહોતા; આપત્તિ થશે તેટલી જ વાત પ્રગટ કરવાને લીધે તેઓ પ્રબોધકને મારી નાખવા તૈયાર થયા.

હવે યિર્મેયાહ કેદખાનામાં હતો તે દરમિયાન તેના કાકાનો દીકરો હનામએલ તેની પાસે આવ્યો. અનાથોથ યરૂશાલેમ બહાર આવેલું એક નાનું ગામ હતું, અને ત્યાં આગળ યિર્મેયાહના કુટુંબના માણસોની જમીન હતી. આ સમયમાં યરૂશાલેમની આજુબાજુની જમીનની કશી કિમ્મત રહી નહોતી. કોઈ માણસ ખેડવા જાય તો તેને જીવના જોખમે ખેડવું પડે તેમ હતું, અને જો વાવે તો ખાલદીઓ સિવાય કોણ લણવાનું હતું? જમીન તો સસ્તી હતી પણ બીજી બધી ચીજો મોંઘી હતી, માટે પૈસાની તંગીને લીધે હનામએલ પોતાની જમીન વેચવા માગતો હતો. પરંતુ આ લોકોના નિયમ પ્રમાણે જમીન વેચવાની હોય તો માલિકનો જે સહુથી નજીકનો સગો હોય તેને ખરીદવાનો પહેલો હક હતો (લેવીય ૨૫; ૨૪, ૨૫: રૂથ ૪; ૫); માટે હનામએલ યિર્મેયાહની પાસે આવે છે, અને તેને આપવાનું કહે છે.

આમાં યિર્મેયાહના વિશ્વાસનું પરીક્ષણ કરવામાં આવે છે. જો હા પાડશે તો હનામએલ પોતાની મુશ્કેલીમાંથી બચશે, અને પોતાના ભોળા પિત્રાઈ

ભાઈનો લાભ લીધો છે એમ સમજી આનંદ કરતાં ઘેર જશે; જો ના પાડશે તો હવે પછી તેના પ્રબોધ ઉપર કોઈનો પણ વિશ્વાસ રહેશે નહિ. આ સ્થિતિમાં યિર્મેયાહ શું કરશે? હવે આ બાબત વિષે યિર્મેયાહના મનમાં એક જ સવાલ હતો: યહોવાહની શી મરજી હશે? "ત્યારે મેં જાણ્યું કે આ તો યહોવાહનું વચન છે. તેથી જે ખેતર અનાથોથમાં હતું તે મેં મારા કાકાના પુત્ર હનામએલની પાસેથી વેચાતું લીધું, ને મેં તેનું મૂલ્ય, એટલે સત્તર શેકેલ રૂપું, તેને તોળી આપ્યું. મેં ખતમાં સહી કરી ને તેના ઉપર મોહોર કરી. પછી મેં સાક્ષીઓને બોલાવ્યા,...અને સર્વના દેખતાં બારૂખના હાથમાં સોંપી દીધું અને આજ્ઞા આપી કે તે લાંબા વખત સુધી સહીસલામત રહે માટે માટલામાં રાખી મૂક; કેમકે સૈન્યનો યહોવાહ, ઈસ્રાએલનો દેવ કહે છે, કે એવો સમય ફરી આવશે કે જે સમયે ઘરો, ખેતરો તથા દ્રાક્ષાવાડીઓ આ દેશમાં વેચાતાં લેવામાં આવશે." હવે યિર્મેયાહ યહોવાહ ઉપર વિશ્વાસ નથી રાખતો એવું આખા યહુદાહમાં કોઈ કહેશે?

જાણવા જેવી વાત એ છે કે જેવી ખાતરી જીવનના બીજા કોઈ પણ ખાતામાં મળી શકતી નથી તેવી ખાતરી માણસો ઈશ્વરની પાસે માગે છે. ભૂંડી તથા વ્યભિચારી પેઢી હજી ચિહ્ન માગ્યા કરે છે. માણસને ગમે તેવો ભયંકર રોગ થયો હોય, તોપણ તે ગમે તે ઊંટવૈદની પાસેથી રંગેલું પાણી લઈ જશે ને માનશે કે આ મને સારો કરશે; પણ આપણે તેને કહીએ, કે "પ્રભુ ઈસુ પર વિશ્વાસ કર, એટલે તું તથા તારા ઘરનાં સર્વ માણસો તારણ પામશો," તો તે આપણને કહેશે કે તેની શી ખાતરી? પોતાની માન્ય કરેલી નદીઓમાં સ્નાન કરવાનું કહીએ તો હજાર વાર કરશે, વળી પૃથ્વીના છેલ્લા ભાગમાં જઈને પણ કરશે; પરંતુ આપણે તેને કહીએ કે યરદનમાં સાત વાર સ્નાન કર તો તરત વાંધો આવશે. આપણે આબાદ થઈએ છીએ ત્યારે આપણને એવી ભ્રમણા થાય છે કે આપણી આબાદી કોઈથી આપણી પાસેથી લઈ લેવાશે નહિ; સ્થિતિ બગડે છે ત્યારે એવી માન્યતા પણ થાય છે કે કોઈથી આપણી મદદ થઈ શકશે નહિ. ઈશ્વર સિવાય માણસ બધું માનવા તૈયાર થાય છે; ઈશ્વર સિવાય બીજા ગમે તેને તે પોતાના જીવનનું સુકાન સોંપવા રાજી છે. "શાબાશ, સારા તથા વિશ્વાસુ ચાકર," એમ યહોવાહ એક દહાડે યિર્મેયાહને કહેશે; "તને જ્યાં કેવળ અંધારૂં દેખાતું હતું ત્યાં તેં વિશ્વાસ કર્યો"; અને આપણને તે હમણાં જ કહે છે, કે "જુઓ, હું યહોવાહ સર્વ મનુષ્યોનો દેવ છું, શું મને કોઈ કામ અશક્ય છે?"

આ સાધારણ વેચાણખત નહોતું. બારૂખે જે લખાણ માટલામાં રાખી મૂક્યું તે તો એક પ્રબોધકનું વિશ્વાસનામું હતું. તે સારી રીતે જાણતો હતો કે આ જમીન નકામી પડી રહેશે. ખેડવાને માટે કે બાંધકામ કરવાને માટે તેણે

યરૂશાલેમના કોઈ શેઠની પાસે જઈને વેચવાનું કર્યું હોત તો તે તેને હસી કાઢત. હનામએલ અને તેના ઘરનાં માણસો તે રાત્રે ખૂબ હસ્યાં હશે; પણ યિર્મેયાહ જાણતો હતો કે એવો સમય ફરી આવશે કે જે સમયે ઘરો, ખેતરો તથા દ્રાક્ષાવાડીઓ યહુદાહમાં વેચાતાં લેવામાં આવશે. હવે "આ જગતનાં રાજ્યો આપણા પ્રભુનાં તથા તેના ખ્રિસ્તનાં" થશે એવું માનનારા પહેલેથી જ મૂર્ખાઓમાં ખપ્યા છે; પણ આ બાબતોમાં માણસોના જ્ઞાન કરતાં ઈશ્વરની મૂર્ખતામાં વિશેષ જ્ઞાન છે. જુવાનો, શું અનાથોથમાંનું ખેતર રાખવાને તમારી હિમ્મત ચાલે છે? શું જે જગાએ શત્રુઓ છાવણી નાખી રહેલા છે તેનો કબજો ખ્રિસ્ત કરી લેશે તે વિષે તમે પાંચ રૂપીઆનું જોખમ માથે રાખવા રાજી છો?

લીવે નામનો રોમન ઇતિહાસકર્તા રોમના ઇતિહાસમાંની આવી એક બીનાનું વર્ણન કરે છે: હાનીબાલે રોમને ઘેરો ઘાલ્યો હતો, અને શહેરના કોટની બહાર કાર્થેજનાં સૈન્યો છાવણી નાખીને પડેલાં હતાં ત્યારે જે જમીન પર તેમની છાવણી નાખેલી હતી તેને ખુલ્લી બજારમાં વેચી દેવામાં આવી, અને તેની પૂરી કિંમત આપવાને માટે ઘરાક પણ મળ્યો...એટલો આ લોકોને પોતાના દેશના ભાવિ ઉપર વિશ્વાસ હતો. પણ આ કરતાં યિર્મેયાહનો વિશ્વાસ વધારે હતો, કેમકે જ્યારે રોમની સ્થિતિ સારી હતી અને તેઓ પોતાના ભાવિ ઉપર વિશ્વાસ રાખતા હતા, ત્યારે યરૂશાલેમની સ્થિતિ બધી રીતે કફોડી હતી અને લોકોને કશા પર કોઈ જાતનો વિશ્વાસ નહોતો. યરૂશાલેમમાં એક જ માણસ એવું માનતો હતો કે ઘરો, ખેતરો તથા દ્રાક્ષાવાડીઓ યહુદાહમાં વેચાતાં લેવામાં આવશે એવો સમય ફરી આવવાનો છે.

હેબ્રી. ૧૧; ૧નો એક જાણવા જેવો તરજુમો અમુક એક જૂના હસ્તલેખમાં મળે છે: "વિશ્વાસ તો જે વસ્તુઓની આશા આપણે રાખીએ છીએ તેની સનદ છે." કેટલાય હનામએલોએ દુનિયાના ઇતિહાસમાં ઈશ્વરના ભક્તોની મશ્કરી કરી છે અને તેની મંડળીના ભાવિની સસ્તી કિમ્મત આંકી છે! તેઓ તો ગયા, અને મંડળી રહી. આદોનીરામ જડસનને પકડીને બર્માના એક ગંદા કેદખાનામાં નાખવામાં આવ્યો ત્યારે ત્યાં આવીને કેટલાકે તેની મશ્કરી કરીને તેને પૂછ્યું, કે "હવે સુવાર્તાના પ્રચારના ભાવિ સંબંધી તારો શો વિચાર છે?" આ બળવાન મિશનરીએ તરત જવાબ આપ્યો, કે "સુવાર્તાના ભાવિ વિષે મારા જે વિચાર તે ઈશ્વરના વચન જેટલા ઊંચા છે!"

કાપરનાહુમના ડુંગરના ઢોળાવ ઉપર ખ્રિસ્ત આખી રાત પ્રાર્થના કરે છે; નીચે હોંસીલો સમુદાય તેની રાહ જોઈ રહ્યો છે—આ શું છે? લોકો તેને બળજોરીથી રાજા બનાવવા માગે છે. "આવો, ઈસુ, અમારા રાજા થાઓ. આખું ગાલીલ તમારી પાછળ છે, ચાલો, આપણે હેરોદને ઠેકાણે કરી દઈએ અને એમ ભૂંડાઈને દેશમાંથી દૂર કરીએ." એમ તેઓ ઈસુને સમજાવવા માગે છે, ત્યારે તે

તેઓની પાસેથી નાસી જાય છે; અને સવારે તે પહાડ પરથી ઊતર્યો ત્યારે તેના ચહેરા પરથી તેઓ તેનો જવાબ વાંચી શક્યા. તેઓ નિરાશ થયા; શિષ્યોમાંના ઘણા પાછા ગયા, અને ત્યાર પછી તેની સાથે ચાલ્યા નહિ. આપણે તેને ગાદી સોંપીએ છીએ તોપણ તે ના પાડે છે, એ તે કઈ જાતનો મસીહ હશે! પણ ઈસુએ વધસ્તંભ પસંદ કર્યો હતો, અને વધસ્તંભ તેને માટે ગાદીરૂપ થવાનો હતો. તેઓ જે ગાદી આપવા માગતા હતા તેની સત્તા પાલેસ્ટાઈનમાં જ ચાલે; પણ તેણે જે ગાદી પસંદ કરી તેની સત્તા તો અત્યારે આખી સૃષ્ટિ પર ચાલે છે.

શું તમે પણ જતા રહેવા ચાહો છો એમ ખ્રિસ્ત પોતાના બાર શિષ્યોને પૂછે છે. શું અનાથોથના ખેતરનો ઘરાક કોઈ થતો નથી? શું ખેતરની કિંમત તમને પણ ભારે પડે છે? મુશ્કેલીઓ તો છે, અને આપણા સમાજની મુશ્કેલીઓ મને વધારે પડતી લાગે છે; પણ મુશ્કેલીઓ જોઈને બેસી રહેવું એ શું માણસનું કામ છે? મને નુકસાન થાય તો ભલે થાય, પણ મારે ન્યાયીપણાને માટે ઊભા રહેવું એ યિર્મેયાહનો મુદ્રાલેખ હતો; અને તેજ આપણી મંડળીના જુવાનોનો પણ મુદ્રાલેખ થશે ત્યારે જ "યહુદાહમાં ઘરો, ખેતરો તથા દ્રાક્ષાવાડીઓ ફરીથી વેચાતાં લેવામાં આવશે." એક ભારે લડાઈ વખતે નેપોલીઅનના એક સેનાપતિએ તેની પાસે આવીને કહ્યું, કે "સાહેબ, મને એવી ધાસ્તી લાગે છે કે આપણે આ લડાઈમાં હારી ગયા છીએ." નેપોલીઅને પોતાની ઘડિઆળ કાઢીને શાંતિમાં એટલું જ કહ્યું, કે "ફિકર નહિ, હજી બીજી લડાઈમાં જીત પામવાનો પુષ્કળ વખત છે; ફરીથી હુમલો કરવાનો સૈન્યોને હુકમ ફરમાવો." શાબાસ, પીતર! તું ન હોત તો આ બધા જતા રહેત! તું ન હોત તો અનાથોથમાંનું ખેતર અત્યાર સુધી ખાલદીઓના કબજામાં જ રહેત! "અમે કોની પાસે જઈએ? અનંતજીવનની વાતો તો તારી પાસે છે." સાચી વાત! પ્રભુના નામને ધન્ય હોજો કે હજી અનાથોથમાંના ખેતરને માટે ઘરાક મળે છે. દૃષ્ટાંતમાંનો માણસ સવારે ઊઠીને જે ખેતર ભાડે ખેડવા ગયો તેનો તે રાત પહેલાં માલિક થયો. આપણે પણ માણસાઈ એકઠી કરીએ તો આપણને એજ અનુભવ થશે. તે હજારો વખત તે ખેતરમાં હર્યોફર્યો હશે, પણ તેને શી ખબર કે આટલું મોટું દ્રવ્ય તેમાં સંતાડેલું હશે? વળી જો કે તમે ખ્રિસ્તી ઘરમાં ઉછરીને મોટાં થયાં હશો, અને ઘરડાં પણ થયાં હશો, તોપણ ખ્રિસ્તનો ખજાનો તમે સંપાદન કર્યો ન હોય એ બનવાજોગ છે. બેસતા વર્ષમાં તમને નવો અનુભવ થાય એવી મારી પ્રાર્થના છે. તમે ઈશ્વરને શોધવાને માટે આજે તેના મંદિરમાં આવ્યા છો કે કેમ તે હું નથી જાણતો; પણ હું એ જાણું છું કે ઈશ્વર તમને શોધે છે. માટે અનાથોથમાંનું ખેતર રાખવાને તમારી હિમ્મત ચાલે તો આજે જ અવિનાશી, નિર્મળ તથા કરમાઈ ન જનારા વતનને માટે તમને પુનર્જન્મ મળે એમ છે. શું તમને એવું જોઈએ છે?

ભાગ બીજો

નવા કરારમાંથી લીધેલાં વાક્યોને આધારે રચેલાં ભાષણો

૨૭. જગતનું અજવાળું

"જગતનું અજવાળું હું છું" (યોહાન ૮; ૧૨).
"તમે જગતનું અજવાળું છો" (માત્થી ૫; ૧૪).

આપણા પ્રભુએ પોતાને માટે જે હકદાવા કર્યા હતા તેમાંના ઘણાખરા હકદાવા અમુક ખાસ વખત કે પરિસ્થિતિ સાથે સંબંધ રાખે છે. "હું જગતનું અજવાળું છું," એમ તે બોલ્યો ત્યારે માંડવાપર્વનો પ્રસંગ હતો. મંદિરના ચોકમાં દહનીયાર્પણની જે વેદી હતી તેની બંને બાજુએ સોનાની મોટી બત્તી રાખેલી હતી. સાંજ પડતાં આ બે બત્તીઓ સળગાવવામાં આવતી. તેના અજવાળાથી આખું મંદિર પ્રકાશિત થતું એટલું જ નહિ, પણ તે પોતાનાં કિરણો આખા શહેરમાં ફેંકતી અને કોટની બહાર આવેલા નાળાને પણ પ્રકાશિત કરતી. વળી ભક્તજનો આખી રાત આ બે બત્તીઓની આસપાસ નાચતા અને ગીતો ગાતા હતા. આ બત્તીઓનો હેતુ તેજ આખા પર્વનો હેતુ હતો, એટલે ઈસ્રાએલીઓનો ચાળીસ વરસનો અરણ્યપ્રવાસ સ્મરણમાં લાવવો. તે વડે અગ્નિસ્તંભ તથા મેઘસ્તંભ યાદ દેવડાવવામાં આવતા હતા. માંડવાપર્વની પહેલી સાંજે જ્યારે આ બે મોટી બત્તીઓ સળગાવવામાં આવી ત્યારે આપણા પ્રભુને એમ લાગ્યું, કે એ તો આ દુનિયામાં મારે જે કામ કરવાનું છે તેની ઉપમારૂપ છે. આ અગ્નિસ્તંભ તથા મેઘસ્તંભ મુસાના જમાનાના ઈસ્રાએલીઓને વાસ્તે જે કામ કરતા હતા તેવુંજ કામ હું દુનિયાને માટે કરૂં છું: "જગતનું અજવાળું હું છું; જે મારી પાછળ આવે તે અંધકારમાં નહિ ચાલશે પણ જીવનનું અજવાળું પામશે," એમ તેણે કહ્યું. વળી જગતના કોઈ પણ અજવાળા કરતાં ખ્રિસ્ત વધારે સારૂં અજવાળું હતો; કેમકે અરણ્યમાં ભટકતાં થોડાં કુળોને નહિ, પણ ભૂલી પડેલી, ઠોકર ખાતી, ગુંચવણમાં પડેલી અને મુંઝાઈ ગએલી આખી માનવજાતને તે માર્ગદર્શક થવાનો હતો.

તમે કદાપિ ભોંયરૂં જોયું હશે. દુનિયામાં ઘણાં પ્રખ્યાત ભોંયરાં છે. તે કોઈ વાર મોટા પહાડોની નીચે થઈને જાય છે; કોઈ વાર તે નદીઓની નીચે થઈને જાય છે, અને એ ભોંયરાંમાં થઈને રેલવે જાય છે. આવા ભોંયરામાં સ્વાભાવિક રીતે અંધારૂં હોય છે, માટે આગગાડી તેમાં પ્રવેશ કરે ત્યાર પહેલાં વીજળીની બત્તીઓ સળગાવવામાં આવે છે. કેટલાંક ભોંયરાં તો વળી બે દેશની સરહદ ઉપર આવેલાં હોય છે. તેમાંથી નીકળ્યા પછી આગગાડીને ઊભી રાખવામાં આવે છે, અને ત્યાંના જકાતખાતાના અમલદારો ઉતારૂઓનો સામાન તપાસે છે, તેમજ તે દેશમાં પ્રવેશ કરવાનો પરવાનો તેમની પાસે છે કે કેમ એ વિષે પણ તપાસ કરે છે.

જે માણસના સામાનની અંદર કોઈ મના કરેલી વસ્તુ ન હોય અને જેને જોઈતો પરવાનો મળેલો હોય તેને માટે તો કોઈ જાતનો વાંધો નથી, પણ બીજાઓને વારંવાર પાછા કાઢવામાં આવે છે. જીવનની મુસાફરીમાં ઘણાં ભોંયરાં છે, અને છેલ્લું ભોંયરૂં તે મરણ છે. આ બધાં ભોંયરાંમાં ખ્રિસ્તની જરૂર છે, પણ છેલ્લા ભોંયરામાં તો ખાસ કરીને જરૂર છે; કેમકે આ ભોંયરાની પેલી બાજુએ જે દેશ છે તેના જકાતખાતાના નિયમો સખત છે: "કૂતરા, જાદુગરો, વ્યભિચારીઓ, ખૂનીઓ, મૂર્તિપૂજકો તથા જે સર્વ અસત્ય ચાહે છે અને આચરે છે તેઓ બહાર છે." આ ભોંયરાનું અજવાળું ખ્રિસ્ત છે, અને તે એમ કહે છે, કે "જે મારી પાછળ આવે છે તે અંધારામાં નહિ ચાલશે, પણ જીવનનું અજવાળું પામશે."

આ દુનિયામાં ભલાઈ અને ભૂંડાઈની વચ્ચે નિરંતર ઝઘડો ચાલે છે, અને દુનિયાના તમામ મહાન ધર્મોમાં ભલાઇને પ્રકાશની અને ભૂંડાઈને અંધારાની ઉપમા આપવામાં આવે છે. આ ઉપમાઓ બધી રીતે વાજબી છે, કેમકે જીવનને માટે અજવાળું અવશ્યનું છે. વનમાંનાં મોટાં વૃક્ષો પોતાની ડાળીઓ પ્રકાશ તરફ લંબાવે છે, તેમજ નાનામાં નાનું ફૂલ પણ "પોતાનું" મોં પ્રકાશ તરફ રાખે છે. "અજવાળું થાઓ" એ મહાન વચન વડે ઉત્પત્તિની શરૂઆત કરવામાં આવી હતી, અને પવિત્ર શાસ્ત્રના છેલ્લા પૃષ્ઠ ઉપર એજ આનંદજનક સમાચાર મળે છે, કે "ત્યાં રાત થશે નહિ," "અજવાળું થાઓ"—આટલું થાય ત્યારે જ કોઈ પણ વસ્તુ રૂપ કે રંગ ધારણ કરી શકે. "ત્યાં રાત થશે નહિ"—રાત જાય ત્યારે જ પ્રકાશમાંના સંતોનો વારસો સલામત છે એવી ખાતરી તેઓને આપી શકાય.

ઇતિહાસ એ તો પ્રકાશ તરફ આવવાની માણસજાતની કોશિશનો હેવાલ છે. લાંબા વખત સુધી તેઓ નકામા પ્રયત્ન કરી રહેલા હતા. છેવટે એક જણ આવ્યો, અને જેમ માણસ કદી બોલ્યો નહોતો તેમ તે બોલવા લાગ્યો. તે થોડા જ વખત આ માનવી ક્ષેત્ર પર દેખાતો રહ્યો, અને પછી તે અલોપ થયો. આ થોડા વખત દરમિયાન આ વ્યક્તિએ પોતાને માટે કેટલાક અજાયબ જેવા હકદાવા કર્યા હતા. પોતાનું વર્ણન કરવાને માટે તેણે એક પછી એક પૃથ્વી પરની ઘણીખરી જરૂરી વસ્તુઓને ઉપમા તરીકે વાપરી હતી: "હું જીવનની રોટલી છું, જીવનનું પાણી છું, બાપ પાસે જવાનો એકલો માર્ગ છું, જીવનમાં પેસવાનું બારણું છું"—એવા એવા દાવા તેણે પોતા વિષે કર્યા હતા. વળી બધા કરતાં આજ હકદાવો એટલે કે, "હું જગતનું અજવાળું છું" તે કદાપિ વિશેષ અજાયબ જેવો લાગતો હશે.

આ વાત સાંભળીને તેના શ્રોતાઓનાં મન ઉપર કેવી અસર થઈ હશે તેનો વિચાર કરો. આ તો એક તિરસ્કાર પામેલા પ્રાંતમાંનો માણસ, અને વળી

તેમાંના એક તિરસ્કાર પામેલા ગામમાંનો માણસ છે. વળી તે ગરીબ કુટુંબ-માંથી આવેલો છે. નથી તેને કોઈ જાતનો હોદ્દો મળેલો; નથી તેની કોઈ જાતની દીક્ષા થએલી. યરૂશાલેમમાં તો તે પારકો. ગાલીલની બહાર તેનું નામ સરખું કોઈએ સાંભળ્યું નથી. છતાં ઈસ્રાએલના ઇતિહાસની સામે, ગ્રીસની અજોડ કેળવણીની સામે, રોમના સઘળા વૈભવની સામે, અને પોતાના જમાનાના તમામ જ્ઞાનના ભંડારની સામે તે પોતાને માટે આ અજાયબ જેવો હકદાવો રજુ કરે છે, કે સત્યના ક્ષેત્રમાં હું એકલો ઊભો રહું છું; મારી પાસે જે સત્ય છે તે અપૂર્વ તેમજ અજોડ છે.

આકાશમાંથી સૂર્યને લઈ લેવામાં આવે તો તેની જગા પૂરી શકાય નહિ; તેના બદલામાં બીજું કશું ચાલે નહિ. ખ્રિસ્તને લઈ લેવામાં આવે તો આકાશમાં તેમજ પૃથ્વી ઉપર તેની જગા લઈ શકે એવું કંઈજ નથી; તેના બદલામાં અન્ય ઊભું રહી શકે નહિ. અજવાળું તે જીવનનું મૂળતત્ત્વ છે, એમ જગતના મંડાણથી તર્કશાસ્ત્રીઓએ શીખવ્યું છે એમાં નવાઈ નથી. સૂર્ય સઘળાં દાનો આપનાર છે અને સઘળા જીવનનું મૂળ છે, એમ સમજીને દરેક જમાનામાં માણસોએ તેની ભક્તિ કરી છે એમાં નવાઈ જેવું કંઈ નથી; કેમકે સૂર્ય વિના કોઈ પ્રાણી કે જીવ હોઈ શકે નહિ. ખ્રિસ્ત પોતાને માટે એવો હકદાવો કરે છે, કે સ્થૂળ સૃષ્ટિમાં જેવો સૂર્ય છે તેવો આત્મિક દુનિયામાં હું છું. જ્યારે તે પૃથ્વી ઉપર હતો ત્યારે તેનો હમેશનો દાવો એજ હતો, કે મારા વિના માણસને ચાલે જ નહિ. માણસજાતના શ્રમભર્યા ઇતિહાસમાં એક જ મહત્ત્વની વ્યકિત ઊભી થઈ છે, અને તે હું! દેવો ઘણા હોય અને પ્રભુઓ પણ ઘણા હોય, પણ મારી સાથેના મુકાબલામાં એક પણ દેવ કે એક પણ પ્રભુ ઊભો રહી શકે નહિ. જગતનો ઉદ્ધાર કરવાનું તે એકલા મારા હાથમાં છે. જગતનું અજવાળું હું છું.

આ અજવાળા વિષે વિચાર કરીએ.

૧. **તે પુરુષવાચક અજવાળું છે.** તે અમુક વ્યક્તિનું અજવાળું છે, અને તે વ્યક્તિઓને માટે છે. "જગતનું અજવાળું" એવા નામવાળું ચિત્ર તમે જોયું છે? ખ્રિસ્ત હાથમાં ફાનસ રાખીને બંધ બારણાની આગળ ઊભો રહેલો આપણા જોવામાં આવે છે. ચિત્રકળાને માટે કદાચ પેલી ફાનસની જરૂર હોય, પણ ખરેખરૂં સત્ય એજ છે કે અજવાળું તે ખ્રિસ્ત પોતે જ છે. યોહાન કહે છે તેમ "તેનામાં જીવન હતું; તે જીવન માણસોનું અજવાળું હતું." તેના શબ્દો તથા કૃત્યો એ તો તેનું જીવન પ્રગટ કરવાનાં સાધનો હતાં. તે જાણતો હતો કે મારા શબ્દો આકાશી સોનારૂપ છે, અને કદી ભૂલી જવામાં આવશે નહિ; તે જાણતો હતો કે મારાં કૃત્યો બારીઓ છે, અને તે બારીઓમાં થઈને

માણુસો નવી તથા આકાશી દુનિયા નિહાળી શકે છે. પણ તેના શબ્દો તથા કૃત્યો કરતાં તેનું જીવન વધારે ચામત્કારિક હતું. તે વડે સ્વાર્થ અને પાપને પ્રકાશિત કરવામાં આવ્યાં હતાં. તે વડે આકાશી જીવનનો વૈભવ પ્રકાશિત કરવામાં આવ્યો હતો; કેમકે તે વડે ઈશ્વરનું સ્વરૂપ તેમજ તેની પાસે જવાનો માર્ગ પણ પ્રકાશિત કરવામાં આવતાં હતાં.

૨. **તે આત્મિક તથા નીતિવિષયક અજવાળું છે.** જે સવાલો તે પૂછે છે અને જેના જવાબ તે આપે છે તે સર્વ જીવનના પાયારૂપી સવાલો છે. આ અજવાળું તે જીવનના કામને માટે છે. તે જીવનના ગુંચવણ ભરેલા સવાલો પર પ્રકાશ ફેંકે છે; તે ઉમદા કૃત્યો અને ઉમદા હેતુઓ પૂરાં પાડે છે, અને ઈશ્વરની સાથે માણુસનું સમાધાન કરાવે છે. આ અંધકાર ભરેલી દુનિયામાં ખ્રિસ્તે પોતાનો પગ મૂક્યો ત્યારથી તેમાંની સૌથી ઘોર છાયાઓ દૂર થઈ છે; કેમકે "આપણા દેવની ઘણી દયાથી અરુણોદય આપણા ઉપર આવ્યો છે, જેથી અંધારામાં તથા મરણની છાયામાં જેઓ બેઠેલા છે તેઓને તે પ્રકાશ પમાડે, તથા આપણા પગને શાંતિના માર્ગમાં દોરી જાય."

૩. **તે સાર્વત્રિક અજવાળું છે.** આ અજવાળું બધાંને માટે છે; જે કોઈ માણુસ જગતમાં આવે છે તેને તે અજવાળું આપે છે. કોઈ પણ બે માણુસ એક સરખાં હોતાં નથી. માણુસના કોઈ પણ બે વર્ગ પણ એક સરખા હોતા નથી, છતાં તેઓના આત્માની અગત્યના સંબંધમાં તેઓ બધાં એકસરખાં છે. ૂલાં પડેલાં ઘેટાંની માફક સઘળાં ભટકી ગએલાં છે; સઘળાંએ માર્ગ ખોઈ નાખેલો છે; સઘળાં અજવાળા તરફ આવવાની મહેનત કરે છે; અને સુવાર્તાનો સંદેશો એજ છે, કે ખ્રિસ્તદ્વારા જીવનનું ખરૂં અજવાળું આવ્યું છે.

"જગતનું અજવાળું હું છું" એમ ઈસુએ કહ્યું, પણ એટલું જ કહેવામાં તેણે સંતોષ ન માન્યો. બીજે પ્રસંગે તેણે એમ પણ કહ્યું, કે "તમે જગતનું અજવાળું છો." પ્રકાશ આપવો તે કામ આપણું પણ છે. પરંતુ ચંદ્રનો પ્રકાશ સૂર્યના પ્રકાશની સાથે જેવો સંબંધ રાખે છે તેવો જ સંબંધ આપણો પ્રકાશ ખ્રિસ્તના પ્રકાશની સાથે રાખે છે. સૂર્યનું કિરણ જો સૂર્યથી જુદું કરવામાં આવે તો તે કાંઈ પણ પ્રકાશ આપી શકે નહિ. આપણે ખ્રિસ્તથી જુદા પડીએ તો આ અંધારા ભરેલી દુનિયામાં આપણે પણ એવી જ રીતે કાંઈ પણ પ્રકાશ આપી શકીએ નહિ. બધાં જાણે છે કે ચંદ્રમાં પોતાનો પ્રકાશ બિલકુલ હોતો નથી, પણ સૂર્ય તેના પર પોતાનો પ્રકાશ ફેંકે છે ત્યારે તે કેટલો બધો સુંદર દેખાય છે! આપણી પણ એજ સ્થિતિ છે. જ્યાં સુધી ઈસુ ખ્રિસ્ત—ન્યાયીપણાનો સૂર્ય—આપણા પર પોતાનાં કિરણો ફેંકતો નથી ત્યાં સુધી આપણે કેવળ નિર્જીવ અને બેડોળ છીએ. એક સુંદર ઈરાની દંતકથા

આ પ્રમાણે ચાલે છે: એક મુસાફર મુસાફરી કરતો હતો. મુસાફરી કરતાં કરતાં એક માટીનો લોંદો તેના જોવામાં આવ્યો. તેના પર તેનું ધ્યાન ન જાત પણ તેની બહુ સારી વાસ આવતી હતી તેથી તે થોભ્યો. તેણે તેને પૂછ્યું, કે તું છે શું? શું તું કોઈ અત્તર છે, અને તેં આ માટીનું રૂપ ધારણ કર્યું છે? અથવા શું તું બીજી કોઈ કિંમતી સુગંધી વસ્તુ હશે? માટીના લોંદાએ જવાબ વાળ્યો, કે ના; હું તો કેવળ માટીનો લોંદો છું. ત્યારે તે માણસે ફરી પૂછ્યું, કે એમ હોય તો આ તારી સુવાસ ક્યાંથી? ત્યારે તેને એવો જવાબ મળ્યો, કે હું ગુલાબની સાથે રહ્યો છું તેથી. આપણે માણસોમાં જાતજાતની સુંદરતા જોઈએ છીએ; પણ કેટલીક સુંદરતા આપણને આકર્ષક નથી લાગતી. ખરી સુંદરતા તે સુંદર સ્વભાવથી થાય છે. નાક સારૂં હોય, આંખ તેજવાળી હોય, વાળ સુંદર હોય; પણ તેની પેલી બાજુ શેતાની સ્વભાવ હોય તો આ બધી સુંદરતા શા કામની? શારોનના ગુલાબની સાથે જેઓ રહેલા હોય તેઓ સહેલાઈથી ઓળખી શકાય છે.

અજવાળાનું મુખ્ય લક્ષણ એ છે કે તે પ્રગટ કરે છે. ભૂંડાઈ કેટલી બધી કદરૂપી છે તે સારો પુરુષ કે સારી સ્ત્રી પવિત્રતાની શોભા પ્રગટ કરીને બતાવી આપે છે. ઈસુ એમજ કરતો હતો, અને હજી પણ તે એમજ કરે છે. તેની આંખો અગ્નિની જવાળા જેવી છે અને તેની હજૂરમાં માણસનાં ખરાં લક્ષણો દેખાઈ આવે છે. વળી જેઓ તેની સાથે સંગત રાખે છે તેમને તે પ્રકાશિત કરે છે, અને બીજાઓને પણ પ્રકાશિત કરવાની શક્તિ આપે છે. એક જાતનો કિંમતી પથ્થર એવો છે કે તેનો રંગ બદલાયા કરે છે. એક વખતે કોઈ વેપારીની દુકાનમાં એક માણસને એક પથ્થર બતાવવામાં આવ્યો હતો, પણ તે બહુ સુંદર ન દેખાયો. પછી વેપારીએ તે પથ્થર પોતાના હાથમાં લીધો, અને થોડીવાર પોતાના હાથમાં રાખ્યા પછી તે માણસને પાછો આપ્યો, ત્યારે તો તે પ્રકાશિત થએલો હતો, અને મેઘધનુષ્યની માફક તેના જુદા જુદા રંગ દેખાતા હતા. એ રંગ ઉપજાવવાને માટે એટલી જ જરૂર હતી કે માણસના શરીરની ગરમી તેને લાગે. તેના જેવાં જીવનો પણ છે. તેમને સુંદર બનાવવાને માટે એટલી જ જરૂર છે કે ખ્રિસ્તનો વીંધાએલો હાથ તેમનો સ્પર્શ કરે.

"હું જગતનું અજવાળું છું." "તમે જગતનું અજવાળું છો." બન્ને વાત સત્ય છે. કેનેડામાં ઈરે નામનું સરોવર છે, એને એક કિનારે એક બંદર છે. બંદરમાં આવવાનો રસ્તો દેખાડવાને માટે બે દીવાદાંડી બાંધેલી છે. બંધને છેડે એટલે સરોવર તરફ એક દીવાદાંડી છે અને જમીન ઉપર બીજી દીવાદાંડી છે. બંધ પરની દીવાદાંડી બંદર દેખાડે છે, પરંતુ બંદરમાં સહીસલામત આવવાને માટે વહાણોને બીજી દીવાદાંડી એટલે જમીન ઉપર જે

દીવાદાંડી છે તેની પણ જરૂર પડે છે. ખ્રિસ્ત જગતનું અજવાળું છે, છતાં તેના તરફ બીજાંઓને દોરવાને માટે તે આપણો પણ ઉપયોગ કરવા માગે છે. મહાસાગરના કિનારા ઉપર બીજાંઓને તેઓના ઇચ્છેલા બંદરમાં સહીસલામત આવવાનો રસ્તો દેખાડવા માટે આપણને દીવાદાંડીની માફક ઊભાં રાખવામાં આવ્યાં છે. આપણને જોઈને બીજા મુસાફરો બંદર શોધે છે. મિત્રો, આપણે તેમને ખોટો રસ્તો બતાવીએ તો ? આપણે પોતે આજવાળાની પાછળ ચાલીએ છીએ કે કેમ, એ મોટો સવાલ છે. આપણે તેની પાછળ ચાલીએ તો પોતે ભૂલાં પડીશું નહિ, તેમ બીજાંઓને ભૂલાં પાડીશું પણ નહિ. આપણે અજવાળે ચાલવાનો પ્રયત્ન કરીએ, કેમકે આ બાબત પર આપણી પોતાની સલામતીનોજ નહિ, પરંતુ બીજાંઓની સલામતીનો પણ આધાર રહેલો છે.

૨૮. ડૂબવાની શરૂઆત

"પ્રભુ, એ જો તું હોય, તો મને આજ્ઞા આપ કે હું પાણી પર ચાલીને તારી પાસે આવું." "પવન દેખીને તે બીધો ને ડૂબવા લાગ્યો" (માત્થી ૧૪; ૨૮, ૩૦).

મનુષ્યજીવનના ક્ષેત્રમાં હૃદયને તીવ્ર શોકથી ભરપૂર કરે એવાં બે દૃશ્ય અહીં આપણા જોવામાં આવે છે. આમાંનું પ્રથમ દૃશ્ય એ તો ડૂબી ગએલાં માણસનું દૃશ્ય છે. કોઈવાર ભૂંડાઈથી બગડી ગએલાં હોય એવાં માણસોના ચહેરા આપણા જોવામાં આવે છે. માણસની દૃષ્ટિએ જોતાં આ ચહેરામાંથી ઈશ્વરી પ્રતિમાનું હરેક ચિહ્ન નષ્ટ કરવામાં આવ્યું હોય એમ આપણને લાગે છે, અને જ્યારે આ જ ચહેરા પહેલાં બાળકની નિર્દોષ અવસ્થામાં પોતાની માતાના મોં સામે જોઈને હસતા હતા એ આપણને યાદ આવે છે ત્યારે તો આપણને ત્રાસ થાય છે. વળી જેનું નામ પહેલાં માનવંતું હતું, પણ જેણે પોતાની આબરૂ પર પાણી ફેરવ્યું છે એવા કોઈ માણસ વિષે આપણે સાંભળીએ છીએ અથવા તેના સંસર્ગમાં આવીએ છીએ ત્યારે પણ આપણને અસહ્ય લાગે છે. ગમે તેવા કઠણ હૃદયવાળો માણસ આ સ્થિતિ નિહાળે તોપણ તેને ભારે અસર થયા વગર રહે નહિ. સંસારી બાબતમાં માણસ ગમે તેટલો તલ્લીન થઈ ગએલો હોય, અને તેને માણસજાતના ભાવિ સંબંધી મુદ્દલે અભિલાષા થઈ ન હોય, તોપણ આ સ્થિતિ જોતાં તેને આચકો લાગ્યા વિના રહેતો નથી; તો જેને અલ્પ કાળને માટે પણ પ્રભુનાં સંદર્શન થયાં હોય તેને કેટલી બધી વિશેષ ઉદાસીનતા ઉત્પન્ન થતી હશે! જે સ્ત્રીપુરુષો પાપના મહાસાગરમાં ડૂબી ગએલાં છે તેઓ ઘરસંસારમાં તેમજ સમાજમાં નિરાશાજનક તથા ત્રાસરૂપ છે. પરંતુ જેઓ સમજુક મન તથા હૃદયવાળાં હોય તેઓને માટે તો આના કરતાં પણ એક વધારે ત્રાસજનક દૃશ્ય છે, અને તે તો જે માણસ ડૂબી જવાની શરૂઆત જ કરે છે તેનું દૃશ્ય છે. પીતરના જે અનુભવ વિષે આપણે હમણાં વાંચી ગયાં છીએ એ તો મનુષ્ય-જીવનના દૃષ્ટાંતરૂપ છે, અને તેમાંનું શિક્ષણ આપણે પોતાના જીવનમાં ઉતારી લેવાની અનિવાર્ય અગત્ય છે.

"પ્રભુ, એ જો તું હોય તો મને આજ્ઞા આપ કે હું પાણી પર ચાલીને તારી પાસે આવું." આ ચિત્ર કેટલા બધા કૌશલ્ય વડે આલેખવામાં આવ્યું છે! એક નાનકડી હોડી દરિયાના ભારે તોફાનમાં સપડાએલી માલૂમ પડે છે. બાર માણસ હલેસાં મારે છે. તેઓ તોફાનની સાથેના ઝગડામાં ઊતરેલા છે, અને

આખી રાત ઘર જેવડાં ઊંચાં મોજાંની સામે લડી રહેલા છે. પાણીની ઊડતી છોળ તેઓનાં મોંમાં ચાબૂકની માફક ફટકા મારે છે. તેઓનાં લૂગડાં પલળી ગયાં છે, તેઓ ટાઢમાં ઠરી જાય છે, અને તેઓના શરીર તથા આત્માને મોતના ક્રૂર સપાટા લાગે છે. આ બધું હોવા છતાં તેઓ આગળ વધતા નથી. સવારના ત્રણ વાગ્યા છે. તેઓ નીકળ્યા હતા ત્યારે બહુ દૂર જવાનું નહોતું; પરંતુ જો કે તેઓએ આખી રાત હલેસાં માર્યાં છે તોપણ તેઓ થોડી જ પ્રગતિ કરી શક્યા છે. દિવસ હોય તો જે કિનારેથી તેઓ નીકળ્યા હતા તેને તેઓ હજી જોઇ શકે; પરંતુ અત્યારે ઘોર અંધકાર હોવાથી, તેઓ તે કિનારાને—અથવા પૃથ્વી પરના બીજા કોઈ પણ કિનારાને—ફરી જોઈ શકે એવો સંભવ બહુ ઓછો છે. હમણાં તો સરોવરનું તળીઉં એજ તેમની કબર થશે એમ લાગે છે.

એકાએક ઈસુ તેઓની પાસે આવે છે; પરંતુ તેઓ તેને ઓળખી શકતા નથી. તેને જોવાથી તેઓ વિશેષ ભયભીત થાય છે. તે ભૂત છે એમ તેઓ સમજે છે, અને બીકને કારણે તેઓ બૂમ પાડે છે. અહીં આગળ હું એક વાત કહેવાને માટે થોભવાની રજા લઉં છું. શિષ્યોને જે અનુભવ થયો હતો તેજ અનુભવ ઘણીવાર આપણને પણ થાય છે, તેથી તેને ઓળખતાં આપણને મુશ્કેલી લાગે છે. એવી રીતે ઈસુ વારંવાર આપણી પાસે આવે છે, અરે, તેનો આવકાર કરવાને બદલે આપણને દહેશત લાગે એવી રીતે તે આવે છે. દાખલા તરીકે, જે વાનાં આપણે છોડવા માગતાં નથી તે તે વારંવાર આપણી પાસે પડતાં મુકાવવા માગે છે; જે સેવા આપણે કરવા રાજી નથી તે તે આપણી પાસે કરાવવા માગે છે. કોઈ વાર તે મોટી નિરાશાનું રૂપ ધારણ કરીને આપણી પાસે આવે છે, ત્યારે આપણું હૃદય ભંગિત થાય છે અને આપણાં મોં આંસુથી પલળી જાય છે.

પરંતુ ઈસુ તેઓની બીક મટાડે છે. તે એમ કહે છે, કે "એ તો હું છું, બીહો મા." વળી આ પવિત્ર શાસ્ત્રનો મોટો ભાગ બીકણ લોકોને માટે લખાએલો હોય એવું લાગે છે. "બીહો મા" આ શબ્દો પવિત્ર શાસ્ત્રમાં કેટલીવાર લખવામાં આવ્યા હશે તે હું જાણતો નથી, પણ તે ઘણી જ વાર લખવામાં આવ્યા હશે. પવિત્ર શાસ્ત્રના દરેક ભાગમાં જુદા જુદા શબ્દોમાં આ સમાચાર વાંચવામાં આવે છે, કે "બી મા, કેમકે હું તારી સાથે છું; આમતેમ જોઈશ મા, કેમકે હું તારો દેવ છું" (યશાયાહ ૪૧; ૧૦). પવિત્ર શાસ્ત્ર એમ જ માને છે કે આપણને બીક લાગવી જોઈએ. જો આપણને બીક નથી લાગતી તો ઈશ્વર આપણા પર દયા કરો! આપણે જેવાં છીએ તેવાં આપણે પોતાના ઉત્પન્નકર્તાની પાસે જવા તૈયાર થઈએ એટલી હદે જો આપણને પોતા વિષેનો સંતોષ હોય તો ફરીથી હું કહું છું કે ઈશ્વર આપણા પર દયા કરો!

માણસોની સાથે જ્યાં સુધી આપણું કામ હોય ત્યાં સુધી બેપરવાઈ ચાલે તો ચાલે, પરંતુ જેણે આપણને ઉત્પન્ન કર્યાં છે તેની દૃષ્ટિ સમક્ષ આપણે સર્વે નગ્ન છીએ. ખરૂં જોતાં આપણ બધાંને બીક લાગે છે. આપણને બીક લાગે છે તે આપણે સારીપેઠે જાણીએ છીએ. ખરી સ્થિતિ આ છે! પરંતુ પ્રેમ બીકને હાંકી કાઢે છે અને જ્યારે શિષ્યોએ પ્રભુની વાણી ઓળખી ત્યારે બીકને હાંકી કાઢવામાં આવી, અને તેને બદલે એક શિષ્યના હૃદયમાં તો મહિમાવંત તથા જયવંત વિશ્વાસ ઉત્પન્ન થયો.

"પ્રભુ, એ જો તું હોય, તો મને આજ્ઞા આપ કે હું પાણી પર ચાલીને તારી પાસે આવું" એમ પીતરે બૂમ પાડી. ખ્રિસ્તની હાજરીની અસર પીતર પર આવી થઈ, અને ખ્રિસ્તની હાજરીની અસર આપણા પર પણ એવી જ થવી જોઈએ. વળી જેઓ તેને ખરી રીતે ઓળખે છે તે સર્વમાં ખ્રિસ્ત આવો જ વિશ્વાસ ઉપજાવે છે. આવા વિશ્વાસથી તેને ખરો આનંદ થાય છે. કોઈ પણ બાબતની પરવા કર્યા સિવાય આપણે તેના પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે તેને વિશેષ આનંદ થાય છે. ભીડમાં લોહીવાવાળી સ્ત્રીએ એના લૂગડાની કોરને અડકવાના પ્રયત્ન કર્યા હતા એ પ્રસંગે આપણે હાજર નહોતાં એ બહુ જ સારૂં થયું; જો આપણે હાજર હોત તો આપણે તેને અટકાવવાનો પ્રયત્ન કર્યો હોત! પરંતુ સારૂં થયું કે આપણે તેને નિરાશ કરવાને માટે હાજર નહોતાં, કેમકે કોઈ પણ બાબતની પરવા કર્યા સિવાય તે તેની પાસે જઈ પહોંચી અને તેના ગાંડપણના પરિણામે તે સાજી થઈ!

"પ્રભુ, મને આજ્ઞા આપ કે હું પાણી પર ચાલીને તારી પાસે આવું" એમ પીતરે કહ્યું, ત્યારે ઈસુએ શું કહ્યું? શું તેણે એમ કહ્યું, કે "પીતર, તું મૂર્ખાઈ કરવાનું રહેવા દે? શું તું નથી જાણતો કે ગુરુત્વાકર્ષણનો નિયમ તારી વિરૂદ્ધ છે?" નહિ, તેણે પોતાના સઘળા દિવસોમાં આવું કદી જ કહ્યું નથી. તેણે તો ઘણીવાર આથી વિપરીત વાત કહી હતી. તે વારંવાર કહેતો હતો, કે જે વિશ્વાસ કરે છે તેને માટે સઘળું શક્ય છે. વિશ્વાસ કરનારાંને માટે સઘળું શક્ય થાય એવું તે કરે છે. એજ તેનું કામ છે. સ્વાર્થી માણસને પોતા પર જેટલો પ્રેમ હોય તેટલો પોતાના પડોશી પર કરવાનું તે કહે છે. તે પક્ષાઘાતીઓને ઊઠીને ચાલવાનું કહે છે, બહેરાંને સાંભળવાનું કહે છે અને આંધળાંને જોવાનું કહે છે. વળી એ બધું કરવાની શક્તિ તે તેઓને આપવા તત્પર રહે છે. ના રે ના! પીતરને ઠપકો આપવાને બદલે ઈસુએ તેને ઉત્તેજન આપ્યું. તેણે તેને કહ્યું, કે 'આવ.' પીતરની જગાએ આપણે હોત તો તે આ કરતાં વધારે કહેશે એવી આપણે આશા રાખત. ઉછળતા પાણીમાં પગ મૂકયા પહેલાં આ કામ કેવી રીતે બનવાનું છે તે વિષે આપણે તેની પાસે વિગતવાર ખુલાસો માગત; પરંતુ તેણે

એટલું જ કહ્યું, કે 'આવ.' અને એટલુંજ પીતરને માટે બસ હતું. ઈસુનો શબ્દ સાંભળતાંની સાથે પીતર હોડીમાંથી નીકળવા લાગ્યો.

વળી પીતરનું કૃત્ય શું તદ્દન ગાંડું હતું! દરિયામાં ડૂબી જવાથી પોતાનો બચાવ કરવાને માટે બીજા શિષ્યો શાના પર આધાર રાખતા હતા? એક બે પાટીઆં પર. બસ! પરંતુ જ્યારે પીતર એ હોડી પરથી ઊતર્યો ત્યારે તે સીધો ઈશ્વરના ભુજમાં પડયો. સઘળા દરિયાને જે પોતાની મુઠ્ઠીમાં રાખે છે, જેના પરાક્રમે હરેક સૂર્યને પ્રકાશિત કર્યો છે અને હરેક દુનિયાને તેને ઠેકાણે નાખી છે તેના સર્વકાળના ભુજ પીતરની નીચે અને તેની આસપાસ રાખેલા હતા. એ ભુજ જો પહેલા ભાંગી જાય તોજ પીતર ડૂબી જાય. એ ઘડીએ તો પીતર જેટલો સલામત હતો તેટલો સલામત તે પોતાની આખી ઉંમરમાં કદી હતો જ નહિ.

"પવન દેખીને તે બીધો ને ડૂબવા લાગ્યો , તેથી તેણે બૂમ પાડી, કે ઓ પ્રભુ, મને બચાવ." પીતર કેટલે દૂર સુધી ચાલી શક્યો તે હું જાણુતો નથી. તેની મને કશી પરવા નથી. પહેલા જ પગલે તે ગળા સુધી ડૂબી ગયો હોય તોપણ મને પરવા નથી. એ પહેલું જ પગલું ભરવાને તેની હિંમત ચાલી એટલા જ કારણથી તે મને શૂરવીર લાગે છે. પરંતુ તે શા કારણથી ડૂબવા લાગ્યો એ મારે જાણવાની બહુ જ જરૂર છે; કેમકે એક વાત વિષે મને પૂરી ખાતરી છે, એટલે કે આ બાબતની સાથે ગુરુત્વાકર્ષણના નિયમને કંઈ લેવાદેવા હતી જ નહિ. માત્ર ગુરુત્વાકર્ષણના નિયમનો કર્તા તો શું, પણ દરેક કુદરતી તથા નીતિવિષયક નિયમનો કર્તા ત્યાં આગળ ઊભેલો હતો, અને પીતરનું કામ પાર પાડવા બંધાએલો હતો. માટે પીતરને શું થયું એ હું જાણવા માગું છું. "પવન સામો જોઈને તે બીધો." આનો અર્થ એટલો જ થાય છે કે તેણે ખ્રિસ્ત પરથી પોતાની નજર ઉઠાવી. પવન સામો તો હતો જ! તે આખી રાત સામો હતો! વળી તે પહેલાંના કરતાં વધારે જોરથી વાવા લાગ્યો હોય એવું કંઈ જ દેખાતું નથી! પરંતુ પીતર હોડીમાંથી ઊતરવા લાગ્યો ત્યારે તે ખ્રિસ્તને તાકીને જોતો હતો. બીજી કશી વાત તેના ધ્યાનમાં હતી જ નહિ. પણ ખ્રિસ્તના કરતાં પવન જ્યારે તેને વધારે વાસ્તવિક લાગ્યો ત્યારે તે ડૂબવા લાગ્યો. મારા જુવાન મિત્રો, જ્યારે ખ્રિસ્તના કરતાં આપણને ગમે તે કોઈ બીજી બાબત વધારે વાસ્તવિક લાગશે ત્યારે આપણે પણ ડૂબવા લાગીશું.

પીતર સંબંધી દુ:ખદાયક બાબત એ નહોતી કે તે ડૂબી જતો હતો. એ તો સ્વાભાવિક હતું. દુ:ખની બાબત એ હતી કે તે ખ્રિસ્તની હજૂરમાં ડૂબી જતો હતો. તે જે રસ્તા પર ચાલતો હતો તે પર ચાલવાની ખ્રિસ્તે તેને પરવાનગી આપી હતી એટલું જ નહિ, પણ તેને હુકમ પણ આપ્યો હતો. કેટલાએક માર્ગો

એવા છે કે તેની મના ઇશ્વરે માણસનાં દરેક પુત્રને કરી છે. એવા રસ્તા પર ઇશ્વરે "અહીં થઈને જવું નહિ" એવી જાહેર ખબર મોટા અક્ષરે લખી છે. અને આ સૃષ્ટિ ન્યાયી સૃષ્ટિ છે, અને તેની પાછળ એક ન્યાયી ઈશ્વર છે, તે કારણથી જેટલા તે રસ્તા પર ચાલવા લાગે છે તે તરત જ ડૂબી જવા લાગે છે. ગમે તેવા અનુકૂળ સંજોગોમાં પણ માણસ નાપસંદ થઈ શકે છે. ખ્રિસ્ત પરથી નજર ઉઠાવી લેવામાં આવે તો તરત જ જીવન પર અનાત્મિક સંબંધોની અસર થવા લાગે છે, અને જીવન ઊતરતી સપાટીએ આવી જાય છે. યુવાવસ્થામાં માણસ ખોટે રસ્તે ચઢી જાય એ તો સમજાય એવું છે; પરંતુ યુવાવસ્થામાં નહિ, પણ વરસોના શિષ્યપણા તથા સેવા પછી જેઓ ડૂબી જવા લાગે છે એવાં માણસો પણ દરેક મંડળીમાં મળે છે.

હવે મારા ધારવા પ્રમાણે પીતર હોડીમાંથી નીકળી ગયો ત્યાર પછી તેનું શું થાય છે એ ઘણું કરીને બાકીના શિષ્યો જાણતા નહોતા. "ઓ પ્રભુ, મને બચાવ" એ તેની બૂમ તેઓએ સાંભળી ત્યારે જ કંઈક હરકત છે એમ તેઓને ભાસ્યું હશે. પીતર ડૂબવા લાગ્યો, ત્યારે તે વિષે તેઓ અજાણ હતા. સવારના ત્રણ વાગ્યા હતા, ઘોર અંધકાર હતો, અને જો તેઓ પ્રભુને ઓળખી ન શક્યા તો મોજાંના ગોટાળા મધ્યે પીતરનું શું થાય છે એ તેઓ જોઈ શક્યા હોય એ ઘણું અસંભવિત છે. તેથી મને એમ લાગે છે કે જ્યારે પીતર ડૂબવા લાગ્યો ત્યારે તે જોનાર બે જ વ્યક્તિ હતી, એટલે પોતે તથા ખ્રિસ્ત. એવા ઘણા જુવાનો છે. તેઓ ડૂબવા લાગે છે, છતાં હજી ઘરમાં કોઈને ખબર પડતી નથી. બાપ જાણતો નથી, મા જાણતી નથી, ઘરમાંનું કોઈ જ જાણતું નથી, અને તેમને કહેવામાં આવે તો માને પણ નહિ. માણસ ડૂબી ગયો છે ત્યારે તો તે વાત ગુપ્ત રાખી શકાય જ નહિ. જગત જાણે છે! છેવટે આકાશમાંનાં અથવા નરકમાંનાં પણ વાનાં વિષે "ઉઘાડું નહિ કરાશે એવું કંઈ ઢાંકેલું નથી, ને પ્રગટ નહિ થશે એવું કંઈ ગુપ્ત નથી." પરંતુ માણસ ડૂબવાની શરૂઆત કરે છે ત્યારે તો એ વાત એકલા તેની તથા ઈશ્વરની વચ્ચે ગુપ્ત હોય એ બનવાજોગ છે. શું તમારામાંના કોઈની સ્થિતિ આવી હશે?

પીતર તેની નિષ્ફળતામાં પણ આપણે માટે નમૂનારૂપ છે. તે નિષ્ફળ જાય છે, ત્યારે તે સીધું બોલે છે. જ્યારે તેને એમ લાગ્યું કે હું ડૂબી જાઉં છું ત્યારે તેણે દોષનિવારક ભાષણ કર્યું નહિ. એમ કરવાનું મન હોત તોપણ તેને માટે વખત નહોતો. પણ પીતરનો સ્વભાવ જ એવો હતો. તે જે બોલ્યો તે ટૂંકામાં બોલ્યો; જેટલું બોલવાની જરૂર હતી તેટલું જ તે બોલ્યો: "પ્રભુ, મને બચાવ." અણીના વખતમાં માણસો સરળ ભાષા વાપરે છે. જ્યારે આપણને પાપના બોજની લાગણી નથી અને પોતાની

ગરજનું કશું ભાન નથી ત્યારે તો આપણે ઈશ્વરની આગળ થોકબંધ વિનંતીઓ કરી શકીએ છીએ. આત્મિક રીતે આપણે ઊંઘીએ છીએ, ત્યારે ચોપડીની માફક આપણે બોલી શકીએ છીએ, પણ જ્યારે આપણને પાપની ખરી લાગણી થાય છે અને પ્રભુની તરવાર આપણા હૃદયને વીંધી નાખે છે ત્યારે તો આપણી ભાષા સરળ થાય છે. "પ્રભુ, હું નાશ પામું છું, મને બચાવ" એટલું જ આપણે બોલીએ છીએ; અને આપણું એટલું જ બોલવું પ્રભુને પૂરતું લાગે છે. "પ્રભુ, મને બચાવ." કેટલી બધી સરળતા!

જો માણસ માણસ હોય તો તેને જેટલાં કામો કરવાં પડે તે બધાં કરતાં પોતાની નિષ્ફળતા કબૂલ કરવી એ વધારે બહાદુરી ભરેલું છે. આત્મિક બાબતમાં નિષ્ફળતાની કબૂલાત કરવી એ અગત્યની કબૂલાત છે, અને તે પર ઈશ્વર ધ્યાન આપ્યા વિના રહેતો નથી. જે માણસને પોતાની અગત્ય દેખાતી નથી તે માણસને માટે ઈશ્વર પોતે પણ કશું કરી શકે નહિ; પરંતુ જ્યાં અગત્યની લાગણી છે ત્યાં ઈશ્વરનો જવાબ તરતાતરત મળે છે. "પ્રભુ, મને બચાવ" એમ પીતરે કહ્યું, અને "ઈસુએ લાગલો હાથ લાંબો કરીને તેને પકડી લીધો." આપણે સુવાર્તા પ્રગટ કરવા જઈએ ત્યારે આજ આપણો સંદેશો હોય; કેમકે આ સરળ શબ્દોમાં પાપનિવારણનો આખો સાર સમાએલો છે.

"જાઓ માન ને ધન સંસારી, આવો નિંદા, આફત, દુઃખ;
ખ્રિસ્તસેવામાં લાભ છે ખરો, તેનામાં જ હું પામું સુખ.
"આબ્બા, બાપ," મેં તને કહ્યો, તુજ પર જીવની આશા છે;
તોફાન છૂટે, વાદળાં ગાજે, સહુથી મારૂં હિત થાશે."

૨૯. મેરેઝનો શાપ

"હજી મારામાં શું અધૂરૂં છે?" (માથ્થી ૧૯; ૨૦).

અહીં આગળ જે માણુસ વિષે વાંચવામાં આવે છે તેને ધાર્મિક માણુસ કહી શકાય. તે આતુરતાથી ન્યાયીપણાની શોધ કરતો હતો, અને તેનામાં એટલાં બધાં સુલક્ષણો દેખાતાં હતાં કે તેના તરફ આપણો પ્રભુ આકર્ષાયો હતો. પરદેશમાં સ્વદેશનો માણુસ મળવાથી જેવો આનંદ થાય તેવો જ આનંદ આ પ્રસંગે આપણા પ્રભુને થયો હતો. આપણો પ્રભુ જ્યાંથી આવ્યો હતો ત્યાંની વાતોમાં આ માણુસ રસ લે એવો હતો. ફરોશીઓ યહુદી હોવા છતાં, આપણા પ્રભુને પરદેશી જેવા લાગ્યા હશે. તેમનું ધ્યાન આજ દુનિયાની બાબતો પર રહેતું હતું. આ જુવાનને એટલું તો ભાન થયું હતું કે પરદુનિયા છે, અને તે વિષે વધુ જાણવામાં આવે તો સારૂં; પરંતુ તેને એ કેવળ જિજ્ઞાસા હતી એમ તો નહિ. મારા પોતાના જીવનમાં કંઈક અધૂરાપણું છે એવું તેને ભાન થયું હતું. ઘણાં વરસો સુધી તેણે સારી રીતે જીવવાના યત્નો કર્યા હતા, આશા રાખી હતી, પ્રાર્થનાઓ કરી હતી, અને વિશ્વાસ રાખ્યો હતો; છતાં તેને પોતાને સંતોષ થયો નહોતો. તે જાણતો હતો કે મને જે અનુભવ થવો જોઈએ તે હજુ થયો નથી. આ મુંઝવણ લઈને તે આપણા પ્રભુની પાસે આવ્યો, અને આ તેનો આગ્રહપૂર્વક પ્રશ્ન હતો: "હજી મારામાં શું અધૂરૂં છે?"

હવે પોતામાં કંઈક અધૂરૂં છે એવું જાણુનાર માણુસ વિષે સારી આશા રાખી શકાય. જે માણસો આપણુને મળે છે તેઓમાંના ઘણાખરાને પોતાના અધૂરાપણાની બહુ લાગણી હોય એમ દેખાતું નથી. મંડળીનું કામ વિશેષ મુશ્કેલ બનવાનું કારણ તેજ છે. બીજી ગરજો બહુએ દેખાય છે, પણ આત્મિક ગરજો માણસોને બહુ દેખાતી નથી; દેખાય છે ત્યાં આગળ તારણનું કામ અર્ધું થઈ ગયું છે એમ સમજવું. આપણા પ્રભુના સંકાળિકોને ગરજો દેખાતી હતી ખરી, પણ ઘણીખરી તો તે રાજ્યવિષયક ગરજો હતી. રોમન સત્તાને તોડી પાડવામાં તે તેમનો અગ્રેસર થયો હોત તો તેઓ ખુશીથી તેની પાછળ જાત; પરંતુ તેના વિચારો જુદા છે અને અમારા વિચારો જુદા છે, એવું તેમને માલૂમ પડ્યું ત્યારે તો તેઓએ વહેલી તકે તેને તરછોડી દીધો.

મંડળીમાં શું અધૂરૂં છે? જે આશીર્વાદો આપવાનું વચન સુવાર્તા આપે છે તેનો અનુભવ મંડળી કરતી નથી એમ કહેવું એ સાચું છે. સુવાર્તાની અસરને લીધે માણસો જેવાં થઈ જવાં જોઈએ તેવાં આપણે તો નથી થયાં એ

ચોક્કસ વાત છે; જે અનુભવો પ્રથમ ખ્રિસ્તીઓને થતા હતા તે આપણાથી વેગળા રહે છે, એ નિર્વિવાદ છે. ખ્રિસ્તી ધર્મ ઘણાખરા ખ્રિસ્તીઓને માટે આટલું જ કરે છે એ તો આપણા જમાનામાં નર્યા ઉખાણા જેવી જ બાબત છે. એક વિદ્વાન માણસ હતો. પોતાનો દીકરો વિદ્યામાં આગળ વધે અને તેને જગતના જ્ઞાનીઓમાં લેખવામાં આવે એવી તેને બહુ જ ઇચ્છા હતી. આ હેતુને માટે તેણે પોતાના દીકરાને ઊંચામાં ઊંચી કેળવણી આપવાના પ્રયત્ન કર્યા, પણ પરિણામે કરેલું બધું ખરચ નકામું ગયું. બિચારા છોકરામાં અક્કલનો છાંટોય નહોતો. તો આપણને જોઈને ઈશ્વરને કેટલો બધો ત્રાસ થતો હશે! આપણને આગળ વધારવાને માટે તે કેટલી હદે ગયો! છતાં ગલગથાના પરિણામે આપણે આવાં નીવડ્યાં! દુનિયામાં આપણે આટલી જ અસર કરી શકયાં છીએ!

હવે ખ્રિસ્તનો હકદાવો એ હતો કે જેમ વરાળ અને વિદ્યુત સ્થૂળ દુનિયાનું રૂપાંતર કરે છે, તેમજ તેની સુવાર્તાએ આત્મિક દુનિયાનું રૂપાંતર કરવું જોઈએ. તેણે પોતાના લોકોને અમુક પરાક્રમ આપવાનું વચન કહ્યું હતું. એ પરાક્રમ વડે જે અશકય જેવું તે સહેલું થવું જોઈએ, અને જે વાનાં તારાઓ જેટલાં દૂ: તે દરેકની પાસે આવવાં જોઈએ. વળી આ પરાક્રમ વાસ્તવિક તો છે : આપણી આજુબાજુનાં જીવનોમાં આપણે તે જોયું છે; ફક્ત કેટલાંએક જીવનોમ તે નથી દેખાતું. પ્રાણી તરીકે આપણે બહુ જ આગળ વધેલાં છીએ એ ખરૂ પણ ખ્રિસ્તી તરીકે આપણે હજી બહુ પછાત છીએ.

અસલના માણસો વિષે આપણે વાંચીએ છીએ ત્યારે તેઓ ઉપર આપણને દયા આવે છે. તેમનું જીવન કેટલું બધું ગ્લાનિભર્યું હતું! તેઓ ટાઢે ધ્રૂજત હતાં, તાપે હેરાન થતાં હતાં, ભૂખે તથા રોગે મરી જતાં હતાં; બધી રી: તેઓ લાચાર હતાં: છતાં કુદરતે તો તેમની બધી જ જરૂરિયાતો પૂરી પાડવાન વ્યવસ્થા કરેલી હતી; માત્ર તેઓ જાણતાં નહોતાં, અને તેથી પૂરાં પાડેલ સાધનોનો ઉપયોગ કરી શકતાં નહોતાં. વહાલાંઓ, આત્મિક બાબતોમાં અ લોકોના કરતાં આપણી સ્થિતિ શું સારી છે? આપણુ સર્વની ગરજો પૂરી પ: એટલાં સાધનો ઈશ્વરે ખ્રિસ્તમાં પૂરાં પાડ્યાં છે. છતાં આપણી આ દશા ખ્રિસ્તમાં પૂરતું બળ છે! ખ્રિસ્તમાં પૂરતી કૃપા છે! છતાં આપણે તે વાપરત નથી. જે પરાક્રમે કરીને મરણનો ડંખ અને કબરનો જય ખૂંચવી લેવામ આવ્યો છે તે આપણને આપવામાં આવ્યા છતાં આપણે દુનિયામાં આટલું ज કરી શકયાં છીએ! હજુ આપણામાં શું અધૂરૂં છે?

જે રોગને માટે રસી મૂકવામાં આવી હોય તે રોગ આપણને થવાનો સંભ નથી. મને લાગે છે કે આપણામાંનાં ઘણાંખરાંને માત્ર ખ્રિસ્તી ધર્મની રસ

મૂકવામાં આવી છે, તેથી હવે આપણા ઉપર ધર્મની બહુ અસર થશે કે કેમ તે કોણ જાણે! આપણે એક રીતે ખ્રિસ્તના પક્ષનાં છીએ. સાચી વાત. બહુ બહુ તસ્દી લેવાની મરજી નથી, પણ આપણી સગવડની આડે કશું આવવાનું ન હોય તો થોડી મદદ પણ કરીએ ખરાં. સાચી વાત. પણ જે ખરો વિશ્વાસ ચારિત્રનું બદલાણ કરે છે અને જગતને જીતી લે છે તેનો જુસ્સો ક્યાં? ઉમંગ ક્યાં? સ્વત્યાગ કરવાની આતુરતા ક્યાં? પ્રથમ ખ્રિસ્તીઓ આપણા જેવાં હોત તો અત્યારે દુનિયામાં ખ્રિસ્તી ધર્મના જેવી કોઈ વસ્તુ હોત નહિ.

ખ્રિસ્તને વધસ્તંભે જડવામાં આવ્યો તે દહાડે ત્રણ જાતના પ્રેક્ષકો હતા: મારી નાખનાર પક્ષ તે તો તેને ધિક્કારતો હતો. આ પક્ષના માણસો એમ સમજતા હતા કે આ માણસ જીવતો રહેશે ત્યાં સુધી આપણે શાંતિથી પાપ કરી શકીશું નહિ; આ માણસની જીભ તો શું પણ તેની હાજરી જ અમને ઠપકો આપે છે. બીજી જાતના પ્રેક્ષકોને એમ લાગતું હતું કે પેલા લાકડાની સાથે અમારી આશાઓ જડેલી છે; તે માણસની હાજરી વિના અમારે હવે જીવવું કેવી રીતે? પણ ત્રીજી જાતના પ્રેક્ષકો પણ હતા. આ લોકોને કોઈ પણ જાતની લાગણી નહોતી. તેઓ તમાશો જોવાને બહાર નીકળ્યા અને તે પૂરો થયે તરત પાછા બજારમાં દોડ્યા! આપણે શું? રોમથી કંઈક નવાજૂની આવી હોય તો તે, અને તે નહિ તો ખુલ્લા બજારમાં કોઈ વસ્તુના ભાવમાં ફેરફાર થઈ ગયો હોય તો તે, તેમને હજાર દરજ્જે વિશેષ મહત્ત્વનાં લાગતાં હતાં. ખ્રિસ્ત તો એમજ ઇચ્છે છે કે આ પક્ષના કરતાં આપણે પહેલા બે પક્ષમાંથી ગમે તે પક્ષમાં ભળીએ તો સારું: "તારાં કામ હું જાણું છું. તું ટાઢો નથી, તેમ ઊનો પણ નથી; તું ટાઢો અથવા ઊનો થાય એમ હું ચાહું છું; પણ તું હુંફાળો છે, માટે હું તને મારા મોંમાંથી થૂંકી નાખીશ."

જો આપણી આવી દશા હોય તો તે કેવી રીતે સુધરે? પ્રથમ, આપણે પોતાને આ સવાલ પૂછીએ: આપણે ખ્રિસ્તને આપણામાં હજી સુધી પોતાનું કામ કરવાની તક આપી છે કે કેમ? "નવા કરાર"માં જે લોકો વિષે આપણે વાંચીએ છીએ તે મિત્રો હોય કે દુશ્મન હોય તોપણ બધા જ માનતા હતા કે ઈસુ ખ્રિસ્તમાં અજોડ પરાક્રમ છે. તેની પાસે તેઓ ગમે તે માગણી કરે તોપણ તેમને કદી ન લાગે કે આ તો અમે મૂર્ખાઈ કરીએ છીએ. મારા દીકરાને અસાધ્ય રોગ છે, તેને સાજો કર; મારી દીકરી મરી ગઈ છે, તેને ઉઠાડ—આવી આવી માગણીઓ તેની પાસે કરવામાં આવતી. આવી આવી માગણીઓ લઈને લોકો કંઈ આનાસ તથા કાયાફાસની પાસે જતા નહોતા, પણ ખ્રિસ્તની પાસે ગમે તે જરૂરિયાત લઈને જવું એ એક સાધારણ બાબત થઈ ગઈ હતી. ગમે તે સ્થિતિ થાય તોપણ જેટલા તેને ઓળખતા હતા તેટલાના મનમાં એમજ આવે, કે ચાલો ઈસુની પાસે. ત્યારે આપણે તો છેલ્લામાં છેલ્લા તેની પાસે

જઈએ છીએ! આપણને જોઈને ખ્રિસ્તી ધર્મ નકામો છે એવી અસર બીજાઓ પર થતી હોય તો નવાઈ શી? જ્યારે ખ્રિસ્ત આપણને અસાધારણ લોકો બનાવવા ઇચ્છે છે, ત્યારે સાધારણજ રહેવામાં આપણે સંતોષ માનીએ છીએ. ખ્રિસ્તને તમારા જીવનમાં કામ કરવા દો તો સુવાર્તામાં જેટલું વર્ણવ્યું છે તે બધુંજ તમારા અનુભવમાં પણ આવે એમ છે.

ધાર્મિકતા એટલે શું, એ જાણવાની જરૂર છે. ઘણા ધાર્મિક ગણાતા માણસો કેવળ આત્મિક રીતે સ્વાર્થી છે. ગમે તે બાબત સંબંધી માણસ સ્વાર્થી બની શકે છે; હા, પોતાના આત્મા સંબંધી પણ માણસ સ્વાર્થી બની શકે છે, અને તેમ થાય તો સ્વાર્થનોજ બદલો તેને મળશે. નાઝારેથના ઘરમાં ઈસુ નહિ પણ યાકૂબ ધાર્મિકોમાં ખપતો હતો. હેગેસિપ્પસ જણાવે છે કે બહુ બહુ પ્રાર્થનાઓ કરવાને લીધે આ માણસના ઘૂંટણ તો ઊંટના પગ જેટલા કઠણ થઈ ગયા હતા. ઈસુ વિષે મેં નથી વાંચ્યું કે તે ધાર્મિક હતો. આપણે તે શબ્દ ઈસુ વિષે ન વાપરીએ એ સ્વાભાવિક છે, પણ તે વખતેય કોઈ નહોતું વાપરતું. એ શબ્દ બંધબેસતો નથી એમ સૌને લાગતું. ઈસુ ભલો હતો એમ મેં વાંચ્યું છે, અને તે કારણથી માણસોની તેમજ ઈશ્વરની પ્રશંસા તેણે મેળવી હતી. પણ ધાર્મિક હોવાની તેની કીર્તિ પાસેનાં ગામોમાં પણ ફેલાઈ નહોતી. ખરૂં પૂછો તો ઈશ્વર કેવો છે તે આ લોકો જાણતા નહોતા; પણ ઈશ્વર વિષે તેનું જે શિક્ષણ હતું તેને અનુસરતું તેનું જીવન હતું, તે જોઈને ઈશ્વર કેવો છે, એ પેલાં માણસો જાણી શકયાં.

ઈસુ ઈશ્વરના જેવો હતો. ઈસુના જેવું થવું એ ખ્રિસ્તી જીવનનું ધ્યેય છે. પાઊલ કહે છે કે આપણે ખ્રિસ્તનું શરીર છીએ, અને શરીર તો હૃદય, મન તથા ઇચ્છા દર્શાવવાનું સાધન છે. આપણાં જીવન ખ્રિસ્તનાં મન, ઇચ્છા તથા હૃદય દર્શાવે છે કે કેમ? ખ્રિસ્ત કહે છે કે ખરી રીતે તારણ પામેલા માણસને જોવો હોય તો જાખીને જુઓ. વળી તે એમ પણ જણાવે છે કે ન્યાયકાળે જે પ્રશ્નો પૂછવામાં આવશે તેમાંના કેટલાએક આપણને વિચિત્ર લાગશે. ડાબા હાથ પરના લોકો આબરૂદાર લોકો છે: તેમના હિસાબ ખરા છે; તેઓ કોઈને છેતરીને આવ્યા નથી; તેમના જીવન વિષે પણ વાંધો લેવામાં આવતો નથી; ફક્ત એટલુંજ કે જેને તેઓની મદદની જરૂર હતી એવા જગતમાં તેઓ રહ્યા હતા, છતાં બીજી બાબતોમાં લીન થવાથી તેઓ તે મદદ આપી શકયા નહોતા. આ કારણથી તેમને બહાર કાઢવામાં આવે છે.

યાબીનની સામે ઈસ્રાએલનું યુદ્ધ થયું ત્યારે ઈશ્વરે અજાયબ જેવી રીતે તેમનો બચાવ કર્યો. ઈસ્રાએલનાં સર્વ કુળોએ સંપ કર્યો અને ઈશ્વરે તેમને મદદ કરી, જેથી તેઓની સામે યાબીનના લોખંડના રથો કંઈ કરી શકયા નહિ.

પણ ઈસ્રાએલી નગરોમાં એક નગર એવું હતું, કે જેણે તે દિવસે કંઈ મહિમા મેળવ્યો નહિ. નીચાણમાં ઈસ્રાએલીઓ યુદ્ધમાં રોકાએલા હતા ત્યારે આ લોકો ઊંચાણમાં હતા, અને દરકાર રાખ્યા સિવાય પોતાનાં ઘેટાંબકરાં મધ્યે ઊભા રહીને જોયા કરતા હતા. આ કારણથી આ નગર વિષે પાછળથી કંઈ જાણવામાં આવ્યું નથી, અને તે સંબંધી આ એક જ યાદી છે: "મેરોઝને શાપ દો, તેની વસ્તીને સખત શાપ દો; કેમકે યહોવાહની મદદે, એટલે બળવાનની સામે યહોવાહની મદદે તેઓ આવ્યા નહિ" (ન્યા. ૫; ૨૩). મંડળી જોખમમાં હોય, અંદરથી સડો લાગ્યો હોય કે બહારથી તેના પર હુમલો કરવામાં આવતો હોય; અને "આપણે શું?" એમ કહીને આપણે બેસી રહીએ તો મેરોઝના કરતાં આપણે શું વધારે વખાણ પામવાનાં છીએ? શું મેરોઝના ધારા પ્રમાણે હજી જીવવાની આપણી મરજી છે? દાંતે લખે છે, કે આવા લોકોને નરક પણ થૂંકી નાખે છે!

દુનિયામાં એક જ વ્યક્તિ છે અને તે હું, એમ ધારીને જીવવાથી જે ભયંકર પરિણામ આવે છે તેવાં પરિણામ બીજા કોઈ પણ કારણથી આવતાં નથી. એમ ધારીને નાગો માણસ આંધળો બને છે, અને તેને એવી ભ્રમણા થાય છે કે દુનિયામાં મને રોકી શકે એવો કોઈ છે જ નહિ. એમ ધારીને જે ધાર્મિક તે ઢોંગી બને છે. ખ્રિસ્ત મારે માટે મરણ પામ્યો એ સાચી વાત, પણ હું પોતાનો જ વિચાર કરૂં તે ઘડીથી માંડીને ખ્રિસ્તનો વધસ્તંભ મારે માટે નિષ્ફળ જાય છે. બૌદ્ધ ધર્મના મહાયાન લોકોને આપણે પોતાના કરતાં છેક ઊતરતા દરજ્જાના ગણતા હોઈશું; પણ પ્રાર્થના કરતાં તેઓ શું માગે છે તે સાંભળો. દર રાત્રે આ લોકો માગે છે, કે "જો અમે સ્વર્ગ પામવાને યોગ્ય માલૂમ પડ્યા હોઈએ તોપણ તે અમને નહિ પણ કોઈએક થાકેલા આત્માને આપવામાં આવે. અમને તો જ્યાં સુધી જેને મદદની જરૂર હોય એવો એક પણ મનુષ્ય બાકી રહે, ત્યાં સુધી કામ કરવાને આ મુશ્કેલી ભરેલી દુનિયામાં ફરી ફરી અવતાર આપવામાં આવે." ખ્રિસ્તની સમક્ષ આ લોકોના ચંપલની વાધરી છોડવા પણ આપણે યોગ્ય છીએ કે કેમ, એ સવાલ છે.

"હજી મારામાં શું અધૂરૂં છે?" અરે! હજી સેવાની શરૂઆત જ કરી નથી, એટલામાં તું આવું પૂછે છે? ધર્મનું રહસ્ય તે સેવા છે. સ્વર્ગનું રહસ્ય તે પણ સેવા છે. જેમને સેવા કરવી ગમતી નથી તેમને સ્વર્ગ પણ ગમશે નહિ; કેમકે ત્યાં તેઓ સેવા કરતાં થાકતાં નથી, પણ રાતદિવસ પ્રભુના મંદિરમાં તેની સેવા કરે છે. વળી ખ્રિસ્ત આપણામાં જે કરવા માગે છે તે જો કરવા દઈએ તો પરિણામ એજ આવશે. સ્વાર્થ ભૂલી જાઓ. ઈશ્વર તેમજ માણસને માટે ખરચાવું, ખરચાવવું, એજ સત્ય ધર્મનું રહસ્ય છે; વળી

આપણામાં એજ અધૂરૂં છે. જો ખ્રિસ્ત પર આપણો ખરો વિશ્વાસ હોય ત
આખરે આજ રસ્તો લેવાની ફરજ પડશે. આપણા જીવનમાં તે આવ
પરિણામ લાવવા માગે છે. સવાલ એટલો જ છે કે આપણે તેને તેમ કરવ
દેવું છે કે કેમ? જો તેને તેમ કરવા દેવાની મરજી ન હોય; તો ઢોંગ કરવો મૂક
દઈએ, માણસના આત્મામાં ખ્રિસ્ત જે કામ કરી શકે છે તે કામના દાખલારૂ
હું નથી એવું આપણે પ્રામાણિકપણે કબૂલ કરીએ, અને ખ્રિસ્તને ચુંબન કરી
તેનું અપમાન કરવાનું તથા જગતને છેતરવાનું બંધ કરીએ.

૩૦. રૂપાંતર

"તેઓની આગળ તેનું રૂપાંતર થયું" (માર્ક ૯; ૨).

આ અજાયબ જેવી વાર્તા પહેલા ત્રણ સુવાર્તિકો લગભગ તે ને તેજ શબ્દમાં જણાવે છે. દશ્ય તથા અદશ્યની વચ્ચે અને માણસ તથા ઈશ્વરની વચ્ચે પ્રભુ ઈસુ ખ્રિસ્તનું મનુષ્યત્વ પૂલરૂપ હતું, અને અહીં આગળ તે વચલો પડદો બાજુએ ખેંચી લે છે, અને આંખે પૂર્વે જે જોયું નહોતું તેનું દર્શન તે પોતાના શિષ્યોને કરાવે છે. આ આશ્ચર્યકારક અનુભવ તેઓથી ભૂલી જવાય તેમ ન હતું, અને તેઓ ભૂલ્યા પણ નહિ એ તેમનાં લખાણો ઉપરથી જણાય છે. ચાળીસ વર્ષ પછી તેઓમાંનો એક આ અનુભવનું વર્ણન આ પ્રમાણે કરે છે: "કેમકે અમે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તનું સામર્થ્ય તથા તેના આગમનની વાત તમને જણાવી ત્યારે અમે ચતુરાઈથી કલ્પેલી કહાણીઓને અનુસર્યા નહોતા, પણ તેની મહાન પ્રભુતાને જોનારા હતા; કેમકે જ્યારે બહુ તેજસ્વી મહિમામાંથી તે સંબંધી એવી વાણી થઈ કે એ મારો વહાલો પુત્ર છે, એના પર હું બહુ પ્રસન્ન છું ત્યારે દેવબાપ તરફથી તે માન તથા મહિમા પામ્યો. જ્યારે અમે તેની સાથે પવિત્ર પહાડ પર હતા, ત્યારે અમે તે આકાશવાણી સાંભળી હતી" (૨ પીતર ૧; ૧૬–૧૮). બીજો વળી એમ લખે છે, કે "શબ્દ સદેહ થઈને આપણી મધ્યે વસ્યો (અને બાપના એકાકીજનિત દીકરાના મહિમા જેવો તેનો મહિમા અમે દીઠો); તે કૃપા તથા સત્યતાથી ભરપૂર હતો" (યોહાન ૧ ; ૧૪). તેઓ પોતાના ત્રાતાથી વિયોગી થયા અને તેમને દુ:ખ તથા સતાવણીનો કડવો અનુભવ થયો, તે સમયમાં આ બનાવ વિષેની યાદગીરી તેઓને નિત્ય દિલાસો તથા હિંમત આપતી હતી.

હવે આપણા પ્રભુનો વારંવાર પ્રાર્થના કરવાનો રિવાજ હતો. પિતાની સાથે તેને નિત્ય સંગત રાખવાની જરૂર હતી, અને એવે વખતે તે એકાંતમાં જઈને પિતાની પાસેથી કૃપા તથા બળ પ્રાપ્ત કરી લેતો હતો. જેમ તેણે ગેથસેમાને વાડીમાં કર્યું, તેમ અહીં આગળ તેણે સૌથી વહાલા ત્રણ શિષ્યોને પોતાની સાથે લીધા. તેમને જ લેવાનું કારણ ઘણું કરીને એજ હશે કે થનાર અનુભવ વડે બીજા નવને કશો લાભ થાય એમ હતું જ નહિ. દાખલા તરીકે, મુસા તથા એલીયાહની જોડે યહુદા ઈસ્કારીઓત જેવાને શું લાગેવળગે? તે તેમને કશું વેચાતું આપી શકે નહિ, તેમ તેઓની પાસેથી કશું વેચાતું લઈ શકે પણ નહિ; તેની નજરમાં તો કાઈસારની પ્રતિમાવાળો કોઈ સિક્કો હોય તો તે

આકાશના સઘળા ખજાના કરતાં પણ ઈષ્ટ હતો. બીજા શિષ્યો પણ અત્યાર સુધી આત્મિક બાબતો સમજવામાં મંદ માલૂમ પડયા હતા; વળી અહીં આગળ આ ખાસ રીતે પસંદ કરાએલા ત્રણ શિષ્યો પણ આપણને સ્તબ્ધ કરી દે છે. તેઓની દૃષ્ટિ સમક્ષ આ ચોંકાવનારો બનાવ બને છે ત્યારે પણ, જેમ ગેથસેમાને વાડીમાં થવાનું હતું તેમ, તેઓને ઊંઘ આવે છે. જેને ખ્રિસ્તને લીધે જરા પણ ચિંતા હોય તે પેલી વાડીમાં શી રીતે ઊંઘી શકે? તેમજ અહીં પણ રાજાઓ તથા પ્રબોધકો જે જોવા ચાહતા હતા છતાં તેઓએ જોયું નહિ એવું જ્યારે તેમના જોવામાં આવ્યું ત્યારે તેમને ઊંઘ આવી એ શી રીતે બન્યું હશે! વળી જયારે તેઓ છેવટે જાગૃત થયા ત્યારે તેમના શબ્દો પરથી જ તેમને કેટલી બધી ગેરસમજ થઈ હતી તે જણાય છે: "પીતર ઉત્તર આપીને ઈસુને કહે છે, કે રાબ્બી, અહીં રહેવું આપણે માટે સારૂં છે; તો અમે ત્રણ માંડવા બાંધીએ, એક તારે વાસ્તે, એક મુસાને વાસ્તે અને એક એલીયાહને વાસ્તે. કેમકે શું બોલવું એ તેને સૂઝયું નહિ, કેમકે તેઓ બહુ બીધા હતા" (માર્ક ૯; ૫, ૬). તેમને આનંદ થયો હતો, પણ તે સમજણ વિનાનો આનંદ હતો. આવું જોઈને કોને આનંદ ન થાય? આવો દેખાવ તેઓએ હજારોવાર કલ્પી લીધેલો હશે. મુસા, એલીયાહ તથા ખ્રિસ્ત—આ કેટલી બધી મહિમાવંત સભા કહેવાય! અને આવા બનાવના એકલા પ્રેક્ષક થવું એમાં કેટલો મોટો આશીર્વાદ સમાએલો હતો! આવો અનુભવ લંબાવવાની તેમને ઇચ્છા થઈ એમાં નવાઈ શી! તેમના મનની ગુંચવણને લીધે ત્રણ માંડવા બાંધીને ત્યાં ને ત્યાં જ રહેવું એ વિના બીજો વિચાર તેમને સૂઝયો નહિ, પરંતુ આવી વિનંતી કરવામાં તેમની બે ગંભીર ભૂલો માલૂમ પડે છે:—

(૧) અહીં આગળ પીતર પોતાનો જ વિચાર કરતો માલૂમ પડે છે. આ અનુભવ વડે તેને આનંદ થતો હતો એજ કારણથી તે અનુભવ કાયમ રહે એવી તેને ઇચ્છા થઈ હતી. ફરોશીઓની સાથે ઝઘડામાં ઊતરવા કરતાં, રોગ અને પીડાના દરરોજના દેખાવ જોવા કરતાં આ પહાડ પરની સંગત તેને વધારે આકર્ષક લાગી હતી. સ્વર્ગનો અનુભવ શરૂ થયો છે એમ તેને લાગ્યું હશે; તો પાર્થિવ ક્ષેત્રમાં શોક તથા પાપ અને સતાવણી તથા જોખમોનો અનુભવ કરવા માટે દર્શનના પહાડ પરથી શા માટે ઊતરી જવું જોઈએ? શરમ વગરનો મહિમા અને વધસ્તંભ વગરનો તાજ એજ પીતર માગતો હતો. પરંતુ અહીં આગળ આ બીના પરથી એવું શીખવાનું મળે છે, કે હરકોઈ ધાર્મિક અનુભવ સ્વાર્થી બને છે ત્યારે તે જોખમકારક પણ બને છે. જે ખ્રિસ્તી અનુભવમાંથી સેવા ઉદ્‌ભવતી ન હોય તે કશા જ કામનો નથી. જે પોતાના જીવનને ચાહે છે, હા, જે પોતાના આત્મિક જીવનને પણ ખોટી રીતે ચાહે છે તે તેને ખોશે, અને તે વળી વાજબી રીતે ખોશે.

(૨) પરંતુ આના જેવી જ બીજી ગંભીર ભૂલ પીતર કરતો હતો. તે ખ્રિસ્તની સાથે મુસા તથા એલીયાહને સમાન આસને બેસાડવા માગતો હતો. આ તો બીલકુલ ચાલે જ નહિ. મને ખાતરી છે કે મુસા તથા એલીયાહ ત્યાં હાજર ન હોત તો પીતરે આવી માગણી કરી ન હોત. હવે પીતર મુસા તથા એલીયાહને માન આપે એ વાજબી હતું; પોતાની માતાની પાસે તે જે શિક્ષણ પામ્યો હતો તે શિક્ષણ આ બે મહાન વ્યક્તિઓની સાથે સંબંધ રાખતું હતું. પરંતુ આવી માગણી કરવામાં તે હદ બહાર ગયો હતો. ખ્રિસ્તની સાથે મુસા તથા એલીયાહની સમાનતા દેખાડવા માટે આ દર્શન આપવામાં આવ્યું નહોતું; એથી ઊલટું, ખ્રિસ્તની ઉત્તમતા દેખાડવા માટે તે આપવામાં આવ્યું હતું. ખરેખર, વાદળું ઊતરી આવવાની અને જેના વિષે આટલી બધી ગેરસમજ થતી હતી તેવા અનુભવનો અંત આવવાની વકી હતી!

દર્શન અલોપ થાય છે. શિષ્યોને પાછા પૃથ્વી પર લાવવામાં આવે છે: "એક વાદળું આવ્યું ને તેઓ પર છાયા કરી; અને વાદળામાંથી એવી વાણી થઈ કે આ મારો વહાલો દીકરો છે, તેનું સાંભળો. અને તત્કાળ ચોતરફ જોઈને તેઓએ પછી એકલા ઈસુ વિના કોઈને દીઠો નહિ" (માર્ક ૯; ૭, ૮).

તેઓએ આસપાસ જોયું તો હવે મહિમા ક્યાં આગળ દેખાય છે? ભૂતકાળના તેમના માનીતા ધાર્મિક નેતાઓ ક્યાં આગળ છે? મુસા તથા એલીયાહ પાછા સ્વર્ગમાં ગયા હતા; પીતર, યાકૂબ તથા યોહાન પાછા પૃથ્વી પર આવ્યા હતા. તેઓના માથા પર એજ આસમાની આકાશ દેખાતું હતું; તેઓના પગ તળે એજ પહાડનું શિખર આવેલું હતું; તેઓની આજુબાજુએ એજ જાણીતો દેખાવ જોવામાં આવતો હતો. તેઓ તથા ઈસુ એકલા હતા. એક મોટા તફાવત સિવાય બધું પહેલાંના જેવું જ દેખાતું હતું, એટલે જ્યારે તેઓ ફરીથી પોતાના જીવનનું કામ આદરે છે, ત્યારે પેલી આકાશી વાણીનો પડઘો તેઓના કાનમાં અથડાયા કરે છે: "આ મારો વહાલો દીકરો છે; તેનું સાંભળો." શું તેઓ આ કદી ભૂલી જઈ શકે? ના, ના, કદી નહિ!

આ મહિમાવંત અનુભવનું રહસ્ય શિષ્યોના ચાલુ અનુભવની સાથે નિકટનો સંબંધ રાખતું હતું; તેમના ચાલુ જીવન પર પ્રકાશ પડયો ત્યારે જ દર્શન આપવાનો હેતુ સાર્થક થયો. શિષ્યોના મનમાં કેવા વિચારો આવતા હતા તે આપણે જોયું છે. તો હવે તેની સાથે ખ્રિસ્તના વિચાર સરખાવવાની જરૂર છે. વળી ખ્રિસ્તના વિચાર તે મુસાના તથા એલીયાહના પણ હતા. આ બધી બાબતમાં આકાશના સઘળા રહેવાસીઓ રસ લેતા હતા. ખ્રિસ્તના અસ્તિત્વ, કામ તથા દેવીપણા વિષે શિષ્યોને સબળ પ્રમાણ આપવાનો વખત આવ્યો હતો, અને ભવિષ્યમાં તે વડે તેમને દિલાસો પ્રાપ્ત થવાનો હતો. એ

જમાનામાં પ્રોમેથ્યુસ નામની વ્યક્તિ વિષે ગ્રીકોમાં પુરાતન દંતકથા ચાલતી હતી. તેણે આકાશમાંથી અગ્નિની ચોરી કરી હતી, અને શિક્ષા તરીકે ગ્રીકોના મહાદેવ ઝૂસે તેને ખડકની સાથે સાંકળથી બાંધી દીધેલો હતો. ત્યાં એક ગીધ રોજ રોજ તેનું કલેજું કોરી ખાતું હતું, અને દરરાતે કલેજાને સાજું કરવામાં આવતું હતું. આવી રીતે તેને નિરંતર પીડા થતી હતી, અને તે બૂમ પાડતો હતો કે **"દેવોમાંનો એક આવીને મારે બદલે આ પીડા સહન નહિ કરે ત્યાં સુધી મારે જ તે સહન કરવાની છે."** વળી ખરેખર, દુનિયાની આવી સ્થિતિ હતી; અને તેનો ઉપાય કરવા માટે ખ્રિસ્ત આવ્યો હતો. માટે અહીં આગળ શિષ્યોને તેના મહત્ત્વનું દર્શન કરાવવામાં આવે છે. રૂપાંતરના પહાડ પર આપણા પ્રભુની દીનાવસ્થાનું એકેએક લક્ષણ પડતું મૂકવામાં આવે છે; બેથલેહેમનો તારો સૂર્યના કરતાં પણ વધારે જોરથી પ્રકાશે છે; સૂકી ભૂમિમાંની જડ વધીને લબાનોનનાં વૃક્ષો કરતાં વધારે ઊંચી કરવામાં આવે છે; દાસનું રૂપ મૂકીને તે આકાશના રાજા તરીકે પ્રગટ થાય છે; અને માણસથી જે ધિક્કારાએલો હતો તે દ્વારા ઈશ્વરના ગૌરવના તેજ તથા સત્ત્વની આબેહૂબ પ્રતિમા દેખાડવામાં આવે છે.

હવે આ પહાડ પરનો અનુભવ કોઈ રીતે કાયમ રહી શકે નહિ. તે આનંદજનક છે, કોઈ વાર તે જરૂરી પણ છે; પણ આવો અનુભવ આત્મિક જિંદગીના સાધારણ સંજોગોથી નિરાળો હોય છે. આ કારણથી જેમ હોરેબ પાસે ઈસ્રાએલપુત્રોને કહેવામાં આવ્યું હતું તેમ ખ્રિસ્ત પોતાના શિષ્યોને પણ કહે છે, કે "તમને આ પર્વત પર રહેતાં ઘણો જ વખત વીતી ગયો છે; તો તમે પાછા ફરો...જુઓ, મેં તમારી આગળ દેશ મૂકયો છે; તો તેમાં પ્રવેશ કરો." તેજ ઘડીએ પહાડની તળેટી આગળ એક માણસ પોતાના દીકરાને સાજો કરાવવા માટે લાવ્યો હતો, એ શિષ્યોના ધ્યાનમાં ન હતું પણ ખ્રિસ્તના ધ્યાનમાં તો હતું; માટે તે તેઓને કહે કે તમે પોતાના ધાર્મિક અનુભવનો જ વિચાર કરતા ના. આત્માઓ તારણ પામવા માટે રાહ જોઈ રહેલા છે: "મારાં બીજાં ઘેટાં પણ છે, તેઓ આ વાડામાંનાં નથી; તેઓને પણ મારે લાવવાની જરૂર છે." ધાર્મિક અનુભવનું સ્વાભાવિક પરિણામ તે સેવા છે, અને જયાં તે ન હોય ત્યાં અનુભવ જ નકામો જાય છે.

હવે ખ્રિસ્ત તથા તેના ત્રણ મિત્રોની સાથે એકઠા મળવા માટે મુસા તથા એલીયાહને લાંબી મુસાફરી કરવી પડી હતી એવું મારું માનવું નથી. તેઓ ત્યાં હતા જ; માત્ર તેઓ દશ્ય થયા. દશ્ય તથા અદશ્ય એકબીજાની સાથે હમેશાં મળી જાય છે, અને તેઓની વચ્ચે ખ્રિસ્ત પૂલરૂપ છે. બે દુનિયા એક જ છે. બે મંડળી પણ એક જ છે. દમસ્કના રસ્તા પર પાઊલને

મળવા માટે ખ્રિસ્તને લાંબી મુસાફરી કરવાની જરૂર પડી નહોતી; પાઊલની આંખો ઉઘડી, તેથી તે ખ્રિસ્તને જોઈ શક્યો. એજ પ્રમાણે જો આપણી આંખો ઉઘાડવામાં આવે, તો આપણે પણ અજબ જેવાં વાનાં જોઈ શકીએ. જે સાક્ષીઓની મેઘરૂપી ભીડ આપણને વીંટળાએલી રહે છે તે આપણા જોવામાં આવે; મુસા તથા એલીયાહ તેમજ જે હજારોહજાર હલવાનની પાછળ ચાલે છે તે પણ આપણા જોવામાં આવે; અને તેઓનાં સ્તોત્રોમાં આપણને પણ ભાગ લેવાનું મન થાય: "જે હલવાનને મારી નાખવામાં આવ્યું હતું તે પરાક્રમ, સંપત્તિ, જ્ઞાન, સામર્થ્ય, માન, મહિમા તથા સ્તુતિ પામવાને યોગ્ય છે." વળી "મરણ કે જીવન, દૂતો કે અધિકારીઓ, વર્તમાનનું કે ભવિષ્યનું, કે પરાક્રમીઓ, ઊંચાણ કે ઊંડાણ કે કોઈપણ બીજી સૃષ્ટ વસ્તુ, દેવની જે પ્રીતિ ખ્રિસ્ત ઈસુ આપણા પ્રભુમાં છે તેનાથી આપણને જુદાં પાડી શકશે નહિ," એ વિષે આપણને જે ખાતરી છે તે દર્શાવવાને માટે આકાશી સ્તોત્રો પણ પૂરતાં લાગશે નહિ.

આપણા પ્રભુને માટે આ દર્શનના પરિણામે સ્વાર્પણ નીપજ્યું હતું, અને આપણે માટે પણ દરેક સંદર્શનનું એજ પરિણામ નીપજવું જોઈએ. ત્યાં આગળ તેણે પોતાનું જીવન પિતાને અર્પિત કરી દીધું, અને ગેથસેમાને વાડીમાં પણ તેને જે શોક થયો હતો તે થવાનું એટલું જ કારણ હતું કે દુનિયાનાં પાપને લીધે પિતાને આટલી હદે ભોગ આપવો પડે છે! હવે પવિત્ર શાસ્ત્રમાં ઈશ્વરના સંતોનાં મોં પ્રકાશિત થવાના દાખલા આપણને જણાવવામાં આવ્યા છે તે વિનાકારણ નથી, કેમકે આપણને એ પણ જણાવવામાં આવે છે કે આપણે પણ તેજ રૂપમાં રૂપાંતર પામવાના છીએ. સમુદાયે સ્તેફનને પથ્થરે માર્યો ત્યારે તેઓને તેનું મોં દેવદૂતના મોં જેવું દેખાયું. બલકે, આવું રૂપાંતર થતાં ઘણું કરીને વાર લાગે છે. મુસા ઈશ્વરની સાથે પહાડ પર ચાળીસ દિવસ સુધી રહ્યો હતો ત્યાર પછી જ તેના વિષે એવી સાક્ષી મળે છે, કે "પોતાનો ચહેરો તેની સાથે વાત કર્યાને લીધે પ્રકાશતો હતો." જે વખત માણસો ઈશ્વરની સાથે ગાળે છે તેજ તેઓનાં જીવનને ઘડે છે, અને જેણે આપણામાં આ કૃપાનું કામ આરંભ્યું છે તે તે પૂરૂં કર્યા વિના રહેશે નહિ.

ફ્લોરેન્સ શહેરમાં લાંબા વખત સુધી આરસપહાણનો એક મોટો પથ્થર પડેલો હતો; અને તેને ઘડવામાં આવે તો ભવ્ય પુતળું થઈ શકે એમ સૌ કોઈને લાગતું હતું. એક પછી એક ઘણા શિલ્પીઓએ તે પથ્થર ઘડવાનું કામ હાથમાં લીધું, પણ તેમના સઘળા પ્રયત્ન નિષ્ફળ ગયા. છેવટે તે પથ્થર એટલે સુધી બગડી ગયો કે હવે તે નકામો છે એમ ધારીને તેને પડતો મૂકવામાં આવ્યો. આ અરસામાં માયકલ આન્જેલોને તેના વિષે ખબર મળી. શરૂઆતમાં તેણે

તેના ઉપર એક ઘર બાંધ્યું, અને તે ઘરમાં અઢાર મહિના સુધી રહીને તેણે કામ કર્યું, ત્યાં સુધી તેણે કોઈને પોતાનું કામ જોવા દીધું નહિ. કામ પૂરૂં થયા પછી દાઊદનું પ્રખ્યાત પુતળું પ્રદર્શિત કરવામાં આવ્યું. તે જોઈને સઘળા અચંબો પામ્યા. વળી તે જોવાને માટે હજી પણ આખી દુનિયાના લોકો ફ્લોરેન્સ જાય છે.

વહાલાંઓ, તમારા સંબંધી ખ્રિસ્ત આવું જ કામ કરવા માગે છે, અને જેમ શિષ્યોની આગળ તેનું રૂપાંતર થયું હતું તેમ આકાશનાં સઘળાં સૈન્યોની આગળ તે તમારૂં પણ રૂપાંતર કરવાની ઇચ્છા રાખે છે. સવાલ એટલો જ છે કે તમે તેને તેમ કરવા દેશો કે નહિ?

૩૧. છબી કોની?

"આખા જગતમાં, જ્યાં કહીં સુવાર્તા પ્રગટ કરાશે,
ત્યાં આ સ્ત્રીએ જે કર્યું છે, તે એની યાદગીરીમાં,
કહેવામાં આવશે" (માર્ક ૧૪; ૯).
"તે માણસ જો જન્મ્યો ન હોત, તો તે તેને માટે
સારૂં થાત" (માર્ક ૧૪; ૨૧).

એક જ કૃત્ય વિષે જુદા જુદા માણસોના અભિપ્રાય જુદા જુદા હોય. રિયમે ત્રણસેં દીનારની ડબ્બી લઈને ખ્રિસ્તના માથા પર અત્તર રેડયું. ડુદાની ઉશ્કેરણીથી શિષ્યો બબડ્યા, કે "અત્તરનો આવી રીતે બગાડ શા માટે ર્યો?" ખ્રિસ્તે કહ્યું, કે "એણીએ મારા પ્રત્યે ભલું કામ કર્યું છે." વળી ાપણા પ્રભુએ આગળ વધીને આ બે માણસની સરખામણી કરી; એક વિષે એમ બોલ્યો, કે "આખા જગતમાં જ્યાં કહીં સુવાર્તા પ્રગટ કરાશે, ત્યાં આ ીએ જે કર્યું છે, તે એની યાદગીરીમાં કહેવામાં આવશે;" ત્યારે બીજા માણસ ષે તે એમ પણ બોલ્યો, કે "તે માણસ જો જન્મ્યો ન હોત, તો તે તેને માટે ારૂં થાત."

બે જાતની યાદગીરી છે: માનની યાદગીરી છે તેમજ શરમની પણ દગીરી છે. મરિયમના માનને માટે તેની યાદગીરી કરવામાં આવશે એવું યન ખ્રિસ્તે તેને આપ્યું હતું અને તે યાદગીરી તે આજ સુધી પણ ભોગવે છે. રંતુ યહુદાની યાદગીરી તે પણ તેના જેટલી જ અચૂક છે. એટલો જ તફાવત કે જ્યારે મરિયમ સર્વકાળને માટે માનની યાદગીરી ભોગવે છે, ત્યારે યહુદા ર્વકાળને માટે શરમની યાદગીરી ભોગવે છે. જ્યાં કહીં સુવાર્તા પ્રગટ કરાય ત્યાં આ બન્ને નામ સાથે સાથે પ્રગટ કરવામાં આવે છે. મરિયમ ને તેનું ય, યહુદા અને તેનું કૃત્ય, એ પ્રમાણે આ બે માણસને યાદ કરવામાં આવે . મરિયમનું નામ આવે છે ત્યારે હમેશાં તેની સાથે પેલી અત્તરની ડબ્બી પણ ાદ આવે છે; યહુદાનું નામ આવે છે ત્યારે તેની સાથે પેલું વિશ્વાસઘાતી ંબન પણ યાદ આવે છે.

યહુદા અને મરિયમ એ બેમાં આભજમીનનો ફેર છે. પ્રેમ કેટલી હદે ઈ શકે છે તે મરિયમ શીખવે છે; અદેખાઈ પણ કેટલી હદે જઈ શકે છે યહુદા શીખવે છે. મરિયમ અને યહુદાના દાખલા તે આકાશ અને રકની ઉપમારૂપ છે. આકાશનું રહસ્ય તે પ્રેમ છે અને નરકનું રહસ્ય તે ાદેખાઈ છે. મરિયમ તો પ્રેમના આદર્શ નમૂનારૂપ છે અને યહુદા તે ાદેખાઈના આદર્શ નમૂનારૂપ છે; પરંતુ મારા વહાલાઓ, જોકે આ બે

ફ્લમોમાં મરિયમ તથા યહુદાની વચ્ચે આકાશ તથા નરકના જેટલો તફાવત દેખાડવામાં આવે છે તોપણ નાનપણથી જ તેઓમાં આટલો બધો તફાવત હશે એમ માનવાની જરૂર નથી.

હું તો એમ માનું છું કે મરિયમ અને યહુદા નાનાં છોકરાં હતાં ત્યારે તેઓ બધાંને ગમે તેવાં છોકરાં હતાં, અને તેઓ મોટાં થયાં અને આપણા પ્રભુ ઈસુના સહવાસમાં આવ્યાં ત્યારે પણ તેઓમાં બહુ તફાવત દેખાતો નહોતો. શરૂઆતમાં તો બન્ને જણે એક જ દિશામાં જવાને માટે પોતાના પગ ગોઠવ્યા હતા. મરિયમ ઈસુના પગ પાસે બેસીને તેની વાતો સાંભળવામાં આનંદ માનતી હતી, એટલું જ નહિ પણ યહુદાને આપણા પ્રભુએ પોતે સુવાર્તા પ્રગટ કરવાને માટે ખાસ રીતે પસંદ કર્યો હતો. છતાં અંતે તેઓની વચ્ચે આકાશ અને નરક જેટલો ફેરફાર જોવામાં આવે છે. મરિયમે પોતાના હૃદયના મોટા પ્રેમને કારણે અત્તરની ડબ્બી લઈને ભાંગી; ત્યારે યહુદા પોતાના હૃદયની ઈર્ષાને કારણે મુખ્ય યાજકોની પાસે ગયો, એ સારૂ કે તે તેઓના હાથમાં ખ્રિસ્તને સોંપે.

વળી ઇતિહાસમાં આવા ઘણા દાખલા મોજુદ છે. દરેક સ્થિતિના માણસોમાં પણ આવા દાખલા મળે છે. જોન હેનરી ન્યુમાન અને ફ્રાન્સીસ ન્યુમાન એક જ માબાપના દીકરા હતા; તેમાંનો એક ચુસ્ત રોમન કેથોલિક બન્યો અને બીજો છેક નાસ્તિક બન્યો. એક જ ઘરમાં એક યાકૂબ પાકે અને એક એસાવ પાકે; એક રેઉબેન પાકે અને એક યુસફ પણ પાકે.

આપણા દેશમાં બે પ્રખ્યાત નદી છે; એકનું નામ ગંગા છે અને બીજીનું નામ સિંધુ છે. આ બે નદીઓ જ્યાંથી નીકળે છે ત્યાં આગળ તેઓની વચમાં થોડું જ અંતર છે, પણ જ્યાં આગળ તેમનાં પાણી સમુદ્રની સાથે મળી જાય છે ત્યાં આગળ તેઓની વચ્ચે તો આખો હિંદુસ્તાન દેશ આવેલો માલૂમ પડે છે.

હવે માણસનું ભાવિ તેના જીવનના સંજોગો પર આધાર રાખતું નથી. આપણું વાતાવરણ આપણા જીવન પર અસર કરે છે એ સાચી વાત; પરંતુ જીવનનું અંતિમ પરિણામ વાતાવરણને આધીન નથી. જો એમ હોય તો એક જ વાતાવરણમાં જેટલાં જીવન શરૂ થાય છે તે બધાં જીવનો અંતે સમાન હોવાં જોઈએ; જેમને સરખા આશીર્વાદો આપવામાં આવ્યા હોય તે બધાને સરખી જ ફતેહ મળવી જોઈએ. ઇચ્છાના ઊંચાણમાંથી જીવનનાં વહેણ શરૂ થાય છે, અને આપણે છેલ્લી વારે મરિયમ અને યહુદા પૈકી કોનો સંઘાત કરીશું તે આપણી ઇચ્છા ઉપર આધાર રાખે છે. આપણી યાદગીરી તે માનની યાદગીરી થશે કે શરમની યાદગીરી થશે તે આપણા પોતાના હાથમાં છે.

યહુદાનો વિશ્વાસ કેટલાક વખતથી નબળો થતો થતો આવ્યો હતો. ખ્રિસ્તે મરિયમનાં વખાણ કર્યાં અને તેને પોતાને ઠપકો આપ્યો ત્યારે તે ઉઘાડો

દુશ્મન થયો, પણ તેના વિશ્વાસઘાતની શરૂઆત ત્યાર પહેલાં તેના હૃદયમાં થઈ હતી. કોઈ પણ માણસ એકદમ સંત થઈ જતો નથી. આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના જ્ઞાન તથા કૃપામાં આપણે ધીમે ધીમે આગળ વધીએ છીએ; તેમ આપણે ઘણું કરીને તેમાંથી ધીમે ધીમે નીકળી પણ જઈએ છીએ. યહુદાના પતિત થવામાં એક આખો ઇતિહાસ સમાએલો છે. પોતાને પરસ્વાધીન કરવાને માટે આપણા પ્રભુએ તેને પસંદ કર્યો નહોતો; અને પ્રભુને પરસ્વાધીન કરવાને માટે યહુદા તેનો શિષ્ય થયો પણ નહોતો. પહેલાં યહુદાના હૃદયમાં પીતર અને યોહાનના જેટલી જ આસ્થા હતી. તે ખ્રિસ્તના સહવાસમાં આવ્યો ત્યારે તે જેથી સારો પ્રેરિત થઈ શકે એવાં લક્ષણો આપણા પ્રભુએ તેનામાં જોયાં હતાં. હવે આ માણસ, જેના વિષે આપણો પ્રભુ આટલી મોટી આશા રાખતો હતો, તેની આવી સ્થિતિ કેમ કરીને થઈ હશે? શી રીતે બન્યું હશે કે જેને ખ્રિસ્તે બારમાંનો એક થવાને માટે પસંદ કર્યો હતો તેજ માણસ વિષે તેને છેવટે એમ કહેવું પડ્યું કે "તે તો શેતાન છે?" આ ઘાતકી અને ભયંકર કામ કરવાનો યહુદાનો શો હેતુ હશે? આપણે આ વાત જાણવાની જરૂર છે, કેમકે જ્યાં સુધી આપણે ન જાણીએ ત્યાં સુધી આપણી એજ સ્થિતિ થવાનું જોખમ રહે છે. હવે સુવાર્તામાં ત્રણ બાબત ઉપર ભાર મૂકવામાં આવે છે:

(૧) સૌથી પહેલાં સુવાર્તા આપણને જણાવે છે કે યહુદા લોભી માણસ હતો. યહુદા ઈસુના સહવાસમાં આવ્યો ત્યારે શરૂઆતમાં તેનું હૃદય શુદ્ધ કરવામાં આવ્યું હતું. તેનામાં જે લોભ હતો તેને શરૂઆતમાં દાબી દેવામાં આવ્યો હતો, એટલે સુધી કે બીજા શિષ્યોની માફક તે પણ બધું મૂકીને ઈસુની પાછળ ચાલવાને તૈયાર થઈ ગયો હતો. પરંતુ પૈસા પરનો પ્રેમ યહુદાના હૃદયમાંથી છેક નાશ પામ્યો નહોતો. તેનું હૃદય બી વાવનારના દૃષ્ટાંતમાંની કાંટાવાળી જમીનના જેવું હતું. જમીન સારી હતી, પણ સાફ નહિ. તેમાં કાંટાનાં મૂળ છુપાએલાં હતાં. જતે દહાડે જગતની ચિંતાઓથી તથા દ્રવ્યની માયાથી બીને દાબી દેવામાં આવ્યાં. વળી તેને પ્રેરિતમંડળનો ખજાનચી નીમવામાં આવ્યો, અને તેને જે પરીક્ષણ થયું તે તેના સાધારણ કામકાજને અંગે તેને થયું. પૈસા વાપરવાથી પૈસાના લોભને સતેજ કરવામાં આવ્યો, અને તે ચોરી કરતાં શીખ્યો. પહેલાં તેનું હૃદય લોભી હતું; તેથી તે ચોરી કરવા લાગ્યો, અને છેલ્લી વારે તેણે ત્રીસ રૂપીયામાં પોતાના પ્રભુને વેચી દીધો.

(૨) હવે દ્રવ્યનું પરાક્રમ મોટું છે અને દ્રવ્યને માટે માણસો હજી પણ પોતાના પ્રભુને વેચે છે; પરંતુ એકલી જ ખોટી વાસના યહુદાના હૃદયમાં હતી એમ નથી. જો કેવળ લોભનો સવાલ હોત તો તે ત્રીસ રૂપીઆમાં સંતોષ માનત નહિ. વળી મુખ્ય યાજકો ખ્રિસ્તને મારી નાખવા એટલા બધા આતુર હતા કે યહુદા જે માગે તે આપવાને તેઓ તૈયાર જ હતા. માટે

યહુદાએ કેવળ પૈસાના લોભથી ખ્રિસ્તને પરસ્વાધીન કર્યો એવું મારૂં માનવું નથી. લોભ તો જાતજાતનો હોય છે, અને યહુદાના સંબંધમાં સુવાર્તા બીજી જાતના લોભ ઉપર ભાર મૂકે છે, એટલે મોટાઈની ઉમેદ. હવે આપણે ખરી રીતે જોઈએ તો મોટાઈની ઉમેદ બધા શિષ્યોને હતી, એકલા યહુદાને નહિ. બધા શિષ્યો તો કેવળ સાચા હેતુથી ખ્રિસ્તની પાછળ આવ્યા હતા એમ તો નથી. બધા તેના પર પ્રેમ રાખતા હતા એ ખરી વાત, પણ અમુક બદલો પામવાની દરેકને ઉમેદ હતી. તેઓ હમેશાં રાજ્યાસનો વિષે વાત કરતા હતા. તેઓ માનતા હતા કે જ્યારે ઈસુ પોતાનું રાજ્ય સ્થાપશે ત્યારે તે રાજ્યમાં અમને અમીરની જગાઓ મળશે. "અમને શું મળશે ?" એ સવાલ તેઓ વારેઘડીએ પૂછતા હતા, અને આ સઘળી ઉમેદો રાખવામાં યહુદા સામેલ હોય એમાં નવાઈ જેવું કાંઈ નહોતું. પરંતુ યહુદામાં અને બીજા અગિયાર શિષ્યોમાં મોટો તફાવત એ હતો, કે જ્યારે અગિયારનો પ્રેમ તેમની મોટાઈની ઉમેદ કરતાં બળવાન હતો ત્યારે યહુદાની મોટાઈની ઉમેદ તેના પ્રેમ કરતાં બળવાન હતી. જ્યારે ખ્રિસ્ત જય વિષે નહિ પણ મરણ વિષે, અને રાજ્યાસન વિષે નહિ પણ વધસ્તંભ વિષે વાત કરવા લાગ્યો ત્યારે યહુદા નાસીપાસ થયો. જ્યારે ઈસુએ કહ્યું કે મરિયમે દફનને સારૂ અગાઉથી મારા શરીરને અત્તર ચોળ્યું છે, ત્યારે યહુદા નિરાશ થઈ ગયો. હવેથી આવા મસીહને વળગી રહેવાથી શો લાભ એમ ધારીને યહુદા મુખ્ય યાજકોની પાસે ગયો, એ સારૂ કે તે તેઓના હાથમાં ઈસુને સોંપે.

(૩) હવે યહુદાને આ ભયંકર કૃત્ય કરવાનું ત્રીજું કારણ પણ હતું, એટલે અદેખાઈ. શરૂઆતમાં જ્યારે બાર શિષ્યોને પસંદ કરવામાં આવ્યા હતા ત્યારે યહુદા આગળ પડતો શિષ્ય હોય એ માનવાજોગ છે. ઈસ્કારીઓત એટલે "કારીઓતવાળા," અને એ નામના અર્થ પરથી એમ માનવામાં આવે છે કે તે કદાપિ એક ગામનો ધણી હોય. એટલું તો સંભવિત લાગે છે કે બીજા બધા શિષ્યો કરતાં તે જગતના ધોરણ પ્રમાણે ચઢિયાતા વર્ગનો માણસ હશે, પણ ખ્રિસ્તના રાજ્યમાં મોટાઈ તે જન્મ ઉપર નહિ પણ ચારિત્ર્ય પર આધાર રાખે છે, અને વખત વિતતાં પીતર, યોહાન ને યાકૂબને આગળ પડતી જગા સોંપવામાં આવી અને યહુદા પાછળ રહી ગયો; જે પહેલા તે છેલ્લા થયા અને છેલ્લા તે પહેલા થયા. યહુદાથી આ સહન ન થયું, અને તેના હૃદયમાં દરરોજ અદેખાઈ એકઠી થવા લાગી. હવે અદેખાઈથી કેટલી બધી ક્રૂરતા ઉપજે છે તે આપણે અનુભવ્યું છે અને અહીં આગળ યહુદા અદેખાઈથી ઈશ્વરપુત્રનું ખૂન કરવાને ઉશ્કેરાએલો માલૂમ પડે છે. ખરેખર, આ માણસ જન્મ્યો ન હોત તો તે તેને માટે સારૂં થાત!

હવે આ દાખલા પરથી આપણે બે બાબત શીખી શકીએ છીએ: (૧) યહુદા અપૂર્ણ પરિવર્તનના દાખલારૂપ છે. તેણે પોતાને પ્રભુને પૂરી

રીતે સોંપ્યો નહોતો. લોભ, અભિમાન અને અદેખાઈનાં મૂળ તેના હૃદયમાંથી નષ્ટ થયાં નહોતાં. વળી (૨) તે આશીર્વાદોનો દુરુપયોગ કર્યાના પણ દાખલારૂપ છે. આ સાધારણ માણસ નહોતો! આ બારમાંનો એક હતો. તેના ગુનાની વિશેષતા એજ બાબતમાં રહેલી છે. ખ્રિસ્તને તેના મિત્રોના ઘરમાં ઘાયલ કરવામાં આવ્યો હતો. જે ખ્રિસ્તની સંગતમાં રાતદિવસ રહ્યો હતો, જેણે તેની કૃપાવંત વાણી સાંભળી હતી, અને તેનાં આશ્ચર્યકારક કામો જોયાં હતાં તેજ માણસ આ ભયંકર કામ કરવાનો હતો. આ માણસ પર આશીર્વાદો વરસાવવામાં આવ્યા હતા છતાં આ દશા! અને વળી જેટલા આશીર્વાદો તેને મળ્યા હતા તેટલા જ આશીર્વાદો આપણને પણ મળ્યા છે. આપણી પાસે પવિત્ર શાસ્ત્ર છે; આપણી પાસે પ્રાર્થનાનું ઘર છે; આપણને કાયમ સુવાર્તાનો ઉપદેશ કરવામાં આવે છે; આપણે ખ્રિસ્ત વિષેનું જ્ઞાન પામ્યાં છીએ. જો આશીર્વાદો માણસનું તારણ કરી શકે તો આપણામાંના એકેએકનું તારણ અવશ્ય થવું જોઈએ; પણ યહુદાનો દાખલો આપણને શીખવે છે કે આશીર્વાદો કોઈનું પણ તારણ કરી શકે નહિ.

જ્યારે લીઓનાડો ડા વિનકીએ છેલ્લા ભોજનનું પોતાનું પ્રખ્યાત ચિત્ર દોર્યું ત્યારે તેણે પ્રથમ દશ શિષ્યોનાં ચિત્રો દોર્યાં, પણ પ્રભુ ઈસુ ખ્રિસ્ત અને યહુદા ઈસ્કારીઓતને માટે સંતોષકારક નમૂના મળતાં વાર લાગી. ઘણા મહિના સુધી તેણે શોધ કરી તોપણ પત્તો ના ખાધો. એક દિવસે મિલાનના ભવ્ય મંદિરમાં એક જુવાનનું મોં તેને અતિશય આકર્ષક લાગ્યું. ભજનસેવા ખલાસ થયા પછી તે આ જુવાનને મળ્યો અને તે જુવાન પ્રભુ ઈસુ ખ્રિસ્તના ચિત્રને સારૂ બેસવાને કબૂલ થયો. તે પછી કેવળ યહુદા ઈસ્કારીઓતનું ચિત્ર રહ્યું. કેટલાંક વરસો વીતી ગયાં ત્યાં સુધી તેણે ગુનેગાર વર્ગના માણસોમાં બહુ શોધ કરી, તોપણ તેના કામને માટે કોઈનું મોં તેને સંતોષકારક ના લાગ્યું. છેવટે તે જેવું મોં શોધતો હતો તેવું જ મોં તેને રોમના એક કેદખાનામાં મળી આવ્યું, અને પરવાનગી મેળવીને તેણે આ માણસનું ચિત્ર દોર્યું. પરંતુ મારા મિત્રો, પાછળથી અજાયબ જેવી વાત એ માલૂમ પડી કે આ બન્ને માણસ એકનેએક હતો. જે માણસનું મોં પહેલાં ઈસુ ખ્રિસ્તના ચિત્રના નમૂના તરીકે વપરાવા લાયક હતું તેજ મોં દશ વરસમાં એટલું બધું બદલાયું હતું કે તે યહુદા ઈસ્કારીઓતના ચિત્રના નમૂનાને માટે પણ ચાલ્યું!

ઓ મારા જુવાન મિત્રો, આજે તમારી આગળ બે છબી રજુ કરવામાં આવી છે. શું બેમાંથી એક તમારી છે? "આખા જગતમાં જ્યાં કહીં સુવાર્તા પ્રગટ કરાશે, ત્યાં આ સ્ત્રીએ જે કર્યું છે તે એની યાદગીરીમાં કહેવામાં આવશે. આ કોની છબી? વળી "તે માણસ જો જન્મ્યો ન હોત તો તે તેને માટે સારૂં થાત." એ કોની છબી?

૩૨. બે વસ્તીપત્રકો

"તે દિવસોમાં કાઈસાર ઑગસ્તસે એવો ઠરાવ બહાર પાડયો, કે સર્વ દેશોના લોકનાં નામ નોંધાય" (લુક ૨; ૧).
"પણ જેઓનાં નામ હલવાનના જીવનપુસ્તકમાં લખેલાં છે, તેઓ જ પ્રવેશ કરશે" (પ્રકટીકરણ ૨૧; ૨૭).

આ બે આધારવાકયોમાં બે વસ્તીપત્રકો દેખાડવામાં આવે છે. પહેલું વસ્તીપત્રક સુવાર્તાની શરૂઆતમાં જ મળે છે. કાઈસાર ઑગસ્તસે એવો ઠરાવ બહાર પાડયો, કે સર્વ દેશોના લોકનાં નામ નોંધાય. પોતાના સામ્રાજ્યની અંદર કૂલ વસ્તી કેટલી છે એ જાણવાની તેને મરજી થઈ માટે દરેક પ્રાંતના અધિકારીઓ પર કાઈસારે હુકમ મોકલ્યો. પાલેસ્ટાઈનમાં એવી વ્યવસ્થા કરવામાં આવી કે જેથી દરેક ઘરધણી પોતાના અસલ ગામમાં જઈને પોતાનું તથા પોતાના કુટુંબનાં સર્વ માણસોનાં નામ નોંધાવે, અને આ હુકમને આધીન થઈને યુસફ પણ મરિયમને લઈને બેથલેહેમ ગયો. તેઓ ત્યાં પહોંચ્યાં કે તરત ઈસુનો જન્મ થયો અને તેનું નામ કાઈસારના વસ્તીપત્રકમાં નોંધવામાં આવ્યું હોય એ સંભવિત છે. વળી આ નામ જે સર્વ નામ કરતાં શ્રેષ્ઠ છે, તેની પહેલી જ નોંધ જો પૃથ્વી પરના કોઈ પુસ્તકમાં લેવામાં આવી હોય તો તે પુસ્તક તો કાઈસારનું વસ્તીપત્રક હતું.

બીજું વસ્તીપત્રક નવા કરારને અંતે મળે છે. તે પુસ્તક વળી આકાશમાં લખવામાં આવે છે. તેમાં ઈસુનું નામ એક જ જગાએ મળે છે એટલે પૂઠા ઉપર; કેમકે પુસ્તક તેનું છે. હવે પવિત્ર શાસ્ત્રમાં ઈસુ ખ્રિસ્તને જુદાં જુદાં ઘણાં નામ આપેલાં છે: ખ્રિસ્ત, તારનાર, અભિષેક થએલો રાજા, ભલો ઘેટાંપાળક, જગતનું અજવાળું, પ્રભાતનો તારો, વગેરે. પરંતુ આ પુસ્તકના પૂઠા ઉપર જે નામ લખેલું છે તે મારા ધારવા પ્રમાણે બધાં કરતાં સુંદર છે, એટલે દેવનું હલવાન. વળી કાઈસારના પુસ્તકમાં જેઓ તે વખતે જીવતાં હતાં તેમનાં જ નામ નોંધવામાં આવતાં હતાં. તેમજ આ પુસ્તકમાં પણ જેઓ જીવતાં છે તેમનાં જ નામ નોંધાય છે. આ તો દેવના હલવાનનું જીવનનું પુસ્તક છે.

હવે કાઈસારનું વસ્તીપત્રક ગુમ થયું છે, જે કામને માટે તે તૈયાર કરવામાં આવ્યું તે થઈ ગયા પછી તેને સાચવવાની જરૂર કોઈને પણ દેખાઈ નહિ. પચાસ વરસે કોઈનું ધ્યાન ખેંચે એવી એક જ નોંધ તેમાં હતી. હમણાં તો

આ એક જ નોંધને આધારે આપણે વરસોની ગણના કરીએ છીએ. ઈસુના આવવાથી દુનિયામાં કેટલો બધો ફેરફાર થઈ ગયો છે તે વિષે આપણે જ્યારે જ્યારે કાગળ ઉપર તારીખ નાખીએ છીએ ત્યારે ત્યારે સાક્ષી આપીએ છીએ. માણસના ઇતિહાસમાં બનેલી બીનાઓમાં ઈસુનો જન્મ તે મોટામાં મોટી બીના છે. જો તેનો જન્મ ન થયો હોત તો હાલમાં દુનિયાની કેવી સ્થિતિ થઈ હોત તેની કલ્પના પણ થઈ શકતી નથી. હાલમાં તો એ સ્થિતિ કરુણ લાગે છે ખરી, પણ ઈસુ ખ્રિસ્ત આવ્યો ન હોત તો અત્યારે આપણા જીવનમાં જે વાનાં આપણને મૂલ્યવાન લાગે છે તેમાંનું એક પણ વાનું આપણી પાસે હોત ખરૂં કે? આ દુનિયામાં જે કંઈ દિલાસો મળે છે અને પરદુનિયા વિષે આપણે જે આશાઓ રાખીએ છીએ તે સર્વનો ઉદ્‌ભવ તો બેથલેહેમના પારણામાંથી થએલો આપણા જોવામાં આવે છે.

આજે આપણે માટે જે સહુથી અગત્યનો સવાલ તે એ છે, કે ઈસુ ખ્રિસ્તના આવવાથી આપણને કાંઈ ફાયદો થયો છે કે કેમ? આપણુ માણસજાતના તથા આપણા તારણને માટે તેનું નામ કાઈસારના વસ્તીપત્રકમાં નોંધવામાં આવ્યું એ તો બહુ જ અગત્યની બાબત છે, પણ શું આપણાં નામ હલવાનના જીવનના પુસ્તકમાં નોંધવામાં આવ્યાં છે? ઈસુ ખ્રિસ્તે પોતાનું નામ કાઈસારના પુસ્તકમાં લખાવવા દીધું એ માટે કે તેના પોતાના પુસ્તકમાં આપણાં નામ લખાવી શકાય. ઈંગ્લાંડના એક સંગ્રહસ્થાનમાં એક કાચની પેટી જોવામાં આવે છે. તે પેટીની અંદર એક લોખંડની ચાવી આધાર વિના હવામાં અધર લટકી રહેલી હોય એમ દેખાય છે. પરંતુ આપણે નજીક જઈને તપાસ કરીએ છીએ ત્યારે જણાય છે કે ઉપર એક લોહચુંબક રાખવામાં આવ્યું છે, અને ચાવીની સાથે નીચેથી પણ એક ઝીણો વાળ બાંધી દેવામાં આવ્યો છે. લોહચુંબક તો દેવનું હલવાન છે, અને રૂપેરી દોરી તોડી નાખવામાં આવે ત્યારે ખ્રિસ્તી માણસના આત્માએ એકદમ તેની પાસે ખેંચાઈ જવું જોઈએ, પણ શું આપણને પોતા વિષે એવી ખાતરી છે? શું હલવાનના જીવનના પુસ્તકમાં આપણાં નામ લખેલાં છે?

હવે કાઈસારનું પુસ્તક વાસ્તવિક ઇતિહાસને લગતું એક વાસ્તવિક પુસ્તક હતું, ત્યારે હલવાનનું પુસ્તક તે તો એક ઉપમારૂપી અથવા કલ્પી લીધેલું પુસ્તક છે એમ કોઈ કહેશે, અને એ વાત વળી તદ્દન સાચી! વળી આ બે પુસ્તકોમાં આ પ્રમાણે જે તફાવત માલૂમ પડે છે તે તફાવત વિષે આપણે વિચાર કરીએ તો સારૂં. કાઈસારનું પુસ્તક વાસ્તવિક પુસ્તક હતું. આપણે જોઈ શકીએ એવી શાહીથી અને જેનો સ્પર્શ આપણાથી થઈ શકે એવા કાગળ વડે તે તૈયાર કરવામાં આવ્યું હતું. લખાઈ રહ્યા પછી તેને બેથલેહેમના રજીસ્ટ્રાર તરફથી કાઈસારીઆ મોકલવામાં આવ્યું હશે. ત્યાંથી બીજાં પત્રકોની સાથે તે અંત્યોખ મોકલવામાં આવ્યું હશે, અને અંત્યોખથી તે છેવટે રોમ પણ મોકલવામાં આવ્યું હશે. તે

વાસ્તવિક પુસ્તક હતું, અને તેજ કારણથી તે અલ્પકાળ માટેનું પુસ્તક હતું. તે કેટલા વખત સુધી ઉપયોગી માલૂમ પડયું હશે? કેટલા વખત સુધી રોમના અધિકારીઓને તેમાં કંઈ રસ પડયો હશે? એક પેઢી પછી તો તે કોઈ જાતના કામમાં આવે એવું નહોતું, અને આજ સુધી એ પુસ્તક જો હયાત રહ્યું હોય તો તે ચામત્કારિક વાત કહેવાય!

બીજું પુસ્તક તે વાસ્તવિક પુસ્તક નથી એ પણ સાચી વાત. તે શાહી અને કાગળથી બનાવેલું નથી. તે આત્મિક પુસ્તક છે અને દર્શનદ્વારે તે પ્રેરિતના જોવામાં આવ્યું હતું. તેને કલ્પી લીધેલું પુસ્તક કહેવું હોય તો ભલે! એમાં કંઈ ખોટું નથી; એમાં કશો વાંધો નથી. છતાં આ બે પુસ્તકમાંથી કયું પુસ્તક તમને વધારે ટકાઉ લાગે છે? હાલમાં અને સર્વકાળ સુધી આ બે પુસ્તકમાંના કયા પુસ્તકની સાથે આપણું કામ છે અને રહેશે? આત્મિક રીતે જોતાં તો કાઈસારના પુસ્તક કરતાં હલવાનનું પુસ્તક વધારે વાસ્તવિક ગણાય. કાગળ વાસ્તવિક નથી; શાહી પણ કલ્પી લીધેલી છે; પરંતુ તે વડે જે સત્ય શિખવવામાં આવે છે તે ગઈ કાલ, આજે અને સર્વકાળ સુધી નર્યું વાસ્તવિક સત્ય છે. કાઈસારનું પુસ્તક નાશ પામ્યું છે, પણ હલવાનનું જીવનનું પુસ્તક તો કાયમ રહે છે. કાઈસારના પુસ્તકમાં તો તે વખતે જેઓ જન્મભૂમિ પર હોય તેમનાં જ નામ લખી શકાય; પરંતુ બીજા પુસ્તકમાં કોનાં નામ લખાય એ તો કોઈ નસીબના કાયદે નક્કી કરવામાં નથી આવતું. એ પુસ્તક તો માણસજાતના સર્વકાળના ભાવિનું પુસ્તક છે. તેમાં માણસોનાં ચારિત્ર કેવાં ઘડાય છે તેનો હેવાલ લખવામાં આવે છે, અને તે વાત કાળ કે સંજોગોની સાથે કોઈ પણ જાતનો સંબંધ રાખતી નથી. તેમાં જે નામ પ્રભુ ઈસુ ખ્રિસ્ત લખે છે તે નામ સદાકાળને માટે લખેલાં હોય છે અને સદાકાળ સુધી માણસો અને દૂતો તે વાંચી શકશે.

આ જગતનાં વાનાં કેટલાં બધાં જુજ મહત્ત્વનાં હોય છે તે આ પરથી શિખવવામાં આવે છે. આ અલ્પજીવનની બાબતો વહેલી ભૂલી જવામાં આવશે. થોડી જ નામાંકિત વ્યક્તિઓ સિવાય જેટલા કાગળ પર આપણાં નામ લખેલાં હોય તે થોડી જ વારમાં નાશ પામશે. આપણી કબર ઉપર ગમે તેવો સુંદર સ્મરણલેખ કોતરવામાં આવશે તોપણ તે વખતના ઘસારે ભૂંસાઈ જશે અને કોઈ તે વાંચી શકશે નહિ અને વાંચવા માગશે પણ નહિ. એવો વખત વહેલો આવશે, કેમકે જે દશ્ય છે તે ક્ષણિક છે, પણ જે અદશ્ય છે તે સાર્વકાલિક છે. એક જ નોંધ એવી છે કે જો તે એક વાર લખવામાં આવી હોય તો તે સદા કાયમ રહેશે; શું ત્યાં આગળ આપણાં નામ લખેલાં હશે?

ફરીથી આ બે પુસ્તકો વિષે વિચાર કરીએ. આ પુસ્તકો કોનાં છે? એક તો કાઈસારનું છે; બીજું ખ્રિસ્તનું છે. કાઈસારના પુસ્તકમાં ખ્રિસ્તનું

નામ લખવામાં આવ્યું હતું. શું ખ્રિસ્તના પુસ્તકમાં કાઈસારનું નામ લખેલું હશે? કોને ખબર? પણ તમે શું ધારો છો? શું ખ્રિસ્તનું નામ કાઈસારના પુસ્તકમાં લખવામાં આવે એ વાત અગત્યની હતી કે કાઈસારનું નામ ખ્રિસ્તના પુસ્તકમાં લખવામાં આવે એ વાત અગત્યની હતી? વળી જો કાઈસારનું નામ ખ્રિસ્તના પુસ્તકમાં લખેલું ન હોય તો નુકસાન કોને તેનો વિચાર કરો. મારા પુસ્તકમાં ખ્રિસ્તનું નામ લખવામાં આવ્યું છે એ કાઈસાર જાણતો નહોતો, અને જો જાણતો હોત તોપણ તે મહત્ત્વની બાબત છે એમ તેને લાગત નહિ. તે તો આખી દુનિયાનો રાજા કહેવાય, ત્યારે ખ્રિસ્ત કોણ ગણાતો હતો? તિરસ્કાર પામેલી પ્રજાની એક તિરસ્કાર પામેલી વ્યક્તિ જ તો! તેને તેની પોતાની જ પ્રજા ધિક્કારતી હતી અને તે એટલે સુધી કે તેઓએ છેવટે એજ કાઈસારના સૂબાનો સાથ લઈને તેને મારી નાખ્યો! છતાં એજ દેવનું હલવાન હવે સિંહાસન પર બિરાજે છે, અને તેની આગળ એજ કાઈસારનો ન્યાયચુકાદો થવાનો છે!

આપણી શી મરજી છે? શું ખ્રિસ્તના વસ્તીપત્રકમાં આપણાં નામ નોંધાય એવી મરજી છે, કે માત્ર કાઈસારના વસ્તીપત્રકમાં? જેમાં માણસો પોતાનાં નામ વાંચવા આતુર માલૂમ પડે છે એવાં પુસ્તકો દુનિયામાં ઘણાં છે. શું દુનિયાનાં માનનાં પુસ્તકોમાં તમારૂં નામ નોંધાય એવી તમારી મરજી છે કે હલવાનના જીવનના પુસ્તકમાં? રોજગારમાં ફાવી જવાની જ ઇચ્છા છે? બીજાઓની સાથે હરીફાઈમાં ઊતરીને આગળ આવવાની જ મતલબ છે? શું કેવળ જીવીખાવાની જ મરજી છે? શાબાશ! એમ કહેતી દુનિયાને સાંભળવી છે કે એમ કહેતા ખ્રિસ્તને સાંભળવો છે? બન્ને આપણને શાબાશી આપે એ ભાગ્યે જ બને.

હવે જીવનનું એક જ પુસ્તક છે અને તે પુસ્તક હલવાનનું છે. "તું નામે જીવે છે, પણ તું મૂએલો છે" એ ખ્રિસ્તના પોતાના શબ્દો છે. આ શબ્દો ભયંકર છે. અને ઈસુનો ત્યાગ કરીને દુનિયાઈ લાભની પાછળ દોડીએ તો તે આપણને પણ કહેવામાં આવશે. આપણે ફરીથી નાતાલનો તહેવાર પાળીએ છીએ. આ તહેવાર ખાસ રીતે આનંદ ભરેલો તહેવાર છે, પણ તેમાં આપણે કઈ જાતનો આનંદ શોધીએ છીએ? શું તમારાં પાપ ખ્રિસ્તના લોહીથી ધોવાઈ ગયાં છે તેને લીધે તમે આજે આનંદ કરો છો કે વિદેશીઓ કરે છે તેમ મસ્તી ને તોફાન કરીને આનંદ કરવા માગો છો? ખ્રિસ્ત શા માટે આ દુનિયામાં આવ્યો તે વિષે જે માણસ ગંભીરતાથી અને ઉપકારી હૃદયથી વિચાર કરે છે તેજ માણસ આ તહેવાર પાળી શકે છે; કેમકે જ્યારે તે ખ્રિસ્તનો જન્મ યાદ કરે છે ત્યારે તે બીજી બાબતો ભૂલતો નથી. આજે જ્યારે તમે બેથલેહેમની ગભાણ આગળ નમો છો ત્યારે તે બાળકના પાછળના જીવન વિષે ભૂલશો મા. તે જીવન આપણને એમ શિખવે છે કે આ જીવન તે કાંઈ રમતવાત નથી. ખ્રિસ્તનું આવવાનું કારણ તે આપણાં પાપ હતાં; ખ્રિસ્તનું મરવાનું કારણ તે

પણ આપણાં પાપ હતાં. હલવાનના જીવનના પુસ્તકમાં આપણાં નામ નોંધાય તે પહેલાં જીવનના ઝઘડામાંથી આપણે વિજયી થઈને પાર નીકળવું જોઈએ. શું તમે તે ઝઘડામાં ઊતરવાનું પહેલું પગલું ભર્યું છે? હજી તમારા જીવનમાં નાતાલ જ ચાલે છે? ગલગથા સુધી તમે હજી આવ્યાં નથી? "યાત્રાકારી"ના પુસ્તકમાંથી થોડો ભાગ તમને યાદ દેવડાવીને હું આ ભાષણ બંધ કરૂં છું.

"મેં એમ પણ જોયું કે ખુલાસો કરનાર ખ્રિસ્તીનો હાથ પકડીને તેને એક મનોરંજક સ્થળે લઈ ગયો. ત્યાં એક ભવ્ય મહેલ બાંધેલો હતો. તેની સુંદરતા જોઈને ખ્રિસ્તી ઘણો ખુશી થયો. મહેલના ઉપલા ભાગમાં સોનેરી વસ્ત્ર પહેરીને ફરતા કેટલાક માણસો ખ્રિસ્તીના જોવામાં આવ્યા. ત્યારે ખ્રિસ્તીએ પૂછ્યું, કે શું અંદર જવાની રજા છે? ત્યારબાદ ખુલાસો કરનાર તેને મહેલના દરવાજા સુધી લઈ ગયો; તો જુઓ, દરવાજા આગળ ઘણા માણસો ઊભેલા હતા. આ માણસોને પ્રવેશ કરવાની મરજી હતી ખરી, પણ તેમની હિમ્મત ચાલતી નહોતી. વળી દરવાજેથી થોડેક અંતરે એક માણસ મેજ પાસે બેઠેલો હતો, અને જે કોઈ પ્રવેશ કરે તેમનાં નામ લખવા સારૂ તેની આગળ પુસ્તક અને ખડીઓ મૂકેલાં હતાં. તેણે એ પણ જોયું કે દરવાજાનું રક્ષણ કરવાને માટે દરવાજામાં જ સજ્જ થએલા માણસો ઊભેલા છે, અને જે કોઈ પ્રવેશ કરે તેને પોતાથી બને તેટલું નુકસાન તથા ઉપદ્રવ કરવાનો તેમનો ઇરાદો છે. આથી ખ્રિસ્તી મૂંઝાઈ ગયો. છેવટે સજ્જ થએલા માણસોની બીકને લીધે એકએક માણસ પાછો હઠી ગયો ત્યારે ખ્રિસ્તીના જોતજોતામાં એક ઘણા બહાદુર ચહેરાવાળા માણસે લખનારની પાસે આવીને તેને કહ્યું, કે 'સાહેબ, મારૂં નામ લખો' એટલું કહીને એ માણસે પોતાની તરવાર ખેંચી કાઢી અને પોતાનો ટોપ માથે ચઢાવીને દરવાજામાં ઊભેલા સજ્જ થએલા માણસો પર તે ધસી પડયો. તેઓએ પણ તેના પર હુમલો કર્યો, છતાં એ માણસ બીલકુલ હિમ્મત હારી ગયો નહિ. એથી ઊલટું તે વિશેષ જોરથી પોતાની તરવાર ચલાવવા લાગ્યો. આ પ્રમાણે પોતાને અટકાવનાર ઘણા માણસોને ઘાયલ કર્યા પછી અને પોતે પણ પુષ્કળ ઘાયલ થયા પછી તેણે તેઓની વચ્ચે થઈને મહેલમાં જવાનો પોતાનો રસ્તો કરી લીધો. ત્યારબાદ માંહેથી એક આકર્ષક વાણી સાંભળવામાં આવી. તે વળી મહેલના ઉપલા ભાગમાં જે ત્રણ માણસો ફરતા હતા તેમની જ વાણી હતી, અને તે વાણી એમ કહેતી હતી, કે "અંદર આવ, અંદર આવ, સનાતન મહિમા સંપાદન કર." પછી તે માણસ અંદર દાખલ થયો અને તેમના જેવાં જ વસ્ત્રોથી વેષ્ટિત થયો. ત્યારબાદ ખ્રિસ્તીએ મોં મલકાવીને કહ્યું, કે આનો અર્થ હું સમજી શકું છું." પણ મારા મનમાં જે સવાલ છે તે સમસ્ત મંડળીના ખ્રિસ્તીઓ સમજે છે કે કેમ?

૩૩. ગુમ થએલો ખ્રિસ્ત

"તે તેઓને જડયો નહિ, ત્યારે તેઓ તેને શોધતાં શોધતાં યરૂશાલેમ પાછાં ગયાં" (લુક ૨; ૪૫).

આ વાક્ય જે વાચનપાઠમાંથી લીધેલું છે તે નવા વરસના પહેલા ભાગમાં સાર્વત્રિક મંડળીમાં સર્વત્ર વાંચવામાં આવે છે, અને તે જે વાર્તા યાદ કરાવે છે તે પવિત્ર શાસ્ત્રમાંની સાદી અને પ્રિય હીરારૂપી વાતોમાંની એક છે. સુવાર્તાઓમાં ઈસુની બાલ્યાવસ્થા સંબંધી આપણને થોડું જ જણાવવામાં આવે છે; તથાપિ જેનો વિશ્વાસ ન રખાય તેવી દંતકથાઓ પુષ્કળ પ્રમાણમાં મળે છે. તેની બાલ્યાવસ્થાના દિવસોમાં આપણો પ્રભુ કદાપિ અસાધારણ છોકરો હતો નહિ; કાંતો તેના માબાપ બુદ્ધિમાન હોવાને લીધે તેઓએ તેને પોતાના ઘરના પવિત્ર વાતાવરણમાં સાચવી રાખ્યો હશે. ત્યાં તે બુદ્ધિમાન પ્રેક્ષક તરીકે જીવનના દેખાવો જોઈને શીખતો હતો, અને પોતાના વખતના અધિકારયુક્ત શિક્ષિતોના પગ પાસે બેસતો હતો.

શાંત ખીણમાં વહેતી નાની નદી જો કે પ્રેક્ષકને નહિ જેવી લાગે તોપણ આગળ જતાં તે પોતાની વિશાળ સપાટી પર શહેરો અને શહેરોનો વેપાર લઈ જતી ઘણીવાર જોવામાં આવે છે; તેજ પ્રમાણે આ બેથલેહેમનો છોકરો જો કે હમણાં કદાપિ બીજા છોકરાઓના જેવો જ દેખાતો હશે, તોપણ તે આગળ જતાં દુનિયાનાં પાપનું નિવારણ કરવાનો હતો. નાઝારેથના સભાસ્થાનમાં તેણે ઘણીવાર યરૂશાલેમના મંદિરમાં સાન્હેદ્રિનના જે સભ્યો બેસતા હતા તે જ્ઞાની પુરુષો સંબંધી સાંભળ્યું હશે. નિયમશાસ્ત્ર પર તેઓએ કરેલી ટીકાઓ સંબંધી તથા આપેલા અધિકારયુક્ત ખુલાસા સંબંધી નાઝારેથના સભાસ્થાનમાં વારંવાર વિવેચન કરવામાં આવ્યુ હશે. વળી તે બાર વર્ષનો થયો ત્યારે પારખા પર્વની વેળાએ તેનાં માબાપ તેને પોતાની સાથે યરૂશાલેમ લઈ ગયાં ત્યારે તો જે જ્ઞાની પુરુષો સંબંધી તે આટલું બધું સાંભળતો આવ્યો હતો તેઓને મોઢામોઢ જોવાની સર્વોત્તમ તક મને મળી છે એમ તેને લાગ્યું હશે; કેમકે નિયમશાસ્ત્રમાં તથા પ્રબોધકોમાં ફલાણા ફલાણા પ્રકરણનો કેવો ખુલાસો થતો હશે તે વિષેના અગણિત સવાલો તેના વિચારવંત અને ગંભીર મનમાં ઉપસ્થિત થયા હશે. તેઓના પોતાના મુખ્ય સ્થળે જ્ઞાની પંડિતોને આ સવાલો પૂછવાની આ કેટલી બધી સારી તક કહેવાય! માટે તે કોણ જાણે કેવી રીતે તેઓની હજૂરમાં દાખલ થયો, અને તેઓને પ્રશ્નો પૂછવા લાગ્યો. તે તેઓના જવાબો સાંભળવા તલપી રહ્યો હતો; પરંતુ તેઓને ખબર પડી ત્યાર પહેલાં, અને તેને પોતાને પણ ખબર

પડી ત્યાર પહેલાં, તેમની તથા તેની પરસ્પર સ્થિતિ બદલાઈ ગઈ; તેની પાસે તેઓ જ ખુલાસા માગતા હતા, અને તેજ ઈશ્વરની વાતો લઈને તેઓને શિખવતો હતો.

પાસ્ખા પર્વને માટે જે મોટો સમુદાય ચારે તરફથી યરૂશાલેમ આવતો હતો તે અવ્યવસ્થિત સમુદાય હતો. તે રાજધાનીમાં આવી પહોંચ્યો ત્યારે જે પહેલાં નાની નદી હતી તે તો જાત્રાળુઓનો મોટો પ્રવાહ થઈ ગયો હતો, કેમકે જેમ જેમ રાજધાની નજીક આવતી ગઈ તેમ તેમ રસ્તામાં આવેલા કસ્બાઓ તથા ગામોમાંથી આવતાં માણસો તેમાં ઉમેરાતાં ગયાં હતાં. તેજ પ્રમાણે પાછા જતી વખતે પવિત્ર નગરમાંથી મોટો સમુદાય નીકળ્યો હશે, પરંતુ જે ગામોમાંથી તેઓ આવ્યા હતા તે ગામો જેમ જેમ આવતાં ગયાં તેમ તેમ આ સમુદાય નાનો થતો ગયો હશે. વળી ઘણું કરીને સમુદાય આવી રીતે ઘણો ઘટી ગયો હશે ત્યારે જ મરિયમ તથા યુસફને ખબર પડી હશે કે ઈસુ અમારી સાથે નથી.

આ વખતે મરિયમ તથા યુસફની સ્થિતિ કેવી થઈ હશે તે આપણે સહેજે સમજી શકીએ છીએ. જેઓની પાસે રેડીઓ છે, તેઓ દર રાત્રે આવા સમાચાર સાંભળી શકે છે. જાહેર ખબરો આપ્યા પહેલાં ચિંતાતુર સગાંવહાલાંઓના હૃદયભેદક સમાચાર સંભળાવવામાં આવે છે; કોઈ પોતાના ગુમ થએલા ધણી વિષે, કોઈ પોતાની ગુમ થએલી પત્ની વિષે, ને કોઈ પોતાના ગુમ થએલા બાળક વિષે રેડીઓ દ્વારા દુનિયાને પૂછે છે. યુસફ તથા મરિયમે તરત જ પોતાના મિત્રો તથા ઓળખીતાઓને પોતાના દુ:ખનો સમાચાર પહોંચાડ્યો, પણ તેઓનું કંઈ વળ્યું નહિ; આથી તેઓ પાછે ડગલે યરૂશાલેમ ગયાં; ત્યાં તે તેઓને મળ્યો. જ્યાં તેઓએ તેને છેલ્લી જ વાર જોયો હતો ત્યાં જ તે તેઓને મળ્યો. તે પોતાના આકાશી પિતાના ઘરમાં હતો; તે પોતાના આકાશી પિતાના કામમાં રોકાએલો હતો.

શું આજકાલ ખ્રિસ્તને ગુમાવ્યાનો આપણને કશો અનુભવ નથી? આ તો ખ્રિસ્તી સુધારાનો જમાનો કહેવાય છે, પણ ખ્રિસ્તી સુધારાનો કાફલો પોતાનો સૌથી મૂલ્યવાન ખજાનો ગુમ થયો છે એ જાણ્યા વિના આગળ નથી ચાલતો? અમુક અમુક દેશોને આપણે ખ્રિસ્તી દેશો કહીએ છીએ, પણ આવું વર્ણન સાંભળીને શું પુરાતન દેવો હસતા નહિ હોય? આ પુરાતન દેવો પહેલાં ખ્રિસ્તની આગળ થરથરતા હતા; વખત એવો હતો કે જ્યારે તેઓના સર્વોપરિપણા વિષે નાઝારેથના ખ્રિસ્તને લીધે રોમ તથા ગ્રીસનાં દેવદેવીઓને ધાસ્તી લાગતી હતી, પરંતુ હવે તેઓને ઓછી ધાસ્તી લાગતી હશે; તથાપિ હજી આપણામાં કેટલાએક છે, હા, ઘણા છે કે જેઓ ગુમ થએલો ખ્રિસ્ત ક્યાં સંતાડેલો છે એ જાણે છે, અને છૂપી રીતે તેને શોધે છે; પરંતુ પુરાતન દેવો ફરીથી પોતાનાં

માથાં ઊંચાં કરે છે. જે અંધકારનાં પરાક્રમોને લીધે ગલગથાનો વધસ્તંભ ઊભો કરવામાં આવ્યો હતો તે પરાક્રમો બહુરૂપી રાક્ષસની માફક હાલની દુનિયામાં છૂટથી હરેફરે છે, અને ફરીથી ઈશ્વરની સુંદર ઉત્પત્તિને અવ્યવસ્થિત કરવાની ધમકી આપે છે. "પ્રભુ મળે છે એટલામાં તેને શોધો," એમ આ પુરાતન પુસ્તક કહે છે, પણ આ અર્વાચીન દુનિયામાં તે કયાં મળે? દુનિયાના માર્ગ પર આપણે પોતાનાં ઓળખીતાંઓમાં તેને શોધીએ છીએ; ચાલુ જમાનાનાં સાહિત્યોમાં આપણે તેને શોધીએ છીએ; દેશદેશની રાજનીતિમાં આપણે તેને શોધીએ છીએ; દેશપરદેશની સંસ્થાઓમાં આપણે તેને શોધીએ છીએ, પણ તે કયાં મળે છે? જયાંત્યાં તેનાં ઝાંખાં પગલાં આપણા જોવામાં આવે છે ખરાં; તે પરથી જે પરમ પવિત્ર છે તે વખતે ફલાણે રસ્તે થઈને ગયો હતો એવું દેખાય છે ખરૂં; પણ તેજ પોતે આપણને નથી જડતો.

વળી જે વિશાળ ક્ષેત્રો પર પહેલાં ખ્રિસ્તની સત્તા ચાલતી હતી, તેમાં પ્રગટ કરેલા અને સ્વીકારાએલા રાજતંત્રને લગતા, જનસુધારાને લગતા તથા નીતિવિષયક વિચારો વિષે આપણે કેવો અભિપ્રાય બાંધીશું? બળાત્કારનું કર્ત્તવ્ય તેજ ખરૂં, જીવનનો હેતુ તેજ સ્વાર્થ એવા વિચારો પર પ્રજાઓ પોતાનાં રાજતંત્રો આધારભૂત કરવા માંડે છે; પુરુષાતનના બદલામાં નિર્દયતાની ભલામણ કરવામાં આવે છે, અને સુધારાનાં સાધનો તરીકે તેમજ શાંતિના દૂતો તરીકે વિશ્વાસઘાત, સંહાર તથા સતાવણી આગળ ધરવામાં આવે છે. પોતાના જોખમ ભરેલા વહાણમાં બેસીને આખી દુનિયામાં ફરી વળવાને માટે બળાત્કાર અને ભયની જે ચઢતી રેલો આપણી બારીમાં થઈને જોવામાં આવે છે તે તરફ જોઈને કબૂલ કરવું પડે છે કે આ વર્ણન વધારે પડતું કાંઈ નથી પણ વાજબી છે!

વધસ્તંભે જડાએલા ખ્રિસ્તને આપણે પ્રગટ કરવા બહાર જઈએ છીએ, ત્યારે વારંવાર આ બધાંનું સ્મરણ આપણને કરાવવામાં આવે છે. વળી આ બાબત પર આપણું ધ્યાન ખેંચવામાં આવે છે કે દુનિયાનો ઘણોખરો ગોટાળો તેનો જે ભાગ ખ્રિસ્તી કહેવાય છે તેમાં એકઠો થએલો જોવામાં આવે છે. લોકો પોકારીને કહે છે કે આબિસિનિઆનો વિચાર કરો; લોકો પોકારીને કહે છે કે સ્પેનને જુઓ; તમારો ખ્રિસ્ત શું કરે છે? વાંધો કયાં આગળ છે? બેથલેહેમની બીનાઓ પછી સૈકાઓથી ચાલતો આવેલો સ્વર્ગીય યરૂશાલેમ જનારા યાત્રાળુઓનો જે મોટો કાફલો તેનું શું થઈ ગયું? એક જ બાબત બની છે અને તે એ છે કે કાફલાએ પોતાના ખ્રિસ્તને ગુમાવ્યો છે. કાફલો આગળ ચાલે છે ખરો પણ તેમાં ખ્રિસ્ત નથી; ખ્રિસ્તનો વાવટો જયાં કહીં લઈ જવામાં આવે છે ત્યાં તે બગડેલો છે, અને પવનમાં અમથો ફરકે છે.

તો પછી આનો ઉપાય શો? ખ્રિસ્તને પાછો મેળવી લેવો કેવી રીતે એક જ ઉપાય છે અને તે એ છે કે આપણે જ્યાં તેને છેલ્લી વારે જોયો હતો ત સુધી આપણે પાછાં પગલાં ભરીએ. મરિયમ તથા યુસફે તે પ્રમાણે જ કર્યું આપણે તેજ પ્રમાણે કરવાનું છે.

પરંતુ તેઓએ પ્રથમ ભૂલ કરી; તેઓએ પહેલાં ખોટી જગાએ તેની શો કરી; તેઓએ તેને પોતાનાં ઓળખીતાંઓમાં શોધ્યો, ઊંટો વિષે વાતચિ કરનાર અને જાત્રાળુઓના તંબુઓની આસપાસ ભૂલ્લભૂલ્લામણીની રમત રમન છોકરાઓની ટોળીઓમાં તેઓએ તેની શોધ કરી; પણ ત્યાં તે તેઓને જડ નહિ.

તો પછી ગુમ થએલો ખ્રિસ્ત આપણને ક્યાં આગળ મળશે? મરિય તથા યુસફને તે જ્યાં આગળ મળ્યો હતો ત્યાં જ તે આપણને મળશે; એટ આપણે જ્યાં તેને મૂકી ગયા હતા ત્યાં. તેની ભક્તિનાં સાધનો મધ્યે આપ તેને ગુમાવ્યો છે. મરેલા રાજાઓની પેટીઓ પર જેમ મિસર દેશમાં મો તથા ભવ્ય પીરામીડો ઊભા કરવામાં આવ્યા છે તેમ આપણે ખ્રિસ્તના શર પર વિવિધ પ્રકારનાં વિશ્વાસનામાં તથા બંધારણના ઢગલા કરી દીધેલા વળી નકામી બાબતોમાં આપણે વધારે વખત ગુમાવીએ છીએ. મુએલાઓ આપણે જીવતાને શોધીએ છીએ; "તે ત્યાં નથી; તે ઊઠયો છે." બેથલેહેમ છોકરાનું શું થયું છે? એ ગતકાળના ધર્મપિતૃઓને પૂછવાથી કશો ફાય નથી. ઘણાં વિદ્વત્તાપૂર્વક ભાષણો સંભળાવવામાં આવે છે કે જેમાં ખ ખ્રિસ્તનું નામનિશાન છે જ નહિ. જ્યારે તે આપણને પાછો મળશે, ત્યારે આપ જ્યાં તેને મૂકી ગયાં હતાં ત્યાં તે મળશે. તે પોતાના બાપના ઘરમાં આપણ મળશે; તે માંદાંઓને સાજાં કરતો કરતો આપણને મળશે; તે દરરોજ વ્યવહારમાં સ્ત્રીઓ, પુરુષો અને છોકરાંની મધ્યે આપણને મળશે; અહીં કેટલાએકને ઠપકો આપતો માલૂમ પડશે; ત્યાં તે કેટલાએકને શિખામ આપતો માલૂમ પડશે; અને સર્વ સ્થળમાં દિલાસો આપતો અને સઘળાને મ તારણ આપતો તે માલૂમ પડી આવશે. બેથલેહેમની સર્વ સાદાઈસહિત આપણને મળશે; જ્યાં વધસ્તંભ પર તે આપણે માટે મરણ પામ્યો હતો ત તે આપણને મળશે; પાપ તથા મરણ પર જય પામીને તે ખાલી કબરની બહ ઊભેલો આપણને મળશે. જીવનના ધૂળવાળા રસ્તા પર તે હજી આપણ શોધ્યા કરે છે; પોતાની મેજના એકાંતપણામાં તે આપણને આહ્વાન કરે છે "મારા હાથ જો; મારી કુંખ જો."

જે મંડળી પ્રજાઓ પ્રત્યે આવા સમાચાર લઈ જનાર છે તેના હૃદય સદાકાળનું જીવન છે, અને જે પ્રજાઓ સાંભળે છે તેઓ તારણ પામ

અત્યારે યૂરોપ ખંડમાં પ્રાચીન બૂમ ફરીથી સંભળાય છે: "કેસર સિવાય અમારે બીજો કોઈ રાજા નથી." જો કે કેસરની જગા અમુક રાજતંત્રે લીધેલી હોય તોપણ બૂમ તો તે ને તેજ છે, માત્ર ખમીસના રંગ જેટલો જ તફાવત છે. આ બૂમ પડી ત્યારે જ માણસોએ ખ્રિસ્તને ગુમાવ્યો; ત્યારે જ તેઓનાં દુઃખો શરૂ થયાં, અને "ખ્રિસ્ત સિવાય અમારે બીજો કોઈ રાજા નથી" એ વધતી સારી બૂમ પાડતાં જ્યારે તેઓ શીખશે ત્યારે જ તેમનાં દુઃખો દૂર થશે.

પણ વિશેષે કરીને આપણા વ્યક્તિગત જીવનને આ વાત લાગુ પડે છે. શું આપણામાંના કેટલાએકે ખ્રિસ્તને ગુમાવ્યો ન હોય! સંઘમાં એટલાં બધાં માણસો હતાં કે અમુક વખત સુધી આપણને પોતાની ખોટની ખબર પડી નહોતી; આપણા મિત્રો એટલા બધા હતા કે તેમની મનોરંજક વાતચીતમાં ખ્રિસ્તની કોમળ વાણી બોલતી બંધ થઈ છે તેની આપણને ખબર પડી નહિ. પછી આપણા પર કોઈ વાર આફત આવે છે, ઝરા આગળ ગાગર ફૂટી જાય છે; આપણે તેને હાંક મારીએ છીએ, પણ તે જવાબ આપતો નથી; આપણે ફંફોસીને તેને શોધીએ છીએ, પણ તેની ગેરહાજરી જ દેખાય છે. "મને તે ક્યાં જડે એ હું જાણતો હોત તો કેવું સારું!" પણ તે ક્યાં મળે? ફરીથી તેજ જવાબ મળે છે—આપણે જ્યાં તેને મૂકી ગયાં હતાં ત્યાં જ તે આપણને મળશે. જો યહુદા જાણતો હોત તો પેલા જૈતુનવૃક્ષ તળે જ્યાં તેણે તેને વિશ્વાસઘાતી ચુંબન કર્યું હતું ત્યાં તે તેને પાછો મળ્યો હોત; ત્યારે તો પેલું બીજું ઝાડ જેના પર તેણે વિશ્વાસરહિતના પશ્ચાત્તાપને લીધે ગળે ફાંસો ખાધો તે ઝાડની જરૂર ન પડત. વિશ્વાસઘાતી પીતરે જ્યાં આગળ તેનો નકાર કર્યો તેજ જગાએ તેને તે પાછો મળ્યો, અને સાથે સાથે તેને માફી અને તારણ પણ મળ્યાં.

તે આપણને ક્યાં મળશે? જે જગાએ આપણે માર્ગમાંથી ભૂલા પડ્યા હતા તેજ જગાએ તે ધીરજથી આપણી રાહ જુએ છે; પણ આપણા પર તે કોઇ જાતનો બળાત્કાર કરશે નહિ. તેને મૂકી દેવાને માટે તમે મોકળા હતા; તમે તેને મૂકી દીધો. તેજ પ્રમાણે તેની પાસે પાછા આવવાને તમે મોકળા છો. તમારી ખુશીથી તમે ભૂલા પડ્યા, અને તમારી ખુશીથી તમારે પાછા આવવું પડશે. આપણે જે પુનઃસ્વાર્પણ કરવાનું છે તે બીનશરતે કરવાનું છે; ખ્રિસ્તને માટે સર્વસ્વ આપવાનું છે—એથી ઓછું નહિ; ખ્રિસ્ત સર્વમાં સર્વ થાય—એથી ઓછું નહિ! મરિયમ તથા યુસફ ઠેઠ તેના બાપના ઘરે ગયાં ત્યારે જ તે તેમને મળ્યો હતો; તેજ પ્રમાણે આપણે જ્યાં પાપ કરીને તેને મૂકી ગયાં હતાં ત્યાં સુધી આપણે દરેક પગલું પાછું ભરીએ તો બેશક તે આપણને પણ મળ્યા વિના રહેશે નહિ.

૩૪. ખ્રિસ્તની આપલે

"તેણે રોટલી લીધી" (લુક ૯; ૧૬).
"તેણે એક બાળકને લીધું" (માર્ક ૯; ૩૬).
"તેણે રૂમાલ લીધો" (યોહાન ૧૩; ૪).
"તેણે પ્યાલો લીધો" (માત્થી ૨૬; ૨૭).

ખ્રિસ્તી જીવનમાં ખ્રિસ્ત ઘણું આપે છે, પરંતુ તે આપણા તરફથી કાંઈક પામવાની પણ આશા રાખે છે. એક રીતે એમ કહીએ તોપણ ચાલે કે ખ્રિસ્તની સાથે આપણો જે સંબંધ છે તે આપલેનો સંબંધ છે. અલબત, ખ્રિસ્ત જ્યારે કાંઈક લે છે ત્યારે તે પાછું આપવાના હેતુથી લે છે. સુવાર્તામાં ચાર વખત ઈસુએ કાંઇક લીધું એવું આપણા વાંચવામાં આવે છે, અને દરેક વખતે આપણને ઘણું શીખવાનું મળે છે. આ ચારે વસ્તુ સાધારણ વસ્તુઓ છે, છતાં ઈસુ જ્યારે તેઓનો સ્પર્શ કરે છે ત્યારે તેઓનું ખરૂં મહત્ત્વ માલૂમ પડે છે; ઈસુ જેટલું લે છે તેટલું તે પવિત્ર કરે છે.

૧. "તેણે રોટલી લીધી." પાંચ હજારને જમાડવાના ચમત્કાર વિષે તમે બધાં જાણો છો. સમુદાય આપણા પ્રભુની પાછળ જંગલમાં ચાલ્યો હતો. આખો દિવસ તેણે તેઓને બોધ આપ્યો. સાંજે બધાંને ભૂખ લાગી, પણ ખાય શું? જેમાંથી આ બધાંને બસ થાય એટલો ખોરાક લાવી શકાય એવું કોઈ ગામ પાસે નહોતું. શિષ્યોએ પ્રભુને કહ્યું કે લોકોને વિદાય કર; ખ્રિસ્તે શિષ્યોને કહ્યું કે લોકોને બેસાડો અને જમાડો. શિષ્યો અચંબો પામ્યા. આ બધાંને જમાડવા શામાંથી? પાંચ રોટલી અને બે માછલીમાંથી? ખ્રિસ્ત કહે છે કે હા. શિષ્યોના મનમાં તો શંકા આવી હશે, પણ પ્રભુના હુકમને આધીન થઈને તેઓ રોટલી અને માછલી વહેંચવા લાગ્યા, અને જેમ વહેંચતા ગયા તેમ રોટલી અને માછલી વધતી ગઈ. આખરે બધાંએ ખાધું, બધાં ધરાયાં, અને રોટલી ને માછલી વધી પણ ખરી.

હવે આ તો કેવળ મંડળીના જીવન તથા અનુભવના દૃષ્ટાંતરૂપ છે. સુવાર્તિકો જ્યારે આપણને આ વાત જણાવે છે ત્યારે કેટલો મોટો ચમત્કાર થયો એ વાત પર તેઓ ભાર મૂકે છે. આપણે પણ જ્યારે કોઈને આ વાત શીખવીએ છીએ ત્યારે એજ બાબત પર ભાર મૂકીએ છીએ. વળી આ મોટો ચમત્કાર હતો એ વાત તદ્દન નિર્વિવાદ છે. પરંતુ આપણો પ્રભુ જાણતો હતો કે માણસ એકલી રોટલીથી નથી જીવતો. તે જાણતો હતો કે આ લોકોને કેવળ રોટલીની જરૂર

નથી; તેમની જરૂરિયાત તો રોટલી કરતાં અધિક છે. યોહાન આનો ખરો ખુલાસો આપે છે: "મારું માંસ તે ખરેખરું ખાવાનું છે, અને મારું લોહી તે ખરેખરું પીવાનું છે" એમ તેજ વખતે આપણા પ્રભુએ કહ્યું. તેણે રોટલી લીધી, પણ લોકોને આપ્યું પોતાનું જીવન!

ખ્રિસ્તી જીવન ગાળવાને માટે માણસોને સ્વાભાવિક રીતે એમજ લાગે કે અમારી પાસે જે સાધનો છે તે ઓછાં છે. ખ્રિસ્ત કહે છે કે જે હોય તે મારી પાસે લાવો. વળી તેની પાસે આપણે તે લાવીએ છીએ ત્યારે તે તેને વધારે છે. તમારો અલ્પ વિશ્વાસ મારી પાસે લાવો; હું તેને વધારીશ. તમારો પ્રેમ મારી પાસે લાવો; મારા પ્રેમની ઉષ્ણતા વડે હું તેને સળગાવીશ. તમારાં ચારિત્ર તથા સ્વભાવની અપૂર્ણતા મારી પાસે લાવો; હું તેને સંપૂર્ણ કરીશ.

આપણે પ્રભુની મેજ પાસે બેસીએ છીએ ત્યારે આપણા અબળપણાની લાગણી વિશેષ થાય છે. પણ આ ચમત્કારના વૃત્તાંતમાં એ શિક્ષણ રહેલું છે કે સુવાર્તા આખી દુનયાની જરૂરિયાતોને માટે પૂરતી છે. આપણે વાંચીએ છીએ કે સઘળાં ધરાયાં. આજે પણ જો આપણે પોતાની પાસે જે કાંઈ હોય તે તેની પાસે લાવીએ, અને તેનું તેને અર્પણ કરીએ, તો આપણને પણ તૃપ્તિ થશે.

૨. "તેણે બાળકને લીધું" પાંચ હજારને જમાડતી વેળાએ છોકરાં પણ હાજર હતાં, અને તેઓ પણ તૃપ્ત થયાં. ખરી વાત છે કે મોટાં કરતાં નાનાં વહેલાં તૃપ્ત થાય છે. જે ખોરાક નથી તેને માટે નાણું ખરચવાની મોટાંને ટેવ પડે છે. આ કારણથી ઈસુએ એક બાળકને લઈને તેને શિષ્યોની વચ્ચે ઊભું રાખ્યું. બાળકને જ્યાં સુધી ખાવાનું અને પહેરવાનું મળે ત્યાં સુધી તે સંતોષી રહે છે. મોટાં માણસો એટલામાં સંતોષ માનતાં નથી તેમના સ્વાર્થની કોઈ મર્યાદા નથી એટલે તેઓ ધરાય કેવી રીતે? યોહાન અને યાકૂબનો દાખલો જોઈએ તો ખ્રિસ્તના રાજ્યમાં એક તેને જમણે હાથે અને એક તેને ડાબે હાથે બેસે એટલે સુધી તેઓની માગણી હતી. માણસોને સ્થાન બહુ પ્રિય હોય છે. મંડળીમાં આજ સુધી જે હરકતો અનુભવવામાં આવે છે તેમાંની ઘણીખરી હરકતનું મૂળ આજ બાબતમાં રહેલું છે. મુખ્ય આસનો પસંદ કરવાની પ્રથા ફરોશીઓની સાથેજ ખતમ થઈ એવું કાંઈ નથી. અમુક કામને માટે કોઈની પસંદગી થાય તો દશનાં હૃદય બળે. ફલાણાને પસંદ કરવામાં આવ્યો, તો તેના કરતાં હું ઊતરતો? એક-બીજાની સાથે પોતપોતાને સરખાવવાની આપણને ટેવ પડી છે. ખ્રિસ્ત ઇચ્છા રાખે છે કે આપણે બાળકની સાથે પોતાની સરખામણી કરીએ.

બાળકનાં કયાં લક્ષણો આપણા પ્રભુને વિશેષ ગમતાં હતાં? એક તો વિશ્વાસ કરવાની તેમની તત્પરતા. બીજું, બાળક સીધું બોલે છે. ત્રીજું,

તેના પર અસર કરી શકાય એમ છે. ચોથું, તે આજ્ઞાંકિત છે, અને પાંચમું તેને ઢોંગ કરતાં આવડતું નથી. શુદ્ધ કરવામાં આવેલા એક કોઢિયા વિષે આપણે વાંચીએ છીએ કે તેની ચામડી ફરી નાના બાળકના જેવી થઈ ગઈ. આપણાં હૃદય પણ ફરીથી નાના બાળકના જેવાં થાય ત્યારે જ આપણે ખ્રિસ્તના રાજ્યમાં પ્રવેશ કરી શકીએ છીએ, અને આ આત્મિક ભોજનમાં તૃપ્ત થઈ શકીએ છીએ.

૩. "તેણે રૂમાલ લીધો." આપણી અપૂર્ણતા હોવા છતાં તે આપણે માટે કેટલું બધું કરી શકે છે તે દેખાડવાને માટે આપણા પ્રભુએ રોટલી લીધી; આપણા તરફથી કઈ શરત પૂરી કરવી પડે છે તે દેખાડવાને માટે તેણે બાળકને લીધું; ત્યારે સેવાનું મહત્ત્વ સમજાવવાને માટે તેણે રૂમાલ લીધો. આ વખતે પણ શિષ્યો મોટાઈ સંબંધી તકરાર કરતા હતા. લાંબી મુસાફરીમાંથી આવીને તેઓ ઉપલી કોટડીમાં એકઠા થયા હતા. એવે વખતે એક રિવાજ યહુદીઓને માટે બંધનકારક હતો, એટલે થાકેલા મુસાફરોના પગ ધોવાનો. ખૂણામા એક વાસણ હતું, પાણી હતું, અને રૂમાલ હતો, પણ ધોવાનું કામ કોણ કરે? વાતાવરણ ગરમ થવા લાગ્યું. છેવટે જ્યારે બધાએ રૂમાલ લેવાની ના પાડી ત્યારે ઈસુએ લીધો. ત્યાં સુધી એકેએક શિષ્યના મનમાં એજ હઠ હતી કે ગમે તે કરે પણ હું નહિ! ત્યારથી એકેએક શિષ્યના મનમાં એમજ આવ્યું કે મેં કર્યું હોત તો સારૂં! આ ભોજન તે સેવા કરાવનારાઓને માટે નથી પણ સેવા કરનારાઓને માટે છે. "બાપે સઘળાં વાનાં મારા હાથમાં સોંપ્યાં છે, અને હું દેવની પાસેથી આવ્યો છું, અને દેવની પાસે પાછો જાઉં છું, **એ જાણીને** ઈસુએ રૂમાલ લીધો." તો પછી આપણને શો વાંધો? સેવા વિષે જો ઉડાઉ દીકરો કાંઈ જાણતો હોત તો તે પોતાના બાપનું ઘર મૂકીને જાત નહિ. છેવટે તે આ પાઠ શીખ્યો. પાછા આવીને તે કહે છે, કે "તારા મજૂરોમાંના જેવો એક મને ગણ." જો આ છેલ્લી સ્થિતિ આપણી હોય તો આપણે ખુશીથી આ ભોજનમાં ભાગ લઈ શકીએ.

૪. "તેણે પ્યાલો લીધો." વિશ્વાસ જોઈએ, તે દેખાડવાને માટે તેણે રોટલી લીધી; નિખાલસ હૃદય જોઈએ, તે દેખાડવાને માટે તેણે બાળકને લીધું; નમ્રતા જોઈએ તે દેખાડવાને માટે તેણે રૂમાલ લીધો, અને છેલ્લે સ્વત્યાગ જોઈએ તે દેખાડવાને માટે તેણે પ્યાલો લીધો. આ પ્યાલો હદ બતાવે છે. વધારેમાં વધારે આટલો જ સ્વત્યાગ કોઈથી થઈ શકે. આથી મોટો પ્રેમ કોઈનો નથી. રોટલી લઈને તેણે પોતાની વિશાળ શક્તિ પ્રદર્શિત કરી; બાળકને લઈને તેણે નિખાલસપણાનો નમૂનો આપ્યો; રૂમાલ લઈને તેણે સેવાનું રહસ્ય દેખાડયું; પ્યાલો લઈને તેણે ઈશ્વરનું હૃદય ખૂલ્લું કર્યું. એમ રોટલી તથા દ્રાક્ષારસની વચ્ચે નિખાલસ સેવા આવે છે, અને એ તેનું યોગ્ય

સ્થાન છે, કેમકે તેજ તેના શરીરનો ભેદ છે. જેનું હૃદય નિખાલસ અને નમ્ર સેવાવાળું હોય તેજ આ ભોજનનો લાભ લઈ શકે છે, કેમકે ભોજન સ્થાપનારના એજ ગુણ હતા. હેબ્રીઓ માનતા હતા કે લોહી તેજ જીવન છે. માટે આપણા પ્રભુએ પ્યાલો લીધો ત્યારે તે છેલ્લા પગથીઆ પર આવ્યો. તે પોતાનો જીવ આપવા તૈયાર થયો; તેણે પોતાનું જીવન રેડી દીધું; તેણે કંઈ પણ પાછું ન રાખ્યું, છેલ્લામાં છેલ્લો, કોઈથી જેટલો સ્વત્યાગ થઈ શકે તેટલો તેણે કર્યો. પ્યાલામાંનું જીવન પામવા માટે આપણે એજ રસ્તે જવું પડશે: વિશ્વાસ, નિખાલસપણું, નમ્રતા અને સ્વાર્પણ એ આ સંગતમાં આવવાનાં પગથીઆં છે. તેમાંનું આ છેલ્લું પગલું આપણે ભર્યું છે કે પવિત્ર લોહીની અવગણના કરીએ છીએ?

એક સરસ અંગ્રેજી વાર્તા છે. તેમાં બે અંગ્રેજ મુસાફર ભાઈઓ વિષે કહેવામાં આવે છે. આ વાર્તાનું નામ 'છુંદાએલો વધસ્તંભ' એવું રાખવામાં આવ્યું છે. એક મુસાફર આધેડ અવસ્થાનો માણસ હતો અને બીજો તે જરા જુવાન હતો. તેઓની મુસાફરીમાં તેઓ અમુક મુસલમાન દેશમાં જઈ પહોંચ્યા. ત્યાંના લોકો બહુ જ ઝનૂની હતા. ઈંગ્લાંડમાં ગમે તે દેવળમાં જવાની રજા છે, માટે આ લોકોના જોવામાં એક સુંદર મસ્જિદ આવી ત્યારે તેઓ વગર વિચારે જોવાને માટે અંદર દાખલ થયા. આથી મુસલમાન લોકો ક્રોધે ભરાયા, તેમના પર હુમલો કરવામાં આવ્યો, અને તેઓને પકડવામાં આવ્યા. ત્યાર બાદ મુસલમાનોના એક આગેવાને તેમને સંબોધીને કહ્યું, કે તમે અમારી મસ્જિદ અશુદ્ધ કરી છે માટે તમારે મરણની શિક્ષા ભોગવવી પડશે. પણ એક શરતે તમારો બચાવ થાય એમ છે. એમ કહી તેણે લાકડાના બે ટુકડા વધસ્તંભના આકારમાં એકબીજા સાથે જોડીને જમીનમાં ઠોકી દીધા. પછી તેણે કહ્યું, કે આ તમારા ધર્મની નિશાણી છે તેને પગ તળે છૂંદી નાખો તો જીવશો, નહિ તો મરશો. મોટા ભાઈએ તો ના પાડી. તે ખાસ ધાર્મિક તો નહોતો, છતાં તેને એમ લાગ્યું કે આ વધસ્તંભ પર જે મરણ પામ્યો તેનું જીવન આખી માણસજાતના કરતાં કિંમતી હતું, માટે હું તેના વધસ્તંભ ઉપર પગ નહિ જ મૂકું. નાના ભાઈએ હા પાડી. તેણે પોતાનો જીવ તો બચાવ્યો પણ ત્યાર પછી તેને શાંતિનો અનુભવ થયો નહિ. તેનાં સ્વપ્નોમાં છુંદાએલો વધસ્તંભ આવીને ઊભો રહેતો હતો, અને ભાંગતા લાકડાનો અવાજ તેના કાને અથડાતો હતો. આખરે તે તેજ વધસ્તંભની આગળ નમ્યો, અને ત્યાં તેણે માફી માગી ત્યારે જ તેને શાંતિ મળી.

"મને ઊંચો કરવામાં આવશે તો સઘળાં માણસોને હું મારા તરફ ખેંચીશ," એમ આપણા પ્રભુએ કહ્યું અને એમજ થાય છે. તેણે પ્યાલો લીધો ત્યારે

તેણે બધું જ લીધું. ત્યાર પછી આપણે તેનાથી કશું પાછું રાખી શકીએ એવી સ્થિતિ રહી નથી, કેમકે વધસ્તંભ પર તેણે આપણાં હૃદયો હરણ કર્યાં છે. ત્યાં આગળ તેણે આપણું સર્વસ્વ લીધું અને પોતાનું સર્વસ્વ આપણને આપી દીધું.

પ્રભુના નામને ધન્ય હોજો કે તેણે રોટલી લીધી કેમકે ત્યારે જ મેં જાણ્યું કે તેની પાસે અખૂટ ભંડાર છે. ધન્ય હોજો તેના નામને કે તેણે બાળકને લીધું; નહિ તો આકાશ કેવું છે તે પણ હું જાણત નહિ. વળી ઈસુના નામને ધન્ય હોજો કે તેણે રૂમાલ લીધો; કેમકે તે વિના હું ત્યાં જવાની આશા રાખી શકત નહિ પણ બધાં કરતાં હું તેને એ માટે ધન્યવાદ આપું છું કે તેણે પ્યાલો લીધો; કેમકે તેણે પ્યાલો લીધો ત્યારે તેણે બધું લીધું, અને તેણે બધું લીધું ત્યારે તેણે બધું આપ્યું.

૩૫. મધરાતની આતુરતા

"મારો એક મિત્ર મુસાફરીએથી મારે ત્યાં આવ્યો છે, તેની આગળ પીરસવાનું મારી પાસે કંઈ નથી" (લુક ૧૧ ; ૬).

ઘણાંખરાંને મધરાતની બીક લાગે છે. મધરાત મન ઉપર વિચિત્ર અસર કરે છે. મધરાતે જે તાર આવે તે દિવસના કરતાં બમણી ગભરામણ ઉત્પન્ન કરે છે. આ કારણથી મધરાતને આપણી ભારેમાં ભારે અગત્યની ઉપમારૂપ ગણવામાં આવે છે, અને ખ્રિસ્તી ધર્મ તે મધરાત માટેનો ધર્મ છે.

"મારો એક મિત્ર મુસાફરીએથી મારે ત્યાં આવ્યો છે, તેની આગળ પીરસવાનું મારી પાસે કંઈ નથી" એ શબ્દો આપણા પ્રભુના છે. તે પરથી સાધારણ ઘરસંસારની બાબતો વિષે તેનું જ્ઞાન અને તેના પ્રત્યે તેની સહલાગણી દીપી નીકળે છે. પવિત્રમાં પવિત્ર વિષયોમાના એક એટલે પ્રાર્થનાના સંબંધમાં આ શબ્દો ઉચ્ચારવામાં આવ્યા હતા. આપણા પ્રભુના જમાનાના યહુદીઓ પ્રાર્થનાવાદી હતા. તેઓ બધી જગાએ—મંદિરમાં, સભાસ્થાનોમાં, રસ્તાઓમાં—પ્રાર્થના કરતા હતા. આપણા પ્રભુએ જે નવા યુગની સ્થાપના કરી હતી, તેનું એક વિશેષ લક્ષણ એ પરથી જણાય છે કે ખરી પ્રાર્થના કરવા સંબંધી તેના શિષ્યો પણ પોતાની અજ્ઞાનતા કબૂલ કરતા હતા પુરાતન શ્રદ્ધાનો માર્ગ મૃત જેવો થઈ ગયો હતો. પ્રાર્થનાની જૂની પ્રથા લોકોનાં મન પર અસર કરી શકતી નહોતી. પ્રભુ ઈસુના સહવાસમાં આવવાથી શિષ્યોને નવી નવી જરૂરિયાતો જણાઈ આવતી હતી, અને તે નવી જરૂરિયાતો દર્શાવવા સારૂ પ્રાર્થનાની જૂની પદ્ધતિ તેઓને નિરુપયોગી માલૂમ પડતી હતી; આકાશના રાજ્યના નવા દ્રાક્ષારસને માટે નવી મશકોની જરૂર પડતી હતી; આ રાજ્યને લગતા વિચારો દર્શાવવાને માટે નવાં સાધનોની જરૂર પડતી હતી; તેથી "પ્રભુ, અમને પ્રાર્થના કરતાં શીખવ," એવી વિનંતી શિષ્યોએ કરી, ઈસુએ તેના જવાબમાં જે સુંદર પ્રાર્થનાનો નમૂનો આપ્યો તે પચાસ કરોડ કરતાં વધારે મનુષ્યોને આવડે છે, અને મનુષ્યોના હોઠોથી ઉચ્ચારાએલી ગમે તે પ્રાર્થના કરતાં તે સર્વોત્તમ મનાય છે. "પ્રભુની પ્રાર્થના" એ નામે તે ઓળખાય છે.

ત્યાર પછી તેણે પોતાનો અર્થ ખુલ્લો કરવાને માટે જે દૃષ્ટાંતમાં આપણું આધારવાક્ય સમાએલું છે, તે તેઓને શીખવ્યું. તે પરથી તે પોતાના બોધને અર્થે આત્મિક તથા સંસારી બાબતોનો ઉપયોગ કેટલી અસરકારક રીતે કરી શકતો હતો એ જણાય છે. આ દૃષ્ટાંતનું નામ 'આગ્રહ કરનાર પડોશીનું દૃષ્ટાંત' રાખવામાં આવ્યું છે. તે દૃષ્ટાંતની મતલબ એવી જણાય છે કે ખરી

પ્રાર્થના તે તો અમુક ઉચ્ચારેલા શબ્દો નહિ પણ મનની અમુક સ્થિતિ છે, તેમાં ઈશ્વર તથા મનુષ્યોનો મિલાપ થાય છે; વળી મિલાપ થવાથી મનુષ્યને ઈશ્વર સંબંધી વધારે સમજ પ્રાપ્ત થાય છે. આપણા પ્રભુના કહેવાનો ભાવાર્થ એવો જણાય છે કે ઈશ્વર તથા મનુષ્યની વચ્ચે એક પરસ્પર સમજની સ્થિતિ હોવી જોઈએ, અને તેમાં આપણે કદી ખલેલ આવવા દેવી નહિ. તે વાત સમજાવવાને માટે આપણા પ્રભુએ પોતાના શિષ્યોને નીચેની એક સુંદર વાત કહી.

મધરાતે એક મુસાફર ઓચિંતો પોતાના મિત્રને ઘેર આવીને તેની પાસે પરોણાચાકરીની વિનંતી કરે છે. તે ગરીબ માણસ હોય એમ લાગે છે; પણ તેના કરતાં પણ તેનો મિત્ર વધારે ગરીબ દેખાય છે, કેમકે તેની પાસે ઘરમાં એક પણ રોટલી નહોતી; તોપણ તે મુંઝાયો નહિ. પરોણાની સેવાચાકરી બજાવ્યા વગર છૂટકો નથી એવું તે સમજતો હતો—તે તો પૂર્વનો સામાન્ય નિયમ છે—માટે એક રોટલી ઉછીની માગવાને તે પોતાના પડોશીને ત્યાં જાય છે. ત્યાં ગયા પછી તેને ખબર પડી, કે પડોશી સૂઈ ગયો છે. તેને જગાડતાં તેને કેટલીક મુસીબત પડી. વળી તે માણસ જાગ્યો ત્યારે પણ તે રોટલી આપવાને નાખુશ માલૂમ પડયો. તેણે એવું બહાનું કાઢયું કે જો હું ઊઠીને બારણું ઉઘાડું તો મારાં છોકરાં જાગી ઊઠશે, તેથી તેણે કહ્યું, કે જાઓ, આ મધરાતને વખતે ઊઠીને તમારી સેવા મારાથી નહિ થાય, તોપણ તેના પડોશીએ માન્યું નહિ. તેને તો પોતાનો ભૂખ્યો મહેમાન યાદ આવતો હતો, તેથી તે બારણું ખખડાવતો બંધ થયો નહિ. છેવટે ગમે તે પ્રકારે મુક્ત થવાના હેતુથી ઘરધણીએ ઊઠીને તે જે માગતો હતો તે આપીને તેને રવાના કર્યો.

આ દૃષ્ટાંતમાં તો ઘરસંસારની એક સાધારણ બાબત સમાએલી છે, છતાં કેટલીક રીતે તે બધાં દૃષ્ટાંતો કરતાં આપણને વધારે અજાયબી પમાડે એવું છે. યાદ રાખો, કે તેમાંનો વિષય તે પ્રાર્થનાનો વિષય છે. વળી જે ઘરધણી ઊઠીને રોટલી આપવા વિષે આનાકાની કરતો હતો તે પરથી ઈશ્વરને દેખાડવામાં આવે છે. આપણે પ્રાર્થના કરીએ છીએ ત્યારે કોઈ વાર તે ઊંઘી ગયો હોય એવું આપણને લાગે છે. ઈસુ કહે છે, કે આગ્રહ કરતાં બંધ ન થાઓ, ઈશ્વર વિષે ગેરસમજ રાખશો મા, બારણું ખખડાવ્યા કરો. જો તમે જોઈએ તેટલા વખત સુધી ખખડાવ્યા કરશો અને જોઈએ તેટલો આગ્રહ કરશો, તો તમને ખાલી હાથે પાછા કાઢવામાં આવશે નહિ. છતાં એક શરત તમારે પોતે પૂરી કરવાની છે, એટલે જે કંઈ તમે માગો તે તમને મળે તે વિષે તમારી ઇચ્છા આગ્રહપૂર્વક હોવી જોઈએ. "માગો તો તમને અપાશે, શોધો તો તમને જડશે, ઠોકો તો તમારે સારૂ ઉઘાડાશે" એ આ દૃષ્ટાંતનો સમાચાર છે. આપણે પોતાના સારામાં સારા પ્રયત્નો કરીએ છીએ ત્યારે જ ઈશ્વર પોતાનું સારામાં સારૂં દાન આપણને આપે છે.

હવે જો આપણે આ દૃષ્ટાંતની બારીક તપાસ કરીએ તો તેની અંદર એક પાસ જાણવા જેવી વાત મળે છે: "મારો એક મિત્ર મુસાફરીએથી મારે ત્યાં આવ્યો છે, તેની આગળ પીરસવાનું મારી પાસે કંઈ નથી." એટલે આવા પ્રસંગને માટે તેના ઘરમાં વધારાનો ખોરાક રાખી મૂકેલો નહોતો. હવે ઉપરઉપરથી જેનો અનુભવ આપણામાંના ગમે તેને અને ગમે ત્યારે થાય એવી એક સાધારણ હરકત સૂચવવામાં આવતી હોય એવું આપણને લાગે છે. આપણે ત્યાં ઓચિંતો મહેમાન આવે તો એવી જ હરકતનો અનુભવ આપણને ગમે ત્યારે થાય એવો સંભવ છે. પણ આ વાત તો કેવળ દાખલારૂપ છે; મુદ્દાની વાત એથી બહુ જુદી છે.

આ વાર્તા કોણે કહી હતી, અને શા હેતુથી કહી હતી, એ આપણે ખ્યાલમાં લઈએ તો આ દૃષ્ટાંતમાં એક ખાસ ઊંડો અર્થ રહેલો છે, એવું આપણને માલૂમ પડી આવશે. કેમકે ફરી યાદ રાખો, કે આ દૃષ્ટાંતનો વિષય તે પ્રાર્થનાનો છે. માટે જે દરિદ્રતાને કારણે આ માણસને મધરાતે પડોશીને ઘેર જવું પડયું હતું, તે પરથી આત્મિક દરિદ્રતા દેખાડવામાં આવે છે. હવે આપણે વિચાર કરીએ તો આપણને માલૂમ પડશે કે જેને આ વાત લાગુ પડે એવા આત્મિક સંજોગો ઘણી વાર આપણા અનુભવમાં આવ્યા હશે. સ્પષ્ટ રીતે બોલીએ તો શું એવા હજારો માણસો નથી, કે જેઓ અમુક અણીને સમયે, અમુક વિપત્તિને સમયે, અમુક દુ:ખને પ્રસંગે, અગર અમુક આત્મા પર ઘોર અંધકાર છવાયાને પ્રસંગે સહાય, તાજગી, સલાહ તથા દિલાસાની શોધમાં પોતાના મિત્રને ઘેર ગયા હોય, ત્યારે તો તે તૈયારી વગરની સ્થિતિમાં તેઓને માલૂમ પડયો? વળી આ સ્થિતિમાં તે માણસ પોતાના ખ્રિસ્તી અનુભવની દરિદ્રતાને કારણે તેઓની સહાય કરવાને શક્તિમાન નહોતો. "તેની આગળ પીરસવાને મારી પાસે કંઈ નથી." આપણે ખ્રિસ્તી કહેવાતાં હોઈએ છતાં પોતાના મિત્રની ખરી ગરજના વખતમાં કોઈને આવું કહેવું પડે તો તે કેટલી શરમ ભરેલી વાત કહેવાય! એમ ધારો કે તમારો મિત્ર અમુક આત્મિક મુશ્કેલીને લીધે તમારી પાસે આવે, જે અન્ન નાશવંત છે તેને માટે નહિ, પણ જે અનંતજીવનની રોટલી છે તેને માટે ભૂખ્યો થઈને કોઈ તમારી પાસે આવે, તો શું તેની તાત્કાળિક અગત્ય પૂરી પાડવામાં આવે એટલાં આત્મિક સાધનો તમારી પાસે સિલકમાં હશે! તમે એવી રીતે વિચાર કરો તો તમારા આત્મિક અનુભવની વાજબી કસોટી થાય, અને એ કસોટી કરવાને હું તમને આમંત્રણ આપું છું.

સઘળાંની અગત્ય પૂરી પાડવામાં આવે એટલાં સાધનો મંડળીની પાસે છે. કોઈવાર મંડળી પણ ઊંઘી ગઈ હોય એમ લાગે છે. કોઈવાર તે મરી ગએલી હોય એમ પણ લાગે છે. પહેલા જ ગુડ ફ્રાયડેના દિવસે જ્યારે વધસ્તંભ ઉપર જીવનના અધિકારીનું ભાંગેલું શબ લટકેલું હતું, તે પ્રસંગે તો ઘણાએ એમ કહ્યું હશે, કે મૃત, મૃત! હાય હાય! મંડળી મરી જ ગએલી છે!! છતાં તેજ મૃત

કહેવાતી મંડળીએ દુનિયાના વાતાવરણમાં કેટલું મોટું રૂપાંતર કરી નાખ્યું, તે સોનેરી અક્ષરોથી ઇતિહાસના દરેક પૃષ્ઠ ઉપર લખેલું છે.

મંડળી મૃત નથી, તેનામાં ખ્રિસ્તનું જીવન છે; અને તે જીવન ખમીરની પેઠે સમસ્ત જનસમાજ ઉપર અસર કરે છે. ધર્મની બાબતો પર આજે જેટલું ધ્યાન આપવામાં આવે છે, તેટલું ધ્યાન પહેલા સૈકાથી માંડીને ભાગ્યે જ આપવામાં આવ્યું હશે. આખી દુનિયાના લોકો ધર્મ વિષેની વાતો ચર્ચે છે, અને જાતજાતના પ્રશ્નો પૂછ્યા કરે છે. બાઈબલ સોસાએટીના રિપોર્ટ પરથી માલૂમ પડે છે, કે દુનિયામાંના કોઈ પણ પુસ્તક કરતાં બાઈબલો વધારે ખપે છે, અને વરસોવરસ વધારે ને વધારે ખપતાં જાય છે. હાલના જમાનામાં મનુષ્યોની જેવી આત્મિક ભૂખ માલૂમ પડે છે, તેવી ભૂખ કોઈ દિવસ માલૂમ પડી નથી; અને તે ભૂખ વળી કોઈ દૈહિક બાબતથી તૃપ્ત થાય એમ નથી, એવી ખાતરી મનુષ્યોને થતી જાય છે.

ડેવિડ હ્યુમ નામનો એક પ્રખ્યાત સ્કોટિશ તત્ત્વજ્ઞાની હતો. તે નાસ્તિક જેવો હતો, પણ તેની માતુશ્રી બહુ ધાર્મિક બાઈ હતાં. આ બાઈને માટે એક વખતે બહુ બારીક સમય આવ્યો, અને તેણે પોતાના દીકરા ઉપર પત્ર લખીને સલાહ માગી. પણ તે બારીક સમયમાં તેની પાસેથી મદદ મળે એવું નહોતું. પોતાનાં બિચારાં માતુશ્રીની ખરી ગરજના વખતમાં તેની આગળ મૂકવાને તે મોટા તત્ત્વજ્ઞાનીની પાસે કંઈ નહોતું!!! ખરેખર, આખી સૃષ્ટિના તત્ત્વજ્ઞાનથી એક પણ ભૂખ્યો માનવ આત્મા તૃપ્ત થાય એવું નથી. પરંતુ પ્રભુના નામને ધન્ય હો કે આપણી સ્થિતિ એવી નથી. જેઓ પ્રભુ ઈસુ પર વિશ્વાસ રાખે છે તેઓ સાક્ષી આપે છે, કે ખ્રિસ્તી મંડળીના અનુભવમાં એટલો બધો આત્મિક ખોરાક રહેલો છે, કે આખી સૃષ્ટિના તમામ આત્માઓ ખાઈને ધરાય અને તૃપ્ત થાય અને વધે પણ ખરો!! ઈસુ ખ્રિસ્ત વિષે આપણે એજ ખબર જગતને આપવાની છે. બચાવવાને અને શુદ્ધ કરવાને તેનું મહાન પરાક્રમ સર્વને માટે છે. તેના તરફથી આવતી શક્તિ જેના વડે આપણે સ્વાર્થ પર જય પામીને બીજાંઓની સેવામાં આનંદમય જીવન ગાળી શકીએ છીએ, તે બધાંને મળે એમ છે. ઓ મિત્રો, પાઊલની માફક આપણાં જીવનનો ઉદ્દેશ એજ હોય કે "હું તેને તથા તેના પુનરુત્થાનના સામર્થ્યને જાણું!!" કેમકે એના જેવું ઉમદા નામ બીજું કોઈ નથી. તે મોટા તારક નામ વિષે એક માણસે આ પ્રમાણે કહ્યું છે, કે "તે મનુષ્યોના ઇતિહાસના પૃષ્ઠ પર લખેલું તો શું, પણ જેમ બી ખેતરમાં ખેડીને વાવવામાં આવે છે તેમ તે માણસોના અનુભવમાં ઊંડું ઊતર્યું છે."

દુનિયાના આરંભથી આજ દિન સુધી આપણો પ્રભુ ઈસુ ખ્રિસ્ત સૌથી માનવંત જણાય છે એટલું જ નહિ, પણ ઈશ્વરને પ્રગટ કરનાર તરીકે પણ તે

સર્વોત્તમ જણાય છે. "ઇશ્વરને કદી કોઈએ જોયો નથી, અને જોઈ શકતો પણ નથી. એકાકીજનિત દીકરો જે બાપની ગોદમાં છે તેણે જ તેને પ્રગટ કર્યો છે." અલબત, ઇશ્વર બીજી રીતે પણ પ્રગટ થયો છે: કુદરતદ્વારા, સૃષ્ટિના સૌંદર્યદ્વારા, તેની સુવ્યવસ્થાદ્વારા, તેમજ પ્રબોધકદ્વારા ઇશ્વરે પોતાને પ્રગટ કર્યો છે. પણ તે સઘળાંના કરતાં આપણા પ્રભુ ઇસુ ખ્રિસ્તે તેનું સર્વોત્તમ પ્રકટીકરણ કર્યું છે; કેમકે તે પોતે ઇશ્વરનો અવતાર હતો, અને એવું કહી શકતો હતો, કે "જેણે મને જોયો છે તેણે બાપને પણ જોયો છે.

છેલ્લે, આજ ખ્રિસ્ત હાલમાં જીવે છે: "હું જે મૂઓ હતો તે જીવતો થયો છું. જુઓ, હું સર્વકાળ જીવતો છું. આકાશ તથા પૃથ્વી પર સઘળો અધિકાર મને અપાયો છે." એ કેવળ વિદ્વાનોએ શોધી કાઢેલો અમુક ઇશ્વર-વિદ્યાનો સિદ્ધાંત છે એમ નહિ, પણ હજારો માણસોના અનુભવમાં આવેલું એક સત્ય છે. હાલમાં હજારો જીવતાં માણસો એવી સાક્ષી આપે છે, કે પરીક્ષણ તથા દુઃખરૂપી મધરાતના ઘોર અંધકારમાં અમે તેની પાસે ગયાં; અમે ઠોકયું અને તેણે ઉઘાડયું; અમે અમારાં પાપનો બોજો તેના પર મૂકયો, અને તેણે તે ઉપાડી લીધો; અમે ભૂખ્યાં હતાં, અને તેણે અમારી ભૂખ મટાડી; અમે ગુંચવણમાં હતાં, અને તેણે અમારી ગુંચવણ દૂર કરી. વહાલાંઓ, તેની પાસે જાઓ; તેજ તારનાર છે.

આપણે ગમે ત્યારે તેની પાસે જઈએ તોપણ દૃષ્ટાંતમાંના માણસની પેઠે તે કદી તૈયારી વગરની સ્થિતિમાં માલૂમ નહિ પડે. તે હમેશાં તૈયાર જ છે. "તે આજે, કાલે તથા સર્વકાળ એવો ને એવો જ છે." આપણા પ્રત્યે તેનું વચન હજી કાયમ છે, કે "હું જીવનની રોટલી છું; જે મારી પાસે આવે છે તેને કદી ભૂખ લાગશે નહિ, ને જે મારા પર વિશ્વાસ કરે છે તેને કદી તરસ લાગશે નહિ." ખરા હૃદયના દરેક સવાલનો જવાબ ઇશ્વરનો પ્રેમ આપે છે, અને તે કોઈને જવા દેશે નહિ. ઇશ્વરનો પ્રેમ પૃથ્વીના દરેક અરણ્યમાં ફરે છે, અને દરેક સમુદ્રને હાંક મારીને તથા દરેક કબર આગળ ઠોકીને તે પોતાનાંને પાછાં માગે છે. વળી પ્રકાશ તથા વૈભવના દેશમાં પોહ ફાટશે ત્યારે તે અતિ કોમળપણે પોતાનાંની ગણતરી કરશે. વળી પ્રેમથી પૂછવામાં આવશે, કે "જેઓએ શ્વેત ઝભ્ભા પહેરેલા છે તેઓ કોણ છે, અને કયાંથી આવ્યા છે?" અને પ્રેમથી જવાબ પણ આપવામાં આવશે: "તેઓ મોટી વિપત્તિમાંથી આવ્યા છે," અને હવે તેઓની આંખોમાંથી ઇશ્વર પ્રત્યેક આંસુ લોહી નાખશે.

૩૬. ઊંઘ તથા મરણ

"આ મારો દીકરો મૂઓ હતો, અને તે પાછો જીવતો થયો છે" (લુક ૧૫; ૨૪).
"છોડી તો મરી નથી ગઈ, પણ ઊંઘે છે" (માર્ક ૫; ૩૯).

દુનિયાના બધાજ માણસોને બીજા બધા વિષયો કરતાં જો કોઈ વિષય વિશેષ અગત્યનો લાગતો હોય તો તે મરણ છે. માણસો બીજા બધા વિષયો વિષે બેપરવાઈ રાખે તો રાખે; પણ આ વિષય સંબંધી દુનિયામાં કોઈ બેપરવાઈ રાખી શકે નહિ. મરવું અને ત્યાર પછી ન્યાયમાં જવું એ દરેકને માટે નિર્માણ કરેલું છે. આ બાબત વિષે આપણો પ્રભુ શું સમજતો હતો અને શું શિખવતો હતો એ જાણવાની જરૂર છે. આપણે તેને પ્રભુ તથા તારનાર તરીકે સ્વીકાર્યો છે, માટે સ્વાભાવિક રીતે આ બાબત સંબંધી તે જે કાંઈ આપણને કહે છે તે આપણને નિર્ણયકારક લાગે જ; પરંતુ જેઓ તેને તારનાર તરીકે નથી સ્વીકારતા તેઓ પણ આ મહાન શિક્ષક આ ભારે વિષય વિષે શું કહે છે તે સંબંધી બેપરવાઈ રાખી શકે નહિ; કેમકે દુનિયાના ઇતિહાસ પર ઈસુ ખ્રિસ્તના શબ્દોની જેટલી અસર થએલી છે તેટલી અસર બીજા કોઈ પણ શિક્ષકના શબ્દોથી થઈ નથી.

હવે આ વાત ધ્યાનમાં રાખીને આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના શબ્દોનો અભ્યાસ કરીએ છીએ, ત્યારે તો જે બાબત પહેલેથી જ આપણું ધ્યાન વધારે ખેંચે છે તે એ છે, કે તેની જાહેર સેવાના સમયમાં તે આ વિષય સંબંધી થોડું જ બોલ્યો હતો. માણસ તરીકે તે આપણી માફક મરણથી પરિચિત થયો હતો. જેમ આપણાં ઘરોમાં તેમ નાઝારેથનાં ઘરોમાં પણ મરણે પ્રવેશ કર્યો હતો. જે સમાજમાં તે ઉછરીને મોટો થયો હતો તેમાં મૈયતમાં જવાના પ્રસંગો વારંવાર આવતા હતા, અને તેવા પ્રસંગોમાં તે કેટલી બધી દિલસોજી ધરાવતો હતો તે સુવાર્તા વાંચવાથી માલૂમ પડે છે; છતાં એક વિષય તરીકે મરણનું મનન કરવાનો તેનો રિવાજ નહોતો. તેનું ધ્યાન મરણની પેલી બાજુએ તાકી રહેલું હતું. મરણ પછીના જીવન વિષે તે વારંવાર બોલતો હતો; મરણ વિષે તેનાં બોલેલાં વચનો ઓછાં મળે છે.

આ બાબતમાં ખ્રિસ્તમાં તથા અન્ય શિક્ષકોમાં એક મોટો તફાવત જોવામાં આવે છે. જે જમાનામાં ખ્રિસ્ત આ પૃથ્વી પર રહેતો હતો, તે જમાનામાં આખા રોમન રાજ્યમાં તર્કશાસ્ત્રીઓ રાતદિવસ આજ વિષય ચર્ચતા હતા. કેટલાકનું શિક્ષણ એવું હતું કે મરણને તુચ્છ ગણવું જોઈએ;

મરવાનું તો છે જ, પણ ડાહ્યો માણસ હોય તો તે પોતાનું મન કઠણ કરશે. બીજા કેટલાએકની દલીલ જુદી હતી: મરવાનું તો છે, પણ ડાહ્યો માણસ હોય તો તે આ જીવનમાંથી જેટલો આનંદ લઈ શકાય તેટલો લઇ લેશે, મોજ માણશે; કાલે મરી જઈશું માટે આપણે ખાઈપી લઈએ. આ પ્રમાણે એ જમાનાના માણસો મરણને ભૂલી જવા માગતા હતા, અને હજુ પણ એજ રીતે લોકો તે ભૂલી જવા માગે છે.

હવે આપણો પ્રભુ મરણ વિષે બેપરવાઈ રાખનો નહોતો. તે પોતાનું મરણ કેટલું બધું અગત્યનું સમજતો હતો એ સુવાર્તાઓ સ્પષ્ટ કરે છે. જે પ્રસંગોએ તેની લાગણીઓ વિશેષ સળગતી હતી તે પ્રસંગોએ તે તેના વિષે બોલતો હતો. રૂપાંતરના પહાડ પર તે વિષેની ચર્ચા થતી હતી, અને જેમ જેમ વખત નજીક આવતો ગયો તેમ તેમ તે તેનું રહસ્ય પોતાના શિષ્યોને દેખાડવાના પ્રયત્નો કરતો ગયો. ઈસુ ખ્રિસ્ત એક વિષય તરીકે મરણનું બહુ ઓછું મનન કરતો હતો એ ખરી વાત; પરંતુ તેણે પોતાના મરણની અવગણના તો ના કરી, તેમ તેણે બીજા કોઈના મરણની અવગણના પણ ના કરી. લાજરસની કબર પાસે તે ઊભેલો દેખાય છે ત્યારે તેની આંખમાં આંસુ દેખાય છે.

વળી ખ્રિસ્ત જે બાબતો વિષે વિવેચન કરતો હતો તે ઘણું કરીને સામાન્ય બાબતો હતી. જે દુ:ખોને લીધે તે દિલાસો આપતો હતો તે સામાન્ય દુ:ખો હતાં; જે આનંદોમાં તે ભાગીદાર થતો હતો તે સામાન્ય આનંદો હતા; જે સવાલોનો તે જવાબ આપતો હતો તે સામાન્ય અગત્યના સવાલો હતા; જે આશાઓને તે ઉત્પન્ન કરતો હતો તે પણ સામાન્ય આશાઓ હતી. વળી મરણ જેવી અન્ય સામાન્ય વસ્તુ કઈ હોય? છતાં તે વિષે ઈસુ ઓછું બોલ્યો, તેનું કારણ શું? તેનું કારણ ગમે તે હોય પણ તે મરણ વિષે બેપરવાઈ રાખતો હતો એ તેનું કારણ હતું જ નહિ એટલી વાત ચોક્કસ લાગે છે.

મરણને આપણો પ્રભુ હમેશાં 'ઊંઘ' એ નામ આપતો હતો, તે જો આપણે યાદ રાખીએ તો તે વિષેનો તેનો વિચાર સમજવામાં આપણે આગળ વધી શકીએ એમ છે. ખ્રિસ્ત યાએરસના ઘર ભણી જતો હતો ત્યારે ત્યાંથી લોકો આવીને યાએરસને કહે છે, કે "તારી દીકરી તો મરી ગઈ છે: હવે તું ઉપદેશકને તસ્દી શું કરવા દે છે?" યાએરસને જે કંઈ આશા હતી તે આ શબ્દો સાંભળીને જતી રહી હશે. ખ્રિસ્તનું પરાક્રમ કેવળ મરણ સુધી પહોંચે છે એટલું જ નહિં પણ મરણની પેલી બાજુ પણ પહોંચે છે, એ વિષે તેને ખબર જ નહોતી. ખ્રિસ્ત તેને કહે છે, કે "બીહી મા, માત્ર વિશ્વાસ રાખ." આ વચન શોકાતુર બાપને કેટલું બધું મુશ્કેલ લાગ્યું હશે! બિચારાની છેલ્લી

આશા ભંગ થએલી છે. આશા કે વિશ્વાસનું સ્થાન રહ્યું નહિ તે ઘડીએ ખ્રિસ્ત તેને આ અજાયબ જેવું વચન કહે છે: "બીહી મા, માત્ર વિશ્વાસ રાખ." વળી યાએરસને ઘેર આવીને તે બધાને ફરી અજાયબી પમાડે છે: "તમે કેમ ગડબડ કરો છો ને રડો છો? છોડી તો મરી નથી ગઈ, પણુ ઊંઘે છે." આપણે વાંચીએ છીએ, કે "તેઓએ તેને હસી કાઢયો."

હવે કોઈ એમ ન ધારશો કે અહીં આગળ આપણો પ્રભુ કેવળ એક સાધારણુ બોલવાની રૂઢિ વાપરતો હતો. એમ તો ઘણી વાર બોલાય છે એ સાચી વાત; આપણે પણુ કદાપિ એજ પ્રમાણે બોલ્યાં હોઈશું. દેશેદેશના સાહિત્યમાં મરણુને ઊંઘની ઉપમા આપવામાં આવેલી છે: ગ્રીસના તર્કશાસ્ત્રીઓ એ રૂઢિ વાપરતા હતા; રોમન કવિતાઓમાં પણુ આજ રૂઢિ આપણુને મળે છે; યહુદીઓ કહેતા હતા કે મરેલાંઓ પિતૃઓની સાથે ઊંઘે છે; અંગ્રેજી ભાષામાં કબરસ્તાનને માટે જે શબ્દ ચાલે છે તે મૂળ ફારસી શબ્દ છે, અને તેનો અર્થ "ઊંઘવાની જગા" છે. એ બધું ખરૂં, પરંતુ અહીં આગળ ખ્રિસ્ત એ અર્થ પ્રમાણે બોલતો નહોતો! જો તે અર્થ પ્રમાણે તે બોલ્યો હોત તો બધા સમજી શકત. તે દિવસે કેટલાય મિત્રોએ અને પડોશીઓએ આવીને કહ્યું હશે કે તે કેવી શાંતિથી ઊંઘે છે! અને તેથી છોડીનાં સગાંવહાલાંને દિલાસો પ્રાપ્ત થયો હશે! પણુ આપણા પ્રભુએ તેજ શબ્દો વાપર્યા ત્યારે તેઓએ તેને હસી કાઢયો.

હવે જે સ્થિતિને માણુસો 'મરણુ' નામ આપે છે તે સ્થિતિમાં આ છોડી તો હતી જ; પરંતુ આ કરતાં એક ભયંકર સ્થિતિને માટે આપણો પ્રભુ 'મરણુ' શબ્દ વાપરતો હતો. આત્મા શરીરની સાથે જોડાએલો હોય કે ન હોય, તોપણુ જો તે ઈશ્વરથી જુદો પડેલો હોય તો તે માણુસ મરેલો છે એવું ખ્રિસ્ત શિખવતો હતો. આ તો ખ્રિસ્તના વિચાર પ્રમાણે ખરૂં મરણુ નહોતું: "છોડી મરી નથી ગઈ, પણુ ઊંઘે છે." ચાર દિવસ થયાં દટાએલા લાજરસ વિષે પણુ તે એમજ કહે છે: "આપણો મિત્ર લાજરસ ઊંઘી ગયો છે; પણુ હું તેને ઊંઘમાંથી જગાડવા સારૂ જવાનો છું."

તો શું મરણુ જેવી કોઈ બાબત જ નથી? હા! "પાપનો મુસારો મરણુ છે; મરણુનો ડંખ તો પાપ છે." મરણુ શું છે તે ખ્રિસ્ત સારી રીતે સમજતો હતો, કેમકે તેણે પોતે આપણાં પાપ માથે લીધાં. ખરી રીતે જોતાં પાપ શું છે તે એકલો ખ્રિસ્ત પૂરી રીતે સમજી શકે છે, કેમકે તે સર્વ માણુસોને માટે મરણુ પામ્યો હતો. યાએરસના ઘરમાં ખ્રિસ્તને કાંઈ મરણુ ન દેખાયું; ગાલીલના ડુંગરોમાં પુષ્કળ કબરો હતી, પણુ ત્યાં તે મરણુ જોતો નહોતો; પરંતુ જ્યાં જ્યાં માણુસો હરતાંફરતાં હતાં ત્યાં ત્યાં તે મરણુ જોતો હતો. સભાસ્થાનોમાં તે

મરણુ જોતો હતો; બજારમાં તે મરણુ જોતો હતો; ઘરોમાં પણુ તે મરણુ જોતો હતો. આપણાં મરેલાંઓની કબર ઉપર કે જ્યાં ફૂલ ચીમળાઈ જાય છે અને સુકાઈ જાય છે ત્યાં મરણુ નહિ મળે; આપણી મંડળીમાં જ મરેલાંને શોધવાં જોઈએ; તેઓ નામનાં જીવે છે, પણુ તેઓ મરેલાં છે. જેટલાં આંસુ મુડદાંની પેટીઓ પર પાડવામાં આવે છે તેટલાં આંસુ નકામાં જીવનોને લીધે રેડવામાં આવતાં હોય તો આપણા જમાનામાં ખ્રિસ્તનું રાજ્ય છે તેના કરતાં પાસે હોય, અને જે "રાતનું રૂદન" ચાલે છે તેની જગાએ "સવારનો આનંદ" જોવામાં આવે.

"આ મારો દીકરો મૂઓ હતો, અને પાછો જીવતો થયો છે." ખરૂં મરણુ જોવું હોય તો તે આ છે. ખરો ખ્રિસ્તી મરતો જ નથી. સ્તેફન ઊંઘી ગયો. જેના પગ આગળ તેના મારનારાઓએ પોતાનાં લૂગડાં મૂક્યાં હતાં તે માણુસ તો તેજ વખતે મરેલો હતો. પાછળથી તે જીવતો થયો, અને છેવટે તે પણુ પ્રભુમાં ઊંઘી ગયો. "આ મારો દીકરો મૂઓ હતો." શું એ સ્થિતિનાં કોઈ અહીં છે?

જેઓની સ્થિતિ એવી છે તેઓને ઘણું કરીને પોતાની આ સ્થિતિનું ભાન હોતું નથી. પાપ માણુસને આંધળું કરી નાખે છે. એક ફ્રેન્ચ નવલકથામાં આ અસરકારક વાર્તા કહેવામાં આવે છે: એક માણુસ હતો. તે બહુ નઠારો હતો. તેણે પોતાની પ્રેરકબુદ્ધિને મારી નાખી હતી, અને અમુક ભયંકર કૃત્ય કરવાનો નિશ્ચય કર્યો હતો; પરંતુ આ કામ કરતાં તેને એક સ્વપ્નદ્વારા અટકાવવામાં આવ્યો. પારીસની પાસે એક સુંદર ગામ છે. આ માણુસ પોતાના સ્વપ્નમાં આ ગામની મુલાકાત લેવા ગયો. હવે આ ગામ સુંદર હતું એટલું જ નહિ પણુ આજુબાજુનો પ્રદેશ પણુ સુંદર હતો, અને ત્યાં જાતજાતનાં ફૂલ પુષ્કળ પ્રમાણુમાં થતાં હતાં: પરંતુ સ્વપ્નમાં આ સુંદરતામાંનું કંઈ પણુ તેના જોવામાં ન આવ્યું. એકે ફૂલ દેખાયું નહિ. બધી જમીન ઉપર રાખ નાખી દીધેલી હોય એવી તે બેડોળ લાગતી હતી. બધું શાંત હતું, કોઈ પણુ જાતનો અવાજ સંભળાતો નહોતો, કોઈ પણુ પ્રાણી હીલચાલ કરતું નહોતું. તે ગામમાં આવે છે ત્યારે ત્યાં પણુ એજ સ્થિતિ તેના જોવામાં આવે છે. તે રસ્તાઓમાં અને મહોલ્લાઓમાં ફરે છે; જ્યાં ત્યાં માણુસો ઊભેલાં દેખાય છે ખરાં, પણુ લાકડા જેવાં; કોઈ હીલચાલ કરતું નથી; કોઈ એક અક્ષર પણુ બોલતું નથી. તે તેઓને સવાલો પૂછે છે ત્યારે પણુ કોઈ જવાબ આપતું નથી. ભયભીત થઈને તે ત્યાંથી નાસી જાય છે ત્યારે આ પુતળા જેવી વ્યક્તિઓ તેની પાછળ અને પાછળ આવે છે. છેવટે તે રાખવાળા મેદાનમાં દોડતાં થાકી જાય છે, અને પિત્તળ જેવા આકાશ તળે ઊભો રહીને થોભે છે, ત્યારે આ બધી વ્યક્તિઓ

એક અવાજે તેને બૂમ પાડે છે: "શું તને ખબર નથી કે તું લાંબા વખતથી મૂઓ છે?" હા, ભાઈ! દૈહિક મન તે મરણ છે.

સાર્દિસમાંની મંડળીને પોતા વિષે સારો વિચાર હશે, પણ જેની આંખો અગ્નિની જ્વાળા જેવી છે તેનો અભિપ્રાય જુદો હતો: "તારાં કામ હું જાણું છું; તું નામની જીવે છે, પણ તું મૂએલી છે." કેટલાંએક પ્રાણીઓ એવાં હોય છે કે જેમને મારી નાખવામાં આવ્યા પછી પણ લાંબા વખત સુધી તેમનાં શરીર હાલે છે, અને તેમના અવયવો તરફડિયાં મારે છે. જે અસલ હોંસથી ખ્રિસ્તી મંડળીઓ કે વ્યક્તિઓ ખ્રિસ્તી સેવા બજાવે છે તે નષ્ટ થયા પછી પણ ઘણા વખત સુધી તે મંડળીઓ તથા વ્યક્તિઓ પોતાનાં સેવાનાં કામો કરતી રહે છે. વરાળ બંધ કરવામાં આવ્યા પછી પણ આગગાડી અમુક વખત સુધી આગળ ચાલશે. સંસ્થાઓમાંથી જીવ જતો રહ્યા પછી પણ તેઓ પોતાનાં કાર્યો કર્યાં જાય છે, પણ તેમનું મરણ થયું છે તે એકલો ખ્રિસ્ત જ જાણતો હોય એ બનવાજોગ છે. મંડળીને કે વ્યક્તિને પોતાની ખરી સ્થિતિનું ભાન થવું મુશ્કેલ છે.

"આ મારો દીકરો મૂઓ હતો, અને તે પાછો જીવતો થયો છે." ઉડાઉ દીકરો ઘેરથી નીકળ્યો ત્યારે તેની સ્થિતિ જુવાનીની સાધારણ સ્થિતિ હતી. પોતાની છેલ્લી સ્થિતિ કેવી થશે એ વિષે તેને ભાન નહોતું. પવિત્ર દર્શનો થાય છે, તેમજ અપવિત્ર દર્શનો પણ થાય છે, અને અપવિત્ર દર્શનો કોમળમાં કોમળ હૃદયને કઠણ બનાવી દે છે. આપણા જુવાનોના વિચાર શુદ્ધ રાખવાના પ્રયત્ન કરવાની જરૂર છે, કેમકે તેમના વિચારો શુદ્ધ રહેશે ત્યાં સુધી જ તેઓ સલામત રહેશે; પરંતુ ખોટાં પુસ્તકોથી, ખોટી સોબતથી કે વાતચિતથી તેમની કલ્પનાશક્તિને ભ્રષ્ટ કરવામાં આવે તો કેવળ ઈશ્વરની કૃપા તેમને નાશને માર્ગે ચઢતાં અટકાવી શકશે. આપણાં વહાલાંઓ ખ્રિસ્તની પાસે રહેવા જાય છે ત્યારે આપણે પુષ્કળ રડીએ છીએ, પણ તેઓ ખ્રિસ્તનો ત્યાગ કરે છે અને નાશને માર્ગે જાય છે ત્યારે તો ઓછાં આંસુ જોવામાં આવે છે. ઈસુ મરવાને માટે જતો હતો ત્યારે યરૂશાલેમની સ્ત્રીઓ રડી પડી, પણ તેણે તેઓને કહ્યું, કે "યરૂશાલેમની દીકરીઓ, મારે માટે રડો મા, પણ પોતાને માટે તથા પોતાનાં છોકરાંને માટે રડો."

એક માણસ ઊંચા અને ઢાળવાળા ડુંગર પર ચઢવાને માટે નીકળ્યો. બીલકુલ રસ્તો હતો જ નહિ. પગ લપસી જાય તો મોત થવાનો સંભવ હતો. તે અડધે સુધી ચઢયો એટલામાં તેણે પાછળથી અવાજ સાંભળ્યો. તેણે પાછળ જોયું તો માલૂમ પડયું કે તેનો નાનો દીકરો છાની રીતે તેની પાછળ આવ્યો હતો, અને જોખમની સ્થિતિમાં પણ આવ્યો હતો. નીચેથી બાપને

જોઈને છોકરાએ બૂમ પાડી, કે "બાપા, જે રસ્તો સૌથી સલામતી ભરેલો લાગે છે તે લો; કેમકે હું તમારી પાછળ આવું છું."

પ્રિય માબાપ, તમારા ઘરમાં ભૂંડામાં ભૂંડું જે પરિણામ આવી શકે તે મરણ છે એમ તમે ન ધારો; તે કરતાં પણ ભૂંડું થઈ શકે છે, અને તે વિષે તમારાં નિર્દોષ બાળકો તમને ચેતવણી આપે છે: "બાપા, જે રસ્તો સૌથી સલામતી ભરેલો હોય તે લો; કેમકે અમે તમારી પાછળ આવીએ છીએ."

"છોડી મરી નથી ગઈ, પણ ઊંઘે છે." "આ મારો દીકરો મૂઓ હતો, પણ જીવતો થયો છે." ત્યારે તો બાપના ઘરમાં ગાયનનો તથા નાચનો અવાજ સાંભળવામાં આવે છે.

૩૭. નગરશેઠની વહુ

"લુતની વહુને સંભારો" (લુક ૧૭; ૩૨).

અહીં આગળ સદોમના નાશ વિષે સૂચના રહેલી છે, માટે પહેલાં સદોમનો નાશ કેવી રીતે થયો એ વિષે આપણે ટૂંકમાં વિચાર કરીએ. આ બનાવ મૃત સરોવરની પડોશમાં બન્યો હતો. ત્યાં આગળ જમીનની નીચે પેટ્રોલ મળે છે. જ્યાં પેટ્રોલ છે ત્યાં ગ્યાસ પણ હોય છે. એવા પ્રદેશમાં જો ધરતીકંપ થાય તો જમીન ફાટી જાય અને નીકળતો ગ્યાસ સહેલાઈથી સળગે, પછી તે ઘણે ઊંચે ચઢીને ફરીથી વરસાદની માફક નીચે પડે. આ બધા સંજોગો હજી સુધી મૃત સરોવરની આજુબાજુ જોવામાં આવે છે. વળી તેજ જમીનમાં બીજી વસ્તુઓ પણ પુષ્કળ પ્રમાણમાં મળે છે, એટલે ડામર, ખાર અને ગંધક. આ પરથી માલૂમ પડે છે, કે યહોવાહે ધરતીકંપ વડે સદોમનો નાશ કર્યો, અને "ઉત્પત્તિ"ના પુસ્તકમાં જે વર્ણન કરેલું છે તેની જુદી જુદી વિગત કુદરતી રીતે જ સાચી ઠરે છે. આ ગંભીર વાર્તામાં પાપ અને તેનું પરિણામ તેજ મુખ્ય વિષય છે. તેમાં સંભારવા જેવું તો ઘણું છે; પરંતુ આપણા આધારવાક્યમાં લુતની વહુને જ સંભારવાનું કહેલું છે, માટે આપણે તેને જ સંભારીએ.

સ્ત્રીનું ખરૂં સ્થાન આપણા પ્રભુએ જ પ્રથમ તેને આપ્યું, એ સાધારણ જાણીતી બાબત છે. તેના વખત પહેલાં સ્ત્રીને એવું સ્થાન નહોતું. તેના વખત પછી સ્ત્રીની સ્થિતિમાં જે ફેરફાર થઈ ગયો છે તે કેવળ આપણા પ્રભુને પ્રતાપે. એ જો તમે ન માનતા હો તો આ બાબતમાં ખ્રિસ્તી દેશો અને અખ્રિસ્તી દેશોનો મુકાબલો કરો. હિન્દમાં સ્ત્રીઓની સ્થિતિ સુધારવાની હીલચાલ વેગે ચાલે છે, અને અખ્રિસ્તી લોકોમાં પણ તે આગળ વધે છે. આ પ્રમાણે હિન્દુ, પારસી અને મુસ્લીમ સ્ત્રીઓ જે સ્વમાન અને સ્વતંત્રતા તરફ કૂચ કરે છે તેને માટે તેઓ જાણેઅજાણે આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની ઋણી છે. આપણા ગુજરાતી ખ્રિસ્તી સમાજમાં જો હજી સુધી સ્ત્રીઓ પાછળ રહી જતી હોય તો એટલી આપણી નાલેશી. એટલું તો ખરૂં કે આપણો ત્રાતા સ્ત્રીઓને હમેશાં કોમળતા અને માનની નજરથી જોતો હતો, અને એજ કારણથી લુતની વહુને સંભારતાં તેને ત્રાસ થતો હતો. જેની દૃષ્ટિ આગળ નાઝારેથની પવિત્ર કુમારિકાનો આદર્શ નિત્ય રહેતો હતો, તેને આ ભયંકર દાખલો નિહાળીને ત્રાસ ન થાય તો બીજું શું થાય? એ બિચારી મૂર્ખ તરફ તે આપણું પણ ધ્યાન ખેંચે છે અને આપણને કહે છે, કે "લુતની વહુને સંભારો."

આ બાઈ સારા ઘરની હતી. ખાલદીના ઉરમાંથી નવા જમાનાનો સુધારો શરૂ કરવાને માટે જે નાની ટોળી નીકળી હતી તેમાંની આ બાઈ હતી. જગત ઇબ્રાહીમના કુટુંબનું જેટલું ઋણી છે તેટલું તે અન્ય કોઈ પણ કુટુંબનું નથી. વળી આ બાઈ તે કુટુંબમાંની હતી. જે વંશમાંથી ઇસ્રાએલના સૌથી મહાન પ્રબોધકો ઊભા થવાના હતા, જે વંશમાંથી તેના સૌથી સારા કવિઓ અને ગીતકર્તાઓ ઊભા થવાના હતા, હા, જેમાંથી જગતને પોતાનો તારનાર મળવાનો હતો તેમાંની આ બાઈ હતી. છતાં તેની આ દશા! આવા કુટુંબમાંની આ બાઈ હતી તેથી આપણને એમ લાગે, કે કુટુંબના વિશ્વાસમાં તે પણ ભાગીદાર હશે. તંબુ તાણવામાં આવતો અને વેદી ઊભી કરવામાં આવતી ત્યાં તે હાજર રહેતી હતી. યહોવાહની આગળ પ્રાર્થના ચઢાવવામાં આવતી હતી ત્યારે ઇબ્રાહીમની સાથે તેમજ તેના ધણી લુતની સાથે તે પણ ઘૂંટણ ટેકવતી હશે. ખારનો થાંભલો થવાની તેને કશી જ જરૂર નહોતી!

પરંતુ એક દહાડે તેણે પોતાના ધણીની સાથે ખોટી પસંદગી કરી. ઇબ્રાહીમ અને લુતની માલમિલ્કત બહુ વધવાથી તેમને એકબીજાથી જુદા પડવાનો વખત આવ્યો. લુતે સદોમ તરફ પોતાનો તંબુ નાખ્યો. હવે જેને આબરૂનો છાંટોય હોય તે તો સદોમમાં રહેવા માગે નહિ. પણ સંસારી બાબતોમાં ફાવી જવાય એવી લાલચ હતી તેથી તેઓ ત્યાં ગયાં, અને બધી રીતે ફાવ્યાં પણ ખરાં, એટલે સુધી કે જતે દહાડે લુત તે શહેરનો મુખ્ય માણસ પણ થયો. વળી જે દહાડે લુતની સ્ત્રીએ સદોમમાં પ્રવેશ કર્યો તે દહાડાથી સદોમની ભ્રષ્ટતાએ તેના હૃદયમાં પ્રવેશ કર્યો. સદોમ તેને બધી રીતે ગમી ગયું. છતાં જો કે તેણે યહોવાહને છોડી દીધો હતો તોપણ યહોવાહે તેને ન છોડી. ત્યાં પણ તે તેની ચિંતા રાખતો હતો, અને જ્યારે શહેરનો નાશ કરવાનો વખત આવ્યો ત્યારે તેને તથા તેના ઘરનાં બધાં માણસોને ચેતવણી આપવાને માટે યહોવાહે તેની પાસે પોતાના એલચીઓને મોકલ્યા. મને ચેતવણી ન મળી એમ તે કોઈ રીતે કહી શકે નહિ. તેને પૂરેપૂરી ચેતવણી મળી હતી. સદોમ જેવા નગરમાં પણ ઇશ્વર જેટલાંનો બચાવ કરી શકે તેટલાંનો બચાવ કરવા તે હમેશાં આતુર હોય છે. જેને બચવાની મરજી હોય તેવા કોઈનો પણ નાશ ઇશ્વરની દુનિયામાં થઈ શકે નહિ. પોતાના ગમે તે બાળકને બચાવવાને માટે ઇશ્વર આખી દુનિયા ખરચવા તૈયાર જ છે. હા, તે કરતાં વધારે પણ તે કરી રહેલો છે, કેમકે તેણે પોતાનો દીકરો આપીને આપણને ખંડી લીધેલા છે.

હવે આ બાઈએ યહોવાહના એલચીઓનું કહ્યું માન્યું ન હોત તો તે સમજાય એવું હતું, પણ તેણે તેમની બધી વાત ખરી માની. બીજા ભલે નહોતા માનતા, પણ લુતની સ્ત્રી બધી રીતે માનતી હતી કે આ માણસો જે કહે છે તે તદ્દન સાચું છે. બચાવના સમાચાર તેના ઘરનાં બધાં માણસોએ

સાંભળ્યા, પણ તેમના પર કોઈ જાતની અસર ન થઈ. લુતે પોતાના જમાઈનું બારણું ઠોક્યું ત્યારે તેઓએ તેને હસી કાઢ્યો. "તે ઠઠ્ઠા કરતો હોય એમ તેના જમાઈઓને લાગ્યું." ઓ બાપો, તમારાં છોકરાંની આગળ સંભાળીને જીવો! નહિ તો કોઈ દહાડે તમે તેમના પાપ સંબંધી તેમની આગળ વાત કરવા જશો ત્યારે તમે પણ ઠઠ્ઠા કરો છો એમજ તેમને લાગશે!

યહોવાહ તરફથી આવેલા સમાચાર લુતની વહુએ માની લીધા એટલું જ નહિ, પણ તેણે નાશ પામનાર નગર છોડી દેવાની હા પાડી. તેણે બહુ ઉત્સાહ કે બહુ આનંદથી હા પાડી એમ તો નહિ, પણ તેણે હા તો પાડી; પરંતુ હા પાડયા પછી તેણે વિલંબ કર્યો. તે અને તેના ધણી બન્નેએ વિલંબ કર્યો. શહેરમાં નાશ થવાનો સંભવ હતો, બહાર સલામતી હતી, તોએ તેમણે વિલંબ કર્યો. આ ભ્રષ્ટ નગર તેમને એટલું બધું વહાલું લાગતું હતું, અને બન્ને ધણીધણિયાણી પર તેની અસર એટલી બધી હતી કે છેલ્લી ઘડી સુધી તેને વળગી રહેવાની તેમની મરજી હતી.

શું આપણે વિલંબ નહિ કર્યો હોય? શું આપણે પોતાનું જીવન ખ્રિસ્તને પૂરી રીતે સોંપી દીધું છે? આ જીવન પર શું ખ્રિસ્તની સત્તા ચાલે છે? આપણામાંનાં કેટલાંએક તો આપણી જિંદગીનાં સારામાં સારાં વરસો વીતી જવા દીધાં છે, છતાં ખ્રિસ્તને પોતાને સોંપ્યાં નથી. આપણાં છોકરાં ખ્રિસ્ત વગરનાં ઘરોમાં મોટાં થયાં અને આપણી માફક ખ્રિસ્ત વગરનાં જીવનો ગાળવા લાગ્યાં, ત્યાં સુધી શું આપણે વિલંબ નથી કર્યો? "ઊઠો, આ જગામાંથી નીકળી જાઓ, કેમકે યહોવાહ આ નગરનો નાશ કરવાનો છે," "પાપનો મુસારો મરણ છે" એવા એવા સમાચાર તમે હજારો વાર સાંભળ્યા છે, છતાં શું તમને કંઈ ગરજ નથી દેખાઈ? શું તમે ખ્રિસ્તના નામે ઓળખાઓ છો એટલાની ખાતર તમારૂં તારણ થયું એમ તમે માનો છો? વહાલાંઓ, એવું માનનારાંથી નરક ભરપૂર છે.

ઘરડાંઓની વાત જવા દો! જુવાનો, તમારી શી સ્થિતિ છે? આ બાઈ સદોમમાંથી નીકળી એ સારૂં કર્યું. તમે પણ કદાપિ કેટલાએક સારા નિશ્ચય કર્યા હશે; અને તે સારૂં છે, પણ ભવિષ્યનું શું? તમે ટકવાનાં છો? તમે તમારૂં જીવન શુદ્ધ રાખી શકશો? રોજ રોજ ખ્રિસ્તી કહેવાતા નાગાઓના ગંદા મોઢામાંથી જે નિર્લજ્જ વાતો તમારે કાને પડે છે તેની સામે ટકીને શું તમારા આત્માઓ શુદ્ધ અને નિર્મળ રહેશે? ઈશ્વરની મદદ વિના તે નહિ થાય. પણ તમે કદી મદદ માગી? તમને મદદ મળે એવી તમારી ઇચ્છા કેટલી? મદદ મળે એમ છે. આ સુવાર્તામાં જે ખ્રિસ્ત વિષે કહેલું છે તે પાપના બંધનમાંથી, પાપની અસરમાંથી અને પાપના પરિણામમાંથી બચાવવાને

સમર્થ છે. પણ પાપના પરિણામમાંથી જ બચવાની તમારી મરજી હોય અને અસર વિષે તમને કોઈ જાતની ચિંતા ન હોય, તો પાપના બંધનમાંથી ઈશ્વરનો દીકરો પણ તમને શી રીતે બચાવશે? જો સદોમમાંથી નીકળવાનો તમે નિશ્ચય કર્યો હોય તો સારી વાત; પણ જો સદોમ તરફ તમારી નજર રહે અને પહાડ તરફ એકલા તમારા પગ વળે, તો તમે કેટલાં આગળ વધી શકશો? ઈસ્રાએલી લોકોએ યરદન નદી ઓળંગી ત્યારે તેમની પાછળ ઈશ્વરે પૂલ તોડી પાડયો, અને તેમને કહ્યું, કે "તમે આ રસ્તે થઈને કદી પાછા આવનાર નથી."

લુતની સ્ત્રીએ સદોમ છોડી દીધું ખરૂં, પણ ત્યાર પછી શું થયું? "તેણે પાછળ જોયું, ને તે ખારનો થાંભલો થઈ ગઈ." વિલંબ કરવાનું પરિણામ એ આવ્યું, બળતો લાવા તેને ફરી વળ્યો, અને તે ત્યાં ને ત્યાં પોતાનાં પગલાંમાં ઠરી ગઈ.

એક દિવસે અમુક ગામમાં થઈને એક માણસ જતો હતો. તે ખૂબ હસતો હસતો જતો હતો, એટલામાં તે એક ડૉકટરના જોવામાં આવ્યો. પેલા માણસને જોઈને ડૉકટર એમ બોલ્યો, કે મરણ તેની કેટલું નજદીક છે એ જો તે માણસ જાણતો હોય તો તે આ પ્રમાણે હસત નહિ. બિચારાને એક ઘડીકમાં મરણ થાય એવો રોગ છે, એમ તેની ચાલ પરથી મને માલૂમ પડે છે.

વહાલાંઓ, દિશાનું ભાન રાખ્યા સિવાય ઘણાં ચાલે છે, પણ તેઓ ક્યાં જાય છે તે તેમની ચાલ પરથી દેખાઈ આવે છે; અને લુતની વહુએ પાછળ જોયું તેજ બાબત તેના મનની સ્થિતિ પ્રગટ કરે છે.

લુતની સ્ત્રીને જે આત્મિક દરદ થએલું હતું તેનું નામ વિભાગેલું હૃદય છે. પહાડ પરથી તેને જીવન હાંક મારતું હતું, પાછળથી સદોમની મનગમતી વાણીઓ પણ તેને હાંક મારતી હતી. જીવન તરફ તેનાં પગલાં વળેલાં હતાં, તેજ ઘડીએ મરણ તરફ તેની નજર રહેલી હતી. હવે આપણાં પગલાં એક તરફ વળેલાં હોય અને આપણી નજર બીજી તરફ હોય, તો એ સ્થિતિમાં ઠોકર ખાધા સિવાય આપણે કેટલા આગળ ચાલીએ? જે માણસ એક હાથ કીચડમાં ઘાલીને બીજો હાથ તારાઓ તરફ લંબાવે તેને દુઃખ સિવાય બીજું કશું મળે એમ છે? વિભાગેલું હૃદય તે આનંદી હૃદય હોઈ શકે નહિ. યહોશુઆએ પોતાના સમયમાં અને એલીયાહે પોતાના સમયમાં પોતપોતાના સંકાળિકોને એક ને એક જ સંદેશો કહ્યો હતો: "તમે ક્યાં સુધી બે મતની વચ્ચે ઢચુપચુ કરશો?" દરેક બાબતમાં, પણ વિશેષે કરીને ધાર્મિક બાબતોમાં, જેનું મન નિશ્ચયવાળું ન હોય તે માણસ પ્રગતિ કરી શકતો નથી. છેવટે એવા જીવનનો નાશ જ થાય છે. લુતની વહુનો સ્વાર્થ તેને કહેતો હતો કે પાછી જા, તેની પ્રેરકબુદ્ધિ કહેતી હતી, કે આગળ જા; ઇચ્છા કહેતી હતી કે પાછી જા, પ્રેરકબુદ્ધિ કહેતી હતી કે

ઊંચાણમાં નાસી જા. આ સ્થિતિમાં તે ઉતાવળ કરી શકી નહિ, અને અગ્નિ હોલવાઈ ગયો ને ધુમાડો પવનથી ઊડી ગયો ત્યારે તે આખા મેદાનમાં તે એકલી ખારના થાંભલા જેવી, પાછળ ડાફ્ર મારતી જોવામાં આવી. વળી અહીં આગળ જે છબી દોરવામાં આવી છે તે ઘણા આત્માઓને મળતી છબી છે.

જે પ્રમાણે સદોમનો નાશ કરવામાં આવ્યો હતો તેજ પ્રમાણે ઈટાલી દેશમાં પોમ્પીઆઈ નામના શહેરનો પણ નાશ થયો હતો. વળી નાશ થયા પહેલાં સદોમની જે સ્થિતિ હતી તેવી જ સ્થિતિ આ શહેરની પણ હતી. જ્વાળામુખી ફાટવાથી પોમ્પીઆઈનો નાશ થયો હતો, અને લાવાથી શહેર એટલું બધું ઊંડું દટાઈ ગયું હતું કે ખોદકામ કરવાથી હમણાં જ તેનાં ખંડિયેર મળી આવ્યાં છે. આ ખંડિયેરની અંદર એવી ઘણી જાણવા જેવી વસ્તુઓ મળી આવી છે, કે જેથી તેના નાગરિક જીવન પર ઘણો પ્રકાશ પડે છે. એક રોમન પહેરેગીર મળી આવ્યો છે. શહેરના દરવાજામાં જ્યાં ઊભા રહેવાની તેની ફરજ હતી ત્યાં જ તેની લાશ ઊભેલી માલૂમ પડી. તેના હાથમાં ભાલો હતો, તેની કમરે તરવાર બાંધેલી હતી, અને તેના માથા પર ટોપ પણ હતો. જીવનમાં તે જેવો હતો તેવો તે મરણમાં પણ દેખાઈ આવ્યો. આ માણસ પોતાની ફરજ અદા કરતાં ફરજની જગાએ જ મરણ પામ્યો.

પરંતુ ત્યાં આગળ બીજી એક લાશ પણ મળી આવી. તેની હકીકત બહુ જુદી છે. આ લાશ એક બાઈની હતી. તેના પગ શહેરના દરવાજા તરફ વળેલા હતા, અને તેનું મરણ થયું તે વખતે તે બળતા શહેરમાંથી નાસી જતી હોય એમ લાગે છે. તેની પાસે જમીન પર મોતીની થેલી પડેલી હતી, અને તેના તરફ તેનો હાથ લાંબો કરેલો હતો. થેલી તેના જ હાથમાંથી પડી ગઈ હોય, અગર બીજાના હાથમાંથી તે પડી ગઈ હોય; પણ આટલું બધું જોખમ હોવા છતાં પણ તે દોડતાં થોભી હતી અને તે લેવા માટે પાછી આવી હતી. પેલા રોમન સૈનિકની માફક તે પણ જીવનમાં જેવી હતી તેવી જ મરણમાં પણ દેખાઈ આવી. સૈનિકના જીવનમાં ફરજનો આદર્શ તેની નજર આગળ રહેતો હતો, ત્યારે આ બાઈના જીવનમાં મોતી તેના મન પર વધારે અસર કરતાં હોય એમ લાગે છે. એજ પ્રમાણે લુતની વહુનું મરણ જીવનમાં તે જેવી હતી તેવી જ તેને પ્રગટ કરે છે.

છેલ્લા જમણ વેળાએ ખ્રિસ્તે યહુદાને જે કહ્યું તે શું તમને યાદ છે? "તું જે કરવાનો છે તે જલદી કર." બસ! બીજી વાત નાહિ! તે રાત્રે યહુદા યાજકોને ત્યાં જઈ પહોંચ્યો ત્યાર પહેલાં તે મરી ગયો હોત, તોપણ આપણા પ્રભુને પરસ્વાધીન કરવાનો દોષ તેને લાગત. વળી એવો વખત આવે છે કે જેમાં ફેરફાર થઈ શકશે નાહિ: "જે અન્યાયી છે તે હજુ અન્યાય કર્યા કરે,

અને જે મલીન છે તે હજુ મલીન થતો જાય" એમ કહેવાનો વખત આવે; "મેં ચાહ્યું, પણ તમે ચાહ્યું નહિ" એમ પણ કહેવાનો વખત આવે. માટે "યહોવાહ મળે છે, એટલામાં તેને શોધો; તે પાસે છે, એટલામાં તેને હાંક મારો." "આવનાર કોપથી નાસી જાઓ," ઉતાવળ કરો. માનતાં ન હો, તો યહોવાહ લુતને શું કહે છે તે સાંભળો: "જો, આ વાત વિષે પણ મેં તારૂં સાંભળ્યું છે, જે નગર વિષે તું બોલ્યો છે તેનો નાશ હું કરીશ નહિ. તું ઉતાવળે ત્યાં નાસી જા, કેમકે તારા ત્યાં પહોંચ્યા સુધી હું કંઈ કરી શકતો નથી." વળી આનો અર્થ એટલો જ થાય છે કે માણસે જે કરવું જોઈએ તે જાણ્યા છતાં તે ન કરે ત્યાં સુધી ઈશ્વર પોતે પણ તેના આત્માના તારણને સારૂ કશું કરી શકે નહિ. પરંતુ એ કર્યો પછી લુતને જે અનુભવ થયો એજ અનુભવ તમને પણ થશે, એટલે તમે સોઆરમાં પેસશો ત્યારે પૃથ્વી પર સૂર્ય ઊગશે.

૩૮. સંતોની દૃઢતા

"તમારી ધીરજથી તમે તમારા જીવને બચાવશો." (લુક ૨૧ ; ૧૯).

આપણા જમાનામાં આ વિષય બહુ ચર્ચાવવામાં આવતો નથી, પરંતુ આગળના જમાનાઓમાં તેના ઉપર વિશેષ વિવેચન કરવામાં આવતું હતું. એ તો સ્વાભાવિક છે, કેમકે આપણા કરતાં તે જમાનાઓના ખ્રિસ્તીઓને વધારે વેઠવું પડતું હતું, છતાં આપણા જમાનાને માટે પણ આ વિષય અગત્યનો છે. અહીં આગળ પ્રભુ ઈસુ ખ્રિસ્ત, પોતાની જાહેર સેવાને અંતે, પોતાના શિષ્યો સાથે વાત કરે છે. આશરે ત્રણ વર્ષથી તેઓ તેની પાછળ ચાલ્યા હતા; તેનાં કૃપાવંત વચનો તેઓએ સાંભળ્યાં હતાં; તેનાં કૃપાવંત કામો કરતો તેઓએ તેને જોયો હતો, અને તેની સાથે નિકટના સંબંધમાં રહીને તેઓએ તેને તે કામમાં મદદ પણ કરી હતી. હવે તો તેઓને મૂકીને તે પોતાના પિતાની પાસે થોડી વારમાં પાછો જવાનો છે. હવે પછી તેની હાજરી વિના તેઓએ એકલા રહીને તેના એલચી તરીકે દુનિયામાં બહાર નીકળવાનું છે. વળી જો કે તેઓ તેની પાસેથી ઘણું શીખી રહ્યા હતા, તો પણ તેમની કેળવણી પૂર્ણ થએલી છે એવું તે તેઓ વિષે બીલકુલ સમજતો નહોતો. હજીએ તેઓને ઘણું શીખવાનું હતું; હજીએ તેઓને ધીરજથી પોતાના આત્માનો બચાવ કરવાનો હતો.

પ્રથમ, 'ધીરજ' શબ્દથી ઈસુ શું સમજાવવા માગે છે? માત્ર સંજોગોને આધીન રહેવાનું તે શિખવતો નથી. મુસલમાનો કિસ્મત વિષે બોલે છે, અને હિંદુઓ કર્મ વિષે બોલે છે; પરંતુ કિસ્મતથી અગર કર્મને આધીન થઈને કોઈ માણસે કદી પોતાના આત્માનો બચાવ કર્યો હોય એવું મારા જાણવામાં નથી આવ્યું. એથી ઊલટું, જેથી માણસ પોતાનો આત્મા ખોઈ નાખે એવા સાધનરૂપ કિસ્મત તેમજ કર્મ જણાઈ આવે છે.

લુક આ બાબત કયા સંજોગોની સાથે જોડી દે છે, એ આપણે ખ્યાલમાં લઈએ તો આપણા પ્રભુના કહેવાનો અર્થ સ્પષ્ટ રીતે સમજાય એમ છે. તેના ગયા પછી શિષ્યોને જે જે આપત્તિઓનો અનુભવ થવાનો હતો તે આપત્તિઓ વિષે ઈસુ અહીં આગળ તેઓની સાથે વાત કરે છે. તેઓની સતાવણી થવાની હતી, સભાસ્થાનોમાં અને કેદખાનાંઓમાં તેઓ હેરાન થવાના હતા; રાજાઓની આગળ તથા સૂબાઓની આગળ તેમને વખતોવખત બાંધીને લઈ જવાના હતા, વળી એટલું જ નહિ પણ તેઓમાંના કેટલાએકને મારી નાખવામાં

આવશે એવું પણ ઈસુ તેઓને અહીં આગળ જણાવે છે. હવે અહીં આગળ એક અજાયબ જેવી વાત આપણા જોવામાં આવે છે. તે પોતાના શિષ્યોને આવી આવી ગંભીર ખબરો આપ્યા પછી પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેમને બીજી જ કલમમાં શું કહે છે? "પણ તમારા માથાનો એક નિમાળો પણ નાશ પામશે નહિ. તમારી ધીરજથી તમે તમારા જીવને બચાવશો." આ શું?

આ માણસો દુઃખ પામવાના છે, છતાં ઈસુ તેઓને જણાવે છે કે તેઓને ઇજા થશે નહિ; તેઓની પાસે જે કંઈ છે તે બધું તેઓની પાસેથી જશે, છતાં તે તેઓને કહે છે કે તમને કંઈક મળશે. તેઓમાંના કેટલાંએક ક્રૂર રીતે મરવાના છે, છતાં તે તેઓને જીવન આપવાનું વચન કહે છે, હા, જેનો તેમને કદી અનુભવ થએલો નહોતો એવું જીવન તે તેઓને આપવાનું વચન કહે છે.

અહીં આગળ પ્રભુ ઈસુ ખ્રિસ્ત સહનતાના બદલા વિષે બોલે છે. જીવનના માર્ગમાં જે વિપત્તિઓ તથા નિરાશાનો અનુભવ થાય છે તેને કેવી દૃષ્ટિએ નિહાળવું જોઈએ તે વિષે તે પોતાના શિષ્યોને તેમજ આપણને પણ શીખવે છે. તે આપણને ખાતરી આપે છે કે આપણે હિંમત તથા દૃઢતાસહિત જીવનની કસોટીઓ તથા વિપત્તિઓની સામા થઈએ તો આપણને કદી ખોટ થશે નહિ. હિંમત ચારિત્ર્યને ઘડે છે. આપણા ખરા જીવનને પૃથ્વી પરની કોઈ પણ વિપત્તિ પહોંચી શકે નહિ. વળી માત્થી તથા માર્કની સુવાર્તામાં જ્યાં આગળ આજ વિષય ચાલે છે ત્યાં આગળ ઈસુ ખ્રિસ્ત એક છેલ્લા પ્રકાશિત વાક્યમાં પોતાના કહેવાનો અર્થ સમજાવે છે, એટલે, "અંત સુધી જે ટકી રહેનાર છે તેજ તારણ પામશે."

કુદરતના દાખલા લઈને આવી બાબતો વિષે શિક્ષણ આપવાનો ખ્રિસ્તનો રિવાજ હતો. આપણે પણ તેમજ કરીએ. ખેડૂતને પોતાની ફસલની રાહ જોવી પડે છે. રાહ જોતાં વળી પુષ્કળ મહેનત તથા માથાકૂટ કરવાની હોય છે; સંજોગો મુશ્કેલ હોય ત્યારે પણ અડગપણે ટકી રહેવાનું છે. ખેડૂત પોતાનું ખેતર કેટલી બધી ધીરજથી તૈયાર કરે છે! માટી પોચી અને રેતી જેવી ઝીણી થઈ જાય ત્યાં સુધી તે તેને ખેડે છે, અને સમાર ફેરવીને ઢેફાંને ભાંગી નાખે છે. ચોમાસું બેસતાં જ તે બી વાવે છે. થોડી વારમાં કોમળ છોડ ઊગી નીકળે છે, અને તેની સાથે ઘાસ પણ ઊગી નીકળે છે; વળી કરશણના કરતાં ઘાસ ઘણી ઝડપથી ઊગતું હોય એવું ખેડૂતને લાગે છે. વરસાદ રહી જાય છે, ત્યારે કોઈ વાર ફરી વાવવાનું થાય છે, અને ઘાસ, જીવજંતુ, તથા જાનવાર સાથેના ઝઘડામાં બિચારો ખેડૂત કેટલાક મહિના સુધી રોકાએલો હોય છે. છેક દિવાળી સુધી ખેડૂતને ધીરજ રાખવી પડે છે; જમીનની ફસલ ધીરજથી જ મળી શકે છે. પરંતુ એક જાણવા જેવી વાત એ કે જ્યાં

સંજોગો વિશેષ અનુકૂળ હોય છે ત્યાં ચારિત્ર્ય વિશેષ બગડવાનો સંભવ પણ હોય છે; સૌથી સારા ખેડૂત અને સૌથી ઉત્તમ માણસો જ્યાં કુદરત વિશેષ પ્રતિકૂળ હોય છે ત્યાં પાકે છે.

હવે, આ વાતનું લાગુકરણ ઘણી દિશામાં થઈ શકે એમ છે. "તારા મોંનો પરસેવો ઉતારી તું રોટલી ખાશે" એવું યહોવાહે આદમ વિષે કહ્યું હતું, પણ નિર્વિવાદ વાત છે, કે એવી રીતે ખાવામાં આવેલી રોટલી તે સૌથી મીઠી ને સૌથી પુષ્ટિકારક પણ હોય છે. "નીતિવચન"નો લેખક આપણને યાદ દેવડાવે તેમ, આળસની રોટલી શરીરને માટે સારી નથી તેમજ આત્માને માટે પણ તે સારી નથી.

પરંતુ આ વાતની સત્યતા વિશેષે કરીને આત્મિક પ્રદેશમાં પ્રદર્શિત થાય છે. સઘળું જીવન મુશ્કેલ છે. ખ્રિસ્તી જીવન વિશેષ મુશ્કેલ છે. આકાશમાં જવાનો માર્ગ ઢાળવાળો તેમજ સાંકડો છે. જો આરામનો વખત આવ્યો હોય તો પાછળથી મુશ્કેલીનો વખત પણ આવ્યા વગર રહેતો નથી. જ્યારે એવું થાય છે ત્યારે આપણને ધીરજની જરૂર છે. જેમ દૈહિક બાબતોમાં તેમ આત્મિક બાબતોમાં પણ મોળા વખતના બદલામાં ઘણી વાર સારો બદલો વાળવામાં આવે છે. યાકૂબ પોતાના પત્રમાં આપણને કહે છે, કે "ભાઈઓ, જ્યારે તમને તરેહ તરેહનાં પરીક્ષણો થાય છે ત્યારે તેમાં પૂરો આનંદ માનો; કેમકે તમે જાણો છો કે તમારા વિશ્વાસની પરીક્ષામાં પાર ઊતર્યાથી ધીરજ ઉત્પન્ન થાય છે." વળી આ બાબત વિષે યાકૂબનો છેવટનો ફેંસલો ખાસ ધ્યાનમાં લેવા જેવો છે; કેમકે તે લખે છે, કે "તમે પરિપકવ તથા સંપૂર્ણ થાઓ અને કશામાં અપૂર્ણ ન રહો, માટે ધીરજને પોતાનું કામ પૂરેપૂરું કરવા દો." **પરિપકવ તથા સંપૂર્ણ** થવા માટે ધીરજ સિવાય બીજો રસ્તો ઠરાવેલો નથી.

હવે, આપણા આધારવાકય તરીકે આપણે ઈસુ ખ્રિસ્તના જે શબ્દો પસંદ કર્યા છે તે શબ્દો આપણને તેજ વાત શીખવે છે. જ્યારે તમે નિરાશ થાઓ છો ત્યારે તમે ખેતરો તરફ નજર નાખો. કોઈએ વાવ્યું અને તરત જ ફસલ થઈ એવું તમે કદી સાંભળ્યું છે?!! અગર કોઈ પણ ખેતરમાં એક જ નીંદણ કરવાની જરૂર પડી હોય એવું તમે કયાં આગળ જોયું? તેજ પ્રમાણે આત્મિક જીવનમાં કાયમ રહેનાર ફળો જલદીથી મેળવી શકાય તેમ નથી; તેમજ કોઈ માણસ એક જ વખતે પરીક્ષણ પર જય પામ્યો, અને ફરીથી તેને બીજું થયું જ નહિ, એવું દુનિયા પર કોઈ દિવસ બન્યું નથી. આત્માનાં ફળો બહુ જ ધીમેથી પાકે છે. બાલ્યાવસ્થામાં વાવેલાં સારાં બી ઊગી નીકળતાં ઘણી વાર લાગે છે; અને ઊગી નીકળ્યા પછી પણ જિંદગી પર્યંત નીંદવાનું, નીંદવાનું ને નીંદવાનું જ છે.

ધીરજ રાખવી તે બાળકોને મુશ્કેલ લાગે છે. આપણાં છોકરાં આપણી પાસે કેટલી બધી વાર એવી વસ્તુઓ માગે છે કે જેનો ઉપયોગ તેમની નાની ઉંમરને કારણે તેઓ કરી શકે નહિ, તેમજ તેની કદર પણ કરી શકે નહિ! વળી તેઓ કેટલી વાર આપણી પાસે કાંઈ જાણવા માગે છે, ત્યારે આપણને માલૂમ છે કે તેઓ હજી મોટાં થશે ત્યારે જ તેઓ તેવી બાબતો સમજી શકશે. "ધીરજ રાખ; પછી આપીશ, બીજી વખત કહીશ," એમ કહીને આપણે તેમને શાંત પાડીએ છીએ. પરંતુ વચન આપેલો વખત આવતાં બહુ વાર લગાડે છે એમ બાળકને લાગે છે. વળી આપણે જેમ જેમ મોટાં થઈએ છીએ તેમ તેમ ધીરજ રાખવી એ કંઈ સહેલી વાત નથી. જેમ આપણે પોતાનાં માબાપની સાથે વર્ત્યાં હતાં તેમજ આપણે મોટાં થઈને ઈશ્વરની સાથે પણ વર્તીએ છીએ; કેમકે જે વાનાં વિષે તે જાણે છે કે તે આપણે માટે સારાં નથી તે આપણે તેની પાસે માગ્યા કરીએ છીએ; અને જ્યાં આપણે કેવળ અપૂર્ણ જાણી શકીએ ત્યાં આપણે બધું જાણવા માગીએ છીએ.

હવે ધીરજને એક જોડ બહેન છે, અને તેનું નામ આશા છે. એક રીતે તેઓ એક બીજાના જેવી, અને બીજી રીતે એક બીજાથી જુદી દેખાય છે. ધીરજનું મોં હમેશાં ગંભીર હોય છે, ત્યારે આશાનું મોં હમેશાં આનંદી હોય છે. બન્નેની જરૂર છે. આશા પોતાની ગંભીર બહેનને ટેકો આપે છે અને મુશ્કેલીના વખતમાં તેને નિભાવી રાખે છે. આશા વગર ધીરજને ચાલે નહિ. પવિત્ર શાસ્ત્રમાં આપણને એવું કહેવામાં આવ્યું છે, કે "જેવા તમારા દહાડા તેવું તમારૂં બળ પણ થશે" અને આ વચન આશા હમેશાં ધીરજને યાદ દેવડાવતી રહે છે. વળી જ્યારે આપણે પાછળ જોઈને ગમગીનીના દહાડા નિહાળીએ છીએ ત્યારે આપણામાં ઉપકારીપણું ઉપજે છે, કેમકે માલૂમ પડે છે કે તેજ દહાડાઓ આપણને ઈશ્વરના હૃદયની સન્નિધ લાવ્યા હતા; અને "હેબ્રીઓને પત્ર" લખનારના શબ્દો જે વિચાર દર્શાવે છે તે આપણો પણ છેવટનો વિચાર થાય છે, કે "કોઈ પણ શિક્ષા હાલ તરત આનંદકારક લાગતી નથી, પણ ખેદકારક લાગે છે; પણ પાછળથી તો તે કસાએલાઓને ન્યાયીપણાનાં શાંતિદાયક ફળ આપે છે."

હવે મને ખાતરી છે કે આપણા પ્રભુના શબ્દો તેના પ્રથમ શિષ્યોને કઠણ લાગ્યા હશે. પરંતુ અનેક સતાવણીના સમયમાં તેઓ પાછળથી તેમાંનું સત્ય સમજી શક્યા. વળી ધીરજથી તેઓએ પોતાનો જીવ બચાવ્યો પણ ખરો. તેઓ વિષેની ઘણી બાબતો તેઓના સંકાળિકોથી સમજાતી નહોતી, ને વિશેષે કરીને મરણ સામે શિષ્યોની નિર્ભયતા, તે તેઓ સમજી શકતા નહોતા. એક વિદેશી સંકાળિક લખે છે, કે "અમે તદ્દન અમર છીએ, ને સદાસર્વકાળ જીવવાના

છીએ, એવું આ ગાંડા લોકો સમજે છે," અને ખરેખર, અમરપણાની આશા તેજ તેઓની ધીરજને ટકાવતી હતી. એ આશાને કારણે તેઓ મરણથી બીતા નહોતા એટલું જ નહિ પણ તેઓ આનંદસહિત તેનો આવકાર પણ કરતા હતા. ધર્માર્થે પ્રાણત્યાગ કરનાર મોટા ઇગ્નેશિયસના મરણનો વખત પાસે આવ્યો ત્યારે તેણે લખ્યું, કે "જેમ તરવાર પાસે આવે તેમ ઈશ્વર પાસે; ફાડી નાખનાર રાની પશુઓની સંગત એટલે ઈશ્વરની સંગત." વળી આપણા આધારવાક્યનું રહસ્ય ઇગ્નેશિયસ પૂરી રીતે સમજતો હતો એવું તેના છેલ્લા શબ્દો પરથી જણાય છે: "મને અખાડામાં લઈ જવામાં આવશે ત્યારે જ હું મરદ થઈશ; મારા ઈશ્વરના દુઃખસહનને મને અનુસરવા દો."

પહેલા સૈકાના ખ્રિસ્તીઓને માટે જે અતિ ભયંકર વખત આવ્યો તેમાં યોહાને પોતાનું દિલાસાદાયક પુસ્તક રચ્યું. તે પુસ્તકમાં પોતે અહીં આગળ સાંભળેલાં ઈસુનાં વચનો કેવી રીતે સમજી શક્યો હતો એ તે બતાવે છે. તે પુસ્તકની શરૂઆતમાં તે દીવીઓમાં ફરતા ખ્રિસ્તના દર્શનનું વર્ણન કરે છે. ખ્રિસ્ત ઉપર ચઢ્યો છે ખરો પણ તે પોતાની મંડળીને ભૂલ્યો નથી એમ આ દર્શનદ્વારા બતાવવામાં આવે છે; કેમકે આ ચિત્રમાં જણાવ્યા પ્રમાણે, જ્યાં જ્યાં તેની મંડળીઓ હોય ત્યાં ત્યાં તેઓનાં ગુલ કાતરતાં કાતરતાં તેઓ હજી પણ વધારે ને વધારે પ્રકાશ આપે, તેને માટે તે નિત્ય પ્રયત્ન કરતો જણાય છે. પરંતુ આપણને અંધકાર જ ગમતો હોય તો ખ્રિસ્ત ગુલ કાતરીને પણ શું કરી શકે? આપણી આસપાસ "પર્વત અગ્નિઘોડાઓથી તથા અગ્નિરથોથી" ભલે ભરાઈ ગયો હોય, પણ આપણે જ અવિશ્વાસુ માલૂમ પડીએ તો અગ્નિઘોડાઓ શું કરી શકે, અને અગ્નિરથો પણ શું કરી શકે?

હવે તમારે માટે અને મારે માટે હજી આ સવાલ ઊભો છે: "આપણે પોતાનો જીવ બચાવ્યો છે કે કેમ? આપણા જીવનની સાંજે જ્યારે ફસલનો ધણી આપણને બોલાવશે અને હિસાબ માગશે ત્યારે શો જવાબ આપીશું?" ઈશ્વર કરો કે આપણને એવો જવાબ આપવો ન પડે કે "કાપણી વીતી ગઈ છે, ઉનાળો સમાપ્ત થયો છે, તોએ અમે તારણ પામ્યા નથી."

કેટલાએક પોતાના ખ્રિસ્તી જીવનની શરૂઆત સંતોષકારક રીતે કરે છે; તેમના વિષે સારી આશા ઉત્પન્ન થાય છે પણ પાછળથી તેઓનું જીવન અવ્યવસ્થિત થાય છે અને મંડળીમાં સ્તંભરૂપ થવાને બદલે તેઓ નર્યા કાંટારૂપ બની જાય છે અને પોતાના તારનારને ફરીથી વધસ્તંભે જડે છે. એવાને પાઊલના શબ્દોમાં એમ કહેવાય કે "તમે સારી રીતે દોડતા હતા, છતાં તમને કોણે રોક્યા?" એ કરતાં આપણે એમ કહી શકીએ તો કેવું સારૂં કે "આપણે પાછા હઠીને નાશ પામનારા નથી, પણ જીવનના ઉદ્ધારને અર્થે વિશ્વાસ કરનારા

છીએ." માઉંટ એવરેસ્ટની ટોચ સુધી ચઢવાના બહુ પ્રયત્નો કરવામાં આવ્યા છે. તે પ્રયત્નો કરવામાં કેટલાએકે પોતાના જીવ પણ ગુમાવ્યા છે. એવા બે બહાદુર માણસો વિષે ૧૯૨૪માં વર્તમાનપત્રોમાં આ વાત આવી કે "તેઓ છેલ્લામાં છેલ્લા જોવામાં આવ્યા ત્યારે તેઓ ટોચ તરફ પૂરા જોરથી ચાલતા હતા." વહાલાંઓ, આપણું છેલ્લામાં છેલ્લું દૃશ્ય દુનિયાને થાય તે આવું જ થાય તો કેવું સારૂં! એટલે આપણા વિષે પણ એમજ કહેવામાં આવે કે "તેઓ છેલ્લામાં છેલ્લા જોવામાં આવ્યા ત્યારે પૂરા જોરથી ટોચ તરફ ચાલતા હતા!"

૩૯. નાતાલ ચૂકી જવા વિષે

"તેનો મહિમા અમે જોયો" (યોહાન ૧ ; ૧૪).

નાતાલનો સમય આનંદી સમય છે. એ સમયમાં આખી દુનિયાના ખ્રિસ્તીઓ આનંદ કરે છે અને આનંદ કરવાનું કારણ એ છે કે તે દિવસે લગભગ બે હજાર વરસ ઉપર આપણો તારનાર જન્મ્યો હતો. હવે કેટલાએક માણસો એવા મળે છે કે જેઓ ઠેકાણા વગરનું જીવન ગાળે છે. એવા માણસો સાધારણ મુસાફરીએ નીકળવાના હોય તોપણ ઘણી વાર ગાડીનો વખત ચૂકી જાય છે. પુનરુત્થાનને દિવસે શિષ્યો ઉપલી કોટડીમાં એકઠા થયા હતા અને ત્યાં આપણો પ્રભુ તેઓને મળ્યો, પણ ત્યાં આગળ જે શિષ્યની હાજરીની વિશેષ અગત્ય હતી તે શિષ્ય તો ગેરહાજર હતો. પહેલા ઈસ્ટરનો આનંદ પામતાં થોમા રહી જતો હતો અને પ્રભુની ખાસ મહેરબાની ન હોત તો તે ઈસ્ટરનો આનંદ પામતો તે સમૂળગો ચૂકી જાત. પરંતુ કોઈ કહેશે કે નાતાલનો આનંદ શી રીતે ચૂકી જવાય ? તે દિવસે નાતાલ છે એ વાત સ્મરણમાં લાવવાનાં હજારો કારણો છે. કામ બંધ રહે છે, બધાં દેવળમાં જાય છે, ગીતો ગાવામાં આવે છે, જાત જાતના તમાશા થાય છે, સગાંવહાલાંઓનાં ટોળેટોળાં ફરી વળે છે. નાતાલ છે એ શે ભૂલી જવાય ? એ ખરી વાત, પણ એમ છતાં નાતાલનો આનંદ પામતાં ચૂકી જવાય છે ; નાતાલને વખતે આપણે કઈ જાતનો આનંદ શોધીએ છીએ તે પર બધો જ આધાર રહે છે.

એક છોકરો કેવી રીતે નાતાલ ચૂકી ગયો એ વિષે હું તમને આજે કહેવા માગું છું. નાતાલનો વખત આપણને જેવો ગમે છે તેવો તેને પણ ગમતો હતો. આખા વરસમાં નાતાલનો દિવસ તેને બધા કરતાં સારો લાગતો હતો. આ નાતાલે પણ તેને સારી રીતે મઝા પડી હતી. જાત જાતની ભેટો તેને આપવામાં આવી હતી. કોઈએ તેને એક સાઇકલ પણ લાવી આપી હતી અને આખો દિવસ તે તેના પર બેસીને ફેરા મારતો હતો. વળી તેણે પોતે બીજાઓને પણ કેટલીએક નાની ભેટો આપી હતી અને જેમને તે ભેટો મળી હતી તેઓ પણ બહુ ખુશી થયા હતા. પોતાનાં માબાપને તેણે ભેટો આપી હતી એટલું જ નહિ પણ આગલી સાલે પોતાને કેટલીએક ભેટો મળી હતી તે હજી સારી સ્થિતિમાં હતી, માટે તે ભેટો હોસ્પિટલમાં જઈને ત્યાંનાં માંદાં છોકરાંઓને તે આપી આવ્યો હતો. બધી રીતે આ છોકરાને એમ લાગ્યું કે આ તો ખરેખર આનંદી નાતાલ છે. પોતાને આનંદ થયો હતો ; બીજાઓને પણ તે આનંદ આપી શક્યો હતો.

હવે તે દિવસે સાંજે તે બહુ જ થાકી ગયો હતો, કેમકે મોટી સવારથી તે સાંજ સુધી એક ઘડી પણ તે જંપ્યો નહોતો. ઘરનાં મોટાં માણસો બહાર ગયાં હતાં તેથી તે ઘરમાં જઈને ચૂલા પાસે લાંબો થઈને સૂઈ ગયો. સૂતાં સૂતાં તે ચૂલામાંના લાલ અંગારા તરફ જોઈ રહેતો હતો. જોતાં જોતાં કેટલાક શબ્દો જે સવારના દેવળ વખતે તેના સાંભળવામાં આવ્યા હતા તે તેના મનમાં આવ્યા: "અમે તેનો મહિમા જોયો" આ શબ્દો વિષે વિચાર કરતાં કરતાં તે ઊંઘી ગયો, અને ઊંઘમાં તેને સ્વપ્ન આવ્યું. એ સ્વપ્ન આ પ્રમાણે :—

જો કે ચૂલામાં અગ્નિ હતો તોપણ સ્વપ્નમાં તેને એકાએક બહુ જ ટાઢ લાગી. અંધારું હતું તોપણ માથા પર તારા પ્રકાશતા હતા એ જોઈને તેને હવે માલૂમ પડયું કે હું હમણાં ઘરમાં નથી પણ ડુંગરના ઢોળાવ ઉપર સૂતેલો છું. ચૂલાને ઠેકાણે ધૂણી જણાઈ અને તેના પ્રકાશમાં ઘેટાં અને તેમનાં બચ્ચાં સૂતેલાં માલૂમ પડ્યાં. પોતાના જેવડો ભરવાડનો એક છોકરો હવે આગળ આવ્યો. તેણે દેવતાની ઉપર બળતણમાં નવાં લાકડાં નાખ્યાં તેથી પુષ્કળ ચણગારા ઊડ્યા. પછી બન્ને છોકરા એકબીજાની સાથે આ પ્રમાણે વાત કરવા લાગ્યા :

પહેલો છોકરો : નાતાલની સલામ. આજે તમને પણ આનંદ થયો હશે, ખરું કે ?

ભરવાડનો છોકરો : સલામ, ભાઈ. દિવસે તો ઠીક પણ કાલ રાત્રે મને તો વધારે મઝા પડી હતી.

પહેલો છોકરો : કાલ રાત્રે શું થયું ?

ભરવાડનો છોકરો : અરે ! ગઈ રાત્રે મેં મહિમા જોયો—અહીં આગળ, આજ ખેતરમાં !

પહેલો છોકરો : એ વિષે મેં દેવળમાં સાંભળ્યું : "અમે તેનો મહિમા જોયો" એમ વાંચી સંભળાવવામાં આવ્યું હતું. શું તેજ મહિમા તમે પણ જોયો હશે, ખરું કે ?

ભરવાડનો છોકરો : મેં જે મહિમા જોયો હતો એ તો આકાશનો મહિમા હતો.

પહેલો છોકરો : એ વિષે મહેરબાની કરીને મને કહો.

ભરવાડનો છોકરો : કાલ રાત્રે હું એકદમ ઊંઘમાંથી જાગ્યો. આજ દેવતા સંભાળવાનો મારો વારો છે પણ કાલ રાત્રે નહોતો. હું જાગ્યો ત્યારે આકાશ દિવસની માફક પ્રકાશિત હતું અને અમારી આજુબાજુ પ્રભુનો મહિમા પ્રકાશતો હતો. વળી એક વાણી પણ સંભળાતી હતી અને તે વાણી કોઈએક બાળક વિષે બોલતી હતી. પછી

એકાએક ઘણા દૂતો જોવામાં આવ્યા. તેઓના પગ પૃથ્વી સુધી પહોંચતા હતા, પણ તેમની પાંખો તો આકાશ સુધી પહોંચતી હતી. વળી તેઓ બહુ સુંદર રીતે ઈશ્વરનાં સ્તોત્રો પણ ગાતા હતા.

પહેલો છોકરો: હા, ખરી વાત. આજ સવારે મેં દેવળમાં આ શબ્દો પણ સાંભળ્યા હતા: "પરમ ઊંચામાં દેવને મહિમા થાઓ, તથા પૃથ્વી પર જે માણસો વિષે તે પ્રસન્ન છે, તેઓને શાંતિ થાઓ," એમ હતું કે નહિ? પછી આ પવિત્ર બાળકને તમે જોવા ગયા કે?

ભરવાડનો છોકરો: નહિ! હું કહીંએ ગયો નથી! તેઓ શી બાબત વિષે વાત કરે છે તે હું જાણતો નહોતો; પણ દૂતોનાં સ્તોત્ર તો મને બહુ જ સારાં લાગ્યાં તેથી દૂતો ગયા પછી હું તો ફરી દેવતા પાસે સૂઈ ગયો, અને જાણે તેઓ હજી હાજર હોય એમ સમજીને મેં મારી આંખો એકદમ મીંચી. પછી મને ફરી ઊંઘ આવી અને મારા સ્વપ્નમાં પણ દૂતો ગાય છે એમ મને લાગ્યું.

પહેલો છોકરો: અરેરે! બીજા ભરવાડોની સાથે તમે બેથલેહેમ ન ગયા? તમે પવિત્ર બાળકને ન જોયું! ત્યારે તો તમે ખરી નાતાલ પાળતાં ચૂકી ગયા કહેવાય!

ભરવાડનો છોકરો: ના, હું તો કહીંએ નથી ગયો અને મેં તે પછી કોઈને જોયો નથી. શું તમે ગયા? શું તમે ગયા? શું તમે ગયા?

છોકરો એકદમ જાગી ઊઠયો, ત્યારે તો તારા, દેવતા કે ઘેટાં હવે તેના જોવામાં આવ્યાં નહિ. હું તો મારા પોતાના ઘરમાં ચૂલા આગળ સૂતો હતો એમ તેને માલૂમ પડયું. પરંતુ શું તમે ગયા? શું તમે ગયા? આ જે શબ્દો મારા કાનની સાથે અથડાય છે તે કયાંથી, તે વિષે તે વિચાર કરવા લાગ્યો. પછી તેને યાદ આવ્યું. હા! સ્વપ્નમાં પેલો ભરવાડનો છોકરો મને આમ કહેતો હતો. તેણે દૂતોનાં સ્તોત્ર સાંભળ્યાં હતાં છતાં તે બેથલેહેમ ગયો નહિ. કેટલી મોટી મૂર્ખાઈ કરી! હા, પણ શું તમે ગયા, શું તમે ગયા, એ તેના છેલ્લા શબ્દો હતા. શું હું પણ નાતાલ પાળતાં ચૂકી ગયો હોઉં એમ બને? આજે તો મને ઘણી રીતે આનંદ થયો છે એ સાચી વાત, પણ શું મેં પવિત્ર બાળકને જોયું? શું મને મારા પ્રભુનું દર્શન થયું?

અમે તેનો મહિમા જોયો એમ આ પ્રથમ શિષ્યો પોતાનાં પુસ્તકોમાં આપણને જણાવે છે, પણ તેઓએ તે કયારે જોયો? જે અનુક્રમે શિષ્યોએ

ખ્રિસ્તના જીવનવૃત્તાંતની બીનાઓ સ્વીકારી હતી તે અનુક્રમ તરફ જોઈએ છીએ ત્યારે તો એક વિચિત્ર પરિણામ આવે છે. આપણે પહેલેથી છેલ્લે સુધી સુવાર્તા વાંચીએ છીએ, પરંતુ પ્રથમ શિષ્યોએ તો છેલ્લેથી પહેલે સુધી તે માની લીધી હતી. ઈસુ ખ્રિસ્ત વિષે તેઓએ જે વાત પહેલવહેલી સ્વીકારી હતી તે તો તેના પુનરુત્થાન વિષેની વાત હતી. ત્યાર પછી તેઓ ખ્રિસ્તના મરણ વિષે વિચાર કરવા લાગ્યા અને તે મરણથી માણસજાતનું પાપનિવારણ થાય છે એવું તેઓએ માની લીધું. ત્યાર બાદ શિષ્યો આપણા પ્રભુના જીવનનાં વૃત્તાંતો એકઠાં કરવા લાગ્યા, અને છેલ્લે તેના જન્મ વિષેની વાર્તાઓ એકઠી કરવામાં આવી. આ પ્રમાણે માર્ક આપણા પ્રભુના બાપ્તિસ્માથી માંડીને તેનું જીવન-ચરિત્ર લખે છે. માત્થી તથા લુક આપણા પ્રભુના જન્મથી તેનું જીવનચરિત્ર લખે છે; પણ યોહાન તો અનાદિકાળથી આપણા પ્રભુનું જીવનચરિત્ર લખીને આપણને જણાવે છે, કે "આદિએ શબ્દ હતો, અને શબ્દ દેવની સંઘાતે હતો, અને શબ્દ દેવ હતો." શિષ્યોએ જેમ જેમ વિચાર કર્યો તેમ તેમ તેઓને માલૂમ પડયું કે અમે તો બધા જ વખતમાં તેનો મહિમા જોયો હતો; હા, તેના દરેક કામમાં તેમજ તેના દરેક શબ્દમાં અમે તેનો મહિમા જોયો હતો.

હવે બેથલેહેમથી માંડીને તે ગલગથા સુધી તેઓએ તો તેનો મહિમા જોયો હતો ખરો, પણ સમજતાં તેઓને વાર લાગી. અજાયબ જેવી વાત છે પણ ખ્રિસ્તના મિત્રો કરતાં તેના શત્રુઓને તેના મહિમાનું ભાન વધારે થયું હોય એવું લાગે છે. તે પોતાનાંની પાસે આવ્યો પણ પોતાનાંએ તેને ઓળખ્યો નહિ, એમ યોહાન કહે છે. હા, પણ બીજાઓએ તેને ઓળખ્યો એમ ખ્રિસ્ત પોતે કહે છે, અને તેને ઓળખ્યા પછી તેમના મન ઉપર અવળી અસર થઈ એમ પણ તે કહે છે. આ તો વારસ છે; ચાલો, આપણે તેને મારી નાખીએ, એમ કહેનારાઓ તે વખતે મળતા હતા. પાપી માણસો મહિમા જુએ છે ત્યારે તે સહન કરી શકતા નથી. હું ઈશ્વરના જેવો છું એમ પ્રગટ કરવાને માટે આપણો પ્રભુ નહોતો આવ્યો, પણ ઈશ્વર મારા જેવો છે એમ પ્રગટ કરવાને તે આવ્યો હતો. આ વાત ખોટી છે એમ તો કોઈ માણસ કહી શકે નહિ પણ જેઓને પોતાનાં પાપ વહાલાં લાગે છે તેઓને ઈશ્વરનો મહિમા જોઈને કયાંથી સારૂં લાગે? તે સારૂં કરતો ફરતો હતો, પણ જેમને ભૂંડું કરતાં ફરવાની મરજી હતી તેઓને તેને જોઈને તેના પર કયાંથી વહાલ ઉત્પન્ન થાય? તેનું જીવન કેવળ શુદ્ધ અને નિર્મળ હતું પણ તે જોઈને નાગાઓને શો દિલાસો મળવાનો હતો? "તેણે અપકાર કર્યો નહોતો ને તેના મુખમાં કપટ નહોતું," પણ જેઓ જૂઠનો આશરો લઈને જીવવા માગતા હતા તેઓ તેનાથી પોતાનાં મોં અવળાં ફેરવે એમાં નવાઈ શી?

અમે તેનો મહિમા જોયો એમ આ નવા કરારના ભકતો પોકારે છે તો આપણા વિષે શું? હા, આપણે પણ તેનો મહિમા જોયો એજ આપણામાંના કેટલાએકને ખૂંચે છે! તેનો મહિમા જોયો છે માટે અંદરખાને આપણને શરમ લાગે છે; તેનો મહિમા જોયો છે માટે પોતાની અધમતા ઢાંકવાને માટે ખોટા ઉપાય કરવામાં આવે છે; તેનો મહિમા જોયો છે માટે આપણાં મન અશાંત છે, અને તે કારણથી આપણે પોતાનાં હૃદયોને છેતરવાના અને બીજાઓને ભરમાવવાના પ્રયત્નો કરીએ છીએ. ઢોંગ તે અશાંત હૃદયનું લક્ષણ છે.

મારાં વહાલાંઓ, ખ્રિસ્ત ઈસુની સાથે તમે નવા અને જીવતા સંબંધમાં આવશો તો જ નાતાલના આનંદમાં તમે પ્રવેશ કરી શકશો. શાઊલ ખ્રિસ્તી થયો ત્યાર પહેલાં તેણે પ્રભુનો મહિમા જોયો હતો એવું મારૂં માનવું છે. તે દમસ્કના રસ્તા ઉપર નીકળ્યો ત્યાર પહેલાં તેણે પ્રભુનો મહિમા જોયો હતો, પણ દમસ્કના રસ્તા ઉપર જ તે પ્રભુના મહિમાને આધીન થયો. "શાઊલ, શાઊલ, તું મને કેમ સતાવે છે" એમ પ્રભુએ તેને પૂછયું ત્યારે તેણે અવળો જવાબ આપ્યો: "પ્રભુ, તું કોણ છે?" હવે પ્રભુ ઈસુ કોણ છે તે શાઊલ સારી રીતે જાણતો હતો. તેમજ પ્રભુ ઈસુ કોણ છે તે આ મંડળીનો દરેક માણસ પણ સારી રીતે જાણે છે, તોપણ છેલ્લી ઘડી સુધી પોતાના હૃદયને છેતરવાનું માણસોને મન થાય છે. એવાને ખ્રિસ્ત હજી પણ કહે છે કે જેને તું સતાવે છે તે હું ઈસુ છું. વહાલાંઓ, આજે તમે મહિમા તો જોયો, પણ તેને આધીન થાઓ તો બહુ સારૂં. આજે આપણા પ્રભુની દીનાવસ્થાનું દર્શન થાય છે અને દીનાવસ્થામાં જ તેનો સ્વીકાર થઈ શકે છે. આજે તમે દેવળમાં આવ્યા છો ખરા, પણ શું તમે બેથલેહેમ જઈ આવ્યા?

બધા શિષ્યોએ ઈસુનો મહિમા જોયો હતો, પણ મારા ધારવા પ્રમાણે જેણે આ શબ્દો લખ્યા છે તેણે વધારે સ્પષ્ટ રીતે તે જોયો હતો; કેમકે બધી બાબતોના કરતાં આપણા પ્રભુનો મહિમા તેના પ્રેમમાં સમાએલો હતો, અને આ શિષ્યનું હૃદય કોઈ દિવસ પોતાના તારનારના હૃદયથી બહુ છેટું નહોતું. જેઓ પહેલવહેલા ખ્રિસ્તની સાથે જોડાયા હતા તેમાંનો એક એ હતો; જેઓ છેલ્લે સુધી તેના દુ:ખમાં તેની સાથે ઊભા રહ્યા હતા તેમાંનો પણ એક તે હતો. આ માણસ વિષે પવિત્ર શાસ્ત્ર આપણને જણાવે છે કે તેના પર આપણો પ્રભુ ખાસ પ્રેમ રાખતો હતો. તેણે બેથલેહેમનો દેખાવ જોયો નહોતો, પણ આપણા પ્રભુનું રૂપાંતર થયું તે દિવસે તે હાજર હતો. વળી તે વૃદ્ધ થયો ત્યારે બધાના કરતાં અજાયબ પમાડે એવું મહિમાવાન થએલા પ્રભુનું દર્શન તેણે જોયું. વળી પ્રભુની સાથે આ લેખકનો આટલો બધો ગાઢો સંબંધ હોવા છતાં તેણે આ દર્શન જોયું ત્યારે તે મૂએલા જેવો થઈને ખ્રિસ્તના ચરણ આગળ પડી ગયો.

મિત્રો, જે બાળકના પારણા આગળ આપણે આજે નમીએ છીએ તેનો ચહેરો આજે પૂર્ણ તેજથી પ્રકાશતા સૂર્યના જેવો છે, અને તેની આંખો પણ અગ્નિની જવાળા જેવી છે. આ દિવસ વિષે જો કોઈને હલકા વિચાર આવતા હોય તો આ વાત યાદ રાખવા જેવી છે.

માફ થએલા પાપને કારણે જેઓ હર્ષ કરે છે તેઓ બધાના કરતાં આ દિવસને વધારે સારી રીતે ઉજવશે. "એક વાત હું જાણું છું એટલે હું આંધળો હતો પણ હવે દેખતો થયો છું" એવું જેટલા ખરા અંતઃકરણથી કહી શકશે તેમણે જ પ્રભુનો મહિમા જોયો છે એમ કહેવાય. વળી જેઓ પ્રભુનો મહિમા જુએ છે તેજ તેને મહિમા આપી શકે છે. એક બાઈ પારીસ શહેરમાં એક પ્રદર્શન જોવાને માટે ગઈ હતી. ત્યાં આગળ એક જાતનો લકવો તેને થયો તેથી તેનાથી બોલાય નહિ એવી તેની સ્થિતિ થઈ. દિવસે દિવસે તેની સ્થિતિ વધારે અને વધારે ગંભીર થતી ગઈ, અને છેવટે તે મરણ પામી. પરંતુ આ મંદવાડના સમયમાં તે એક શબ્દ બોલી શકી, એટલે "લાવો." વખતોવખત તે બોલવાની મહેનત કરતી હતી પણ દરેક વખતે આ એક જ શબ્દ સંભળાતો હતો, એટલે લાવો. તેના સગાંવહાલાં બહુ ગુંચવણમાં પડયાં. શું લાવીએ? પછી તેઓ ફૂલો લાવ્યાં, ફળો લાવ્યાં, જેટલાં વાનાંથી તેને આનંદ થાય તે લાવ્યાં; પણ આમાંનું કાંઈ પણ બાઈને જોઈતું નહોતું. હજુ પણ તે લાવો લાવો કરતી હતી. છેવટે તે મરણ પામી ત્યાર પહેલાં તેની જીભ છૂટી થઈ અને તે શું લાવવાને કહેતી હતી એ માલૂમ પડયું. એક વાર ચોકખી રીતે તે આ શ્લોક બોલી:

"ઈસુના નામને દો મહિમા,
ને દૂતો લાગો પાય;
રાજમુગટ લઈ આવો બધા
ને માનો, માનો, માનો, તેને માનો રાય."

આજે તમે કઈ જાતના આનંદ કરવા ધારતા હતા તે હું જાણતો નથી, પણ તે આવો હોય તો તમે આજે "રાજાને તેના સૌંદર્યમાં જોશો;" બેથલેહેમ ગયા છો તે સાબિત થશે, કેમકે બેથલેહેમ તે તો તમારા હૃદયમાં થશે.

૪૦. બારણું

"હું બારણું છું; મારા દ્વારા જો કોઈ પેસે, તો તે ઉદ્ધાર પામશે, અને માંહે આવશે ને બહાર જશે, અને તેને ચરવાનું મળશે"
(યોહાન ૧૦; ૯).

યોહાનનો નવમો ને દશમો અધ્યાય એકબીજાની સાથે નિકટનો સંબંધ ધરાવે છે, અને તે સંબંધ પર લક્ષ આપવાની ખાસ જરૂર છે. નવમા અધ્યાયમાં એક ચમત્કારનું વર્ણન કરવામાં આવેલું છે. દશમા અધ્યાયમાં એક દૃષ્ટાંત જણાવવામાં આવેલું છે. વળી ચમત્કાર કરવાને લીધે જે પરિસ્થિતિ ઉપસ્થિત થઈ હતી તે પરિસ્થિતિ દૃષ્ટાંતનો આધાર છે. આપણે જાણીએ છીએ કે સાજા થએલા માણુસને ફરોશીઓએ મંડળી બહાર મૂકયો હતો. તે બિચારાનો વાંક એટલો જ કે તે પોતાને સાજો કરનારના ગુણુ ગાતો બંધ થવાની ના પાડતો હતો. હવે યહુદી સમાજમાં કોઈને મંડળી બહાર મૂકવો તે કંઈ ઓછી શિક્ષા નહોતી; તેથી તે શિક્ષા આંધળા માણુસને સખત માલૂમ પડી હશે. તેને આંખ મળી તો ભલે મળી; પણુ આ શિક્ષાથી તેને જાહેર ભજનસેવામાં એટલુંજ નહિ, પણુ સાધારણુ રોજગારમાં પણુ ભાગ લેતાં અટકાવવામાં આવે તેમ હતું. ગુજરાન ચલાવવાનાં સાધનો જાય તો પછી આંખ શા કામમાં આવે? ગમે તેમ હોય, પણુ આંધળો માણુસ ભીખ તો માગી શકે. વળી સંભવિત છે કે ફરોશીઓએ કરેલા ફેંસલામાં ઘણુાખરા લોકો સંમતિ ધરાવતા હશે; ઇસ્રાએલમાં સમાજ બહાર કરેલા માણુસને મિત્રો મેળવવા મુશ્કેલ હતું. છતાં આ માણુસની સ્થિતિ ધ્યાનમાં રાખીને આપણો પ્રભુ કહે છે, કે "હું બારણું છુ."

હવે ઘરનું બારણું તરત આપણું ધ્યાન ખેંચે છે. ઘરના બીજા ભાગ ગમે તેવા હશે એ તો પાછળથી જોવાનું, પણુ અંદર દાખલ થવાને માટે આપણું પ્રથમ કામ બારણુા સાથે છે. તે જો નીચું હોય તો નમીને જવું પડશે, સાંકડું હોય તો સંભાળીને જવું પડશે, અને જો તે મજબૂત ન હોય તો ભાડે રહેવાનું પણુ મન થાય નહિ. નવા કરારમાં બારણુાની ઉપમા ઘણી જગાએ વાપરવામાં આવેલી છે: કોઈ વાર બારણું આપણું છે, અને ખ્રિસ્ત બહાર ઊભો રહીને ઠોકે છે; કોઈ વાર બારણું ખ્રિસ્તનું છે, અને આપણે બહાર ઊભા રહીને ઠોકીએ છીએ: "સાંકડા બારણુામાં થઈને પેસવાને કોશિશ કરો" એમ આપણુને કહેવામાં આવે છે. ઘણું કરીને નવા કરારમાં બારણું તકસૂચક છે. મૂર્ખ

કુમારિકાઓના દૃષ્ટાંતમાં બંધ બારણું એ ગુમાવેલી તક સૂચવે છે. બારણું બંધ હોય તો તક ગઈ એમ સમજવું. અગર તો કોઈ વાર બારણું ખુલ્લું પણ દેખાડવામાં આવે છે; અને એ પરથી જણાવવામાં આવે છે, હજી વખત આપવામાં આવે છે, હજી આશા છે. જેમકે પાઊલ કહે છે, કે "એક મહાન અને કાર્ય સફળ થાય એવું દ્વાર મારે સારૂ ઉઘાડવામાં આવ્યું છે," અને ખ્રિસ્ત તો કહી રહ્યો છે, કે "જુઓ, તારી આગળ મેં બારણું ઉઘાડું મૂક્યું છે."

આ પ્રસંગે આપણા પ્રભુના મનમાં આવા જ વિચાર હતા. આ માણસને યહુદી સમાજમાંથી બરતરફ કરવામાં આવ્યો હતો. તેને તથા તેના જેવા બીજાઓને તેઓ જે આશીર્વાદો ગુમાવી બેઠા હતા તેને લીધે આપણો પ્રભુ દિલાસો આપવા માગતો હતો. આ લોકોને આપણો પ્રભુ એવી સમજુતી આપે છે કે તમારી સામે યહુદી સભાસ્થાનનાં બારણાં ભલે બંધ કરાયાં હોય, તોપણ તમારે માટે બીજું બારણું ઉઘાડવામાં આવ્યું છે, અને એ બારણામાં થઈને તમે વધતા ફળવાન ને વધતા આશીર્વાદિત જીવનમાં પ્રવેશ કરી શકશો. જૂના જીવન કરતાં નવું જીવન હજાર દરજ્જે ચઢિયાતું છે; નવા આશીર્વાદો સાથે જૂના આશીર્વાદો સરખાવવા જોગ નથી.

આમ કહેતાં આપણો પ્રભુ પોતાને સારૂ કંઈ જેવોતેવો હકદાવો કરતો નથી. યહુદી ધર્મ કરતાં પોતાનો અધિકાર મોટો છે એમ તે જણાવે છે. તે પોતાના અનુયાયીઓ સમક્ષ એક નવીન પ્રકારનું ધાર્મિક જીવન રજુ કરે છે અને કહે છે કે જૂના ધાર્મિક જીવન કરતાં તે ચઢિયાતું છે. જૂના ધાર્મિક જીવનનાં તમામ બારણાં ભલે બંધ થયાં હોય, તોપણ જે વાડાનું બારણું હું છું તે વાડામાં વધતા સારા આશીર્વાદો છે. જૂનાને છોડી દો અને નવાને વળગી રહો તો ખોટ નથી પણ નફો છે. જો તે પોતાને દરવાન ઠરાવતો હોય તો તે જુદી વાત છે; પણ જે પોતાને બારણું ઠરાવે તે સત્યના પ્રભુ સિવાય બીજું કોણ હોઈ શકે? હવે આ બારણામાં થઈને જેઓ પેસે છે તેમને માટે ખાસ કરીને ત્રણ આશીર્વાદ લખેલા છે:

૧. આ બારણું સલામતીમાં પહોંચાડે છે. અહીં આગળ આપણો પ્રભુ ભલા ઘેટાંપાળક વિષે અને ઘેટાંના વાડા વિષે વાત કરે છે. ઘેટાંપાળકનું પ્રથમ કામ તે ઘેટાંની રક્ષા કરવાનું છે. જૂના કરારમાં સલામતી વિષે ઘણું લખેલું છે. તે દેશમાં એક નાની સરખી પ્રજા રહેતી હતી અને તેની આજુબાજુ અનેક બળવાન પ્રજાઓ આવેલી હતી. કોઈ વાર એક પ્રજા અને કોઈ વાર બીજી પ્રજાનો સાથ લઈને નભી રહેવું એવી પાલેસ્ટાઈનના લોકોની હમેશની રાજનીતિ હતી. બીજી કોઈ પણ બાબત કરતાં આ

લોકો યહોવાહ પાસે વિશેષ આગ્રહથી સલામતી તથા રક્ષાની માગણી કરતા હતા. "ગીતશાસ્ત્ર"માં યહોવાહને જે જે નામો આપેલાં છે તે પરથી આ વાત સ્પષ્ટ રીતે માલૂમ પડે છે. ત્યાં આગળ યહોવાહને બળવાન કિલ્લો, બખ્તર, આશ્રયની પાંખ, સંતાવાની જગા, ખડક ને ગઢ એવાં એવાં સલામતીસૂચક નામો આપવામાં આવેલાં છે.

આપણા જમાનામાં પણ બીજી કોઈ પણ બાબત કરતાં સલામતી પામવાની પ્રજાઓની વિશેષ આગ્રહપૂર્વક ઇચ્છા માલૂમ પડે છે. દરેક પ્રજા હમણાં પોતાના લોકોને પોતાના વાડામાં ભેગા કરતી, બારણાં બંધ કરતી અને સ્વરક્ષણનાં સર્વ સાધનો એકઠાં કરતી માલૂમ પડે છે. પ્રજાઓનો એકલો રક્ષક ઈશ્વર હોય, તેની ઇચ્છા તેઓને માટે નિયમરૂપે હોય, તેનું જ્ઞાન તેઓને માટે દોરવણીરૂપ હોય અને તેનો આત્મા તેમને પ્રેરણા કરતો હોય, તો રક્ષા કરવાનાં જે ભયંકર સાધનો સર્વત્ર એકઠાં કરવામાં આવે છે તેમની જરૂર ન પડે.

અમારી સલામતી એકલા ઈશ્વર પર અવલંબે છે એવો જે દાવો જૂના કરારના યહુદીઓ કરતા હતા તેજ દાવો ખ્રિસ્ત અહીં આગળ પોતાને માટે કરે છે. હું બારણું છું; મારા દ્વારા જે કોઈ પેસે તેને જ સલામતીનો અનુભવ થશે એમ તે દુનિયાને કહે છે. બીજાં બારણાં ખુલ્લાં હોય તોપણ ખરી સલામતી તો ખ્રિસ્ત જ આપે છે; કેમકે તે જે સલામતી આપે છે તે આત્માને માટે છે. નીતિના જે નિયમો તેણે આપ્યા તેને આજ્ઞાંકિત રહેવામાં જીવનનો જે નમૂનો તેણે આપ્યો તેનું અનુકરણ કરવામાં, અને ભૂંડા દહાડાને સારૂ તેણે જે આત્મિક શસ્ત્ર સિદ્ધ કરેલાં છે તે ધારણ કરવામાં જ સલામતી સમાએલી છે. માણસે યોજી કાઢેલો દરેક ઉપાય નિષ્ફળ જશે, પણ ખ્રિસ્તનું રક્ત સદાકાળને માટે પોતાનું કાર્યસાધક કામ કરતું રહેશે.

૨. વળી **ખ્રિસ્તદ્વારા જે જીવનમાં પ્રવેશ મળે છે તે મોકળાપણાનું જીવન છે.** અલબત, ભૂંડું કરવાની છૂટ નથી, પરંતુ ખ્રિસ્તના નિયમને વળગી રહેનાર માણસનું જીવન તે મોકળું જીવન છે. "તે માંહે આવશે અને બહાર જશે" એમ લખેલું છે. હરવાફરવાની જગા પુષ્કળ છે. કેટલાએકને એવી દહેશત લાગે છે કે ખ્રિસ્તને સ્વાર્પણ કર્યા પછી લોકવ્યવહારથી જુદા રહેવું પડે. પણ ખ્રિસ્ત પોતે ક્યાં જુદો રહેતો હતો? મઠવાસીનું જીવન સ્વાર્થી જીવન લાગે છે. સ્વાર્થ આત્મિક બાબતોમાં સમાએલો હોય, તોપણ તે સ્વાર્થ જ છે.

ગ્રીક મંડળીમાં બે સંતો થઈ ગયા તેમને હજી સુધી યાદ કરવામાં આવે છે, અને તેઓ વિષે એક દંતકથા પણ ચાલે છે. એક સંતનું નામ કાસીઆનસ છે. પોતાના જીવનમાં તે એકાંતમાં રહેવાનું પસંદ કરતો હતો અને તપસ્વી જીવન

ગાળતો હતો. બીજા સંતનું નામ નિકોલાસ હતું. કાસીઆનસ કરતાં તેનો સ્વભાવ જુદો હતો. તે લોકોમાં છૂટથી હરતોફરતો હતો, અને તેમના દુ:ખસુખમાં ભાગ પણ લેતો હતો. તેઓ બન્ને આકાશમાં આવ્યા ત્યારે કાસીઆનસને ખ્રિસ્તે પૂછ્યું, કે પૃથ્વી પર તું શું જોઈને આવ્યો? તેણે જવાબ આપ્યો, કે મેં એક ખેડૂતને જોયો, તેનું ગાડું કીચડમાં ચોંટી ગયું હતું. પછી ખ્રિસ્તે તેને પૂછ્યું, કે શું તેં તેને મદદ કરી? તેણે કહ્યું, કે ના. કેમ ન કરી એમ ખ્રિસ્તે તેને પૂછ્યું ત્યારે તેણે એ જવાબ આપ્યો, કે હું તો તારી પાસે આવતો હતો અને મને બીક લાગી કે કદાચ મારાં શ્વેત કપડાં મેલાં થાય. એટલામાં નિકોલાસ આવી પહોંચ્યો. તેનાં કપડાં તો કાદવથી બગડી ગએલાં હતાં. તે જોઈને ખ્રિસ્તે તેને પૂછ્યું, કે મેલાં કપડાં લઈને તું મારી પાસે કેમ આવ્યો? તેણે જવાબ આપ્યો, કે એક ખેડૂત રસ્તામાં મને મળ્યો. તેનું ગાડું કીચડમાં ચોંટી ગયું હતું, અને મેં પૈડાને ખાંધ દઈ તેને મદદ કરી. ત્યારે આપણા પ્રભુએ નિકોલાસને આશીર્વાદ દઈને કહ્યું, કે તેં સારૂં કર્યું; તેં કાસીઆનસના કરતાં પણ સારૂં કર્યું.

રસ્તાનો થોડોઘણો મેલ આપણાં કપડાંને લાગ્યા સિવાય આપણે આ મુસાફરી પૂરી કરી શકીએ નાહિ. પણ બીજા મુસાફરોને મદદ કરવા જતાં જે છાંટા લાગે તે આપણા બહુ ગેરલાભમાં ઊતરશે નહિ એમ હું માનું છું. ખ્રિસ્તી માણસ માંહે આવશે ને બહાર જશે. દરેક નિર્દોષ આનંદ પામવાનો તેને હક છે. ખ્રિસ્ત તેને ભરપૂર જીવન આપવા માગે છે, જો કોઈ માણસ ખ્રિસ્ત પર પ્રેમ કરે તો તેને પોતાની મરજી પ્રમાણે કરવાની છૂટ છે; કેમકે ખ્રિસ્તની મરજી વિરૂદ્ધ કશું કરવાની તેને મરજી થશે નહિ. બીજા બધા તો દાસ છે; ઈશ્વરના દીકરાઓ એકલા જ સ્વતંત્ર છે.

૩. **આપણો પ્રભુ જે ત્રીજો હુકદાવો કરે છે તે એ છે કે આ બારણામાં થઈને જે માણસ પેસે તે તૃપ્ત થશે.** ઘેટાંપાળક ચરા પાસે પોતાનાં ઘેટાંને માટે વાડો બનાવે છે, અને સૌથી સારો વાડો ખ્રિસ્તનો છે, તેનું કારણ એ છે કે ત્યાં સૌથી સારૂં ચરવાનું મળે છે. જે માણસ ખ્રિસ્તને શોધે છે તેને કોઈ સારા વાનાની ખોટ પડશે નહિ. તે પોતાને જીવનની રોટલી અને જીવનનું પાણી કહે છે. તે એમ પણ કહે છે કે જે મારી પાસે આવે છે તેને કદી ભૂખ લાગશે નહિ, અને જે મારા પર વિશ્વાસ કરે છે તેને કદી તરસ લાગશે નહિ. એક દૃષ્ટાંતમાં તે એક રાજાનું વર્ણન કરે છે. આ રાજા મોટું જમણ કરે છે અને બધાંને આમંત્રણ આપે છે. પ્રભુ એમ પણ કહે છે, કે આ રાજા હું પોતે છું. "હું બારણું છું; મારાદ્વારા જો કોઈ પેસે તો તે ઉદ્ધાર પામશે, અને માંહે આવશે ને બહાર જશે, અને તેને ચરવાનું મળશે."

હજી પણ ઈસુ ખ્રિસ્તના હાથમાં આ ત્રણ દાનો છે: સલામતી, મોકળ પણું અને તૃપ્તિ. હજી પણ માણસનું હૃદય આજ ત્રણ દાનની ઇચ્છા રાખે
સલામત, મોકળું ને સંતોષી જીવન એકલો તેજ આપી શકે
સદોમનાં માણસોની માફક આપણા જમાનાનાં માણસો પણ બારણું શોધ શોધતાં થાકી જાય છે. પણ ખ્રિસ્ત કહે છે, કે બારણું હું છું; આપણો અનુભ પણ કહે છે, કે બારણું તે છે. નવું બારણું ઉઘાડવામાં આવશે એવી આ રાખવી નકામી છે. તાલેરાંડે નામના એક ફ્રેન્ચ રાજદ્વારી પુરુષ વિષે કહેવા આવે છે કે એક વખતે એક માણસે તેને કહ્યું કે હું એક નવા ધર્મની સ્થાપ કરવા આવ્યો છું, ત્યારે તાલેરાંડેએ તેને કહ્યું, કે એમ હોય તો એક કામ તમા કરવું જ પડશે. પેલાએ પૂછ્યું, કે એ શું? ત્યારે તાલેરાંડેએ જવાબ આપ્યો, તમારે વધસ્તંભે જડાવું અને ફરી ઉત્થાન પામવું જોઈશે. આ કામ ઈસુ કરવા હતો તેથી જ તે કહી શકયો, કે હું બારણું છું. દૃષ્ટાંતમાંનો ઘેટાંપાળક વાડા છીંડામાં સૂઈ જાય છે. તેનું શરીર તેજ બારણું છે. વળી લાકડા પર ખ્રિ પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં. તે મરણ પામ્યો તેથી તે આપણું તારણ કરી શકે છે; મરણનાં બંધન તેણે તોડી નાખ્યાં, તેથી જ આપણને પણ મોકળાપણું આપી શકે છે; તે ઈશ્વરબાપને જમણે હાથે બેઠે છે, તેથી જ તે આપણી બધી જરૂરિયાતો પૂરી પાડી શકે છે. આ સરળ અ સહેલો ઉપાય માણસો કેમ લઈ શકતા નથી?

સર આઇઝેક ન્યૂટન વિષે તમે બધાંએ સાંભળ્યું છે. તે પોતાના વખત પ્રખ્યાત ખગોળવેત્તા હતો. આ માણસ આટલો બધો જ્ઞાની હતો, તોપણ એ વખતે તેણે એક હસવા જેવી ભૂલ કરી. તેની પાસે એક બિલાડી હતી અ બિલાડીને એક નાનું બચ્ચું હતું. તે તેમના પર ઘણો પ્રેમ રાખતો હતો, અ જે કોટડીમાં તે અભ્યાસ કરતો હતો તેમાં તેઓ મોટે ભાગે તેની સાથે આખ દહાડો રહેતાં હતાં. કોઈ વાર બારણું બંધ હોય ત્યારે અંદર આવવાને મ તેઓ પોતાના નખથી બારણાને ખોતરતાં હતાં ને મિઆઉં મિઆઉં કર હતાં. આ પ્રમાણે સાહેબ પોતાના અભ્યાસમાં લીન થએલા હોય ત્યા બિલાડી અને તેનું બચ્ચું તેને હરકત કરતાં હતાં. આથી સર આઇઝેક ન્યૂટ સુતારને બોલાવ્યો અને તેને બારણામાં બે કાણાં પાડવાનો હુકમ આપ્યે એક મોટું કાણું બિલાડીને માટે, અને તેની પાસે એક નાનું કાણું બચ્ચાને મા આટલો બધો જ્ઞાની હોવા છતાં તેને ન સૂઝયું કે જે કાણામાં થઈને બિલા જઈ શકે તેજ કાણામાં થઈને તેનું બચ્ચું પણ જઈ શકે.

હવે ખ્રિસ્ત કહે છે કે હું બારણું છું, છતાં ઘણા મૂર્ખો માને છે કે બાર અનેક છે. "મારાદ્વારા જો કોઈ પેસે તો તે ઉદ્ધાર પામશે." સલામત

મોકળાપણું અને તૃપ્તિ બધાંને જોઈએ છે, અને આ વાનાં જ્યાં છે ત્યાં પેસવાને માટે એક જ બારણું છે. પરંતુ આ બારણા વિષે ખ્રિસ્ત જણાવે છે કે તે સાંકડું છે. કાણું તો બચ્ચાને માટે છે, નહિ કે બિલાડીને માટે. બિલાડીને અંદર જવું હોય તો તેણે નાનું બચ્ચું થવું જોઈએ. "જો તમે ફરો નહિ અને નાનાં બાળકોના જેવાં થાઓ નહિ, તો તમે આકાશના રાજ્યમાં પેસી શકશો નહિ." મોટો માણસ નમીને જાય તો જ તે આ બારણામાં પેસી શકશે, પણ નાનું બાળક એમ ને એમ જઈ શકશે. આકાશમાં જવાને માટે આપણે બાળકની સ્થિતિમાં ફરી જવાનું છે; કેમકે બાળક તેજ સલામત, મોકળું અને સંતોષી છે.

૪૧. અજાણે કરેલી ભવિષ્યવાણી

"પણ તેઓમાંનો એક કાયાફાસ નામે તે વરસે પ્રમુખ યાજક હતો. તેણે તેઓને કહ્યું, કે તમે કંઈ જ જાણતા નથી, અને સમજતા નથી કે લોકની વતી એક માણસ મરે, ને આખી પ્રજા નાશ ન પામે, એ તમારે સારૂ લાભકારક છે" (યોહાન ૧૧; ૪૯, ૫૦).

આપણા પ્રભુએ લાજરસને મૂએલાંમાંથી ઉઠાડ્યો તેથી આખા યહુદાહમાં મોટો ઊહાપોહ થઈ રહ્યો હતો. હવે ગમે તે વખતે લોકોમાં અશાંતિ થાય તોપણ અધિકારીઓને બહુ જ ચિંતા થતી હતી. પણ વિશેષે કરીને પાસ્ખા પર્વ વેળાએ લોકોને શાંત રાખવાની તેમની બહુ જ મરજી હતી; કેમકે ગડબડ થાય તો રોમનો સખત પગલાં લેવાને તત્પર જ હતા. આ વેળાએ વળી પાસ્ખાપર્વ પાસે આવેલું હતું અને જાત્રાળુઓથી યરૂશાલેમ થોડી વારમાં ભરાઈ જવાનું હતું. માટે લાજરસ વિષેનો આ ઊહાપોહ ઊભો થયો ત્યારે અધિકારીઓને પુષ્કળ ચિંતા થઈ આવી. તેઓએ પોતાની મોટી ન્યાયસભા, એટલે સાન્હેદ્રીનને એકઠી કરી. ઉતાવળ હતી, માટે જેમ બને તેમ બધા સભાસદો વહેલા એકઠા થાય એવી તાકીદ તેમને આપવામાં આવી.

સભાની આગળ એક જ કામ રજુ કરવામાં આવ્યું, એટલે આ લાજરસ-પ્રકરણ વિષે શું કરવું એ વિષે વિચાર કરવાનું. હવે સ્વાભાવિક રીતે આપણને એમ જ લાગે કે જે મહાન પ્રબોધકે ચાર દિવસથી દટાએલા એક માણસને જીવતો કર્યો હતો તેના હકદાવા સંબંધી વિચાર કરવાનું આ લોકોને મન થાય; પણ નહિ! એવું કાંઈ પણ દેખાતું નથી! ચમત્કાર થયો નથી, આ બધી વાત ખોટી છે, એમ આખી સભામાં કોઈ કહેતું નથી. પ્રમુખ જ પોતે સભાની આગળ ચોખ્ખું કહે છે, કે "આપણે શું કરીએ? કેમકે એ માણસ તો ઘણા ચમત્કારો કરે છે. જો આપણે તેને એમ ને એમ જ રહેવા દઈએ, તો સઘળા તેના પર વિશ્વાસ કરશે, અને રોમનો આવીને આપણું ઠામઠેકાણું તથા પ્રજાપણું લઈ લેશે." યાદ રાખો કે આ એક ન્યાયસભા હતી, નહિ કે જાહેર સભા; અને તે વળી તે સભાની ખાનગી બેઠક હતી! અહીં આગળ અધિકારીઓ વાત કરે છે, અને પોતાના સાથી અધિકારીઓની સાથે છૂટથી વાત કરે છે. આમાં તો કોઈ સ્વદેશભક્તિનો સવાલ નથી; આમાં વળી કોઈ ધર્મ વિષેનો સવાલ પણ નથી; આ લોકોને જે ચિંતા થાય છે તે પોતાના હોદ્દા વિષેની છે. રોમનો ઉશ્કેરાય તો આપણું શું થશે! સભાસદો મૂંઝાય

જાય છે, અને તેઓની મૂંઝવણનું મૂળ કારણ તે તો આપણા પ્રભુના ચમત્કારો છે, સિવાય કાયાફાસ; એ તો કાંઈ મૂંઝાઈ જતો નથી. શું કરવું જોઈએ તે વિષે તો તેને કોઈ પણ જાતની શંકા નથી: "તમે કંઈ જ જાણતા નથી" એમ તે પોતાની સાથેના ન્યાયાધીશોને કહે છે: "તમે બધા ગાંડા છો. એક જ સારો અને સરળ રસ્તો છે. આ ઈસુને મારી નાખીએ તો આપણી બધી મુશ્કેલીઓ દૂર થશે. તે જીવશે ત્યાં સુધી લોકો તેની પાછળ જશે. લોકોને દબાવીએ તો હુલ્લડ થવાનો સંભવ છે, અને હુલ્લડ થાય તો રોમનો આપણી ઝડતી લેશે. આ એક જ માણસને મારવાની જરૂર છે, અને પછી બધા બેસી જશે. થોડી વારમાં બધા ભૂલી જશે. હું જાણું છું કે તે ઘણા ચમત્કાર કરે છે, પણ તેની સાથે આપણને કાંઈ લેવાદેવા નથી. હું જાણું છું કે તે ઘણો સારો બોધ આપે છે, પણ બોધ આપી શકે એવા ઘણા છે અને તેમને તો તે આપવાનો અધિકાર છે. હું જાણું છું કે તેના ચારિત્ર ઉપર કોઈ દોષ મૂકી શકતું નથી, કેમકે તે શુદ્ધ જીવન ગાળે છે; પણ એમાંનું કાંઈ પણ આપણે જોવાનું નથી. આપણે એક જ બાબત જોવાની છે, અને તે એ કે આપણું હિત શામાં સમાએલું છે? લોકોની વતી એક માણસ મરે ને આખી પ્રજા નાશ ન પામે, એજ આપણે માટે લાભકારક છે." વળી આ સલાહ જો કે કેટલાએકને મુશ્કેલ લાગી પણ મોટા ભાગને તે સારી લાગી; તેથી આપણે વાંચીએ છીએ કે તે દહાડાથી તેઓએ ઈસુને મારી નાખવાનો નિશ્ચય કર્યો.

હવે આ સલાહને યોહાન ભવિષ્યવાણી સમાન ગણતો હતો અને ખરી વાત છે કે કાયાફાસ, અજાણે ભવિષ્યવાણી જ કાઢતો હતો. કાયાફાસ ધારતો હતો તે કરતાં તે વધારે ડહાપણથી બોલતો હતો; કેમકે એકલા યહુદીઓને સારૂ નહિ પણ આખી માનવજાતને સારૂ ઈસુ ખ્રિસ્ત મરવાનો હતો; ઈશ્વરનાં વિખેરાઈ ગએલાં સર્વ છોકરાંને તે એકઠાં કરીને એક કરે માટે તે તેઓને સારૂ મરવાનો હતો. તેથી આ યહુદી અધિકારીઓ જે લાભ લેવા ધારતા હતા તે નહિ પણ જગતને જે લાભ મળવાનો હતો તેની સાથે આપણું કામ છે. ખોટો માણસ ખરી ભવિષ્યવાણી કહે એમાં નવાઈ જેવું કાંઈ નથી. ઈસ્રાએલને શાપ દેવાને બલઆમને અનેક તક આપવામાં આવી પણ તેણે તેઓને નર્યો આશીર્વાદ જ આપ્યો. વધસ્તંભ ઉપર પીલાતે પાટિયું માર્યું અને તેના ઉપર ત્રણ ભાષામાં એવો લેખ લખાવ્યો કે "આ યહુદીઓનો રાજા છે". આમાં પ્રભુની અને યહુદીઓની એમ બન્નેની મશ્કરી કરવાની તેની મતલબ હતી; પણ જે વાત તેણે લખી તે ખરી જ હતી. વધસ્તંભની આસપાસ આજ ફરોશીઓ ઊભા રહ્યા અને ત્યાં તેઓએ મરતા ઈશ્વરપુત્રની મશ્કરી કરવાનું તો ધાર્યું; પણ તેમના શબ્દો હમણાં તો સ્તોત્રના રૂપમાં ફરી ગયા છે: "તેણે બીજાઓને બચાવ્યા પણ પોતાનો બચાવ તે કરી શકતો નથી." આજે તેના શત્રુઓના શબ્દો

લઈને આપણે તો ખ્રિસ્તની સ્તુતિ કરીએ છીએ. સાચી વાત! કોઈ વાર જૂઠાં માણસો અજાણે સાચું બોલે છે.

પણ જુઓ તો ખરા! ઈશ્વર માણસોના કોપ વડે પોતાનું સ્તવન કેવો કરાવે છે! દુનિયામાં ભયંકરમાં ભયંકર જે ખૂન થયું છે તે વડે દુનિયાને મોટામાં મોટો આશીર્વાદ પ્રાપ્ત થયો છે. ઈસુ ઈસ્રાએલને માટે મરવાનો હતો પણ કાયાફાસ ધારતો હતો એવી રીતે નહિ. યરૂશાલેમનો બચાવ કરવાને માટે કાયાફાસે ઈસુ ખ્રિસ્તને મારી નાખ્યો; પણ યરૂશાલેમનો નાશ થયો, તે કાયાફાસની રાજનીતિના પરિણામે થયો. પ્રજાએ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો હોત તો આવું પરિણામ આવવાની જરૂર નહોતી. ખેડૂતોએ કહ્યું, કે "આ તો વારસ છે; ચાલો, આપણે તેને મારી નાખીએ," પણ વારસને મારવાથી તેમને વારસો ન મળ્યો. ઊલટું, વારસને મારવાથી તેઓએ વારસો પણ ગુમાવી દીધો. એક રીતે એમ કહેવું વ્યાજબી છે, કે ખ્રિસ્તના મરણથી ઈસ્રાએલનો બચાવ નહિ પણ નાશ થયો.

છતાં તેઓને સારૂ ઈસુ મરણ પામ્યો એ સાચી વાત; હા, ઈસ્રાએલમાંના દરેકેદરેક માણસને માટે આપણા પ્રભુએ પોતાનો જીવ આપ્યો. જેમ પીતરને માટે તેણે પોતાનો જીવ આપ્યો તેમજ યહુદાને માટે પણ તેણે પોતાનો જીવ આપ્યો. વધસ્તંભની આસપાસ જે સ્ત્રીઓ રડતી હતી તેમને માટે તેણે પોતાનો જીવ આપ્યો તેમજ વધસ્તંભની આસપાસ હસતા ફરોશીઓને માટે પણ તેણે પોતાનો જીવ આપ્યો. વહાલાંઓ, ખ્રિસ્ત તો માણસોને માટે કાં તો મોતના મૃત્યુકારક વાસરૂપ છે, કાં તો જીવનના જીવનદાયક વાસરૂપ છે. "જુઓ, સિયોનમાં હું પાયાનો પથ્થર મૂકું છું; તે કસી જોએલો પથ્થર છે." આ પથ્થર વિષે બે વાત શીખવાની છે: તે પર માણસો પોતાનું જીવનરૂપી ઘર ચણશે તો તેઓ સલામત રહેશે; તેના પર તેઓ બાંધવાની ના પાડે તો તે તરત તેઓને માટે ઠોકરરૂપ પથ્થર બની જાય છે. ખ્રિસ્તને પાયા તરીકે સમજીને તેના પર ઘર બાંધવાનું છે; નહિ તો તેનાથી ઠોકર ખાવાની છે. તેના પર ના બાંધીએ તો તે આપણા પર પડીને આપણો ભૂકો કરી નાખશે. આ બેમાંથી એક વાત આપણે પસંદ કરવાની છે; ત્રીજી પસંદગી આપણાથી થઈ શકશે નહિ.

ગ્રીકોના ઇતિહાસમાં બહાદુરી ભરેલી તેમજ જાણવા જેવી વાતો઼ઓ ઘણી મળે છે, પણ સૌથી સુંદર તે કોદ્રસ રાજા વિષેની છે. પુરાતન ગ્રીસમાં આંતરિક લડાઈઓ નિત્ય ચાલતી હતી. એક વખતે આથેન્સવાસીઓ તથા દોરીયન લોકોની વચ્ચે યુદ્ધ ચાલતું હતું, અને આથેન્સ નગર પર દોરીયનો ચઢાઈ કરવાની તૈયારીમાં હતા, પરંતુ ચઢાઈ કર્યા પહેલાં તેઓ પોતાની રીત પ્રમાણે અમુક પવિત્ર સ્થળે દેવવાણી શોધવા ગયા. ત્યાં પૂછવાથી તેઓને એવો જવાબ મળ્યો

કે આથેન્સ પર તમે જય પામશો ખરા, પણ એક શરત તમે પાળો તો જ! તે શરત એ છે કે આથેન્સના રાજા કોદ્રસનો જીવ તમારે બચાવવો જોઈએ. આ જવાબ વિષે ઘણી ચર્ચા થઈ. વળી તે વિષેની ખબર આખા ગ્રીસમાં ફેલાઈ ગઈ અને તે કોદ્રસ રાજાના પોતાના પણ સાંભળવામાં આવી. હવે કોદ્રસ રાજાને ઠેકાણે બીજા હોત તો આવી ખબર સાંભળીને તેઓ ખુશી થાત; કેમકે એટલી તો તેને ખબર પડી હતી કે આથેન્સનું ગમે તે થાય, તોપણ હું તો સલામત છું. પરંતુ આ સમાચાર સાંભળીને કોદ્રસ રાજા તો શોકાતુર થયો, કેમકે તે પોતાના લોકો પર તથા પોતાના દેશ પર ઘણો પ્રેમ રાખતો હતો. માટે દેવવાણીથી તેને દિલાસો ન મળ્યો પણ ઊલટું તેને નિરાશા ઉત્પન્ન થઈ. મારો બચાવ થાય અને મારા લોકોની કતલ કરવામાં આવે એ વિચારથી આ ઉમદા માણસનું મન ત્રાસી ગયું, તેથી આ મુશ્કેલીમાંથી નીકળવાનો રસ્તો તે શોધવા લાગ્યો. કેટલાક વખત પછી તેને વળી એવી ખબર મળી કે દોરીયન સૈન્ય આથેન્સ તરફ કૂચ કરવા લાગ્યું છે.

તેજ રાત્રે કોદ્રસ રાજાના માણસોએ આખા મહેલમાં શોધ કરી પણ તેનો પત્તો લાગ્યો નહિ. શું થયું હશે એ વિષે બધા ગૂંઝાઈ ગયા. શું રાજાને સહીસલામત રાખવા માટે દોરીયનો તેને કબજે કરીને છુપી રીતે લઈ ગયા હશે? પણ એવું કાંઈ થયું નહોતું. તે રાત્રે કોદ્રસે પોતાના નોકરો પાસેથી જૂનાં કપડાં મંગાવ્યાં હતાં. આ કપડાં તેણે પહેર્યાં અને પોતાને કોઈ ઓળખે નહિ એવી રીતે પોતાનો વેષ બદલીને તેણે રાતોરાત મહેલમાંથી નીકળીને રસ્તો પકડયો. પોતાના પહેરેગીરોની વચ્ચે થઈને તે સહીસલામત પસાર થયો અને ઉત્તર દિશા તરફ જ્યાં દુશ્મનોની છાવણી આવેલી હતી તે તરફ તે જવા લાગ્યો. છેવટે તે દોરીયનોની છાવણીમાં જઈ પહોંચ્યો અને તેઓના સૈનિકોની સાથે તે ભળી ગયો. તેઓ એક ઠેકાણે દેવતા સળગાવીને તાપવા બેઠા હતા અને ઘણા તો અર્ધા પીધેલા હતા અને માંહેમાંહે વાદાવવાદ તથા તકરાર કરતા હતા. તેઓના વાદવિવાદમાં તે પણ ઊતર્યો અને તેઓની સાથે જાણીબૂઝીને તકરાર ઉપજાવી. છેવટે એક માણસ જેનું તેણે ઈરાદાપૂર્વક અપમાન કર્યું હતું તેણે કોદ્રસને પોતાની સાથે લડવાને હોડ મારી. કોદ્રસને એજ જોઈતું હતું. શરૂઆતમાં તેણે પોતાનો બચાવ તો કર્યો પણ સામા માણસને જેટલો ઉશ્કેરી શકાય એટલો ઉશ્કેર્યો પછી તેણે પોતાની તરવાર ખેંચી લીધી અને સામી તરવારનો ઘા પોતાની છાતીમાં લીધો. બધા ફરી વળ્યા એટલામાં કોદ્રસે મરતાં મરતાં બૂમ પાડી કે "હે દોરીયનો, ઘેર જાઓ! હવે તો તમારૂં કાંઈ વળવાનું નથી; કેમકે તમે કોદ્રસ રાજાને મારી નાખ્યો છે." એમ કહેતાંની સાથે તેણે પ્રાણ છોડયો. જ્યારે દોરીયનોને ખાતરી થઈ કે અમે ખરેખર કોદ્રસ રાજાને મારી નાખ્યો છે ત્યારે ત્યાંથી પોતાની છાવણી ઉઠાવીને તેઓ એક પણ ઝટકો

માર્યા સિવાય પોતાના દેશમાં પાછા ગયા. આથી કોદ્રસે પોતાનો જીવ નકામો ગુમાવ્યો નહિ, પણ તેના મરણ વડે તેના લોકોનો બચાવ થયો; કેમકે તે પણ માનતો હતો કે લોકની વતી એક માણસ મરે અને આખી પ્રજા નાશ ન પામે, એ તેમને માટે લાભકારક છે.

"તેણે બીજાઓને બચાવ્યા; પોતાને તે બચાવી નથી શકતો," એમ મશ્કરીમાં એક અનિવાર્ય સત્ય કહેવામાં આવ્યું છે. ખરી વાત. બીજાઓનો બચાવ તે કરવા માગતો હતો તેજ કારણથી તે પોતાનો બચાવ કરી ન શક્યો. જે કારણ ફરોશીઓના મનમાં હતું તે જુદું હતું અને ખ્રિસ્તના મનમાં જે કારણ હતું તે જુદું હતું. સૈનિકોએ પોતાનું કામ બહુ પાકું કર્યું છે તેથી તે વધસ્તંભ ઉપરથી નીચે આવી શકતો નથી, એમ આ ફરોશીઓ ધારતા હતા; પણ ઊતરી આવવાની તેની મરજી હોત તો આખા પાલેસ્ટાઈનમાંના ખીલા તથા દોરડાથી તેમજ આખા રોમન રાજ્યમાંના સૈનિકોથી તેનો અટકાવ થઈ શકત નહિ.

તથાપિ એક ઘડીભર આપણા પ્રભુને એવું લાગ્યું કે પિતા સાથેનો મારો સંબંધ તૂટ્યો છે, અને પૃથ્વી પર જેવું અંધારૂં વ્યાપી રહ્યું હતું તેવું જ અંધારૂં તારનારના આત્મામાં દાખલ થયું: "હે દેવ, હે દેવ, તેં મને કેમ મૂકી દીધો છે!" આ બૂમમાં તો પાપનિવારણનો આખો મર્મ સમાએલો છે. ખ્રિસ્ત આપણો તારનાર થઈ શકે એ માટે ઈશ્વરથી જુદા થવું એટલે શું એ તેને અનુભવ દ્વારા જાણી લેવાની જરૂર હતી. આપણી સાથે તથા આપણાં પાપની સાથે તેને વધસ્તંભ ઉપર એટલો બધો ગાઢો સંબંધ થયો! "હે દેવ, હે દેવ, તેં મને કેમ મૂકી દીધો છે!" વળી લોકની વતી તેને આવો અનુભવ થાય એ જરૂરનું હતું; લોકોને માટે એ લાભકારક હતું.

પરંતુ આ ઘડી તો અલ્પ ઘડી હતી; તેનો આવવાનો હેતુ પૂરો થયો એટલે તરત તે જતી રહી. ત્યાર પછી પેલા વધસ્તંભ ઉપર આપણે જે ખ્રિસ્તને જોઈએ છીએ તે એવો તજાએલો નથી લાગતો; ત્યાર પછીના તેના પોકાર તે જયના પોકાર છે. આપણે વાંચીએ છીએ કે તેણે મોટો ઘાંટો પાડીને પ્રાણ છોડયો. હવે મોટો ઘાંટો પાડીને પ્રાણ છોડતો તમે કદી કોઈને જોયો કે સાંભળ્યો છે? માણસની મરવાની છેલ્લી ઘડી ઘણું કરીને એવી નથી હોતી. તે મરી ગયો છે એમ લોકો નહોતા માનતા. તે મરી ગયો છે એમ પીલાત પણ નહોતો માનતો; ખાતરી કરવાને માટે તેઓએ તેને કૂખમાં ભાલો માર્યો. ખરી વાત એ છે કે જેવી રીતે ઈસુ મર્યો તેવી રીતે આખી માણસજાતમાંથી કોઈ મર્યું નથી; તેનામાં હજી જીવન પૂરા જોરથી ચાલતું હતું ત્યારે તેણે સ્વેચ્છાથી પ્રાણ છોડયો. બીજા માણસો તેમનો વખત આવે છે ત્યારે મરે છે. પરંતુ ઈસુ ખ્રિસ્ત ખીલાથી મરણ નથી પામ્યો; તેનામાં જીવનનું જોર હતું ત્યારે તેણે

પોતાની ઇચ્છાથી પોતાનું જીવન મૂકી દીધું. એવી જ રીતે લોકોની વતી કોઈ મરે તોજ તે તેમને માટે લાભકારક છે. વળી એવી રીતે મરી શકે એવો એકલો ઈસુ હતો.

ભાલદારે કહ્યું કે ખરેખર આ તો ઈશ્વરનો દીકરો હતો. રૂસો નામનો ફ્રેન્ચ નાસ્તિક લખે છે કે સોક્રેટીસનું મરણ જ્ઞાનીના મરણ જેવું ગણવું હોય તો ગણીએ, પણ ઈસુનું મરણ તે એક દેવના મરણ જેવું જ હતું. વળી જેણે તેનો નકાર કર્યો હતો તે છેવટે આ અભિપ્રાય આપે છે, અને તે હવે તો તારણ પામેલાંઓના અસંખ્ય સમુદાયનો પણ અભિપ્રાય છે: "તેણે કંઈ પાપ કર્યું નહિ, અને તેના મોંમાં કદી કંઈ કપટ માલૂમ પડયું નહિ. તેણે નિંદા સહન કરીને સામી નિંદા કરી નહિ; દુઃખો સહન કરીને તેણે ધમકી આપી નહિ, પણ અદલ ન્યાય કરનારને પોતાને સોંપી દીધો. લાકડા પર તેણે પોતે પોતાના શરીરમાં આપણાં પાપ માથે લીધાં, જેથી આપણે પાપો સંબંધી મૃત્યુ પામીને ન્યાયીપણા સંબંધી જીવીએ. તેના ઘાઓથી તમે સાજા થયા; કેમકે તમે ભૂલાં પડેલાં ઘેટાંના જેવા હતા, પણ હવે તમારા જીવોના પાળક તથા અધ્યક્ષની પાસે પાછા આવ્યા છો."

૪૨. એક બિનજરૂરી પ્રશ્ન

"તેઓએ ઈસુની શોધ કરી, અને મંદિરમાં ઊભા ઊભા માંહેમાંહે પૂછવા લાગ્યા કે, તમને શું લાગે છે? શું પર્વમાં તે આવવાનો નથી?" (યોહાન ૧૧ ; ૫૬.)

યહુદીઓનું પાસ્ખા પર્વ પાસે આવ્યું હતું અને આખા યરૂશાલેમમાં તેને માટે તૈયારી થતી હતી. પાસ્ખા પર્વનો સમય યહુદીઓને માટે આનંદી સમય હતો. આનંદ કરવાનાં કારણો ઘણાં હતાં. મુખ્ય કારણો તો ધાર્મિક હતાં. યહોવાહે તેમની પ્રજાને માટે જે મોટો બચાવ કર્યો હતો તેની યાદગીરીને માટે આ પર્વની સ્થાપના થઈ હતી; પરંતુ ધર્મ સિવાયના નાનાપ્રકારના આનંદો પણ પુષ્કળ હતા. એક વરસથી જેમને જોયા ન હોય એવા મિત્રોની સાથે મળવાનો આ સારો પ્રસંગ હતો. આ પ્રસંગે પણ તેઓ હમેશની માફક મળ્યા હતા, એકબીજાની ખબરઅંતર પૂછી હતી, એકબીજાના સમાચાર સાંભળ્યા હતા; પણ આ વખતે એક બાબત સંબંધી બધાને જિજ્ઞાસા હતી. મંદિરમાં, રસ્તામાં, બજારમાં જ્યાં જ્યાં જૂના મિત્રો એકઠા થાય ત્યાં ત્યાં તેઓની વાતચિતમાં વહેલી મોડી આ વાત નીકળતી હતી: "તમને શું લાગે છે? શું પર્વમાં તે આવવાનો નથી?"

જેઓ પાસ્ખા પર્વમાં આવ્યા હતા તેઓમાંના કેટલાએક તો ગાલીલમાંથી આવ્યા હતા. ત્યાં તેઓએ ખ્રિસ્તનું સાંભળ્યું હતું અને તેને જોયો હતો. તેઓને આશા હતી કે પાસ્ખા પર્વની વખતે ફરીથી તેનું સાંભળવાની તક મળશે. બીજાઓએ તેનું સાંભળ્યું નહોતું તેમજ તેને જોયો નહોતો, પણ તેઓએ તેના વિષે ઘણું સાંભળ્યું હતું; કેમકે આખા પાલેસ્ટાઈનમાં તેની કીર્તિ પ્રસરી ગઈ હતી. તેના આશ્ચર્યકારક શિક્ષણ સંબંધી તેઓએ ઘણીવાર સાંભળ્યું હતું, માટે પોતાને કાને તેનું સાંભળવાની તેમની ખાસ ઇચ્છા હતી. વળી તેણે જે ચમત્કારો કર્યા હતા તે વિષે પણ તેઓએ ઘણું સાંભળ્યું હતું, માટે આ વખતે તે કદાપિ કોઈ ચમત્કાર કરશે એવી આશા તેઓ રાખતા હતા. પરંતુ યરૂશાલેમમાં આવ્યા પછી તેઓને એમ લાગ્યું કે કદાપિ આ આશા નિષ્ફળ જશે; કેમકે એવી અફવા ફેલાવા લાગી કે કદાપિ આ પ્રસંગે ઈસુ પાસ્ખા પર્વમાં હાજર થશે નહિ. અધિકારીઓએ ઈસુને મારી નાખવાનો ઠરાવ કર્યો હતો. થોડી વાર ઉપર તેણે લાજરસને મરણમાંથી ઉઠાડયો હતો. અધિકારીઓને એમ લાગ્યું કે આ માણસ જીવતો રહેશે તો સઘળા તેના પર વિશ્વાસ કરશે, માટે તેઓએ એવો ઠરાવ કર્યો હતો કે ઈસુ હાથ આવે તો તેને મારી નાખવો.

આ ઠરાવની ખબર આખા દેશમાં ફેલાઈ ગઈ હતી, તેથી આવા સંજોગોમાં ઈસુ પર્વમાં આવશે કે કેમ એ બધાંને અચોક્કસ લાગ્યું. સંજોગો તરફ જોઈને ઘણાખરાને એમ લાગ્યું હશે કે આ વખતે ઈસુ પર્વમાં ભાગ્યે જ આવે. પણ જો તેઓએ એમ ધાર્યું હોય તો તેઓની મોટી ભૂલ હતી. આપણે અહીં વાંચીએ છીએ કે "તેઓએ ઈસુની શોધ કરી." વળી શોધક આત્માને ઈસુએ કદી નિરાશ કર્યો નથી. ઘણા તો માત્ર જિજ્ઞાસાથી જ તેને શોધતા હશે એ વાત સાચી, પણ તેઓમાં ઘણા આત્માઓ ભૂખ્યા પણ હશે. ગ્રીકોએ ફીલીપને કહ્યું, કે "સાહેબ, અમે ઈસુને જોવા ચાહીએ છીએ," અને તેઓ તેને જોવા પણ પામ્યા. રસ્તાની બાજુએ આંધળા માણસે બૂમ પાડી, કે "હે દાઊદના દીકરા, મારા પર દયા કર." સમુદાયે તેને છાનો રાખવાનું કર્યું પણ ઈસુએ તેઓને હુકમ ફરમાવ્યો, કે "એને મારી પાસે લાવો." છોકરાંઓની માઓને રોકવાની શિષ્યોની પણ મરજી હતી પણ તેણે તેઓને કહ્યું, કે "છોકરાંઓને મારી પાસે આવવા દો, અને તેઓને વારો મા; કેમકે આકાશનું રાજ્ય એવાંનું છે." તમે શું ધારો છો? શું તે પર્વમાં આવવાનો નથી? એમ તેઓ એકબીજાને પૂછે છે; પણ આ પ્રશ્ન બિનજરૂરી પ્રશ્ન હતો; આવો ઈસુ હોય તો તે આવ્યા વગર રહે ખરો?

આ આપણું પાસ્ખા પર્વ છે, અને આપણે માટે એજ સવાલ ઊભો થાય છે: "શું તે પર્વમાં આવવાનો હશે?" આપણે ઠરાવેલે દિવસે એકબીજાની સંગત પામવાને માટે એકઠાં મળીએ છીએ એટલું જ નહિ, પણ ઈસુ ખ્રિસ્તની સાથે સંગત પામવાને માટે—આ પર્વ તે સંગતનું પર્વ છે. હવે બીજાઓ ગેરહાજર હોય તોપણ આપણને આ સંસ્કારનો લાભ મળી શકે છે. આપણાં વહાલાંઓ દૂર હોય, તેઓ અને આપણી વચ્ચમાં ખંડો ને મહાસાગરો આવેલા હોય તોપણ આ મેજની પાસે આપણા આત્માઓ તૃપ્તિ પામી શકે છે. પરંતુ એક જણની હાજરી બધાંને જોઈએ છે. ઈસુ ખ્રિસ્ત જો ગેરહાજર હોય તો આપણે અહીં એકઠાં મળવામાં કશો ફાયદો નથી; રોટલી ભાંગવામાં આપણે તેને ઓળખી શકીશું નહિ; આપણી જે સ્થિતિ હતી તેજ સ્થિતિ રહેવાની છે. તો શું આપણા પર્વમાં ખ્રિસ્ત આવવાનો હશે? એ વિષે તમે શું ધારો છો? શું તે આવી શકે એવી તમારી સ્થિતિ હશે? આપણી પોતાની સ્થિતિ જો તેને અટકાવે નહિ તો તે આજે આપણા પર્વમાં આવશે એમ હું ધારૂં છું, અને એમ ધારવાનાં મારાં ચાર કારણો છે:—

(૧) આ પર્વ તેનું છે તેથી તે આવશે એમ હું ધારૂં છું. જ્યાં તેનો આવકાર કરવામાં આવે છે ત્યાં તે કોઈ દિવસ આવવાની ના પાડતો નથી. સુવાર્તામાં આપણે જોઈએ છીએ કે જ્યાં તેને સપ્રેમ આમંત્રણ આપવામાં

આવતું હતું ત્યાં તે હમેશાં ખુશીથી જતો હતો. કેટલાંક ઘર એવાં હતાં કે જેમાં આવવાનું આમંત્રણ કોઈ ફરોશીને આપવામાં આવે તો મારૂં અપમાન થયું છે એમ તે સમજે; પણ ત્યાં આવવાનું આમંત્રણ જ્યારે ઈસુને મળતું હતું ત્યારે તે જતો હતો. ખ્રિસ્તે જ્યાં પ્રેમ જોયો હોય ત્યાં તેણે પરોણા થવાની કદી ના પાડી નહિ. હજી પણ તે એમજ કહે છે, કે "જે કોઈ બારણું ઉઘાડશે તેની પાસે હું અંદર આવીશ; હું તેની સાથે જમીશ અને તે મારી સાથે જમશે." પરંતુ અહીં આગળ તે આપણો મહેમાન નથી; તેના મહેમાન આપણે છીએ; આપણને તેણે પરોણા રાખ્યા છે. આપણે પોતાની મેજ પાસે આવવાને તેને નહોતર્યો છે એમ નથી, આપણને તેણે પોતાની મેજ પાસે આવવાને નહોતર્યા છે. આ ભોજન આપણે નથી ઠરાવ્યું; આ ભોજન તેણે ઠરાવ્યું છે. તેણે આપણને આમંત્રણ આપ્યું છે. "શું તે પર્વમાં આવવાનો છે? તમે શું ધારો છો? હું ધારૂં છું કે હા! કેમકે પર્વ તેનું છે."

(૨) એમ ધારવાનું વળી બીજું પણ કારણ છે, અને તે એ છે કે તે પોતે આવવા ચાહે છે. આ પર્વમાં ખ્રિસ્ત "પોતાના આત્માના કષ્ટનું ફળ" જુએ છે અને સંતોષ પામે છે. અહીં આગળ ખ્રિસ્તને જેટલો આનંદ થાય છે તેટલો આનંદ તેને બીજે ઠેકાણે નથી થતો. યોહાન બાપ્તિસ્મા કરનાર યરૂશાલેમનું પાસ્ખા પર્વ પાળતો હશે કે કેમ એ વિષે મને જિજ્ઞાસા થાય છે. ખ્રિસ્ત કરતાં એ માણસની રીતભાત જુદી હતી. તેનું જીવન એકાંત જીવન હતું. તેનો સ્વભાવ જુદો હતો. જનસમૂહની સંગત કરતાં તે જંગલનો એકાંતવાસ વધારે પસંદ કરતો હતો; પણ માણસનો દીકરો ખાતોપીતો આવ્યો. માણસોની સંગતમાં તેને આનંદ થતો હતો. જેઓ તેના પર પ્રેમ રાખતા હતા તેમની સંગતમાં તેને હમેશાં આનંદ થતો હતો. જો ખ્રિસ્તની સંગતમાં તમને આનંદ થતો હોય તો જાણજો કે તમારી સંગતમાં તેને પણ આનંદ થાય છે. દૂતોનાં સ્તોત્રોમાં, તારણ પામેલાઓની આરાધનાઓમાં માણસના તારનારનો આનંદ સંપૂર્ણ નથી થતો; તે મરણની છાયાની ખીણમાં ઊતરીને આપણા જેવાને શોધે છે. તે પૃથ્વી પર રહેતો હતો ત્યારે તે એમજ કરતો હતો; હમણાં તે આકાશના કૃપાસન પર બિરાજમાન થયા છતાં હજી એમજ કરે છે. બીજે ઠેકાણે તેની હાજરી હોય કે ન હોય પણ આ જગાએ તે હાજરાહજૂર છે. તમને શું લાગે છે? શું તે પર્વમાં આવવાનો હશે? હા, મને એમજ લાગે છે!

(૩) વળી એમ માનવાનું ત્રીજું એક કારણ છે: આજ દિવસ સુધી તે કેટલી બધી વાર અહીં આવ્યો છે! જ્યારે યરૂશાલેમમાં આજ બાબત વિષે વાતચીત થઈ ત્યારે આજ વિચાર ઘણાના મનમાં હશે. તેઓ જાણતા હતા કે પાસ્ખા પર્વમાં આવવાનો તેનો હમેશનો રિવાજ હતો. સવાલ એટલો જ હતો

કે હાલના સંજોગોમાં તે આવશે કે કેમ ? તેઓની આશા થએલા અનુભવ પર આધાર રાખતી હતી. આજે આપણી એજ સ્થિતિ છે. અત્યાર સુધી તે આ પર્વ પાળ્યા વિના રહ્યો નથી, તો આ વખતે તે કેમ નહિ પાળે? ખ્રિસ્ત અહીં કેટલી બધી વાર આવ્યો છે તે તમે જાણો છો. આપણે અહીં તેની સાથે કેટલી બધી વાર સંગત પામ્યા છીએ! એકાંત મનવાળાની પાસે આવીને તેણે તેઓને આજ મેજ પાસે દિલાસો આપ્યો છે; નબળાઓની પાસે આવીને તેણે તેઓને બળ આપ્યું છે; દુ:ખિતોની પાસે આવીને તેણે તેઓમાં જીવંત આશા ઉપજાવી છે. ગતકાળના પાસ્ખાઓનું સ્મરણ થતાંની સાથે આપણાં હૃદયો બળવાન કરવામાં આવે છે. આ મંડળી સ્થાપન થઈ તે દહાડાથી તે આજ દહાડા સુધી આ મંદિરમાં કેટલી બધી કૃપા અનુભવવામાં આવી છે; કેટલા બધા આશીર્વાદોની પ્રાપ્તિ થઈ છે! અહીં આત્મિક પોષણ પામીને કેટલા બધા ભક્તો પોતાનાં કામોમાંથી વિશ્રાંતિ પામ્યા છે! જ્યાં મંદિરની જરૂર નથી ત્યાં તેમાંના કેટલા બધા રાતદિવસ તેની સેવા કરે છે! આજ મેજની પાસે અમે ખ્રિસ્તની હાજરીનો અનુભવ કર્યો છે એવી સાક્ષી ત્યાં આગળ રાજ્યાસનની આગળ કેટલા બધા આજ ઘડીએ આપતા હશે! "તમને શું લાગે છે? શું પર્વમાં તે આવવાનો હશે?" હા! "તે ગઈ કાલે, આજે ને સર્વકાળ તેવો ને તેવો જ છે."

(૪) છેલ્લે આપણે પાપી છીએ તેથી જ હું ધારૂં છું કે આપણા પર્વમાં ખ્રિસ્ત હાજર રહેશે. મહિમાના દેશમાં ખ્રિસ્ત કેટલા બધા કામમાં રોકાએલો હશે એ આપણે નથી જાણતા; પણ આપણે જાણીએ છીએ કે ગમે તેટલું કામ હોય તોપણ જ્યાં તેની હાજરીની જરૂર હોય ત્યાં હાજર થતાં તેને અટકાવ થઈ શકે નહિ. "આ માણસ પાપીઓનો સ્વીકાર કરે છે અને તેઓની સાથે ખાય છે" એમ તેના શત્રુઓ કહેતા હતા, અને તે તદ્દન સાચી વાત! આજે જો તે આપણી સાથે જમશે તો તે આપણી પવિત્રાઈને કારણે નહિ પણ આપણી ભારે અગત્યને લીધે. "હે દેવ, મુજ પાપી પર દયા કર," એ બૂમ જ્યાં પડે છે ત્યાં તેની હાજરી હમેશાં હોય છે. વહાલાંઓ, આ પર્વ તેનું છે. ગૃહસ્વામી તેજ પોતે છે, એ સાચી વાત! તે આવવા ચાહે છે, એ પણ વાત સાચી! તે ઘણી વાર અહીં આવ્યો છે એ પણ ખરૂં! આપણે પાપી છીએ માટે જ તે આપણા તરફ આકર્ષાય છે—એ બધું ખરૂં! પણ તેને અહીં હાજર થતાં આપણે તેને અટકાવી શકીએ છીએ. તેને પોતાના બાપના ઘરની બહાર ઊભો રાખવાની ભયંકર શક્તિ આપણને આપવામાં આવી છે! તેની બહુ મરજી છે પણ આપણી મરજી ન હોય તો તે અંદર આવે કેવી રીતે! "જુઓ, હું બારણા આગળ ઊભો રહીને ઠોકું છું" એમ તે આપણને કહે છે, પણ આપણે બારણાને ઉઘાડવાની ના પાડીએ તો! ઘણી બાબતોમાં આપણે નિષ્ફળ ગયાં છીએ એ

સાચી વાત પણ આ નિષ્ફળતાનું ભાન થતાંની સાથે બારણું તેની મેળે ઉઘડી જશે; આપણે ભૂલા પડ્યા છીએ એ વાત સાચી, પણ આપણા હૃદયમાં ખરો માર્ગ પકડવાની મરજી થતાંની સાથે બારણું એની મેળે ઉઘડી જશે. અત્યાર સુધીના તમારા જીવનને લીધે તમને શરમ લાગે છે એ તેને કહો તો તમે હજી તો બોલતા હશો એટલામાં તે સાંભળશે; આજથી જ આકાશ જવાના રસ્તા પર ચાલી નીકળવાની તમારી મરજી છે એવી તેને હાંક મારો, અને તમે હાંક મારો ત્યાર પહેલાં તે ઉત્તર આપશે. "હે ભાગળો, તમારાં માથાં ઊંચાં કરો; હે પુરાતન દ્વારો, તમે ઊંચાં થાઓ; એટલે ગૌરવવાન રાજા અંદર આવશે. આ ગૌરવવાન રાજા તે કોણ?" દાઊદના વખતમાં સૈન્યોનો યહોવાહ તેજ "ગૌરવવાન રાજા" હતો. હવે તો તેણે તેના પવિત્ર પર્વત સિયોન પર રાજા તરીકે પોતાના પુત્રને પ્રતિષ્ઠિત કર્યો છે; હવે તો ઈસુ ખ્રિસ્ત તેજ "ગૌરવવાન રાજા" છે.

૪૩. બારણાં વિષે ઈશ્વરી પદ્ધતિ

"બારણાં બંધ હોવા છતાં ઈસુ (આવ્યો)" (યોહાન ૨૦; ૨૬).

આપણા પ્રભુને વધસ્તંભે જડતી વખતે તેના મિત્રો તથા શિષ્યોને જે જે અનુભવ થયા હતા તે વિષે આપણે ઘણી વાર વિચાર કર્યો છે. તેઓના દુ:ખનો પાર રહ્યો નહિ, અને નિરાશાની જે છેલ્લી સ્થિતિ હોય તેનો અનુભવ આ વિશ્વાસુ ટોળીને થયો હતો. પરંતુ તેને વધસ્તંભે જડનારાઓને માટે પણ આ સમય ત્રાસજનક તથા ચિંતાથી ભરપૂર હતો. પહેલેથી છેલ્લે સુધી યહુદી અધિકારીઓને થએલી ચિંતા તેઓના સઘળા વર્તનમાં દેખાઈ આવે છે. ઈસુને પકડવાનાં સ્થળ અને વખત પણ તેઓએ ચોકસાઈથી પસંદ કર્યાં અને વખત આવ્યો ત્યારે એક જ નિરાશ્રિત માણસને પકડવાને માટે તેઓએ કેટલા બધા બળનો ઉપયોગ કર્યો એ આપણે જોયું છે. વળી ધરતીકંપ થયો, ખડકો ફાટયા અને મંદિરનો પડદો ઉપરથી નીચે સુધી ફાટયો, એ બધા બનાવની અસર તેમના મન ઉપર ઓછી થઈ એ આપણે શી રીતે માનીએ? તેઓએ ખ્રિસ્તને મારી નંખાવ્યો હતો ખરો પણ તેના કેટલાક શબ્દો તેમને યાદ આવતા હતા, તેથી તેમને તાજી ચિંતા થતી હતી. માટે તેઓએ ફરીથી પીલાત પાસે જઈને કહ્યું, કે "સાહેબ, અમને યાદ છે કે તે ઠગ જીવતો હતો ત્યારે તે કહેતો કે ત્રણ દહાડા પછી હું ઊઠીશ. એ માટે ત્રણ દહાડા સુધી કબરનો જાપ્તો રાખવાની આજ્ઞા કર, રખેને તેના શિષ્યો રાતે આવીને તેને ચોરી જાય, ને લોકોને એમ કહે કે મૂએલાંઓમાંથી તે ઊઠયો છે." અજાયબ જેવી વાત છે કે જે વાત શિષ્યો પોતે નહોતા માનતા તે આ લોકોને બનવા જેવી લાગી. પીલાતને પોતાને પણ એમ લાગ્યું કે આવું કાંઈક કર્યું હોય તો ઠીક. તેથી કબરનો જાપ્તો રાખવાને માટે ચોકીદારોને કબર પર ઊભા રાખવામાં આવ્યા તે રવિવારની સવાર સુધી.

હવે રવિવારની સવારે શું થયું તે આપણે જાણીએ છીએ. હજી અંધારું હતું એટલામાં આજ સિપાઈઓ કબર આગળથી નાસી ગયા અને મુખ્ય યાજકોની પાસે દોડયા. રોમન સૈનિકો પોતાની જગા મૂકીને નાસી જાય એવું તો રોમના ઇતિહાસમાં બીજી કોઈ વખતે ભાગ્યે જ થયું હશે. રોમન સૈન્યનો કાયદો એવો હતો કે જે સૈનિક શત્રુઓની સામે લડતાં પણ જીવતો પકડાય તેણે છૂટો થયા પછી પોતાની જ તરવાર વડે આપઘાત કરવો, અને જો તેમ ના કરે તો તેને સૈન્યમાંથી રજા આપવામાં આવતી હતી. માણસની બીકથી આ સૈનિકો નાસી ગયા એવું જે ગાંડો હોય તેજ કહેશે. પરંતુ તેઓ નાસી તો ગયા અને

ઉતાવળે મુખ્ય યાજકોની પાસે દોડયા. મુખ્ય યાજકો મૂંઝાયા અને પોતાની મુશ્કેલીમાંથી નીકળવાનો જે રસ્તો તેમને સૂઝયો તે પાછળથી તેમને બહુ સંતોષકારક લાગ્યો હોય એમ દેખાતું નથી; કેમકે તે પછી તે વિષે તેઓ છાના રહ્યા. તેઓએ સિપાઈઓને ઘણાં નાણાં આપીને તેમને સમજાવ્યું કે તમારે એમ કહેવું કે અમે ઊંઘતા હતા એટલામાં તેના શિષ્યો રાત્રે આવીને તેને ચોરી ગયા. વળી જો એ વાત હાકેમને કાને પહોંચશે તો અમે તેને સમજાવીને તમને બચાવી લઈશું. પણ આ વાત નભે એવી નહોતી. આજ માણસોના મોં ઉપર પીતર પાછળથી એમ બોલ્યો કે જેને તમે મારી નાખ્યો હતો તેને ઇશ્વરે જીવતો કર્યો છે તે વખતે તેઓએ કેમ ન કહ્યું કે તમે જ તેનું શબ લઈ ગયા? તેઓએ એમ ન કહ્યું તેનું કારણ એ હતું કે આખા યરૂશાલેમમાં એ વાત કોઈને ગળે ઊતરે એવી નહોતી.

જીવતો પ્રભુ એક પછી એક ઘણાને દેખાયો. અનેક વખતે તે એકાએક પોતાના શિષ્યોની વચમાં દશ્યમાન થયો. આ વખતે લખ્યું છે, કે "બારણાં બંધ હોવા છતાં ઈસુએ આવીને વચમાં ઊભા રહીને કહ્યું, કે તમને શાંતિ થાઓ." કબર ઉપર ચોકીદારોને બેસાડયા છતાં તે કબરમાંથી નીકળ્યો હતો; તેમ અહીં આગળ બારણાં બંધ હોવા છતાં તે એકદમ તેઓની વચમાં દશ્યમાન થઈ ગયો. પુનરુત્થાન પછી આપણા પ્રભુના શરીરમાં ફેરફાર થઈ ગયો હતો. હવે તો આવતાં કે જતાં તેને પથ્થરથી કે લાકડાથી અટકાવ થઈ શકે એવું રહ્યું નહોતું.

"બારણાં બંધ હોવા છતાં ઈસુ આવ્યો," એ શબ્દો હમણાં તો એટલા બધા જાણીતા છે કે નાનો છોકરો સાંભળે તો પણ એટલા જ શબ્દો પરથી કઈ બીના સંબંધી વાત કરવામાં આવે છે એ વિષે તેને તરત જ ખબર પડે. આ બનાવમાં જેટલા સહભાગીદાર થયા હતા તે સર્વ જીવતા રહ્યા ત્યાં સુધી તે તેમના સ્મરણપટ ઉપર ચીતરાએલો રહ્યો હશે. રાતનો સમય હતો. બહારથી કોઈ આવી ન શકે તે માટે બારણાં બંધ કરવામાં આવ્યાં હતાં. કાયાફાસના જાસુસો ખ્રિસ્તીઓની હીલચાલ જોવાને માટે રાત્રે ફરતા હશે માટે પણ તે બંધ કરવામાં આવ્યાં હતાં. તોએ હું તો એમ માનું છું કે આ બિચારા શિષ્યો બંધ બારણે બેઠા હતા એટલામાં તેઓ પોતાની સલામતી વિષે ઓછા વિચાર કરતા હશે. શોક અને શરમ એ બન્નેનો હુમલો તેઓના મન ઉપર થયો હતો. "દશ હજારમાં જે તેમને શિરોમણી" લાગતો હતો તેને તેઓએ ગુમાવ્યો હતો એટલે તેઓ શોક કરતા હતા; તેના પર તેઓએ પોતાની સઘળી આશાઓ બાંધેલી હતી, અને તેની સાથે અમે પણ નિષ્ફળ નીવડ્યા છીએ એ લાગણીથી તેઓ શરમાતા પણ હશે. હવે શું કરવું? હવે શું મોં દેખાડવું? હવે જીવવામાં સાર શો? એવા એવા વિચારોથી તેઓનાં મન ગરકાવ થઈ ગયાં હતાં. ખરી વાત કે કેટલાએકને જીવતા પ્રભુનાં દર્શન થયાં હતાં, પણ એ વિષે દુનિયાને શી

રીતે ખાતરી આપવી? વળી પોતાને જે દર્શન થયાં હતાં તે વિષે સમજવું શું, તેનો અર્થ કેવો કરવો, પોતાની આંખો પર ને પોતાના કાનો પર કેટલો વિશ્વાસ રાખી શકાય? એ વિષેના વિચારો તેઓના મનમાં ઘોળાયા કરતા હતા. આવી વાતો જગતને કહીએ તો જગત તિરસ્કાર કરશે અને અમને હસી કાઢશે એમ તેઓને લાગતું હતું. જગતને ઈસુનું છેલ્લામાં છેલ્લું જે દર્શન થયું હતું તે તો અકુદરતી અંધકારમય ગલગથાની ટેકરી પર વધસ્તંભે લટકેલા ઈસુનું દર્શન હતું. આ બધી બાબતો વિષે હજી વધારે વિચાર કરવાની જરૂર શિષ્યોને લાગતી હતી, અને તેથી તેઓએ બારણાં બંધ કર્યાં. વળી તેઓએ જગતની સામે બારણાં બંધ કર્યાં એટલે તેઓએ સાથે સાથે ખ્રિસ્તની સામે પણ તે બંધ કર્યાં.

તોએ તે આવ્યો! તેને બારણાને ઠોકતો કોઈએ સાંભળ્યો નહોતો તોએ તે આવ્યો. તેને પ્રવેશ કરતો કોઈએ જોયો નહોતો તોએ તે આવ્યો. બારણાં બંધ હોવા છતાં ઈસુએ આવીને તેઓની વચમાં ઊભા રહીને કહ્યું, કે "તમને શાંતિ થાઓ." વળી તેના આવતાંની સાથે તેઓની આશા સજીવન થઈ, તેઓના વિશ્વાસને બળવાન કરવામાં આવ્યો ને સર્વકાળના આનંદથી તેઓનાં હૃદયો ભરાઈ ગયાં. જ્યાં તેનું આવવું કેવળ અશક્ય લાગતું હતું ત્યાં તે આવ્યો; તેઓને ધાસ્તી હોવા છતાં તે આવ્યો; તેઓનો અવિશ્વાસ હોવા છતાં તે આવ્યો; અને તેઓના જ હાથોએ જે બારણાં બંધ કર્યાં હતાં તેજ બારણાંમાં થઈને તે આવ્યો.

સૌથી પ્રથમ, ઈસ્રાએલ લોકોએ ખ્રિસ્તની સામે કેટલી બધી મજબૂતાઈથી બારણું બંધ કર્યું હતું તે આ દુઃખસહનના અઠવાડીઆના હેવાલ પરથી જણાઈ આવે છે, અને ત્યાર પછી પણ વખતોવખત તેના શિષ્યોએ પણ એમજ કર્યું છે. પણ માણસોએ બંધ કરેલાં બારણાંની ઈશ્વર કેવી અવગણના કરે છે એ ઇતિહાસે સાબિત કર્યું છે. લુકની સુવાર્તાના ત્રીજા અધ્યાયના પ્રથમ શબ્દો આપણું ધ્યાન ખેંચે છે: "હવે **તીબેરિયસ કાઈસારની** કારકિર્દીને પંદરમે વરસે જ્યારે **પંતિયસ પીલાત** યહુદાહનો અધિપતિ હતો, તથા **હેરોદ** ગાલીલનો રાજા હતો, તથા તેનો ભાઈ **ફિલિપ** ઇતુરાઈ તથા ત્રાખોનીતી દેશનો રાજા હતો, તથા **લુસાનિયસ** આબીલેનેનો રાજા હતો, અને **આન્નાસ તથા કાયાફાસ** પ્રમુખ યાજકો હતા, તે વખતે ઝખાર્યાહના દીકરા **યોહાનની** પાસે રાનમાં ઈશ્વરનું વચન આવ્યું," પહેલેથી છેલ્લે સુધી ઈશ્વરનું વચન આવવાની આજ પદ્ધતિ છે. ઈશ્વરનું વચન આવવાની આવશ્યકતા હતી. જ્યાં આવવાની અગત્ય હતી ત્યાં દરેક બારણું બંધ હતું. આખું રાજકીય તેમજ ધાર્મિક વાતાવરણ વિરૂદ્ધ હતું; ગાદી ને વેદી બન્ને વિરૂદ્ધ હતી; ત્યારે તીબેરિયસની અવગણના કરવામાં આવે છે, આન્નાસ તથા કાયાફાસને પડતા મૂકવામાં આવે છે, અને યોહાનની પાસે રાનમાં ઈશ્વરનું વચન આવ્યું.

પાછળના જમાનાઓમાં અનેકવાર આ પ્રમાણે જ થયું. મંડળીના અધિપતિઓએ મંડળીના શિરપતિની સામે બારણું બંધ કર્યું, અને ફરીથી ખ્રિસ્તની મંડળીમાં પણ ઈશ્વરનું વચન સંભળાવવાની જરૂર હતી, ત્યારે ઈશ્વરે ફરીથી પોતાની પ્રાચીન પદ્ધતિનો ઉપયોગ કર્યો. માત્ર નામનો ફેરફાર કરવાની જરૂર છે; બાકી તેનંતેજ પરિણામ આવ્યું; પાદશાહ ચાર્લ્સ પાંચમાની કારકિર્દીમાં ફ્રેડરિક સેક્ષનીનો ઈલેક્ટર હતો, અને લીઓ દશમો પોપ હતો ત્યારે એક ખાણમાં મજૂરી કરનારના દીકરાની પાસે, એટલે માર્ટીન લુથરની પાસે એરફર્ટ શહેરમાં ઈશ્વરનું વચન આવ્યું. બીજી વખતે હેનરી આઠમો ઈંગ્લાંડમાં રાજ કરતો હતો ત્યારે તેને પણ પડતો મૂકવામાં આવ્યો, ગાદી અને વેદી બન્નેની અવગણના કરવામાં આવી અને સ્કૉટલાંડમાં જોન નોક્સની પાસે ઈશ્વરનું વચન આવ્યું. બારણાં ગમે તેટલી મજબૂતાઈથી બંધ કરવામાં આવ્યાં હોય તોપણ જ્યાં તેનો સ્વીકાર કરવાને માટે એક ખરૂં અને પ્રામાણિક હૃદય છે ત્યાં ઈશ્વરનું વચન આવ્યા વિના રહેતું નથી. અરણ્ય ગમે તેટલું વેરાન હોય તોપણ ઈશ્વરનું વચન આવીને તે ગુલાબની માફક ખીલે એવું કરે છે. માણસના હાથોએ અથવા ઇચ્છાશક્તિએ બંધ કર્યાં હોય તે સર્વ બારણાંમાં થઈને ઈશ્વરનો દીકરો આવે છે અને પોતાના વિશ્વાસુ લોકોને પોતાનું શાંતિનું વચન બોલે છે.

હવે કોઈવાર આ શિષ્યોના જેવી આપણી પણ સ્થિતિ થાય છે. નિરાશ થવાનો અથવા નિષ્ફળ જવાનો અનુભવ જેને ન થયો હોય એવો કોણ છે? ઘાયલ થએલું પ્રાણી જેમ પોતાના દરમાં પેસી જાય છે તેમ આપણને પણ એવે વખતે એકાંતમાં જવાનું મન થાય છે. આપણા આત્માનું કષ્ટ બીજું કોઈ ન જુએ તો સારૂં એવું મન થાય છે. આ સ્થિતિમાં ખ્રિસ્ત જીવતો છે કે મરેલો છે એ વિષેનું ભાન રહેતું નથી. આપણી નિરાશાએ, આપણી નિષ્ફળતાએ, આપણાં પાપોએ આપણા પ્રભુને લઈ લીધો છે, અને તેને તેઓએ ક્યાં મૂક્યો છે એ આપણે જાણતાં નથી. એવી સ્થિતિમાં અન્યનો વિશ્વાસ આપણને ઠપકો આપે છે; અન્યનો આનંદ ખેદજનક લાગે છે. પ્રકાશિત મોં સાથે બીજાઓ આપણને જણાવે છે કે ખ્રિસ્ત સદાસર્વકાળ જીવતો થયો છે તેથી અમારાં હૃદયો આનંદિત થયાં છે અને અમારૂં જીવન જ જુદું થઈ ગયું છે, પણ તેમાંનું કંઈપણ આપણા સમજવામાં આવતું નથી. "વખત એવો હતો," એમ આપણે કહીએ છીએ, "પણ અત્યારે બધું જુદું જ લાગે છે; તો બહેતર છે કે યાદશક્તિનાં બારણાં બંધ કરવાં અને જેથી કેવળ બેચેની થાય છે એવા સર્વ વિચારો મનમાંથી કાઢી નાખવા." એ પ્રમાણે આપણે પોતાના હૃદયનાં બારણાં બંધ કરીએ છીએ; પ્રેરકબુદ્ધિ ઠોકે છે ખરી; બહાર શાંતિના દૂતનાં પગલાં વાગે છે ખરાં, પણ તેમાંનું કંઈ પણ આપણા સાંભળવામાં આવતું નથી.

આપણને એટલી જ ચિંતા છે કે પોતાના હૃદયમાં જે ઝઘડો થાય છે, જે આશા લલચાવે છે અને જે બીક ગભરાવે છે તે વિષે દુનિયા જાણે નહિ.

તોએ તે આવે છે! બારણાં બંધ હોવા છતાં તે આવે છે. જેઓ તેની સામે બારણાં બંધ કરે છે તે સર્વને વહેલો કે મોડો એજ અનુભવ થાય છે. હાજરાહજૂર ખ્રિસ્ત કયું રૂપ ધારણ કરીને આપણી પાસે આવશે એ આપણે અગાઉથી નથી જાણતાં! આપણને મિત્રતાનું દાન મળ્યું, પડોશીની સહલાગણીનો અનુભવ થયો, અમુક પુસ્તકમાંના વચને આપણા આત્માને તીર માર્યું, એક નિર્દોષ બાળકની વાતમાં આપણે સપડાઈ ગયા, વગેરે ગમે તેમ થયું, પણ ખ્રિસ્ત આવ્યો એટલી વાત ચોક્કસ! વળી તે ગમે તે અણધારી રીતે આવ્યો હોય તો પણ તેજ પોતે છે તે ખીલાના વેહ જોયા પહેલાં પણ ખબર પડે છે. અણીનો વખત ઐતિહાસિક હોય કે વ્યક્તિગત હોય તોપણ એવા અગણિત અણીના વખતે બારણાં બંધ હોવા છતાં ખ્રિસ્ત આવ્યો છે જ!

વળી તે આવે કે ન આવે એ બધું સરખું જ છે એમ કહીને આપણે પોતાનાં હૃદયોને છેતરવાં નહિ. તે આવે તો તેનું પરિણામ સર્વકાળને માટે છે અને તે ન આવે તો તેનું પરિણામ પણ સર્વકાળને માટે છે. જેણે વધસ્તંભ જોયો હોય તે ત્યાર પછી તેનોતે જ માણસ રહી શકે નહિ. પ્રથમ તો આપણને તેને એમ કહેવાનું મન ભલે થાય, કે હે દાઊદના દીકરા, મારે ને તારે શું છે? મન થાય તોપણ આપણે નથી કહી શકતા. પરંતુ છેવટ સુધી તેને ન આવવા દેવાના પ્રયત્નો જે માણસ કરે છે તેના હાલ તે કરતાં પણ ભૂંડા છે. ઈશ્વર અને આપણી વચ્ચે જે કામ છે તેનો નિકાલ ન થાય ત્યાં સુધી તો શાંતિ શું છે તે કોઈ માણસ જાણે નહિ.

પ્રભુને વધસ્તંભે જડવામાં આવ્યો ત્યારથી આ શિષ્યોની સ્થિતિ તે "પાળક વગરનાં ઘેટાં" જેવી હતી. પાળકને અભાવે પોતાથી જેટલું થાય તેટલું તેઓએ કર્યું, એટલે તેઓએ બારણું બંધ કર્યું, ત્યારેજ ઈસુ આવ્યો. માણસને પોતાની જરૂરિયાત દેખાય છે ત્યારે ઈશ્વરને પોતાની તક દેખાય છે. આશાનું બારણું, પસ્તાવાનું બારણું, વિશ્વાસનું બારણું અને પ્રાર્થનાનું બારણું— એમ દરેકેદરેક બારણું બંધ થાય ત્યારે પણ જીવનનો પ્રભુ આવે છે. માણસ પોતાની અગત્ય સમજે છે અને કબૂલ કરે છે ત્યારે તે આવે છે. ૧૦૭મા ગીતમાં ગીતકર્તા નાવિકોના અનુભવનું જે વર્ણન કરે છે તે ખ્રિસ્તી જીવનનું એક દૃષ્ટાંત છે. નાવિકો ઘણું કરીને હોશિયાર માણસો હોય છે અને સાધારણ તોફાન હોય તો તેને તેઓ પહોંચી વળે છે; પણ કોઈ વાર એવું મોટું તોફાન થાય છે કે તેથી સૌથી હોશિયાર ને સૌથી બહાદુર નાવિકો પણ નાસીપાસ થાય છે: "તેઓ આકાશ લગી ચઢે છે ને પાછાં ઊંડાણોમાં ઊતરે છે; તેઓના

પ્રાણ ત્રાસથી આકુળવ્યાકુળ થાય છે. તેઓ આમતેમ ડોલતાં પીધેલાની પેઠે લથડે છે; અને તેઓની બુદ્ધિ બહેર મારી જાય છે, ત્યારે તેઓ પોતાના સંકટમાં યહોવાહને પોકારે છે અને તે તેઓને દુઃખમાંથી કાઢે છે." ખરી વાત! માણસની બુદ્ધિ બહેર મારી જાય છે ત્યારે ઈશ્વર આવે છે; બારણાં બંધ હોવા છતાં ઈસુ આવ્યો; અવિશ્વાસ, પાપ અને નિષ્ફળતા તેને આવતાં અટકાવી શક્યાં નહિ.

કદાપિ માણસની બુદ્ધિ બહેર મારી જતી ન હોય તો તેમને ઈશ્વરની જરૂર દેખાય કે કેમ? એટલું તો ખરું કે આપણે એકબીજાથી જેટલા જુદા છીએ તેટલા જ આ ઉપલી કોટડીમાંના માણસો એકબીજાથી જુદા હતા. એક તો ચોકખી રીતે પોતાનો અવિશ્વાસ જાહેર કરતો હતો; બીજાએ ખ્રિસ્ત પર મારો બહુ વિશ્વાસ છે એવું હજાર વખત જાહેર કર્યા છતાં ખરા વખતમાં તેને દગો દીધો હતો. તોએ ઈસુ આવ્યો. બારણાં બંધ હોવા છતાં તે આવ્યો. આપણી સ્થિતિ પણ બહુ સંતોષકારક હશે એવું મારું માનવું નથી, તો પણ આ ઈસ્ટરની સવારે આપણો મુદ્રાલેખ આજ હોય તો કેવું સારું: "હે ભાગળો, તમારાં માથાં ઊંચાં કરો; હે પુરાતન દ્વારો, તમે ઊંચાં થાઓ, એટલે ગૌરવવાન રાજા અંદર આવશે." વળી એમ કહીએ તો બારણાં બંધ હોવા છતાં પણ તે આવશે જ આવશે.

૪૪. અજાણી સેવા

"અને બંદીવાનો તેઓનું સાંભળતા હતા" (પ્રે. કૃ. ૧૬; ૨૫).

કોઈએ કહ્યું છે કે પ્રજાનાં સંગીત રચવાનું કામ મને સોંપો તો પછી તેના કાયદાઓ ઘડવાનું કામ ગમે તેને સોંપવામાં આવે તોપણ મને ફીકર નથી. એમ કહેવાનો ભાવાર્થ એવો જણાય છે કે બીજી કોઈ પણ વસ્તુ કરતાં સંગીત પ્રજાના જીવન પર વિશેષ અસર કરે છે. આપણો ધર્મ તે સંગીતભર્યો ધર્મ છે. "પ્રભાતના તારાઓ ભેગા મળીને ગાયન કરતા હતા અને સઘળા દેવદૂતો હર્ષનાદ કરતા" ત્યારથી રાજ્યાસનની આગળ તથા હલવાનની આગળ એક અસંખ્ય સમુદાય વિજયનાં સ્તોત્રો ગાતો માલૂમ પડે છે. "ઉત્પત્તિ"થી માંડીને તે "પ્રકટીકરણ"ના છેલ્લા શબ્દ સુધી પવિત્ર શાસ્ત્રનું વાતાવરણ તે સંગીતનું વાતાવરણ માલૂમ પડે છે. દુનિયામાં ગમે તે ફેરફારો કે ઊથલપાથલ થાય તોપણ આકાશના રહેવાસીઓ પોતાનું ગાયન બંધ કરતા જ નથી; કેમકે તેઓ આદિથી અંત સુધી બધું જોઈ શકે છે. તથાપિ તેમાંનો થોડો જ ભાગ આપણા જોવામાં આવે છે તેથી આપણે કોઈ વાર નાસીપાસ થઈએ છીએ. પણ આકાશનાં સૈન્યો નિરાશ થતાં નથી. જે વિશ્વાસુ તથા સાચો છે તેના હાથમાં સઘળાં મનુષ્યોનું ભાવિ રાખવામાં આવ્યું છે, અને તે છેવટે જયવંત થયા વિના રહેશે નહિ.

આપણે પવિત્ર શાસ્ત્ર વાંચીએ છીએ ત્યારે કોઈ વાર સંતોના હોઠો દ્વારા આકાશી સંગીતોનો પડઘો આપણા સાંભળવામાં આવે છે. એ સંગીતનો વિષય નિત્ય મનુષ્યતારણ હોય છે. લાલ સમુદ્રની પાસે આ સંગીતની શરૂઆત થઈ હતી અને તેમાં પેઢી દરપેઢી નવા નવા યુગોના માણસોના સૂર પૂરાતાં પૂરાતાં તે છેવટે નવા યરૂશાલેમમાં પરિપૂર્ણતાની ટોચે પહોંચી જાય છે. છતાં પાઊલ તથા સીલાસે ફીલીપ્પીના કેદખાનામાં જે ગીત ગાયું તે બીજાં ગીતો કરતાં એક બાબતમાં જુદું માલૂમ પડે છે. લાલ સમુદ્ર પાસે મરિયમ તથા ઈસ્રાએલી સ્ત્રીઓએ જે ગીત ગાયું તે છૂટા થએલા ગુલામોનું ગીત હતું; ત્યારે આ ગીત તો બંદીવાન થએલા ભક્તોનું ગીત હતું.

પાઊલ તથા સીલાસને કેવી રીતે કેદખાનામાં નાખવામાં આવ્યા હતા તે આપણે વાંચ્યું છે. એક બિચારી જુવાન છોડીને અગમસૂચક આત્મા વળગ્યો હતો અને પૈસા કમાવાને માટે તેના માલિકો તેનો ઉપયોગ કરતા હતા. આ છોડીને પાઊલે સાજી કરી, તેથી તેના માલિકોએ, પોતાના લાભની આશા લોપ

થઈ છે એ જોઈને પાઊલ તથા સીલાસને પકડયા, ને તેમને અધિકારીઓની આગળ ઘસડી લઈ જઈને તેમના પર તહોમત મૂક્યું, કે "આ માણસો યહુદી છતાં આપણા શહેરમાં બહુ ધાંધળ મચાવે છે અને આપણ રોમનોને જે રીતરિવાજો માનવા અથવા પાળવા ઉચિત નથી, તે તેઓ શીખવે છે." પછી પાઊલ તથા સીલાસને ઘણા ફટકા મારીને બંદીખાનામાં નાખવામાં આવ્યા, અને તેમના પગ હેડમાં ઘાલવામાં આવ્યા. આ સ્થિતિમાં આપણે વાંચીએ છીએ કે પાઊલ તથા સીલાસ પ્રાર્થના કરતા હતા તથા દેવનાં સ્તોત્રો ગાતા હતા, અને બંદીવાનો તેઓનું સાંભળતા હતા.

આ દેખાવ આપણું ધ્યાન ખેંચે તેવો છે. સમુદાયના માણસો વેરાઈ જાય છે. છોડીના માલિકો ખુશી થઈને પોતાના ઘેર જાય છે. રાતનું અંધારૂં શહેરને ઢાંકી દે છે. આખા શહેરમાં શાંતિ થાય છે. ફિલિપ્પીના કેદખાનામાં પણ ઘોર અંધારૂં છે. વખતોવખત જુદા જુદા અવાજ સાંભળવામાં આવે છે. કોઈ વાર કોઈ પીડિત થએલો કેદી શાપ દેતો સંભળાય છે; કોઈ વાર ઊંઘમાં શરીર વળી જવાથી કેદીઓની સાંકળોનો અવાજ પણ સાંભળવામાં આવે છે. એકાએક આ વાતાવરણમાં બીજો પણ અવાજ સાંભળવામાં આવે છે. તે સંગીતનો અવાજ છે. એક પછી એક કેદીઓ જાગે છે અને અજાયબ થઈને સાંભળવાને માટે કાન દે છે. આ કેટલી બધી અજાયબ જેવી વાત કહેવાય! આ અંધારા ઓરડાઓમાં તો ઘણી વાર શાપ અને ગાળ સાંભળવામાં આવ્યાં હતાં; માણસોએ નિરાશ થઈને આપઘાત પણ કર્યો હતો, પણ આ પહેલી જ વાર કોઈ કેદીએ ત્યાં આગળ ગાયું હશે! તેમના આનંદિત સાદે આખા કેદખાનાને ગજાવી મૂક્યું: "મારો પાળક દેવ છે," એમ પાઊલે ગાયું હશે, ત્યારે "મને કદી અછત થશે નહિ" એમ પોતાના ગાયનમાં સીલાસે જવાબ આપ્યો હશે. જ્યાં કેવળ દુર્ભાષણો તથા નિર્લજ્જ ગાયનો સાંભળવામાં આવતાં હતાં તેવા વાતાવરણમાં અત્યારે પ્રભુનાં ગીતોનો સુર સંભળાય છે. "મધરાતને સુમારે પાઊલ તથા સીલાસ પ્રાર્થના કરતા હતા તથા દેવનાં સ્તોત્ર ગાતા હતા, અને બંદીવાનો તેઓનું સાંભળતા હતા."

"બંદીવાનો તેઓનું સાંભળતા હતા," એજ બાબત પર હું તમારૂં ધ્યાન ખેંચવા માગું છું. આ કેદીઓમાંથી પાછળથી કેટલા ખ્રિસ્તી થયા હશે એ જણાવવામાં આવ્યું નથી, પણ તેઓના મન પર આ બનાવની કશી જ અસર ન થઈ, એ માનવું મુશ્કેલ છે. આ સંગીત સાંભળવાથી તેમના પર કેટલી બધી કોમળ અસર થઈ હશે! તે સાંભળીને કોઈએ આપઘાત કરતાં પોતાનો હાથ પાછો રાખ્યો હોય, કોઈને પોતાની માતા, પોતાની બાલ્યાવસ્થા કે પોતાના ઘરનું કોમળ સ્મરણ થયું હોય તો તેમની કેટલી બધી સેવા પાઊલ તથા સીલાસે અજાણી કરેવાય! પરંત એ સેવા સંબંધી પાઊલ તથા સિલાસ અજાણ્યા હતાં

ગાવાનું તેમનું કારણ એટલું જ હતું કે તેઓની સાથે ખ્રિસ્ત હતો અને ખ્રિસ્ત તેઓને ઉત્તેજન આપતો હતો.

વળી આપણે પણ ઘણી વાર એવી જ સેવા બજાવી શકીએ છીએ. આપણાથી બીજાઓ ઉપર અસર થાય છે એ આપણા ખ્યાલમાં ન હોય એ સંભવિત છે; પણ બીજાઓ પર આપણે બધા જ વખતમાં જાણેઅજાણે અસર કરીએ છીએ એ શક વગરની વાત છે. આપણે એક શબ્દ પણ બોલતાં નથી ત્યારે પણ આપણે તે અસર કરીએ છીએ. આપણે બેચેનીમાં રહીએ છીએ ત્યારે બીજાઓ નાહિમ્મત બની જાય છે; આપણે યોગ્ય રીતે વર્તીએ છીએ ત્યારે અજાણે આપણા નમૂના વડે બીજાઓને બળવાન કરવામાં આવે છે. ઈશ્વર આપણી સાથે છે એ ચેતના હોવાથી આપણે કાળી મધરાતે પણ તેનાં સ્તોત્રો ગાઈએ છીએ, ત્યારે બીજા કેદીઓ પણ આપણું સાંભળે છે અને તેમને ઉત્તેજિત કરવામાં આવે છે.

એક અંગ્રેજ લેખક હતો, સાહિત્ય રચવામાં તેનું કૌશલ્ય અજોડ હતું છતાં તેનું ચારિત્ર્ય છેક બગડી ગયું હતું. આજ માણસ પોતાને થએલો એક અનુભવ આપણને જણાવે છે. તે છેક છેલ્લી સ્થિતિમાં આવી ગયો હતો અને પોતાની જિંદગીથી તદ્દન કંટાળી ગયો હતો. તેજ અરસામાં કોઈ ગૃહસ્થે તેને વિવેકથી સલામ કરી એટલામાં તેને ભાન થયું કે દુનિયામાં હજી પણ મારી કાંઈ કિમ્મત છે. સલામ કરવી એમાં શી મોટી વાત? પણ તેની અસર આ માણસ પર ઘણી થઈ. આ લેખક જણાવે છે કે જાણે નરકના અંધકાર મધ્યે આકાશી અજવાળાનું કિરણ પડયું હોય એમ મને લાગ્યું હતું. "મરણછાયાની ખીણમાં" વિશ્વાસુએ પોતાની વાણી ઉઠાવીને ઈશ્વરની સ્તુતિ કરી તેમ આપણે કરીએ છીએ ત્યારે આપણી પાછળ આવતો કોઈ બિચારો લથડિયાં ખાતો ખ્રિસ્તી બળવાન થઈને આકાશી નગરમાં જવાના માર્ગ પર વધારે અડગપણે પોતાનાં પગલાં ગોઠવી દે છે.

સાધારણ મિલાપ થવાથી કોઈ વાર કેટલી બધી અસર થાય છે, તેના દાખલા આપું. એક લક્ષાધિપતિ પોતાના મિત્રને ઘેર ગયો. એક દાસીએ બારણું ઉઘાડયું. તે લક્ષાધિપતિને ઓળખતી નહોતી પણ પછીથી તેણે બીજી દાસીને કહ્યું, કે આ માણસના જેવો કરુણ દેખાવ મેં મારી જિંદગીમાં બીજા કોઈનો જોયો નથી. તેની સાથે આ વાત સરખાવો. લંડનમાં સાધુ સુંદરસિંગ એક મિત્રને ઘેર ગયો. તેને માટે પણ એક દાસીએ બારણું ઉઘાડયું. તેણે તેનું નામ પૂછ્યું. પછી પોતાના શેઠની પાસે આવીને તેણે કહ્યું કે તેણે મને પોતાનું નામ કહ્યું, પણ તે શું છે તે હું બરોબર સાંભળી શકી નથી; પણ સાહેબ! તેનો દેખાવ બરાબર ઈસુ ખ્રિસ્તના જેવો જ છે. તો પછી આપણા મોંનો દેખાવ ગમે તેવો હોય તોપણ ચાલશે એવું કોણ કહેશે?

માણુસો સુખી થવાને માટે બહુ મહેનત કરે છે, પણ સુખી થતાં તેમને આવડતું નથી. માણુસો સ્વાર્થથી સુખી થવાની કોશિશ કરે છે પણ તેમાં નિષ્ફળ જાય છે. એક ડાહ્યા માણુસે લાંબા વખત ઉપર કહ્યું છે કે સુખ પ્રાપ્ત કરવાને માટે તે ભૂલી જવું જોઈએ. સુખી પુરુષ કે સ્ત્રીની કિમ્મત મોતીની કિમ્મત કરતાં પણ વધારે છે; તે કોઈ ઓરડામાં પ્રવેશ કરે છે ત્યારે જાણે બીજી બત્તી સળગાવવામાં આવી હોય એમ બધાંને લાગે છે.

સંગીતભર્યું જીવન બીજાંઓનાં હૃદયોને કોમળ બનાવે છે. એક વખતે એક ભવ્ય મકાનમાં ઘણા મહેમાનોને નહોતરવામાં આવ્યા હતા. બધા જ સારી સ્થિતિના માણુસો હતા, પણ ધર્મની બાબતો વિષે તદ્દન બેપરવાઈ રાખતા હતા. તેમને આનંદ આપવાને માટે સંગીતમાં પ્રવીણ થએલી એક બાઈને તેમની આગળ ગાવાનું આમંત્રણ આપવામાં આવ્યું હતું. બન્યું એવું કે તે ઘરમાં એક બિચારા છોકરાને અકસ્માત થયો હતો. તે ખાટલા પર પડયો હતો અને સંગીત સાંભળવાને બહુ જ આતુર હતો. ગીત ગાઈને બાઈ થોભી ત્યારે બીજી કોટડીમાંથી નાનો છોકરો તાળીઓ પાડતો જણાતો હતો. આથી બાઈ ફરી ગાવા લાગી, અને "બહુ દૂર એક લીલો ડુંગર છે" એ ગીત તેણે ગાયું. પહેલા ગીતના કરતાં આ ગીતની અસર વધારે થઈ. સર્વકાળની બાબતોનું ભાન કરાવનારૂં તો આ ગીત હતું. બાઈ ગાઈ રહી ત્યારે આ બધા અધાર્મિક મહેમાનોમાંથી એકે મહેમાનની આંખો કોરી રહી નહોતી.

આપણાં બાળકો આપણી કેટલી બધી સેવા બજાવે છે એ તેઓ જાણતાં નથી છતાં આપણાં હૃદયો તેઓ જગતથી કઠણ થતાં અટકાવે છે. એક જુવાન છોડીની કબર પર એવો સ્મરણલેખ કોતરવામાં આવ્યો હતો, કે "તે અમારી સાથે હતી ત્યારે યોગ્ય રીતે જીવવું અમને વધારે સહેલું પડતું હતું." કેટલાં બધાં માણસોને પોતાનાં છોકરાંની અસરથી નરકના માર્ગમાંથી વારવામાં આવ્યાં હશે! દુનિયાને સુંદર તથા આશીર્વાદિત બનાવવાને માટે દુનિયાના તમામ કાયદાશાસ્ત્ર કરતાં દુનિયાનાં બાળકોએ વધારે કામ કર્યું છે. તેમની નિર્દોષ આંખો, તેમના નાના હાથપગ પણ જે ઊંઘમાં જ શાંત બની જાય છે, તેની અસર દુનિયામાં કરેલાં સઘળાં બોધભાષણ કરતાં પણ વધારે થએલી છે. છતાં "આજે હું આશીર્વાદરૂપ થઈશ," એમ કોઈ બાળક સવારમાં ઊઠીને કહેતું નથી; તે અજાણે આશીર્વાદરૂપ થાય છે. તે ચોટામાં બેસીને રમે છે અને ખ્રિસ્તનું હૃદય આનંદિત થાય છે; તે પાળિલની માફક ગાય છે, કેમકે તે ગાયા વગર રહી શકતું નથી અને કેદીઓ તેનું સાંભળે છે.

જેઓ સુખની શોધ કરે છે તેમને કોઈ વાર દુઃખિતોની પાસેથી શીખવાનું મળે છે. એક જુવાન મરી જતો હતો અને તેના પાળકે તેની મુલાકાત લીધી.

જુવાનને સંબોધીને પાળક કહે છે, કે "દીકરા, બહુ નબળાઈ હશે." જવાબ એ મળ્યો, કે "હાજી, પણ ખ્રિસ્તમાં હું બળવાન છું." બીજે રવિવારે પાળકે સિંહાસન પરથી આ વાર્તા કહી અને થોડી જ વારમાં જ્યાં અંગ્રેજી ભાષા બોલાય છે ત્યાં દેશેદેશ આ વાર્તા પ્રસરી ગઈ હતી, અને તે દ્વારા કેટલો બધો આશીર્વાદ મળ્યો છે એ વિષે હજારો સાક્ષી છે. વહાલાઓ, અજાણી સેવા તે ઘણી વાર સૌથી મોટી પણ સેવા હોય છે. તમે એકાંતમાં રહો છો? એનો વાંધો નહિ! તમારૂં ક્ષેત્ર સાંકડું છે? કાંઈ ફીકર નહિ! તમારા સંજોગો મુશ્કેલ છે? તોપણ ગભરાશો નહિ. બળવાનો નમી જાય છે, રૂપેરી દોરી તૂટી જવાની અને સોનેરી પ્યાલો ભાંગી જવાની અણી પર છે, ત્યારે પણ તમે ધારો છો તે કરતાં તમે વધારે સારી રીતે સેવા કરતા હો એ બનવાજોગ છે.

માણસ પોતાની માતાએ તેને જેટલું કહ્યું હોય તે બધું ભૂલી જાય એ બનવાજોગ છે, પણ પોતાની માતા કેવી હતી એ તે શાનો ભૂલે? તેના બાપે તેને જેટલી સલાહ આપી હોય તે બધી તેનાથી ભૂલી જવાશે, પણ તેના બાપના ચારિત્ર્યની અસર તેના જીવનમાં અંત સુધી રહેવાની, રહેવાની અને રહેવાની જ. વાચાળ જીભ છેલ્લે હિસાબે બહુ કામની નથી; આપણું જીવન જ બોલે છે ત્યારે જ ખરી અસર થાય છે. સર વોલ્ટર સ્કોટે પોતાના બગીચામાં એક ખાનગી બેઠક બનાવી હતી અને ત્યાં તે સાંજે એકલો જઈને બેસતો હતો. સર વોલ્ટરનો ગાડીવાળો ઘરડો માણસ હતો અને તેના પર તે ઘણો પ્રેમ રાખતો હતો. આ ડોસો કદી ધાર્મિક બાબતો સંબંધી વાત કરતો જ નહિ, પણ તે અંદરખાને બહુ જ ધાર્મિક હતો. વળી જો કે એકલો રહેતો હતો તોપણ તે શાસ્ત્ર વાંચ્યા સિવાય, ગીત ગાયા સિવાય અને પ્રાર્થના કર્યા સિવાય કદી સૂઈ જતો નહિ. ગીત ગાતાં બિચારા ડોસાને જેવું તેવું આવડતું હતું પણ પ્રભુબાપની નજરમાં તેનું ગાયન શરાફો કરતાં વધારે મીઠું લાગતું હશે; કેમકે તે પોતાના આખા હૃદયથી ગાતો હતો, અને તેનું સાંભળવાને માટેજ સર વોલ્ટર દર સાંજે ત્યાં આગળ છૂપી રીતે બેસતા હતા.

બ્રાઉનીંગ નામના કવિએ એક સુંદર કવિતા રચી છે. પીપ્પા નામની એક ઈટાલિયન છોડી હતી, અને કવિતાનું નામ "પીપ્પા પાસે થઈને જાય છે" એવું રાખવામાં આવ્યું છે. આ છોડી નોકરી કરતી હતી ને તેને વર્ષમાં એક જ વાર રજા મળતી હતી. આ રજાને દિવસે છૂટી થઈને તે પોતાને ઘેર જતી આપણા જોવામાં આવે છે, અને જેવી તે શહેરના મહોલ્લાઓમાં થઈને ચાલે છે તેવી જ તે ગાતી ગાતી જાય છે. તે તો પોતાના હૃદયમાં કેવળ પોતાના આનંદ વિષે અને ઈશ્વરની ભલાઈ વિષે વિચાર કરે છે, પણ તેના ગાયનનું કેટલું અજાયબ જેવું પરિણામ આવ્યું તે કવિએ વર્ણવી દેખાડયું છે. તે જ્યાં કામ

કરતી હતી અને જ્યાં રહેતી હતી તે બે જગાની વચમાં ઘણાં ઘરો આવેલાં હતાં, અને તેમાં જુદી જુદી જાતના ઘણા અનુભવવાળા લોકો પણ રહેતા હતા. તે જેમ ગાતી ગાતી જતી હતી તેમ તેના ગાયનનો અવાજ આવાં સઘળાં ઘરોમાં પ્રવેશ કરતો હતો. તેનાં અજાયબ જેવાં પરિણામો આવ્યાં. તે જેમ ગાતી ગઈ તેમ જીવનોનું બદલાણ કરતી ગઈ. એક સ્ત્રીપુરુષ પાપમાં રહેતાં હતાં. તેઓએ સાંભળ્યું, તેમને શરમ લાગી અને તેમને ન્યાયીપણાની ભૂખ લાગી. એક ચિત્રકાર એક ઘરમાં રહેતો હતો. આ માણસ ખૂન કરવાનો વિચાર કરતો હતો. તેણે સાંભળ્યું, તેને શરમ લાગી અને તેણે પસ્તાવો કર્યો. એક ઘરમાં એક માણસ રહેતો હતો કે જેણે પોતાના રાજાને મારી નાખવાનો નિશ્ચય કર્યો હતો. તેણે સાંભળ્યું, તેને પણ શરમ લાગી અને પોતાનો ખૂની ઈરાદો માંડી વાળ્યો. હવે તે રાત્રે મેં શું કર્યું છે એ જાણ્યા વિના પીપ્પા સૂઈ ગઈ; તેમ ખ્રિસ્ત આપણને કહે છે, કે "તમે મારા સાક્ષીઓ છો; તમે જગતનું મીઠું છો; તમે જગતનું અજવાળું છો." વિશ્વાસની રક્ષા કરવાને માટે તે શું મૂકી ગયો છે? પુસ્તકો હસ્તલેખો, સ્મરણપથ્થરો—એમાંનું કાંઈ પણ તે મૂકી ગયો નથી; પરંતુ જેમનાં હૃદયોમાં ઈશ્વરી અગ્નિ સળગતો હતો તેવાં થોડાંએક માણસોને તે મૂકી ગયો હતો, અને તે અગ્નિ પ્રસરી જઈને અત્યારે આખી દુનિયાને વીંટળાએલો છે. એક પળવાર તેની પ્રેમી આંખોએ મનુષ્યોના હરકત ભરેલા માર્ગ પર દૃષ્ટિ કીધી; ત્યારથી બધું જ જુદું લાગે છે, અને "પારકા દેશમાં" હોવા છતાં પણ આપણે પ્રભુનાં ગીતો ગાઈ શકીએ છીએ. વળી ગાતાં ગાતાં આપણા સાથી કેદીઓ પણ આપણું સાંભળી શકે છે, અને તેમને ખિન્ન આત્માને બદલે સ્તુતિરૂપ વસ્ત્ર પહેરાવવામાં આવે છે.

૪૫. પક્ષઘાતી મંડળી

"તેણે તેઓને પૂછ્યું, કે તમે વિશ્વાસ કર્યો ત્યારે તમે પવિત્ર આત્મા પામ્યા? તેઓએ તેને કહ્યું, કે ના, પવિત્ર આત્મા છે એ અમે સાંભળ્યું પણ નથી" (પ્રે. કૃ. ૧૯; ૨).

પાઊલ એફેસસ આવ્યો ત્યારે ત્યાં આગળ તેને કેટલાએક જાણવા જેવા માણસો મળ્યા. આ માણસોએ મસીહ તરીકે ખ્રિસ્તને સ્વીકાર્યો હતો, તોપણ ખ્રિસ્તની નિશાળમાં તેઓ હજી પહેલા જ ધોરણમાં બેઠેલા હતા. આપોલસની માફક તેમને માત્ર યોહાનના બાપ્તિસ્માનો અનુભવ થયો હતો, પરંતુ એ મોટી વસ્તીવાળા શહેરમાં તેઓને આપોલસની માફક પ્રિસ્કિલા તથા આકુલાનો મેળાપ થયો હશે કે કેમ એ જણાતું નથી; એટલું જ જણાય છે કે તેની માફક દેવના માર્ગનો વધારે ચોકસાઈથી ખુલાસો પામવાની તેમને જરૂર હતી.

હવે આ શિષ્યો ઘરડા નહિ તોપણ મોટી ઉમરના માણસો હશે, કેમકે બેથાબારા આગળ ૨૭ વર્ષ પર જે મોટી ધર્મજાગૃતિ થઈ હતી તેનો તેમને અનુભવ થયો હતો. યોહાનના હાથે નહિ તો તેના કોઈ એક શિષ્યને હાથે તેઓ પસ્તાવાનું બાપ્તિસ્મા પામ્યા હતા; તેઓની આગળ યોહાને કહ્યું હતું, કે "જુઓ, દેવનું હલવાન, જે જગતનું પાપ હરણ કરે છે;" અને તેના પર તેઓએ વિશ્વાસ કર્યો હતો. તેઓ પાલેસ્ટાઈનમાંથી ક્યારે નીકળ્યા હશે એ જણાતું નથી; એટલું જ જણાય છે કે આપણા પ્રભુના પુનરુત્થાન, તેના આકાશગમન તથા પવિત્ર આત્માના દાન વિષે તેઓ બીલકુલ અજાણ્યા હતા. લાંબો વખત વીતી ગએલો હોવાથી તેઓ વિશ્વાસ સંબંધી ઘણા પાછા પડયા હતા. પ્રેરિતના સમાચાર સાંભળીને તેઓ ઉલ્લાસી બન્યા એમાં નવાઈ નથી; તેઓને માટે પચાસમાનો દિવસ થતાં થતાં જો કે આટલી બધી વાર લાગી હતી તોપણ તે આવ્યો ત્યારે તે આવી અણધારી રીતે જ આવ્યો.

આ લોકોના સંબંધમાં પ્રેરિત કેવી રીતે કામ કરે છે એ વાંચવાથી ઘણું જાણવાનું મળે છે. પ્રાચીન મંડળીમાં ખરા ખ્રિસ્તીનાં લક્ષણ કેવાં ગણાતાં હતાં એ તેના પહેલા જ પ્રશ્ન પરથી જણાઇ આવે છે: "શું તમે વિશ્વાસ કર્યો ત્યારે તમે પવિત્ર આત્મા પામ્યા?" ખ્રિસ્તી મંડળીના અનુભવમાં આ લોકોની આત્મિક વૃદ્ધિ અટકી ગએલી હતી. તેઓએ સંયમ તથા શુદ્ધતાનો ઊંચો માર્ગ સ્વીકાર્યો હતો; દેહની સામે તેઓએ આત્માનો પક્ષ ધર્યો હતો, પરંતુ તેઓ આગળ વધી શક્યા નહોતા, માટે પાઊલ તેઓને કહે છે કે તમે ખ્રિસ્ત પર

વિશ્વાસ કર્યો એમાં તમે સારું કર્યું, પણ તમારાં પોતાનાં જીવનોમાં શું એ વિશ્વાસનું કોઈ પ્રમાણ છે?

હવે આત્માનાં કૃપાદાનો વિશ્વાસ કરનાર સઘળાંને આપવામાં આવે છે, અને તે પવિત્ર આત્માનાં પ્રમાણપત્રો છે. આ કારણથી, આપણે જેઓ ખ્રિસ્તી હોવાનો દાવો કરીએ છીએ, તે આપણે પોતપોતાને ગંભીરતાએ અને વારંવાર આજ પ્રશ્ન પૂછવાની જરૂર છે.

"શું આપણે પવિત્ર આત્મા પામ્યા છીએ?" જે વિશ્વાસ કરનારાં પવિત્ર આત્માનું દાન માગે છે તે સઘળાંને તે આપવાનું વચન કહેલું છે. પવિત્ર આત્મા તે પિતાનું દાન છે: "માટે જો તમે ભૂંડાં છતાં તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો તો આકાશમાંના બાપની પાસે જેઓ માગે છે તેઓને તે પવિત્ર આત્મા આપશે એ કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે!" ઝાડની માફક ખ્રિસ્તી માણસ પોતાનાં ફળથી ઓળખાય છે, અને આત્માનાં ફળ આ પ્રમાણે છે: "પ્રેમ, આનંદ, શાંતિ, સહનશીલતા, માયાળુપણું, ભલાઈ, વિશ્વાસુપણું, નમ્રતા તથા સંયમ." શું આ લક્ષણો તમારાં જીવનોનાં પ્રધાનરૂપ લક્ષણો છે? જો એમ ન હોય તો તમે પણ હજી પવિત્ર આત્મા પામ્યા નથી એમ સમજવું.

હવે પાઊલનો પ્રશ્ન સાંભળીને આ શિષ્યો અચંબો પામ્યા હતા. પ્રબોધકોના મરણ પછી યહોવાહનો આત્મા ઈસ્રાએલમાંથી નીકળી ગયો છે, અને ઉપર ચઢયો છે એવી દંતકથા યહુદી પ્રજામાં ચાલતી હતી, એટલુંજ તેઓ જાણતા હતા; પણ તેના પાછા આવવા વિષે તેમને કશી ખબર જ નહોતી: "તેઓએ તેને કહ્યું, કે ના, પવિત્ર આત્મા છે એ અમે સાંભળ્યું પણ નથી."

વળી તેઓ તેના પ્રશ્નથી જેટલા અચરત થયા હતા તેટલો જ પાઊલ પણ તેમના જવાબથી અચરત થયો. તેણે ફરી તેઓને પૂછયું કે જો તમે પવિત્ર આત્મા વિષે કશું જાણતા નથી તો તમે કઈ રીતે બાપ્તિસ્મા પામ્યા હશો? કેમકે ખ્રિસ્તના કોઈપણ ધર્મસેવકને હાથે તેમનું બાપ્તિસ્મા થયું હોત તો તેમને પવિત્ર આત્મા વિષેનું શિક્ષણ આપવામાં આવ્યું હોત અને તેના નામમાં તેઓનું બાપ્તિસ્મા કરવામાં આવ્યું હોત. ખ્રિસ્તનો હુકમ એ હતો, કે "બાપ, પુત્ર તથા પવિત્ર આત્માના નામમાં તેઓને બાપ્તિસ્મા આપતા જાઓ." "તમે કોનું બાપ્તિસ્મા પામ્યા" એમ તે તેઓને પૂછે છે: "શું તમે બાપ્તિસ્મા પામ્યા છો છતાં પવિત્ર આત્મા વિષે કશું જાણતા નથી? આ કેવી વાત!" જેમને પવિત્ર આત્માના પરાક્રમનો અનુભવ નથી અને જેઓ તેના અધિકારને આધીન થયા નથી તેઓનું બાપ્તિસ્મા વ્યર્થ છે. બાપ્તિસ્માની ક્રિયા પવિત્ર આત્મા જ સાર્થક કરે છે; માટે આપણે પોતાના બાપ્તિસ્માને અનુસરતું જીવન ગાળવું હોય

તો આપણે પોતપોતાને વારંવાર આજ પ્રશ્ન પૂછવો જોઈએ કે હું કોનું બાપ્તિસ્મા પામ્યો છું? શું પવિત્ર આત્મા મને મળ્યો છે?

હવે આ લોકોની બાબતનો ખુલાસો ત્યાં ને ત્યાં જ તરત કરવામાં આવ્યો. તેઓ યોહાનના હાથે અથવા તેના કોઈ એક શિષ્યને હાથે પાપનિવારણને અર્થે પસ્તાવાનું બાપ્તિસ્મા પામ્યા હતા. તેથી પૂર્ણ શિષ્યપણાને માટે યોહાનનું બાપ્તિસ્મા પૂરતું નથી એવો ખુલાસો પાઊલે તેઓની આગળ કર્યો. યોહાનનું બાપ્તિસ્મા અમુક અંશે સારૂં હતું. તેનો સ્વીકાર કરવાથી તેઓએ પોતાનાં પાપ કબૂલ કર્યાં હતાં, પોતાનો પસ્તાવો જાહેર કર્યો હતો અને પોતાનાં પાપથી ફરવાની ઇચ્છા પણ દેખાડી હતી. પરંતુ મારૂં બાપ્તિસ્મા અપૂર્ણ છે એવું યોહાન પોતે પણ કબૂલ કરતો હતો. તે માત્ર પૂરોગામી હતો; તેની પાછળ જે આવનાર હતો તેના પર જ તેના શિષ્યોને વિશ્વાસ કરવાનો હતો. "પસ્તાવાને સારૂ હું પાણીએ તમારૂં બાપ્તિસ્મા કરૂં છું ખરો, પણ જે મારી પાછળ આવનાર છે તે મારા કરતાં સમર્થ છે, ને તેનાં ચંપલ ઊંચકવા હું યોગ્ય નથી; તે તમારૂં બાપ્તિસ્મા પવિત્ર આત્માએ તથા અગ્નિએ કરશે."

યોહાનનું આ ભવિષ્યવચન પૂરૂં થયું છે તે આ માણસો જાણતા નહોતા. વળી પાઊલ તેઓને ઠપકો આપતો નથી; તે માત્ર તેમને વધતો સારો માર્ગ બતાવે છે. યોહાનના બાપ્તિસ્મા વડે ભૂતકાળની ભૂંડાઈ ધોઈને ભૂંસી નાખવામાં આવતી હતી; ત્યારે ઈસુના બાપ્તિસ્મા વડે નવું જીવન ગાળવાનું સામર્થ્ય પ્રાપ્ત કરવામાં આવે છે. પચાસમાના સમય પછી ખ્રિસ્ત દશ્ય રીતે આપણી સાથે ન રહેતાં આપણને અભ્યંતર પરાક્રમથી વેષ્ટિત કરે છે, અને એવી રીતે પવિત્ર આત્માદ્વારા પોતાને નવીન રીતે પ્રગટ કરે છે. આ સ્થિતિમાં પ્રવેશ કરવા માટે યોહાનનું બાપ્તિસ્મા માત્ર દ્વારસમાન હતું.

આ માણસોએ પાઊલનું સાંભળ્યું ત્યારે તેઓએ આનંદસહિત તેના સમાચારનો સ્વીકાર કર્યો અને પ્રભુ ઈસુના નામમાં તેઓનું બાપ્તિસ્મા કરવામાં આવ્યું. આમ જ્યારે તેઓએ પવિત્ર આત્માની સત્તાને પોતાનાં જીવન પૂરી રીતે સ્વાધીન કર્યાં ત્યારે તેઓ પર પવિત્ર આત્મા આવ્યો, અને પવિત્ર આત્મા છે, એવું જેઓ અત્યાર સુધી જાણતા નહોતા. તેઓ અત્યારે અહીં આગળ પવિત્ર આત્માથી ભરપૂર થએલા આપણા જોવામાં આવે છે. હવે પવિત્ર આત્મા શું કામ કરે છે?

૧. નવા કરારમાં પવિત્ર આત્માનું પ્રથમ **કર્તવ્ય દિલાસો આપવાનું** બતાવવામાં આવે છે. તો તે શી બાબત વિષે આપણને દિલાસો આપે છે? શિષ્યોની પાસેથી આપણા પ્રભુને ઉપર લઈ લેવામાં આવ્યો હતો, ત્યારે તે સંજોગોમાં પવિત્ર આત્મા તેઓને દિલાસો આપવાનો હતો. સુવાર્તાનું વૃત્તાંત

વાંચીને શિષ્યો પ્રત્યે આપણને સહલાગણી ઉત્પન્ન થાય છે, કેમકે તેમની સ્થિતિ કેવી થઈ હશે એ આપણે સહેજે સમજી શકીએ છીએ. ખ્રિસ્ત જેવું બોલતો હતો, તેવું જગતના મંડાણથી કોઈ બોલ્યું નથી; માટે તેની કોમળ વાણી સાંભળવાનું મન કોને ન થાય? આપણને તો ઘણું મન થાય છે. પહેલા શિષ્યોનાં જીવનમાં મુશ્કેલીઓ ઉપસ્થિત થતી હતી ત્યારે તેઓ તેની પાસે જઈ શકતા હતા, અને તેને કહી શકતા હતા, કે 'અમને સાફ કહે.' આપણા મુશ્કેલ સંજોગોમાં તેની પાસે જઈને એમ કહેવાનું મન આપણને પણ થાય છે. છતાં ઈસુ આપણને જણાવે છે કે તે કરતાં આપણી હાલની સ્થિતિ ઇચ્છવાજોગ છે: "હું તમને સત્ય કહું છું; મારૂં જવું તમને લાભકારક છે; કેમકે હું નહિ જાઉં, તો સંબોધક તમારી પાસે આવશે નહિ, પણ જો હું જાઉં તો હું તેને તમારી પાસે મોકલી દઈશ. જ્યારે તે આવશે ત્યારે તે પાપ વિષે, ન્યાયીપણા વિષે તથા ન્યાય ચુકાવવા વિષે જગતને ખાતરી કરી આપશે."

૨. **પવિત્ર આત્મા સમજણનો આત્મા છે.** શરીર મર્યાદિત હોય છે; માત્ર કાને સાંભળવાથી જ સમજણ પડતી નથી. પાલેસ્ટાઈનમાં હજારોહજાર લોકોએ ખ્રિસ્તનું સાંભળ્યું હશે, પણ તેઓમાંના કેટલા સમજ્યા હશે? રસ્તાની કોરવાળા શ્રોતાઓએ સાંભળ્યું; પથ્થરવાળી જમીનવાળા શ્રોતાઓએ સાંભળ્યું; અને કાંટાવાળી જમીનવાળા શ્રોતાઓએ સાંભળ્યું; એટલે તેઓએ શબ્દોનો અવાજ સાંભળ્યો, પણ તેથી તેમાંના કોઈને લાભ થયો નહિ. ખ્રિસ્તે કહ્યું હતું કે તમે કેવી રીતે સાંભળો છો તે વિષે સાવધાન રહો; "કેમકે જેની પાસે છે, તેને આપવામાં આવશે; અને જેની પાસે નથી તેની પાસેથી તેના ધારવા પ્રમાણે તેનું જે છે તે પણ લઈ લેવાશે." તમારો પાળક તૈયારી કર્યા વગર ભાષણ કરવા સિંહાસન પર ચઢે, તો તમને તરત વાંધો આવશે; પણ તમે સાંભળવા માટે કેટલી વાર તૈયારી કરીને દેવળમાં આવ્યા હશો? ખરેખરી રીતે સાંભળવાને માટે આતુર મન જોઈએ, તૈયાર હૃદય જોઈએ, અને તત્પર આત્મા જોઈએ છે. આ કારણથી શિષ્યો ખ્રિસ્તની હાજરી છતાં પણ હમેશાં તેનું કહેવું સમજી શકતા નહોતા; તેની હાજરી હોવા છતાં તેઓના પર શક હુમલો કરતો હતો; તેની હાજરી હોવા છતાં તેઓ એકબીજાની સાથે અયોગ્ય હરીફાઈ કરીને તકરાર પણ કરતા હતા. પરંતુ પવિત્ર આત્મા તે સમજણનો આત્મા છે, તેથી આ સઘળી બાબતોમાં આપણી સહાય કરવાને માટે તે આપણી પાસે આવ્યો છે.

૩. હવે યાદ રાખો, કે પવિત્ર આત્મા, પવિત્ર છે, માટે **પવિત્રાઈ સાધવાનું તેનું પણ કામ હોય છે.** જેમ વૈદનું કામ દવા આપવાનું છે, અને વકીલનું કામ કાયદાનું લાગુકરણ કરવાનું છે, તેમ પવિત્ર આત્માનું કામ પવિત્રાઈ

ઉત્પન્ન કરવાનું છે અથવા પવિત્રીકરણ કરવાનું છે. ઈશ્વરના આત્મા વિના કોઈ માણસ પોતાની મેળે પવિત્રાઈ પ્રાપ્ત કરી શકતું નથી. ઈશ્વરના આત્મા વિના ઘણાં કામ થઈ શકે ખરાં, પણ આ કામ કદી નહિ. ઈશ્વરના આત્મા વિના અજાયબ જેવાં ચિત્રો કાઢી શકાય છે, મોટાં મોટાં પુસ્તકો લખી શકાય છે, સુંદર કાવ્યો રચી શકાય છે, ભવ્ય ઈમારતો ચણી શકાય છે, જાતજાતની અજોડ કળા થઈ શકે છે, પણ પવિત્રાઈ તો નહિ જ! ખરી વાત છે કે ઈશ્વરના આત્માને ધ્યાનમાં લીધા સિવાય પણ દુનિયા અજાયબી પમાડે તેવી છે. બહારથી તે આનંદજનક બગીચા સમાન દેખાય છે, પણ અંદરથી તે સઘળી જાતની અશુદ્ધ-તાથી ભરપૂર છે. મનુષ્યજીવનની વાડીમાં ખ્રિસ્ત એક નવીન ઝાડ રોપી ગયો છે તે ઝાડનું નામ પવિત્રતા છે, અને તેને પાણી પાવા તથા ઉછેરવાને માટે તે પવિત્ર આત્માને પણ મૂકી ગયો છે. વળી ઇતિહાસનો અભ્યાસ કરીએ છીએ ત્યારે માલૂમ પડે છે કે ઈસવી સનની શરૂઆતમાં ખ્રિસ્તીઓની પવિત્રાઈએ યૂરોપને જીતી લીધું હતું. પરંતુ શું પવિત્રાઈ તે હાલની મંડળીનું લક્ષણ છે? પાછલા જમાનામાં પ્રભુની વાત પરાક્રમથી પ્રસરી ગઈ અને પ્રબળ થઈ તેમ આપણા જમાનામાં કેમ નથી થતું? જવાબ એ છે કે મંડળીએ પવિત્ર આત્માને તજી દીધેલો છે; પવિત્ર આત્મા વિના મંડળી પક્ષઘાતી થએલી માલૂમ પડે છે.

આપણે પોતાનો જ વિચાર કરીએ તો માલૂમ પડશે કે જાત જાતની ઘણી અસરો આપણા પર થયા કરે છે, પણ શું પવિત્ર આત્માની અસર થાય છે? તેના વિચારો આપણા મનમાં આવે છે? તેના એલચીઓનો આવકાર કરીએ છીએ? પવિત્ર આત્માનું દાન જુવાન અને વૃદ્ધ બધાને માટે છે, કેમકે યોએલનું ભવિષ્યવચન પચાસમાંના દિવસે પૂરું થયું: "ઈશ્વર કહે છે, કે પાછલા દિવસોમાં એમ થશે, કે હું સર્વ માણસો પર મારો આત્મા રેડી દઈશ; અને તમારા દીકરા તથા તમારી દીકરીઓ પ્રબોધ કરશે, તમારા જુવાનોને સંદર્શનો થશે, અને તમારા વૃદ્ધોને સ્વપ્નો આવશે; [તે સમયે] એમ થશે કે જે કોઈ પ્રભુને નામે પ્રાર્થના કરશે તે તારણ પામશે." મુસા પોતાના જમાનામાં આવો વખત જોવાની આશા રાખતો હતો, પણ તે તેણે જોયો નહિ; વળી હાલની મંડળીની સ્થિતિ તરફ જોતાં તો આપણે પણ તેની સાથે કહેવાનું મન થાય છે, કે "પરમેશ્વર કરો કે યહોવાહના સર્વ લોક પ્રબોધક થાય, કે યહોવાહ તેઓ પર પોતાનો આત્મા મોકલે."

૪. **પવિત્ર આત્માનું કામ સામર્થ્ય આપવાનું છે.** એક વખતે મુસાફરી કરતાં કરતાં એક વહાણ અમુક બંદર આગળ થોભ્યું. કેટલાએક દિવસ સુધી થોભવાનું હતું, તેથી નાવિકોને વારાફરતી ઊતરવાની રજા આપવામાં આવી. દરરોજ જેમને ઊતરવાની રજા હોય, તેઓ નાની હોડી ઉતારે; પછી

તેમાં બેસીને તેઓ હલેસાં મારતાં બંદર સુધી જાય. ત્યાં પહોંચ્યા પછી તેઓ હોડીને સાંકળથી થાંભલા સાથે બાંધીને પોતાને કામે ચાલ્યા જતા હતા, અને સાંજે પાછા આવીને તેઓ સાંકળ છોડીને ફરીથી હોડીમાં બેસી વહાણ પર પાછા આવતા હતા. છેલ્લી સાંજ આવી, અને રાતના બાર વાગે વહાણ ઉપડવાનું હતું; તેથી જેમનો ઊતરવાનો વારો હતો, તે નાવિકોને વેળાસર પાછા આવવાની તાકીદ કરવામાં આવી હતી; પરંતુ શહેરમાં જઈને તેઓએ દારૂ પીધો, અને તેઓ હોડી પાસે પાછા આવ્યા, ત્યારે તેમને ભાન નહોતું. તેઓ હોડીમાં બેઠા ખરા, અને પાટિયા પર બેસીને હલેસાં મારવા લાગ્યા. ઘણા વખત સુધી તેઓએ હલેસાં તો માર્યાં પણ તેઓ વહાણને પહોંચી શકયા નહિ. છેવટે તેઓ હલેસાં મારી મારીને થાકી ગયા, અને તેમને ઊંઘ પણ આવી. સવાર થયું અને તેઓ જાગ્યા, ત્યારે તેમને ભાન પાછું આવ્યું. તેઓએ ચારેગમ જોયું ત્યારે વહાણનો તો પત્તોએ લાગ્યો નહિ, અને તેમની હોડી હજી ત્યાં ને ત્યાંજ બંદર પાસે હતી. તેઓએ તપાસ કરી ત્યારે તેનું કારણ તેમને મળી આવ્યું. તેઓ સાંકળ છોડવી ભૂલી ગયા હતા!

આપણી મંડળીની ચાલુ સ્થિતિ વિષે વિચાર કરીએ છીએ ત્યારે તો પેલા એફેસસના માણસો યાદ આવે છે. મંડળીનું જીવન જોવાથી પવિત્ર આત્મા જેવી વ્યક્તિ છે કે કેમ તેની ખબર જ ના પડે. વ્યક્તિના જીવનમાં તેમજ મંડળીના જીવનમાં પણ આત્મિક પ્રગતિનું એકલું સાધન તે પવિત્ર આત્મા છે. આત્માથી ભરપૂર વ્યક્તિ હોય કે મંડળી હોય તો પણ તેનું મુખ્ય લક્ષણ સામર્થ્ય છે. પવિત્ર આત્માએ સંત ફ્રાન્સિસનો કબજો લીધો, ત્યારે તેણે ખ્રિસ્તને સારૂ હજારોને બંદીવાન કર્યાં. લુથર પર પવિત્ર આત્મા ઊતરી આવ્યો, ત્યારે તેણે અર્ધી યૂરોપ ધાર્મિક બનાવ્યો. વેસ્લી પર આત્મા આવ્યો ત્યારે તો જેમ યહોશુઆની આગળ યરેખોના કોટ નીચે પડી ગયા તેમ તેની આગળ પણ આખા ઇંગ્લાંડમાં જાણે અગ્નિથી અધાર્મિકતા અને બેપરવાઈ બળી ગઈ. ખ્રિસ્તના પોતાના ઠરાવ પ્રમાણે સુકાન પવિત્ર આત્માના હાથમાં હોવું જોઈએ; વળી જ્યાં એવું હોય છે ત્યાં "તે તોફાન બંધ પાડે છે; તેથી મોજાં શાંત થાય છે," અને મુસાફરોને તે ઇચ્છેલે બંદરે પહોંચાડે છે.

૪૬. અસંભવિત પણ ખરૂં!

"દેવ મૂએલાંને પાછાં ઉઠાડે, એ તમને કેમ
અસંભવિત લાગે છે?" (પ્રે. કૃ. ૨૬; ૮).

આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના પુનરુત્થાનની વાત પહેલવહેલી પ્રગટ કરવામાં આવી ત્યારે કોઈ તે માનતું નહોતું; બની શકે જ નહિ, એમ જ કહેતા હતા. હમણાં જેઓ ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન ખરૂં માનતા નથી તેઓની એક બહુ જ પ્રિય દલીલ એ છે કે ઈસુ ખ્રિસ્તનો જમાનો તે કાંઈ વિજ્ઞાનનો જમાનો નહોતો. લોકો બિનકેળવાએલા હતા, અને આવી અસંભવિત વાત માની લીધી હોય એમાં બહુ નવાઈ નથી લાગતી. મતલબ કે પાઊલના જમાનાના યહુદીઓ, ગ્રીકો અને રોમનો પછાત હતા, ભોળા હતા અને સહેલાઈથી ગમે તે વાત ગળી જાય એવા લોકો હતા; આપણા જમાનામાં જો ઈસુ ખ્રિસ્ત થયો હોત તો તેના પુનરુત્થાન વિષેની વાતો ઉપસ્થિત થાત નહિ અને કોઈ માનત પણ નહિ. હવે આપણા જમાનાના લોકોને આપણે ઓળખીએ છીએ અને તેઓ કેટલું માની શકે છે તે આપણે જોયું છે અને અનુભવ્યું છે. વળી પહેલી સદીના લોકો કેટલા ભોળા હતા તે આપણે જોઈશું. પણ અત્યારે આટલી જ બાબત ઉપર તમારૂં ધ્યાન ખેંચવા માગું છું. આ શબ્દો કોના છે અને કોની આગળ બોલવામાં આવે છે તે પર આપણે વિચાર કરીએ.

કાઈસારીઆ પાલેસ્ટાઈનમાંની રોમન સત્તાનું મુખ્ય સ્થળ હતું. ન્યાયાસન પર રોમન સૂબો ફેસ્તસ બેઠેલો હતો અને તેની પાસે યહુદી રાજા આગ્રીપા બેઠેલો હતો. તેઓની આગળ પાઊલ પર તહોમત મૂકવામાં આવે છે. તહોમત મૂકનાર તે યહુદી સાન્હેદ્રીનના શાસ્ત્રીઓ હતા. ગ્રીક, રોમન અને યહુદી માણસોથી અદાલત ભરપૂર હતી. ફેસ્તસ તે વિધર્મી માણસ હતો; આગ્રીપા તે નાસ્તિક હતો, અને સૌથી ધાર્મિક જે યહુદીઓ હાજર હોય તેઓ પુનરુત્થાન સબંધી વધારેમાં વધારે જેટલું માનતા હશે તેટલું મારથા પોતાના ભાઈ લાજરસ વિષે માનતી હતી: "છેલ્લે દહાડે તે પુનરુત્થાનમાં પાછો ઊઠશે, એ હું જાણું છું." છતાં આવી સભાની આગળ પાઊલ હિમ્મત રાખીને કહે છે, કે હું તો છેલ્લા દહાડાની વાત નથી કરતો; હું તો હમણાંની વાત કરૂં છું. ખ્રિસ્ત ઊઠયો છે. "દેવ મૂએલાંને પાછાં ઉઠાડે, એ તમને કેમ અસંભવિત લાગે છે?" પણ આવા માણસોને તે અસંભવિત જ લાગે. પ્રપંચ કરવાની, હોશિયારીથી દલીલ કરવાની અને ચાલબાજી રમી રમાડવાની જેટલી શક્તિ આ સભામાં એકઠી

થએલી જોવામાં આવે છે તેટલી એકી વખતે અન્ય કોઈ પણ સભામાં ભાગ્યે જ એકઠી થએલી જોવામાં આવી હશે. આ તો કાંઈ ભોળિયા લોકો નહોતા.

પાઊલનો ઇતિહાસ તમે વાંચ્યો છે, તેનાં લખાણો પણ તમે વાંચ્યાં છે, તો તે તમને ભોળો માણસ લાગે છે? શું તમને એમ લાગે છે કે આ માણસ કોઈ કાંઈ ગલત વાત કહે તો તે તરત માની લે એવો છે? મારો અભિપ્રાય તો બાજુએ રહ્યો. પણ દુનિયાનો અભિપ્રાય એવો છે કે પાઊલ જેવા હોશિયાર, વિચારવંત અને સ્વતંત્ર મગજના માણસો દુનિયામાં થોડા જ પાકયા હશે. તે લાગણીને વશ થઈને પોતાનું મગજ વેચી દે એમાંનો તો નહોતો. પોતાના જમાનાની વિદ્યાશાળાઓમાં તે અજોડ તાલીમ પામેલો માણસ હતો, અને પોતાના જમાનાના સૌથી મહાન શિક્ષકોની પાસે શીખ્યો હતો. વળી પોતાને જે તાલીમ મળેલી હતી તેનો પ્રથમ ઉપયોગ તેણે ખ્રિસ્તી ધર્મના સિદ્ધાંતોનું ખંડન કરવામાં જ કર્યો હતો. આ જે સિદ્ધાંત તે ફેસ્તસની આગળ રજુ કરે છે તેજ સિદ્ધાંતનું ખંડન કરવાને માટે તેણે પહેલાં પોતાનું આખું બળ કામે લગાડયું હતું. જોકે છેવટે તેણે આ સિદ્ધાંતનો સ્વીકાર તો કર્યો, તોપણ તેણે તેનો સ્વીકાર સહેલાઈથી નથી કર્યો. આ સિદ્ધાંતની ખાતર જેટલું તેને પ્રિય હતું તે બધું તેને તજી દેવું પડયું હતું; આ સિદ્ધાંતની ખાતર યહુદી સમાજમાં પોતાને જે મોટું સ્થાન મળેલું હતું તે તેને ગુમાવવું પડયું હતું; આ સિદ્ધાંતની ખાતર પોતાનાં સગાંવહાલાં અને મિત્રો શત્રુ થયાનો કડવો અનુભવ તેને કરવો પડયો હતો, અને છેવટે ધિક્કારાએલી ખ્રિસ્તી કોમમાં દાખલ થઈને સદંતર રીબાવાનો અને અપમાનસહિત પ્રાણત્યાગ કરવાનો તેને અનુભવ થયો. છતાં પોતાના છેલ્લા શ્વાસ સુધી તે દુનિયાને કહેતો રહ્યો, કે "દેવ મૂએલાંને પાછાં ઉઠાડે, એ તમને કેમ અસંભવિત લાગે છે?"

હવે આમ કેમ થયું તેનો ખુલાસો કરવાની ઈસુ ખ્રિસ્તનું પુનરુત્થાન જેઓ ખરું ન માનતા હોય તેઓને ગરજ છે. ખ્રિસ્ત ઊઠયો છે એ વાત પાઊલના આખા જીવનમાંની સૌથી પાયારૂપી વાત જણાય છે. આ વાતની અસર પાઊલના મન પર એટલી બધી થઈ કે તેની સાથે સરખાવતાં બીજી ગમે તે વાત તેને ઓછા મહત્ત્વની લાગતી હતી. તમને પણ માલૂમ પડયું હશે કે પાઊલનાં આટલાં બધાં લખાણો મોજુદ હોવા છતાં તે આપણા પ્રભુના જીવનચરિત્રની બીનાઓ વિષે થોડું જ લખે છે; બલકે તે વિષે કશું લખતો નથી એમ કહીએ તોપણ ચાલે. છતાં તે બધી બીનાઓથી તે બધી રીતે પરિચિત હતો, અને તેમાં બીજાઓના જેટલો જ રસ પણ લેતો હશે. છતાં તેના બધા પત્રોમાં પુનરુત્થાન પામેલો ઈસુ એજ વિચાર પ્રાધાન્ય ભોગવે છે. તેનું કારણ એ નથી કે આપણા પ્રભુનાં જીવનવૃત્તાંતો વિષે તે અજાણ હતો અગર તેમાં ઓછો રસ લેતો

હતો. તેનું કારણ એ હતું કે ઈસુ ખ્રિસ્ત ઊઠયો છે અને હાલ પણ જીવે છે અને રાજ કરે છે તેજ બાબતમાં સુવાર્તા સમાએલી છે એવું તે માનતો હતો. આજ વિશ્વાસથી તેને કેદખાનાનાં દુઃખો, કોરડાનો માર, માણસોનો ધિક્કાર અને જાતજાતની વેદનાઓ સહન કરવાનું બળ પ્રાપ્ત થતું હતું. આવો વિશ્વાસ તેને ક્યાંથી પ્રાપ્ત થયો? શી રીતે એવું બન્યું હશે કે પોતાની રીબાએલી જિંદગીની છેલ્લી ઘડી સુધી આ મહાન પુરુષ માણસોને કહેતો રહ્યો, કે "દેવ મૂએલાંને પાછાં ઉઠાડે, એ તમને કેમ અસંભવિત લાગે છે?" કેમકે આ વાત તેના જમાનાની સઘળી વિચારણાથી છેક વિપરીત હતી. પુનરુત્થાનની વાત માનવામાં પાછળના કોઈ પણ જમાના કરતાં પાઊલનો જમાનો ધીમો હતો એમ કહીએ તોપણ ચાલે! જે વાતાવરણમાં આ માન્યતા ઉપસ્થિત થઈ તે વિષે આપણે થોડી વાર વિચાર કરીએ.

સૌથી પહેલાં આપણે યહુદીઓ વિષે વિચાર કરીએ. આ જમાનામાં યહુદીઓમાં બધું ચલણ સાદુકી પક્ષનું હતું. પુનરુત્થાન સંબંધી આ લોકો કેવા વિચાર રાખતા હતા એ તો એક જાણીતી બાબત છે. આ જીવન પછી બીજું જીવન છે તે વાતને તેઓ મજાક જેવી સમજતા હતા. એક વખતે તેઓ તેજ બાબત વિષેની એક મજાક લઈને આપણા પ્રભુની પાસે આવ્યા હતા. એક સ્ત્રી સાત ભાઈને એક પછી એક પરણી હતી. આપણા પ્રભુને તેઓએ એ સવાલ પૂછયો, કે પુનરુત્થાનમાં આ સ્ત્રી સાતમાંના કોની ગણાય? આપણા પ્રભુએ જે જવાબ વાળ્યો તેની સાથે આપણને હમણાં કામ નથી. આપણે એટલું જ જોવાનું કે પુનરુત્થાન સંબંધી સાદુકીઓ કેવો મત રાખતા હતા અને તે તેમના પ્રશ્ન ઉપરથી માલૂમ પડી આવે છે. વળી સાધારણ લોકો પર તે વખતે કેવી અસર હતી તે જોવી હોય તો થોમાનો દાખલો લો. પુનરુત્થાન પામેલા પ્રભુ વિષે બીજા શિષ્યોએ તેને ખબર આપી ત્યારે તો તે પોકારી ઊઠયો, કે "જ્યાં સુધી હું તેના હાથમાં ખીલાના વેહ ન જોઉં ત્યાં સુધી હું આ વાત માનનાર નથી." ખરેખર, આ જમાનો ગમે તે વાત ગળી જાય એવો લાગે છે! કોણ કહે છે!

વળી રોમનો વિષે આપણે વિચાર કરીએ છીએ ત્યારે પણ એજ સ્થિતિ જોવામાં આવે છે. તેમનાં પોતાનાં દેવદેવીઓની તેઓ મશ્કરી કરતા હતા તો આવી બાબત ઉપર તેમનો વિશ્વાસ કેવો? પુનરુત્થાનની વાત તેમને કેવળ હાસ્યપાત્ર લાગતી હતી. એ વિષે દાખલા લઈએ તો તેમનાં સાહિત્યોમાંથી જોઈએ તેટલા મળે છે. પણ તેની જરૂર શી? આપણી આગળ ફેસ્તસ ઊભો રહેલો છે. કેળવાએલા રોમનોનો આ માણસ પ્રતિનિધિરૂપ ગણાય. ઈસુ ખ્રિસ્ત મરી ગએલાંમાંથી પ્રથમજનિત છે એવું પાઊલ આ માણસની આગળ કહે છે ત્યારે તે હસી પડે છે. "અરે પાઊલ, તું ઘેલો છે; તારી ઘણી વિદ્યાએ

તને ઘેલો કરી નાખ્યો છે." છતાં આ જમાનો ગમે તે અસંભવિત વાત તરત માની બેસે એવો હતો એમ કેટલાક તો આપણને મનાવવા માગે છે. એ માનીએ તો તે જમાના વિષે આ લોકો જેવું કહે છે તેવા આપણે થઈએ.

ગ્રીક લોકો હજી બાકી છે. શું તેઓ ભોળિયા હશે? ઈસુ ખ્રિસ્ત મરણમાંથી ઊઠયો છે એ વાત ગ્રીકોમાં પ્રગટ કરવામાં આવી ત્યારે તેઓએ વગર વિચારે તે તરત માની લીધી હશે? મહેરબાની કરીને પાઊલે આથેન્સવાસીઓ આગળ જે ભાષણ કર્યું તેની હકીકત વાંચો તો ખરા! જ્યાં સુધી તે પુનરુત્થાન વિષે ન બોલ્યો ત્યાં સુધી તેઓએ શાંતિથી તેનું સાંભળ્યું; પણ તેણે આખરે પુનરુત્થાન વિષેની વાત કાઢી એટલે તરત ગડબડ થવા લાગી. કેટલાએક ત્યાં ને ત્યાં ઠઠ્ઠામશ્કરી કરી; બીજા કેટલાએક જેઓ વિવેકી માણસો હતા તેઓએ કહ્યું, કે "એ સંબંધી અમે બીજી કોઈ વાર તમારૂં સાંભળીશું." પણ બધાનો એક જ મત: આ વાત માનવા જેવી નથી અને કહે તે ગાંડો! ના રે ના! આપણે યહુદીઓની વાત જોઈ છે, રોમનોની વાત જોઈ છે અને ગ્રીકોની વાત જોઈ છે, અને તે બધામાં કોઈ ભોળું દેખાતું નથી.

હવે જે વાતાવરણમાં પુનરુત્થાન વિષેની માન્યતા ઉપસ્થિત થઈ તે આપણે જોઈ ગયા છીએ તો પછી પોતાના જમાનાના સમસ્ત તર્કશાસ્ત્રની માન્યતાની વિરૂદ્ધ થઈને આ સુશિક્ષિત, શાણા તથા જ્ઞાની પુરુષ શી રીતે માની બેઠા કે ઈસુ ખ્રિસ્ત મૂએલાંમાંથી ઊઠયો છે? કેમકે આ વાત તેના જમાનાની બધી માન્યતાઓથી તેમજ માણસજાતના સમસ્ત અનુભવથી વિપરીત હતી. તે વિષે આપણે હવે વિચાર કરીએ.

જે જુબાની પડી હતી તેની તેણે પાકી તપાસ કરી હતી અને તે તેને ખરી માલૂમ પડી હતી. હવે ઇતિહાસમાંની ગમે તે બીના સંબંધી જેટલી જુબાની પડી હોય એટલી જુબાની પુનરુત્થાનની તરફેણમાં પડી હશે. તે વળી સાદા અને પ્રામાણિક માણસોની જુબાની હતી. વળી તેમની જુબાની સંબંધી જાણવા જેવી વાત એ છે કે તેઓ પોતેજ પહેલાં નહોતા માનતા કે આ વાત બની શકે. આવી અસંભાવિત વાત તેઓ તરત માની લે એવી તે વખતે તેમાંના કોઈની સ્થિતિ નહોતી. ઊલટું, તેઓ છેક નિરાશ થઈ ગએલા હતા, અને આ વાત ખરેખર બની છે એ તેઓએ મહા પરાણે માન્યું. એક પછી એક તેમને પોતાની આંખની સાક્ષી મળી ત્યારે જ તેમનો શક દૂર કરવામાં આવ્યો. બીજી વાત: અમુક વાત બની શકે નહિ એવું જે શિષ્યો માનતા હતા તેનાતેજ શિષ્યો ચોવીસ કલાકમાં શી રીતે માની બેઠા કે આ વાત ખરેખર બની છે? એ તો ઠીક પણ એ વાતની સત્યતાને લીધે એજ શિષ્યો મરવાને પણ તૈયાર થયા એ શી રીતે બન્યું હશે? પાઊલ આ શબ્દો બોલ્યો ત્યાર પહેલાં આજ બાબતની

સત્યતાને લીધે પોતાનો પ્રાણ આપતા એક જુવાનને તેણે જોયો હતો. વળી તે વખતથી માંડીને પહેલી સદીના ખ્રિસ્તીઓ એક જ વાણીથી સાક્ષી આપે છે કે ખ્રિસ્ત ઊઠયો છે, અને સતાવણી, નિંદા, પથ્થર તથા કોરડાનો માર હોવા છતાં આ માન્યતામાંથી તેઓ ખસ્યા નહિ: અમને મારો, રંજાડો, વેદના આપો, મારી નાખો, જે કરવું હોય તે કરો પણ ખ્રિસ્ત ઊઠયો છે તે સાચું! એમ કહ્યા વગર અમે રહેવાના નથી! હવે પોતે જે વાત ખોટી માને છે તેને માટે કોઈ પોતાનો જીવ આપશે? ખરે, ખરાને માટે પણ આપણામાં કેટલા પોતાનો જીવ આપે એવા છે?!! એ બધા ઉપરાંત પાઊલને પોતાને પુનરુત્થાન પામેલા ખ્રિસ્તનું દર્શન થયું. દમસ્કના રસ્તા ઉપર ઈસુ ખ્રિસ્ત તેને મળ્યો અને તેની સાથે વાત પણ કરી. ત્યારથી પાઊલને અન્યની જુબાની નીકશી જરૂર જ ન પડી, અને હર્ષાનંદ તથા ખાતરીથી તે બધાંને કહી શક્યો, કે "દેવ મૂએલાંને પાછાં ઉઠાડે, એ તમને કેમ અસંભવિત લાગે છે?"

હવે પાઊલને જે ખાતરી થઈ હતી તે પોતાના અનુભવ અને બીજાઓના અનુભવ ઉપર આધાર રાખતી હતી એટલું જ નહિ, પણ ઈશ્વર વિષે આપણા પ્રભુએ જે શિક્ષણ આપ્યું હતું તે પર પણ તે આધાર રાખતી હતી. પાઊલ 'દેવ' શબ્દ ઉપર ભાર મૂકે છે. "દેવ મૂએલાંને પાછાં ઉઠાડે એ તમને કેમ અસંભવિત લાગે છે?" જો ઈશ્વર હોય અને જેવો ઈસુ ખ્રિસ્તે તેને વર્ણવ્યો છે તેવો હોય તો તે મૂએલાંને પાછાં ઉઠાડે એ નહિ, પણ જો ન ઉઠાડે તો અસંભવિત લાગે. ઈશ્વરના પ્રેમનું માપ તે જો ખ્રિસ્તનો વધસ્તંભ હોય તો તે એમ કર્યા વિના રહે જ નહિ. વળી ઈશ્વરના ન્યાયનું માપ તે જો ખ્રિસ્તનો વધસ્તંભ હોય તોપણ તે એમ કર્યા વિના રહે જ નહિ, અને તેથી પુનરુત્થાન વિષેનું આ ખાસ દૃશ્ય તમારી આગળ રજુ કરવાનું મન થાય છે.

આફ્રિકા જનારા પ્રથમ મિશનેરીઓમાં રોબર્ટ મોફ્ટ નામાંકિત છે. તે જે પ્રદેશમાં ગયો હતો ત્યાંના વતનીઓ વિશેષ જંગલી અને ઘાતકી હતા. એક વિશેષ ક્રૂર ઠાકોર જેવા માણસનું નામ માકાબા હતું. આ માણસે ઘણી ઘણી લડાઈઓ કરી હતી અને હજારો સ્ત્રીપુરુષો તથા નાનાં બાળકોની કતલ કરી હતી. મુસાફરી કરતાં કરતાં મોફ્ટ આ ઠાકોરના ગામમાં આવ્યો. ત્યાં ન જશો એવી સલાહ તેના મિત્રોએ તેને આગ્રહપૂર્વક આપી હતી, પણ તેણે માન્યું નહિ. ઠાકોરે વિવેકપૂર્વક મોફ્ટનો આવકાર કર્યો અને તેનું સાંભળવા માટે પોતાના માણસોને ભેગા કર્યા. તે સર્વની આગળ તેણે ઈસુ ખ્રિસ્ત વિષે ઉપદેશ કર્યો અને બધાંએ શાંતિથી તેનું સાંભળ્યું. પરંતુ મોફ્ટે છેવટે પુનરુત્થાનની વાત કાઢી ત્યારે ઠાકોર બોલી ઊઠયો, કે મૂએલાંને ઉઠાડવા વિષે આ શી વાત? મોફ્ટે જવાબ આપ્યો, કે જેમ ઈસુ ઊઠયો તેમ સર્વ મૂએલાં ઊઠશે.

શું મારા બાપા ઊઠશે? જવાબ—હા.

જેમને સિંહો અને વાઘ અને મગર ખાઈ ગયા છે તે ઊઠશે? જવાબ હા, અને તેઓને પણ ન્યાય મળશે. આથી ઠાકોર એકદમ બી ગયો અને કહેવા લાગ્યો, કે તમારી બીજી બધી વાતો સારી છે, પણ આ વાત મારાથી સહન ન થાય! મેં હજારોને મારી નાખ્યાં છે અને તેઓ મરણમાંથી ઊઠે એવું બનવું ન જોઈએ! વહાલાંઓ, પુનરુત્થાનની વાતમાં ઉત્તેજન અને ચેતવણી બન્ને રહેલાં છે. જેઓ પર આપણે પ્રેમ રાખીએ છીએ તેઓ ઊઠશે, અને જેમનું આપણે બગાડયું છે તેઓ પણ ઊઠશે; વળી અહીં આગળ તેમને ન્યાય ન મળ્યો હોય તો તે તેમને ત્યાં મળશે, આ વાત આમ છે.

૪૭. "ઈશ્વરની મૂર્ખતા"

"માણુસના જ્ઞાન કરતાં દેવની મૂર્ખતામાં વિશેષ જ્ઞાન છે" (૧ કોરીંથી. ૧; ૨૫).

આથેન્સના લોકોએ ધાર્યું કે અમે અમારા જૂના શત્રુઓ, એટલે સ્પાર્ટાના લોકોની કેવી સરસ મજાક કરી રહ્યા છીએ! આખું આથેન્સ હસીને માથું ડોલાવતું હતું. બજારમાં અથવા શહેરની સાંકડી પથ્થરવાળી ગલીઓમાં જ્યાં જ્યાં નાગરિકો એકઠા મળતા હતા ત્યાં ત્યાં તેઓ એકબીજાને કૂંખમાં ગોદા મારીને કહેતા હતા કે શું તમે નવાજૂની સાંભળી? થોડા સમયમાં વાત આખા શહેરમાં પ્રસરી ગઈ. બધે લોકો બહુ જ હસતા હતા, અને હસવાનું કારણ આ પ્રમાણે હતું.

કેટલોક વખત થયાં સ્પાર્ટાના લોકો પોતાના સમર્થ પડોશીઓ મેસીનાના રહીશો સાથે મોટા યુદ્ધમાં રોકાએલા હતા. પોતાનું લશ્કર બળવાન અને બધી રીતે તાલીમ પામેલું હોવા છતાં તેઓ થોડી જ પ્રગતિ કરી શક્યા હતા. આ સમર્થ દુશ્મનોનો ભેટો થતાં તો એકબે વાર તેઓએ ઘણું ખરાબ પરિણામ પણ ભોગવ્યું હતું. આથી સ્પાર્ટાના લોકો નિરાશ થવા લાગ્યા અને તેઓ આ વિગ્રહનો અંત જલદી અને સંતોષકારક રીતે લાવી શકે માટે આ નિરાશાની સ્થિતિમાં તેઓ દેવવાણીની સલાહ લેવા ગયા. આ દેવવાણીનું સ્થળ પ્રખ્યાત હતું અને ત્યાંથી ઘણું કરીને અજાયબ જેવા જ જવાબ મળતા હતા. આ વખતે પણ જવાબ એવો જ વિચિત્ર મળ્યો હતો. તે જવાબ એવો હતો, કે "આથેન્સના લોકોની પાસે જઈને તમે પોતાને સારૂ એક નેતાની માગણી કરો."

હવે આ સ્પાર્ટાના લોકો તો એમજ ધારતા હતા કે આથેન્સવાસીઓ કરતાં અમે વધુ સારા લડવૈયા છીએ, અને અમારા સરદારો વળી તેમના કરતાં પણ ચઢિયાતા છે; માટે તેમને આ સલાહ ગળી જવા માટે બહુ કડવી ગોળી જેવી લાગી. છતાં તેઓ ધાર્મિક માણસો હોવાથી તેમને એમ લાગ્યું કે જો અમે દેવવાણીની અવગણના કરીશું તો વખતે ગંભીર ભૂલ કરી બેસીશું. આથી તેમણે આથેન્સવાસીઓ પાસે એક પ્રતિનિધિમંડળ મોકલીને દેવવાણીના હુકમ પ્રમાણે વિનંતી કરી કે અમારા લશ્કરને દોરવા માટે અમને એક આથેન્સવાસી નેતા આપો.

આથી આથેન્સવાસીઓ પણ મુશ્કેલીમાં આવી પડ્યા. તેમની અને સ્પાર્ટાના લોકોની વચ્ચે કાયમની દુશ્મનાવટ હતી. બીજી બાજુ જો તેઓ આ

માગણી પાછી ઠેલે તો આખા ગ્રીસમાં તેઓની નાલેશી ગણાય, અને દેવો અમારા પર નારાજ થશે એવી પણ તેમને બીક હતી. હવે શું કરવું એ મોટો સવાલ થઈ પડયો. છેવટે આથેન્સના આગેવાનોને સ્પાર્ટાના લોકોની માગણી પ્રમાણે કરવાની ફરજ પડી. પરંતુ તેમણે જવાબ એવી રીતે વાળ્યો કે આથેન્સના લોકોની દૃષ્ટિએ સ્પાર્ટાના લોકો નર્યા મજાકરૂપ થઈ પડયા. કેમકે અનુભવી સેનાપતિને તો શું પણ એક સૈનિકને પણ પસંદ કરવાને બદલે તેઓએ એક લંગડો મહેતાજી, કે જે કવિતાનાં જોડકણાં જોડતો હતો, તેને પસંદ કર્યો. ત્યાર બાદ સ્પાર્ટાના આગેવાનોને અંદર બોલાવીને આથેન્સના આગેવાનોએ ગંભીર મોં રાખીને તેઓને કહ્યું કે તમારી વિનંતીનો જવાબ આ રહ્યો. દેવવાણી કહે છે કે અમારે તમને એક નેતા આપવો જોઈએ. તો હવે અમે તમને લંગડા કવિ તુર્તેયસને આપીએ છીએ.

પોતાના જૂના શત્રુનું આવું ચતુરાઈભર્યું અપમાન થવાથી આખું આથેન્સ હસી પડયું, અને તેઓએ એમ ધાર્યું કે અમે અમારી આખી જિંદગીમાં આવી મઝાની મજાક સાંભળી નથી. વિચાર કરો તો ખરા! તુર્તેયસ લંગડો મહેતાજી તથા કવિ, તે સ્પાર્ટાના પ્રખ્યાત સૈન્યનો નેતા બને, એ કેટલી બધી હસવા જેવી વાત! જ્યાં સેનાપતિની માગણી કરવામાં આવી હતી ત્યાંથી આવો આટલો માસ્તર મળ્યો અને તે વળી લંગડો! છતાં આ મુશ્કેલીમાંથી સ્પાર્ટન પ્રતિનિધિઓ આબરૂભેર નીકળ્યા. આથેન્સના લોકો ઉપર તેમને પુષ્કળ ખોટું લાગે એવું કારણ તેમને મળ્યું હતું ખરું, છતાં ખરા ગ્રીક ગૃહસ્થોને ઘટે તેવું જ તેઓનું વર્તન હતું. લંગડો કવિ જાણે દેવો તરફથી તેમને આપવામાં આવ્યો હોય એવી રીતે તેઓએ માન તથા ગંભીરતાસહિત તેનો સ્વીકાર કર્યો, અને તેની સાથે દયા તથા વિવેકથી વર્તીને તેઓ તેને પોતાની સાથે સ્પાર્ટા લઈ ગયા.

મેસીનાના લોકોની સાથે ફરીથી યુદ્ધ આરંભવામાં આવ્યું અને વખત વીતતાં જુદાં જ પરિણામો દેખાવા લાગ્યાં. હવે તો યુદ્ધમાં સ્પાર્ટાના લોકો ફાવવા લાગ્યા, અને મેસીનાના લોકો પર સ્પાર્ટાના લોકોનો જય થયા વિષેની અફવાઓ આથેન્સમાં સંભળાવા લાગી તેમ તેમ આથેન્સના લોકો વધારે ને વધારે અજાયબ થતા ગયા. છેવટે મેસીનાના લોકો ઉપર સ્પાર્ટાના લોકો બધી રીતે જય પામ્યા.

આથી આથેન્સવાસીઓ તદ્દન મૂંઝાઈ ગયા. આમ કેવી રીતે બન્યું હશે તે તેઓ સમજી શક્યા નહિ, અને તેમને છેવટે ભાન થયું કે અમારી મજાક કેવળ અમને જ નડી: એ પરિણામ આ પ્રમાણે આવ્યું. લંગડો કવિ સૈન્યનો નેતા થાય, અથવા યુદ્ધની યોજના કરી શકે એવી તેનામાં શક્તિ નહોતી જ;

પરંતુ તેની સાથે સ્પાર્ટાના લોકોએ જે દયાળુ વર્તણુંક રાખી હતી તેની અસર તેના મન ઉપર ઘણી થઇ. આથી તેણે સૈનિકોને હિમ્મત આપે અને તેઓને પ્રેરણા કરે એવાં યુદ્ધનાં ગીતો રચ્યાં. આ ગીતો બધા સ્પાર્ટનો શીખ્યા, અને જ્યારે તેઓ લડાઈ કરવા કુચ કરતા હતા ત્યારે તેઓ આ ગીતો ગાતા ગાતા જતા હતા. આ પ્રમાણે સ્પાર્ટાના લોકોને જય આપવામાં લંગડા કવિનો ફાળો મોટો હતો, અને લડાઈ થઈ રહ્યા બાદ તેઓએ તેને પોતાના પ્રજાકીય મહાવીરોમાં સ્થાન આપ્યું. વળી ત્યાર પછી તુર્તેયસ કવિ તે તુર્તેયસ તારનાર એ નામે ઓળખાવા લાગ્યો.

"શું નાઝારેથમાંથી કંઈ સારૂં નીકળી શકે?" આ પ્રશ્ન સુવાર્તામાં નાથાનાએલે જ પ્રથમ ઊભો કર્યો. તે ઘણું કરીને એક ચાલતી કહેવતનો ઉપયોગ કરતો હશે, પણ તેના શબ્દો પરથી જણાય છે કે તે જમાનાના લોકો માનતા નહોતા કે નાઝારેથમાંથી કંઈ સારૂં નીકળી શકે. નાઝારેથમાંથી કોઈ પ્રબોધક નીકળે એ વાત તે જમાનાના લોકોને તો સંપ્રદાયથી વિપરીત તેમ જ અસંભવિત લાગતી હતી. શું નાઝારેથમાંથી કંઈ સારૂં નીકળી શકે? ના રે ના! એ પડ ભેગાં થાય તોપણ નહિ. વળી એ માન્યતા સામાન્ય હતી. ગાલીલ તે પાલેસ્ટાઈનમાંનો સૌથી તિરસ્કાર પામેલો પ્રાંત હતો, ને ગાલીલમાં નાઝારેથ તો સૌથી તિરસ્કાર પામેલું ગામ હતું. આપણા પ્રભુના હકદાવા સ્વીકારવામાં પાલેસ્ટાઈનના લોકોને જે મુશ્કેલીઓ નડતી હતી તે મુશ્કેલીઓ વિષેની આપણી સમજ ઘણું કરીને અધૂરી રહે છે. ઘણાં સૈકાંથી તેઓએ મસીહની આશા રાખી હતી, અને જ્યારે તે આવ્યો ત્યારે તે બધી રીતે તેઓની ધારણાથી વિપરીત દેખાતો હતો. તેમના માનેલા ધોરણ તથા સંપ્રદાય પ્રમાણે તો તેના હકદાવા તેમજ કામ કરવાની તેની રીત, એટલું જ નહિ પણ તેના સમાચારનો ઘણોખરો ભાગ તેમને મૂર્ખતા સમાન લાગતાં હતાં.

૧. શરૂઆતમાં તેનો જન્મ તેમને મૂર્ખતાભરેલો લાગતો હતો. તેમના વિચાર પ્રમાણે આથી જુદી રીતે તેનો જન્મ થવો જોઈએ. વળી તેઓની જગાએ આપણે જ હોત તો આપણને પણ અજાયબી લાગત. યહુદીઓ ઈસુનો સ્વીકાર કરે એવું ઈશ્વર ચાહતો હોય તો આપણે પણ એમ જ ધારત કે તેનો જન્મ કોઈ રાજમહેલમાં થવો જોઈએ, અને જો મહેલમાં નહિ તોપણ જેના વિષે વાંધો લઈ ન શકાય એવા કોઈ અમુક યાજક કુળના વારસ તરીકે થવો જોઈએ. તેના બદલામાં તેનો જન્મ એક ગામડાની ગરીબ છોડીને પેટે થયો હતો, અને તે વળી ગભાણમાં! વળી કેટલાક ભરવાડ લોકો રાત્રે પોતાનાં ટોળાંને સાચવતા હતા તે સિવાય કોઈ ખાસ બનાવ બને છે એ વિષે કોઈને ખબર જ નહોતી. પોતાના મહેલમાં રહીને હેરોદ કશું જાણતો નહોતો. યાજકો તથા

શાસ્ત્રીઓ તે પણ જાણતા નહોતા. આપણે પણ એમજ ધારત કે કોઈની પણ ગેરસમજ ન થાય એવા રૂપમાં મસીહ આવવો જોઈએ. પરંતુ તેનું જે પ્રથમ દૃશ્ય મનુષ્યોને જોવા મળ્યું હતું એ તો લૂગડે લપેટેલા તથા ગભાણમાં સુવાડેલા નાના બાળકનું દૃશ્ય હતું. મૂર્ખતા! હા, ખરી મૂર્ખતા! પરંતુ તે સર્વ-શક્તિમાન ઈશ્વરની મૂર્ખતા હતી.

૨. વળી તેના કામને માટે આપણા પ્રભુની જે તૈયારી હતી તે પણ માણસોને મૂર્ખતાભરેલી લાગતી હતી. તેની ૩૩ વર્ષની જિંદગીમાંનાં પ્રથમ ૩૦ વરસો એ મૌન વર્ષો કહેવામાં આવે છે. એ બધા વખત દરમિયાન તેણે સાધારણ ગામડાના સુથારની જિંદગી ગાળી હોય એમ લાગે છે. ઈસ્રાએલનો રાજકુમાર તથા તારનાર થવાને માટે આ કઈ જાતની તાલીમ કહેવાય? ગ્રેટ બ્રિટનની ગાદીનો વારસ તે ગાદીનો વારસ જ છે એવું તેને વિસરી જવા દેવામાં આવતું નથી. તેને વારસામાં જે ગાદી મળવાની છે, તેને અનુસરીને તેને પહેલેથી જ તાલીમ આપવામાં આવે છે. આપણો પ્રભુ મોટો થતો હતો ત્યારે તો તેને કોઈ ઓળખતું ન હતું. તેનો જન્મ થયો ત્યારે કેટલાક વખત સુધી થોડા લોકોમાં થોડો ઊહાપોહ થઈ રહ્યો હતો, પણ એ ઊહાપોહ થોડી વારમાં બંધ થયો. ભરવાડ લોકોએ તેની ભક્તિ કરી ત્યાર પછી તેઓ વિષે વાંચવામાં નથી આવતું. વરસો વિતતાં કશી નવાજૂની ના થઈ ત્યારે કદાપિ તેઓને એમ લાગ્યું હશે કે અમને આ માત્ર સ્વપ્ન આવ્યું હશે. તેવામાં સીમોન તથા આન્નાએ પ્રભુનું તારણ જોયું. પણ તેઓ ઘરડાં હતાં અને થોડી વારમાં મરણ પામ્યાં. કોઈને ખ્યાલ જ થયો ન હોય કે આ જે સુથાર અમારાં હળલાકડાં તથા મેજખુરસી બનાવે છે ને સમાં કરે છે તેજ ઈશ્વરનો દીકરો છે. નાઝારેથમાં તેઓએ એમ પણ કહ્યું, કે શું આ પેલો સુથાર નથી? યરૂશાલેમમાં તેઓએ એમ પણ કહ્યું, કે તપાસ કરીને જુઓ કે કોઈ પ્રબોધક ગાલીલમાંથી નીકળે છે શું? કેટલી બધી મૂર્ખાઈ! કેટલી બધી મૂર્ખાઈ! હા, પણ તે સર્વશક્તિમાન ઈશ્વરની મૂર્ખતા હતી!

૩. કામ કરવાની તેની જે રીત હતી તે વળી આવી જ હતી. તેણે પોતાના પ્રથમ શિષ્યો સાધારણ પંક્તિના માણસોમાંથી પસંદ કર્યા. માણસની દૃષ્ટિએ તો આમાં કોઈ પણ જાતનું ડહાપણ હતું જ નહિ. પ્રજાનો ચાહ મેળવવો હોય તો આપણે પણ એમજ ધારત કે ઈસુ પ્રથમ પ્રજાના નેતાઓનો ચાહ મેળવવા પ્રયત્ન કરશે; દુનિયાની રીત પ્રમાણે એમજ થાય. આપણે એમજ ધારત કે તે કાયાફાસનો, ગમાલીએલનો અથવા નીકોદેમસનો સાથ શોધશે, પણ તેણે તેમ ન કર્યું. તેના શિષ્યોના નામની ટીપમાં એક પણ મોટું નામ જોવામાં આવતું નથી. આ કેટલી બધી મૂર્ખતા કહેવાય! હા, જગતના ધારવા પ્રમાણે એ મૂર્ખતા જ હતી, પણ તે સર્વશક્તિમાન ઈશ્વરની મૂર્ખતા હતી!

૪. પરંતુ સૌથી મૂર્ખતાભરેલી વાત તે વધસ્તંભ હતો; કેમકે યાદ રાખો કે આ વધસ્તંભ તેણે જાણીબૂજીને પસંદ કર્યો હતો. તેમાં યહુદાનો હાથ હતો ખરો, યાજકો તથા પીલાતના હાથ પણ હતા ખરા; પરંતુ તેઓ માત્ર પ્રભુના મરણના સાધનરૂપ હતા. પ્રભુના મરણનું કારણ જુદું હતું. આખી સુવાર્તામાં જે સૌથી ખાતરીબંધ વાત તે એ છે કે કોઈ માણસે તેની પાસેથી તેનો પ્રાણ લઈ લીધો નહોતો; પોતાનો પ્રાણ તેણે સ્વેચ્છાથી આપી દીધો. વધસ્તંભ પરથી ઊતરી આવવાની તેની મરજી હોત, તો આખા યરૂશાલેમમાંનાં દોરડાં તથા ખીલા તેને રોકી શકત નહિ. માણસના દબાણથી ઈસુ ખ્રિસ્તનું મોત નીપજ્યું નહિ; પાપનિવારણ કરવાનો તેનામાં જે જુસ્સો હતો તે જુસ્સાના દબાણથી તેનું મોત થયું હતું. લોકોને સારૂ મરણ પામવાથી તે તેમનો બચાવ કરશે એ વાત લોકોને મૂર્ખતાભરેલી લાગતી હતી. વળી પાછલા વખતમાં પાઊલે ગ્રીકોને વધસ્તંભનો ઉપદેશ કર્યો ત્યારે પણ એ ઉપદેશ તેમને મૂર્ખતાભરેલો લાગ્યો. વહાલાંઓ, આ તો સર્વશક્તિમાન ઈશ્વરની મૂર્ખતા હતી; પરંતુ પાઊલ કહે છે તે પ્રમાણે "માણસોના જ્ઞાન કરતાં ઈશ્વરની મૂર્ખતામાં વિશેષ જ્ઞાન છે."

હવે સ્ત્રીથી ઈસુનો જન્મ થયો ન હોત તો તે સંપૂર્ણ માણસ થાત નહિ, અને મહેલમાં તેનો જન્મ થયો હોત તો તે માણસજાતના મોટા ભાગના અનુભવથી નિરાળો રહેત. આપણા પ્રભુએ ગભાણનો સ્વીકાર કર્યો ત્યારે તે સઘળાં માણસોનો ભાઈ થયો. આપણે બેસીએ છીએ ત્યાં તે પણ આવીને બેઠો. દુનિયાઈ રાજ્યના દૃષ્ટિબિંદુથી સાધારણ લોકો પર તેનો જે પ્રેમ હતો તે નરી મૂર્ખતા હતી, પણ પાપનિવારણના દૃષ્ટિબિંદુથી તો એ ઈશ્વરનું જ્ઞાન હતું. જે ધર્મ માત્ર કેળવાએલા તથા સુધરેલા વર્ગને માટે હોય તે તો થોડાને જ માટે હોય; જે ધર્મ માત્ર જ્ઞાનીઓ અને તર્કશાસ્ત્રીઓને માટે હોય તેમાં માણસજાતના મોટા ભાગને માટે સ્થાન કયાંથી હોય? જે ધર્મ ફરોશીઓ પાળતા હતા અને જે જ્ઞાન ગ્રીકોને વહાલું લાગતું હતું તેની અસર દુનિયાના મોટા ભાગ પર કેટલી થઈ શકે? દુનિયા સંબંધી આ લોકો બીલકુલ આશા રાખતા નહોતા, અને આશા બતાવતા પણ નહોતા, અને તેનું પરિણામ તે તેમનો ઇતિહાસ જ છે. ગ્રીક પ્રજામાંથી સોક્રેટીસ, પ્લેટો તથા આરીસ્ટોટલ જેવા જે મહાન તર્કશાસ્ત્રીઓ ઉપસ્થિત થયા તેમનો જોટો આખી દુનિયામાં ન મળે, છતાં પ્રજાને સુધારવાને માટે તર્કશાસ્ત્ર કેટલું બધું અશક્ત છે એ વાતના આજ ગ્રીક લોકો સચોટ દાખલારૂપ જણાય છે; કેમકે આ સુશિક્ષિત, હોશિયાર અને કેળવાએલો ગ્રીસ અંદરખાને અનીતિ અને અમંગળપણાથી સડી ગએલો માલૂમ પડે છે.

પરંતુ જ્યાં તર્કશાસ્ત્ર નિષ્ફળ ગયું ત્યાં વધસ્તંભનું વચન સફળ થયું છે. વધસ્તંભ વિનાનો ઈસુ એ તો રાજ્ય વિનાનો ઈસુ થાય. પરંતુ જે ઈસુના અંગમાં ખીલાના વેહ દેખાય છે તે ઈસુના રાજ્યનો અંત આવશે નહિ. વધસ્તંભે જડાએલો ખ્રિસ્ત તેજ તારણ કરવાનું ઈશ્વરનું સામર્થ્ય છે. તેના પ્રાયશ્ચિત્તરૂપી મરણનો વિચાર કરતાં કઠણમાં કઠણ હૃદયને ભાંગી નાખવામાં આવે છે, અને તેની પુનરુત્પત્તિ કરવામાં આવે છે. જગતની ધારણા પ્રમાણે પ્રભુ ઈસુ ખ્રિસ્તનો વધસ્તંભ ભલે મૂર્ખતાભરેલો લાગે પણ એ મૂર્ખતા તો સર્વશક્તિમાન ઈશ્વરની મૂર્ખતા છે, અને માણસના જ્ઞાન કરતાં તેની મૂર્ખતામાં વિશેષ જ્ઞાન છે.

અવિશ્વાસ તો રહેશે. છેવટની કસોટી તે માત્ર અનુભવથી થાય છે. શું નાઝારેથમાંથી કંઈ સારૂં નીકળી શકે? હા, જે એકલું સારાપણું દુનિયાના અનુભવવામાં અત્યાર સુધી આવ્યું છે તે ત્યાંથી જ નીકળ્યું છે. વળી એ પ્રશ્ન આજે પૂછવામાં આવે તો પૂછનારને આપણે કેવો જવાબ આપીએ? મારા ધારવા પ્રમાણે ફિલિપે જે જવાબ આપ્યો તેજ ખરો છે: "આવીને જુઓ."

૪૮. મુખપટ કે આરસી?

"આપણે સર્વે ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા પામતાં તેજ રૂપમાં રૂપાંતર પામીએ છીએ" (૨ કોરીંથી. ૩; ૧૮).

નિખાલસપણું એ ખ્રિસ્તી જીવનનું એક લક્ષણ હોવું જોઈએ એ સમજાવવાને માટે પાઊલ મુસાનો દાખલો વાપરે છે. મુસા સિનાય પહાડ ઉપરથી ઊતર્યો ત્યારે તેણે કેવી રીતે પોતાના મુખ પર મુખપટ નાખ્યું હતું, એ વાતનું સ્મરણ પાઊલ કરાવે છે. પાઊલના વિચાર પ્રમાણે આ મુખપટ જૂના કરારના સમયની ઉપમારૂપ ગણી શકાય છે. તે જમાનાનું પ્રકટીકરણ અપૂર્ણ હતું; માનવી સમાજના અપૂર્ણતારૂપી પડદામાં થઈને તે પ્રકાશી નીકળ્યું હતું. વખતે ધર્મક્રિયાદ્વારા, વખતે ઉપમાદ્વારા, અને કોઈવાર ભવિષ્યવાણીદ્વારા તે દર્શાવવામાં આવ્યું હતું; પરંતુ તેથી ઈશ્વર ભાગ્યે જ યાતો કદી પૂર્ણ રીતે પ્રગટ થયો નહોતો. પાઊલ જણાવે છે કે ખ્રિસ્તી માણસની સ્થિતિ આથી વિપરીત હોવી જોઈએ; ખ્રિસ્તી ધર્મમાં કોઈ પણ અગત્યની બાબત અચોક્કસ રહેલી નથી. જ્યાં કહીં સાફ બોલી શકાય છે ત્યાં નવો કરાર મોઘમ નથી બોલતો; વળી નવા કરારમાં નિરુપયોગી ઉપમાઓ અથવા ક્રિયાઓથી સત્યને ઢાંકી દેવામાં નથી આવતું; સબબ અનંતજીવનની વાતો જાડામાં જાડી અક્કલથી પણ સમજી શકાય તેવી હોવી જોઈએ અને છે.

ઈશ્વરના રાજ્યના મર્મોમાં પ્રવેશ કરવાનો હક ખ્રિસ્તે જનસમુદાયને આપ્યો હતો. તેના વખત પછી ધર્મનું જ્ઞાન બધાંને માટે છે. મુસા જ્યારે પહાડના શિખર પર ઈશ્વરની સાથે વાત કરતો હતો ત્યારે તેના લોકો પહાડની તળેટી પર રહ્યા હતા; પણ ખ્રિસ્તે જ્યારે બોધ કર્યો ત્યારે જનસમુદાય પહાડ પર તેની સાથે હતો. ખ્રિસ્તના રાજ્યમાં દર્શનના પહાડ પર બધાં જઈ શકે છે; બારોબાર, સર્વત્ર રીતે, તેમજ હર વખતે સઘળાં માણસો દર્શન પામી શકે છે, અને દર્શનદ્વારા તેઓનું રૂપાંતર થઈ શકે છે..." આપણે સર્વે ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા પામતાં તેજ રૂપમાં રૂપાંતર પામીએ છીએ."

(૧) હવે મારા ધારવા પ્રમાણે "આપણે સર્વે ઉઘાડે મુખે જાણે કે આરસીમાં **પ્રભુના મહિમાનું પ્રતિબિંબ પાડીને** પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા ધારણ કરતાં તેજ રૂપમાં રૂપાંતર પામીએ છીએ," એ પ્રમાણે આ વાક્યનો તરજુમો થવો જોઈએ. આ આખો ફકરો મુસાના મુખપટ

વિષે છે. નવા કરારના સમયમાં જ્યારે સભાસ્થાનમાં નિયમશાસ્ત્ર વાંચવામાં આવતું હતું ત્યારે વાચક પોતાના મુખ પર મુખપટ નાખતો હતો. પાઊલ જણાવે છે કે ખ્રિસ્તી જમાનામાં મુખપટ બિનજરૂરી છે; મુખપટની વેળા જતી રહેલી છે. મુસાનું મોં થોડા જ વખત સુધી પ્રકાશ્યું હતું. આપણાં મોં અંદરના પ્રકાશથી પ્રકાશિત હોવાં જોઈએ અને તે વળી બધા જ વખતમાં! માનવી આંખની રચના આરસી જેવી કરવામાં આવેલી છે; તેની આગળ જે વસ્તુ રજુ કરવામાં આવે છે, તે વસ્તુની પ્રતિમા તેમાં પડે છે. જરૂરની વાત એ છે કે હમેશાં ખ્રિસ્ત આપણી આંખ આગળ હોય અને આપણી આરસીમાં તેની પ્રતિમા કાયમ રહે; વળી આ પ્રતિમાનું પ્રતિબિંબ પડતાં કશાથી અટકાવ થવો જોઈએ નહિ, અને કશાથી તેને ખલેલ પહોંચવી જોઈએ નહિ.

તથાપિ આ બધું આપણને અશક્ય જેવું લાગે છે. પાઊલ પોતે પણ કબૂલ કરે છે, કે "આપણે જેમ આરસીમાં તેમ ઝાંખું ઝાંખું જોઈ શકીએ છીએ." આ જ બાઈબલમાં દૃષ્ટિથી નહિ પણ વિશ્વાસથી ચાલવું એવું ફરમાવવામાં આવ્યું છે. આ જ બાઈબલમાં આપણને કહેવામાં આવ્યું છે કે કોઈ માણસે કદી ઈશ્વરને જોયો નથી તેમ તેને જોઈ શકતો પણ નથી. પરંતુ આરસીનું એક કર્ત્તવ્ય એવું છે કે જેથી દૂરની વસ્તુઓને પાસે લાવવામાં આવે છે. દૂરદૂરના પહાડોનાં જે ભવ્ય શિખરો જોવામાં આવે છે તેનું પ્રતિબિંબ આપણા પગ પાસેના તળાવના પાણીમાં પડે છે. રોમ શહેરમાં એક ભવ્ય મંદિર છે. તેની છત જોવા લાયક છે; પરંતુ તે એટલી બધી ઊંચી છે કે તે બરાબર જોઈ શકાતી નથી. આ કારણથી મંદિરની વચમાં એક મેજ રાખવામાં આવેલી છે અને તેના પર એક આરસી મૂકેલી છે. આ આરસીમાં માણસો અગવડ વિના છતની આશ્ચર્યકારક સુંદરતા નિહાળી શકે છે. કોઈ માણસે કદી ઈશ્વરને જોયો નથી એ સાચી વાત! તે ઊંચો છે, અપાર વિશ્વના રાજ્યાસન પર બિરાજેલો છે; પરંતુ ઈસુ કહે છે, કે "જેણે મને જોયો છે તેણે બાપને પણ જોયો છે." ખ્રિસ્ત તો મેજ પરની આરસી જેવો છે અને તેદ્વારા આપણે સ્વર્ગમાં બિરાજમાન ઈશ્વરને જોઈ શકીએ છીએ.

કોઈ માણસે ઈશ્વરને કદી જોયો નથી એવું જ્યારે શાસ્ત્ર કહે છે ત્યારે શારીરિક આંખની વાત સમજવાની છે; ખરું આત્મિક દર્શન પામવું શક્ય છે એટલું જ નહિ પણ ખ્રિસ્તદ્વારા તે પામવાનું દાન આપણને આપવામાં આવ્યું છે. આપણે તેને વિશ્વાસથી જોઈ શકીએ છીએ; આપણને સીધી રીતે તેની હાજરીનું ભાન થાય છે; આપણા મનથી આપણે તેનું સત્ય ગ્રહણ કરી શકીએ છીએ; આપણા હૃદયથી આપણે તેની પ્રીતિ જાણી શકીએ છીએ. એક રીતે

એમ કહેવું વાજબી છે કે આપણે જેમ આરસીમાં તેમ ઝાંખું ઝાંખું જોઈ શકીએ છીએ; બીજી રીતે એમ પણ કહેવું વાજબી છે કે......"આપણે સર્વે ઉઘાડે મુખે જાણે કે આરસીમાં પ્રભુનો મહિમા નિહાળીને પ્રભુના આત્માથી અધિકાધિક મહિમા પામતાં તેજ રૂપમા રૂપાંતર પામીએ છીએ."

અહીં આગળ 'સર્વે' એ શબ્દ પર ભાર મૂકવામાં આવે છે. અત્યારે તો પ્રભુનું દર્શન થોડાને માટે છે એવું નથી. અમુક શક્તિઓ કે ખાસ દાનો હોવાનો પણ કશો સવાલ રહેલો નથી. આપણામાં કોઈ એવો નીચ નથી, કોઈ એવો નબળો નથી, કોઈ એવો અજ્ઞાન નથી, કે જેના મોં પર ખ્રિસ્તનો પ્રકાશ ના પડી શકે અગર તેના હૃદયમાં તેનો આનંદ દાખલ ના થઈ શકે.

જે જૂના જમાના વિષે પ્રેરિત બોલે છે તે જમાનામાં ઘેરાએલાં વાદળાંમાં થઈને જે કંઈ પ્રકાશ આવ્યો હોય તે માત્ર અરુણોદયનાં પ્રથમ કિરણો હતાં; તે પ્રકાશ વડે ઊંચામાં ઊંચા આત્માઓ જે ઊંચામાં ઊંચાં શિખરોને વળગી રહેતા હતા તેમને જ પ્રકાશિત કરવામાં આવ્યા હતા. આ પ્રથમ કિરણો મુસા જેવા, દાઊદ જેવા અથવા એલીયાહ જેવાના જોવામાં આવ્યાં હતાં. તેજ સમયમાં નીચેની ખીણોમાં છાયા ફરી વળેલી હતી અને ધુમસ સફેદ જામાની પેઠે મેદાનોને વળગી રહેતું હતું. પરંતુ હમણાં તો બપોરનો સમય થયો છે; "આરોગ્ય-કારક પાંખો લઈને ન્યાયીપણાનો સૂર્ય" ઊગ્યો છે. આ સૂર્ય કદી આથમવાનો નથી. પોતાના મધ્યાહ્નમાં રહીને તે ઊંડામાં ઊંડી ખીણમાં પોતાનાં આરોગ્યકારક કિરણો ફેંકે છે. કોઈ ફૂલ એવું રાંક નથી કે તે તેના પ્રકાશમાં પ્રકાશિત થાય નહિ; કોઈ જીવન એવું નમ્ર નથી કે તે તેના મહિમાનું પ્રતિબિંબ પાડી શકે નહિં. અત્યારે તો દર્શનના પહાડની આસપાસ કોઈ વાડ કરવામાં આવી નથી. થોડાંને ગમે તેવાં ખાસ દાનો મળેલાં હોય તોપણ સૌથી ઉત્તમ દાન તે બધાંને મળી શકે છે. દાસો પર તથા દાસીઓ પર આત્મા રેડી દેવામાં આવ્યો છે; છોકરાં ભવિષ્યવાણી કહે છે; જુવાનોને દર્શન થાય છે અને ઘરડાંઓને સ્વપ્નો આવે છે..."આપણે સર્વે પ્રભુનો મહિમા જોઈએ છીએ."

(૨) હવે આ દર્શન પામવાના પરિણામે આપણે જોએલા મહિમાનુ પ્રતિબિંબ પાડીએ છીએ. જેમ ખ્રિસ્ત ઈશ્વરની આરસીરૂપે છે તેમ આપણે ખ્રિસ્તની આરસીરૂપ છીએ. આપણે જે જોઈએ છીએ તેજ આપણે પ્રદર્શિત કરીએ છીએ. આપણે પ્રભુનો મહિમા પામ્યાં હોઈએ તો બીજાં તે જોયા વિના રહી શકે નહિ; આંખ આગળ જે હોય તે જીવનમાં પ્રદર્શિત થાય છે.

હું નાનો હતો ત્યારે એક ખાસ જાતની ઘડિયાળ જોઈને મોહ પામતો હતો. આ ઘડિયાળની રચના એવી હતી કે અંદરનાં ચક્કરો ફરતાં દેખાતાં

હતાં. આપણે કદી લોકોને એવા આંધળા કરી ન શકીએ કે જેથી તેઓ આપણી અંદરનાં ફરતાં ચક્કરો જોઈ શકે નહિ. આપણી માન્યતાઓ, આપણી લાગણીઓ અને આપણી વર્તણૂંક પર જે હેતુઓ અમલ ચલાવે છે, તે ઘણું કરીને પારદર્શક હોય છે. બીજાંઓને આંધળાં બનાવવા કરતાં પોતાને આંધળાં બનાવવાં સહેલ છે; વળી ખ્રિસ્તને તો આંધળો બનાવી શકાય એવું છે જ નહિ! દરજીની દુકાનમાં જુદી જુદી રીતે ગોઠવેલી લાંબી આરસીઓ રાખવામાં આવે છે. તેથી આપણા શરીરનો આગળપાછળ તેમજ બન્ને બાજુનો દેખાવ આપણા જોવામાં આવે છે. મારો પાછળનો દેખાવ કેવો હશે એ વિષે મને પહેલાં સ્વપ્ને પણ ખ્યાલ નહોતો, અને જ્યારે તે મેં આવી આરસીમાં પહેલવહેલો જોયો ત્યારે તો હું મુશ્કેલીથી પોતાને ઓળખી શકયો. હવે આપણા ચારિત્ર્યનાં જે જે દશ્યો આપણે પોતે જોઈ શકતાં નથી તેજ દશ્યો બીજા માણસો જોઈને તેને ઘણીવાર આપણા વિશેષ લક્ષણરૂપ ગણે છે. તમે ચોક્કસ જાણજો કે અમુક ખ્રિસ્તીના ચારિત્ર્યમાંથી પ્રકાશ નીકળતો ન હોય તો તેનું કારણ એટલું જ છે કે તેનામાં પ્રકાશ છે જ નહિ.

અહીં આગળ આપણે જે પ્રકાશ પામ્યાં છીએ તેજ પ્રકાશ બીજાં પણ પામે એવા યત્નો કરવાનું ફરમાવવામાં આવેલું છે......"જે દેવે અંધકારમાંથી અજવાળાને પ્રકાશવાનું ફરમાવ્યું તેણે આપણા હૃદયમાં પ્રકાશ પાડયો છે કે જેથી તે ઈસુ ખ્રિસ્તના મોં પર દેવનો જે મહિમા છે તેના જ્ઞાનનો પ્રકાશ પાડે." ખ્રિસ્ત વગર દુનિયાને ચાલવાનું નથી, અને જો તે આપણામાં ખ્રિસ્તને જુએ તો તે તેના પર વિશ્વાસ કરે એ વધારે સંભવિત છે. આવું વ્યવહારૂ સુવાર્તાપ્રચારક કામ કરવાની ફરજ દરેક ખ્રિસ્તી માણસને માથે મૂકેલી છે; દરેકને શાસ્ત્ર પોકારીને કહે છે, કે "ઊઠ, પ્રકાશિત થા, કેમકે તારૂં અજવાળું આવ્યું છે, અને તારા પર પ્રભુનો મહિમા આવ્યો છે."

(૩) પછી જોએલા મહિમાનું પ્રતિબિંબ પાડવાના પ્રતાપે પાડનાર માણસનું રૂપાંતર કરવામાં આવે છે. મુસાના મુખ પર જે પ્રકાશ હતો તે અલોપ થયો હતો, પરંતુ પાઊલ કહે છે કે આપણે જે મહિમાને નિહાળીએ છીએ તે જોતજોતામાં આપણું રૂપાંતર કરે છે. જો આપણા જીવનમાં ધર્મનું કંઈ પણ સ્થાન હોય તો આપણે આનંદી માણસો હોવાં જોઈએ. જૂના વખતના ચિત્રકારોનો એક વિચાર મને અતિ આકર્ષક લાગે છે: તેઓ જ્યારે બાર પ્રેરિતોનાં ચિત્રો દોરતા હતા ત્યારે તેઓ બધાજ પ્રેરિતોના કરતાં યોહાનનો ચહેરો પ્રભુ ઈસુ ખ્રિસ્તના ચહેરાની સાથે વધારે મળતો આવે તેમ કરતા હતા. ખ્રિસ્ત પરનો પ્રેમ આપણને ખ્રિસ્તના જેવા બનાવી દે છે, આમાં આપણને કેટલી સારી તક મળી છે! તમારાં હૃદયો તેની આગળ નાખી દો, તેનું મનન કરો, તેના પર પ્રેમ રાખો, તેના વિષે વિચાર કરો. ખ્રિસ્તના

જેવા થવું એજ સાચા ધર્મનું ધ્યેય છે. આ ટૂંક જિંદગીમાં આપણે તેને પહોંચી શકીશું નહિ, પરંતુ આપણને એવું વચન મળેલું છે કે જ્યારે આપણે તેને જોઈશું ત્યારે તેના જેવા થઈશું. તેને જે લાગણી થાય છે તેજ લાગણી આપણને થાય, તેના વિચાર આપણા થાય, જે તેને પ્રિય લાગે છે તેજ આપણને પ્રિય લાગે, જે તેને ધિક્કારપાત્ર લાગે છે તેજ આપણને કંટાળાપાત્ર લાગે......આવી આવી બાબતોમાં ખ્રિસ્તની પ્રતિમા સમાએલી છે. આપણો સ્વભાવ એકબીજાથી જુદો છે, આપણો ઇતિહાસ જુદો છે, આપણો અનુભવ જુદો છે...હા, એક જ તારનારની આપણને જે સામાન્ય અગત્ય છે તે સિવાય આપણે બીજી બધી બાબતોમાં જુદા છીએ...તોપણ આપણે એક જ રૂપમાં રૂપાંતર પામીએ છીએ.

હાલમાં આપણામાંનો કોણ વિશેષ તેના જેવો હશે તે એકલો તેજ જાણે છે. ડૉક્ટર કેમ્બલ મોરગનના જીવનચરિત્રમાં એક સુંદર વાર્તા જણાવવામાં આવે છે: તેને ચાર દીકરા છે. તેઓ બધા ઉપદેશકો છે. એક વખતે આખા કુટુંબની હાજરીમાં નાના દીકરાની કસોટી કરવાને માટે કોઈએ તેને પૂછ્યું કે ભાઈ, તારા ઘરમાં સૌથી સમર્થ ઉપદેશક કોણ છે? બીજા દીકરાઓની માફક તે પણ પોતાના પિતાને પૂજ્ય માનતો હતો, છતાં તેણે જે જવાબ આપ્યો તેથી બધા અચરત થયા. બીલકુલ આચકો ખાધા વિના તેણે જવાબ આપ્યો કે અમારા ઘરમાં જે સૌથી સમર્થ ઉપદેશક છે તે મારી મા છે.

ખ્રિસ્તનું દર્શન તાજું રાખવું એ આપણી પહેલી જરૂરિયાત છે. એક અમેરિકન માણસ પારીસ ગયો હતો. ત્યાં તેણે પોતાની પત્નીને માટે એક ભેટ ખરીદી. આ ભેટ તે એક સારી કારીગરીની દિવાસળીની પેટી હતી. આ પેટીનું વિશેષ લક્ષણ એ હતું કે તે અંધારામાં પ્રકાશ આપતી હતી. આ માણસ ઘેર આવ્યો ત્યારે કુટુંબના માણસોએ તેને માટે જમણ કર્યું. જમી રહ્યા પછી તેણે પોતાના એક છોકરાને બત્તી હોલવી નાખવાનું કહ્યું. પછી તેણે પોતાના ખીસ્સામાંથી પેલી પેટી કાઢી, પણ તેણે કંઈ પણ પ્રકાશ આપ્યો નહિ; આથી દુકાનદારે મને છેતર્યો છે એમ કહીને તેણે તે નાખી દીધી. બીજે દિવસે આ પેટી તેની પત્નીના જોવામાં આવી અને તેના ઉપર કેટલાક શબ્દો પરદેશી ભાષામાં કોતરેલા માલૂમ પડ્યા. એ વિષે તેને જિજ્ઞાસા ઉત્પન્ન થવાથી તેણે એક મિત્રની પાસે એ શબ્દો વંચાવ્યા. તે રાત્રે બધાં જમી રહ્યાં પછી બાઈએ પોતે બત્તીઓ હોલવી નાખી. ધણીએ પૂછ્યું કે આમ કેમ કરો છો? ત્યારે તેણે જવાબ આપ્યો કે તમારી ખુરસીની પાછળ જે મેજ છે તે પર જુઓ. તેણે જોયું તો મેજ ઉપર દિવાસળીની પેટી મૂકેલી હતી અને તે પ્રકાશિત હતી. પેટીની ઉપર જે શબ્દો કોતરેલા હતા તે આ હતા: "જો તમે મને આખો દિવસ તડકામાં રાખશો તો હું આખી રાત તમને અજવાળું

આપીશ." આપણું જીવન રોજ રોજ ખ્રિસ્તના અજવાળામાં ગાળવામાં આવે તો જ આપણે તેના મહિમાનું પ્રતિબિંબ પાડી શકીશું—તો જ આપણે તેજ રૂપમાં રૂપાંતર પામીશું.

સૂરજ આથમવાની વખતે તળાવને કિનારે બેસવાની મને ટેવ હતી. તે વખતે પાણીની સપાટીમાં રંગબેરંગી આકાશનું જે પ્રતિબિંબ પડે છે તે જોઈને મને આનંદ થતો હતો. ઘણીવાર એવું બને કે પાણી પીવાને બળદો અને ભેંસો આવે અને પોતાના પગથી કીચડ હલાવે. આવું જ્યારે જ્યારે થાય ત્યારે ત્યારે મારૂં સુંદર ચિત્ર ખલાસ થઈ જતું હતું. આપણુ દરેકના જીવનમાં કોઈ કોઈ વાર આવું બને છે; છતાં એ પણ સાચું છે કે જો આપણે ખ્રિસ્તને વળગી રહીએ તો તેનો મહિમા આપણને પ્રાપ્ત થશે, તેનું પ્રતિબિંબ આપણે પાડીશું, અને "પ્રભાત થાય અને અંધારૂં લોપ થાય" ત્યારે પણ એ મહિમા આપણી સાથે ને સાથે જ રહેશે, કારણ કે તેજ "રૂપમાં આપણે રૂપાંતર પામ્યાં" હોઈશું.

૪૯. મંડળી

"તેને ખ્રિસ્ત ઈસુમાં તથા મંડળીમાં સર્વકાળ સુધી પેઢી દરપેઢી મહિમા હો" (એફ. ૩ ; ૨૧).

મંડળી શું છે? તે તો અમુક સ્થળે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખનારાઓનો સમૂહ છે. પવિત્ર શાસ્ત્રમાં મંડળીને જુદી જુદી ઉપમાઓ આપવામાં આવેલી છે. તે વિષે આપણે આજે વિચાર કરીએ.

(૧) **મંદિર:** પીતર આ પ્રમાણે લખે છે, કે "જે જીવંત પથ્થર છે, જેને માણસોએ નકાર્યો હતો ખરો, પણ જે ઈશ્વરથી પસંદ કરાએલો તથા મૂલ્યવાન છે, તેની પાસે આવીને તમે પણ જીવંત પથ્થરોના જેવા આત્મિક ઘરમાં ચણાયા છો,......કારણ કે શાસ્ત્રમાં લખેલું છે, કે જુઓ, પસંદ કરેલો તથા મૂલ્યવાન, એવો ખૂણાનો મુખ્ય પથ્થર હું સિયોનમાં મૂકું છું ; જે તેના પર વિશ્વાસ કરે છે તે શરમાશે નહિ" (૧ પીતર ૨ ; ૪–૬). હવે એક સુંદર દંતકથા પ્રેરિતોના જમાનામાં સુલેમાનના વખતથી ચાલતી આવેલી હતી તે પર આ વાક્ય આધાર રાખે છે. આપણે વાંચીએ છીએ કે મંદિર બંધાતી વખતે ખાણુમાંથી તૈયાર કરીને આણેલા પથ્થરો વડે તે બાંધવામાં આવતું હતું. વળી તે બંધાતી વેળાએ તેમાં હથોડી, કુહાડી કે લોઢાના કોઈ પણ હથિયારનો અવાજ સંભળાતો નહોતો. આવી રીતે ઘડીને આણેલા પથ્થરોમાંનો એક પથ્થર એવો નીકળ્યો કે તે જોઈને કડીઆને એમ લાગ્યું કે આ પથ્થર ચણતરના કામમાં લઈ શકાશે નહિ ; માટે તે ગબડાવીને તેઓએ બાજુએ નાખી દીધેલો હતો. જે જગાએ તે પડ્યો તે પર ઘાસ વધી ગયું અને તે વિષે બધા ભૂલી ગયા. પરંતુ બાંધકામ સમાપ્ત થવા આવ્યું ત્યારે બે દીવાલ એક બીજીની સાથે જોડી દેવા માટે એક ખાસ ઘાટના પથ્થરની જરૂર પડી. તે પ્રસંગે પેલો નાખી દીધેલો પથ્થર તેઓને યાદ આવ્યો. તે પરથી માટી અને ઘાસ કાઢી નાખીને તેને ફરીથી બાંધકામની જગાએ લાવવામાં આવ્યો ; તો જુઓ! તે બરાબર બંધબેસતો આવ્યો! આ પ્રમાણે જે પથ્થર બાંધનારાઓએ પહેલાં સ્વીકારવાની ના પાડી હતી તે છેવટે ખૂણાનું મથાળું થયો. આ ચાલતી આવેલી દંતકથા આપણા પ્રભુએ પોતાને લાગુ પાડી. તે માણસોથી "ધિક્કાર પામેલો તથા તજાએલો હતો," છતાં તે પણ "ખૂણાનું મથાળું" થવાનો હતો. વળી જતે દિવસે આ ઉપમા મંડળીને પણ આપવાનો રિવાજ ઉપસ્થિત થયો. મંડળી એક આત્મિક મંદિરરૂપ છે ; તેમાંના સભાસદો જીવંત પથ્થરો છે, અને ખ્રિસ્ત ખૂણાનો મુખ્ય પથ્થર છે. પાઉલ કહે છે, કે "નંખાએલો

પાયો તે ઈસુ ખ્રિસ્ત છે; તે સિવાય બીજો પાયો કોઈ નાખી શકતું નથી." હવે આ ઉપમા વડે બળ સૂચવવામાં આવે છે. મંડળી બળવાન છે, કેમકે જે બળવાન ખ્રિસ્ત તેજ તેનો મજબૂત પાયો છે. આ કારણથી જે મંડળી કે માણસ બળવાન થવા ચાહે તેણે ખ્રિસ્ત પર સઘળો આધાર રાખવો. હવે ખ્રિસ્ત મંડળીને શી રીતે બળવાન કરે છે તે દેખાડવાને માટે પવિત્ર શાસ્ત્રમાં બીજી એક ઉપમાનો ઉપયોગ કરવામાં આવે છે. આપણે હવે તે તરફ જોઈએ.

૨. **દ્રાક્ષાવાડી કે દ્રાક્ષાવેલો:** યોહાનની સુવાર્તામાં આપણો પ્રભુ આ પ્રમાણે કહે છે, કે "હું તો દ્રાક્ષાવેલો છું ને તમે ડાળીઓ છો. જે મારામાં રહે છે અને હું તેનામાં, તેજ ઘણાં ફળ આપે છે." હવે બન્ને કરારમાં દ્રાક્ષાવેલો ફળદ્રુપતાની નિશાણીરૂપ છે. પાલેસ્ટાઈનમાં દ્રાક્ષાવેલાની પુષ્કળ ઊપજ થતી હતી. યહુદીઓ પોતાની વાડીઓમાં દ્રાક્ષાવેલા રોપતા હતા એટલું જ નહિ પણ પોતાના ઘરની દીવાલો પર તે ચઢાવતા હતા. તેની ડાળીઓમાં જે રસ છે તે આપણા શરીરમાંના લોહીની માફક જીવનના વાહનરૂપ છે. ખરા દ્રાક્ષાવેલામાં, થડમાં તેમજ ડાળીઓમાં એક જ રસ અને એક જ જીવન છે. તેથી ખ્રિસ્ત મંડળીના આત્મિક જીવન તથા ફળદ્રુપતાના ઝરારૂપ છે. તેનામાં અને તેના વડે મંડળી જીવે છે અને ફળ આપે છે; તેનાથી નિરાળી રહીને તે કંઈ કરી શકતી નથી. વળી ખ્રિસ્ત તરફથી મળેલું જીવન મંડળી પોતાનામાં ગ્રહણ ન કરે તો પરિણામ શું આવે? કેટલાંક ઝાડ એવાં હોય છે કે જો તેઓ ફળ ન આપે તોપણ તેમને બીજા કામમાં લઈ શકાય, પણ દ્રાક્ષાવેલો એવો નથી. જો તે ફળ ન આપે તો તે તદ્દન નકામો છે; લાકડા તરીકે તે કશા ઉપયોગનો નથી. તેમ તે બાળવાના કામમાં આવે એવો પણ નથી. આ કારણથી યહોવાહ પોતાના સેવક યશાયાહની મારફતે ઈસ્રાએલને કહે છે, કે "હવે હું મારી દ્રાક્ષાવાડીનું શું કરવાનો છું, તે હું તમને જણાવું: તેની વાડ હું કાઢી નાખીશ, જેથી તે ભેલાઈ જશે; તેની ભીંત હું પાડી નાખીશ, જેથી તે ખુંદાઈ જશે; હું તેને ઉજ્જડ કરી મૂકીશ; તે સોરવામાં આવશે નહિ, ને તે ગોડાશે નહિ; એટલે તેમાં કાંટા તથા ઝાંખરાં ઊગશે; વળી તે પર મેઘો વરસાદ ન વરસાવે, એવી હું તેમને આજ્ઞા કરીશ." ખ્રિસ્તનો ત્યાગ કરવાથી જે ભયંકર પરિણામ આવે છે તે આ પ્રમાણે દેખાડવામાં આવે છે; માટે મંડળીએ તેમજ મંડળીમાંની દરેક વ્યક્તિએ વિચાર કરવો જોઈએ કે હું જે જીવન ગાળું છું તે ખરેખર ખ્રિસ્તી જીવન છે કે નહિ? દ્રાક્ષાવેલાની ઉપમા તે જીવનસૂચક છે. મંડળીના જીવનનો આધાર ખ્રિસ્ત ઉપર રહે છે, કેમકે મંડળીનું જીવન તે ખ્રિસ્તનું જીવન છે. આ પ્રમાણે ખ્રિસ્તની સાથે આપણો સંબંધ કેટલો બધો ગાઢો છે એ બતાવવામાં આવે છે. વળી એક જ જીવનમાં આપણે બધાં ભાગીદાર છીએ માટે એક બીજાની સાથે પણ આપણો સંબંધ કેટલો બધો ગાઢો છે તે પણ બતાવવામાં આવે છે. પરંતુ

વધારે સ્પષ્ટતાથી આ વિચાર દર્શાવવાને માટે જુદી ઉપમાનો ઉપયોગ કરવામાં આવે છે.

૩. **શરીર:** ખ્રિસ્ત શરીર છે, અને મંડળીના સભાસદો અવયવો છે, એમ કહેવામાં આવે છે: "કેમકે જેમ શરીર એક છે, અને તેના અવયવો ઘણા છે, અને શરીરના અવયવો ઘણા હોવા છતાં સર્વ મળીને એક શરીર બને છે, તેમ ખ્રિસ્ત પણ છે" (૧કોરીંથી. ૧૨; ૧૨). હવે આપણા શરીરની રચના એવી છે કે એક અવયવને ઇજા થઈ હોય તો તેના દુ:ખમાં બીજા બધા અવયવો સહભાગીદાર થાય છે: "જો એક અવયવ દુ:ખી થાય તો તેની સાથે સર્વ અવયવો દુ:ખી થાય છે; તેમજ જો એક અવયવને માન મળે તો તેની સાથે સર્વે અવયવો આનંદ પામે છે. હવે તમે ખ્રિસ્તનું શરીર અને તેના અવયવો છો." આ ઉપમા વડે સહલાગણી સૂચવવામાં આવે છે. ખ્રિસ્ત મંડળીની સાથે તેમજ મંડળીમાંની દરેક વ્યક્તિની સાથે સહલાગણી ધરાવે છે. "કેમકે આપણી નિર્બળતા પર જેને દયા આવી ન શકે એવો નહિ, પણ સર્વ વાતે જે આપણી પેઠે પરીક્ષણ પામેલો છતા નિષ્પાપ રહ્યો એવો આપણો પ્રમુખ્ય યાજક છે." એટલું જ નહિ પણ મંડળીમાંની જુદી જુદી વ્યક્તિએ પણ એક બીજાની સાથે એવો જ સહલાગણીનો સંબંધ રાખવો જોઈએ. આપણે એક શરીર છીએ. એ કેટલી બધી સુંદર ઉપમા કહેવાય! અને વળી શરીર ખ્રિસ્તનું છે, એ કેટલું બધું વિશેષ આકર્ષક! પરંતુ આના કરતાં પણ સુંદર ઉપમા શાસ્ત્રમાં વાપરવામાં આવેલી છે. સંપૂર્ણતાની સ્થિતિમાં ખ્રિસ્ત તથા મંડળી વચ્ચેનો સંબંધ કેવો થશે તે દર્શાવવાને માટે આ ત્રણે ઉપમા બસ થતી નથી. એ આશીર્વાદિત સંબંધ દર્શાવવાને માટે પૃથ્વી પર જે સૌથી કોમળ, સૌથી અંગત અને સૌથી બળવાન સંબંધ અનુભવવામાં આવે છે તેની જ ઉપમા વાપરવામાં આવે છે, એટલે લગ્નની ઉપમા.

કન્યા: મંડળીને પવિત્ર શાસ્ત્રમાં જે સર્વોત્કૃષ્ટ ઉપમા આપવામાં આવે છે તે કન્યાની છે: "મેં [યોહાને] પવિત્ર નગર, નવું યરૂશાલેમ, દેવની પાસેથી આકાશમાંથી ઊતરતું જોયું, અને જેમ કન્યા પોતાના વરને સારૂ શણગારવામાં આવેલી હોય તેમ તે તૈયાર કરેલું હતું" (પ્રક. ૨૧; ૨). મંડળીની આગળ એજ નિશાન મૂકવામાં આવેલું છે, ને પૃથ્વી પરની મંડળી એજ નિશાન તરફ ચાલવાનો પ્રયત્ન કરે છે. એજ દિશામાં જવાનું આગલી ત્રણે ઉપમાઓ સૂચવે છે. ખ્રિસ્તની સાથે આપણે એક આત્મિક ઘરમાં ચણાયાં છીએ, એમ જાણીને આપણે તેના પર સઘળો આધાર રાખવો; ખ્રિસ્ત ખરો દ્રાક્ષાવેલો છે, અને આપણે ડાળીઓ છીએ એમ જાણીને આપણે તેનું જીવન ધારણ કરવાનું છે; આપણે ખ્રિસ્તના શરીરના અવયવો છીએ, એમ જાણીને આપણે તેની સાથે તેમજ એકબીજાની સાથે પ્રીતિનો સંબંધ રાખવો જોઈએ. આ શરતો આપણે

પૂરી કરીએ તો યોહાને આકાશમાંથી જે પવિત્ર નગર ઊતરતું જોયું હતું તેના વસ્તીપત્રકમાં આપણાં નામ નોંધવામાં આવશે. "મોટા જનસમૂહના જેવી તથા ઘણાં પાણીના પ્રવાહના જેવી તથા ભારે ગર્જનાઓના જેવી વાણીને એમ બોલતી મેં સાંભળી, કે હાલેલુયાહ; કેમકે હવે સર્વશક્તિમાન પ્રભુ આપણો દેવ રાજ કરે છે. આપણે આનંદ કરીએ તથા બહુ હર્ષ પામીએ, અને તેને મહિમા આપીએ; કેમકે હલવાનના લગ્નનો દિવસ આવ્યો છે, અને તેની કન્યાએ પોતાને તૈયાર કરી છે. તેને તેજસ્વી, સ્વચ્છ તથા બારીક શણનું વસ્ત્ર પહેરવા દીધું છે; તે બારીક શણનું વસ્ત્ર સંતોનાં ન્યાયી કૃત્યોરૂપ છે" (પ્રક. ૧૯; ૬-૮).

હવે વહાલાંઓ, એ તેજસ્વી સ્વચ્છ તથા બારીક શણનું વસ્ત્ર એમ ને એમ કશું કર્યા વગર મળવાનું નથી. કન્યાને પોતાને તૈયાર કરવી પડે છે. આ સંતોનાં ન્યાયી કૃત્યોરૂપ વસ્ત્ર કન્યાને મળે ત્યાર પહેલાં તેણે ચાર શરતો પૂરી કરવાની છે.

૧. લગ્ન થાય તે પહેલાં વિવાહ કરવાની જરૂર છે. પાપી માણસ પોતાના તારનાર તરીકે ખ્રિસ્તનો સ્વીકાર કરે એ પહેલુંજ પગથિયું છે. જેમ પાઊલ લખે છે તેમ: "એક પતિની સાથે મેં તમારો વિવાહ કર્યો છે, કે જેથી એક પવિત્ર કુમારિકા જેવા હું તમને ખ્રિસ્તને સોંપું" (૨ કોરીંથી. ૧૧; ૨). વહાલાંઓ, તમારો વિવાહ ખ્રિસ્તની સાથે થયો છે કે કેમ? આકાશી વરરાજા સર્વકાળના પ્રેમથી માનવ આત્મા પર પ્રેમ રાખે છે, તેને ફોસલાવવાને, તેને પોતા તરફ ખેંચી લેવાને, તે નિત્ય યત્ન કરે છે. પરંતુ આપણા પ્રેમ પર ખ્રિસ્ત જે હકદાવો કરે છે તે આપણે કબૂલ કરવો જોઈએ. વહાલાંઓ, તમારી પાસે ખ્રિસ્ત જે પ્રેમ માગે છે તે શું તમે બીજાં પાત્રોને આપી દીધો છે? તે તમારા બારણા આગળ ઊભો રહીને ઠોકે છે. શું તમે હજી ઉઘાડયું છે? એક વાત ચોક્કસ જાણજો: જો અહીં વિવાહ ન થાય તો પછી લગ્ન કોઈ દિવસ થવાનાં નથી.

૨. ખ્રિસ્તની સાથે આપણો વિવાહ થયો હોય તો વિશ્વાસુપણું જોઈએ. કન્યા વિશ્વાસુ હોવી જોઈએ. આપણે પોતાના તારનાર તરીકે ખ્રિસ્તનો સ્વીકાર કરીએ તો પછીના આપણા આખા જીવનમાં આપણે પૂરી રીતે તેને આધીન રહેવું જોઈએ. ખ્રિસ્ત સિવાય આપણા પ્રેમ પર જે બીજાં વાનાં હકદાવો કરે છે તેનો આપણે નકાર કરવો, અને એકલા તેને જ વળગી રહેવું, જે ખરી કન્યા તે ખ્રિસ્તના અધિકારને સૌથી પહેલું સ્થાન આપશે. હા, પ્રભાત થાય અને અંધારૂં લોપ થાય ત્યાં સુધી તે બીજા બધાને તજીને એકલા તેને જ વળગી રહેશે. વળી જેટલા તેને ફોસલાવવાના યત્ન કરશે તે બધાંને તે ચોક્ખેચોક્ખું કહેશે, કે "ના! હું મારા પ્રીતમની જ છું, અને મારો પ્રીતમ તે મારો જ છે! હું તેની જ—તે મારો જ!"

૩. હવે, વિવાહ જોઈએ, વિશ્વાસુપણું જોઈએ, એટલું જ નહિ પણ સહવાસ જોઇએ. જેનો વિવાહ થયો હોય તે પોતાના પ્રીતમની સાથે સહવાસ રાખશે. તે તેની સાથે રહેશે, એકાંતમાં તેની સાથે વાત કરશે, તેનું સાંભળશે, અને હજી તેને વધારે સારી રીતે જાણવાને યત્ન કરશે. પોતાના જીવનને લગતી બધી વાતો તે તેની પાસે લાવશે, અને તે વિષે તેની ઇચ્છા શી છે તે જાણવાને તે આતુર રહેશે.

૪. વળી આ સર્વ ઉપરાંત આજ્ઞાંકિતપણું જોઈએ છે. વર વહુનું શિર છે, અને કન્યા પોતાના વરરાજાને આધીન થાય તે વગર ખરાં લગ્ન થઈ શકતાં નથી. એમ કહેવામાં આવ્યું છે કે બે બાબતમાં આખા ખ્રિસ્તી જીવનનો સમાવેશ થાય છે, એટલે ૧. તારી ઇચ્છાને ખ્રિસ્તને આધીન કર અને ૨. તારો માર્ગ તેને સોંપી દે. વિશ્વાસુ માણસ આ બન્ને કામ કરશે. ખરી કન્યા એકલા પોતાના જ વરરાજાની મરજી પ્રમાણે વર્તશે, અને પોતાના આખા જીવન પર તેનું ધણીપણું સ્વીકારશે—બીજાનું નહિ. એમ કરતાં કન્યા પોતાને તૈયાર કરે છે; હા, જે મોટા દિવસની આશા પસંદ કરેલી કન્યા પોતાના આખા હૃદયથી રાખે છે તેને માટે તે પોતાને તૈયાર કરે છે. તે મોટા દિવસે તેને ઉજળાં વસ્ત્ર પહેરાવીને રાજાના મહેલમાં લગ્નજમણનો અવાચ્ય તથા નિરંતરનો આનંદ ભોગવવા બહાર લાવવામાં આવશે. વળી પવિત્ર શાસ્ત્રમાંનું છેલ્લામાં છેલ્લું ધન્યતાનું વચન એ જ છે, કે "લગ્નજમણમાં જેઓ તેડાએલાં છે, તેઓને ધન્ય છે."

૫૦. તેનાં દુઃખોનું ભાગિયાપણું

"હું તેને તથા તેનાં દુઃખોના ભાગિયાપણાને જાણું" (ફિલિપી. ૩; ૧૦).

અહીં આગળ પાઊલ પોતાના હૃદયની ઇચ્છા પ્રગટ કરે છે, અને તે વળી સાધારણ ઇચ્છા નથી. ગ્રીકમાં જે શબ્દો છે તે ઘણી જ આતુરતા સૂચવે છે. પાઊલ આપણી આગળ પોતાનું હૃદય ખુલ્લું કરે છે, પોતાના જીવનના અભ્યંતર સ્થાનમાં લઈ જાય છે, અને પોતાના જીવનનો મુખ્ય ઉદ્દેશ શો છે તે આપણને જણાવે છે: "હું તેને તથા તેનાં દુઃખોના ભાગિયાપણાને જાણું." હવે જ્યારે કોઈ માણસ આપણને પોતાના જીવનનો ઉદ્દેશ જણાવે છે ત્યારે તે ગમે તે હોય તોપણ આપણને સાંભળવાનું મન થાય છે. આ વળી સાધારણ માણસ નહોતો. જ્યારે નવા યરૂશાલેમનું વસ્તીપત્રક ખુલ્લું કરવામાં આવશે ત્યારે પહેલા જ પૃષ્ઠ પર આ મહાન પુરુષનું નામ મોટા અક્ષરે લખેલું માલૂમ પડશે. માટે સાંભળો! આ માણસના જીવનનો જે મોટામાં મોટો ઉદ્દેશ હતો તે પર ધ્યાન આપો: "હું તેને તથા તેનાં દુઃખોના ભાગિયાપણાને જાણું." પરંતુ આ કેટલી બધી અજાયબ જેવી વાત! આપણને તેને કહેવાનું મન થાય છે, કે "પાઊલ, શું અમારા સાંભળવામાં ભૂલ હશે? શું તું અમને એમજ કહે છે કે ખ્રિસ્તનાં દુઃખોમાં ભાગીદાર થવું એજ તારા જીવનનો સૌથી મોટો ઉદ્દેશ છે?" પણ એમજ કહે છે; ચોકખેચોકખું કહે છે! ત્યારે પાઊલ વિષે બીજી વાત આપણને યાદ આવે છે. એક વાર રોમન સૂબા ફેસ્તસે તેને કહ્યું હતું, કે "પાઊલ, તું ઘેલો છે, તારી ઘણી વિદ્યાએ તને ઘેલો કરી નાખ્યો છે;" અને આપણા મનમાં એજ વિચાર આવે છે કે શું ફેસ્તસનું કહેવું ખરૂં ન હોય? શું આ માણસમાં ગાંડપણની થોડીઘણી અસર નથી?

"હું તેનાં દુઃખોના ભાગિયાપણાને જાણું" આવી ઇચ્છા શું દુનિયામાં કોઈએ રાખી હશે? ઈશ્વરના હલવાનનાં દુઃખો કેવા પ્રકારનાં હતાં એ જાણીને શું તેમાં કોઈ ભાગીદાર થવા માગે ખરૂં? આપણો સ્વભાવ તો એવો નથી. મને માનની જગા મળે, દુનિયા મને શાબાશી આપે, માણસોમાં મારૂં નામ મોટું મનાય એવી ઇચ્છા જો તેણે દર્શાવી હોત તો તે સમજાય એવું હતું. એ તો આપણને સ્વાભાવિક લાગે, કારણ કે આપણે એજ શોધીએ છીએ. દુઃખોથી, પીડાથી અને શોકથી અલગ રહેવાની પાઊલની ઇચ્છા હોત તો તે સમજાય એવું હતું, કેમકે એજ આપણી મરજી છે. પાપ ભલે રહ્યું, પણ પાપના પરિણામથી બચી શકાય તો સારૂં એમ જો તેણે કહ્યું હોત તો તે પણ સમજાય એવું હતું; કેમકે આપણામાં આવી જ મનોભાવના સામાન્ય હોય છે.

માણસો પાપ છોડવા માગતા નથી પણ પાપની શિક્ષા ન મળે એવી ઇચ્છા બહુ રાખે છે; કડવા દાણા ભલે વવાય પણ કાપણી વખતે કોઈ ઊભું રહેવા માગતું નથી; પહોળો રસ્તો છોડવાની મરજી નથી, પણ તેજ રસ્તો આકાશના બારણે પહોંચાડે તો ઘણું સારૂં એ મતના ઘણા મળે છે. નરકથી બચી જાઉં એટલું જ જો પાઊલે કહ્યું હોત તોએ આપણે સમજી શકત; પણ પાઊલનું કહેવું તદ્દન જુદું છે!

ખ્રિસ્તને જે દુઃખસહનનો અનુભવ થયો હતો તેમાં હું ભાગ લેવા માગું છું. તે જેમ રડતો હતો તેમ હું પણ રડવા માગું છું. બધાંની સાથે તે જેવી સહલાગણી ધરાવી શકતો હતો તેવી સહલાગણી ધરાવવાની મારી ઇચ્છા છે; જે રસ્તે તે ચાલતો હતો તેજ રસ્તે મારે ચાલવું છે. જે ગેથસેમાનેમાં તે કષ્ટાતો હતો તેજ ગેથસેમાનેમાં મારે કષ્ટાવું છે, અને તેની સાથે ગલગથા પર ચઢીને દુનિયાનાં પાપને લીધે તેને જે હૃદયની વેદના થઈ હતી તે મારે પણ મારી શક્તિ પ્રમાણે અનુભવી લેવાની અભિલાષા છે. પાઊલની ઇચ્છા આ હતી.

હવે પાઊલ આપણા કરતાં જુદા પ્રકારનો માણસ હશે અને તેથી આમ કહેવું તેને માટે સ્વાભાવિક હશે એમ તમે માનો છો? પાઊલ આ પ્રમાણે કહી શકે નહિ એવો વખત પહેલાં હતો. તે વખતે જો તેણે આમ કહ્યું હોત તો તે જૂઠું બોલ્યો હોત. તે દમસ્ક જવાને માટે યરૂશાલેમથી નીકળ્યો ત્યારે તો ખ્રિસ્તનાં દુઃખોના ભાગિયાપણાને જાણવા માગતો નહોતો. તે વખતે તે ખ્રિસ્તને જેટલું દુઃખ દેવાય તેટલું તેને દેવા માગતો હતો. વળી ખ્રિસ્તનાં દુઃખો થોડાં હતાં એમ તે માનતો નહોતો; ખ્રિસ્તનાં દુઃખો વિષે પાઊલને જેટલી સમજ થઈ તેટલી સમજ ભાગ્યે જ બીજા કોઈને થઈ હશે. પરંતુ પાઊલ જાણતો હતો કે ખ્રિસ્તને જે દુઃખો ભારે પડતાં હતાં તે શારીરિક નહિ પણ આત્મિક હતાં. તે પાપ જાણતો નહોતો છતાં તે આપણે માટે પાપરૂપ થયો, એજ તેનાં દુઃખનું મૂળ કારણ હતું; "આપણા અપરાધોને લીધે તે વીંધાયો, આપણાં પાપોને લીધે તે કચડાયો," અને જ્યારે તેણે બૂમ પાડી, કે "હે મારા દેવ, હે મારા દેવ, તેં મને કેમ મૂકી દીધો છે?" ત્યારે આ બૂમ પાડવાનું તેજ કારણ હતું. વહાણભંગના ભોગ થવામાં આપણને જેટલો આનંદ થાય તેટલો જ આનંદ પાઊલને થયો હશે; તેને પથ્થરે મારવામાં આવ્યો, જાહેરમાં કોરડા મરાવવામાં આવ્યા અગર ગંદાં કેદખાનાંઓમાં નાખવામાં આવ્યો ત્યારે તેવા સંજોગોમાં આપણને જેટલો આનંદ થાય તેટલો તેને થયો હશે; તેની નિંદા કરવામાં આવે અગર તેની મશ્કરી કરવામાં આવે એ આપણને જેટલું સારૂં લાગે તેટલું તેને પણ લાગ્યું હશે. છતાં તે ખ્રિસ્તનાં દુઃખોના ભાગિયાપણાને જાણવા માગે છે, અને આ અનુભવની ઇચ્છા રાખવાનાં બે કારણ હતાં.

૧. તે ઈસુ ખ્રિસ્ત પર પ્રેમ રાખતો હતો. જેમના પર આપણે પ્રેમ રાખીએ છીએ તેમનાં દુઃખો ઓછાં કરવાની અથવા તેમાં ભાગ લેવાની ઇચ્છા સ્વાભાવિક છે. એક માણસે પોતાની બધી સંપત્તિ ખોઈ નાખી. આથી તેને બહુ દુઃખ થયું, પણ પોતાને લીધે નહિ. તેને દુઃખ થયું પોતાની ધણીઆણીને લીધે. બાઈ સારા ઘરમાં ઉછરીને મોટાં થયાં હતાં. ત્યાં બધી જાતની સગવડો હતી. નોકરો પુષ્કળ હતા જેથી તેને કોઈ દિવસ ઘરનું કામ કરવું પડયું નહોતું. લગ્ન કર્યાં પછી પણ આ સ્થિતિ હમણાં સુધી રહી હતી; પણ હવે પછી આ સ્થિતિ મૂકીને બીજી સ્થિતિમાં જવાનું હતું કે જેમાં એક પણ નોકર રાખી શકાય નહિ અને ઘરનું બધું જ કામ તેને એકલીને કરવું પડે. આ વિચારથી ધણીને પુષ્કળ ત્રાસ થયો અને બાઈને આ વાત શું મોં લઈને કહેવી તે વિષે ઘણા વખત સુધી તે મૂંઝાઈ રહ્યો. પરંતુ બાઈએ આ સ્થિતિ આનંદથી સ્વીકારી અને આગલા કોઈ વખતના કરતાં બન્નેનાં જીવન સુખી થયાં. બાઈ પોતાના ધણી પર પ્રેમ રાખતી હતી અને તેનાં દુઃખોમાં ભાગીદાર થવાથી તેને આનંદ થતો હતો. વહાલાના દુઃખમાં ભાગ લેવામાં જેટલો આનંદ છે તેટલો આનંદ બીજા કશામાં નથી. તમારા ઘરમાં બાળક માંદું હોય તો તેને માટે કરવું પડે તેને તમે ક્યાં દુઃખ ગણો છો?

૨. પરંતુ ખ્રિસ્તનાં દુઃખોમાં ભાગ લેવાની ઇચ્છા રાખવાનું પાઊલનું બીજું કારણ હતું. તે જાણતો હતો કે ખ્રિસ્તના જેવા થવું તેની સાથે દુઃખ સંબંધ રાખે છે. માણસ દુઃખોનો અનુભવી હોય અને ખ્રિસ્તના જેવો ન હોય એ બનવાજોગ છે. પરંતુ જો કોઈ માણસ ખ્રિસ્તના જેવો હોય તો તેને દુઃખોનો અનુભવ થયા વિના રહેશે નહિ. આવી દુનિયામાં કોઈ ખ્રિસ્તના જેવો હોય તો તે દુઃખથી વેગળો રહે ખરો? ખ્રિસ્ત ઈશ્વર જેવો છે એટલું જ કહેવું બસ નથી; ખ્રિસ્ત ઈશ્વર છે. "જેણે મને જોયો છે તેણે બાપને પણ જોયો છે." પણ ઈશ્વર તે કોણ? જે શિષ્ય જમતી વેળાએ ઈસુની છાતી પર અઢેલતો હતો તેને પૂછો. તે આપણને કહેશે, કે "ઈશ્વર પ્રેમ છે." હવે ઈશ્વર પ્રેમ છે તેજ કારણથી તેને માટે દુઃખસહન અવશ્યનું છે. દુઃખની લાગણી થયા સિવાય તે આ પાપથી નાશ પામેલી દુનિયાને શી રીતે નિહાળી શકે? જે માણસો પર તે પ્રેમ રાખે છે તેમની તથા પોતાની વચ્ચે જુદાપણું હોય તો તે તેને શી રીતે સારૂં લાગે? ઈશ્વરનું પ્રેમી હૃદય આ સ્થિતિ શી રીતે સહન કરે? શી રીતે નિભાવી લેવા માગે? કોઈ પણ રીતે આ દુનિયાનો બચાવ કરવાનું મન કેમ ન થાય? વળી આપણે વાંચીએ છીએ, કે "ઈશ્વરે જગત પર એટલી પ્રીતિ કરી કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઈ તેના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે." વળી આજે આપણે તેજ વાત સ્મરણમાં લાવીએ છીએ.

"હું તેને જાણું" એટલે શું? તે ખ્રિસ્ત વિષે માત્ર માહિતી મેળવવા માગતો હતો એમ તો નથી. કોઈને ઓળખવામાં અને તેના વિષે જાણવામાં ઘણો ફેર છે. પાઊલ ખ્રિસ્તને હૃદયથી જાણવાની ઇચ્છા રાખતો હતો. ખ્રિસ્ત વિષેની ઘણીખરી હકીકત તે ખ્રિસ્તી થયા પહેલાં જાણતો હતો, પણ એ જ્ઞાનથી કોઈ માણસનું તારણ થઈ શકે નહિ. પાઊલ ખ્રિસ્તની હાજરીનો, ખ્રિસ્તના પરાક્રમનો વધતો જતો અનુભવ કરવા માગતો હતો. કોલંબસે અમેરિકાની શોધ કરી એક રીતે એમ કહીએ તો ચાલે, પણ તેમાંના મોટા સરોવર વિષે, તેમાંની મોટી નદીઓ વિષે, અથવા તેમાંનાં મોટાં વન તથા પહાડો વિષે તે શું જાણતો હતો? આમાંનું કંઈ પણ જાણ્યા સિવાય તે મરી ગયો; પોતાને જે મોટો ખંડ મળ્યો હતો તેના વિસ્તાર વિષે તેને કોઈ પણ જાતનું ભાન નહોતું. એજ પ્રમાણે આપણામાંના કેટલાએકને ઈશ્વરના પ્રેમ વિષે થોડોઘણો અનુભવ તો થયો છે, પણ તેની લંબાઈ, પહોળાઈ, ઊંચાઈ કે ઊંડાઈને આપણે ક્યાં સમજી શક્યાં છીએ? તેના છેલ્લા દિવસ સુધી પાઊલ આ સમજવા માગતો હતો, અને સમજવાના પ્રયત્નો કરતો હતો.

આ સમજણ, જેઓ ખ્રિસ્તનાં દુઃખોના ભાગિયાપણાને જાણે છે, તેને જ થાય છે. ઈશ્વરનો પ્રેમ ખ્રિસ્તના વધસ્તંભદ્વારા પ્રગટ કરવામાં આવે છે, અને તે કેટલી હદ સુધી જવા તૈયાર થયો એ આપણે જાણવાની જરૂર છે. પાપી નગર જોઈને ખ્રિસ્ત તેને લીધે રડી પડ્યો, અને તેણે રડવામાં જ સંતોષ ન માન્યો. કેવળ રડવાથી નગરનો બચાવ થવાનો નહોતો. તે રડ્યો એટલું જ નહિ પણ તેણે વધસ્તંભ પર આ જ નગરને માટે પોતાનો જીવ આપ્યો. આ લાગણીનો અનુભવ પાઊલ કરી લેવા માગતો હતો. ખરી રીતે ખ્રિસ્તના જેવા થવાની તેની મરજી હતી. ખ્રિસ્તના દૃષ્ટિબિંદુથી જગતને જોવાની તેની ઇચ્છા હતી. માણસો પ્રત્યે ખ્રિસ્તને જેવી લાગણી હતી તેવી જ લાગણી તે પણ ધરાવવા માગતો હતો, અને પોતાથી જેમ બને તેમ માણસોને માટે જેવો સ્વત્યાગ કરવો ઘટે તેવો કરવાને તે પણ આતુર હતો. વળી પાઊલ જે ઉમેદ રાખતો હતો તે પ્રમાણે તેને આપવામાં પણ આવ્યું. છેવટે તે એમ કહી શક્યો, કે "ખ્રિસ્તની સાથે હું વધસ્તંભે જડાએલો છું;" "હું જીવું છું," એમ તેણે કહ્યું, "તોપણ હું નહિ, પણ ખ્રિસ્ત મારામાં જીવે છે;" બીજે ઠેકાણે તે એમ પણ કહે છે, કે "મારે માટે જીવવું તે જ ખ્રિસ્ત, અને મરવું તે લાભ છે."

આજે આ મેજની પાસે ખ્રિસ્તના પ્રેમે આપણે માટે કેટલું બધું સહન કર્યું તેનું સ્મરણ કરવાને માટે આપણે એકઠાં મળ્યાં છીએ. આ રોટલી તથા દ્રાક્ષારસ ખ્રિસ્તનું ભાંગેલું શરીર અને રેડાએલું લોહી યાદ દેવડાવે છે. ખ્રિસ્તને માટે આપણને જ્યાં સુધી દુઃખ સહન કરવું ન પડે ત્યાં સુધી આપણે તેની સેવા કરવા રાજી છીએ. જ્યાં દુઃખસહનની શરૂઆત થાય છે ત્યાં આગળ ઘણીવાર

આપણી સેવા બંધ થાય છે. "માટે જે પ્યાલો હું પીવાનો છું તે તમે પી શકો છો' એમ ખ્રિસ્ત આ મેજ પાસે આપણને પૂછે છે, પણ આટલી હદે આપણો પ્રેમ જવા રાજી હશે કે કેમ?

ઈ. સ. ૧૮૫૪માં જ્યારે ઈંગ્લાંડ અને રશિયાની લડાઈ ચાલતી હતી ત્યારે બાલાકલાવા નામના સ્થળે એક ચોંકાવનારો બનાવ બન્યો. ઈંગ્લાંડના ૬૦૦ ઘોડેસ્વારોને રશિયાના સૈન્ય પર એકદમ હુમલો કરવાનો હુકમ ફરમાવવામાં આવ્યો. આ હુકમ ભૂલથી આપવામાં આવ્યો. ભૂલ થઈ છે એમ આ ૬૦૦ માણસોમાંનો એકએક માણસ જાણતો હતો, કેમકે હુમલો સફળ થાય એવી પરિસ્થિતિ નહોતી. છતાં કોઈ માણસે આનાકાની કરી નહિ. હું સીધો મોતના મોંમાં જાઉં છું એમ દરેકે દરેક માણસ જાણતો હતો છતાં અતિશય બહાદુરીથી હુમલો કરવાનો હુકમ અમલમાં મૂકવામાં આવ્યો. ૬૦૦ ઘોડેસ્વારોમાંથી થોડા જ બચ્યા. બાકીના બધાને મારી નાખવામાં આવ્યા. પરંતુ બચેલા માણસોએ લડાઈ પૂરી થયા પછી પોતાનું એક મંડળ સ્થાપ્યું. તેઓ જીવ્યા ત્યાંસુધી વારંવાર સાથે મળીને એકબીજાની સંગતમાં આનંદ પામતા રહ્યા. આ મંડળમાં બધાનો એક જ હોદ્દો રાખવામાં આવ્યો; અમીરનો દીકરો અને કારીગર કે ખેડૂતનો દીકરો એક સરખા ગણાયા, કેમકે બધા એક સરખા ભયંકર અનુભવમાંથી સહીસલામત પસાર થયા હતા.

વહાલાંઓ, આપણે આ નમૂનો લઈ ન શકીએ? આપણી લડાઈમાં થોભીને આપણે એક કલાકને માટે આપણા તારણના સરદારની સાથે અને એક બીજાની સાથે સંગત પામવા એકઠાં મળ્યાં છીએ. આપણામાંના ઘણા આ લડાઈમાં ઘાયલ પણ થયાં છીએ. પ્રભુનાં દુઃખોના ભાગિયાપણાને જાણવાના પ્રયત્ન કરતાં આપણામાં કોણ કોરૂં રહ્યું છે? આજે તમે રાજાના જમણને માટે એકઠા મળ્યા છો, પણ આવતા ભોજન પહેલાં તમારામાંના કેટલાને ત્યાં આગળ જવાબ આપવો પડશે એ તમે જાણતાં નથી. શું આ સ્થિતિમાં તમે ખાનગી વેર લઈને અહીં આવ્યાં છો? મહેરબાની કરીને...ઘરધણીની અદબ રાખો. "તે, જે સામર્થ્યથી સર્વેને પોતાને આધીન કરી શકે છે, તે પ્રમાણે આપણી અધમાવસ્થામાંના શરીરનું એવું રૂપાંતર કરશે કે તે તેના મહિમાવાન શરીરના જેવું થાય." વળી આજ પ્રભુભોજનનો હેતુ છે.

૫૧. આદર્શ કામદાર

"જેને શરમાવાનું કંઈ કારણ ન હોય એવી રીતે કામ કરનાર, સત્યનાં વચન સ્પષ્ટતાથી સમજાવનાર, અને દેવને પસંદ પડે એવો સેવક થવાને પ્રયત્ન કર" (૨ તીમોથી ૨; ૧૫).

મને લાગે છે કે આ વાક્યમાં ખાસ કરીને બેજ બાબત સમાએલી છે, કેમકે જો કોઈ કામદારને શરમાવાનું કંઈ કારણ નથી અને જો તે સત્યનાં વચનો સ્પષ્ટતાથી સમજાવી શકે છે, તો તે કામદાર ઈશ્વરને પસંદ જ પડે છે. દરેક ખ્રિસ્તી કામદારની પાસેથી ઈશ્વર આ બે બાબત માગે છે: સારૂં જીવન અને સારી સાક્ષી: આ બે બાબતમાં ગમે તે નિષ્ફળ જાય તો તે દુઃખની વાત છે, પણ પ્રભુની દ્રાક્ષાવાડીમાં મોકલેલો માણસ નિષ્ફળ નીવડે છે ત્યારે તો ઈશ્વરના હૃદયને પુષ્કળ આઘાત લાગે છે.

૧. આજ પત્રમાં એક કામદાર વિષે બહુ જ ઉદાસીનતા ભરેલી નોંધ મળે છે: "દેમાસ હાલના જગત પર પ્રેમ રાખીને મને તજીને થેસ્સાલોનીકામાં જતો રહ્યો છે" આ શબ્દો લખતી વખતે પાઊલને કેટલો બધો આઘાત લાગ્યો હશે! એક વખતે તેને યોહાન માર્ક વિષે લગભગ એવું જ કહેવું પડયું હતું, કેમકે તેણે પણ તેને તજી દીધો હતો. પરંતુ પ્રભુની કૃપાથી યોહાન માર્ક વિષે આ છેલ્લામાં છેલ્લી નોંધ નથી. અહીં આગળ પાઊલ તીમોથીને એમ લખે છે, કે "માર્કને તારી સાથે તેડતો આવજે, કેમકે સેવાને સારૂ તે મને ઉપયોગી છે." પાઊલને તજી દેનાર માર્ક બદલાઈ જઈને હમણાં તો તેની સેવાને સારૂ ઉપયોગી થઈ પડયો છે. પરંતુ દેમાસ વિષે તો પવિત્ર શાસ્ત્રમાં છેલ્લામાં છેલ્લી નોંધ આ છે: "દેમાસ હાલના જગત પર પ્રેમ રાખીને મને તજીને......જતો રહ્યો છે."

આ કેટલી બધી કરુણાજનક વાત કહેવાય! આ માણસ પહેલાં પાઊલનો સાથી હતો. પહેલાં તે પાઊલનો જ નહિ પણ પાઊલના પ્રભુનો પણ સાથી કામદાર હતો. પુનરુત્પત્તિ પામેલી દુનિયા સંબંધી પાઊલ જે સ્વપ્ન સેવતો હતો તેમાં આ માણસ પહેલાં આનંદ માનતો હતો. જગતને પ્રભુ ઈસુ ખ્રિસ્તને શરણે લાવવાનો જેમ પાઊલનો નિશ્ચય હતો, તેમ આ માણસનો પણ નિશ્ચય હતો. પાઊલ સુવાર્તાનો ઉપદેશ કરવા નીકળ્યો, ત્યારે તેની સાથે દેમાસ પણ ગયો હતો; વળી જ્યાં કોઈ નવી મંડળીનો પાયો નાખવામાં આવ્યો હોય ત્યાં દેમાસ પણ હાજર હતો, પરંતુ હાલમાં તો પાઊલના સ્વપ્નમાં દેમાસ આનંદ માનતો

નથી તેમ તેના પ્રયત્નોમાં પણ તે ભાગીદાર થતો નથી. હાલ તો સુવાર્તાપ્રચારક કાર્યના ક્ષેત્રમાંથી દેમાસ સમૂળગો અલોપ થએલો માલૂમ પડે છે. આંસુસહિત પાઊલને લખવું પડે છે કે દેમાસે મને તજી દીધો છે. આ શરમાવાનું કારણ નહિ તો વળી બીજું શું ?

હવે દેમાસનું શું થયું હતું ? તેણે કોઈ મોટો ગુનો કરેલો હોય એવું લખેલું નથી. દેમાસનું શું થયું હતું તે પાઊલ સ્પષ્ટ જણાવે છે: "તે હાલના જગત પર પ્રેમ રાખતો હતો" તેથી આ પરિણામ આવ્યું. માટે ખ્રિસ્તી કામદારને પાઊલ સૌથી પ્રથમ એવું શિક્ષણ આપે છે, કે જે માણસ હાલના જગત પર પ્રેમ રાખે છે તે ઈશ્વર પર પ્રેમ રાખી શકે નહિ. ઈશ્વર પરનો પ્રેમ અને જગત પરનો પ્રેમ કોઈ પણ માણસના હૃદયમાં એકી વખતે સાથે સાથે હોઈ શકે નહિ; યોહાન લખે છે, કે "જગત પર અથવા જગતમાંનાં વાનાં પર પ્રેમ ન રાખો. જો કોઈ જગત પર પ્રેમ રાખે તો તેનામાં પિતા પરનો પ્રેમ નથી." જગત પરનો પ્રેમ આપણા હૃદયમાં પ્રવેશ કરે છે તેજ ઘડીએ પિતા પરનો પ્રેમ એમાંથી નીકળી જાય છે. વળી યાકૂબ આગળ વધીને એટલે સુધી કહે છે, કે "જગતની મૈત્રી ઈશ્વર પ્રત્યે વેર છે;" એટલે જગત પર પ્રેમ કરનાર ઈશ્વર પર પ્રેમ કરી શકતો નથી, એટલું જ નહિ પણ તે ઈશ્વરનો દુશ્મન છે. એક પત્ર તો ખાસ રીતે પાઊલનાં આંસુથી પલળેલો દેખાય છે. તેમાં તે લખે છે, કે "ભાઈઓ, મારૂં અનુકરણ કરો, અને અમે જે નમૂનો તમારી આગળ મૂકીએ છીએ તે પ્રમાણે જેઓ ચાલનારા છે તેઓ પર લક્ષ રાખો. કેમકે એવી રીતે ચાલનારા ઘણા છે, કે જેઓના વિષે મેં ઘણીવાર કહ્યું, ને હમણાં પણ રડતાં રડતાં કહું છું, કે તેઓ ખ્રિસ્તના વધસ્તંભના શત્રુઓ છે." વળી આ લોકો આ જગત પર પ્રેમ રાખતા હતા તેથી જ તેઓ ખ્રિસ્તના વધસ્તંભના શત્રુઓ બન્યા. ખરેખર, યાકૂબનું આ તીક્ષ્ણ વચન ખ્રિસ્તી કામદારોને માટે ખાસ રીતે મનન કરવાજોગ છે: "મારા ભાઈઓ, તમારામાંના ઘણા ઉપદેશકો ન થાઓ, કેમકે તમે જાણો છો કે આપણ [ઉપદેશકો]ને તો વિશેષે કરીને ભારે સજા થશે."

હવે આ જગત પર પ્રેમ કરવાની મના કરવામાં આવે છે એ સાચી વાત; પરંતુ ઈશ્વરે પોતે આ જગત પર એટલી બધી પ્રીતિ કરી, કે તેણે પોતાનો એકાકીજનિત દીકરો તેને આપ્યો. વળી તે આપણને કહે છે કે આવી રીતે જગત પર પ્રીતિ કરવી હોય તો ખુશીથી કરો. આ મનાઈ હુકમ માત્ર સ્વાર્થ વિષેનો છે. દેમાસ પોતાને જ ખુશી કરવા માટે પોતાનું જીવન ગુજારતો હતો તેજ કારણથી તે નિષ્ફળ ગયો. પોતાનો સ્વાર્થ સાધવાની ભાવના માણસોને જુદી જુદી દિશામાં લઈ જાય છે, પણ તે તેમને ઈશ્વર તરફ કદી લઈ જતી નથી! આ ભાવના ઉડાઉ દીકરાને દૂર દેશમાં લઈ ગઈ, અને તેજ ભાવનાએ તેના મોટા ભાઈને તેના બાપના ઘરમાં રોકી રાખ્યો. એક માણસ સ્વાર્થી જીવન ગુજારીને

ભિખારી બની શકે છે ત્યારે બીજો માણસ એવું જ જીવન ગુજારીને મુંબઈની ધારાસભામાં જઈ શકે છે. પણ સ્વાર્થી જીવનદ્વારે કોઈ માણસ ઈશ્વરની પાસે જઈ શકતો નથી.

નવા કરારના જમાનામાં રોમ સૌથી મોટું મોજશોખનું સ્થળ હતું, અને દેમાસ પાઊલની સાથે ત્યાં કામ કરતો હતો ત્યારે ત્યાંના ભૂંડા વાતાવરણની અસર તેના મન ઉપર થઈ હોય એ બનવાજોગ છે. રોમના રસ્તામાં થઈને આ બે માણસોને ચાલતા કલ્પી લો. તેઓ કદાપિ કબરસ્તાનમાં જ્યાં ખ્રિસ્તીઓ ભજનસેવાને અર્થે એકઠા થતા હતા ત્યાં જતા હશે. રાતનો વખત છે, અને શહેરીઓ જાતજાતના આનંદ કરતા હશે. જ્યાં જુએ છે ત્યાં જાતજાતનાં પરીક્ષણો બંને મુસાફરોને લલચાવે છે. તેમાંનું કંઈ પણ પાઊલના ધ્યાનમાં આવતું નથી અને તે ધ્યાન આપ્યા સિવાય આગળ ને આગળ ચાલ્યો જાય છે. પરંતુ દેમાસની વાત જુદી છે. તેની આંખો તો આ બધો દેખાવ જોઈ ને મોહિત થઈ જાય છે અને રસ્તામાં ચાલતાં તે પાઊલની પાછળ રહી જાય છે. મુકરર કરેલી જગાએ પહોંચી ગયા પછી દેમાસ ભજનસેવામાં ભાગ લેવાની કોશિશ કરે છે, પણ તેનું હૃદય ત્યાં નથી; તેનું હૃદય તો રોમના પ્રકાશિત મહોલ્લાઓમાં રમે છે. પાઊલ ભાષણ કરતાં કહે છે, કે "જે દૃશ્ય છે તે ક્ષણિક છે, પણ જે અદૃશ્ય છે તે સદાકાળિક છે;" દેમાસ કહે છે, કે કોણ જાણે!

થોડા દિવસ પછી દેમાસની જગા ખાલી પડેલી માલૂમ પડે છે. તે કદાપિ રોમમાં રહેત, પણ જે રસ્તો તેણે પસંદ કર્યો હતો તેમાં પાઊલના દેખતાં ચાલવું તેને મુશ્કેલ લાગ્યું હશે, માટે જ્યાં પાઊલની હાજરી ન હોય એવું સ્થળ પસંદ કરીને તે ત્યાં ગયો. શેકસપીઅર એક જાણવા જેવી વાત જણાવે છે. પોર્શિઆ નામે એક રોમન કન્યા હતી. તેના પિતાની બહુ મરજી હતી કે તે કોઈ સ્વાર્થી કે લોભી માણસના ઘરમાં ન જાય. ત્રણ જુવાનો તેની સાથે લગ્ન કરવા માગતા હતા, માટે છોડીના પિતાએ ત્રણ પેટી બનાવડાવી: એક સોનાની, એક રૂપાની, અને એક સીસાની. આ ત્રણ માણસોને કહેવામાં આવ્યું કે આ ત્રણમાંથી એક પેટીની અંદર છોડીની છબી મૂકેલી છે અને તે પેટી જે માણસ પસંદ કરશે તેને છોડી પરણશે. હવે સોનાની પેટી પર આ લેખ હતો: "જે મને પસંદ કરશે તેને ઘણા માણસો જે પામવાની ઇચ્છા રાખે છે તે મળશે;" રૂપાની પેટી પર એ લેખ હતો, કે "જે મને પસંદ કરશે તે જેટલું પામવાને લાયક છે તેટલું તેને મળશે." સીસાની પેટી પર એમ લખેલું હતું, કે "જે મને પસંદ કરશે તેને પોતાની પાસે જેટલું હોય તેટલાનો ભોગ આપવો પડશે." બે લેખમાં લેવાની વાત આવે છે ત્યારે એકમાં તો આપવાની વાત છે; વળી છબી સીસાની પેટીમાં મૂકવામાં આવી હતી. આ રીતે આ રોમન પિતા મૂએલો હોવા છતાં પોતાની છોડીને સ્વાર્થી માણસના ઘરમાં જતાં અટકાવી શક્યો.

દેમાસે સોનાની પેટી પસંદ કરી ત્યાર પછી તેનું શું થયું હશે તે આપણે જાણતા નથી. તે જગત પર પ્રેમ રાખતો હતો અને કદાપિ જગત તેને મળ્યું એ હોય; પણ તેને આ જગતનો ગમે તેટલો આનંદ મળ્યો હશે તોપણ પાઊલની છેલ્લી સ્થિતિ પસંદ કરવાજોગ છે. તે વિષે શું વાંચીએ છીએ? એક રીતે તે દયાજનક તો લાગે છે. કેમકે પોતાના કેદખાનામાં લખતાં લખતાં તે ટાઢે ધ્રૂજે છે. તે તીમોથીને લખે છે, કે "જે ઝભ્ભો મેં ત્રોઆસમાં કાર્પસ પાસે મૂક્યો તે આવતી વેળાએ સાથે લેતો આવજે, અને તીમોથી, જોજે, શિયાળા પહેલાં આવવાને યત્ન કરજે." પરંતુ તે લખતાં લખતાં થોભે છે અને એક બારીમાં થઈને નજર કરે છે. એ બારી ગતકાળની બારી છે. તેમાં થઈને જોતાં જેને લીધે શરમાવું પડે એવું કંઈ પણ તેના જોવામાં આવતું નથી. ઘણો સ્વત્યાગ, ઘણા ઝઘડા, ઘણી સતાવણી, ઘણાં આંસુ આ બારી દેખાડે છે, પણ શરમાવાનું એક પણ કારણ નહિ. પછી આ ઉમદા ડોસો ફરીથી પોતાની કલમ હાથમાં લઈને લખે છે: "હું સારી લડાઈ લડયો છું, મેં દોડ પૂરી કરી છે, વિશ્વાસ રાખ્યો છે." છેલ્લે પાઊલ બીજી બારીમાં થઈને જુએ છે, તે ભવિષ્યની બારી છે, ત્યાં જે દેખાવ તેની નજરે પડે છે તે જોઈને તેનું મોં પ્રકાશિત થઈ જાય છે. તે શું જુએ છે? પેલી પાર ઊજવવામાં આવતો રાજ્યારોહણનો દિવસ તેના જોવામાં આવે છે. તેમાં વળી ઘણા મુગટમાંનો એક તેના પોતાને માટે રાખી મૂકેલો જણાય છે: "હવે મારે સારૂ ન્યાયીપણાનો મુગટ રાખી મૂકેલો છે, તે તે દહાડે પ્રભુ જે અદલ ઇન્સાફ કરનાર ન્યાયાધીશ છે તે મને આપશે; અને કેવળ મને નહિ પણ જે સર્વે તેના પ્રગટ થવાની ઇચ્છા રાખે છે તેઓને પણ આપશે." ખરેખર, જેને શરમાવાનું કંઈ કારણ ન હોય એવો કામદાર પાઊલ હતો.

૨. "સત્યનાં વચન સ્પષ્ટતાથી સમજાવનાર એવો સેવક થવાને પ્રયત્ન કર" એમ પણ લખેલું છે.

હવે સત્યનાં વચન સ્પષ્ટતાથી સમજાવનાર એક વ્યક્તિ વિષે પણ નવા કરારમાં લખેલું છે. તેનું નામ ફિલિપ છે. તે યરૂશાલેમ મંડળીના પંચનો સભાસદ હતો. ઘણાં માણસોને પ્રભુની પાસે લાવવા માટે ઈશ્વરે આ માણસનો ઉપયોગ કર્યો. તે સમુદાયની આગળ ઉપદેશ કરતો હતો એટલું જ નહિ, પણ એકલદોકલ માણસની આગળ પણ ઉપદેશ કરતો હતો. વળી બન્ને જાતના ઉપદેશ ઉપર ઈશ્વર આશીર્વાદ આપતો હતો. તમારે સ્પષ્ટતાથી ઈશ્વરનાં વચન સમજાવવાં હોય તો ત્રણ બાબતમાં આ માણસનું અનુકરણ કરવું જોઈએ:—

(૧) સૌથી પહેલી બાબત આ માણસ વિષે શીખવાની છે તે એ કે તે હમેશાં ઈશ્વરની ઇચ્છા જાણવાને આતુર હતો અને તેને આધીન રહેતો હતો. એક વખતે તે સમારીઆમાં કામ કરતો હતો, ત્યાં તેના ઉપદેશને લીધે લોકોમાં

ધર્મની જાગૃતિ જોવામાં આવી હતી. આથી ફિલિપને ઘણો આનંદ થયો હશે, અને સ્વાભાવિક રીતે સમારીઆ મૂકીને બીજે ઠેકાણે જવાનું મન થયું નહિ હોય, છતાં આ સ્થિતિમાં તેની પાસે ઈશ્વરનું એક વચન આવ્યું, કે "યરૂશાલેમથી ગાઝાહ જવાના માર્ગ સુધી દક્ષિણ તરફ જા; ત્યાં અરણ્ય છે." આ ફળવાન ક્ષેત્રને બદલે ઈશ્વર તેને અરણ્ય બતાવે છે, છતાં તે આનાકાની કર્યા સિવાય ત્યાં જાય છે. ત્યાં હબસી ખોજો તેને મળ્યો. દેમાસ વિષે આપણે વિચાર કરતા હતા ત્યારે પોતાને ખુશી કરવાના પ્રયત્નો કરવાનું કેવું પરિણામ આવ્યું તે આપણે જોયું છે; ત્યારે અહીં આગળ ઈશ્વરને ખુશી કરવાના યત્નો કરવાથી કેવું પરિણામ આવ્યું તે માલૂમ પડે છે. આ વાત ખાસ કરીને ખ્રિસ્તી કામદારોને માટે લખેલી છે. પોતાની સગવડ તેમ જ પોતાની લાયકાત વિષે આપણે જોઈએ તે કરતાં વધારે વિચાર કરીએ છીએ. ખ્રિસ્તી કામદારને એક જ બાબત વિષે વિચાર કરવાનો છે અને તે એ, કે મારા વિષે ઈશ્વરની શી મરજી છે? ઈશ્વર કયા ક્ષેત્રમાં ને કેવા કામમાં મારો ઉપયોગ કરવા માગે છે? કોઈ વખતે ઈશ્વર આપણુ દરેકને અરણ્ય બતાવશે, અને તેમ થાય તો આપણે તરત ત્યાં ઉપડી જવું જોઈએ. ખ્રિસ્તી કામદારની ઇચ્છા બધી રીતે ઈશ્વરને આધીન થએલી હોવી જોઈએ. સ્વચ્છંદી જીવન આખરે કોઈને આનંદ આપતું નથી, અને તે વળી ખ્રિસ્તી કામદારના કામનો તો નાશ જ કરે છે. જગત પણ આપણને આવું જીવન ગુજારતાં કોઈ વાર અટકાવે છે, તો દ્રાક્ષા-વાડીનો ધણી શી રીતે સહન કરે? ઉડાઉ દીકરાને પોતાના પિતાનો હુકમ પાળતાં મુશ્કેલ લાગ્યું, પણ દૂર દેશમાં બીજા ધણીએ પોતાના ખેતરમાં ભૂંડો ચારવા તેને મોકલ્યો ત્યારે તો કાકા કહીને તેને જવું પડયું.

(૨) ફિલિપને પવિત્ર શાસ્ત્ર વિષે સારૂં જ્ઞાન હતું તેથી તે સત્યનાં વચન સ્પષ્ટતાથી સમજાવી શકતો હતો. જેને પ્રભુનું કામ કરવું હોય તે દરેકે જિંદગીભર પવિત્ર શાસ્ત્રના અભ્યાસી થવું જોઈએ. પોતાના રથમાં બેસીને હબસી ખોજો "યશાયાહ"નો પ૩મો અધ્યાય વાંચતો હતો; વળી અન્ય ધર્મીઓને ખ્રિસ્તની પાસે લાવવા માટે આખા જૂના કરારમાં તેના જેવો બીજો અધ્યાય નથી. ફિલિપને શી ખબર કે અરણ્યમાં આવા શબ્દો સાંભળવામાં આવશે? "ઘેટાંની પેઠે મારી નંખાવાને તેને લઈ જવામાં આવ્યો; અને જેમ હલવાન પોતાના કાતરનારની આગળ મૂગું રહે છે, તેમ તેણે પોતાનું મોં ઉઘાડયું નહિ." "તું જે વાંચે છે તે શું તું સમજે છે," એમ ફિલિપે તેને પૂછ્યું. ખોજાએ જવાબ આપ્યો, "કોઈના સમજાવ્યા સિવાય હું કેમ કરીને સમજી શકું?" ખરેખર, જગતના માણસોની સ્થિતિ આવી જ છે. "જેને વિષે તેઓએ સાંભળ્યું નથી તેના ઉપર તેઓ કેમ વિશ્વાસ કરશે? વળી ઉપદેશક વગર તેઓ કેમ સાંભળશે? વળી તેઓને મોકલ્યા વગર તેઓ કેમ કરીને ઉપદેશ કરશે?" વહાલા ભાઈઓ,

તમને મોકલવામાં આવ્યા છે તેની તમને ખાતરી છે? તમે જે વાંચો છો તે શું તમે પોતે સમજો છો? વળી જો તમે ન સમજતા હો, તો બીજાને તમે કઈ રીતે સમજાવશો?

(૩) પણ બધાના કરતાં અગત્યની વાત એ છે, કે ફિલિપ પોતાના તારનારને બહુ સારી રીતે ઓળખતો હતો. "પ્રબોધક કોના વિષે આમ કહે છે, પોતાના વિષે કે બીજા કોઈ વિષે," એમ ખોજાએ પૂછ્યું ત્યારે ફિલિપ તો તરત જ જવાબ આપી શક્યો: "તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે જ તો! હું જાણું છું, કેમકે તે **મારા** અપરાધોને લીધે વીંધાયો હતો, **મારાં** પાપોને લીધે તે કચડાયો હતો, **મને** શાંતિ પ્રાપ્ત કરવાને માટે તેને શિક્ષા થઈ, ને તેના સોળથી **મને** સાજાપણું મળ્યું છે." ભાઈઓ, તારણ કોણ કરે છે એવું તમને પૂછવામાં આવશે ત્યારે શું તમે અનુભવ પરથી જવાબ આપી શકશો? આવો અનુભવ તમને થએલો ન હોય તો જેને શરમાવાનું કંઈ કારણ ન હોય એવા કામદાર તમે શી રીતે થશો? આવો અનુભવ ન હોય તો શી રીતે સત્યનાં વચન સ્પષ્ટતાથી સમજાવી શકશો? ઈસુ ખ્રિસ્તને તમે તમારા પોતાના તારનાર તરીકે ઓળખો છો કે નહિ? "વધામણીની સુવાર્તા સંભળાવનારાઓનાં પગલાં સુંદર છે," એ તદ્દન સાચી વાત છે; પરંતુ આ વાત પણ સાચી છે: "મારા ભાઈઓ, તમારામાંના ઘણા ઉપદેશકો ન થાઓ, કેમકે તમે જાણો છો કે આપણ [ઉપદેશકો]ને તો વિશેષે કરીને ભારે સજા થશે."

૫૨. શિયાળા પહેલાં

"શિયાળા પહેલાં આવવાને યત્ન કરજે" (૨ તીમોથી ૪; ૨૧).

પાઊલે આ પત્ર રોમમાં આશરે ઈ. સ. ૬૭માં લખ્યો હતો અને લખતી વખતે તે કેદખાનામાં રહેતો હતો. લખતી વખતે પાઊલ સારીપેઠે જાણતો હતો કે હવે મારો સમય પૂરો થવા આવ્યો છે, અને હું ફરી અહીંથી જઈશ ત્યારે મરવાને માટે જવાનું થશે. આવા જ સંજોગોમાં જેમ આપણા પ્રભુને પોતાના મિત્રોની સંગતની જરૂર લાગતી હતી તેમજ પાઊલને પણ પોતાના મિત્રોની સંગતની જરૂર લાગતી હતી. વળી ખાસ કરીને તીમોથી, જેને તે પોતાના દીકરા સમાન ગણતો હતો, તેની હાજરી પાઊલ ઇચ્છતો હતો, માટે તે તેને એ પ્રમાણે લખે છે, કે "તું મારી પાસે આવવાને ઉતાવળ કરજે."

આ સમાચાર મળ્યા ત્યારે તીમોથીને કેવી લાગણીઓ થઈ આવી હશે એ વિષે આપણે સહેજે કલ્પના કરી શકીએ છીએ. વળી આટલો બધો વખત વીતી ગયો છે છતાં આપણે પણ લાગણી થયા વિના આ પત્ર વાંચી શકતાં નથી. કાગળ બનાવવામાં આવે છે ત્યારે તેમાં એવી નિશાની કરવામાં આવે છે કે તે કાગળ બનાવનાર કંપનીની જ બનાવટ છે એવું પ્રગટ કરે છે. દશ રૂપિયાની નોટ આપણી તથા અજવાળાની વચ્ચે હાથમાં રાખીએ તો તેવી નિશાની જોવામાં આવશે, તેથી તેની નકલ કોઈ કરી શકતું નથી. આ ખરેખર, પાઊલના હાથે લખેલો કાગળ છે એવી નિશાનીઓ તેમાં જોવામાં આવે છે. બનાવટી હોત તો પેલો જે ઝભ્ભો પાઊલે ત્રોઆસમાં કાર્પસની પાસે મૂક્યો હતો તે વિષે લખવાનું કોને સૂઝયું હોત? પોતાના કેદખાનામાં હવે તો પાઊલને પેલા ઝભ્ભાની ખોટ પડવા લાગી છે, કેમકે શિયાળો માથે આવ્યો છે અને થોડી જ વારમાં ટાઢ લાગશે. વળી પાઊલ અભ્યાસી માણસ હતો અને તેને પોતાનાં પુસ્તકોની પણ ખોટ પડતી હતી. એ વિના, અને ખાસ કરીને, પોતાના પ્રિય શાસ્ત્રના ઓળિયા વિના વખત જતો નહોતો, માટે તે પણ તે મંગાવે છે.

આ સ્મૃતિઓ સાચી છે એટલું જ નહિ પણ અતિ કોમળ પણ છે. કોઈ વાર, જેમકે "રૂમીઓને લખેલા પત્ર"માં, પાઊલની બુદ્ધિ આપણને પાછળ મૂકીને બહુ આગળ દોડી જાય છે. તેનું જ્ઞાન એટલું બધું ઊંડું છે અને તેના વિચારો એટલા બધા ઊંચા છે કે આપણે તેને પહોંચી શકતા નથી. પરંતુ અહીં આગળ તે ઘણી બાબતોમાં આપણા જેવો જ દેખાય છે. તેનો આત્મા જયવંત છે ખરો પણ તેનું શરીર નબળું છે, અને આ તેની

શારીરિક નબળાઈ આપણને તેના તરફ આકર્ષે છે. અજાયબ જેવી વાત છે કે જેઓ પર આપણે પ્રેમ રાખીએ છીએ તેઓ જે બાબતમાં નબળા હોય તેજ બાબત ઘણીવાર તેઓને આપણા હૃદયની સાથે લોખંડના બંધનથી બાંધી દે છે. તેના વેહ ન હોત તો થોમાએ પુનરુત્થાન પામેલા ખ્રિસ્તનો સ્પર્શ કર્યો ન હોત. વળી આપણાં વહાલાંઓની નબળી સ્થિતિમાં આપણે ઘણીવાર તેઓની સાથે વિશેષ નિકટના સંબંધમાં આવીએ છીએ.

હવે જેઓએ યૂરોપનો શિયાળો અનુભવ્યો ન હોય તેઓને આ પત્ર વિષે અપૂર્ણ સમજ થાય એ સંભવિત છે. એક મિશનરીએ એક વેળા એક સીદી ભાઈને કહ્યું હતું કે યૂરોપમાં શિયાળામાં કોઈ વાર પાણી એટલું બધું કઠણ થાય છે કે માણસો તે પર ચાલી શકે છે. આ ભાઈ પોતાના મિશનરીનું ઘણુંખરૂં માનવા તૈયાર હતો પણ આ વાત તેના ગળે ન ઊતરી. એક વખતે તેજ મિશનરીની સાથે તે ઈંગ્લાંડ ગયો અને પુષ્કળ ટાઢથી પાણી ઠરી ગયું ત્યારે મિશનરી આ ભાઈને નદી પાસે લઈ ગયા અને પોતે બરફ ઉપર જઈને ઊભા રહ્યા. સીદી ભાઈને ખાતરી તો થઈ પણ પાણી ઉપર પગ મૂકવાની તેણે ના પાડી. તીમોથી, તું શિયાળા પહેલાં આવવાને યત્ન કરજે એમ પાઊલ લખે છે. તે જમાનામાં વહાણ નાનાં હતાં અને તોફાનની બીકને લીધે શિયાળામાં સફર કરી શકતાં નહોતાં, તેથી જો તીમોથી વિલંબ કરે તો શિયાળા પહેલાંનું છેલ્લું વહાણ નીકળી ગયું હોય એ બનવાજોગ હતું. વળી શિયાળા પછી જો આવે તો તે વખતે કોણ જાણે પાઊલ હજુ આ ભૂમિ પર હશે કે કેમ? માટે ઉતાવળ હતી.

૧. સૌથી પહેલું શિક્ષણ આપણને એ મળે છે, કે તીમોથીની જગાએ આપણે પણ છીએ. એ બાબત વિષે આપણને યાદ દેવડાવવાની જરૂર છે. આ દયાજનક વિનંતી ઉપર તીમોથી ધ્યાન આપ્યા વગર રહ્યો ન હોય એવું મારૂં માનવું છે. આ કાગળ તેને મળ્યો એટલે તરતાતરત તેણે પોતાના મનમાં એવો ઠરાવ કર્યો હશે કે જે થાય તે થાય પણ મારે રોમ ગયા વગર છૂટકો નથી. પાઊલના કસોટીના સમયમાં તેની પાસે રહેવું તેજ મારી ફરજ છે. પરંતુ તેનું ત્યાં જવું પાઊલને લાભકારક થાય માટે ઉતાવળ કરવાની જરૂર હતી. "શિયાળા પહેલાં આવવાને તું યત્ન કરજે."

આપણામાંના દરેકના હૃદયમાં હજારો દયાળુ વિચારો આવ્યા હશે. બીજાઓના હકમાં પણ આપણે હજારો દયાળુ યોજનાઓ કરી હશે, પણ કોઈ વાર શિયાળા વિષે ભૂલી જવામાં આવે છે. વિલંબ કર્યાનાં ભયંકર પરિણામોથી ઇતિહાસ ભરપૂર છે. આપણા મિત્રો જીવતા હતા ત્યારે જો તેમને ભૂલી ગયા હોઈએ તો અત્યારે તેમની કબર ઉપર ફૂલ મૂકવાથી શો લાભ? પાઊલને તેજ વખતે ઝબ્બા, પુસ્તકો અને મિત્રોની જરૂર હતી. તે મોડાં આવે તો તે

શા કામમાં આવવાનાં હતાં ? પાઊલને તીમોથીની જરૂર હતી. બીજા કોઈને મારી કે તમારી જરૂર છે. બીજા એક પત્રમાં પાઊલ એ પ્રમાણે લખે છે, કે "ચોતરફ અમારા પર વિપત્તિ આવી પડતી હતી; બહાર લડાઈઓ હતી; માંહે ઘણી જાતની બીક હતી; પણ દીન જનોને દિલાસો આપનાર દેવે તીતસના આવ્યાથી અમને દિલાસો આપ્યો." આ વિષે ટીકા કરતાં એક શાણો ઉપદેશક લખે છે, કે "હાલના જમાનામાં તીતસ ઘણી વાર ટપાલ મારફતે આવે છે." વહાલાંઓ, જેઓને તમારી સેવા અને દિલાસાની જરૂર છે, તેઓની વિનંતીની અવગણના કરશો નહિ. "શિયાળા પહેલાં આવવાને યત્ન કરજે."

૨. બીજી વાત એ શીખવાની મળે છે કે આપણે પોતાના મિત્રોથી જુદા પડી ગયા હોઈએ તો તેઓની સાથે વહેલી તકે પુનર્મિલાપ કરવાની જરૂર છે. ધારો કે કોઈએ તમારું નુકસાન કર્યું કે તમારૂં અપમાન કર્યું હોય તેથી એ માણસથી તમે દિવસે દિવસે વધારે વેગળા જતા રહો છો. તમને એમ લાગે છે કે હું તેની પાસે સમાધાની કરવા જાઉં તોએ તેને અવળી સમજણ પડશે. હશે, પણ એક સવાલ મને પૂછવા દો : આજથી દશ, વીસ કે ત્રીસ વરસ પછી તેની તથા તમારી વચ્ચે જે બાબત છે તેનું મહત્ત્વ તમને કેટલું લાગશે ? કેટલાક માણસોની સાથે શાંતિમાં રહેવું કેટલું બધું મુશ્કેલ છે એ પાઊલ સારીપેઠે સમજતો હતો. તેથી જે અશક્ય છે તેવું કરવાનું તે કહેતો નથી. તે એટલું જ કહે છે : "**જેમ બને તેમ** સર્વ માણસોની સાથે શાંતિમાં રહો." રોમ જવાને માટે તીમોથીને સ્વત્યાગ કરવો પડશે એમ પાઊલ જાણતો હતો. જોખમો ખેડવાં પડશે એ પણ તે જાણતો હતો, માટે તે તેને કહે છે કે આવવાને બનતા પ્રયત્ન કરજે. એથી વધારે કોઈ પણ માણસ કરી શકે નહિ; એથી ઓછું કોઈ પણ ખ્રિસ્તીએ કરવું નહિ. વળી અફસોસની બાબત એ છે કે શિયાળો ક્યારે આવશે તે આપણે જાણતાં નથી. આપણો મોટામાં મોટો દુશ્મન હોય તોપણ જ્યાં તેને આપણી માફીની જરૂર નથી ત્યાં તે જતો રહે છે ત્યારે આપણા હૃદયમાંથી ગુસ્સો અલોપ થાય છે. વિખુટા પડેલા મિત્રોની વાણી સાંભળો. તેઓ કહે છે, કે અમને માફ કરો. થોડી વારમાં જ્યાં તમારી માફીની અમને જરૂર પડશે નહિ ત્યાં અમે જવાનાં છીએ. પરંતુ તે પહેલાં અમને માફ કરો તો કેવું સારૂં ! "શિયાળા પહેલાં આવવાને યત્ન કરજે."

૩. વહેલી તકે ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરવાની સૂચના પણ આમાં રહેલી છે. હજાર વખત તેણે તમારા કાલાવાલા કર્યા છે કે મારી પાસે આવવાને યત્ન કરજે. પણ શું તમે આવ્યા ? "કાપણી વીતી ગઈ છે, ઉનાળો સમાપ્ત થયો છે, તોપણ અમે તારણ પામ્યા નથી." વળી હવે શિયાળો માથે આવ્યો છે. આ કેવી દશા ! જુવાનીમાં ઈશ્વરની વાણી આપણા પર વધારે અસર કરે છે. તે વખતે આપણે તેનું સાંભળીએ નહિ તો ક્યારે સાંભળીશું ?

એક પછી એક કૃપાના સમયો આપણને આપવામાં આવે છે, અને કોઈએ ભાગ્યે જ એવો નિશ્ચય કર્યો હશે કે હું કદી પણ ઈશ્વરને આધીન થવાનો નથી. આપણે માત્ર વિલંબ કરીએ છીએ, નિશ્ચય કરવાનું મુલતવી રાખીએ છીએ.

શેતાન વિષેની એક જાણવા જેવી વાર્તા છે. એક વેળા તેણે પોતાનાં સર્વ સૈન્યોને એકઠાં કર્યાં અને એક ખાસ બાબત વિષે વિચાર કરવા માટે આ સભા બોલાવવામાં આવી હતી. સભાની આગળ એવો પ્રશ્ન ઊભો કરવામાં આવ્યો, કે માણસજાતનું સત્યાનાશ વાળવાનો સૌથી સારો રસ્તો કયો? એક ભૂંડા આત્માએ એવી સૂચના કરી કે માણસને એમ કહેવું જોઈએ કે ઈશ્વર છે જ નહિ. પણ શેતાને એવો જવાબ આપ્યો કે આ રસ્તો મેં પહેલેથી જ અજમાવી જોયો છે પણ તેમાં હું નિષ્ફળ ગયો છું, કેમકે એ વાત માણસો બિલકુલ માનતા જ નથી. બીજા ભૂંડા આત્માએ સૂચના કરી કે ઈશ્વરના વચનમાં સત્યતા નથી એમ તું માણસોને સમજાવ. તોપણ શેતાને કહ્યું કે એ વાત પણ નકામી છે. દિવસના ચોવીસ કલાક હું તેમને સમજાવું છું પણ કોઈક જ સાંભળે છે. છેવટે શેતાને પોતે સૂચના કરી અને તે બધા ભૂંડા આત્માઓને સારી લાગી. તેણે કહ્યું કે હું માણસોને એવું સમજાવીશ કે ઈશ્વર છે તેમ ભલે માનો, અને પવિત્ર શાસ્ત્ર ખરૂં છે એમ પણ માનો, પણ તેનો સ્વીકાર કરવામાં ઉતાવળ કરવાની જરૂર નથી. માણસજાતનું સત્યાનાશ વાળવાનો સૌથી સારો રસ્તો એજ છે.

વહાલાંઓ! શેતાન કહે છે કે કશી ઉતાવળ નથી. પવિત્ર શાસ્ત્ર કહે છે, કે "આજ માન્યકાળ છે; આજ તારણનો દિવસ છે." ખ્રિસ્ત કહે છે, કે હે "વૈતરૂં કરનારાઓ, તમે સઘળા મારી પાસે આવો." તમે કોનું માનશો? "શિયાળા પહેલાં આવવાને યત્ન કરજે."

૪. છેલ્લે જાગૃત રહેવાની અગત્ય શિખવવામાં આવે છે. તીમોથી જાગૃત રહ્યો ન હોત તો સેવા કરવાની આ તક જતી રહી હોત. પ્રેરિત પ્રત્યે પોતાનું જે મોટું દેવું હતું તે વાળવાની આ વળી છેલ્લામાં છેલ્લી તક હતી. પાઊલની સાથે સરખાવતાં તો તીમોથી નબળો માણસ કહેવાય. તોપણ તેને એવી તાલીમ મળી હતી, અને પોતાના ઘરના વાતાવરણની તેના ઉપર એવી અસર થઈ હતી કે તે પાઊલની આ વિનંતીને આધીન થયા સિવાય રહે નહિ. જે મંડળીએ તેનું આત્મિક પોષણ કર્યું હતું તે કહેતી હતી કે જા. તેની માની પ્રાર્થનાઓ અને તેની દાદીમાની ઈશ્વરપરાયણતા, એ બધાનો ટેકો અત્યારે તીમોથીને મળ્યો. તેઓ સર્વના વહાલા પાઊલને તીમોથીની જરૂર હતી, માટે તીમોથીને ગયે જ છૂટકો! વળી એવી જ રીતે જે મંડળીએ આપણું પોષણ કર્યું છે, અને જેને આપણી પહેલાંના ઈશ્વરભક્તો ચાહતા હતા તે મંડળીની સેવા

કરવાની તક આપણને પણ મળી છે. જેમ પાઊલને તીમોથીની જરૂર હતી તેમ તેને આપણી જરૂર છે.

મોસ્કોથી પાછા આવતાં નેપોલીયનના સૈન્યનું ચિત્ર મારા જોવામાં આવ્યું છે. એકેએક સૈનિકની સ્થિતિ દયાજનક છે. બધાનો દેખાવ નિરાશાસૂચક છે. વળી તેઓની આગળ નેપોલીઅન માથું નીચું નમાવીને જતો જોવામાં આવે છે. તેની મોટી મોટી આશાઓ, તેની મોટી મોટી ઉમેદો ધૂળધાણી થઈ ગએલી છે. એ બધાંનું કારણ શું? તેણે ઈશ્વરની, શિયાળાની તથા શિયાળાના હિમની અવગણના કરી હતી! એવી સ્થિતિ આપણી ન થાય તો બહુ સારૂં. "શિયાળા પહેલાં આવવાને યત્ન કરજે."

દીલ્હીની પાસે એક પ્રખ્યાત મિનારો છે તેને કુતુબમિનાર કહે છે. તે વિજયના સ્મારકસ્તંભ તરીકે ઊભો કરવામાં આવ્યો હતો અને હાલ બાંગ પોકારવા તેનો ઉપયોગ કરવામાં આવે છે. કેટલાંક વરસ ઉપર ધરતીકંપ થવાથી આ બુરજમાં ફાટ પડી અને તેથી આખી ઈમારતની સલામતીને ધકકો લાગ્યો. વખતોવખત અધિકારીઓ તરફથી આ બુરજની બારીક તપાસ કરવામાં આવે છે. પડેલી ફાટ એટલી બધી ધીમેથી પહોળી થતી જાય છે કે સાધારણ રીતે જોનારને ખબર ન પડે તેથી એક જાણવા જેવો ઉપાય કરવો પડયો. પથ્થર પર જ્યાં ત્યાં કાચના નાના ટુકડા સીમેન્ટથી જડવામાં આવ્યા છે, અને દરેક ટુકડા પર જડવાની તારીખ લખેલી છે. આ પ્રમાણે સહેજ પણ નવી હીલચાલ થાય તો આ કાચના ટુકડા ભાંગી જવાથી ખબર પડે, અને તેમ થાય તો એ પરથી અધિકારીઓને ચેતવણી મળે કે ખાસ ઉપાય કરવાની જરૂર છે.

આપણા જીવનમાં અથવા સમાજના જીવનમાં એવી ગુપ્ત હીલચાલ હોય છે જ, અને તેના પર આપણે ધ્યાન ન આપીએ તો આખરે નાશ થવાનો સંભવ છે. શાસ્ત્ર કહે છે, કે "તમે વિશ્વાસમાં રહો છો કે કેમ એ વિષે પોતપોતાની તપાસ કરતા રહો." તમને ખ્રિસ્ત ઈસુમાં ઈશ્વરનું તેડું મળ્યું છે એ હું જાણું છું, તેનું રહેઠાણ તથા તેની ગૌરવવાળી જગા તમને પ્રિય લાગે છે એ પણ હું જાણું છું. તોપણ કાચના નાના નાના ટુકડાની તપાસ કરતા રહો. સેવાભાવ શું પહેલાંના કરતાં ઓછો છે? ભજનસેવા પ્રત્યે શું પહેલાંના કરતાં ભાવ ઓછો થાય છે? પ્રાર્થનાની અગત્ય પહેલાંનાં કરતાં ઓછી લાગે છે? પવિત્ર શાસ્ત્રના વાચન પરથી શું તમારો પ્રેમ ઊઠી ગયો છે? તો તેને એક હિમકણ સમાન ગણીને ચેતવણી પામો; તેની પાછળ આખો શિયાળો છે. પરંતુ લાગણીઓ નષ્ટ થાય, હૃદય ઠરી જાય અને જીવનના ઝરાઓ બંધ થાય; ડાળનાં પાંદડાંઓ ખરી જાય અને પક્ષીઓ ગાતાં બંધ થાય તે પહેલાં તું આવવાને યત્ન કર. દરેક ક્ષેત્રમાંથી તમને આ તેડું આપવામાં આવે

છે. તમે જે સેવા કરી શકો તેની તો કશી મર્યાદા નથી. તમારા મિત્રો કહે છે; જેમનો પ્રેમ તમે ગુમાવ્યો હોય તેઓ પણ કહે છે; ખ્રિસ્ત કહે છે; મંડળી કહે છે: "શિયાળા પહેલાં આવવાને યત્ન કરજે."

સમાપ્ત